કચ્છ ગિબ્સ સ્મારક ગ્રંથમાળા, નં. ૮.

हिंदनी राज्यव्यवस्था

अने

लोकस्थिति.

મરાઠી ઉપરથી ભાષાંત્તર કર્ત્તા,

બળવંતરામ મહાદેવરામ મહેતા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

અમદાવાદ

દાણાપીઠામાં "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં
ચેતરામ હરીલાલ વર્માએ છાપી.

સંવત્ ૧૯૫૪ ઈ. સ. ૧૮૯૮.

કિંમત રૂ.૧-૪-૦.

૧૦૦૯

કચ્છ ગિબ્સ સ્મારક ગ્રંથમાળાનો ઉપોદ્ઘાત.

મહારાવ સર શ્રી ખેંગારજી સવાઈ બહાદુર એમના સગીરપણામાં નીમાએલી રીજન્સીએ સરકારની પરવાનગી લેઇને ઈ. સ. ૧૮૮૦માં ઑનરેબલ જેમ્સ ગિબ્સ, સી, એસ્, આઇ. જેઓ તે વખતે વાઇસરાય અને ગવર્નરજનરલની કૌન્સિલના મેમ્બર હતા અને જેઓ એક વખત મુંબઇ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હતા, તેમના કચ્છ કાઠિયાવાડ તથા ગુજરાત સાથેના સંબંધના સ્મરણાર્થ તથા ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિને ઉત્તેજન આપવા માટે સોસાઇટીને રૂ. ૩૫૦૦ ની નોટો સ્વાધીન કરી છે. તેના વ્યાજમાંથી વખતે વખતે ઇનામ આપી પુસ્તકો રચાવવામાં આવે છે, અને તે પુસ્તકો સોસાઇટી છપાવે છે. આજસુધી આ ફંડમાંથી નીચેનાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવ્યાં છે.

૧. ઉદ્યોગથી થતા લાભ અને આળસથી થતી હાનિ.
૨. માંદાની માવજત.
૩. જીવજંતુ અને વનસ્પતિની અજાયબીઓ.
૪. રણજીતસિંહ.
૫. માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન.
૬. લાર્ડ લૉરેન્સ.
૭. બ્રાહ્મણોના સોળસંસ્કાર.
૮. હિંદની રાજ્યવ્યવસ્થા અને લોકસ્થિતિ.

તા. ૧–૮–૯૮.

अनुक्रमणिका.

ભાગ ૧ લો.

હિંદનું ક્ષેત્રફળ અને વસ્તી.

ભાગ ૨ જો.

રાજ્યવ્યવસ્થા.

ભાગ ૩ જો.

કાયદા વિષે અને કાયદા કરવાની પદ્ધતિ વિષે.

ભાગ ૪ થો.

સ્થાનિક સ્વરાજ્ય.

ભાગ ૫ મો.

દીવાની અને ફોજદારી ન્યાયપદ્ધતિ.

ભાગ ૬ ઠ્ઠો.

પોલીસ અને તુરંગખાતાં.

ભાગ ૭ મો.

નોંધણી ખાતું.

ભાગ ૮ મો.

લશ્કર અને અરમાર.

ભાગ ૯ મો.

ફિનાન્સ (જમાખર્ચ).

ભાગ ૧૦ મો.

ઉપજની મુખ્ય બાબતો.

પેટા ભાગ ૧ લો—જમીનની મહેસૂલ.

ભાગ ૧૨ મો.

જંગલ ખાતું.

ભાગ ૧૩ મો.

ખાણો અને કારખાનાં.

ભાગ ૧૪ મો.

વેપાર.

ભાગ ૧૫ મો.

પબ્લિક વર્કસ.

ભાગ ૧૬ મો.

ટપાલ અને તારખાતું.

ભાગ ૧૭ મો.

જન્મ મરણ અને આરોગ્ય.

ભાગ ૧૮ મો.

સર્વે (માપણી).

ભાગ ૧૯ મો.

શિક્ષણ.

ભાગ ૨૦ મો.

લોકની સ્થિતિ.

ભાગ ૨૧ મો.

દેશી સંસ્થાનો.

૧૦૦૯

हिंदनी राज्यव्यवस्था
अने
लोकस्थिति.

संक्षिप्त वर्णन.

भाग १ लो.

हिंदनुं क्षेत्रफळ अने वस्ती.

રાજકીય બાબતમાં હિંદ માંહેલા ઇંગ્રેજી મૂલકના બે ભાગ છે; પહેલા ભાગમાં ખાસ ઇંગ્રેજી અમલ નીચેના પ્રાંતો આવે છે અને બીજામાં પ્રોકટેટેડ (સંરક્ષિત) સંસ્થાનોનો સમાવેશ થાય છે. એ સંસ્થાનો શુમારે ૬૯૦ છે. હિંદ માંહેલા ઇંગ્રેજી મૂલકનું ક્ષેત્રફળ ૧૫, ૬૦, ૧૬૦ ચોરસ મૈલ છે અને વસ્તી ૨૮, ૭૨, ૨૩, ૪૩૧ માણસની છે. એ સિવાય જંગલી પ્રાંતોમાં ૧૧, ૨૦,૦૦૦ માણસ વસે છે. તેમજ ફ્રેન્ચ તથા પોર્ટુગીઝ લોકોના તાબાના હિંદના ભાગમાં ૮,૪૪,૦૦૦ માણસની વસ્તી છે. તમામ હિંદની વસ્તી ૨૮,૯૨,૦૦૦૦૦, અર્થાત્ આખી દુનિયાની વસ્તીના એક પંચમાંશ જેટલી છે.

ઇંગ્રેજ તાબાના પ્રાંતોમાં અને સંરક્ષિત સંસ્થાનોમાં લોકની વસ્તી કેટલી છે તે નીચલા કોઠા પરથી જણાઇ આવશે:--

	ક્ષેત્રફળ.	વસ્તી.
ઇંગ્રેજ તાબાના પ્રાંતો.	૯,૬૪,૯૯૩.	૨૨,૧૧,૭૨,૯૫૨.
સંરક્ષિત સંસ્થાનો.	૫,૯૫,૧૬૭.	૬,૬૦,૫૦,૪૭૯.
એકંદર	૧૫,૬૦,૧૬૦.	૨૮,૭૨,૨૩,૪૩૧.

એકંદર વસ્તીના પ્રમાણમાં સંરક્ષિત સંસ્થાનોમાં વસ્તી સેંકડે ૨૩ છે અને તે સંસ્થાનોના તાબામાં આખા દેશની જમીનના પ્રમાણમાં ૩૮ ટકા જમીન છે. તેમાં ક્ષેત્રફળના પ્રમાણમાં વસ્તી ઓછી છે. કાશ્મીર, રજપુતાનાનો પશ્ચિમ ભાગ, અને મધ્યહિંદના ડુંગરી ભાગમાં, તથા બંગાળા ઇલાકાના નૈઋત્ય દિશા ભણીના ભાગમાં વસ્તી ઘાડી નથી. ઇંગ્રેજી રાજ્યમાં દર ચોરસ મૈલે ૨૩૦ માણસની અને સંરક્ષિત સંસ્થાનોમાં ૧૧૧ માણસની સરાસરી આવે છે. સંસ્થાનોમાં ઘણી ઓછી વસ્તીવાળો ભાગ જેસલમીર છે તેમાં દર મૈલે ૭ માણસની સરેરાશ આવે છે; અને બહુજ ઘાડી વસ્તી રોહિલખંડમાંના રામપુર સંસ્થાનમાં છે ત્યાં દર મૈલે ૫૮૩ આવે છે. ઇંગ્રેજી મૂલકમાં બ્રહ્મદેશમાં ઉત્તરખિંડવિન નામે પ્રાંત છે તેમાં ઘણીજ ઓછી વસ્તી છે. ત્યાં દર મૈલે ૪ માણસની સરાસરી આવે છે, અને બિહારમાંના સરણ જિલ્લામાં ઘાડી વસ્તી છે ત્યાં દર મૈલે ૯૩૦ માણસ આવે છે. ઇંગ્રેજી મૂલક અને સંસ્થાનો મળી સરાસરી વસ્તી દર મૈલે ૧૮૪ આવે છે. ગંગા નદીના કાંઠાના પ્રદેશમાં દર

મૈલે વસ્તી ૮૭૭ માણુસની છે અને તે પ્રાંતની જમીન પણ ઘણીજ ફળદ્રૂપ છે. આવી ફળદ્રૂપ જમીન અને ઘાડી વસ્તી હિંદમાં બીજે કોઇ ઠેકાણે નથી. મદ્રાસ અને પંજાબ પ્રાંતમાં દર મૈલે ૬૦૦ માણુસની સરાસરી આવે છે એવો એકેક જિલ્લો છે, બંગાળામાં સોળ છે, અને વાયવ્ય પ્રાંતોમાં ચૌદ છે. મુંબાઇ ઇલાકામાં ઘણીજ ઘાડી વસ્તીની સરાસરી દર મૈલે ૫૪૨ આવે છે. બ્રહ્મદેશ, સિંધ, મધ્યપ્રાંતો, અને વરાડ પ્રાંતમાંના હરકોઇ જિલ્લામાં દર મૈલે ૨૩૦ કરતાં વધારે સરાસરી આવતી નથી.

દરેક પ્રાંતમાં લોકની વસ્તી કેટલી છે તે હેઠલા કોષ્ટક પરથી જણાઈ આવશે:--

પ્રાંત.		ક્ષેત્રફળ. ચોરસ મૈલ.	વસ્તી સને ૧૮૯૧ માં.	દર મૈલે સરાસરી વસ્તી	શહેરો અને ગામોની સંખ્યા.		વસ્તીવાળાં ઘરો.
					શહેરો.	ગામો.	
ઇલાકો.	મદ્રાસ ……	૧,૪૧,૧૮૯	૩,૫૬,૩૦,૪૪૦	૨૫૨	૨૧૪	૫૬,૮૬૭	૬૭,૦૯,૯૯૦
	મુંબાઇ ……	૧,૨૫,૧૪૪	૧,૮૯,૦૧,૧૨૩	૧૫૧	૨૧૬	૨૪,૯૮૮	૩૩,૮૦,૬૪૦
લેફટનન્ટ-ગવર્નરના તાબાના પ્રાંતો.	બંગાળ ……	૧,૫૧,૫૪૩	૭,૧૩,૪૬,૯૮૭	૪૭૧	૧૪૬	૨,૨૭,૦૧૯	૧,૩૫,૯૨,૧૫૪
	વાયવ્ય પ્રાંતો અને અયોધ્યા.	૧,૦૭,૫૦૩	૪,૬૯,૦૫,૦૮૫	૪૩૬	૪૮૪	૧,૦૫,૭૧૬	૮૨,૨૫,૧૯૧
	પંજાબ ……	૧,૧૦,૬૬૭	૨,૦૮,૬૬,૮૪૭	૧૮૮	૧૭૮	૩૪,૬૬૪	૩૧,૨૭,૮૨૩
ચીફ-કમિશનરના તાબાના પ્રાંતો.	મધ્ય પ્રાંતો…	૮૬,૫૦૧	૧,૦૭,૮૪,૨૯૪	૧૨૫	૫૨	૩૪,૩૦૩	૨૧,૫૮,૬૬૮
	આસામ……	૪૯,૦૦૪	૫૪,૭૬,૮૩૩	૧૧૨	૧૮	૧૭,૧૪૨	૧૧,૧૮,૮૮૫
	ઉપલો બ્રહ્મદેશ	૮૩,૪૭૩	૨૯,૪૬,૯૩૩	૩૫	૨૪	૧૦,૯૫૭	૫,૫૪,૪૭૨
	નીચલો બ્રહ્મદેશ	૮૭,૯૫૭	૪૬,૫૮,૬૨૭	૫૩	૩૬	૧૭,૭૫૨	૮,૬૯,૧૩૨
કમિશનરોના તાબાના પ્રાંતો.	અજમેર……	૨,૭૧૧	૫,૪૨,૩૫૮	૨૦૦	૪	૭૪૧	૧,૦૧,૬૫૪
	વરાડ………	૧૭,૭૧૮	૨૮,૯૭,૪૯૧	૧૬૩	૩૭	૫,૭૮૫	૫,૯૧,૦૦૮
	કુર્ગ ………	૧,૫૮૩	૧,૭૩,૦૫૫	૧૦૯	૫	૪૯૨	૨૬,૮૦૬
	આંદામન …	…	૧૫,૬૦૯	…	…	૫૯	૨,૯૯૭
	કવેટા, વગેરે…	…	૨૭,૨૭૦	…	૨	…	૪,૫૪૩
એકંદર ………		૯,૬૪,૯૯૩	૨૨,૧૧,૭૨,૯૫૨	૨૩૦	૧,૪૧૬	૫,૩૬,૪૮૫	૪,૦૪,૬૩,૯૬૩

હિંદુસ્તાનમાં વસ્તીની ગણતરી પહેલ વહેલી સને ૧૮૭૨ માં કરવામાં આવી હતી. આખા દેશમાં એકજ દિવસે તે કરવામાં આવી નહોતી, તોપણ તે વેળા બ્રિટિશ રાજ્યમાં વસ્તીની ગણતરી લગભગ બરાબર થઇ હતી; સંરક્ષિત સંસ્થાનોમાં તે કરતાં ઓછી ભરોસા લાયક થઈ હતી. ત્યાર કેડે સને ૧૮૮૧ માં પૂરી ગણતરી થઈ તે વેળા માણુસની ગણતરીની બાબતમાં પહેલાં લોકોના મનમાં જે અંદેશો હતો તે દૂર થવાથી વધારે ખરી સંખ્યા આવી. સને ૧૮૯૧ ની ગણતરી વધારે ખાતરી લાયક થઈ છે.

હેઠળ કોષ્ટક આપ્યું છે તેપરથી આ દેશમાં વસ્તી શા પ્રમાણમાં વધી છે તે જણાશે:-

	વસ્તી. *			વધારાનુ પ્રમાણ.	
	૧૮૭૨.	૧૮૮૧.	૧૮૯૧	સને૧૮૭૨ અને૧૮૮૧ ની ગણુત-રીમાં.	૧૮૮૧અને ૧૮૯૧ ના ગણુતરીમાં.
ઇંગ્રેજી મૂલક.	૧૮,૬૦,૪૧,૧૯૧	૧૯,૮૮,૬૦,૬૦૬	૨૧,૮૧,૫૫,૧૧૫	૬.૯૯	૯.૭૬
સંસ્થાનો......	૫,૪૨,૧૧,૧૫૮	૫,૪૯,૩૨,૯૦૮	૬,૩૪,૫૯,૮૧૯	૪.૪૧	૧૫.૫૨
ફ્રેન્ચ અને પોર્ટુગીઝ લોકોના તાબાનો પ્રદેશ.	૬,૭૯,૧૭૨	૭,૪૮,૭૮૩	૮,૪૪,૩૦૭	૧૦.૨૫	૧૨.૭૫
એકંદર ...	૨૪,૦૯,૩૧,૫૨૧	૨૫,૪૫,૪૨,૨૯૭	૨૮,૨૪,૫૯,૨૪૧	૬.૪૨	૧૦.૯૭

* આ કોષ્ટકમાં બંને સાલોમાં જે પ્રાંતોમાં ગણુતરી કરવામાં આવી હતી તેઓનીજ વસ્તી લીધેલી છે. બ્રિટિશ મૂલકમાંના રહેવા દીધેલા ભાગ ઉત્તર હુશી પ્રાંત, ઉપલો બ્રહ્મદેશ, અને કવેટા છે; સંસ્થાનોમાંના મૂકી દીધેલા ભાગ કાશ્મીર, મણીપુર, ફોર્ટ સ્ટેટમન, શાન સંસ્થાનો, અને રજપુતાનાનો થોડોક ભાગ છે.

ફ્રેન્ચ અને પોર્ટુગીઝ લોકોના તાબાનો મૂલક બાદ કરતાં બ્રિટિશ મૂલક અને સંસ્થાનો મળી સેંકડે ૧૦.૯૬ વધારો આવેછે. દર સાલ દર સેંકડે ૦.૯૩ઉં વધારો આવે છે. બીજા દેશોમાં વસ્તીનો વધારો' કેવો થતો જાયછે તેનું કોષ્ટક હેઠળ આપ્યું છે; એમાં હિંદનો 'નંબર વીસમો છે.

દેશ.	દર સાલ દર સેંકડે વધારો.
૧. ન્યૂ સૌથ વેલ્સ.	૫.૧૦
૨. કવીન્સલાન્ડ.	૪.૩૯
૩. વિક્ટોરિઆ.	૩.૨૨
૪. યૂનૈટેડ સ્ટેટો.	૨.૪૮
૫. સાકસની.	૨.૦૦
૬. ન્યૂ ઝીલાન્ડ.	૧.૭૦
૭. આલ્જીરિઆ.	૧.૫૬
૮. દક્ષિણ આસ્ટ્રેલિઆ.	૧.૪૦
૯. ઈંગ્લાંડ તથા વેલ્સ.	૧.૨૮
૧૦. મિસર.	૧.૨૫
૧૧. હાલન્ડ.	૧.૧૮
૧૨. પ્રુશિઆ.	૧.૧૫
૧૩. પોર્ટુગાલ.	૧.૧૪
૧૪. હંગરી.	૧.૧૮
૧૫. જર્મની.	૧.૦૭
૧૬. કાનડા.	૧.૦૭
૧૭. ગ્રીસ.	૧.૦૫

૧૮. બેલજિયમ.	૦.૯૯
૧૯. ડેન્માર્ક.	૦.૯૯
૨૦. હિંદુસ્તાન.	૦.૯૩
૨૧. આસ્ટ્રિઆ.	૦.૭૬
૨૨. સ્વિટ્ઝર્લાંડ.	૦.૬૪
૨૩. બાવેરિઆ.	૦.૬૪
૨૪. ઇટાલી.	૦.૬૨
૨૫. નૉર્વે.	૦.૬૦
૨૬. સ્પેન.	૦.૫૦
૨૭. સ્વીડન.	૦.૫૦
૨૮. ફ્રાન્સ.	૦.૦૬

ઉપરના આંકડા ગઈ વસ્તીની ગણતરી અને તેની પહેલાંની ગણતરી એ બંનેમાંના વધારાના પ્રમાણના છે.

હિંદમાં દર મૈલે વસ્તીની સરાસરી ૨૩૦ છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. ગંગા નદીના કાંઠાના પ્રદેશ જેવો ઘાડી વસ્તીવાળો ભાગ દુનિયામાં બીજે કોઇ ઠેકાણે નથી. તે પ્રાંતમાં દર મૈલે વસ્તી ૮૭૭ છે. યૂરોપના દેશોમાં દર મૈલે કેટલી સંખ્યા આવેછે તે હેઠળ દર્શાવ્યું છે. એપરથી હિંદની અને યૂરોપની વસ્તીનો મુકાબલો કરી શકાશે.

ઇંગ્લાંડ અને વેલ્સ.	૧૮૯૧	૪૯૮
સ્કાટ્લાંડ.	૧૮૯૧	૧૩૨
આયર્લાંડ.	૧૮૯૧	૧૪૪
ફ્રાન્સ.	૧૮૯૧	૧૮૬

ઇટાલી.	૧૮૮૦	૨૪૯
આસ્ટ્રિઆ.	૧૮૮૦	૧૯૧
હુંગરી.	૧૮૮૦	૧૨૫
જર્મનીનું રાજ્ય.	૧૮૯૦	૨૩૭
પ્રુશિઆ.	૧૮૯૦	૨૨૩
હાલંડ.	૧૮૮૯	૩૬૦
બેલ્જિયમ.	૧૮૯૦	૫૪૦
પોર્ટુગાલ.	૧૮૭૮	૧૩૪

બંગાળામાં વાવેતર જમીનના દર એકરે બે માણસનું પ્રમાણ આવેછે; અર્થાત્ દર મૈલે ૧,૨૮૦ આવેછે. દર મૈલે ૬૪૦ માણસ આવે તે સાધારણ રીતે ઠીક કહેવાય; પરંતુ તે કરતાં વધારે પ્રમાણ આવેછે તો લોકોની દુર્દશા થાયછે. કેટલાક પ્રાંતોમાં વાવેતર જમીનના પ્રમાણમાં વસ્તી વધારે હોયછે અને કેટલાક પ્રાંતોમાં પુષ્કળ જમીન પડતર હોયછે, તથાપિ તેવા ભાગમાં વધારે વસ્તી હળવે હળવે થાય છે તેનું કારણ એ છે કે હિંદુઓમાં પોતાનો દેશ છોડવાનું વળણ બહુજ થોડું હોયછે. એનો પુરાવો એ છે કે વસ્તીના સેંકડે ૯૦ માણસ પોતાની જન્મભૂમિમાંજ રહેછે એવું સને ૧૮૯૧ ની ગણતરીમાં જણાઇ આવ્યું છે.

સને ૧૮૭૧ ની સાલ લગી વસ્તીની ગણતરી બરાબર કરવામાં આવી નહોતી. તેની પહેલાંનાં કેટલાંક વર્ષના વસ્તીના આંકડા હેઠળ આપ્યા છે તે અડસટ્ટે મૂકેલા છે. કેટલાંક વર્ષ લગી ઇંગ્રેજી રાજ્યનો વિસ્તાર પણ પૂરેપૂરો થયો ન-

હોતો; નવા નવા પ્રાંતો એક પછી એક તેમાં ઉમેરાતા જતા તેથી કરીને પણ પાછલા આંકડા મુકાબલો કરવાને બહુ ઉપયોગી નથી. એપરથી માત્ર સાધારણ અનુમાન કરી શકાશે.

	ક્ષેત્રફળ. ચોરસ મૈલ.	વસ્તી કરોડમાં
૧૮૫૧-૫૨	૭,૭૬,૦૦૦	૧૫.૪૭૯
૧૮૬૧-૬૨	૮,૫૬,૦૦૦	૧૭.૯૧૩

હિંદ માંહેલા ઈંગ્રેજી મૂલકમાં વધારાનું પ્રમાણ છેલ્લાં દશ વર્ષમાં સેંકડે ૯.૭૬ અને આખો દેશ લેતાં સેંકડે ૧૦.૯૭ આવેછે તે વિષે પાછળ કહ્યુંછે. આખા દેશમાં સરખા પ્રમાણમાં વસ્તી વધતી નથી. વસ્તી ઘાડી અથવા આછી હોયછે તેના પ્રમાણમાં વધારો ઓછો વત્તો થાયછે. હવાના ફેરફારથી કેટલેક દરજ્જે વધારાને ઉત્તેજન મળેછે અથવા તેનો અટકાવ થાયછે, પરંતુ એ ફેરફાર અને એ જાતનાં બીજાં કારણો કોરે મૂકી વિચાર કરતાં જણાયછે કે જે ભાગમાં વસ્તી આછી હોયછે ત્યાં ઘાડી વસ્તીવાળા ભાગ કરતાં જાસ્તી પ્રમાણમાં વસ્તી વધેછે. દર મૈલે ૧૦૦ માણસ હોયછે ત્યાં લગી વૃદ્ધિનું પ્રમાણ સેંકડે ૧૫ થી ૧૭ લગી આવેછે; ૧૦૦ થી ૨૦૦ લગી ૧૦ થી ૧૪, ૪૦૦ સુધી કાંઇક ઓછું, અને તે કરતાં ઘાડી વસ્તીવાળા ભાગમાં વધારાનું પ્રમાણ સેંકડે ૬ થી ૮ આવેછે. સાધારણ પ્રમાણ સેંકડે ૯.૭૬ આવે છે એવું ઉપર કહ્યુંછે. એ પ્રમાણ દર મૈલે ૩૦૦ લગી વસ્તી હોય ત્યાં સુધી કાયમ રહેછે; તે ઉપરાંત વસ્તી વધેછે એટલે પ્રમાણ ઘટતું જાયછે.

દરેક પ્રાંતનો વિચાર કરતાં જણાયછે કે મદ્રાસ ઈલાકાના તમામ ભાગોમાં સાધારણ પ્રમાણ કહેલુંછે તે કરતાં વધારે પ્રમાણમાં વૃદ્ધિ થયેલી છે. મુંબાઈ ઈલાકામાં કર્નાટક અને દક્ષિણ ભાગમાં જાસ્તી પ્રમાણમાં વધારો છે તેનું કારણ એ છે કે પહેલાંની ગણતરી વખતે દુંકાળને લીધે તે પ્રાંતોની વસ્તી હમેશ કરતાં ઓછી થયેલી હતી. નીચલા બ્રહ્મદેશમાં ડાંગર પુષ્કળ પાકેછે અને ખેતીનોએ ઘણો વધારો થયેલો છે તેને લીધે ત્યાં વસ્તીમાં ઘણો વધારો છે. પંજાબ, આસામ, અને સિંધ પ્રાંતમાંએ પુષ્કળ વધારો છે, અને છેલ્લાં દશ વર્ષમાં ત્યાં સારો પાક થયો હતો. બંગાળા ઇલાકાના જુદા જુદા ભાગોમાં હવા પાણીમાં ઘણો ફરક છે અને તેથી જુદા જુદા ભાગોમાં વૃદ્ધિનું પ્રમાણ ભિન્ન ભિન્ન છે. મધ્ય પ્રાંતોમાં વૃદ્ધિનું પ્રમાણ સાધારણ પ્રમાણની પાસે પાસે છે. વાયવ્ય પ્રાંતોમાં પ્રમાણ ઓછું છે. એ પ્રાંતો અને બંગાળા પ્રાંતના જે ભાગોમાં પાણી મરી જમીન પચપચી અને ખારી થયેલીછે અને ઉપજ ઓછી આવેછે તે ભાગોમાં વધારો કમી થયેલોછે. એ પ્રાંતોમાંથી પુષ્કળ મજૂરો આસામ, મોરિશિયસ, વગેરે ઠેકાણે જાયછે. અજમેરમાં રેલવે થવાથી વધારો થયેલોછે. વરાડ પ્રાંતમાં વધારો થયો નથી. દુકાળના વખતમાં પેટને અર્થે આવેલા લોકો પાછલી ગણતરીમાં ગણાયા હતા તેઓ પાછા ગયાથી છેલ્લી ગણતરીની વેળાએ સંખ્યા ઓછી થઈ. એ કારણથીઃ વધારો જાસ્તી ન થાય એ સ્વાભાવિક છે.

જુદા જુદા પ્રાંતોમાં સાધારણ વધારો નીચે પ્રમાણે થયેલો છેઃ—

૧. મદ્રાસ.	૧૫.૫૮
૨. વાયવ્ય પ્રાંતો અને અયોધ્યા.	૬.૨૩
૩. વરાડ.	૮.૪૧
૪. અજમેર.	૧૭.૧૨
૫. મુંબાઈ.	૧૩.૭૧
૬. સિંધ.	૧૮.૯૭
૭. પંજાબ.	૧૦.૭૪
૮. નીચલો બ્રહ્મદેશ.	૨૪.૬૭
૯. બંગાળા.	૬.૮૯
૧૦. મધ્ય પ્રાંતો.	૯.૬૬
૧૧. આસામ.	૧૧.૩૦
૧૨. કુર્ગ.	૨.૯૪
૧૩. એડન.	૨૬.૪૪

સામટે મેળે જોતાં છેલ્લાં દશ વરસમાં વરસાદ સારો થયો હતો અને તેને લીધે પાક પણ વધ્યો છે એ બાબત વસ્તીના વધારાનો વિચાર કરતાં ધ્યાનમાં લેવા જોગ છે.

હવે શહેરોમાં અને બહારના ભાગોમાં કેટલો વધારો થયો છે તે જોઇએ. ઇંગ્રેજી મૂલક અને સંસ્થાનોનાં શહેરો

લેઈશું તો શહેરોની વસ્તીનો વધારો સાધારણ પ્રમાણની પાસે પાસે જણાશે. દશ હજાર માણસની વસ્તીવાળાં શહેરોમાં સાધારણ પ્રમાણ કરતાં ઓછો વધારો થયેલો છે; ઘણી વસ્તીવાળાં જે શહેરોનું મહત્વ વેપાર, કારખાનાં અને રેલવે, અથવા સૈન્યના રહેઠાણને લીધે વધ્યું છે તે શહેરોમાંજ જાસ્તી વધારો થયેલો છે. ઉદાહરણ માટે નીચલાં શહેરો લેઈએ:-

મુંબાઈ.	૬.૨૮	રંગુન.	૩૪.૩૯	પુણા.	૨૪.૩૮
કલકત્તા.	૮.૨૫	કરાંચી.	૪૩.૦૧	અજમેર.	૪૧.૨૬
મદ્રાસ.	૧૬.૫૦	કાનપુર.	૨૪.૬૧	હુબલી.	૪૩.૪૦

જે શહેરો પહેલાં આબાદ હોઈ હમણા પડતી હાલતમાં છે તેઓમાં વસ્તીનો વધારો થયો નથી. ઉદાહરણ,–પટણા, સૂરત, અને મિરજાપુર. એપરથી સામટે મેળે જોતાં શહેરો તરફ લોકોનું વલણ ઓછું જણાય છે અને જે વલણ છે તે નાના વેપારીઓમાં અને હલકા વર્ગના મજૂરીઆત લોકોમાં છે.

વસ્તીનો વધારો કેવી રીતે થયોછે તે વિષે આપણે ઉપર વર્ણન કર્યું. હવે વૃદ્ધિ થવાનાં અથવા નહિ થવાનાં કારણો તપાશીએ.

ઈંગ્લાંડના પ્રમાણમાં જોતાં આ દેશમાં વસ્તીના વધારાનું પ્રમાણ બહુ મોટું છે. એનાં કારણો એ જણાય છે કે નરકમાંથી તારવા સારૂ પુત્ર હોવાની જરૂર છે એવું લોકો સાધારણ રીતે માને છે, અને સંસાર વ્યવહારમાં સ્ત્રીઓ

ઘણી મદદ કરેછે તથા સ્ત્રી કુંવારી રહે એ અશાસ્ત્ર ગણાય છે તેથી ઘણા વિવાહ થાય.છે. હવે બાળલગ્નથી છોકરાં ઘણાં થાય છે એમ નહિ, તોપણ જે થાયછે તે નબળાં થાય છે અને તેમની મા ઘણીવાર સૂવાવડમાંજ મરણ પામે છે અથવા પ્રજા ઉત્પન્ન કરવાની તેમની શક્તિ જલદી ક્ષીણ થાયછે, અને એ કારણથી યૂરોપ કરતાં આ દેશમાં આવરદા ટુંકું હોયછે, અર્થાત્ એને લીધે મૃત્યુનું પ્રમાણ પણ ત્યાંનો કરતાં વધારે છે. ઉપલાં કારણો સિવાય હવા પાણીનો ફેર અને તેને લીધે થતા રોગો પણ તેનાં કારણો છે. આ હમેશનાં કારણો સિવાય કોગળિયું, શીતળા, વગેરે ઘણા લોકોને લાગુ પડતા રોગોની મદદ હોય છે અને વચ્ચે વચ્ચે દુકાળ પણ ઉમેરો કરેછે. આ દેશની સ્વાભાવિક સ્થિતિને લીધે ખેતીવડે નિર્વાહ ચલાવનારા લોકો પુષ્કળ છે અને સામાજિક નિયમ પણ વેપારની વૃદ્ધિને પ્રતિકૂળ છે તેથી દુકાળનું પરિણામ દેશમાં ઘણું જબરૂં થાયછે.

પ્રજાની વૃદ્ધિમાં હરકત કરનારાં કારણોની અસર હવે પછી ઓછી થવાનો સંભવ છે. વૈદ્યકના જ્ઞાનની વૃદ્ધિ થવાથી રોગની શાંતિ થશે અને શીતળા કઢાવવાનો રિવાજ વધવાથી બળીઆથી નીપજતાં મરણની સંખ્યા ઘણીજ ઓછી થઈ છે. કોગળિયું ઉત્પન્ન થતું અટકાવવાનો ઉપાય હજુ જડ્યો નથી, તોપણ તેનો ફેલાવો પહેલાં કરતાં હમણા ઓછો થાય છે અને તેનો ભોગ થઈ પડનારાની સંખ્યા પણ કાંઈક કમી થતી જાય છે. દરેક ગામની આરોગ્યતા વધાર-

વાના પ્રયત્નો ચાલુ થયા છે. મુસાફરી કરવાના માર્ગ સુધરવાથી તથા વ્યવહારનાં સાધનો વધવાથી, કૃત્રિમ ઉપાયો-વડે પાણી એકઠું કરી બાગાયત જમીન વધવાથી અને દુકાળની આફત ટાળવાના ઉપાયોની તજવીજ કરી રાખવાથી હવે દુકાળથી પહેલાંના જેવું ભયંકર પરિણામ થવાનો સંભવ ઓછો છે. એકંદરે જોતાં હવે વસ્તી વધવાનો અને મૃત્યુની સંખ્યા ઓછી થવાનો અનુકૂળ વખત દિવસે દિવસે આવતો જાયછે એવું અનુમાન કરવું ભૂલભરેલું છે એમ જણાતું નથી.

સ્થાનિક સરકારોના તાબામાં જે પ્રાંતો છે તેઓની થોડી હકીકત આપી આ ભાગ પૂરો કરવાનો વિચાર છે.

मद्रास:—બધા ઇલાકામાં પહેલું માન મદ્રાસ ઈલાકાને છે અને વળી તે ઈલાકો ઇંગ્રેજોને પહેલ વહેલો મળ્યો હતો. હાલમાં ફોર્ટ સેન્ટ જ્યૉર્જ છે તે સ્થળ ઇસ્ટ ઇંડિઆ કંપનીએ સને ૧૬૩૯ માં ખરીદ કર્યું અને તે પછી સો વર્ષ લગી બીજો કોઈ મૂલક તેણે મેળવ્યો નહોતો. ત્યાર કેડે મચ્છલીપટ્ટણ ફ્રેન્ચ કનેથી લીધું, સિરકારપ્રાંત મુગલો કનેથી લીધો, ટિપુ સુલતાનની હાર થયા પછી મલબાર કાંઠો, સાલેમ, અને કોઇમ્બટુર પ્રાંત મળ્યા, અને બલ્લારી તથા કડાપા જિલ્લા નિઝામે આપ્યા. તંજાવર અને કર્નાટક તે પછી એક બે વર્ષે મળ્યા અને સને ૧૮૩૮ માં કર્નૂલ મળ્યા કેડે આ ઈલાકાની પૂરેપૂરી વૃદ્ધિ થઈ. લાકાદીવ બેટ સિવાય આ ઈલાકાના તમામ પ્રાંતો એક એકને લગતા છે. પશ્ચિમ

કિનારાના પ્રાંતો, દક્ષિણ ભાગ, અને ડુંગરી પ્રાંત સિવાય બાકીના પ્રદેશમાં વરસાદની તાણ પડે છે. ઉત્તર ભણીનો ભાગ "દુકાળીઆ પ્રાંતમાં" પૂરેપૂરો આવેછે. આ ઇલાકામાંનો કારવાડ જિલ્લો સને ૧૮૬૨ માં મુંબાઈ ઇલાકામાં ભેળી દીધો અને એક નાનું ગામ સને ૧૮૮૪ માં બંગાળા ઇલાકામાં જોડી દીધું.

મુંબાઇ:—મુંબાઇ ઇલાકામાં પણ ઘણા સમય પહેલાંથી કંપનીનું રહેઠાણ હતું. હિંદમાં કંપનીની પહેલ વહેલી વખાર સને ૧૬૧૩ માં સ્થાપન થઇ અને તે પછી ઘણા વખત લગી ગુજરાત માંહેલાં કેટલાંક સ્થળોમાં વખારો હતી તે સિવાય તેની કને વધારે પ્રાંતો નહોતા. સને ૧૬૬૮ માં તેને બીજા ચાર્લ્સ રાજાએ મુંબાઇ શહેર અને બેટ વેચાતો આપ્યો અને એ ટાપુને સને ૧૭૦૮ માં ઇલાકાનું નામ આપ્યું, તોપણ તેની હદમાં મુંબાઈ બેટ સિવાય વધારે ભાગ નહોતો. પછી મરાઠા કનેથી ગુજરાત અને સંને ૧૮૧૭ માં પેશવાનું રાજ્ય નાશ પામ્યાથી દક્ષિણ પ્રાંત મળ્યો તથા કેટલાક પ્રાંતો સિંધિઆ જોડે મોબદલામાં મળ્યા. સિંધ પ્રાંત સને ૧૮૪૩માં જીતી લીધો. એડન બંદર સને ૧૮૩૯ માં મળ્યું અને સોમાલી કિનારે તથા સોકોટ્રા બેટમાં પ્રોટેકટરેટ સ્થાપન થયું. દક્ષિણ પ્રાંતનો મધ્ય ભાગ "દુકાળીઓ પ્રાંત" છે તેમાં વરસાદ નિયમિત રીતે આવતો નથી. એજ પ્રાંતમાં સને ૧૮૭૬–૭૭ માં મોટો દુકાળ પડયો હતો. કોંકણમાં વરસાદ પુષ્કળ વરસેછે, પરંતુ ત્યાંની જમીન પથરાવાળી છે, રસાળ નથી. ગુજરાત-

માં વરસાદ થોડો વરસે છે, તથાપિ ઉપજની બાબતમાં એ-જ પ્રાંત પહેલે નંબરે છે. સિંધ પ્રાંતમાં કિનારાનો ભાગ તથા પૂર્વ બાજૂનો થોડોક ભાગ જતાં બાકીના ભાગમાં સમૂળગો વરસાદ વરસતો નથી. સિંધુ નદીમાં પૂર આવે છે તેને લીધે તથા નહેરો ખોદી છે તે વડે પાક થાય છે અને નદીના તથા નહેરોના કાંઠાના ભાગમાંજ ખેતી થાય છે.

આ ઇલાકાનો બધો ભાગ એક એકને લગતો નથી. સિંધ પ્રાંત મુંબાઇ ઇલાકા માંહેલા ઇંગ્રેજી મૂલકથી છૂટો છે. એડન તો ૧,૬૬૦ મૈલ દૂર છે અને ત્યાંથી પેરિમ સો મૈલને છેટે છે. સોકોટ્રા, ગ્વાર્ડાફુઇની ભૂશિર અને ઝેલા, બરબેરા, અને બુલ્હાર તો આફ્રિકા ખંડમાં છે.

બંગાળા:—આ ઇલાકામાં શુદ્ધ બંગાળા પ્રાંત, બિહાર, અને ઓરિસ્સા, તથા છોટા નાગપુર અને દાર્જિલિંગની થડમાંનો ઘાટનો પ્રદેશ આવે છે. પહેલા ત્રણ પ્રાંતોની દીવાની હકૂમત મુગલો કનેથી ઇસ્ટ ઇંડિઆ કંપનીને મળી તે વખતે ઓરિસ્સા અને છોટાનાગપુરનો ઘણોખરો ભાગ મરાઠાના તાબામાં હતો અને દાર્જિલિંગ સિકિમના રાજ્યમાં હતું. ઓરિસ્સા પ્રાંત સને ૧૮૦૦ માં અને તે પછી દશ પંદર વર્ષે છોટાનાગપુર પ્રાંત મળ્યો. દાર્જિલિંગ સને ૧૮૩૫ માં આવ્યું અને તેના તાબાનો પ્રાંત પંદર વીસ વર્ષે હાથ આવ્યો.

આ ઇલાકો સને ૧૮૩૪ લગી ગવર્નર–જનરલની દેખરેખ તળે હતો. એ વરસમાં બંગાળાનો ગવર્નર–જનરલ આખા હિંદનો મુખ્યાધિપતિ થયો અને બંગાળા ઇલાકો તેનાજ

હાથ નીચે પરંતુ જુદો થયો. આ પ્રાંતમાં સ્વતંત્ર લેફ્ટેનન્ટ-ગવર્નર સને ૧૮૫૪ માં નીમાયો. બંગાળા ઈલાકામાંનો ઓરિસ્સા પ્રાંત તથા બિહારનો વાયવ્ય પ્રાંત "દુકાળીઆ મૂલક"માં ગણાય છે; બીજા ભાગોમાં વરસાદ સારો વરસે છે અને ત્યાંના લોકોને દુકાળનો અનુભવ નથી. એકંદરે બંગાળા ઈલાકો રસાળ છે. છોટાનાગપુરમાં થોડી વસ્તી હોવાનુ કારણ એ છે કે ત્યાંની હવા ખરાબ છે.

આસામ:—આ પ્રાંત સને ૧૮૭૪ માં બંગાળા ઈલાકાથી જુદો પાડવામાં આવ્યો. આ પ્રાંત બે મોટી ખીણ તથા તેમની આસપાસનો અને વચલો ડુંગરી પ્રાંત મળીને થયેલો છે. સુર્યખીણ મુગલો કનેથી દીવાની હકૂમત મળી તેમાં આવી. કચાર પ્રાંત ત્યાંનો રાજા મરણ પામ્યાથી સને ૧૮૩૨ માં ખાલસા કરવામાં આવ્યો. શુદ્ધ આસામ પ્રાંત એટલે બ્રહ્મપુત્રની ખીણ બ્રહ્મી લોકોએ સને ૧૮૨૬ ની લડાઈ કેડે ઇંગ્રેજને આપી. ખાશી અને જંતિયાનો પહાડી મૂલક ત્યાંના ડુંગરી લોકોના સરદારના તાબામાં છે. નાગા, ગારો, અને લુશાઈ, તથા બીજા ડુંગરી મૂલકનો પણ એજ પ્રમાણે વહીવટ કરવામાં આવે છે, તોપણ એ સર્વ પ્રદેશપર ઇંગ્રેજ સરકારનો અમલ છે. આ દેશની જમીન ફળદ્રૂપ છે અને ચા ઉગાડવા માંડ્યાથી ઘણા લોકો મજૂરી કરવાને પરદેશથી અહીં આવે છે અને પછી અહીંજ ઘર માંડીને રહે છે. આ પ્રાંતમાં દુકાળ કદી પડતો નથી.

વાયવ્ય પ્રાંતો અને અયોધ્યા પ્રાંત—અયોધ્યા પ્રાંત સને ૧૮૭૭ માં વાયવ્ય પ્રાંતોમાં ભેળી દેવામાં આવ્યો.

બંને પર એકજ લેફ્ટેનન્ટ-ગવર્નર હતો. તથાપિ તે અદ્યાપિ વાયવ્ય પ્રાંતોનો લેફ્ટેનન્ટ-ગવર્નર અને અયોધ્યાનો મુખ્ય કમિશનર કહેવાતો હતો. આ પ્રાંતનો કેટલોક ભાગ પહેલાંના અયોધ્યા પ્રાંતમાંનો છે, અમે કેટલોક સિંધિઆ કનેથી સને ૧૮૦૫ માં અને કેટલોક સને ૧૮૧૬ માં ગૂરખા કનેથી અને કેટલોક નાગપુરના રાજ્યમાંથી સર કરીને લીધેલો છે. એ બેઉ પ્રાંતો હવા પાણી, જમીન, વગેરેની બાબતમાં અતિશય મળતા છે. અયોધ્યાનું રાજ્ય દિલ્લીના વજીર સાદતઅલ્લીખાને સને ૧૭૩૨ માં સ્થાપ્યું અને તે પછી નિઝામની પેઠે તે પણ પોતાને સ્વતંત્ર કહેવડાવવા લાગ્યો. સને ૧૮૨૦ લગી તે સંસ્થાનનો અધિપતિ નવાબ વજીર કહેવાતો, પરંતુ તે સાલ પછી તે નામ જઈ રાજાનો ઇલ્કાબ સરકારી રીતે આપવામાં આવ્યો. આ રાજ્યમાં પુષ્કળ બખેડા થયા અને રાજાથી તે બેસાડી શકાયા નહિ તેથી સને ૧૮૫૬ માં એ રાજ્ય ખાલસા કરવામાં આવ્યું. સિંધિઆએ ઝાંસી આપી તેને બદલે મુરાર કિલ્લો લીધો. આ પ્રાંતોની રાજધાની અલાહાબાદ છે અને લખનૌમાં પણ લેફ્ટેનન્ટ-ગવર્નરનો મુકામ વરસમાં થોડા દિવસ લગી રહે છે. આ પ્રાંતોને હમણા કાયદા બાંધવાનો સ્વતંત્ર અધિકાર મળી કાયદા બાંધનારી કૌન્સિલ સ્થાપન થઈ છે.

पंजाब:—આ નામ વ્યુત્પત્તિ પ્રમાણે પાંચ નદીઓની વચ્ચેના પ્રદેશનેજ લગાડી શકાય, પરંતુ વ્યવહારમાં રાજનીતિધુરંધર રણજીતસિંહના રાજ્યની મર્યાદા માંહેલા સર્વે પ્રાંતોનો એ નામમાં સમાવેશ કરવામાં આવે છે. આ પ્રાંત-

નો ઘણોખરો ભાગ સને ૧૮૪૯ માં સર કરવામાં આવ્યો, પરંતુ સતલજની આ બાજૂનો ભાગ સને ૧૮૦૮ માંજ ઇંગ્રેજી અમલ તળે આવ્યો હતો. બંડ પછી સને ૧૮૫૯ માં દિલ્લી અને તેની થડમાંનો ભાગ આ પ્રાંતમાં ભેળી દીધો. હમણાં એ પ્રાંતમાંજ સિંધુની પશ્ચિમ ભણીનો ભાગ તથા હિમાલયની તળેટીનો ભાગ ભેળી દીધા છે. આ પ્રાંતના ઘણાખરા ભાગની ખેતીનો આધાર નદીમાં ખોદેલી નહેરના પાણી પર છે. તેથી વધારે વધારે નહેરો ખોદાઈ તે પાણી જેમ જેમ વધારે પ્રસરતું જશે તેમ તેમ લોકો પણ તેની પાછળ પાછળજ હમણા જે ભાગ ઉજડ છે તે ભાગમાં વસતા જશે. આ પ્રાંત ઘણા પ્રાચીન સમયથી અનેક પરદેશી રાજાઓનું આવવા જવાનું સ્થાન હોવાથી અહીં અનેક જાતના લોકો એકઠા થયા છે. પશ્ચિમ ભણીના ભાગમાં મુસલમાનો વધારે છે, મધ્ય ભાગમાં શીખ લોકો વધારે છે, અને પૂર્વ બાજૂએ ધાર્મિક હિંદુ લોકોની વસ્તી છે. હિમાલયની નજીકના ભાગમાં બુદ્ધ ધર્મના લોકો તથા બ્રાહ્મણો છે, અને એ પંથના લોકો બીજે ઠેકાણે જોવામાં આવતા નથી.

મધ્ય પ્રાંતો:—આ પ્રાંતો સને ૧૮૬૧ માં જુદા પાડવામાં આવ્યા. નાગપુરના રાજાનો સને ૧૮૫૩ માં ખાલ્સા કરેલો પ્રાંત, તથા પીંઢારાની લડાઈ કેડે સને ૧૮૧૮ માં સિંધિઆની પાસેથી લેઇ લીધેલો સાગર પ્રાંત અને નાગપુરના રાજા કનેથી લીધેલો નર્મદા પ્રાંત, એ સર્વેનો આ ઈલાકામાં સમાવેશ થાય છે. એનું મુખ્ય

સ્થાન નાગપુરવાસીઓની રાજધાની નાગપુર શહેર છે. સાગર પ્રાંત સિવાય બાકીના સઘળા ભાગપુર મેઘરાજા (વરસાદ) ની ઘણીજ કૃપા છે; ત્યાં સહજ સૂકવણું પડતું નથી. આ પ્રાંતોમાંની ખેડવા લાયક જમીન ઘણીખરી વાવેતર થયેલી છે, તેથી પહેલાં આ પ્રાંતો ઘાંડી વસ્તીવાળા ભાગોમાંથી આવનારા લોકોનું જેવું આશ્રયસ્થાન હતું તેવું હવે પછી થશે નહિ.

अजमेर अने मेरवाडा प्रांतो:—આ પ્રાંતો અજમેરના કમિશનરના તાબામાં છે. અજમેર પ્રાંત સિંધિઆ કનેથી સને ૧૮૨૦ માં લેઈ લીધો અને મેરવાડા પ્રાંત મેર લોકોનો બંદોબસ્ત કરવા માટે તેની પહેલાં બે વર્ષપર તાબામાં લીધો હતો. આ પ્રાંત રજપુતાના સંસ્થાનના મધ્ય ભાગે છે અને અજમેર હાલમાં રેલવેનું મોટું મથક થઈ પડયું છે. આ પ્રાંતમાં વરસાદ બહુ અનિશ્ચિત છે અને ઘણીવાર ચારા તથા પાણીની વેલા પડે છે. સને ૧૮૯૧-૯૨ માં ઘણું સંકટ વેઠવું પડયું હતું.

અજમેરનો કમિશનર રજપુતાના મધ્યેના ગવર્નર-જનરલના એજંટના તાબામાં કામ કરે છે.

वराड:—આ પ્રાંત હૈદરાબાદના નિઝામે ઇંગ્રેજ સરકારને તહનામાની રૂઇએ મદદ સારૂ જે ફોજ આપવાની હતી તેના ખર્ચ પેટે આપ્યો. કારભારનો તથા સૈન્યનો ખર્ચ બાદ જતાં જે શિલક રહે તે નિઝામને આપવામાં આવે છે. આ પ્રાંત ઘણો રસાળ છે. આ પ્રાંતનાં હવાપાણી, જમીન,

તથા લોકોની સ્થિતિ એની પૂર્વે તથા પશ્ચિમે આવેલા મહારાષ્ટ્ર દેશનાં જેવાંજ છે; બીજા પ્રાંતોમાંથી આ પ્રાંતમાં પણ ઘણા લોકો આવીને રહ્યાછે, પરંતુ એ બાબતમાં હવે સંપૂર્ણતા થઈ છે. આ પ્રાંતમાં ગહૂં, કપાસ, તેલિયાં બીઆં, વગેરે પરદેશ જનારા માલનીજ ઉપજ પુષ્કળ થાય છે.

આ પ્રાંતની દેખરેખ કમિશનર રાખેછે અને તે હૈદરાબાદના રેસિડંટના હાથ નીચે છે.

કુર્ગ:—આ પ્રાંત સને ૧૮૩૪ માં ત્યાંના રાજાએ પોતાના માંડળિકોપર ઘણો જુલમ ગુજાર્યાથી ખાલસા કરવામાં આવ્યો. આ પ્રાંત મ્હૈસૂરની પશ્ચિમે છે, અને કાફી (બુંદ) વગેરે પરદેશી ઝાડો ઉગાડવા માટે લાયક છે. ખેતી કરનારા યૂરોપીઓ તથા દેશીઓ અહીં ખેતીને અર્થે પુષ્કળ આવીને રહ્યાછે અને મજૂરીઆત લોકોનો ગુજારો પણ અહીં બેશ ચાલેછે. આ પ્રાંતની દેખરેખ કમિશનર રાખે છે અને મ્હૈસૂરના રેસિડંટના હાથ નીચે છે. બાંગલોર શહેર સને ૧૮૮૬ માં મ્હૈસૂરના રાજાને તેનું રાજ્ય પાછું સોંપ્યું તેવારે રાખી લીધું અને તે ઇંગ્રેજી રાજ્યમાં ભેળી દીધું છે. એ શહેરમાં શુમારે એક લાખ માણસની વસ્તી છે.

બ્રિટિશ બલૂચીસ્તાન:—એ વિષે આગળ વધારે લખવામાં આવશે. ઉપલા પત્રકમાં કવેટા તથા લોરેલાઇ કાન્ટોનમેન્ટની તથા તે બાજૂની આગગાડીના રસ્તામાંની વસ્તીની સંખ્યા આપેલી છે: આ પ્રાંતના મુખ્ય કમિશનરના તાબામાં એ સિવાય જે પ્રાંત છે તેમાં ૧,૪૫,૨૧૭ માણસ વસેછે.

આંદામન તથા નિકોબાર:—એ સંબંધી કાંઇ કહેવા જેવું નથી. પોર્ટ બ્લેર એ હદપાર કરેલા કેદીઓનું સ્થળ સને ૧૮૫૮ માં ઠરાવવામાં આવ્યું અને હમણા ત્યાં ૧૫,૬૦૯ માણસ વસે છે. એ બેટના બાકીના ભાગમાં જંગલી લોકો રહેછે.

લાકાદીવ અને મિનિકોઈ બેટના બે ભાગ કર્યા છે. ઉત્તર ભાગનો દક્ષિણ કાનડા પ્રાંતમાં સમાવેશ થાય છે અને તે પ્રાંતનો અમલદાર તે બેટપર દેખરેખ રાખે છે, અને બાકીનો ભાગ મલબારનો ભાગ ગણાય છે. આ બેટની વસ્તી ચૌદ અથવા પંદર હજાર માણસની છે. તેઓ માછલાં પકડવાનો તથા કાથાનાં દોરડાં વગેરે વસ્તુઓ બનાવવાનો ધંધો કરે છે. આ બેટની દેખરેખ હિંદુસ્તાનમાંથી અમલદાર જઇને કરે છે; બાકી ત્યાંના રહેવાશીઓને સ્વતંત્રતા હોવા જેવુંજ છે, અને વિશેષ બનાવ બને છે તે વારે તેઓજ આવીને સરકારી અમલદારને ખબર કરે છે.

હવે બ્રહ્મદેશ વિષે કહેવાનું રહ્યું. બ્રહ્મદેશનો નીચલો પેગૂની બંને બાજૂનો ભાગ સને ૧૮૨૬ માં ઇંગ્રેજી મૂલકમાં ભેળી દીધો. ઉપલો બ્રહ્મદેશ સને ૧૮૮૬ લગી ત્યાંના રાજાનાજ તાબામાં હતો. તે રાજાએ નીચલા બ્રહ્મદેશપર સવારી લેઈ જવાનો ઘાટ રચ્યો અને તેની વર્તણુક પણ અન્યાય ભરેલી હતી તેથી એ પ્રાંત ખાલસા કરવામાં આવ્યો. એ પ્રાંત સને ૧૮૮૫ ના અકટોબર મહીનામાં ઇંગ્રેજના સૈન્યના તાબામાં આવ્યો અને તે પછીના જાનેવારી માસમાં

તે જાથુનો ખાલસા થયો. ઉપલા કરતાં નીચલો બ્રહ્મદેશ વધારે રસાળ છે અને ત્યાંથી પુષ્કળ ચોખા પરદેશ ચઢે છે. ઉપલા બ્રહ્મદેશમાં સારી જમીન પુષ્કળ છે, પરંતુ વરસાદની તાણ તથા અનિશ્ચિતપણું અને મજૂરીઆત લોકોની તંગી એ આ પ્રાંતની ખામીઓ છે. આ પ્રાંતપર મુખ્ય કમિશનર દેખરેખ રાખે છે અને તેનું સ્થાનક રંગુનમાં છે.

આ સંક્ષિપ્ત વર્ણનરૂપ ભાગ આવતા બીજા ભાગોની પ્રસ્તાવના દાખલ આપેલો છે. આગળ દરેક પ્રાંતની રાજ્યવ્યવસ્થાનું વર્ણન કરવામાં આવશે તે સમજવાને આ ઉપોદ્ઘાત ઉપયોગી થઈ પડશે.

भाग २ जो.

राज्यव्यवस्था.

પહેલા ભાગમાં દેશના વિસ્તારનું અને તેમાંના પ્રાંતોનું સામાન્ય વર્ણન કર્યું. હવે ઈંગ્રેજના તાબાના પ્રાંતોની રાજ્ય-વ્યવસ્થા કેવી પદ્ધતિથી ચાલે છે તેનું વર્ણન આપણે કરીએ:

હિંદના સૌથી શ્રેષ્ઠ અધિકારીને વાઇસરૉય એટલે કૈસરેહિંદનો પ્રતિનિધિ કહેછે. તમામ રાજ્યકારભાર ગવર્નર-જનરલ-ઇન-કૌન્સિલને નામે ચાલે છે અને તે હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરીની સત્તાને આધીન છે. હિંદના સઘળા પ્રાંતોપર હિંદ સરકારનો અધિકાર છે, તોપણ તે સઘળે ઠેકાણે એક સરખો ચલાવવામાં આવતો નથી. કેટલાક પ્રાંતો તેના પ્રત્યક્ષ અધિકાર તળે છે અને કેટલાક પ્રાંતોપર ગવર્નરો, લેફ્ટેનન્ટ-ગવર્નરો, અને કમિશનરો નામે અમલદારો છે. મદ્રાસ તથા મુંબાઇ ઈલાકાની સ્થાનિક સરકારોને બીજા પ્રાંતોની સ્થાનિક સરકારો કરતાં વધારે સ્વતંત્રતા છે. એ બંને ઈલાકાનો મુખ્ય અધિકારી ગવર્નર હોઈ તેની નીમણુક ગવર્નર-જનરલ તરફથી થતી નથી, પરંતુ ખુદ રાજા કે રાણી કરેછે; તથાપિ તે ગવર્નર-જનરલના હાથ નીચે છે એવું પાર્લમેન્ટના કાયદામાં ઠરાવ્યું છે. તેના કામપર દેખરેખ રાખવાનો અને તેનાપર સત્તા ચલાવવાનો અધિકાર ગવર્નર-જનરલને આપેલો છે (૩ અને ૪ વિલિઅમ ૪ થો, ચાપ્ટર

ટ૫ કલમ ૬૫). આ ઇલાકાના અધિકારીને ગવર્નર કહેછે એવું આપણે ઉપર કહી ગયા છીએ. તેને મદદ કરવાને એક કૌન્સિલ ઠરાવી છે. ગવર્નરની અને સ્ટેટ સેક્રેટરીની વચ્ચે સ્વતંત્ર પત્રવ્યવહાર ચાલે છે. વળી આ ઇલાકામાં કાયદા કરવા માટે જુદી કૌન્સિલ છે. આ સઘળાં કારણોથી આ ઇલાકામાં હિંદ સરકારના પ્રત્યક્ષ તાબાના પ્રાંતોથી ઘણી બાબતોમાં જુદી રાજ્યવ્યવસ્થા ચાલે છે.

ભરતખંડની સર્વોપરિ સરકારને હિંદ સરકાર કહેછે અને બીજા પ્રાંતોની સરકારોને પ્રાંતિક કે સ્થાનિક સરકાર અથવા આડ્મિનિસ્ટ્રેશન કહેછે. 'હિંદસરકાર' એ નામમાં ગવર્નર–જનરલ, તેની રાજ્યવહીવટ કરનારી અને કાયદા બાંધનારી કૌન્સિલો, તથા સેક્રેટરીઓનો સમાવેશ થાયછે. આ સરકારની મુખ્ય જગ્યા કલકત્તામાં ફોર્ટ વિલિઅમ છે. અહીં એ સરકાર નવેંબરથી એપ્રિલ મહીના લગી રહેછે; તે પછી અક્ટોબર મહીના લગી તે સિમલે રહેછે.

ગવર્નર–જનરલ અથવા વાઇસરૉયની નીમણુક ઇંગ્લાંડના ઊંચા દરજ્જાના મુસદ્દીઓમાંથી કરવામાં આવેછે. તેની નીમણુકની મુદ્દત ઠરાવેલી નથી; વહીવટથી તે પાંચ વર્ષની ઠરેલી છે. કાયદા પ્રમાણે જોતાં વાઇસરૉય માત્ર કૌન્સિલનો અધ્યક્ષ છે અને કૌન્સિલમાં મતભેદ પડી બંને પક્ષતરફ સરખાં મત પડે તે વારે માત્ર તેને એક મત વધારે આપવાનો અધિકાર છે. કૌન્સિલમાં બહુ મતે ઠરાવ થયો હોય તે કોરે મૂકી અથવા કૌન્સિલથી સ્વતંત્ર રીતે દેશના સંરક્ષણ, શાંતિ,

અથવા હિતાહિતની બાબતમાં વિશેષ કામો કરવાં કે ન કરવાં અતિ જરૂરનાં છે એવું વાઇસરૉયને જણાય તો તે વેળા પોતાના મત પ્રમાણે હુકમ કરવાનો અધિકાર તેને છે. માત્ર એવે પ્રસંગે જે સભાસદોએ વિરૂદ્ધ મત આપ્યાં હોય તેમની ઇચ્છા હોય તો તેમનાં મત અને કારણોનાં ટિપ્પણ સ્ટેટ સેક્રેટરીને મોકલવાં પડે છે. (૩૩ વિક્ટોરિઆ ચા. ૩ કલમ ૫.) ગવર્નર-જનરલ કૌન્સિલને જોડે ન રાખતાં પ્રાંતોમાં ફરતો હોય તે વારે તે મુદ્દતમાં કૌન્સિલના એક સભાસદને પ્રેસિડંટ નીમવાની તેને સત્તા છે અને તે મુદ્દતમાં કાયદા કરવાના અધિકાર સિવાય તમામ અધિકાર તે પંડે ચલાવી શકે છે. હિંદ સરકારની અથવા પ્રાંતિક સરકારની કૌન્સિલમાં મંજૂર થયેલા સઘળા કાયદાને માટે ખુદ્દ ગવર્નર-જનરલની મંજૂરી લેવી પડે છે. અને કૌન્સિલમાં કાયદો પસાર થતી વખતે તે હાજર હોય તોએ સંમતિ ઉપરાંત મંજૂરી આપવી પડે છે. ઉપર કહ્યા પ્રમાણે અગત્યને પ્રસંગે કૌન્સિલથી સ્વતંત્ર પોતાને મળેલા અધિકારની રૂઇએ શાંતિ તથા રાજ્યકાર્યોને અર્થે હુકમ કરવાની તેને સત્તા છે અને એવો હુકમ છ મહીના લગી અમલમાં રહે છે.

પ્રથમ ગવર્નર-જનરલને કૌન્સિલનું મત બાજૂપર મૂકવાનો અધિકાર નહોતો. સઘળું કામ કૌન્સિલના બહુ મતે ચાલતું (સને ૧૭૭૩ નો રેગ્યુલેટિંગ આક્ટ), અને તે વખતે મુંબાઇ તથા મદ્રાસ ઇલાકાના ગવર્નરો પર પણ તેનો અધિકાર સ્પષ્ટ રીતે ઠરાવેલો નહોતો. વૉરન હેસ્ટિંગ્સ અને તેની કૌન્સિલની વચ્ચે ચાલેલી ઇતિહાસ પ્રસિદ્ધ તકરારને

લીધે બહુ મતથી રાજ્યકારભાર ચલાવવો લાભકારક નથી એવું સ્પષ્ટ જણાયું અને સને ૧૭૮૬ માં લૉર્ડ કૉર્નવૉલિસે કેટલેક પ્રસંગે કૌન્સિલનો અભિપ્રાય કોરે મૂકવાનો અધિકાર મળ્યા સિવાય રાજ્યકારભાર હાથમાં લેવાની ના કહી તે વારે તે સત્તા ગવર્નર-જનરલને આપવામાં આવી. પછી સને ૧૭૯૩ ના કાયદાથી તે અધિકાર વધાર્યો અને તેવીજ સત્તા મુંબાઇ તથા મદ્રાસના ગવર્નરોને પણ આપવામાં આવી. એજ કાયદાથી ગવર્નર-જનરલને આખા હિંદપર અધિકાર છે એમ ઠરે છે (૩ અને ૪ વિલિઅમ ૪ થો, ચા. ૮૫).

ગવર્નર-જનરલને ખાનગી કામ સારૂ એક ખાનગી સેક્રેટરી, એક આસિસ્ટંટ ખાનગી સેક્રેટરી, એક લશ્કરી સેક્રેટરી, ૭ અથવા આઠ એડિકોંગો (નકીબો), અને એક સર્જન નીમી આપેલા છે; એ એડિકોંગોમાંના બે દેશીઓ હોય છે.

ગવર્નર-જનરલની રાજ્યવહીવટ કરનારી કૌન્સિલમાં ઘણું કરીને પાંચ સભાસદો હોય છે, અને કમાન્ડર-ઇન-ચીફ (મુખ્ય સેનાધિપતિ) પણ એકસ્ટ્રા-ઑર્ડિનરી (નિયમિત સંખ્યા ઉપરાંત વધારાનો) સભાસદ છે. સને ૧૮૭૪ ના કાયદાની રૂઇએ પબ્લિક વર્કસ ખાતા માટે એક સભાસદ વધારે નીમવાનો અધિકાર આપેલો છે. કોઈ પ્રસંગે મદ્રાસ અને મુંબાઈ ઇલાકાની હદમાં કૌન્સિલ ભરવામાં આવે તો ત્યાંના ગવર્નરો પણ વધારાના (આડિશનલ) મેમ્બરો હોય છે. આ સભાસદોની નોકરીની મુદત પણ અનિયમિત છે, પરંતુ વહીવટથી પાંચ વર્ષની ઠરેલી છે. ગવર્નર-જનરલની જોડે એક સભાસદ હોય તો કોરમ (કામ ચલાવવાને અવશ્ય સભાસ-

દોની સંખ્યા) થાય છે. એ પાંચમાંના ત્રણ સભાસદોએ હિંદમાં દશ વર્ષ લગી નોકરી કરેલી હોવી જોઇએ. વળી એક બારિસ્ટર હોવો જોઇએ અને પબ્લિક વર્કસ ખાતા માટે એક સભાસદ નીમ્યો હોય તો ચાલે. સાધારણ રીતે કૌન્સિલમાં એક લશ્કરી અમલદાર, એક ખજાનાની વ્યવસ્થા કરનાર, અને હિંદી સિવિલ સર્વિસમાંના બે કે ત્રણ સભાસદો હોય છે (૨૪–૨૫ વિક્ટોરિઆ ચા. ૬૭, સને ૧૮૬૧). ગવર્નર-જનરલ અને કૌન્સિલના મેમ્બરો પોતપોતામાં કામની વ્હેંચણ કરે છે. ન્યાયખાતું, પબ્લિક વર્કસખાતું, ફિનાન્સ એટલે વસૂલાતખાતું, લશ્કરી ખાતું, ખેતીવાડી અને હોમ ખાતું (અંતર્વ્યવસ્થા), અને મુલ્કી ખાતું, એ સર્વે ખાતાંનાં કામ એક એક મેમ્બર કને હોય છે, અને પરરાજ્યોને લગતાં કામો વાઇસરૅાય ઘણુંકરીને પોતાની કને રાખે છે. એ કૌન્સિલમાં કામની વ્યવસ્થા એવી કરેલી હોય છે કે તે તે ખાતાનો સેક્રેટરી પોતાના ખાતાના મેમ્બરની કને કામ મોકલતી વખતે પોતાનો અભિપ્રાય લખે છે અને તે પર મેમ્બર કાયમનો હુકમ કરે છે. મહત્વના કામમાં મેમ્બર એ કાગળપત્રો પોતાના અભિપ્રાય સહિત ગવર્નર-જનરલને મોકલે છે. તેનો અને મેમ્બરનો અભિપ્રાય મળે છે તો તે બાબતનો નિકાલ થાય છે, અને જુદાં મત પડે છે તો તે બાબત કૌન્સિલમાં રજુ કરવામાં આવે છે. એજ પ્રમાણે પ્રત્યેક ખાતાના સેક્રેટરી પર પોતપોતાના ખાતાને લગતાં વિશેષ મહત્વનાં કામો ગવર્નર-જનરલના ધ્યાનપર આણવાની જવાબદારી હોય છે.

કાયદા બાંધનારી કૌન્સિલ બીજી સ્વતંત્ર કૌન્સિલ છે એવું કહેવાનો રિવાજ છે; પરંતુ ખરૂં જોતાં ગવર્નર-જનરલની કૌન્સિલ એકજ હોઈ તેમાં કાયદા કરતી વેળા માત્ર વધારાના સભાસદો હોય છે; એ વધારાના સભાસદોમાંના નીમે સરકારી નોકરીમાં ન હોય એવા હોવા જોઇએ અને તેઓમાંના કેટલાક દેશી નીમવામાં આવે છે. વધારાના સભાસદોની નીમણુક બે વરસને માટે હોય છે. જે પ્રાંતમાં કૌન્સિલ ભરાય તે પ્રાંતનો લેફ્ટેનન્ટ-ગવર્નર તેમાં વધારાના મેમ્બર તરીકે બેસે છે. પહેલાંના કાયદા પ્રમાણે વધારાના સભાસદોની સંખ્યા છ થી બાર હતી. આ અને પ્રાંતિક કૌન્સિલોના સંબંધમાં સને ૧૮૯૨ માં નવો કાયદો થયો તેમાં હિંદ સરકારની કૌન્સિલમાં સભાસદોની સંખ્યા દશ કરતાં ઓછી અને સોળ કરતાં વધારે હોવી ન જોઇએ એવું ઠરાવ્યું છે. આ મર્યાદા પ્રમાણે જે સંખ્યા રાખવાની તે વખતે વખતે ગવર્નર-જનરલે ઠરાવવી; સભાસદોની નીમણુક, જમાખર્ચના બજેટ વિષે વાદવિવાદ, અને પ્રશ્નો પૂછવાના અધિકાર સંબંધી ગવર્નર-જનરલે સ્ટેટ સેક્રેટરીની મંજૂરી લેઇને નિયમો ઠરાવવા; હાલના નિયમો પ્રમાણે કૌન્સિલમાં વધારાના સોળ સભાસદો હોવા જોઇએ એવું ઠરેલું છે. એમાંના છ સરકારી નોકરો અને દશ નોકરીમાં ન હોય એવા હોઈ નોકરીમાં ન હોય એવા સભાસદોની નીમણુક આ પ્રમાણે કરવાની છેઃ- ચાર સભાસદો ચાર પ્રાંતિક કૌન્સિલોમાંના નોકરીમાં ન હોય એવા સભાસદોએ પસંદ કરીને મોકલવા; પાંચમો સભાસદ બંગાળાની ચેમ્બર ઑવ્ કૉમર્સ નામે વેપારી મંડળીએ પ-

સંદ કરવો; અને બાકીના પાંચ સભાસદોની નીમણુક ગવર્નર-જનરલે કૌન્સિલમાં આવતાં કામોને અનુસરી સઘળા વર્ગનો પ્રતિનિધિ આવે એવી રીતે કરવી; કોઈ કોઈ વાર અમુક વર્ગને લાગુ પડે એવા કાયદાનો ખરડો કૌન્સિલની સમક્ષ આવે છે અને તેવે વખતે તે વર્ગના પ્રતિનિધિ હોવાની જરૂર જણાય છે; તેમજ કેટલેક પ્રસંગે અમુક પ્રાંતનોજ સભાસદ હોવાની અથવા વિશેષ જ્ઞાનવાળા માણસો કૌન્સિલમાં હોવાની જરૂર હોય છે; એ કારણથી પ્રસંગ પ્રમાણે સભાસદ નીમવાની સવડ રહે તેટલા માટે એવો સભાસદ નીમવાની સત્તા ગવર્નર-જનરલે પોતાના હાથમાં રાખી છે. કૌન્સિલમાં જમાખર્ચના બજેટ વિષે વાદવિવાદ કરવાને, એકાદ કરની બાબતમાં કાયદાનો ખરડો કૌન્સિલની સમક્ષ આવ્યો હોય તો માત્ર પહેલાંના કાયદા પ્રમાણે સવડ હતી; નવા કાયદામાં આ વિવાદ કરવાને કૌન્સિલને સત્તા મળેલી હોઈ સભાસદોને ટીકા કરવાનો તથા સરકારી મેમ્બરને તથા વાઇસરૉયને ઉત્તર આપવાનો અધિકાર મળેલો છે. વાદવિવાદ થયા પછી મત લેવાનાં નથી અથવા સભાસદોને યોગ્ય લાગે તેવો ઠરાવ કૌન્સિલમાં મૂકવાનો અધિકાર નથી. પ્રશ્નો પૂછવાના સંબંધમાં એવો નિયમ ઠરાવ્યો છે કે જે સભાસદને પ્રશ્ન પૂછવો હોય તેણે પ્રશ્નની અગાઉથી સૂચના આપવી જોઇએ; અને માહિતી મળવા વિષે વિનંતિ છે એવા રૂપમાં તે પ્રશ્ન પૂછવો જોઇએ; ભાષા તકરારી અથવા અપમાન ભરેલી હોવી ન જોઇએ; અને પ્રશ્ન કલ્પિત હકીકતને અનુસરીને હોવો ન જોઇએ. પ્રશ્નનો ઉત્તર મળે તે પર વાદવિવાદ કરવાની પર-

વાનગી નથી. દેશનાં હિતનો વિચાર કરતાં પ્રશ્નનો ઉત્તર આપવો યોગ્ય નથી એવું જણાય તો પ્રેસિડંટને તે પ્રશ્ન નામંજૂર કરવાની સત્તા છે.

પાર્લમેન્ટ સભાએ જે કાયદાથી હિંદની રાજ્યવ્યવસ્થા ઠરાવી છે તે કાયદો ફેરવવાની અથવા પ્રજાના ધર્મને લગતો કાયદો કરવાની સત્તા આ કૌન્સિલને નથી, બીજી બધી બાબતોમાં કૌન્સિલને કાયદો કરવાનો પૂર્ણ અધિકાર છે. સભાસદોની આગળ કાયદાનો ખરડો રજુ કરવામાં આવે છે; પરંતુ જમાબંદી, કરજ, ધર્મ, લશ્કર અથવા આરમાર અને તેનું શિક્ષણ, અને પરરાજ્યો જોડેનો સંબંધ, એ સર્વ બાબતોને લગતા કાયદાનો ખરડો કૌન્સિલની સમક્ષ આણવાને ગવર્નર–જનરલની મંજૂરી લેવી જોઇએ. કાયદો અમલમાં મૂકવાને પણ ગવર્નર–જનરલની મંજૂરી લેવી જોઇએ એવું આપણે ઉપર કહી ગયા છીએ. ગાદીપતિને કાયદો રદ્દ કરવાની સત્તા છે. આ કૌન્સિલમા જે વાદવિવાદ થાય તે સાંભળવાની બધા લોકોને છૂટ છે. આ કૌન્સિલનું કોરમ છ સભાસદો અને પ્રેસિડંટ મળવાથી થાય છે અને પ્રેસિડંટને કાસ્ટિંગ વોટ હોય છે.

આ પ્રમાણે આ કાયદાથી કૌન્સિલમાં સુધારો થયો છે અને તેની સત્તામાં પણ વધારો થયો છે. સરકારી નોકરો ન હોય એવા માણસોને કૌન્સિલમાં વધારાના મેમ્બરો નીમવાનો વહીવટ છેલ્લાં ત્રીસ વરસથી છે. આ મુદ્દતમાં એ સભાસદોનું જ્ઞાન, અનુભવ, તથા સ્થાનિક માહિતી સરકારને બહુ ઉપયોગી થયાં અને લોકોને સ્થાનિક સ્વરાજ્યની બાબતમાં

અને વેપારના કામમાં એકઠા મળીને કામ કરવાની ઘણી ટેવ પડી તેથી આ બાબતમાં કૌન્સિલમાં સુધારો કરવાની પણ સરકારને જરૂર પડી.

હિંદ સરકારની કૌન્સિલની પેઠે પ્રાંતિક કૌન્સિલોમાં પણ એજ કાયદાથી સુધારો થયો તેની વધારે હકીકત આગળ કહેવામાં આવશે.

હિંદ સરકારના સાત સેક્રેટરીઓ હોય છે અને તેમના હાથમાં (૧) હોમખાતું (અંતર્વ્યવસ્થા), (૨) પરરાજ્ય ખાતું, (૩) જમાબંદી, (૪) લશ્કરી, (૫) પબ્લિક વર્કસ, (૬) મુલ્કી, ખેતી, અને વ્યાપાર, અને (૭) લેજિસ્લેટિવ (કાયદા કરવાનું) ખાતું હોય છે. તેમનાં કામો વિષે વધારે વિસ્તારથી કહેવાની જરૂર નથી.

સ્થાનિક રાજ્યકારભાર આઠ સ્થાનિક સરકારોને હાથે ચાલે છે. તેઓમાં બે ગવર્નરો, ત્રણ લેફ્ટેનન્ટ ગવર્નરો, અને ત્રણ ચીફ કમિશનરો છે. મુંબાઈ અને મદ્રાસના ગવર્નરોના ઓદ્ધાપર ઈંગ્લાંડના મુસદ્દીઓમાંના હરકોઈની નીમણુક મહારાણી કરે છે. કોઈ વખતે હિંદમાંના અમલદારની પણ નીમણુક થયેલી છે. ગવર્નરને મદદ કરવાને હિંદની સિવિલ સર્વિસમાંથી બે મેમ્બર મહારાણી નીમે છે. આ કૌન્સિલમાં મુખ્ય સેનાધિપતિ વધારાનો મેમ્બર હોય છે. ઇલાકાના સૈન્યની બાબતમાં નવી વ્યવસ્થા કરવાનો વિચાર થઈ આખરે ઇલાકાનો સેનાપતિ કમી કરવાનો ઠરાવ થયો છે અને તેની જગ્યાએ હવે પછી જે અમલદાર નીમાશે તેને કૌન્સિલમાં

જગ્યા મળશે નહિ. કૌન્સિલમાં સરખાં મત પડે તે વારે વધારે મત આપવાની અને વિશેષ પ્રસંગે મેમ્બરોનો અભિપ્રાય બાજૂપર મૂકી સ્વતંત્રપણે કામ કરવાની સત્તા ગવર્નરને પણ છે. કાયદા બાંધનારી કૌન્સિલમાં ઉપલા સભાસદો સિવાય આડ્વોકેટ-જનરલ તથા ચારથી આઠ વધારાના મેમ્બરો હોય છે. નવો કાયદો થયા પહેલાં મુંબાઈની કૌન્સિલમાં પાંચ અને મદ્રાસની કૌન્સિલમાં ચાર દેશી સભાસદો હતા.

સને ૧૮૯૨ ના કાયદાથી પ્રાંતિક કૌન્સિલોમાં સુધારો થયો તે પ્રમાણે મુંબાઈ અને મદ્રાસની કૌન્સિલોમાં વધારાના મેમ્બરોની સંખ્યા વીસ ઠરાવી અને એમાંના નવ કરતાં વધારે સભાસદો સરકારી નોકર ન હોવા જોઇએ એવું ઠર્યું. સભાસદો પસંદ કરવાની પદ્ધતિ બંને ઈલાકામાં સરખીજ છે તેથી એક પ્રાંતના નિયમોનો સાર આપણે અહીં આપીશું તો બસ થશે. ઉદાહરણ. મુંબાઈ ઈલાકામાં સરકારી નોકરીમાં ન હોય એવા અગીઆર મેમ્બરો નીમવાના છે, તેઓમાં મુંબાઈની મ્યુનિસિપાલ કૉર્પોરેશન તથા યુનિવર્સિટીની સેનેટ એક એક સભાસદ પસંદ કરી તેની ભલામણ કરેછે. લોકલ બોર્ડો, મ્યુનિસિપાલિટીઓ, જાગીરદારો અને મોટા જમીનદારોની સભા, જેને ગવર્નર અધિકાર આપે તે છ મેમ્બરો પસંદ કરી શિફારસ કરેછે; બાકીના ત્રણ મેમ્બરોની નીમણુક સરકાર કરેછે. ભિન્ન ભિન્ન વર્ગના પ્રતિનિધિઓ આણવાને તથા જે લોકોની સ્થિતિ એકઠા મળી સભાસદ પસંદ કરવાની નથી તે લોકોની ઇચ્છા સરકારના જાણવામાં આવે

તેટલા માટે લાયક માણસો કૌન્સિલમાં આણવાને આ ત્રણ નીમણુકોને લીધે સરકારને સવડ થઇછે.

વાયવ્ય પ્રાંતોની કૌન્સિલમાં પંદર સભાસદો હોવા જોઇએ એવું આ નવા કાયદામાં ઠરાવ્યું છે; એમાંના સાત કરતાં વધારે સરકારી નોકર ન હોવા જોઇએ. યુનિવર્સિટી એક સભાસદ પસંદ કરે છે; મ્યુનિસિપાલિટીઓ, લોકલ બોર્ડો, અને જમીનદારોની તથા વ્યાપારી અને ઉદ્યમની સભાએ પાંચ મેમ્બરો પસંદ કરી મોકલવા એવું ઠર્યું છે. બંગાળા પ્રાંતની કૌન્સિલમાંના સભાસદોની સંખ્યા વીસથી વધારે હોવી ન જોઇએ. એમાંના સાત મેમ્બરો કલકત્તાની મ્યુનિસિપાલિટી, લોકલ બોર્ડો, જિલ્લાની મ્યુનિસિપાલિટીઓ, અને વ્યાપારી તથા ઉદ્યમની સભા પસંદ કરે છે. બાકીના સભાસદો લેફ્ટેનન્ટ-ગવર્નર નીમે છે; એમાંનો એક મોટા જમીનદારોમાંનો નીમવો જોઇએ એવું ઠરાવ્યું છે. એજ પ્રમાણે મદ્રાસમાં પણ જમીનદારોમાંનો એક સભાસદ નીમવો જોઇએ, પરંતુ મુંબાઇની પેઠે તેને જમીનદારોએ પસંદ કરવાનો નથી; તેને સરકાર પસંદ કરે છે.

જમાખર્ચના બજેટપર વાદવિવાદ કરવાના તથા પ્રશ્ન પૂછવાના સંબંધમાં હિંદની કૌન્સિલના નિયમો ઉપર કહ્યા છે તેજ નિયમો પ્રાંતિક કૌન્સિલોની બાબતમાં કરવામાં આવ્યા છે. જમાખર્ચના બજેટ પર વાદવિવાદ કરવો હોય તો પ્રાંતિક સરકારના હસ્તકની જમાખર્ચની બાબતો વિષે માત્ર કરવો જોઇએ; પ્રશ્નો પૂછવા હોય તો પ્રાંતિક સરકારના અધિકારની

બાબતો વિષેજ પૂછવા જોઇએ. પ્રાંતિક સરકાર અને હિંદ સરકારની વચ્ચે જે બાબતનો પત્રવ્યવહાર ચાલતો હોય તે બાબતના સંબંધમાં પ્રશ્નો પૂછવાની સત્તા નથી.

બંગાળા, વાયવ્ય પ્રાંતો, અને પંજાબ પ્રાંતમાં લેફ્ટેનન્ટ ગવર્નરો હોય છે અને તેમને દશ વર્ષ લગી હિંદમાં નોકરી કરી હોય એવા નોકરોમાંથી ગવર્નર–જનરલ ગાદ્દીપતિની મંજૂરી લેઇને નીમે છે. લેફ્ટેનન્ટ–ગવર્નરો બહુધા સિવિલ સર્વિસમાંથીજ નીમાય છે. બંગાળા અને વાયવ્ય પ્રાંતોમાં કાયદા કરનારી કૌન્સિલો છે. વાયવ્ય પ્રાંતોમાં સને ૧૮૮૬માં કાયદા બાંધનારી નવી કૌન્સિલ સ્થાપન થઈ. આ પ્રાંતોમાં રાજ્યવહીવટ કરનારી કૌન્સિલ નથી. તેને બદલે બોર્ડ ઑવ રેવિન્યુ હોય છે, અથવા (પંજાબ અને બ્રહ્મદેશમાં) ફિનાન્શિઅલ કમિશનર હોય છે. મદ્રાસમાં કૌન્સિલ હોવા છતાં બોર્ડ ઑવ્ રેવિન્યુ છે. પરંતુ બીજા પ્રાંતોમાં જેમ કેટલાક જિલ્લાના સમુદાયને માટે ડિવિઝનલ કમિશનરો હોય છે તેમ આ ઈલાકામાં નથી. બ્રહ્મદેશ, મધ્ય પ્રાંતો, અને આસામમાં કમિશનરો છે. પ્રત્યેક પ્રાંતમાં સેક્રેટરીઓ હોય છે. દરેક પ્રાંતમાં જુદી જુદી બાબતનાં જુદાં જુદાં ખાતાં કરેલાં છે અને તેમની વ્યવસ્થા સઘળે ઠેકાણે ઘણું કરીને એકજ ધોરણપર ચાલે છે. પબ્લિક વર્કસખાતામાં રેલવે, નહેર, અને રસ્તા, એવા ત્રણ ભાગો છે. શિક્ષણ, રેજિસ્ટ્રેશન, પોલીસ, તુરંગ, જંગલ, સર્વે (માપણી), પોસ્ટ (ટપાલ), સ્વચ્છતા, અને વૈદક ખાતાં સઘળા પ્રાંતોમાં જુદાં હોય છે. એ સિવાય મોટા પ્રાંતોમાં મીઠું, દારૂ, અને માદક પદાર્થો, અને અફીણનાં

ખાતાં અને સમુદ્ર કાંઠાપરના પ્રાંતોમાં કસ્ટમ અને મરીન ખાતાં હોય છે. વળી કેટલાંક વિશેષ કામો માટે એટલે ખેતીવાડીનું શિક્ષણ, અને ચોકશી, નમૂનાનાં ખેતરો, બોટાનિકલ (વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે)બાગો, મીટીઑરૉલૉજી (હવા, વરસાદ, વગેરેની માહિતી આપવાનુ), અને જ્યોતિષશાસ્ત્ર, એ સર્વે કામોપર જુદા જુદા અમલદારો હોય છે અને તેમનો વ્યવહાર હિંદ સરકારનાં હોમ અને મુલ્કી ખાતાં જોડે ચાલે છે.

જે પ્રાંતો સુધારામાં પછાત પડેલા છે અથવા જેમાં સ્વસ્થતા થયેલી નથી તે પ્રાંતોમાં રાજ્યવ્યવસ્થાની પદ્ધતિ પૂરેપૂરી એકદમ ચલાવવી દુરસ્ત ન હોવાથી તે પ્રાંતો જુદા રાખ્યા છે. એવા પ્રાંતોને નૉન–રેગ્યુલેશન પ્રાંતો કહે છે. એવા પ્રાંતોમાં કાયદા ખાસ લાગુ પાડવામાં આવે ત્યાં લગી અમલમાં આવતા નથી. મુલ્કી અને ન્યાયનું કામ એકજ અમલદારને હસ્તક હોય છે અને તે અમલદારને જમાબંદી અને દીવાની ન્યાયની બાબતમાં બીજા પ્રાંતોના અમલદારો કરતાં વધારે અખત્યાર હોય છે. એવા પ્રાંતોને માટે જુદા કાયદા કરવાની સત્તા ગવર્નર–જનરલને છે. આ પ્રાંતોના અધિકારીઓના ઓદ્ધાનાં નામો પણ જુદાં હોય છે. કારભાર ચલાવનારા તમામ અમલદારોનું એક કમિશન માની તેજ નામ તમામ અમલદારોના ઓદ્ધાને લગાડવામાં આવે છે, અને તેવા પ્રાંતોમાં લશ્કરી અમલદારો મુલ્કી કામપર હોય છે. ઇંગ્રેજી અમલમાં ઘણા કાળથી જોડી દીધેલા પંજાબ વગેરે પ્રાંતોમાં હવે વરિષ્ઠ અધિકારી લશ્કરી હોતો નથી.

ત્યાં સઘળા મોટા ઓદ્ધાપર સિવિલ સર્વિસના માણસો નીમવામાં આવે છે.

રાજ્યની વ્યવસ્થાને માટે પ્રાંતોના ભાગો કર્યાછે તેઓને જિલ્લા કહેછે. એવા જિલ્લા ૨૪૯ છે. આ સંખ્યામાં બ્રિટિશ બલૂચીસ્તાન, આંદામન, અને લુશાઇ લોકોના થોડા વખતપર લીધેલા પ્રાંતનો સમાવેશ થતો નથી. જિલ્લાના અધિકારીને કલેકટર અથવા ડેપ્યુટી કમિશનર કહે છે અને તે ન્યાયખાતા સિવાય બીજાં બધાં ખાતાંનો ઉપરી છે. જમીનનું મહેસૂલ તથા સ્ટાંપ વગેરેનું વસૂલ તે ઉઘરાવે છે; તેજ મુખ્ય માજિસ્ટ્રેટ છે, અને નીચલા માજિસ્ટ્રેટો તથા પોલીસપર તેની દેખરેખ છે. તેમજ તુરંગ, નિશાળ, રસ્તા, દવાખાનાં, જંગલ, રેજિસ્ટ્રેશન, વગેરેની સ્થિતિની બાબતમાં પણ તેને સાધારણ દેખરેખ રાખવી પડે છે. સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા પ્રમાણે ચાલવાનાં કામોપર તેને દેખરેખ રાખવાની સત્તા આપેલી છે. એ અમલદાર જિલ્લામાં ફરવા નીકળે છે, તેથી તેને પોતાના તાબાના મૂલકની માહિતી મળેછે, અને હાથ નીચેના માણસોનાં કામપર દેખરેખ રાખી શકાય છે, અને રૈયતને દાદ મેળવવાનું સુલભ સાધન થઈ પડે છે. એમ ઉપરી અમલદારોનો રૈયત જોડે પ્રત્યક્ષ સંબંધ થવાથી બીજો મોટો ફાયદો એ થાય છે કે સરકારના પ્રતિનિધિ માત્ર સહી કરનારૂં યંત્ર ન હોતાં તેની અત્યંત કાળજી રાખનારા છે એવી તેની ખાતરી થાય છે. આ સઘળાં કામો ઉપરાંત લોકોની સાંપત્તિક, સામાજિક, રાજકીય, અને આરોગ્યની બાબતમાં કેવી સ્થિતિ છે તે વિષે પણ તેમને સરકારને મા-

હિતી આપવી પડે છે. એને મદદ કરનારા આસિસ્ટંટ અને ડેપ્યુટી કલેકટરો હોયછે અને તેઓ કલેકટર જે કામ સોંપે તે કરે છે.

જિલ્લાના પેટા વિભાગો કરેલા હોયછે તેમને તહેસિલ અથવા તાલુકા કહે છે. તેઓપર મામલતદારો અથવા તહેસિલદારો, અથવા મુખત્યારકરો (સિંધપ્રાંતમાં) નીમેલા હોયછે. તેઓની કને મુલ્કી અને માજિસ્ટ્રેટનું કામ હોયછે. આ અમલદારોનો રૈયત જોડે ઘણો નિકટ સંબંધ હોવાથી તેઓ કલેકટરના હાથ નીચેના મહત્વના અધિકારીઓ છે. તાલુકાની નીચલી રાજ્યવ્યવસ્થાની પાયરી એટલે ગામ અથવા ગામડામાં એક મુખી પટેલ હોય છે. એ ગામનું વસૂલ ઉઘરાવેછે. એને પોલીસનો થોડો અધિકાર હોયછે. એને મદદ કરવાને તલાટી અને બીજા નોકરો હોય છે. બંગાળાની વ્યવસ્થા કાંઇક ભિન્ન છે. તે પ્રાંતમાં સ્થાયી જમાબંદી ઠરાવી છે તેથી જિલ્લાના વિભાગ કરતી વેળા વસૂલાતની સગવડ કરતાં પોલીસ અથવા માજિસ્ટ્રેટના કામની સગવડપર વધારે ધ્યાન આપવામાં આવે છે; અને એ કારણથી જિલ્લાના પેટા વિભાગની (થાણાની) હદ તેહસિલ અથવા તાલુકા કરતાં મોટી હોયછે. આ વ્યવસ્થા પણ બધે ઠેકાણે સરખી નથી. બ્રહ્મદેશમાં તેહસિલના જેવડા ભાગો માયોકના તાબામાં જેટલો ભાગ હોયછે તેટલો અને તેની નીચલી પાયરી કેટલાંક ગામોનો જથો હોય છે તે છે અને તેપર શુગ્યી નામે અમલદારો નીમેલા હોય છે.

મુલ્કી રાજ્યવ્યવસ્થા ચાર પ્રકારના નોકરોના હાથમાં

છે. પહેલો વર્ગ કૉવીનાન્ટેડ નોકરોનો, બીજો વર્ગ સ્ટાટ્યુટરીનો, ત્રીજો વર્ગ અન-કૉવીનાન્ટેડનો, અને ચોથો વર્ગ સ્ટાફ કોર એટલે લશ્કરી નોકરોમાંના સિવિલ કામપર નીમેલા લોકોનો છે. કૉવીનાન્ટેડ (કરાર કરેલા) એ નામ પડવાનું કારણ એ છે કે એ નોકરોની નીમણુક થતી વખતે એક કરાર સહી કરીને આપવો પડે છે. એવો કરાર બીજા નોકરોને લખી આપવો પડતો નથી. હજુ પણ એ કરાર લખી આપવો પડે છે. હું વેપાર કરીશ નહિ, બક્ષિશ લેઇશ નહિ, અને મારે માટે તથા કુટુંબને માટે પેન્શનની રકમ ભરીશ, ઇત્યાદિ શરતો એ કરારનામામાં હોય છે. હમણા કેળવણી, એન્જિનીઅરિંગ, જંગલ, વગેરે ખાતાંમાં નોકરો નીમીને મોકલતી વખતે પણ તેમની કને કરારનામું લખાવી લેવામાં આવે છે; તેથી પહેલા વર્ગના નોકરોનુંજ કૉવીનાન્ટેડ એટલે સનંદી એ નામ યથાર્થ રહ્યું નથી. હમણા કૉવીનાન્ટેડ નામ જઇ 'સિવિલ સર્વિસ ઑવ્ ઇંડિઆ' એ નામ આપવામાં આવ્યું છે. 'સ્ટાટ્યુટરી' નામ સનંદી નોકરોને માટે રાખી મૂકેલી જગ્યાપર ૩૩ વિક્ટોરિઆ ચા. ૩ એ સ્ટાટ્યુટ એટલે કાયદા પ્રમાણે નીમેલા માણસોને આપવામાં આવે છે.

ઇંડિઅન સ્ટાફ કોર નામે સૈન્ય સને ૧૮૬૧ માં મહારાણીના હુકમથી (રૉયલ વૉરંટથી) સ્થાપન કરવામાં આવ્યું. કમિશનરી અમલમાં વરિષ્ઠ જગ્યાપર તથા સંસ્થાનોના એજંટ અને રેસિડંટની જગ્યાપર આ સૈન્યમાંના પુષ્કળ નોકરોને નીમવામાં આવે છે. પહેલાં મુંબાઈ અને મદ્રાસ ઇલાકામાં જુદી જુદી સ્ટાફ કોર પલટણો હતી, પરંતુ હમણા

તેઓને જોડી દઈ તેનું નામ ઇંડિઅન સ્ટાફ કોર પાડયું છે.

આ ઠેકાણે કૉવીનાન્ટેડ સર્વિસની થોડી હકીકત આપણે આપીશું તો તે અયોગ્ય નહિ જણાય. ઈસ્ટ ઇંડિઆ કંપની કેવળ વેપારીઓની મંડળી હતી ત્યાં લગી તેના નોકરો વેપારી, વખારી, અને કારકુનો હતા; પછી પાદશાહ કનેથી તેને દીવાની મળ્યા કેડે પણ સને ૧૭૭૨ લગી સઘળી વ્યવસ્થા પહેલાંની પેઠે દેશી કામદારોનેજ હાથે થતી હતી. એ વરસમાં કંપનીએ રાજ્યવ્યવસ્થા પોતાને હસ્તક લીધી અને તે પછી સને ૧૭૯૩ માં યૂરોપી અમલદારો નીમી સઘળી વ્યવસ્થા ઠરાવવામાં આવી. એ નોકરોની બાબતમાં એવો નિયમ કરવામાં આવ્યો કે કૌન્સિલના મેમ્બરની જગ્યા સિવાય બાકીની જગ્યાઓ એટલે સેક્રેટરી, એકૌન્ટખાતાના ઉપરીની જગ્યા, સિવિલ અને સેશન જડજ, માજિસ્ટ્રેટ અને કલેક્ટર, તથા તેના આસિસ્ટંટો, બોર્ડ ઑવ રેવિન્યુનો મેમ્બર, તથા કમિશનરની જગ્યા આ વર્ગના નોકરોને માટે રાખવી અને તેમને તેમની નોકરીની મુદ્દત પ્રમાણે ઊંચે દરજ્જે ચઢાવવા. પછી નવા સિવિલિઅનોને દેશી ભાષા તથા કાયદા શીખવવા માટે કલકત્તામાં એક કૉલેજ સ્થાપન કરી. આ વ્યવસ્થા સને ૧૮૦૬ લગી ચાલી. તે પછી ઇંગ્લાંડમાં નોકરો તૈયાર કરવા સારૂ હેલિબરી કૉલેજ સ્થાપન કરવામાં આવી અને કોર્ટ ઑફ ડિરેક્ટર્સ તે કૉલેજમાં શીખવાને માણસો નીમીને મોકલતી અને ત્યાં શીખીને તૈયાર થયા કેડે પરીક્ષા લેઈ પાસ થયેલા લોકોને નોકરીમાં નીમતી. પ્રથમ નીમણુક કરી તે પછી કૉલેજમાં શીખવાને મોકલવાની પદ્ધતિ સને ૧૮૫૩

માં બંધ પડી અને સ્પર્દ્ધાની પરીક્ષા લેઇ એ નોકરીમા દાખલ કરવાની રીતની શરૂઆત થઇ. એ પરીક્ષા આપવાને યૂરોપીઓને અને દેશીઓને સરખી છૂટ હતી. કંપનીનો અમલ જઇ હિંદનો કારભાર મહારાણીએ પોતાના હાથમાં લીધો તોપણ એજ પદ્ધતિ કાયમ રાખી. આ પરીક્ષામાં જનારા ઉમેદવારોનાં વયને લગતા નિયમો વારંવાર બદલાયા છે. હાલમાં તેમની ઉમર ૨૧ થી ૨૩ લગી હોવી જોઇએ. એવી રીતે પરીક્ષા લેવાનો હેતુ એ હતો કે દેશમાં મળી શકે તેવા બહુ વિદ્વાન અને ઉત્કૃષ્ટ માણસો નોકરીમાં દાખલ થાય. આ પરીક્ષાના વિષયો લાર્ડ મેકૉલેના અધ્યક્ષપણા નીચે નીમાયલી કમિટીએ વિચાર કરીને ઠરાવ્યા હતા તેજ હજુ કાયમ રહેલા છે. સાધારણ વિશ્વવિદ્યાલયમાંથી શાબાશીથી પાસ થવાને જેટલા વિષયો શીખવા જોઇએ તેટલા વિષયો આ પરીક્ષામાં જોઇએછે. આ પરીક્ષામાં પસાર થયા પછી નોકરીને માટે ઉપયોગી વિષયો શીખવામાં કેટલોક વખત ગાળવો પડે છે, અને વિશ્વવિદ્યાલયમાં પણ કેટલોક વખત રહેવા માટે એવા લોકોને ઉત્તેજન આપવામાં આવે છે. એમ પરીક્ષામાં પાસ થયેલા લોકોને માટેજ સિવિલ ખાતાની તમામ જગ્યા રાખી મૂકવાનો નિયમ, નવા નવા પ્રાંતો તાબામાં આવ્યાથી તથા રાજ્યવ્યવસ્થાની ઘણી વૃદ્ધિ થવાથી પૂરેપૂરો કાયમ રહેવો અશકય જણાયો, તેથી બીજા યૂરોપીઓને અને દેશીઓને નોકરીમાં દાખલ કરવા પડયા. એ નીમણુકો ૨૪ તથા ૨૫ વિકટોરિઆ ચા. ૫૪ નામે કાયદા પ્રમાણે કાયદાસર ઠરાવવામાં આવી. જે

ગ્યાઓ સિવિલ સર્વિસને માટે રાખી મૂકેલી નહિ તે જ-
ાઓપર ઇંગ્લાંડમાં અથવા હિંદુસ્તાનમાં પસંદ કરી અથ-
પરીક્ષા લેઈ નોકરો નીમવામાં આવે છે. તેઓમાં દેશી-
માંના પણ કેટલાક નીમાય છે.

દેશીઓને નોકરીમાં દાખલ કરવાના સંબંધમાં ગયાં
ક વર્ષમાં પાર્લમેન્ટ સભાએ વખતે વખતે કાયદા કર્યા છે.
ાં પ્રથમ તો તેમના ધર્મ અને જન્મભૂમિ વગેરેના કાર-
ી અડચણ કરવામાં આવશે નહિ એવું સને ૧૮૩૬ માં
એજ તત્વ સને ૧૮૫૩ ના અને સને ૧૮૫૮ ના
દામાં તથા જાહેરનામામાં દાખલ કરવામાં આવ્યું. એમ
ેની તથા ધર્મની હરકત નીકળી ગઈ હતી, તોપણ સને
૭૦ લગી ઇંગ્લાંડમાં પરીક્ષા આપી સનંદી નોકરીમાં
જ માણસ દાખલ થયો હતો. આ સ્થિતિ અલબત સા-
નહોતી તેથી સને ૧૮૭૦ માં ઇંગ્લાંડમાં પરીક્ષા ન આ-
સનંદી નોકરી માટે રાખી મૂકેલી થોડીક જગ્યાપર
ઓને નીમવાને ૩૩ વિક્ટોરિઆ ચા. ૩ નામે કાયદો
ામાં આવ્યો, અને તેનો હેતુ નીચલા દરજાની સરકારી
રીમાં ઘણી હોશિયારી બતાવી હોય તેવા માણસોને તે
ાઓપર નીમવાનો અધિકાર આપવાનો હતો. આ કાય-
અમલમાં આણવાને નિયમો કરવાની જરૂર હતી, પરંતુ
ામ સને ૧૮૭૯ લગી એમનું એમ પડી રહ્યું. એ વરસ
આ કાયદા પ્રમાણે માત્ર એક બે નીમણુક કરવામાં
ી હતી અને તે પણ ન્યાય ખાતામાં કરવામાં આવી
. સને ૧૮૭૯ માં એ કાયદાને અનુસરી નિયમો બાંધ-

વામાં આવ્યા તેઓમાં વિશેષ મુદ્દો એ ઠરાવ્યો હતો કે ઘણા કુળવાન તથા વજનદાર માણસો બુદ્ધિમાન અને ભણેલા હોય તેમને વિશેષે કરીને નીમવા, અને નીચલા દરજાના સરકારી નોકરોમાંના અથવા ધંધો કરનારામાંના લોકોને એવી જગ્યા આપવી હોય તો કોઇ વિશેષ ગુણ જણાઈ આવેથી માત્ર આપવી. એવો નિયમ કરવામાં સરકારનો હેતુ એ હતો કે પહેલાંના રાજ્યકર્ત્તાના વર્ગના જે લોકો વિદ્યા ભણનારા બીજા વર્ગના લોકોની જોડે વિદ્યા ભણી હરીફાઈ કરતા નથી તેઓને નોકરીમાં લેવા, પરંતુ તે હેતુ પાર પડ્યો નહિ; કારણ કે તેઓમાં વિદ્વાન અને વજનદાર માણસ મળી શકતા નહિ, અને જેઓ હતા તેઓ નોકરીની દરકાર કરતા નહિ. સરકારનો મૂળ હેતુ રાજકીય કારણોથી અથવા રાજ્યવ્યવસ્થાની સગવડને લીધે રાખ્યો હશે, પરંતુ તે નિષ્ફળ ગયો, તેથી એ બાબતની તપાસ કરી જથુનો નિકાલ કરવાનાં સાધનો મળે તેટલા માટે એક કમિશન નીમવામાં આવ્યું. એ કમિશનમાં દેશી સભાસદો પણ હતા. એ કમિશને સરકારમાં કરેલો રીપોર્ટ તથા તેને અનુસરી કેવી તજવીજ કરવામાં આવી તેની હકીકત પાર્લમેન્ટ સભાને રજુ કરવામાં આવ્યાં છે. એ કમિશનની મહત્વની સૂચના એ હતી કે હિંદની સિવિલ સર્વિસ અને પ્રાંતિક સિવિલ સર્વિસ એવા સિવિલ સર્વિસના બે વિભાગ કરવા, હિંદની સિવિલ સર્વિસમાં ઈંગ્લાંડમાં સ્પર્દ્ધાની પરીક્ષા લેઇને માણસો નીમવા, અને તેમની સંખ્યા એટલી રાખવી કે રાજ્યવ્યવસ્થાની તમામ મોટી જગ્યાઓ પૂરાઇ થોડાક શિખાઉ માણસો રા-

ખવાની સોઈ રહે; સ્ટાટયુટરી સર્વિસ કહાડી નાંખી તેને બદલે પ્રાંતિક સિવિલ સર્વિસ સ્થાપન કરવી અને તેમાં હાલના નીચલા દરજાના નોકરોમાંના પસંદ કરેલા માણસોને નીમવા, અને સનંદી નોકરો માટે રાખી મૂકેલી જગ્યાઓમાંની એક ષષ્ઠાંશ જગ્યા જુદી પાડી તેઓ પર આ નોકરીમાંના લોકોની નીમણુક કરવી. રેવિન્યુની બોર્ડ, કમિશનર, અને સેક્રેટરીની જગ્યા તે નોકરીમાંના લોકોને આપવી નહિ.

લૉર્ડ ક્રૉસે એ કમિશનની સૂચનાના સંબંધમાં એવો ઠરાવ કર્યો કે સને ૧૮૭૦ ના કાયદા પ્રમાણે પ્રત્યેક પ્રાંતમાં સનંદી નોકરો માટે રાખી મૂકેલી જગ્યાઓમાંની કેટલીક જગ્યાઓ જુદી કહાડવી અને તેઓપર પ્રોવિન્શિઅલ સર્વિસમાંના નોકરો નીમવા. તેમની સંખ્યા પ્રાંતની ગરજ તથા યોગ્યતાના પ્રમાણમાં નક્કી કરવી અને જુદા જુદા વર્ગના નોકરોની સંખ્યા કેટલા પ્રમાણમાં રાખવી તે વખતે વખતે ઠરાવવું. એ પદ્ધતિ હમણા અમલમાં આવી છે. બ્રહ્મદેશ અને આસામ પ્રાંતો વિદ્યાની બાબતમાં પછાત છે અને આસામ પ્રાંતમાં યૂરોપીઓની વસ્તી ઝાઝી છે તથા જંગલી લોકોના પ્રાંતો તેની પડોશમાં છે તેથી એ પ્રાંતમાં આ વ્યવસ્થા કરવામાં આવી નથી. હિંદ સરકારે આ ઠરાવ પ્રમાણે જુદા જુદા પ્રાંતોની યાદી કરી છે. સનંદી નોકરીમાં નીમાયલા તમામ માણસો હમેશ નોકરીપર હાજર હોતા નથી. રજાપર જનારા માણસોને બદલે કામ કરવાને તથા શિખાઉ રાખવા સારૂ કેટલાક માણસો વધારે રાખેલા હોય છે; ગરજ પ્રમાણે દર વરસે નવા માણસોની ભરતી કરવામાં

આવે છે. પહેલાં એ ભરતીના છઠ્ઠા ભાગના માણસોને આ દેશમાં સ્ટાટયુટરી નીમવામાં આવતા, પરંતુ હમણા જેટલા નોકરો કામપર હોય છે, એટલે તેમની જેટલી જગ્યા હોય છે તે જગ્યાના છઠ્ઠા ભાગલગીની જગ્યા પ્રોવિન્શિઅલ સર્વિસમાં શામિલ કરવાનું ઠરાવેલું છે. સનંદી નોકરોની એકંદર જગ્યા ૮૯૮ છે અને તેમાંના ૭૪ માણસ બીજાં વિશેષ પ્રકારનાં કામોપર છે. કમિશનરથી ઊંચા દરજાની જગ્યા ૪૬, સેક્રેટરીઓની જગ્યા ૬૬, કમિશનરો ૪૧, કલેકટરો ૨૩૪, ડિસ્ટ્રિકટ જડજો ૧૧૧, મુલ્કી અને ન્યાય ખાતાંની નીચલી જગ્યા ૨૭૭, પરચૂરણ એટલે ખેતીવાડી ખાતા વગેરેમાં ૪૯ એ સર્વ મળી ૮૨૪ છે. એમાં બ્રહ્મદેશ તથા આસામ મળી ૧૧૫ છે અને હિંદ સરકારના સંબંધમાં ૧૫ જગ્યાઓ છે. એ ૮૨૪ માંની ૭૩૧ જગ્યા સનંદી નોકરો માટે રાખેલી છે, અને ૯૩ જગ્યા પ્રોવિન્શિઅલ સર્વિસમાં દાખલ કરેલી છે. એ સંખ્યા કાયમની નથી, પ્રાંતોની ગરજ પ્રમાણે તે વધતી ઓછી કરવામાં આવશે. એ પ્રોવિન્શિઅલ સર્વિસમાં દાખલ કરવાના નોકરોની પ્રાંતવાર વહેંચણ નીચે પ્રમાણે કરવામાં આવી છે:-

મદ્રાસ.

કલેકટર...૨	સબકલેકટર, હેડઆસિસ્ટંટ
જિલ્લા જડજ...૪	અને આસિસ્ટંટ કલેકટર......૭
રેવિન્યુની બોર્ડનો	સરકારનો અંડર–સેક્રેટરી......૧
સેક્રેટરી.......૧.	

मुंबाइ.

કલેકટર ૨
જિલ્લા જડજ...૨
જોઈંટ જડજ......૧
આસિસ્ટંટ જડજ ૨

આસિસ્ટંટ કલેકટર...........૯
તાલુકદારી સેટલમેંટ આફિસર...૧
હાઈકોર્ટનો રજિસ્ટ્રાર........૧

૧૮

बंगाळा.

કલેકટર ૪
જિલ્લા જડજ ૬
જોઈંટ અને આસિસ્ટંટ
માજિસ્ટ્રેટ ૮

રેવિન્યુની બોર્ડનો સેક્રેટરી...૧
સરકારનો અંડર-સેક્રેટરી...૧

૨૦

वायव्य अने अयोध्या प्रांत.

કલેકટર ૨
જિલ્લા જડજ ૪
જોઈંટ અને આસિસ્ટંટ
માજિસ્ટ્રેટ ૯
રેવિન્યુની બોર્ડનો જૂ-
નિઅર સેક્રેટરી...૧

આસિસ્ટંટ સેટલમેન્ટ ઓફિ-
સર.......................૨
ડેરેકટર આવ લાન્ડ રેકર્ડસ અને
એગ્રિકલ્ચરનો આસિસ્ટંટ...૧
સ્મૉલ કૉઝ કોર્ટના જડજ...૨

૨૧

पंजाव.

કલેકટર..............૨
ડિવિઝનલ જડજ ...૨

આસિસ્ટંટ કમિશનર......૩
ફિનાન્શિઅલ કમિશનરનો

જિલ્લા જડજ........૨	જુનિઅર સેક્રેટરી........૧
	સેટલમેંટ કલેકટર........૨
	૧૨

मध्य प्रांतो.

કલેકટર... ... ...૧	સેટલમેન્ટકમિશનરનોઆ-સિસ્ટંટ................૧
સ્મૉલકૉઝ કોર્ટજડજ ૨	આસિસ્ટંટ કમિશનર... ૨
જ્યુડિશિઅલ કમિશનર-નો રજિસ્ટ્રાર........૧	
	૭

આ જગ્યાઓના પગાર નીચે પ્રમાણે ઠરાવ્યાછે:—

मद्रास.

પહેલી પાયરીનો જડ-જ..............૧૬૦૦	પહેલી પાયરીનો કલેકટ-ર.................૧૬૦૦
બીજી પાયરીનો જડ-જ..............૧૨૦૦	બીજી પાયરીનો કલેકટ-ર.................૧૨૦૦
રેવિન્યુની બોર્ડનો સેક્રે-ટરી........... ૧૦૦૦	સરકારનો અંડર-સેક્રેટ-રી................. ૭૦૦

આસિસ્ટંટ કલેકટર

૨ જગ્યા........ ૭૦૦

૪ જગ્યા........ ૫૦૦

૧ જગ્યા........ ૩૦૦

मुंबाई.

પહેલી પાયરીનો જડ-જ..............૧૬૦૦	કલેકટર પહેલી પાયરી... ....૧૬૦૦

બીજી પાયરીનો જડજ ૧૨૦૦
ત્રીજી પાયરીનો જડજ ૧૦૦૦
જોઇંટ જડજ......૮૦૦
આસિસ્ટંટ જડજ પહેલી
પાયરી..........૬૦૦
બીજી પાયરી.. ...૫૦૦
હાઇકોર્ટનો રજિસ્ટ્રાર.૧૨૦૦
બીજી પાયરી......૧૨૦૦
તાલુકદારી સેટલમેંટ આફિસર..............૮૦૦
આસિસ્ટંટ કલેકટર.
૩ જગ્યા ૬૦૦
૪ જગ્યા ૫૦૦
૨ જગ્યા ૩૦૦

बंगाला.

જિલ્લા જડજ, પહેલી
પાયરી... ... ૧૬૦૦
બીજી........ ૧૨૦૦
રેવિન્યુની બોર્ડનો
સેક્રેટરી........૧૨૦૦
સરકારનો અંડર
સેક્રેટરી........ ૭૦૦
કલેકટર અને માજિસ્ટ્રેટ—
પહેલી પાયરી......૧૬૦૦
બીજી પાયરી......૧૨૦૦
ત્રીજી પાયરી......૧૦૦૦
આસિસ્ટંટ કલેકટર—
૨ જગ્યા........... ૬૦૦
૨ જગ્યા........... ૫૦૦
૨ જગ્યા........... ૪૦૦
૨ જગ્યા........... ૩૦૦

वायव्यप्रांतो अने अयोध्या.

જિલ્લા જડજ—
પહેલી પાયરી... ૨૦૦૦
સ્મૉલકૉઝ કોર્ટ જડજ......
૮૦૦–૧૦૦૦
રેવિન્યુની બોર્ડનો જૂનિઅર
સેક્રેટરી.

બીજી પાયરી... ૧૬૦૦
ત્રીજી પાયરી... ૧૨૦૦
ચોથી પાયરી... ૧૦૦૦
કલેકટર અને માજિસ્ટ્રેટ—
પહેલી પાયરી... ૧૬૦૦
બીજી પાયરી... ૧૨૦૦
ત્રીજી પાયરી... ૧૦૦૦
આસિસ્ટંટ કલેકટર—
૪ જગ્યા. ૬૦૦
૫ જગ્યા. ૪૦૦

પાયરીના પગાર કરતાં વધારે... ... ...૧૫૦
આસિસ્ટંટ સેટલમેંટ આફિસ
પહેલી પાયરી......૭૦૦
બીજી પાયરી......૫૦૦
આસિસ્ટંટ ડેરેકટર આવ લાન્ડ રેકર્ડસ અને એગ્રિકલ્ચર...... ...૪૦૦-૫૦૦

પંજાબ.

ડિવિઝનલ જડજ—
પહેલી પાયરી... ૧૬૦૦
બીજી પાયરી... ૧૪૦૦
ત્રીજી પાયરી... ૧૨૦૦
જિલ્લા જડજ—
પહેલી પાયરી... ૧૦૦૦
બીજી પાયરી... ૮૦૦
ફિનાન્શિઅલ કમિશનર—
નો જૂનિઅર સેક્રેટેરી ૬૦૦

ડેપ્યુટી કમિશનર—
પહેલી પાયરી...૧૬૦૦
બીજી પાયરી... ૧૨૦૦
ત્રીજી પાયરી... ૧૦૦૦
સેટલમેંટ આફિસર—
પહેલી પાયરી...૧૦૦૦
બીજી પાયરી... ૮૦૦
એકસટ્રાઆસિસ્ટંટકમિશન
૧ જગ્યા...... ...૬૦૦
૪ જગ્યા...... ...૪૦૦
૧ જગ્યા...... ...૩૦૦

મધ્ય પ્રાંતો.

ડેપ્યુટી કમિશનર—	સ્મૉલકૉઝ કોર્ટ જડજ...... ૭૦૦–૮૦૦
પહેલી પાયરી......૧૬૦૦	જ્યુડિશિઅલ કમિશનરના રજિસ્ટ્રારની અને આસિસ્ટંટ સેટલમેંટ કમિશનરની જગ્યાપર પ્રોવિન્શિઅલ સર્વિસમાંનો કોઇ માણસ હોય તો તેને પગાર ઉપરાંત અલાવન્સ રૂ. ૧૦૦
બીજી પાયરી......૧૨૦૦	
ત્રીજી પાયરી......૧૦૦૦	
આસિસ્ટંટ કમિશનર—	
૧ જગ્યા............ ૬૦૦	
૧ જગ્યા............ ૫૦૦	
૧ જગ્યા............ ૪૦૦	
૧ જગ્યા............ ૩૦૦	

કમિશનરની, ફિનાન્શિઅલ કમિશનરની, અને બોર્ડ આવ્ રેવિન્યુની જગ્યાઓ આ પત્રકમાં દાખલ કરેલી નથી. એ જગ્યાઓપર પ્રોવિન્શિઅલ સર્વિસમાંના નોકરની નીમણુક કરવાને હરકત નથી. જિલ્લા જડજ તથા જિલ્લાના કલેકટરની જગ્યાપર નીમણુક કરતી વખતે નોકરીની મુદ્દતનોજ વિચાર ન કરતાં લાયકીનો પણ વિચાર કરવામાં આવશે અને પ્રોવિન્શિઅલ સર્વિસમાં કોઇ યૂરોપીને નીમવાનો હોય તે વારે હિંદ સરકારની મંજૂરીથી વિશેષ કારણો માટેજ નીમવામાં આવશે એવું ઠરાવ્યું છે.

સને ૧૮૭૦ ના કાયદા પ્રમાણે સ્ટાટયુટરી સિવિલ સર્વિસમાં જે માણસોને નીમવામાં આવ્યા છે તેમને પ્રોવિન્શિઅલ સર્વિસમાં દાખલ થવા દેવામાં આવશે, અને તે નોક-

રીમાં તેમને નવા દાખલ થનારા માણસો કરતાં વધારે હક્ક આપવામાં આવશે, પરંતુ તેઓ સનંદી નોકરીમાંજ રહેશે તો નોકરીની મુદ્દત પ્રમાણે ઊંચી પાયરીની જગ્યાપર નીમણુક ન કરતાં તેમના પંડની વિશેષ હોશિયારી અને લાયકી જણાશે તે પ્રમાણે માત્ર નીમણુક કરવામાં આવશે એવું ઠરાવ્યું છે.

પ્રોવિન્શિઅલ સર્વિસના નિયમો બાંધવાની તજવીજ હિંદ સરકારમાં ચાલે છે. હાલમાં એ નિયમો ન્યાય અને મુલ્કી ખાતાંના સંબંધમાં થાય છે. એ બે ખાતાંની વ્યવસ્થા થયા પછી બીજાં ખાતાંનો વિચાર કરવામાં આવશે.

ઈંગ્લાંડમાં તથા હિંદમાં સિવિલ સર્વિસની પરીક્ષા એકી વખતે લેવાનો ગયે વરસે આમની સભાએ ઠરાવ કર્યો હતો. એ ઠરાવ અમલમાં આણી શકાશે કે નહિ તે વિષે હિંદમાં વિચાર થઇ આખરે હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીએ ઠરાવ્યું કે એકી વખતે પરીક્ષા લેવી શકય અને યોગ્ય નથી, પરંતુ રાજ્યવ્યવસ્થાની સરલતા તથા બ્રિટિશ રાજ્યની સ્વસ્થતાનો વિચાર કરી જેટલી જગ્યા આપી શકાય તેટલી જગ્યા પ્રમાણિક અને હોશિયાર દેશીઓને આપવી. તેણે તેનાં કારણોમાં જણાવ્યું કે બંને દેશોમાં એકી વખતે પરીક્ષા લેવામાં ઘણી અડચણો છે; એજ્યુકેશન કમિશને એ રીતે બે ઠેકાણે પરીક્ષા લેવી નહિ એવું ઠરાવ્યું છે; અને તેમાંના ત્રણ દેશી સભાસદોને એ વિચાર પસંદ પડયો નહિ, તોપણ એકંદરે કમિશનની ભલામણનો ઇષ્ટ હેતુ પાર પડવા જેવો હતો તેથી તેમણે પોતાનો વિરૂદ્ધ અભિપ્રાય દાખલ

ક્યો નહિ; એકંદર જગ્યામાંની ૬૧૨ જગ્યાપર નીમવાને પ્રોવિન્શિઅલ સર્વિસમાંના નોકરો યોગ્ય છે એવું કહી શકાય. એ ૬૧૨ જગ્યામાંની ૯૩ જગ્યા પ્રોવિન્શિઅલ સર્વિસમાં દાખલ કરવામાં આવી છે. રાજ્યવ્યવસ્થાનાં કાર્યોને અર્થે યૂરોપીઓની અમુક સંખ્યા હોવીજ જોઇએ અને હમણા જે સંખ્યા ઠરાવી છે તે ઘટાડી શકાય તેમ નથી; પરીક્ષામાં દાખલ થનારા ઉમેદવારોની ઉમર વધારી છે; સ્પર્દ્ધાની પરીક્ષા આ દેશમાં લેવાથી નોકરીમાંની ઊંચી જગ્યાઓપર નીમવાને જેવા લાયક માણસો જોઇએ તેવા અને રિવાજ તથા જાતિના સંબંધમાં લોકોનો વિશ્વાસ બેસવોજ જોઇએ તેવા માણસો નોકરીમાં દાખલ થશે નહિ; શીખ, મુસલમાન અને બીજી જાતિના જે લોકોમાં ઊંચા પ્રકારની દ્રઢતા વગેરે ગુણો હોય છે અને જેમણે પૂર્વે રાજ્ય કરેલાં છે, પરંતુ જેમને વિદ્યાનો આક્ષેપ ઓછો છે, તેઓની તરફથી સરકારને રાજ્યકારભારમાં ઘણી મદદ મળી શકે તે મળશે નહિ. નોકરીમાં કસોટી કહાડવાથી માણસની બેશ પરીક્ષા થાય છે; વળી હમણા પરીક્ષા લેવાનું ઠરાવ્યાથી પ્રોવિન્શિઅલ સર્વિસમાંના નોકરોને જે આશા થઈ છે તેનો ભંગ થશે, વગેરે.

સિવિલ સર્વિસની હાલની સ્થિતિનો વિચાર કરતાં જગ્યાઓની સંખ્યા સને ૧૮૭૪ પછી સેંકડે ૨૨ ઘટીછે, અને બીજી બાર ઓછી થવાનો સંભવ છે. સને ૧૮૯૨ ના જાનેવારી મહીનામાં સ્ટાટયુટરી નોકરો સુદ્ધાં આ નોકરીમાં ૯૮૩ માણસો હતા. તેઓમાં ૭૪ દેશીઓ હતા. એ ૭૪ દેશી-

એમાં ૧૫ માણસ ઈંગ્લાંડની સ્પર્દ્ધાની પરીક્ષામાં પાસ થયેલા હતા અને ૫૯ જણા સને ૧૮૭૦ ના કાયદા પ્રમાણે નીમાયલા હતા. પરીક્ષામાં પાસ થયેલા ૧૫ માણસોમાંના ૧૦ બંગાળામાંની વિદ્યામાં બે આગેવાન જાતોના હતા, ૩ મુંબાઈના પારસી, ૧ મદ્રાસના વેપારી વર્ગનો અને ૧ મુંબાઈના મુસલમાન વેપારી વર્ગનો હતો. સને ૧૮૯૩ ની શરૂઆતમાં એકંદર સનંદી નોકરો કેટલા હતા તેની હકીકત ઉપર આપીછે. કમિશને રીપોર્ટ કર્યો તે વેળા રાજ્યવ્યવસ્થાને અર્થે હિંદના ૭૬૫ ભાગ કરેલા હતા અને તેઓપર સિવિલ સિર્વિસ અને સ્ટાફ કોરમાંના, તથા નૉન-રેગ્યુલેશન પ્રાંતોમાં ઊંચે દરજ્જે ચઢેલા બિન સનંદી નોકરો હતા. એ વિભાગોની હદમાં સને ૧૮૯૩ ના આરંભમાં સાધારણ પ્રમાણમાં વસ્તી ૨,૯૭,૫૦૧ હતી અને ક્ષેત્રફળ ૧,૨૯૦ મૈલ હતું. બિન સનંદી નોકરીમાં ન્યાય. અને મુલ્કી ખાતાંમાં ઊંચા દરજાના બિન સનંદી નોકર ૨,૫૮૮ હતા. એમાંના ૨,૪૪૯ હિંદના વતનીઓ, ૩૫ યૂરોપીઓ, અને ૧૦૪ યૂરેશીઓ અને હિંદમાં ઉછરેલા યૂરોપીઓ હતા. ૨,૪૪૯ દેશીઓમાં ૧,૮૬૬ હિંદુ, ૫૧૪ મુસલમાન, ૧૮ શીખ, ૨૧ પારસી, અને ૩૦ બીજા ધર્મના હતા. હિંદુઓમાં ૯૦૪ બ્રાહ્મણો, ૧૧૩ વાણીઆ, અને ૬૦૧ બીજા લેખક વર્ગના હતા. કમિશને છેવટે લખ્યું છે કે રૂ ૧૦૦ ની અથવા તે ઉપરાંતના પગારની જગ્યા ૧,૧૪,૧૫૦ હોઇ તેમાંની સેંકડે ૯૭ જગ્યાપર દેશીઓ છે અને સેંકડે ત્રણ જગ્યાપર બીજા લોકો છે.

રાજ્યવ્યવસ્થાનો ખર્ચ સને ૧૮૮૧-૮૨ માં

રૂ૧,૪૯,૪૩,૫૬૦ થયો હતો. સને ૧૮૯૧-૯૨ માં રૂ૧,૭૯,૧૩,૧૭૦ થયો હતો. સને ૧૮૯૩-૯૪ ના જમાખર્ચના બજેટમાં રૂ૧,૯૭,૯૫,૦૦૦ નો ખર્ચ દાખલ કર્યો છે. એ વરસમાં હુંડીઆમણ તથા વટાવના સંબંધમાં સનંદી તથા યૂરોપી નોકરોને મળતાં અલાવન્સો (ભથ્થાં) ને લીધે વધારો થયો.

આ ખર્ચની (સને ૧૮૯૧-૯૨ ના ખર્ચની) વિગત હેઠળ આપીછે. ફિસ્કલ એટલે વસૂલાત ખાતાનો ખર્ચ ઉપજની બાબતોના વર્ણનના ભાગમાં આપ્યો છે. બ્રહ્મદેશમાં ખર્ચ વધવાનું કારણ ઉપલો બ્રહ્મદેશ ખાલસા કર્યો તે છે.

ખર્ચની વિગત નીચે પ્રમાણે છેઃ—

(૧) ગવર્નર-જનરલ—રૂ ૨,૫૦,૮૦૦.

(૨) ગવર્નરો (મદ્રાસ રૂ૧,૨૦,૦૦૦; મુંબાઈ રૂ૧,૨૦,૦૦૦—રૂ૨,૪૦,૦૦૦.

(૩) લેફ્ટેનંટ-ગવર્નરો (બંગાળા રૂ, ૯૬,૦૦૦; વાયવ્ય પ્રાંતો , તથા અયોધ્યા રૂ ૯૬,૦૦૦; પંજાબ રૂ.૧,૦૦,૭૩૦)—રૂ૨,૯૨,૭૩૦.

(૪) મુખ્ય કમિશનરો તથા સિંધનો કમિશનર—(આસામ રૂ૪૪,૨૮૦; મધ્ય પ્રાંતો રૂ ૪૮,૦૦૦; બ્રહ્મદેશ રૂ. ૭૬,૮૦૦; મુંબાઈ રૂ ૧,૧૮,૪૨૦)—રૂ ૨,૮૭,૫૦૦

(૫) ખાનગી ખર્ચ તથા પરિવાર—(હિંદ સરકાર રૂ. ૨,૩૫,૦૨૦; બંગાળા રૂ૨૧,૬૫૦; આસામ રૂ૩,૦૭૦; વાયવ્યપ્રાંતો અને અયોધ્યા રૂ ૩૮,૦૨૦; પંજાબ રૂ ૨૧,૨૨૦; મધ્યપ્રાંતો રૂ ૬,૦૦૦; બ્રહ્મદેશ

રૂ૧૭,૯૦૦; મદ્રાસ રૂ૧,૩૫,૨૮૦; મુંબાઈ રૂ૨,૦૩,૫૨૦-) રૂ ૬,૮૧,૬૮૦.

(૬) દરબારફંડ-હિંદ સરકાર રૂ ૧,૬૫,૫૧૦.

(૭) રાજ્યવહીવટ કરનારી કૌન્સિલ--(હિંદસરકાર રૂ ૩,૯૧,૮૨૦; મદ્રાસ રૂ ૧,૨૭,૧૭૦; મુંબાઈ રૂ. ૧,૨૫,૭૬૦)-રૂ ૬,૪૪,૭૫૦

(૮) કાયદા બાંધનારી કૌન્સિલ-(હિંદસરકાર રૂ૨,૦૧,૮૦૦; બંગાળા રૂ ૧૮,૧૬૦; વાયવ્ય પ્રાંતો અને અયોધ્યા રૂ ૨,૩૩૦; મદ્રાસ રૂ ૧૬,૧૨૦; મુંબાઇ રૂ ૧,૦૦૦)-રૂ ૨,૩૯,૪૧૦.

(૯) મિલિટરી (લશ્કરી) સેક્રેટરીઓ અને કચેરી-(હિંદ સરકાર રૂ ૪,૩૭,૯૪૦; મદ્રાસ રૂ ૬૧,૬૩૦; મુંબાઇ રૂ ૮૦,૫૦૦)-રૂ૫,૮૦,૦૭૦.

(૧૦) પબ્લિકવર્કસ ખાતાનો સેક્રેટરી અને કચેરી-હિંદસરકાર રૂ ૨,૯૯,૬૯૦.

(૧૧) સિવિલ (લશ્કરી સિવાય બીજા) સેક્રેટરીઓ અને કચેરી-(હિંદ સરકાર રૂ ૧૨,૪૦,૭૭૦; બંગાળા રૂ. ૫,૧૯,૩૯૦; આસામ રૂ ૮૧,૪૪૦; વાયવ્યપ્રાંતો અને અયોધ્યા રૂ૩,૦૧,૯૬૦; પંજાબ રૂ૨,૧૩,૦૯૦; મધ્યપ્રાંતો રૂ ૯૭,૬૮૦; બ્રહ્મદેશ રૂ ૨,૪૦,૫૩૦; મુંબાઈ રૂ ૩,૭૬,૨૪૦; મદ્રાસ રૂ ૩,૨૨,૦૩૦)--રૂ ૩૩,૯૩,૧૩૦.

(૧૨) મુસાફરીનો ખર્ચ--(હિંદસરકાર રૂ ૧,૫૨,૪૯૦; બંગાળા રૂ ૩૧,૧૦૦; આસામ રૂ.૬,૫૨૦; વાય-

વ્યપ્રાંતો અને અયોધ્યા રૂ ૪૪,૨૨૦; પંજાબ રૂ. ૪૫,૬૩૦; મધ્યપ્રાંતો રૂ ૧૧,૬૧૦; બ્રહ્મદેશ રૂ. ૪,૭૮૦; મદ્રાસ રૂ ૧,૪૯૦; મુંબઈ રૂ ૧૬,૪૭૦)- રૂ. ૩,૧૪,૩૧૦.

(૧૩) રેવિન્યુ બોર્ડ તથા પ્રિનાન્શિઅલ કમિશનર—(બંગાળા રૂ૨,૮૮,૬૩૦; વાયવ્યપ્રાંતો રૂ૨,૫૬,૫૩૦; પંજાબ રૂ૨,૩૦,૮૨૦; બ્રહ્મદેશ રૂ૭૫,૫૩૦; મદ્રાસ રૂ૧,૮૪,૧૮૦)–રૂ૧૦,૩૫,૬૯૦.

(૧૪) કમિશનરો અને કચેરી ખર્ચ—(હિંદ સરકાર રૂ ૧,૨૭૦; બંગાળા રૂ૫,૩૭,૪૩૦; આસામ રૂ૫૧,૪૩૦; વાયવ્યપ્રાંતો અને અયોધ્યા રૂ૫,૧૦,૧૯૦; પંજાબ રૂ૩,૪૧,૩૬૦; મધ્યપ્રાંતો રૂ૧,૯૨,૪૬૦; બ્રહ્મદેશ રૂ૩,૯૪,૬૫૦; મુંબાઈરૂ૨,૨૭,૬૬૦)–રૂ૨૨,૫૬,૪૫૦.

(૧૫) કંટ્રોલર તથા એકૌન્ટંટ જનરલો, અને કચેરી–(હિંદ સરકાર રૂ૩,૯૧,૫૬૦; બંગાળા રૂ૩,૬૪,૯૬૦; આસામ રૂ૫૧,૮૦૦; વાયવ્યપ્રાંતો રૂ૨,૧૨,૬૦૦; પંજાબ રૂ૧,૭૧,૯૩૦; મધ્યપ્રાંતો રૂ૭૩,૪૯૦; બ્રહ્મદેશ રૂ૧,૯૩,૬૧૦; મદ્રાસ રૂ૨,૫૩,૭૨૦; મુંબાઈ રૂ ૨,૬૬,૩૫૦)–રૂ૧૯,૮૦,૦૨૦.

(૧૬) પબ્લિક વર્કસ ખાતાનો એકૌન્ટંટ જનરલ–હિંદ સરકાર રૂ૨,૨૫,૭૧૦.

(૧૭) ચલણી નોટોનું ખાતું—(હિંદ સરકાર રૂ૧,૧૦,૫૦૦; બંગાળા રૂ૨૪૦; વાયવ્યપ્રાંતો રૂ૧૩,૪૩૦; પંજાબ રૂ૧૧,૪૫૦; મધ્યપ્રાંતો રૂ૫૦; બ્રહ્મદેશ રૂ૨૦,૩૫૦;

મદ્રાસ રૂ૨૫,૭૮૦; મુંબાઈ રૂ૭૮,૭૫૦)--રૂ૨,૬૦,૫૫૦.

(૧૮) શિલકી ખજાનો--હિંદ સરકાર રૂ૫,૦૫૦; મદ્રાસ રૂ૩,૦૩૦)--રૂ૮,૦૮૦.

(૧૯) પ્રેસિડન્સી બેંકો--(હિંદસરકાર રૂ૧,૬૩,૩૫૦; બંગાલા રૂ૧૪,૩૭૦; મદ્રાસ રૂ૩૨,૧૬૦; મુંબાઈ રૂ૭૫,૨૯૦)--રૂ૨,૮૫,૧૭૦.

(૨૦) લોકલફંડના નોકરો-જનરલ-(હિંદસરકાર રૂ૧,૨૯૦; બંગાળા રૂ૨,૯૨,૧૭૦; આસામ રૂ૨,૫૯૦; વાયવ્ય તથા અયોધ્યાપ્રાંત રૂ૫૩,૧૫૦; પંજાબ રૂ૧,૨૪,૯૨૦; મધ્યપ્રાંતો રૂ ૨૭,૫૬૦; બ્રહ્મદેશ રૂ ૧૧,૦૬૦; મદ્રાસ રૂ૨,૭૫,૩૧૦; મુંબાઈ રૂ૧,૦૪,૯૩૦)--રૂ૮,૯૨,૯૮૦.

(૨૧) ઇંગ્લાંડથી આણેલો સ્ટોર (સામાન)--હિંદસરકાર રૂ૧,૯૫,૬૦૦.

(૨૨) ઈંગ્લાંડમાં થતો ખર્ચ તથા હુંડીઆમણ--રૂ૩૩,૮૩,૩૪૦

એકંદર રૂ ૧,૭૯,૧૩,૧૭૦.

(?) **लोकमत अने विशेष हकीकत**.--આપણે અત્યાર લગી હિંદનો રાજ્યવહીવટ ચલાવનારા અધિકારીઓનું વર્ણન કર્યું અને એ અધિકારીઓમાં સર્વોપરિ સત્તા ધરાવનાર વાઇસરૉય-રાજપ્રતિનિધિ-થી માંડીને રાજસત્તાના વિભાગોમાંના હલકી પાયરીના ગામના કામદારો લગી ક્રમ લાવી મૂક્યો. હવે એ સર્વ અધિકારના ઉત્પત્તિસ્થાન વિષે થોડુંક

કહેવું જોઇએ. સાધારણ વ્યવહારમાં રાજ્યની અધિષ્ઠાતા ઈંગ્લાંડદેશની રાણી અને હિંદની કૈસરે હિંદ છે એવું કહેવાનો ચાલ છે, પરંતુ એ સઘળો ઉપચારનો ભાગ છે. વસ્તુતઃ રાજતા (સૉવરેન્ટી) એટલે રાજકીય સમાજના અધ્યક્ષમાં રહેલી તમામ સત્તાનું નિધાન કૈસરે હિંદ નથી; રાજા અથવા રાણી, અને આમની સભા તથા ઉમરાવોની સભા નામે બે પાર્લમેન્ટના સમુદાયમાં તે છે. કૈસરે હિંદ એ અધિકારની એક પ્રકારની ભોગમૂર્તિ છે. વાઇસરૉય એટલે રાજપ્રતિનિધિ માત્ર રાણીનો પ્રતિનિધિ નહોતાં સદરહુ સમસ્ત રાજસત્તાત્મક મંડળીનો પ્રતિનિધિ છે. હરકોઇ રાજસંસ્થા (મંડળી) થી આખા રાજ્યમાં તમામ અધિકાર પંડે ચલાવી શકાતો નથી, તેથી તે અધિકાર કેટલેક અંશે બીજાને સોંપવો પડે છે. તે પ્રમાણે હિંદનો કારભાર વાઇસરૉયને સોંપવામાં આવ્યો છે.

(૨)–**हिंद खातानो स्टेट सेक्रेटरी**—વાઇસરૉય હિંદખાતાના સ્ટેટ સેક્રેટરીની સત્તાને આધીન છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. એ વિષે થોડો ખુલાસો કરવાની જરૂર છે. ઈંગ્લાંડની રાજ્યવ્યવસ્થા વસ્તુતઃ રાજા અને પાર્લમેન્ટ મળીને ચલાવે છે, તથાપિ ખરી હકીકત તેનાથી કાંઇક ભિન્ન છે. રાજા અને પાર્લમેન્ટ હુકમ કરે છે તે અમલમાં લાવવાનું કામ પ્રધાનમંડળને સોંપેલું છે, અને તે તે હુકમને અનુસરીને રાજ્યકારભાર ચલાવે છે. પહેલાં એ પ્રધાનમંડળની નીમણુક રાજા પંડે કરતો અને તે પણ પોતાના કામ માટે રાજાનેજ જવાબદાર હતું. તેણે કરેલી

વ્યવસ્થાને માટે તેને જવાબદાર ગણવાનો પાર્લમેન્ટને અધિકાર હતો, પરંતુ તે બજાવવો પડતો તે વારે આડો અવળો માર્ગ લેવો પડતો. સને ૧૬૯૬ થી પ્રધાનમંડળપર તેની સત્તા વધારે સ્પષ્ટ અને અમલમાં એશ લાવી શકાય એવી થઇ છે. હમણા ગાદીપતિથી પોતાની પસંદગીનું પ્રધાનમંડળ નીમી શકાતું નથી, પરંતુ આમની સભામાં જે પક્ષનું પ્રબળ હોય છે તે પક્ષના ચુંટી કહાડેલા માણસો પ્રધાનમંડળમાં હોય છે અને તે પક્ષનો આગેવાન મુખ્ય પ્રધાન હોય છે. એમાંનો એક સભાસદ હિંદ ખાતાનો સ્ટેટ સેક્રેટરી હોય છે.

इंडिआ कौन्सिलः—હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીને મદદ કરવાને એક કૌન્સિલ છે તેને ઇંડિઆ કૌન્સિલ કહે છે. મહારાણીએ હિંદનો કારભાર સને ૧૮૫૮ માં પોતાને હસ્તક લીધો તે વારે એ કૌન્સિલ સ્થાપન થઈ. સ્ટેટ સેક્રેટરીને આ દેશની માહિતી હોવાનો સંભવ બહુધા થોડો હોવાથી તેને અહીંની માહિતી આપવાને આ કૌન્સિલની સ્થાપના કરેલી છે અને તે હેતુને અનુસરીનેજ કૌન્સિલના મેમ્બરોની નીમણુક સંબંધી નિયમો કર્યા છે. આ કૌન્સિલના ઘણાખરા સભાસદો નોકરીના સંબંધમાં અથવા બીજા વ્યવહારના સંબંધમાં હિંદમાં દશ વર્ષ રહ્યા હોય અને ઈંગ્લાંડ પાછા ગયાને દશ કરતાં વધારે વરસ થયાં ન હોય એવા હોવા જોઇએ. એ કૌન્સિલના મેમ્બરોની નોકરીની મુદ્દત દશ વર્ષની ઠરાવી છે અને જરૂર જણાય તો પાર્લમેન્ટની મંજૂરીથી બીજાં પાંચ વરસ લગી તે વધારવામાં આવે છે.

એ કૌન્સિલમાં ત્રણ મેમ્બરોને ધંધાના અથવા બીજા વિશેષ પ્રકારના ગુણને માટે જીંદગી પર્યંત નીમવાનો અધિકાર પણ આપેલો છે. લેફ્ટેનન્ટ–ગવર્નરનું અથવા હિંદ સરકારની કૌન્સિલના મેમ્બરનું કામ કરેલું હોય, દેશી સંસ્થાનોમાં પોલિટિકલ એજંટ અથવા રેસિડન્ટનું કામ કરેલું હોય, લશ્કરમાં નોકરી કરેલી હોય, અથવા એનજિનીઅરિંગ ખાતામાં કામ કરેલું હોય, તેમજ પેઢીઓમાં અથવા બેપારમાં વહીવટ કરવાથી અનુભવ મળ્યો હોય તેવા માણસોને ઘણું-કરીને આ કૌન્સિલમાં નીમવામાં આવે છે. સ્ટેટ સેક્રેટરી તરફથી એ કૌન્સિલમાં કોઈ કામ રજુ થયા સિવાય તે વિષે કૌન્સિલથી વિચાર કરી શકાતો નથી. સ્ટેટ સેક્રેટરીએ હરકોઈ હુકમ કહાડ્યા પહેલાં કૌન્સિલમાં રજુ કરવો જોઇએ, અથવા મેમ્બરોને વાંચવા માટે આપવો જોઇએ. એઉની વચ્ચે મતભેદ પડે છે તે વારે સ્ટેટ સેક્રેટરીના અભિપ્રાય પ્રમાણેજ નિકાલ કરવામાં આવે છે. માત્ર ખર્ચ કરવાની બાબતમાં અથવા કોઈ મિલ્કતની વ્યવસ્થા કરવાના સંબંધમાં હુકમ કરવાનો હોય તે કૌન્સિલના બહુ મતે મંજૂર થયા સિવાય કરવાની સ્ટેટ સેક્રેટરીને સત્તા નથી. એ રાજ્યવ્યવસ્થાના હમેશના ખર્ચનાં સંબંધમાં છે. વિશેષ પ્રસંગે કૌન્સિલને ન પૂછતાં ખર્ચ કરવાની મંજૂરી આપવાનો તેને અધિકાર છે. પરરાજ્યો જોડે વ્યવહાર, લડાઈ અથવા સલાહ કરવી, સંસ્થાનોની જોડે કેવી રીતે વ્યવહાર ચલાવવો તે નક્કી કરવું, એ કામો તથા જે કામોમાં ગુપ્તપણું રાખવું હોય તે કામો સ્ટેટ સેક્રેટરી પોતાના અધિકારથીજ કરે છે.

બીજાં કામો કૌન્સિલમાં રજુ થઈ તેના અભિપ્રાય પ્રમાણે કરવામાં આવે છે. જુદાં જુદાં ખાતાં માટે એ કૌન્સિલના મેમ્બરોની કમિટી કરેલી હોય છે અને પ્રત્યેક ખાતાનો જુદો સેક્રેટરી હોય છે.

મહારાણીએ આ દેશનો કારભાર પોતાને હસ્તક લીધો ત્યારથી ઇંગ્લાંડની સરકારે હિંદના કારભારમાં વધારે હાથ ઘાલ્યો છે અને તે વાજબી કરતાં વધારે વચ્ચે પડે છે એવી કેટલાંક લોકોની તકરાર છે. પહેલાં કરતાં ઘણી બાબતોમાં વસ્તુસ્થિતિમાં ફેરફાર થયો છે એ તેનું વિશેષ કારણ છે. પાર્લમેન્ટ સભાએ હિંદના કારભારમાં પહેલાં કરતાં વધારે લક્ષ આપવા માંડ્યું છે અને ઈંગ્લાંડથી આ દેશમાં પુષ્કળ બંદોબ પણ આવ્યું છે તેથી હિંદસરકારથી ઘણી બાબતોમાં પોતાના અધિકારથી હુકમ કરી શકાતો નથી, તોપણ સાધારણ રીતે રાજ્યકારભારના કામમાં ઇંગ્લાંડની સરકાર વગર કારણે વચ્ચે આવતી નથી. સ્ટેટ સેક્રેટરી પોતાના મનથી હરકોઈ બાબત ઉપસ્થિત કરતો નથી એવો રિવાજ છે.

(૩) **समकालीन परीक्षा.**—હિંદના રાજ્યકર્તા ઘણાજ પ્રમાણિક અને શુદ્ધ તથા ઉદાર બુદ્ધિવાળા છે, એવું હિંદના સુધારાના એક ઘણા નામાંકિત આગેવાનનું મત છે. જે કોઈ આ દેશનો હાલનો ઇતિહાસ નિષ્પક્ષપાતપણે વાંચશે તેનો પણ એવોજ અભિપ્રાય થયા સિવાય રહેશે નહિ. હવે તે પરદેશી સરકાર છે, આ દેશના લોકોની રીતભાત, વિચાર, અને લાગણીનું જેવું જોઇએ તેવું જ્ઞાન પ્ર-

જાથી અલગ રહેવાથી તેને થતું નથી તેથી કેટલીકવાર ગેરસમજ થાય છે; એજ કારણને લીધે દેશીઓપર તેનો વિશ્વાસ પણ ઝટ બેસતો નથી. એથી રાજયવ્યવસ્થામાં કેટલીક અડચણ નડે છે. આ બાબત પડતી મેલીએ તો ઉપર તેના જે ગુણ કહ્યા તેઓમાં ન્યૂનતા આવશે નહિ.

ગવર્નર-જનરલો અને ગવર્નરો ઈંગ્લાંડના મુસદ્દી વર્ગમાંના હોય છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. બીજા મુખ્ય અમલદારો સિવિલ સર્વિસમાંના હોયછે. એ અમલદારો પણ બહુ ગુણવાન, પ્રમાણિક, અને ન્યાયી હોયછે, અને આ દેશમાં ઇંગ્રેજોનું રાજ્ય છે એજ તેની સાબિતી છે. એ નોકરોની નીમણુંક ઈંગ્લાંડમાં પરીક્ષા લેઇ તેમાં પાસ થયેલા લોકોને વધારે લાયકી પ્રમાણે ચુંટી કહાડીને કરવામાં આવે છે. એ પરીક્ષામાં દાખલ થવાને જાતિ તથા ધર્મની અડચણ કાયદાથી કહાડી નાંખવામાં આવી છે. તોપણ તે નોકરીમાં આ દેશના ઝાઝા લોકો દાખલ થઇ શકયા નથી તેનાં કારણો નીચે પ્રમાણે છે:-

(૧) પરીક્ષા આપવાનું સ્થળ (વિલાયત) ઘણુંજ દૂર છે.

(૨) તેની તૈયારી માટે અને પરીક્ષા આપ્યા પછી પણ તે દેશમાંજ રહેવું પડેછે.

(૩) તે કામમાં ઘણો ખર્ચ એટલે ઓછામાં ઓછા એક હજાર પૌંડ (શુમારે સત્તર અઢાર હજાર રૂપિઆ) થાય છે.

(૪) એટલો ખર્ચ કરવા છતાં પરીક્ષામાં પાસ થવાનું નક્કી નથી.

ઉપલા દરજ્જાની નોકરીમાં આ દેશના લોકો દાખલ નહિ થવાથી પરિણામ એ થશે કે (૧) કેળવાયલા લોકોનાં મન અસંતુષ્ટ રહેશે; (૨) સરકારે જાતિ તથા ધર્મનો ભેદ ગણવામાં આવશે નહિ એવું વચન આપ્યું છે તે તેણે તોડયું એવું લોકો માનશે અને તેણે કરી સરકારના ન્યાયીપણામાં બાધ આવશે. એ પ્રમાણે થશે એવું લૉર્ડ લિટને અને લૉર્ડ આર્ગાઇલે કબૂલ કર્યું છે.

આ સ્થિતિ સુધારવાને પ્રજા તરફથી નીચે પ્રમાણે ઉપાય સૂચવવામાં આવ્યા છે:—

(૧) સિવિલ સર્વિસની પહેલી પરીક્ષા હિંદુસ્તાનમાં લેવી અને પાસ થયેલા તમામ ઉમેદવારોની ગુણની સંખ્યા પ્રમાણે એક યાદી કરવી અને તે પછી તેમને કેટલીક મુદત લગી ઇંગ્લાંડમાં રાખવા.

(૨) કેટલીક જગ્યા માટે હિંદુસ્તાનમાં પરીક્ષા લેવી.

આ ઉપાયોને પુષ્ટિ આપનારાં કારણો:—સને ૧૮૬૭ માં ઇંડિઆ કૌન્સિલના સભાસદોની એક કમિટી આ બાબતનો વિચાર કરવાને નીમાઇ હતી. તેણે પહેલો ઉપાય પસંદ કર્યો છે અને બંને દેશોમાં પરીક્ષા લેવામાં અડચણ આવશે નહિ એવું કહ્યું છે. એવોજ અભિપ્રાય ફૉસેટે અને લૉર્ડ ડર્બીએ આપ્યો હતો. લંડનની યુનિવર્સિટીના સંબંધમાં ઇંગ્રેજ તાબાના ઘણાક દેશોમાં તથા આ દેશમાં કલકત્તામાં પરીક્ષા

થાય છે; મોઢાની પરીક્ષાના સંબંધમાં કાંઈક અડચણ આવવા જેવું છે, પરંતુ એ પરીક્ષા બહુ મહત્વની નથી અને આવી નજીવી અડચણને લીધે રાજ્યવ્યવસ્થાને લગતા આવા મહત્વના પ્રશ્નને નડતર થવું ન જોઇએ. પબ્લિક સર્વિસ કમિશને આ પ્રશ્નનો વિચાર કરીને પરીક્ષા આ દેશમાં લેવી નહિ એવો અભિપ્રાય આપ્યો છે. તેણે તેનાં કારણો એવાં આપ્યાં છે કે આ દેશનું શિક્ષણ જેવું જોઇએ તેવું સુધર્યું નથી અને લોકો ગોખણપટ્ટી કરી પરીક્ષામાં બેસશે. આ અડચણ દેખાઈતી માત્ર છે, ખરી નથી; કારણ કે ઉમેદવાર તૈયાર થયેલો નહિ હોય તો પરીક્ષામાં પાસ થશે નહિ અને ગોખણપટ્ટી બંધ કરવી પરીક્ષકોના હાથમાં છે; તેઓ કશીને પરીક્ષા લેશે તો બસ છે. આ દેશના લોકો ઘણા બુદ્ધિમાન છે અને પરીક્ષામાં પાસ થાયછે, પરંતુ તેમને જવાબદારીનાં કામ કરતાં આવડતું નથી, અને તેઓમાં શારીરિક અને નીતિના ગુણ યૂરોપીઓ કરતાં ઓછા છે એવી તકરાર છે; પરંતુ સ્પર્દ્ધાની પરીક્ષામાં પાસ થયેલા જે લોકો મોટી જગ્યાપર છે અને હતા તેમણે સારી રીતે કામ કર્યાં છે એવો અનુભવ મળ્યો છે. પરીક્ષા લીધા વગર નીમેલા માણસો કરતાં એ લોકો વધારે સારા છે એવો પબ્લિક સાર્વિસ કમિશને પણ અભિપ્રાય આપ્યો છે. ઉપલા બે ઉપાયોમાંનો પહેલો ઉપાય વધારે ન્યાયી અને ઈષ્ટ હેતુ પાર પાડવાને ઉપયોગી છે. ન્યાયથી બોલીએ તો પરીક્ષા હિંદુસ્તાનમાંજ લેવી જોઇએ; ઇંગ્લાંડના તાબામાં બીજાં જે સંસ્થાનો છે તેઓને માટે વિલાયતમાં પરીક્ષા થતી નથી, તેથી હિંદના લોકોનાજ ન-

સીબમાં વિલાયત જવાનું થાય એ વાજબી નથી. આ પ્રશ્નનો નિકાલ કરતી વખતે હિંદખાતાના સ્ટેટ સેક્રેટરીએ જે કારણો આપ્યાં હતાં તે ઉપર જણાવ્યાં છે.

હિંદસરકારે સિવિલ સર્વિસમાંની ૯૩ જગ્યા પ્રોવિન્શિઅલ સર્વિસમાં દાખલ કરી છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. એના સંબંધમાં લોકપક્ષનું કહેવું એમ છે કે પહેલાં ૨૨૭ જગ્યા મળે તેમ હતું; પબ્લિક સર્વિસ કમિશને ૧૮૧ કરી અને સરકારના છેવટના ઠરાવથી ૯૩ થઈ છે. હિંદ સરકાર કહે છે કે જે હિસાબે પહેલાં ૨૨૭ જગ્યા મળવા જેવું હતું એમ કહેવામાં આવે છે તે ભૂલભરેલો છે. દરસાલ આ દેશના લોકો સામાન્ય પ્રમાણમાં ૭.૫૬ નીમવામાં આવતા એવું માની તેમની નોકરીની મુદ્દત ૩૦ વર્ષની લઈ તેટલી મુદ્દતમાં એકંદર ૨૨૭ માણસ નીમાયા હોત એમ કહેવું બરાબર નથી, કારણ કે નીમણુક થયેલા બધાજ લોકો તેટલી મુદ્દત નોકરીમાં રહેત નહિ. મૃત્યુ થવાથી તથા પેન્શન લીધાથી એ સંખ્યા ઓછી થઈ હોત. પહેલાં દર વરસે નીમવાના માણસોમાંના ⅞ લોકો વિલાયતમાં અને ⅛ આ દેશમાં નીમાતા; હવે સનંદી નોકરોની જેટલી જગ્યા છે તેનો ⅛ આ દેશના લોકોને આપવાનું ઠરાવ્યું છે, એમ પદ્ધતિમાંજ ફરક થયેલો છે. હાલમાં ઠરાવેલી સંખ્યા જાથુની નથી, વગેરે.

આ દેશના લોકો સનંદી નોકરીમાં વધારે દાખલ થાય તેટલા માટે શી તજવીજ કરવી જોઈએ તે વિષે બંને પક્ષનો વિચાર કેવો છે તે જણાવ્યું છે. હવે હિંદના કેળવાયલા

લોકોના વિચાર દર્શાવનાર કોંગ્રેસનો આ બાબતને લગતો ઠરાવ દાખલ કરી આ વિષય પૂરો કરીએ છીએ.

"હમણા સિવિલ ખાતાંમાં દાખલ કરવા સારૂ ઈંગ્લાંડમાં જે સ્પર્દ્ધાની (વધારે ગુણ પ્રમાણે ચુંટી કહાડવાની) પરીક્ષા લેવામાં આવે છે તે આ દેશમાં અને ઈંગ્લાંડમાં એકી વખતે અને એકજ ધોરણે લેવી, અને બેઉ દેશમાં પાસ થયેલા ઉમેદવારોની ગુણ પ્રમાણે એકજ યાદી કરવી; હિંદમાં પાસ થયેલા લોકોને વધારે અભ્યાસ કરવા સારૂ ઈંગ્લાંડમાં રહેવાની જરૂર છે એવું ઠરાવવું અને પછી ત્યાં યોગ્ય પરીક્ષા લેવી, વગેરે."

(૪) પ્રોવિન્શિઅલ સર્વિસને લગતા નિયમો હજુ બહાર પડ્યા નથી. પરંતુ તેઓની થોડીક હકીકત રોજીંદાં પત્રોમાં આવી હતી તે પરથી તે નિયમોની બાબતમાં ચર્ચા થવા માંડી છે. લોકપક્ષની દલીલ સને ૧૮૯૪ ની મુંબાઈની પ્રાંતિક સભાના ઠરાવમાં બેશ આપેલી છે તેથી તે ઠરાવ અમે અહીં આપીએ છીએ.

"પ્રોવિન્શિઅલ સર્વિસમાં દાખલ થવાની બાબતમાં મુંબાઈ સરકારે નિયમોનો મુસદ્દો કર્યો છે તે જોતાં એ નિયમો રાજ્યકારભાર યોગ્ય રીતે ચાલવામાં હેઠલાં કારણોથી અડચણકારક હોવાથી સભાને ખેદ અને ચિંતા થાય છે. એ કારણો નીચે પ્રમાણે છે:—(૧) એ સર્વિસમાં મામલતદારોનો સમાવેશ કર્યો નથી; (૨) સ્પર્દ્ધાની પરીક્ષા માટે અભ્યાસનું ધોરણ ઠરાવ્યું છે તે હાસ્યજનક લાગે એટલું હલકું રાખ્યું છે; અને (૩) પરીક્ષાના ધોરણે નીમણુક ક-

રવાના તત્વ કરતાં સરકારને યોગ્ય જણાય તેવી નીમણુકો કરવાના તત્વને વધારે મહત્વ, આપ્યું છે. (૪) પબ્લિક સર્વિસની જગ્યા આપતી વેળા અમુક જાતિ પ્રત્યે અથવા અમુક વર્ગ પ્રત્યે લક્ષ આપવાનો જે ભાગ આ નિયમોમાં દાખલ કર્યો છે તે સને ૧૮૩૩ માં પાર્લમેન્ટ સભાએ આ દેશના વતનીઓને આપેલા વચનથી તથા સને ૧૮૫૮ માં મહારાણીએ આપેલા ભરોસાથી બિલકુલ વિરૂદ્ધ છે એવો આ સભાનો દૃઢ અભિપ્રાય છે.”

(૫) **कायदा बांधनारी कौन्सिल.**—કાયદા બાંધનારી કૌન્સિલની સુધારણા કરવા વિષે ઘણા સમય લગી ચર્ચા થઈ આખરે એ પ્રશ્નનો નિકાલ સને ૧૮૯૨ માં થયો. કૌન્સિલમાં કેવા પ્રકારનો સુધારો થયોછે તે વિષે આપણે પાછળ કહી ગયા છીએ. આ બાબતમાં પાર્લમેન્ટના કાયદાને અનુસરી જે નિયમો હિંદ સરકારે કર્યા છે તેઓમાંની નીચલી બાબતો વિષે હવે તકરાર છે.

(૧) બજેટપર વાદવિવાદ થયાપછી અને થતી વખતે સભામાં દરખાસ્ત આણી સભાસદોનાં મત લેવાની સત્તા નથી તે આપવી જોઇએ અને કૌન્સિલને બજેટ મંજૂર કરવાનો અધિકાર આપવો.

(૨) કૌન્સિલમાં સવાલો પૂછવાની પરવાનગી છે, તથાપિ “તે પૂછવાની જે તરેહ છે તેમાં માત્ર થોડાક ફેરફાર થવો જોઇએ. જે વિષયનો પ્રશ્ન પૂછવાનો હોય તે વિષયની થોડીક હકીકત પ્રશ્ન સાથેજ જોડી દેવાની સવડ થવી જો-

ઇએ અને અધૂરા ઉત્તર મળે તો તેઓ કેવી રીતે અધૂરા છે તે બતાવવાનો હક્ક મળવો જોઇએ.".

(૩) પ્રાંતિક કૌન્સિલોમાં ઉપજ અને ખર્ચના સંબંધમાં વાદવિવાદ કરવાની છૂટ હોવી જોઇએ.

મુંબઈ ઈલાકાની કૌન્સિલના સંબંધમાં જે નિયમો થયા છે તે વિષે સને ૧૮૯૪ ની પ્રાંતિક સભામાં હેઠલો ઠરાવ થયો હતોઃ—

"૧ (अ) કાયદા બાંધનારી વધારેલી પ્રાંતિક કૌંન્સિલમાં ૨૫ માંની ૧૨ જગ્યા સરકારી નોકરો ન હોય તેવા માણસોની ચુંટણી માટે રાખવી એવું ગયા વરસની પેઠેજ પોતાનું મત આ સભા પ્રદાર્શીત કરે છે. (ब) મધ્યભાગ જેવા મહુત્વના ભાગની તેમજ સિંધ પ્રાંતની મ્યુનિસિપાલિટીઓને અને લોકલ બોર્ડોને પોતાની તર્ફના સભાસદ ચુંટી કહાડવાનો હક્ક ન આપતાં યૂરોપી વેપારી કંપનીઓના જેવી ઓછા મહુત્વની મંડળીઓને તે આપવામાં આવ્યો છે તેને માટે આ સભાને ઘણી દિલગીરી થાય છે. (क) આ સભાને સબળ આશા છે કે ઈલાકાની મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડોના સંબંધમાં અન્યાય ન થાય એવો આ નિયમોમાં સુધારો સરકાર ઉતાવળે કરશે. ૨. (अ) આપણી કાયદા બાંધનારી કૌન્સિલમાં સભાસદોએ પૂછેલા પ્રશ્નોના ઘણાજ અસંતોષકારક ઉત્તર આપવામાં આવેછે અને તેણે કરીને સને ૧૮૯૨ ના સુધારેલા કૌન્સિલના કાયદાની રૂઇએ સવાલો પૂછવાનો અધિકાર આપવાનો જે શુભ હેતુ છે તે કેવળ નિષ્ફળ જાય છે તેથી આ સભાને ઘણું દુઃખ લાગેછે.

(**ચ**) આ સભાનું મત એ છે કે સવાલો પૂછવાની સત્તાની બાબતમાં જે નિયમો છે તેઓમાં પ્રશ્ન પૂછનાર સભાસદથી પોતાના પ્રશ્નના સંબંધમાં ખુલાસા દાખલ પ્રસ્તાવના રૂપ થોડું ભાષણ કરી શકાય એવો ફેરફાર કરવાની જરૂર છે. (**ક**) આ સભાનું મત એ છે કે કાયદા બાંધનારી કૌન્સિલમાં વાદવિવાદ કરવાના નિયમોની રૂઈએ પ્રોવિન્શિઅલ બજેટ રજુ થયા કેડે જમીનની મહેસૂલ, એક્સાઇઝ કર, મીઠું, અસેસ્ડ કરો, પ્રોવિન્શિઅલ વેરા, રજિસ્ટ્રેશન, અને જંગલની ઉપજની બાબતમાં અને તેમની વ્યવસ્થાની બાબતમાં વાદવિવાદ કરવાનું યોગ્ય સ્થળ પ્રોવિન્શિઅલ કૌન્સિલ છે; અને તે નિયમોનો સંકુચિત અર્થ કરવો અને વાદવિવાદનો અટકાવ કરવો એ લોકહિતને બહુ નુકસાનકર્ત્તા છે."

આ ભાગ પૂરો કર્યા પહેલાં સને ૧૮૯૪ ની રાષ્ટ્રીય સભાએ (કોંગ્રેસે) ઈંડિઆ કૌન્સિલ, કૌન્સિલોની સુધારણા, અને સમકાલીન પરીક્ષા વિષે જે ઠરાવ કીધા છે તે દાખલ કરીએ છીએ.

(૧) **ઈંડિઆ કૌન્સિલને લગતો ઠરાવ.**—"આ સભાનું મત એ છે કે હાલની ઈંડિઆ કૌન્સિલ કહાડી નાંખવી એ હિંદની રાજ્યવ્યવસ્થાની સુધારણાનું પહેલું પગથિયું છે; અને ઈંડિઆ કૌન્સિલને ઠામે આમની સભાના સભાસદોની એક સ્ટાન્ડિંગ કમિટી નીમવી."

(૨) **કાયદા બાંધનારી કૌન્સિલની સુધારણા સંબંધી ઠરાવ.**—"(**અ**) સભાની આગલી બેઠકોમાં જણાવેલા ઠરાવો પ્રમાણેજ એવું કહેવું છે કે પંજાબનો રાજ્યકારભાર બેશ

ચાલવા સારૂ ત્યાં કાયદા બાંધનારી કૌન્સિલ સ્થાપન કરવી. વાયવ્ય પ્રાંતોને પણ એ અધિકાર મળ્યો છે તેથી તે પ્રાંતને એવી કૌન્સિલ આપવામાં સરકારે વિલંબ કરવો ન જોઇએ.

(૨) પહેલાંની સભાઓની પેઠેજ આ સભાનું મત એ છે કે સને ૧૮૯૨ ના હિંદની કૌન્સિલોના આક્ટના જે નિયમો હુમણા અમલમાં છે તેઓમાં ન્યૂનતા છે અને સભાની એવી પ્રાર્થના છે કે વાઇસરૉય-ઇન કૌન્સિલે તે નિયમો બદલી એવા નિયમ કરવા કે તે ઠરાવનો વધારે ઉપયોગ થઇ જુદા જુદા પ્રાંતોને તે કૌન્સિલોને લીધે વધારે ફાયદો થાય."

(૩) **સમકાલીન પરીક્ષાનો ઠરાવ.**—"સમકાલીન પરીક્ષા સંબંધી હિંદ સરકારનું મત મહત્વનું ગણી સ્ટેટ સેક્રેટરીએ જે ખરિતો લખ્યો છે તેણે કરીને સભા બહુજ નિરાશ થઈ છે. એ ખરિતાથી સને ૧૮૩૩ ના ચાર્ટર આક્ટ અને સને ૧૮૫૮ના મહારાણીના જાહેરનામા વિરૂદ્ધ એક નવુંજ તત્વ અમલમાં આવે એમ જણાયછે; એથી અમુક જાતિપર સરકારી નોકરીનો આધાર રહેલો છે અને અમુક યૂરોપીઓ નોકરીમાં હોવાજ જોઇએ એવું પણ તે ખરિતામાં જણાવ્યું છે.

તેજ પ્રમાણે આ સભાનું મત એ છે કે પ્રાંતિક નોકરીની પદ્ધતિ શરૂ કર્યાથી આ પ્રશ્નનો છેવટનો નિકાલ થશે નહિ અને સમકાલીન પરીક્ષાથી નીચલા દરજાની જગ્યાઓને પણ બિલકુલ નુકસાન થશે નહિ.

વળી એન્જિનીઅરિંગ, જંગલ, તાર, અને પોલીસ ખાતાંની મોટી જગ્યાઓ સમકાલીન પરીક્ષાથી પૂરવામાં અડચણ પડશે એવું પણ પુરાવા સહિત બતાવ્યું નથી, અને આમની સભાના ઠરાવમાંના આ ભાગના સંબંધમાં સ્ટેટ સેક્રેટરી, હિંદ સરકાર, તથા સ્થાનિક સરકાર બિલકુલ ચૂપ રહી છે તેથી સભાને ઘણું દુઃખ લાગેછે.

મહારાણીને આ સભાની આગ્રહપૂર્વક પ્રાર્થના છે કે સને ૧૮૯૩ ના જૂન માસની તા. ૨ જીએ આમની સભાએ જે ઠરાવ કર્યો હતો તે તાબડતોબ અમલમાં આણી એ બાબતમાં હિંદને થતો અન્યાય દૂર કરવો."

भाग ३ जो.

कायदा विषे अने कायदा करवानी पद्धति विषे.

કાયદા એ સારી વ્યવસ્થાનું સાધન છે તેના સંબંધમાં તથા તે કરવાની પદ્ધતિના સંબંધમાં આ ભાગમાં વર્ણન કરવાનું છે.

શાસ્ત્રીય રીતે વિચાર કરતાં હિંદમાં ચાલતા કાયદા બે પ્રકારના છે; ૧. લેખી, અને ૨. લેખી નહિ તે. જે કાયદા લેખી નથી તેઓમાં (૧) ઈંગ્લાંડમાંચાલતા નિયમોનો, (૨) હિંદુ, મુસલમાન, અને બીજી જાતોમાં ચાલતા રિવાજોનો, અને (૩) કાયદા અથવા વહીવટને અભાવે ન્યાયાધીશોએ ઇન્સાફ કરતી વખતે જે ન્યાયબુદ્ધિ, યુક્તિ વિચાર, અને શુદ્ધ અંતઃકરણની પ્રવૃત્તિનો આશ્રય લેવાનો છે તેઓનો સમાવેશ થાય છે. (૧) પાર્લમેન્ટના કાયદા, (૨) સને ૧૭૭૩ થી સને ૧૮૩૩ લગી ગવર્નર-જનરલ અને કૌન્સિલે કરેલા રેગ્યુલેશનો, અને (૩) તે પછીના કાયદા એ લેખી કાયદા છે.

સઘળા લોકોપર કાયદાનો અમલ સરખી રીતે થાય તેટલા માટે હમણા તજવીજ થયેલી છે, તોપણ સ્થળ અને માણસના સંબંધમાં થોડીક જુદી વ્યવસ્થા કરવી પડે છે. ઉદાહરણ, યૂરોપી બ્રિટિશ પ્રજાને પોતાની જાતના હક્ક (પર્સનલ રાઈટ્સ) ની બાબતમાં હિંદના કાયદાથી ફેરફાર કર્યો હશે તેને

અનુસરીને ઈંગ્લાંડના કાયદા લાગુ પડે છે. તેજ કાયદા બધા લોકોને લાગુ કરવા યોગ્ય હોય તેટલા ઇલાકાનાં શહેરોમાં અને રંગુન શહેરમાં લાગુ કરેલા છે. હિંદુ, મુસલમાન, વગેરેને દાયવિભાગ, લગ્ન, જ્ઞાતિધર્મ, તથા આચાર ધર્મ વગેરેને લગતા નિયમો, કાયદાથી ફેરફાર કર્યો ન હોય તેટલી બાબતમાં લાગુ પડે છે. પાર્લમેન્ટ અને હિંદ સરકાર હિંદુસ્તાનને માટે કાયદા કરે છે અને સ્થાનિક સરકારો સ્થાનિક ઉપયોગના કાયદા કરે છે.

હિંદમાં અમલમાં આવતા કાયદા પાર્લમેન્ટ બનતાં લગી પડે કરતી નથી, તથાપિ હિંદમાં પાર્લમેન્ટના પુષ્કળ કાયદા લાગુ છે. હિંદમાં રાજ્યબંધારણને લગતા પાર્લમેન્ટના કાયદા છેજ. તે સિવાય સને ૧૭૨૬ની પહેલાંના કાયદા અને લેખી નહિ એવા નિયમો સ્થાનિક સ્થિતિને લાગુ પડે તેટલા અનુસરવાનો ઠરાવ કર્યો છે. એ સઘળા કાયદાનો મિ. વ્હિટલી સ્ટોકસે સંગ્રહ કરી છપાવ્યો છે.

સને ૧૬૦૧ માં ઇલિઝાબેથ રાણીએ ઇસ્ટ ઇંડિઆ કંપનીને પહેલવહેલી સનંદ કરી આપી તેમાં કાયદા કરવાની સત્તા આપી હતી, અને તે પછીની સનંદોમાં પણ એ સત્તા કાયમ રાખી હતી, પરંતુ કંપનીની અંદરની વ્યવસ્થાના સંબંધમાંજ એ સત્તા આપેલી હશે એમ જણાય છે, કારણકે તે વેળા કંપનીના તાબામાં રાજ્ય હતુંજ નહિ. સને ૧૭૬૫ માં બંગાળાની દીવાની મળ્યા કેડેજ કંપનીના હાથમાં રાજ્યસત્તા આવી, અને તે પછી સને ૧૭૭૨ માં કા

યદા કરવાનો આરંભ થયો. એ અધિકાર સને ૧૭૭૩ માં સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો.

મદ્રાસને કાયદા કરવાની સત્તા મળી તેનું પહેલું રેગ્યુલેશન સને ૧૮૦૨ ની સાલનું છે. મુંબાઈમાં કાયદા કરવાનું કામ સને ૧૭૯૯ થી શરૂ થયું હતુ, પરંતુ તેનો અધિકાર સને ૧૮૦૭ લગી સ્પષ્ટ રીતે મળ્યો નહોતો. સને ૧૮૩૩ માં હિંદની કાયદા બાંધનારી કૌન્સિલમાં સુધારો થયો તે વેળા ગવર્નર-જનરલે આખા હિંદને માટે કાયદા કરવા અને મુંબાઈ તથા મદ્રાસના ગવર્નરોએ કાયદાના ખરડા માત્ર મોકલવા એવું ઠરાવ્યું હતું. સને ૧૮૫૩ ના કાયદાથી કાયદા કરનારી કૌન્સિલમાં સભાસદોની સંખ્યા વધારવામાં આવી, પરંતુ તે સઘળા સરકારી નોકરોજ હતા. એજ કાયદાથી કૌન્સિલમાં થતા વાદવિવાદ સાંભળવાની બધા લોકોને છૂટ મળી, અને વાદવિવાદ છાપવાનું પણ ઠર્યું. હમણાની કાયદા કરવાની પદ્ધતિ અને અધિકાર સને ૧૮૬૧ના કાયદા પ્રમાણે છે. આ કાયદાની રૂઇએ મદ્રાસ તથા મુંબાઈના ગવર્નરોને કાયદા કરવાનો અધિકાર ફરીને મળ્યો અને નીચલા બંગાળાને માટે કાયદા બાંધનારી કૌન્સિલ સ્થાપન થઈ; તેમજ ગવર્નર-જનરલની કૌન્સિલે આખા હિંદને માટે, અર્થાત્ હિંદુસ્તાનની હદમાં વસનારા તમામ બ્રિટિશ, દેશી, અથવા પરદેશી અને બીજા લોકોને લાગુ પડે, સઘળી કોર્ટોને લાગુ પડે, તથા તહનામાંથી બંધાયલાં સંસ્થાનો માંહેલા ઈંગ્રેજ સરકારના નોકરોને લાગુ પડે એવા કાયદા કરવા એવું ઠર્યું.

હિંદની રાજ્યપદ્ધતિની યોજના, ઈંગ્લાંડમાં નાણું કરજે કહાડવાં, શ્રેષ્ઠતા અને તાબેદારી, તથા કેટલીક બીજી બાબતોમાં કાયદા કરવાનો અધિકાર પાર્લમેન્ટે પોતાના હાથમાં રાખ્યો છે; તેમજ સરકારનું કરજ, જમાબંદી, ધર્મ, લશ્કરી કવાયત, પરરાજ્યો જોડેનો સંબંધ, એ સર્વે બાબતોમાં કાયદાના ખરડા ગવર્નર-જનરલની મંજૂરી સિવાય કૌન્સિલમાં રજુ કરવાની મનાઈ કરવામાં આવી; કાયદાનો અમલ થવાને તેની મંજૂરી અવશ્ય લેવી જોઇએ એવું ઠરાવ્યું, અને કાયદા રદ્દ કરવાની સત્તા ગાદીપતિને આપી; અગત્યને પ્રસંગે શાંતિ તથા દેશના રક્ષણને સારૂ ગવર્નર-જનરલને પોતાની મરજી પ્રમાણે હુકમ કરવાનો અધિકાર આપ્યો. એજ કાયદાથી મદ્રાસ અને મુંબાઈની કાયદા બાંધનારી કૌન્સિલના સભાસદો સિવાય આડવોકેટ-જનરલ અને ચારથી આઠ લગી વધારાના મેમ્બરો હોવા જોઇએ અને તેઓમાંના અડધા સરકારી નોકરીમાં ન હોય એવા જોઇએ એવું ઠરાવ્યું. આ કૌન્સિલોને આખા દેશમાં લાગુ પડે એવા કર, શિક્કા, ટપાલ તથા તારઆફિસો, અને પીનલકોડ (અપરાધીઓને શિક્ષા કરવાનો કાયદો) અને પેટંટ તથા કૉપી–રાઈટ (હરકોઈ વસ્તુ વેચવા વગેરેના એકલાનેજ આપેલા હક્કની સનંદ તથા ગ્રંથની માલિકી) ના સંબંધમાં કાયદા કરવાની સત્તા આપી નથી. એ કાયદા બાંધનારી કૌન્સિલે કરેલા કાયદાને માટે ગવર્નર-જનરલની મંજૂરી લેવી જોઇએ. તેમજ બંગાળામાં પણ કૌન્સિલ સ્થાપન કરવામાં આવી તથા વાયવ્ય પ્રાંતોમાં તથા પંજાબમાં અને લેફ્ટેનન્ટ–ગવર્નરના તાબાના બીજા

પ્રાંતોમાં કૌન્સિલો સ્થાપવાનો અધિકાર આપ્યો હતો; તે પ્રમાણે વાયવ્ય અને અયોધ્યા પ્રાતમાં સને ૧૮૮૬ માં કૌન્સિલ સ્થાપન કરવામાં આવી.

કંપની કનેથી મહારાણીએ પોતાના હસ્તક રાજ્યકારભાર લીધો ત્યાં લગી કાયદાની સ્થિતિ બહુજ ખરાબ હતી ફોજદારી કાયદામાં મુસલમાની કાયદો ભેળી દીધો હતો. અને તેની ખરાબ સ્થિતિ ઇંગ્લાંડમાં તથા આ દેશમાં કરેલા કાયદાથી ઓછી થઈ હતી, તોપણ એકંદરે કાયદામાં ઘોટાળોજ હતો. દીવાની કાયદાની તો એથીએ વધારે ખરાબ સ્થિતિ હતી. એક મહાન ગ્રંથકારે તે વખતની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે કે દીવાની કાયદો ઘણોજ લંબાણવાળો, થોડી મુશ્કેલી એક ઠેકાણે અને થોડી બીજે ઠેકાણે એવો, અને ઘોંટાળામાં નાંખનારો હતો. એકાદ બાબતનો નિયમ જોવાને પુષ્કળ ગ્રંથો તથા રદ્દ થયેલા અને ચાલુ કાયદા બારીકીથી તપાશીને શોધી કહાડવા પડતા અને તે કરવાની કડાકૂટમાં કોઈ પડતું નહિ તેથી વારે વારે ભૂલો થતી.

આ સ્થિતિ સુધારવા માટે કંપનીના અમલમાં પ્રયત્ન થયો નહોતો એમ નહિ, પરંતુ મહારાણીના હાથમાં રાજ્યકારભાર આવ્યો ત્યાં લગી તેનું સારૂં પરિણામ આવ્યું નહોતું. સને ૧૮૩૩ માં કાયદા કરવા માટે ગવર્નર-જનરલની કૌન્સિલમાં એક વધારાનો મેમ્બર નીમવામાં આવ્યો અને તેણે તે વખતે નીમાયલા કમિશનની માર્ફત કાયદા તૈયાર કરવાનું કામ કરવું એવું ઠર્યું અને તે પ્રમાણે એ જગ્યાપર લૉર્ડ મેકૉલેની પહેલી નીમણુક થઇ. તેણે પહેલે તો પીનલ કોડ કરવાનું કામ હાથમાં લીધું અને તે કામ સને ૧૮૩૪

થાં સને ૧૮૩૮ લગીમાં પૂરૂં કર્યું. તે મુસદ્દો બીજા વીસ વરસ લગી જેવોને તેવોજ રહ્યો અને એ મુદ્દતમાં સર પીકૉક નામે કાયદામાં પ્રવીણ પુરૂષે સારો સુધારો કર્યો. છેવટે તે કાયદો સને ૧૮૬૦ માં મંજૂર થયો. મૂળતત્વો અને બાપાના સંબંધમાં આ કાયદો ઉત્કૃષ્ટ થયો છે એવો કાયદામાં પ્રવીણ પુરૂષોનો અભિપ્રાય છે. તે વખતના કમિશને તથા ત્યાર પછી નીમાયલા કમિશને જુદી જુદી બાબતોને લગતા કાયદાના ખરડા તૈયાર કર્યા અને એ કમિશનના તથા કાયદા કરવા માટે નીમેલા મેમ્બરોના શ્રમનું ફળ હિંદના ઉત્કૃષ્ટ કાયદા છે. એવા ઉત્તમ, વ્યવસ્થિત, સુબોધક, અને વ્યાપક કાયદા બીજા કોઈપણ દેશમાં હજુ થયા નથી. સને ૧૮૬૧ માં ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો થયો. એજ કાયદાને અનુસરીને દેશમાં સ્વસ્થતા રાખવાનું, ગુન્હેગારોને શિક્ષા કરવાનું, તથા ગુન્હા થતા અટકાવવાનું કામ ચાલેછે, તેથી એકંદરે સઘળા કાયદામાં એજ કાયદો બહુ મહત્વનો છે.

ફોજદારી કાયદાનો સંગ્રહ થયેલો છે. દીવાની ન્યાયને લગતી તમામ બાબતોમાં કાયદા થયા નથી. હિંદુધર્મશાસ્ત્રમાં અને મુસલમાની સરેહમાં, મિલ્કત, દાયવિભાગ, અને સગાઈ સંબંધી નિયમો છે તેઓ ન્યાય અને મનુષ્યના ધર્મથી ઉલટા ન હોય તેટલા પાળવાનું ઈંગ્રેજ સરકારનું કામ છે. હિંદુ ધર્મશાસ્ત્રના નિયમો જુદા જુદા પ્રાંતોમાં જુદા જુદા છે, અને તેઓમાં પ્રાચીન સ્થાનિક અથવા જાતિના રિવાજોથી ફેર પડે છે. એવા પ્રકારનાં બંધનો અથવા ઠર-

કતો ન હોય એવી બીજી બાબતો વિષે કાયદા થયા છે અથવા કરવાનું કામ ચાલે છે.

કાયદો કરવાનું કામ પ્રથમ ખરડો તૈયાર કરવાથી શરૂ થાયછે. પછી તે ખરડો પહેલ વહેલો રાજ્યવહીવટ કરનારી કૌન્સિલમાં વિચાર કરવા સારૂ આવે છે અને તે કેડે કાયદા બાંધનારી કૌન્સિલમાં રજુ કરવામાં આવે છે. પછી સ્થાનિક સરકારોપર તે મોકલવામાં આવે છે. વળી તે ખરડો અને તેનાં ભાષાંતરો ગઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. સર્વના અભિપ્રાય આવ્યા પછી તે વિષે કૌન્સિલની કમિટી વિચાર કરે છે અને તે પછી કૌન્સિલમાં તે સંબંધી વિવાદ ચાલી બહુ મતે પસંદ પડ્યાથી મંજૂર કરવામાં આવેછે.

કાયદા બાંધનારી કૌન્સિલના સંબંધમાં પાછળ સવિસ્તર વર્ણન કર્યુંછે તેથી તે વિષે અહીં ફરીને કહેવાની જરૂર નથી.

સર જેમ્સ સ્ટીફને કાયદાના પાંચ વર્ગ કર્યા છે, (૧) બ્રિટિશ રાજ્યપદ્ધતિનાં મુખ્ય મૂળતત્વોના સંબંધમાં કરેલા કાયદા, એટલે સતી, બાળહત્યા, તથા ગુલામગીરી બંધ કરવા વિષે, અને જે લોકોએ ખ્રિસ્તી ધર્મ સ્વીકારેલો છે તે લોકોના વિવાહ તથા દાયપ્રકરણ સંબંધી કરેલા કાયદા; (૨) લેખી નહિ એવા કાયદાના ભાગના સંબંધમાં કરેલા કાયદા; (૩) ન્યાયપદ્ધતિના સંબંધમાં કરેલા કાયદા; (૪) ઉપજ અને વિશેષે કરીને જમીનની મહેસૂલને લગતા કાયદા; અને (૫) પરચૂરણ કાયદા.

નકામા થયેલા કાયદા રદ્દ કરવાનું તથા ઉપયોગી કાયદા છાપીને પ્રસિદ્ધ કરવાનું કામ લેજિસ્લેટિવ (કાયદા કરવાના) ખાતા તરફથીજ કરવામાં આવે છે. એમ આખા હિંદને લાગુ પડે એવા કાયદાનાં અને પ્રાંતિક કાયદાનાં પુસ્તકો જુદાં જુદાં છાપવામાં આવ્યાં છે.

સુધારામાં પછાત રહેલા અને નવા મળેલા પ્રાંતો માટે ગવર્નર-જનરલને પડે અથવા સ્થાનિક સરકારોની માર્ફત વિશેષ કાયદા કરવાનો અધિકાર છે તે વિષે આપણે પાછળ કહી ગયા છીએ. તે પ્રમાણે એવા પ્રાંતો માટે "રેગ્યુલેશન" નામે કાયદા કરવામાં આવે છે, અથવા શેડ્યૂલ ડિસ્ટ્રીક્ટ આક્ટ (સને ૧૮૭૪ ના ૧૪ મા) પ્રમાણે બીજા પ્રાંતોમાં ચાલતા કાયદા લાગુ કરવામાં આવે છે.

આ સઘળી કૌન્સિલોમાંથી વખતે વખતે બહાર પડેલા કાયદાના વિષયો એટલા તો ભિન્ન ભિન્ન છે અને સંખ્યા એટલી મોટી છે કે તેઓ વિષે અહીં લખવું અશક્ય છે.

ભાગ ૪ થો.

સ્થાનિક સ્વરાજ્ય.

સ્થાનિક સ્વરાજ્યનો પાયો ઇંગ્રેજ સરકારે નાંખ્યો તેને શુમારે ચાળીસ બેંતાળીસ વરસ થયાં છે. સને ૧૮૫૦ લગી કલકત્તા, મદ્રાસ, અને મુંબાઇ એ ત્રણ શહેરોમાંજ મ્યુનિસિપાલિટીઓ હતી. એ સાલમાં બહારના પ્રાંતોનાં શહેરોમાં પણ સાર્વજનિક આરોગ્ય અને સુખની વ્યવસ્થા લોકોપરજ તેના ખર્ચનો બોજો નાંખી તેમનીજ સલાહ અને મસલતથી કરવાનું ઠરાવવામાં આવ્યું. સને ૧૮૪૨ ની સાલમાં મ્યુનિસિપાલિટીનો કાયદો પહેલવહેલો થયો, પરંતુ સને ૧૮૫૦ લગી તે અમલમાં આવ્યો નહોતો, તેથી મ્યુનિસિપાલિટીની વ્યવસ્થાનો આરંભ સને ૧૮૫૦ માંજ થયો એવું કહેવું જોઇએ. એ સાલનો કાયદો લાગુ પાડવાનું લોકોની ખુશી પર રાખ્યું હતું. લોકોની કબૂલાતથી તે કાયદો લાગુ પાડ્યા પછી વ્યવસ્થા કરવા માટે માજિસ્ટ્રેટ અને પ્રજામાંના થોડાક માણસોની કમિટી નીમવાની સત્તા સરકારને હતી. રસ્તા અને ગટરો કરી તે સાફ રાખવાં, અને દુર્ગંધ દૂર કરવી, તળાવ વગેરે બાંધવાં અને શહેરમાં સુધારો કરવો એ સઘળાં કામ તે કમિટીને સોંપ્યાં હતાં, અને ઉપજ માટે ઘરવેરો અથવા ગામવેરો લેવાનો તેને અધિકાર આપ્યો હતો. એ કાયદાથી ઑકટ્રાઇ (દરવાજે લેવાની) જકાત લિ

દમાં પહેલવહેલી કાયદાસર રીતે લેવાની શરૂઆત થઈ. પછી સને ૧૮૬૫ માં ચોકીદારીને લગતો કાયદો કરવામાં આવ્યો. પોલીસનો ખર્ચ ગામ લોકો કનેથી લેવો એ આ કાયદાનો હેતુ હતો. આ કાયદાનો અમલ કરવાનું લોકોની મરજીપર રાખ્યું નહોતું. આ કાયદા પ્રમાણે પાંચ પંચ નીમવામાં આવતા અને તેઓ ખર્ચીને સારૂ ઘરોપર અથવા ઘરમાંનાં માણસોની સંખ્યાપર વેરો નાંખી પોલીસ નીમતા અને પોલીસનો ખર્ચ જતાં શિલક રહે તે ગામની સફાઈ રાખવામાં વાપરતા. આ કાયદો બંગાળા અને વાયવ્ય પ્રાંતોમાંજ અમલમાં આવ્યો હતો.

પછીનાં વીસ વરસમાં સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થાનો આ પ્રમાણે વિસ્તાર કરવામાં આવ્યો. નિશાળો તથા દવાખાનાં કહાડવાં, રસ્તા બાંધવા, અને એવાંજ બીજા લોકોપયોગી કામો કરવા માટે જિલ્લાની અને તાલુકાની કમિટીઓને જમીનની મહેસૂલમાંથી થોડોક હિસ્સો આપવામાં આવ્યો અને એ કામમાં પણ મ્યુનિસિપાલિટીની પેઠે લોકોની સલાહ લેવાનું ઠરાવ્યું. ઈલાકાનાં શહેરોનાં તથા કરાંચી અને રંગુનનાં બંદરો તથા ડક્કાની વ્યવસ્થા કરવાને, તથા કાનટોન્મેન્ટની વ્યવસ્થા કરવાને કમિટીઓ નીમી. અને એવી બીજી કમિટીઓ નીમી સરકારે પરચૂરણ સ્થાનિક વ્યવસ્થાના કામમાંથી પોતાનો હાથ ઘણે ભાગે કહાડી નાંખ્યો. સને ૧૮૮૨ થી આ વ્યવસ્થામાં ઘણો સુધારો થઇ લોકોને કામ કરવાની હોંસ થાય તેવી તજવીજ કરવામાં આવી છે. એમાં લોકોને સભાસદો પસંદ કરવાની છૂટ

આપી અને ખર્ચ કરવામાં તેમને ઘણી સ્વતંત્રતા આપી એ બાબતો વિશેષ છે. સ્થાનિક સ્વરાજ્યની યોજનાનો વિસ્તાર કરવામાં સરકારનો હેતુ પોતાની જવાબદારી ઓછી કરવી એટલોજ નહોતો, પરંતુ લોકોને રાજ્યકળાનું શિક્ષણ મળે એ પણ હતો. (આ સંબંધી વધારે હકીકત ફિનાન્સના ભાગમાં આપેલી છે.) આ દેશના લોકોનો ઘણો ભાગ કેવળ અભણ હોવાથી તેમને શહેરીના તમામ હક્કના ભોગવટાની જવાબદારી તથા કર્ત્તવ્ય કર્મોનો અનુભવ કરવાને, તેમનો જે બાબતો જોડે સંબંધ છે તે બાબતોમાં પૈસાનો ઉપયોગ કરવાના કામમાં એકઠા મળી વિચાર કરવામાં તેમને લગાડવા તેનાં જેવાં બીજાં સાધનો નહોતાં. પહેલાંના સમયમાં સાધારણ લોકોને એવાં કામો ભાગ્યેજ સોંપવામાં આવતાં. હાલમાં પણ ભણેલા માણસોને માથેજ એ કામનો બોજો નાંખવાનો રિવાજ છે, પરંતુ ગયાં દશ વરસથી આ સ્થિતિમાં કાંઈક ફેરફાર થવા માંડયો છે અને બીજા લોકો પણ એ કામમાં વધારે લક્ષ આપવા લાગ્યા છે. અગાઉ જે અધિકાર ચલાવવાનો પ્રસંગ કદી આવેલો નહોતો તે અધિકાર લોકોની કને બજાવરાવતાં ભૂલો થાય તે સુધારવાને તથા તેમને ખરો રસ્તો દેખાડવાને સરકારે પોતાની દેખરેખની સત્તા પણ જરૂર જેટલીજ રાખી છે. પસંદગીનું તત્વ પણ પૂરેપૂરૂં અમલમાં આવ્યુંછે, તથાપિ આ દેશના લોકોમાં અનેક જાતિઓ તથા ભેદ હોવાથી એકાદ પછાત પડેલા વર્ગના સભાસદોને લોકો પસંદ ન કરે તો તે વર્ગના માણસો આવે અને બીજા સારા માણસોને પણ એ સભામાં આવ-

વાની સવડ થાય તેટલા માટે કેટલાક સભાસદોની નીમણુક સરકાર પંડે કરે છે. આ સ્થાનિક સ્વરાજ્યની યોજના અમલમાં આવી છે ત્યારથી તે ઘણીજ સારી રીતેચાલેછે અને સભાસદો પણ ઉપયોગી કામ કરે છે. એ લોકો પ્રજાનુ કલ્યાણ કરવાની ઇચ્છા બતાવે છે તે જેમ જેમ વિદ્યાનો ફેલાવો થતો જશે તેમ તેમ વધતી જશે. આ વ્યવસ્થાથી લોકલ બોર્ડોનાં કામો જેવાં સારાં થાયછે તેવાં મ્યુનિસિપાલિટીઓમાં વિરોધ અને ખાનગી ખટપટ હોવાથી થતાં નથી એવું જોવામાં આવ્યું છે.

મ્યુનિસિપાલિટીઓ, લોકલ બોર્ડો, અને બીજી કમિટીઓ માર્ફત કેટલો ખર્ચ થાય છે તે નીચલા પત્રકપરથી જણાશે. એ રકમો સિવાય વૈદ્યકખાતાના તથા કેળવણીખાતાના ખર્ચનો કેટલોક ભાગ એ મંડળીઓ માર્ફત ખરચાય છે:—

મંડળીનું નામ.	સને ૧૮૮૨–૮૩.	સને ૧૮૯૧–૯૨.
	રૂપિઆ.	રૂપિઆ.
મ્યુનિસિપાલિટીઓ...	૨,૩૯,૧૫,૦૦૦	૩,૩૯,૫૬,૦૦૦.
લોકલ બોર્ડો.		
પ્રાંતિક કર...........	૨, ૦૦૦૦૦૦૦	૨,૪૨,૧૮,૦૦૦.
કાન્ટોન્મેન્ટ ફંડ......	૧૨,૧૧,૦૦૦	૧૭,૮૮,૦૦૦.
શહેર અને બજાર પરના કર...........	૧૨,૨૩,૦૦૦	૮,૬૦,૦૦૦.
બીજા.................	૧૮,૯૫,૦૦૦	૧૫,૮૦,૦૦૦.
પબ્લિક વર્કસ ખાતા તરફથી–ટોલ વગેરેની		

ઉપજ.........	૧૨,૭૨,૦૦૦	૨૫,૫૨,૦૦૦.
પોર્ટટ્રસ્ટ ફંડ...	૯૭,૮૪,૦૦૦	૧,૩૮,૨૪,૦૦૦.
સરવાળો.	૩,૯૩,૦૦૦૦૦	૫,૪૫,૦૦૦૦૦.

એમાં કરજ કહાડીને ખરચેલાં નાણાંનો સમાવેશ થતો નથી. એકંદરે મ્યુનિસિપાલિટીઓ અને પોર્ટટ્રસ્ટની માર્ફત ખરચાયલી રકમોમાં ઘણો વધારો થયેલો છે એવું એ પત્રક પરથી જણાઈ આવશે.

મ્યુનિસિપાલિટીઓ.

આ મંડળીઓ હુમણાનીજ છે એવું આપણે ઉપર કહેલું છે. અસલની ગામની વ્યવસ્થાને સુધારીને આ વ્યવસ્થા ચાલુ કરી હશે એવું કદાચ માનવાનો સંભવ છે; પરંતુ વ્યવસ્થિત રીતિની ગામની વ્યવસ્થા ઉત્તર હિંદુસ્તાનના કેટલાક ભાગોનાં ગામોમાં માત્ર જોવામાં આવે છે; બીજે ઠેકાણે ગામના ભિન્ન ભિન્ન વર્ગના બધા લોકોનો મંડળીમાં મળવાનો સંબંધ બિલકુલ નહોતો. પ્રાચીન વ્યવસ્થા ચાલુ હોય તેવે ઠેકાણે પણ આગલા વહીવટને અનુસરીનેજ એટલે પૂર્વની સ્થિતિમાં ફેરફાર ન કરતાં વ્યવહાર ચાલતો હતો. પરંતુ હમણાની વ્યવસ્થાનું મૂળ બીજ સુધારો અને પ્રાયદો છે.

હિંદ સરકારે સને ૧૮૫૬ પછી મ્યુનિસિપાલિટીઓને માટે કાયદો કર્યો નથી. તે પછી તેઓની વ્યવસ્થા સંબંધી કાયદા સ્થાનિક સરકારોએજ કર્યા હતા. એ કારણથી હમણા જુદા જુદા પ્રાંતોમાં તેઓનો કેવો વિસ્તાર થયો છે તે

જોવું જોઇએ. આપણે મ્યુનિસિપાલિટીઓનો વિચાર કર્યા પછી લોકલ બોર્ડો વિષે વિચાર કરીશું.

મદ્રાસ.—મદ્રાસ શહેરની બહારના ભાગોમાં હાલની મ્યુનિસિપાલિટીઓની વ્યવસ્થા સને ૧૮૮૪ ના ૪ થા કાયદા પ્રમાણે કરવામાં આવે છે. આ ઇલાકામાં સને ૧૮૫૦ નો કાયદો અમલમાં આવ્યો નથી. સને ૧૮૬૫ માં "શહેરોની સુધારણાનો કાયદો" એ નામે પહેલ વહેલો કાયદો થયો. એમાં પોલીસનો ખર્ચ દરેક શહેરને માથે નાંખ્યો અને બીજા સુધારાને માટે પણ કર નાંખવાની સત્તા કમિટીઓને આપી. એ વખતે ખર્ચનો ચોથો હિસ્સો સરકાર આપતી હતી. પછી સને ૧૮૭૧ માં કાયદો થયો તેની રૂઇએ નિશાળો તથા દવાખાનાં સ્થાપવાનાં, અને શીતળા કહાડવાની તથા જન્મ મરણ નોંધવાની ગોઠવણ કરવાનાં કામો પણ કમિટીઓને સોંપ્યાં હતાં. એ કમિટીઓમાં સરકારી નોકરો નહિ એવા અડધોઅડધ મેંબરો હતા અને કલેકટર પ્રેસિડંટ હતા. સને ૧૮૭૯ માં મેમ્બરો પસંદ કરવાનું ધોરણ પહેલવહેલું દાખલ થયું. ઑકટ્રોઇ કર આ ઇલાકામાં લેવામાં આવતો નથી, પરંતુ તેવાજ પ્રકારનો એક કર ગાડાં, જનાવરો, વગેરે પર લેવાય છે. ઘરવેરો, ધંધાવેરો, અને વાહનો વગેરે પર કર લેવાનો એ કમિટીઓને અધિકાર છે, અને મ્યુનિસિપાલિટીઓની ઉપજનાં સાધનો એ કર માત્ર છે.

સને ૧૮૭૧ નો કાયદો રદ્દ થઈ હાલમાં સને ૧૮૮૪ નો ૪ થો કાયદો ચાલે છે. એ કાયદા પ્રમાણે એક ચતુર્થાંશ કમિશનરો નીમેલા હોય છે (અને તેઓમાંજ પ્રાંતનો

મુલ્કી અધિકારી આવે છે અને તે અધિકારની રૂઇએ સભાસદ હોય છે) અને બાકીના ⅔ સભાસદો પસંદ કરેલા હોય છે, અને નીમણુક થયા પછી તેમના અધિકારની મુદ્દત ત્રણ વર્ષની છે. પ્રેસિડંટની નીમણુક સરકારે કરવાની છે, તોપણ ૫૫ માંની ૩૬ મ્યુનિસિપાલિટીઓને પ્રેસિડંટ પસંદ કરવાની સત્તા આપેલી છે. કમિશનર થવાની યોગ્યતા ઠરાવવાનો અધિકાર સરકારનો છે અને સરકારજ કર નાંખવાના તથા ફેરફાર કરવાના કામની દેખરેખ રાખે છે. ૫૫ માંની ૩૨ મ્યુનિસિપાલિટીઓમાં સને ૧૮૯૧ માં અને ૩૩ મ્યુનિસિપાલિટીઓમાં સને ૧૮૯૨–૯૩ માં ચુંટણીનું ધોરણ દાખલ કર્યું હતું, બાકીની મ્યુનિસિપાલિટીઓની સ્થિતિ તે ધોરણ દાખલ કરવા જેવી હજુ થઈ નથી.

એ મ્યુનિસિપાલિટીઓમાં સભાસદોની સંખ્યા ૮૬૩ છે તેઓમાંના ૩૮૩ લોકે પસંદ કરેલા અને ૪૮૦ સરકારે નીમેલા છે. યૂરોપી મેમ્બરો એકપષ્ઠાંશ કરતાં ઓછા છે. સભાસદો પસંદ કરવામાં લોકે સારી હોંસ બતાવી છે; તેમજ મ્યુનિસિપાલિટીઓની સભા ભરવાની તથા તેઓમાં મેમ્બરોએ હાજર રહેવાની બાબતમાં પણ સારૂં પરિણામ જોવામાં આવે છે; પાણી આણવામાં તથા ગટરો બાંધવામાં ઘણો ખર્ચ કરવામાં આવ્યો છે, દવાખાનાં વધારે લોકપ્રિય થતાં જાય છે, શહેરની સફાઇ માટે નવાં કામો વધારે થવાની જરૂર છે, પ્રાથમિક કેળવણીને હરકત પહોંચે એવો મધ્યમ વર્ગના શિક્ષણના ખર્ચમાં વધારો થયો તે ઠીક થયું નથી, તેથી આ અને બીજી બાબતોમાં સુધારો થવો જોઇએ એવો રથા-

નિક સરકારનો અભિપ્રાય છે.

જમા ખર્ચ સને ૧૮૯૧-૯૨. જમે રૂ૨૪,૮૪,૬૩૦. વિગતઃ-દસ્તૂરી રૂ૩,૫૦,૪૬૦; કર ઘરોપર તથા જમીનપર, રૂ૬,૦૬,૪૬૦; ગાડાં તથા જનાવરોપર રૂ૧,૫૧,૯૭૦; ધંધા રોજગારપર રૂ૧,૮૮,૭૨૦; પાણી પર રૂ૧૫,૩૧૦; દંડ, ફી, અને પરચૂરણ રૂ૪,૯૧,૯૮૦; સરકારમાંથી તથા લોકલ ફંડમાંથી આવેલા રૂ૪,૧૭,૫૫૦; કરજ તથા અનામત રૂ૨,૬૨,૧૮૦.

ખર્ચ રૂ૨૧,૯૧,૭૦૦. તપશીલઃ-કર વસૂલ કરવા તથા વ્યવસ્થા રૂ૧,૬૮,૭૬૦; સાર્વજનિક સંરક્ષણ રૂ૯૨,૯૮૦; આરોગ્ય રૂ૮,૪૨,૬૮૦; સોઇ રૂ૪,૩૨,૫૧૦; કેળવણી રૂ ૨,૮૨,૬૨૦; પરચૂરણ રૂ૧,૦૬,૪૬૦; વ્યાજે અથવા અનામત ખાતે રાખેલા અથવા કરજ વાળવામાં ખરચેલા રૂ૨,૬૫,૬૯૦.

જમાખર્ચ સને ૧૮૯૨-૯૩ માં. જમે-રૂ૨૪,૬૩,૯૩૦. વિગત-કર રૂ૧૨,૯૫,૦૦૦; કર સિવાય બીજી બાબતો રૂ ૯,૫૩,૬૪૦; કરજ રૂ૨,૧૫,૨૯૦.

ખર્ચ રૂ૨૪,૮૦,૭૬૦.

કરનો બોજો મદ્રાસ શહેરમાં સને ૧૮૯૧-૯૨ માં રૂ ૧.૯૪ તથા પ્રાંતોમાં રૂ૦.૭૯ હતો.

મુંબાઈ.—મુંબાઈ ઈલાકામાં સને ૧૮૫૦ ના કાયદાનો લાભ પુષ્કળ લેવામાં આવ્યો હતો અને તેજ કાયદો સને ૧૮૭૩ લગી અમલમાં હતો. એ વરસમાં ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ આક્ટ થયો. એમાં શહેરોની મ્યુનિસિપાલિટીઓ

અને ગામોની મ્યુનિસિપાલિટીઓ એવા બે વર્ગ કર્યા હતા. શહેરની મ્યુનિસિપાલિટીના મેમ્બરો પસંદ કરવાનો અધિકાર લોકોને આપવાની કાયદામાં છૂટ હતી અને ગામની મ્યુનિસિપાલિટીના સઘળા મેમ્બરોની નીમણુક સરકાર તરફથી થતી. કલેકટર બંને વર્ગની મ્યુનિસિપાલિટીઓનો પ્રેસિડંટ હતો અને આસિસ્ટંટ કલેકટર અથવા ડેપ્યુટી કલેકટર ગામની મ્યુનિસિપાલિટીનો વાઇસ-પ્રેસિડંટ હતો.

સને ૧૮૮૪ માં સને ૧૮૭૩ ના કાયદામાં સુધારો થયો; તેમાં પહેલાં પ્રેસિડંટને જે અધિકાર હતો તે તમામ મ્યુનિસિપાલિટીઓને આપવામાં આવ્યો અને શહેરની અને ગામની મ્યુનિસિપાલિટીનો ભેદ કહાડી નાંખ્યો. મેમ્બરોની સંખ્યાની બાબતમાં એવું ઠરાવવામાં આવ્યું કે સરકારી નોકરો એક ચતુર્થાંશથી વધારે હોવા ન જોઇએ, નીમે ભાગના સભાસદો લોકોએ પસંદ કરેલા હોવા જોઇએ, પ્રેસિડંટ સરકારે નીમવો, અથવા સરકારે અધિકાર આપ્યાથી કમિટીઓએ નીમવો, તે સરકારી અમલદાર હોય તો વાઇસ-પ્રેસિડંટ કમિશનરોએ પસંદ કરેલો હોવો જોઇએ. ચુંટણીનું તત્વ મોટાં શહેરોનેજ પૂરેપૂરૂ લાગુ પાડવામાં આવ્યું અને પ્રેસિડંટ બહુધા સરકાર તરફથી નીમવામાં આવે છે.

આ ઇલાકામાં સને ૧૮૯૧-૯૨ માં ૧૭૪ અને સને ૧૮૯૨-૯૩ માં ૧૭૬ મ્યુનિસિપાલિટીઓ હતી. સને ૧૮૯૨ માં મ્યુનિસિપલ કમિશનરોની સંખ્યા ૨,૪૩૦ હતી તેમાં લોકોએ પસંદ કરેલા મેમ્બરો ૯૦૯ હતા અને બાકીના સરકારે નીમેલા હતા. યૂરોપીઓ સેંકડે ૧૦ હતા.

ઉત્તર અને મધ્ય ભાગોમાં રસ્તે જતા માલપર અને મ્યુનિસિપાલિટીની હદની બહાર ખપતા માલપર જકાત લેવામાં આવે છે એવું ખપતના તથા લોકની સંખ્યાના પ્રમાણુપરથી જણાઇ આવ્યું. સને ૧૮૯૨-૯૩ માં કમિટી નિયમસર મળી હતી અને તેમાં સભાસદો પણ ઠીક હાજર રહેતા હતા. આરોગ્ય અને સગવડનાં કામોમાં જરૂર પ્રમાણે ખર્ચ કરવામાં આવ્યો હતો અને પાણીની સોઇ કરવાની બાબતમાં મધ્યમ પ્રતિનાં ગામોનો નંબર બહુજ ઉપર આવશે. એકંદરે ખાનગી દ્વેષ અને પક્ષને લીધે પ્રજાની સેવાની જવાબદારી પ્રત્યે કમિશનરોનું કેટલીકવાર દુર્લક્ષ થાયછે, તોપણ ઘણાંક સ્થળોની અને વિશેષે કરીને કર્ણાટક અને સિંધ પ્રાંતની વ્યવસ્થા બહુ સારી હતી એવો સ્થાનિક સરકારનો અભિપ્રાય છે.

દર વરસની ઉપજ તથા ખર્ચની વિગત આપવાથી ઘણું લંબાણ થઇ જાય માટે સને ૧૮૯૧-૯૨ ની ઉપજ ખર્ચની બાબતોની સાધારણ તપશીલ આપી સને ૧૮૯૨-૯૩ ના થોડાક આંકડા આપ્યા છે.

ઉપજ સને ૧૮૯૧-૯૨ માં રૂ૪૩,૪૩,૮૩૦. વિગતઃ- ઑકટ્રોઈ રૂ૧૫,૩૦,૨૧૦; દસ્તુરી રૂ૨,૧૨,૮૦૦; ઘરોપર અને જમીનપર કર રૂ૪,૬૩,૫૪૦; ગાડાંપર તથા જનાવરો પર રૂ૮૯,૨૫૦; ધંધા રોજગારપર રૂ૧૦,૮૧૦; પાણીપર રૂ૯૯,૩૦૦; દીવાબત્તી રૂ૧૦૦; શહેરની સફાઇ રૂ૧,૯૬,૧૭૦; બીજી ઉપજ રૂ૧,૨૬,૪૧૦; ભાડું, ફી, દંડ, તથા પરચૂરણ રૂ૮,૦૪,૬૪૦; સરકારમાંથી આવેલા રૂ૧,૬૧,૬૯૦; લોકલ

ફંડમાંથી રૂ૮૦,૫૦૦; બીજી ઉપજ રૂ૩૦,૧૭૦; કરજ રૂ૫,૩૮,૨૪૦.

ખર્ચ રૂ ૪૪, ૪૯, ૩૧૦. વિગતઃ—કર વસૂલ કરવા અને વ્યવસ્થા રૂ ૫,૧૦,૭૮૦; સંરક્ષણ રૂ ૨,૨૫,૫૨૦; આરોગ્ય રૂ૧૬,૬૬,૫૧૦; સોઇ રૂ ૬,૬૨,૭૧૦; શિક્ષણ રૂ. ૬,૩૫,૩૫૦; પરચૂરણ રૂ ૨,૮૨,૨૬૦; દેવું પતાવવા ખાતે અથવા વ્યાજે મૂકેલા રૂ ૪,૬૬,૧૮૦.

સને ૧૮૯૨–૯૩ માં ઉપજ ખર્ચ.ઉપજ રૂ૪૭,૧૪,૪૨૦. વિગતઃ— કર રૂ ૨૭,૫૮,૮૨૦; દેવું રૂ ૮૦,૫૦૦; બીજી ઉપજ રૂ ૧૧,૫૪,૬૦૦; ખર્ચ રૂ ૩૯,૬૭,૯૩૦.

આ ઈલાકામાં ઑકટ્રોઇ કરથી મ્યુનિસિપાલિટીની ઉપજ પહેલેથીજ થાય છે.

સને ૧૮૯૧ માં કરનો બોજો માણસદીઠ મુંબાઈ શહેરમાં રૂ ૬.૨૯ અને બહારના પ્રાંતોમાં રૂ ૧:૧૭ હતો.

બંગાળા.—આ ઈલાકામાં સને ૧૮૫૦ અને સને ૧૮૫૬ ના કાયદા ચાલતા હતા. પછી બંગાળાની કૌન્સિલમાં સને ૧૮૬૪, ૧૮૬૮, ૧૮૭૩ અને ૧૮૭૬ માં કાયદા થયા. સને ૧૮૬૪ નો કાયદો મોટાં શહેરોને માટે મુખ્યત્વે કરીને બાંધવામાં આવ્યો હતો; મ્યુનિસિપાલિટી સ્થાપન કરવાને લોકોની અરજી આવવાની જરૂર છે એવું એ કાયદામાં ઠરાવ્યું નહોતું; મ્યુનિસિપાલ કમિશનરો નીમવાનો અધિકાર સરકારને આપ્યો હતો અને કમિશનર, માજિસ્ટ્રેટ, એનજિનીઅર, અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અધિકા

રની કુઈએ મેમ્બરો હતા અને ગામના બીજા લોકો નીમાતા; એવા લોકો સાત કરતાં ઓછા નહોતા. ઘરો, જમીન, અને વાહનોપર કર બેસાડી ઉપજ કરવાનો એ કમિટીને અધિકાર મળ્યો હતો અને સાર્વજનિક ઉપયોગનાં કામો સારૂ કરજ કહાડવાની તેને છૂટ હતી; પોલીસનો તમામ ખર્ચ મ્યુનિસિપાલિટીને માથેજ નાંખ્યો હતો. નાનાં શહેરોને માટે સને ૧૮૬૮ નો ૬ ઠો કાયદો કર્યો હતો તેમાં લોકમતને વસ્તુતઃ બધારે મહત્વનું ગણ્યું હતું, તોપણ વ્યવહારમાં તે કમિટીનો પ્રેસિડંટ માજિસ્ટ્રેટ હતો, અને કમિટીનું કામ સલાહ આપવી, કર બેસાડવા, અને ખર્ચની તપાસ કરવી એટલુંજ હતું. સને ૧૮૭૩ ના કાયદાથી મોટાં શહેરોની મ્યુનિસિપાલિટીઓમાં મેમ્બરો અને વાઇસ-પ્રેસિડંટ પસંદ કરવાની પરવાનગી આપવાનો અધિકાર સરકારને મળ્યો; અને બંને વર્ગની મ્યુનિસિપાલિટીઓને પોલીસ, ગામની સફાઈ અને ગામનાં બીજાં કામનો ખર્ચ જતાં જે રકમ બચે તેમાંથી નિશાળોનો ખર્ચ કરવાની પરવાનગી એ કાયદાથી મળી. સને ૧૮૭૬ ના કાયદામાં પહેલાંના બધા કાયદા એકત્ર કર્યા અને તેમાં મોટો ફેર એટલોજ થયો કે ઘરોપર અથવા લોકોપર કર બેસાડી વસૂલ કરવાની સત્તા કમિશનરોને મળી. આ કાયદામાં મ્યુનિસિપાલિટીઓના ચાર વર્ગો કર્યા હતા; એમાંના પહેલા બે વર્ગોનેજ મ્યુનિસિપાલિટીનું નામ શોભતું હતું; બાકીના બે વર્ગ એટલે લશ્કરી અથવા હવાનાં સ્થળો અને નાનાં નાનાં ગામડાંના જથાને તે નામ છાજતું નહોતું. સને ૧૮૮૪ માં છેલ્લો કાયદો થયો તેમાં ગામડાંના જથાને

અને સ્થળોને મ્યુનિસિપાલિટીના વર્ગમાંથી કહાડી નાંખ્યાં. અધિકાર ચલાવવાને લાયક ઠરાવેલી મ્યુનિસિપાલિટીઓને ⅔ સભાસદો પસંદ કરવાની સત્તા આપવામાં આવી અને એવા પ્રકારની સત્તા આપવાને જે સ્થળો અયોગ્ય જણાયાં અને જ્યાં સરકારની દેખરેખની ઘણી જરૂર હતી તે ઠેકાણાંની એક યાદી કરી. મત આપવાનો અધિકાર મળવા સારૂ મ્યુનિસિપાલિટીમાં ભરવાના કરની હદ્દ બહુ ઓછી ઠરાવી. ઘણાંખરાં મોટાં શહેરોમાં પ્રેસિડન્ટ પસંદ કરવાનો અધિકાર મ્યુનિસિપાલિટીઓને આપ્યો છે. આ કાયદામાં મ્યુનિસિપાલિટીની સત્તા ઘણી વધારી છે અને તે સત્તાનો ખોટો ઉપયોગ ન થાય તે કારણથી દેખરેખ રાખવાનો અધિકાર સરકારે પોતાને હસ્તક રાખ્યો છે.

આ ઇલાકામાં સને ૧૮૯૧–૯૨ માં મ્યુનિસિપાલિટીઓની સંખ્યા ૧૪૫ હતી અને સને ૧૮૯૨–૯૩માં બીજી એક મ્યુનિસિપાલિટી સ્થાપન થઈ. સને ૧૮૯૧–૯૨ માં ૧૧૭ અને સને ૧૮૯૨–૯૩ માં ૧૧૮ મ્યુનિસિપાલિટીઓને ⅔ સભાસદો પસંદ કરવાનો હક્ક હતો. કર ભરનારામાંના શુમારે ⅙ લોકોને સભાસદો પસંદ કરવાના કામમાં મત આપવાનો અધિકાર હતો. કમિશનરોમાં જમીનદારો અને વકીલો વધારે છે; ધંધાદારીઓ થોડા છે. આ પ્રાંતમાં મ્યુનિસિપાલ કરનો બોજો બહુ થોડો છે. પ્રાથમિક કેળવણી કરતાં મધ્યમ પ્રતિની કેળવણીનો ખર્ચ વધારે થાય છે અને શહેર સુધરાઇ તથા આરોગ્ય રક્ષણનાં કામો થોડાં થાય છે માટે એ બાબતોમાં સુધારો કરવો અને કરનો

બોજો બધાપર યોગ્ય પ્રમાણમાં પડે એમ કરવું, એવો સ્થાનિક સરકારનો અભિપ્રાય છે. કરનો બોજો કલકત્તા શહેરમાં માણસદીઠ રૂ૫.૭૫ અને બહારના પ્રાંતોમાં રૂ૦.૭૭ પડે છે.

સને ૧૮૯૧-૯૨ માં ઉપજ તથા ખર્ચ. ઉપજ રૂ૨૯,૦૪,૨૩૦. વિગતઃ—દસ્તુરી રૂ૧,૨૧,૧૯૦; કર-ઘરોપર અને જમીનપર રૂ૮,૦૭,૭૯૦; ગાડાં અને જનાવરોપર રૂ ૧,૮૩,૫૬૦; ધંધા અને રોજગારપર રૂ૨૩,૦૮૦; પાણીપર રૂ૨૯,૫૮૦; દીવાબત્તી રૂ૩૫,૯૯૦; શહેર સફાઇ રૂ૩,૫૯,૩૨૦; બીજા રૂ ૫,૩૫,૫૫૦; ભાડું, ફી, દંડ, અને પરચૂરણ રૂ ૪,૪૫,૩૫૦; સરકારમાંથી તથા લોકલ ફંડમાંથી આવેલા રૂ૧,૧૧,૬૭૦; દેવું અને અનામત ખાતે રૂ૨,૫૧,૧૫૦.

ખર્ચ રૂ૨૮,૭૦,૧૨૦. તપશીલઃ—કર ઉઘરાવવા તથા વ્યવસ્થા રૂ૩,૩૫,૮૪૦; સાર્વજનિક સરક્ષણ રૂ૧,૯૦,૬૬૦; આરોગ્ય રૂ૧૨,૬૧,૧૮૦; સોઇ રૂ૫,૮૫,૦૭૦; શિક્ષણ રૂ ૧,૩૦,૦૭૦; પરચૂરણ રૂ૧,૫૫,૩૬૦; વ્યાજે અથવા અનામત મૂકેલા તથા દેવું વાળવા ખાતે રૂ૨,૧૧,૯૪૦.

ઉપજ તથા ખર્ચ સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ ૨૯,૨૪,૦૫૦. વિગતઃ—કર રૂ૨૧,૭૫,૩૭૦; કર સિવાય બીજી રૂ૬,૯૩,૬૮૦; કરજ રૂ૫૫,૦૦૦. ખર્ચ રૂ૨૯,૦૬,૦૮૦.

वायव्यप्रांतो अने अयोध्या.—આ પ્રાંતોમાં મ્યુનિસિપાલિટીની યોજના જુદે જુદે વખતે અમલમાં આવી. વાયવ્ય પ્રાંતોમાં સને ૧૮૫૦ નો કાયદો અને સને ૧૮૫૬ નો ચોકીદારીનો કાયદો ઘણે ઠેકાણે લાગુ કરવામાં આવ્યા હતા

અને મ્યુનિસિપાલિટીની વ્યવસ્થા પણ બેશ ચાલી હતી. લોકોની કબૂલાત વગર મ્યુનિસિપાલિટી સ્થાપન કરવાનો અધિકાર હિંદ સરકારના સને ૧૮૬૮ ના* કાયદાથી મળ્યો અને એ કાયદાથી ચુંટણીનું ધોરણ લાગુ કરવામાં આવ્યું તથા ⅔ પસંદ કરેલા અને ⅓ સરકારે નીમેલા સભાસદો હોવા જોઇએ એવું ઠરાવ્યું હતું; ઘરો, ધંધા, અને વાહનોપર કર અને ઑકટ્રોઇ કર એ ઉપજની બાબતો ઠરાવી હતી. અયોધ્યા પ્રાંત સને ૧૮૫૬ માં ઈંગ્રેજી રાજ્યમાં ભેળી દીધો. સને ૧૮૬૭ લગી ત્યાં મ્યુનિસિપાલિટી સ્થાપન થઇ નહોતી: એ વરસમાં પંજાબનો કાયદો પાંચ વર્ષ માટે ચલાવવાનું શરૂ થયું. સને ૧૮૭૩ માં સને ૧૮૬૮ નો કાયદો સુધારી વાયવ્ય અને અયોધ્યા પ્રાંતોને લાગુ કરવામાં આવ્યો. અયોધ્યા કરતાં વાયવ્ય પ્રાંતોમાં ચુંટણીના ધોરણ પર લોકોની વધારે ચાહના છે. એ સિવાય નાનાં ગામોમાં સને ૧૮૫૬ ના કાયદા પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે છે. એવાં ગામોની સંખ્યા સને ૧૮૯૧–૯૨ માં ૩૩૮ હતી. સભાસદો પસંદ કરવાની વધારે સત્તા આપવાનો લૉર્ડ રિપને ઠરાવ કર્યાથી તેને અનુસરીને પહેલો કાયદો એ બે પ્રાંતોને માટે થયો. કમિશનરોનો ચોથો ભાગ સરકારે નીમવો; બાકીના કમિશનરો લોકોએ પસંદ કરેલા હોવા જોઇએ; ગામના પ્રમાણમાં પસંદ કરનારા લોકોની યોગ્યતા ઠરાવવી અને મત આપનારા કરતાં કમિશનર થનારની આમદની અથવા તેણે આપવાનો કર ત્રણ ગણો હોવો જોઇએ એવું ઠરાવ્યું: ઘણુંખરાં મોટાં ગામોમાં પ્રેસિડંટ પસંદ કરવાની સત્તા

મ્યુનિસિપાલિટીઓને આપી.

આ પ્રાંતોમાં સને ૧૮૯૧-૯૨ અને ૧૮૯૨-૯૩ માં ૧૦૩ મ્યુનિસિપાલિટીઓ હતી. સાત સિવાય બાકીની મ્યુનિસિપાલિટીઓમાં લોકે પસંદ કરેલા સભાસદો હતા. પસંદ કરેલા સભાસદો ૧,૨૪૮ અને નીમેલા ૩૧૪ હતા. ૯૭ મ્યુનિસિપાલિટીઓએ પ્રેસિડંટ પસંદ કરીને નીમેલા હતા. નીમે કરતાં વધારે સભાસદો સભામાં હાજર રહેછે. કેળવણીના ખર્ચની બાબતમાં બંગાળાના જેવીજ સ્થિતિ છે. એકંદરે મ્યુનિસિપાલિટીઓનો કારભાર બેશ ચાલેછે એવું સરકારે મત આપ્યું છે.

ઉપજ અને ખર્ચ સને ૧૮૯૧-૯૨. ઉપજ રૂ૫૯,૫૩,૩૫૦. તપશીલઃ—ઑક્ટ્રોઇ રૂ૨૦,૮૦,૭૭૦; દસ્તૂરી રૂ૨૭,૯૫૦; કર ઘરો તથા જમીનપર રૂ ૭૪,૮૦૦; ગાડાં તથા જનાવરોપર રૂ ૩૦,૯૪૦; ધંધારોજગારપર રૂ ૧,૧૪,૪૭૦; પાણીપર રૂ ૬,૯૩૦; શહેરસફાઇ રૂ ૧૬,૫૮૦; બીજા રૂ. ૪૪,૬૮૦; ભાડું, ફી, દંડ, અને પરચૂરણ રૂ ૬,૮૪,૩૨૦; સરકારમાંથી અને લોકલફંડમાંથી આવેલા રૂ ૧૦,૯૯,૦૯૦; કરજ રૂ ૧૭,૭૨,૮૨૦.

ખર્ચ રૂ૫૨,૭૧,૯૯૦. વિગતઃ—કર વસુલ કરવા તથા વ્યવસ્થા રૂ૪,૧૪,૪૭૦; સાર્વજનિક સંરક્ષણ રૂ ૫,૩૦,૫૭૦; આરોગ્ય રૂ ૨૭,૩૯,૩૬૦; સોઇ રૂ૫,૯૭,૮૬૦; શિક્ષણ રૂ૧,૨૩,૬૫૦; પરચૂરણ રૂ૪,૩૧,૮૨૦; દેવું વાળવા ખાતે તથા વ્યાજે મૂકેલા રૂ૪,૩૪,૨૬૦.

ઉપજ તથા ખર્ચ સને ૧૮૯૨—૯૩. ઉપજ રૂ ૪૯,૯૫,૩૨૦. વિગતઃ—કર રૂ ૨૬,૪૦,૭૬૦; દેવું રૂ.

૧૩,૦૦,૩૬૦; બીજે આતે૩૧,૦૫,૨૦૦.

ખર્ચ ૩૫૩,૨૯,૪૩૦.

સને ૧૮૯૧—૯૨ માં કરનું પ્રમાણ માણસદીઠ ૩.૭૩ હતું.

પંજાબ.—એ પ્રાંત સને ૧૮૪૯ માં ખાલસા થયો. ગામની સફાઈની વ્યવસ્થા સને ૧૮૬૭ નો કાયદો થયો ત્યાં લગી સરકારે નીમેલી કમિટીઓ કરતી હતી અને તે કામને માટે ઑકટ્રોઇ અને બીજા કર નાંખી ઉપજ કરવામાં આવતી. એ વ્યવસ્થા સને ૧૮૬૭ ના કાયદાથી મુકરર થઈ અને એજ કાયદો અયોધ્યા અને મધ્ય પ્રાંતોને પણ લાગુ કરવામાં આવ્યો. પછી એ કાયદામાં સને ૧૮૭૩ માં સુધારો થયો. આ ઇલાકામાં મ્યુનિસિપાલિટીઓના ત્રણ વર્ગ હતા. પહેલા વર્ગની મ્યુનિસિપાલિટીઓ ચાર મુખ્ય શહેરોમાં અને ચાર ટેકરીપરનાં હવાનાં સ્થળોમાં હતી, અને તેમને સરકારની મંજૂરી વગર નજરમાં આવે તેટલો ખર્ચ કરવાનો અધિકાર હતો; બીજા વર્ગની મ્યુનિસિપાલિટીઓને બે હજાર કરતાં વધારે રકમ એક કામમાં ખરચવાને કમિશનરની મંજૂરી લેવી પડતી; અને ત્રીજા વર્ગની મ્યુનિસિપાલિટીઓને તમામ ખર્ચ સરકારી અમલદારોની મંજૂરી લઇને કરવો પડતો. કમિટીમાં સરકારી નોકરો અને સરકારની નોકરીમાં નહિ એવા સભાસદો હતા; તેમાં સરકારી મેમ્બરો $\frac{3}{4}$ કરતાં વધારે નહોતા. એકંદર સભાસદોની સંખ્યા પાંચ કરતાં વધારે હોવી જોઈએ એમ ઠરાવ્યું હતું.

જિલ્લાનો ડેપ્યુટી કમિશનર પ્રેસિડંટ હતો. ઑકટ્રોઈ, ધંધાવેરો, ઘરવેરો, અને ગાડાં તથા જનાવરોપર કર એ આમદનીના માર્ગ હતા; રસ્તા, તળાવ, અને ગટરો બાંધવી, તથા પોલીસ રાખવી એ ખર્ચની બાબતો હતી. ખર્ચ જતાં શિલક રહેતી તે નિશાળો, દવાખાનાં, વગેરે બીજાં ઉપયોગી કામોમાં વાપરવામાં આવતી. સને ૧૮૮૪ ના કાયદાથી કેટલાક સભાસદો લોકોએ પસંદ કરવાની શરૂઆત થઈ. સને ૧૮૯૧ માં એ કાયદામાં સુધારો થયો અને અગાઉ કેટલીક બાબતો કરવાનો અધિકાર સરકારે પોતાને હસ્તક રાખ્યો હતો તે આ કાયદાથી જિલ્લાના અમલદારોને આપ્યો; સરકારી સભાસદો ⅓ હોવા જોઇએ અને તેમની મુદ્દત ત્રણ વરસની હોવી જોઇએ એવું ઠરાવ્યું. પ્રેસિડંટની નીમણુક કમિટીઓજ કરે છે અને કોઇ કારણથી એ અધિકાર સરકાર પોતાને હસ્તક રાખે છે. આ ઈલાકામાં સભાસદોની ચુંટણી કરવાના નિયમોમાં મહત્વની બાબત એ છે કે લાહોર શહેરમાં જુદા જુદા પંથના લોકોને પોતાની તરફના જુદા મેમ્બરો પસંદ કરવાની સત્તા આપેલી છે, અને હિંદુ, મુસલમાન, શીખ, અને ખ્રિસ્તી લોકો પોતાની તરફનો એક એક સભાસદ પસંદ કરે છે. બીજાં શહેરોમાં પણ ઘણી વેળા સભાસદોની ચુંટણી કરવામાં ધર્મનું પ્રબળ વધારે હોય છે.

આ પ્રાંતમાં સને ૧૮૯૧-૯૨ અને સને ૧૮૯૨-૯૩ માં ૧૪૯ મ્યુનિસિપાલિટીઓ હતી તેઓમાંની ૧૧ મ્યુનિસિપાલિટીઓને ⅔ સભાસદો પસંદ કરવાની સત્તા હતી

અને ૧૧ મ્યુનિસિપાલિટીના તમામ સભાસદો સરકારે નીમેલા હતા. આ પ્રાંતની મ્યુનિસિપાલિટીઓમાં કુલ સભાસદો ૧૬૫૬ હતા તેઓમાં ૮૦૫ લોકે પસંદ કરેલા હતા. સભા ભરવાનો નિયમ બધે ઠેકાણે એક સરખો નહોતો; કેટલેક ઠેકાણે ઓછી અને કેટલેક ઠેકાણે જરૂર પ્રમાણે સભા ભરાઈ હતી. હમણા કારભારનાં ખાતાંનું કામ પુષ્કળ સબકમિટીઓને સોંપવાનો વહીવટ શરૂ થયાથી કારભાર બેશ ચાલે છે. કરનો બોજો માણસદીઠ રૂ૧.૪૩ પડે છે.

ઉપજ તથા ખર્ચ સને ૧૮૯૧-૯૨. ઉપજ રૂ૪૪,૨૮,૧૧૦. વિગતઃ—ઑકટ્રોઇ રૂ ૨૭,૦૩,૪૮૦; કર ઘરોપર તથા જમીનપર રૂ ૧,૨૨,૧૫૦; ગાડાં તથા જનાવરોપર રૂ૨૬,૨૭૦; પાણીપર રૂ૧,૦૫૦; શહેર સફાઈ રૂ ૬,૭૬૦; બીજા રૂ ૧૬,૨૫૦; ભાડું, ફી, દંડ, તથા પરચૂરણ રૂ૮,૦૩,૧૫૦; સરકારમાંથી તથા લોકલફંડમાંથી આવેલા રૂ ૨,૮૨,૭૮૦; દેવું રૂ ૪,૬૬,૨૨૦.

ખર્ચ રૂ૪૩,૫૪,૪૧૦. વિગતઃ—કર ઉઘરાવવા તથા વ્યવસ્થા રૂ૫,૬૭,૯૮૦; સાર્વજનિક સંરક્ષણ રૂ૬,૦૪,૯૪૦; આરોગ્ય રૂ૧,૫૪,૫૬૦; સોઇ રૂ૫,૯૬,૨૨૦; કેળવણી રૂ ૫,૩૧,૮૭૦; પરચૂરણ રૂ ૩,૭૨,૯૪૦; દેવું વાળવા ખાતે તથા અનામતખાતે રૂ૧,૩૪,૮૬૦.

ઉપજ તથા ખર્ચ સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ ૪૩,૨૯,૧૮૦. તપશીલઃ—કરખાતે રૂ ૨૭,૬૫,૪૬૦; કર સિવાય બીજે ખાતે રૂ ૧૦,૭૮,૨૦૦; કરજ ખાતે રૂ. ૪,૮૫,૫૨૦.

ખર્ચ ૩૪૪,૮૮,૯૫૦.

મધ્યપ્રાંતો.—એ પ્રાંતોને સને ૧૮૬૯ નો પંજાબનો કાયદો લાગુ પાડવામાં આવ્યો ત્યાં લગી મ્યુનિસિપાલિટીની વ્યવસ્થા કાયદાથી ઠરાવી નહોતી. એ પ્રાંતોને માટેજ સને ૧૮૭૩ માં કાયદો કરવામાં આવ્યો. ચુંટણીનું ધોરણ પહેલેથીજ અમલમાં હતું. સને ૧૮૮૯ માં નવા ધોરણ પ્રમાણે કાયદો થયો. એ પ્રાંતોમાં સરકારી સભાસદોનું પ્રમાણ વધારે છે અને તે વધારેમાં વધારે ત્રણ પંચમાંશ લગી વધારવામાં આવે છે.

સને ૧૮૯૧–૯૨ માં ૫૭ મ્યુનિસિપાલિટીઓ હતી અને તેમાંની એક એ સાલમાં બંધ કરવામાં આવી, તેથી સને ૧૮૯૨–૯૩ માં ૫૬ મ્યુનિસિપાલિટીઓ રહી. સને ૧૮૯૨–૯૩ માં ૬૨૯ સભાસદોમાં ૪૪૦ લોકે પસંદ કરેલા અને ૧૮૯ સરકારે નીમેલા હતા. યૂરોપી સભાસદો આશરે ⅙ હતા. સભાસદો પસંદ કરવાના કામમાં લોકો ઘણી ઉત્કંઠા બતાવે છે. નાગપુરની મ્યુનિસિપાલિટીનો કારભાર બેશ ચાલે છે અને બીજી મ્યુનિસિપાલિટીઓમાં પણ સભાસદો ઠીક લક્ષ આપે છે. ઑકટ્રોઈ કર નિયમિત રીતે વસૂલ કરવામાં આવે છે; આરોગ્યનાં કામો કરવા વિષે વધારે લક્ષ આપવું જોઇએ એવો સ્થાનિક સરકારનો અભિપ્રાય છે. કરનો બોજો માણસદીઠ ૩૧.૪૫ છે.

ઉપજ અને ખર્ચ અને ૧૮૯૧–૯૨. ઉપજ રૂ. ૧૭,૧૫,૭૬૦. વિગતઃ—ઑકટ્રોઈ ૩૮,૦૨,૧૬૦; દસ્તૂરી

રૂ ૭,૦૫૦; કર ઘરોપર તથા જમીનપર રૂ ૨૯,૬૦૦; ગાડાં તથા જનાવરોપર રૂ ૬૮૦; ધંધારોજગારપર રૂ૧૪,૭૯૦; પાણીપર રૂ ૨૯,૨૮૦; શહેર સફાઇ રૂ૮૫,૭૯૦; બીજા રૂ. ૫૧,૪૮૦; ભાડું, ફી, દંડ, તથા• પરચૂરણ રૂ૧,૫૬,૧૭૦ સરકારમાંથી તથા લોકલફંડમાંથી આવેલા રૂ ૨,૬૪,૫૨૦; દેવું રૂ ૨,૭૪,૨૪૦.

ખર્ચ રૂ૧૩,૮૭,૭૧૦. વિગતઃ—કરનું વસૂલ તથા વ્યવસ્થા રૂ૩,૩૫,૦૫૦; સાર્વજનિક સંરક્ષણ રૂ ૧૦,૦૧૦; આરોગ્ય રૂ૬,૧૬,૬૫૦;સોઇ રૂ૧,૪૬,૦૮૦;શિક્ષણ રૂ૧,૧૩,૪૫૦; પરચૂરણ રૂ ૬૦,૮૪૦; દેવું વાળવા ખાતે તથા અનામત ખાતે રૂ ૧,૦૫,૬૩૦.

ઉપજ અને ખર્ચ સને ૧૮૯૨–૯૩. ઉપજ રૂ. ૧૩,૪૪,૦૪૦. વિગતઃ—કરથી રૂ૯,૫૯,૫૬૦; કર સિવાય બીજી બાબતોથી રૂ૨,૮૪,૪૮૦; કરજ રૂ ૧,૦૦૦૦૦.

ખર્ચ રૂ ૧૫,૨૯,૪૨૦.

आसाम.—બંગાળામાં ચાલતા સને ૧૮૫૦, ૧૮૫૬, અને ૧૮૭૬ ના કાયદા આસામ પ્રાંતને લાગુ હતા. સને ૧૮૭૩ માં એ પ્રાંત જુદો પાડવામાં આવ્યો. હાલમાં ત્રણ મ્યુનિસિપાલિટીઓમાં બંગાળાના સને ૧૮૭૪ ના ૩ જા કાયદા પ્રમાણે અને બીજી ત્રણ મ્યુનિસિપાલીટીઓમાં સને ૧૮૭૬ ના કાયદા પ્રમાણે કામ ચાલે છે. એ સિવાય ગામના ત્રણ જથા છે અને તેઓની વ્યવસ્થા પહેલાંના જેવી છે, અને ત્રણ હવા ખાવાનાં સ્થળોમાં કમિટીઓ સ્થાપેલી છે.

સને ૧૮૯૧–૯૨ માં એ પ્રાંતમાં ૧૨ મ્યુનિસિપાલિટીઓ હતી. તેઓમાં ૧૨૬ સભાસદો હતા. એમાંના ૭૫ સભાસદો સરકારે નીમેલા અને ૫૧ લોકે પસંદ કરેલા હતા. એમાં સને ૧૮૯૨-૯૩ માં કાંઇપણ ફેરફાર થયો નહોતો.

એકંદરે મ્યુનિસિપાલિટીના કામમાં લોકોનું લક્ષ સાધારણજ છે. કરનો બોજો માણસદીઠ રૂ.૧.૨૦ પડે છે.

ઉપજ તથા ખર્ચ સને ૧૮૯૧–૯૨. ઉપજ રૂ૧,૫૬,૧૨૦. વિગતઃ—દસ્તૂરી રૂ૨૩,૮૪૦; કર ઘરોપર રૂ૪૫,૫૧૦; ગાડાં તથા જનાવરોપર રૂ૪,૯૩૦; પાણીપર રૂ ૧૨,૩૧૦; શહેર સફાઈ રૂ ૬,૫૫૦; ભાડું, ફી, વગેરે રૂ૪૦,૨૧૦; સરકારમાંથી તથા લોકલફંડમાંથી આવેલા રૂ ૨૧,૫૨૦; કરજ રૂ ૧,૨૫૦.

ખર્ચ રૂ ૧,૪૮,૨૬૦. વિગતઃ–કર ઉઘરાવવા તથા વ્યવસ્થા રૂ ૧૯,૬૪૦; સાર્વજનિક સંરક્ષણ રૂ ૩,૬૨૦; આરોગ્ય રૂ ૭૪,૭૫૦; સોઇ રૂ ૩૯,૯૫૦; શિક્ષણ રૂ ૪,૬૭૦; પરચૂરણ રૂ ૬૧૦; દેવું વાળવા ખાતે તથા અનામતખાતે રૂ. ૫,૦૨૦.

સને ૧૮૯૨–૯૩. ઉપજ રૂ૧,૫૩,૨૫૦. વિગતઃ—કર ખાતેથી રૂ૮૭,૨૯૦; બીજે ખાતેથી રૂ૬૨,૩૬૦; દેવું રૂ૩,૬૦૦.

ખર્ચ રૂ૧,૫૧,૬૦૦.

બ્રહ્મદેશ.—આ દેશમાં મ્યુનિસિપાલિટીની શરૂઆત બહુ મોડી થઈ, પરંતુ તે પછી તેનો પ્રસાર ઉતાવળે થયો. પહેલે તો સરકારના હુકમ પ્રમાણે વહીવટ ચાલતો હતો.

સને ૧૮૭૪ માં એ પ્રાંત માટે કાયદો થયો. તેની રૂઇએ સરકારને ૫,૦૦૦ કરતાં વધારે વસ્તીવાળાં ગામોમાં મ્યુનિસિપાલિટીઓ સ્થાપવાનો અધિકાર મળ્યો. રંગુનની મ્યુનિસિપાલિટીની અરજી પરથી તેને સભાસદો પસંદ કરવાની સત્તા પહેલ વહેલી સને ૧૮૮૨ માં આપવામાં આવી અને તેણે કરીને લોકોમાં બહુ જાગૃતિ આવેલી જણાઈ તેથી એકજ વરસમાં ત્રણ ચતુર્થાંશ સભાસદો અને પ્રેસિડંટ પસંદ કરવાની સત્તા બીજી પાંચ મ્યુનિસિપાલિટીઓને આપવામાં આવી. પોલીસનો ખર્ચ અગાઉ મ્યુનિસિપાલિટીઓને માથે હતો તે કહાડી નાંખ્યો અને તેમને નિશાળો તથા દવાખાનાંનો વહીવટ સોંપવામાં આવ્યો. એ સિવાય બીજે ઠેકાણે મ્યુનિસિપાલિટીના નમૂના પ્રમાણે કમિટીઓ નીમી, પરંતુ તેમને કર બેસાડવાનો અધિકાર આપ્યો નહોતો. આ પ્રાંતમાં ઑકટ્રાઈ કર કોઈ પણ વખતે નહોતો. સને ૧૮૮૪ ના ૧૭ મા કાયદાથી સને ૧૮૭૪ નો કાયદો રદ થયો અને તેની રૂઇએ મોટાં શહેરોને ત્રણ ચતુર્થાંશ સભાસદો પસંદ કરવાની સત્તા મળી. ઉપલો બ્રહ્મદેશ ચુંટણીનું તત્વ લાગુ પાડવાને હજુ લાયક થયો નથી, ત્યાં મધ્યપ્રાંતોના નમૂના પ્રમાણે સને ૧૮૮૭ ના ૫ મા રેગ્યુલેશનની રૂઇએ કમિટીઓ નીમવામાં આવે છે. એ કમિટીઓને થોડાક કર નાંખવાની સત્તા આપેલી છે અને તેમણે પોતાનાં કામો કરી પોલીસનો ખર્ચ પણ પોતાની ઉપજમાંથી કહાડવો એવું ઠરાવ્યું છે.

ઉપજ ખર્ચ સને ૧૮૯૧-૯૨ તથા સને ૧૮૯૨-૯૩.

ઉપજ.	ઉપલો બ્રહ્મદેશ. સને ૧૮૯૧-૯૨.	નીચલો બ્રહ્મદેશ.
	રૂપિઆ.	રૂપિઆ.
કસ્તુરી........................	૧,૮૨૦	૩૬,૨૯૦
કર ઘરોપર તથા જમીનપર.	૧,૯૧,૯૦૦	૪,૬૨,૧૮૦
ગાડાં તથા જનાવરોપર....	૧,૮૩૦	૯,૯૮૦
ધંધા રોજગારપર..........	૭૯૦	———
પાણી..................	———	૧,૫૨,૯૯૦
દીવાબત્તી......	———	૪૯,૩૯૦
શાહેરસફાઈ............	———	૧,૧૨,૮૯૦
ભાડું, ફી, અને પરચૂરણ.	૩,૫૫,૦૫૦	૮,૬૨,૨૧૦
સરકારમાંથી તથા લોકલ ફંડમાંથી આવેલા... ...	૨,૬૮૦	૬,૦૯,૫૪૦
કરજ......................	૪૧,૩૬૦	૪,૫૮,૮૨૦
	૫,૯૫,૪૩૦	૨૭,૫૪,૨૯૦
ખર્ચ		
કર વસૂલ કરવા તથા વ્યવસ્થા...	૭૮,૧૬૦	૨,૨૮,૨૪૦
સાર્વજનિક સંરક્ષણ, આરોગ્ય, અને સોઈ.	૫,૧૧,૫૧૦	૧૬,૦૦,૪૬૦
શિક્ષણ....................	૩,૦૦૦	૨,૨૮,૪૩૦
પરચૂરણ..................	૩૦,૭૫૦	૨,૩૦,૩૬૦
દેવું વાળવું તથા અનામત	૧૭,૪૭૦	૬,૭૭,૪૮૦
	૬,૪૦,૮૯૦	૨૯,૬૪,૯૭૦

ઉપલો બ્રહ્મદેશ--સને ૧૮૯૨-૯૩. નીચલો બ્રહ્મદેશ.

	રૂપિઆ.	રૂપિઆ.
ઉપજ....................	૬,૬૩,૮૨૦	૨૨,૯૪,૫૯૦
કરજ.	——	૩,૬૨,૩૩૦
	૬,૬૩,૮૨૦	૨૬,૫૬,૯૨૦
ખર્ચ હમેશનો.....	૬,૪૦,૨૪૦	૨૧,૨૩,૩૭૦
કરજ વાળવા ખાતે તથા અનામત ખાતે.	——	૪,૪૪,૦૯૦
	૬,૪૦,૨૪૦	૨૫,૬૭,૪૬૦

સને ૧૮૯૧-૯૨ માં નીચલા બ્રહ્મદેશમાં ૨૫ મ્યુનિસિપાલિટીઓ હતી અને તેઓના ૩૨૧ સભાસદોમાંના ૨૧૦ સરકારે નીમેલા અને ૧૧૧ લોકે પસંદ કરેલા હતા. સને ૧૮૯૨-૯૩ માં ૩૨૨ સભાસદો હતા તેઓમાં ૧૦૫ લોકે પસંદ કરેલા અને ૨૧૭ સરકારે નીમેલા હતા. એ સિવાય દશ ટૌનકમિટીઓ હતી. કરનો બોજો સને ૧૮૯૧-૯૨ માં માણસદીઠ ૩૧.૬૦ પડયો હતો. મહત્વની મ્યુનિસિપાલિટીઓ રંગુન અને મુલમેન એ બેજ ઠેકાણે છે. રંગુનમાં શાસ્ત્રીય રીતે પાણીનો નિકાલ કરવાની તજવીજ થયેલી છે.

ઉપલા બ્રહ્મદેશમાં સને ૧૮૯૧-૯૨ માં ૧૬ મ્યુનિસિપાલિટીઓ હતી. તેઓ સને ૧૮૯૨-૯૩ માં ઘટી ૧૫

ચર્ચ. માંડલેની મ્યુનિસિપાલિટી માત્ર મહત્વની છે. માણસદીઠ કરનો બોજો રૂ.૫૯ છે.

વરાડ.—આ પ્રાંતમાં સને ૧૮૭૩ ના પંજાબના કાયદા પ્રમાણે મૂળ કમિટીઓ સ્થાપન કરવામાં આવી. સને ૧૮૮૬ માં પરરાજ્ય (ફૉરિન) ખાતેથી બીજા પ્રાંતોની પેઠે આ પ્રાંતની મ્યુનિસિપાલિટીઓની વ્યવસ્થા કરવાને હુકમ કરવામાં આવ્યો. આ વ્યવસ્થા બીજા પ્રાંતોની મ્યુનિસિપાલિટીઓની વ્યવસ્થાના જેવીજ હોવાથી તેનો વધારે વિસ્તાર કરવાની જરૂર નથી.

વરાડમાં સને ૧૮૯૧–૯૨ માં આઠ મ્યુનિસિપાલિટીઓ હતી અને તેઓમાં ૧૨૯ સભાસદો હતા. તેઓમાંના ૯૦ સભાસદો લોકે પસંદ કરેલા અને ૩૯ સરકારે નીમેલા હતા. ચુંટણીની વેળાએ સેંકડે ૧૭ થી ૪૯ મત આપનારા લોકો જુદાં જુદાં શહેરોમાં મત આપવાને ગયા હતા. મ્યુનિસિપાલિટીની હદમાં રહેનારા લોકોમાંના સેંકડે ૪૨ માણસોને મત આપવાનો અધિકાર છે.

સને ૧૮૯૧–૯૨ ના દશવાર્ષિક રીપોર્ટમાં આ પ્રાંતની ઉપજ તથા ખર્ચની વિગત જુદી આપેલી નથી. નાના પ્રાંતોની તપશીલ એકઠી આપી છે તેથી સને ૧૮૯૨ ના રીપોર્ટમાંનીજ વિગત લીધી છે, પરંતુ તે પણ પુરેપુરી નથી.

ઉપજ સને ૧૮૯૨–૯૩ રૂ૨,૦૭,૯૯૦. વિગતઃ—ધંધા તથા રોજગારપર કર રૂ૪૪,૫૦૦; પાણીપર કર રૂ ૧૨,૭૫૦; શહેર સફાઇનો કર રૂ૧૯,૨૩૦; રૂ તથા ધાન્ય-

ની ખરીદી તથા વેચાણુપર કર (બે મ્યુનિસિપાલિટીમાં) રૂ૨૫,૭૩૦; માર્કેટ તથા મ્યુનિસિપાલિટીની બીજી મિલ્ક-તનું ભાડું રૂ૭૩,૭૧૦.

ખર્ચ રૂ૧,૯૪,૭૮૦. વિગતઃ—સાર્વજનિક સોઇ તથા આરોગ્ય રૂ૧,૪૪,૨૫૦; સંરક્ષણ રૂ૭,૯૨૦; શિક્ષણ રૂ ૧૭,૩૩૦; કર વસૂલ કરવા તથા વ્યવસ્થા રૂ૧૩,૬૩૦.

અજમેર અને કુર્ગ પ્રાંતો વિષે વિશેષ કહેવા જેવું કાંઈ નથી. એ પ્રાંતોની મ્યુનિસિપાલિટીની વ્યવસ્થા. બીજા પ્રાંતોના નમૂના પ્રમાણેજ છે.

પાર્લમેન્ટમાં રજુ થયેલા રીપોર્ટમાં અજમેર, કુર્ગ, અને વરાડ એ ત્રણ પ્રાંતોના આંકડા એકઠા આપેલા છે. અને ઉપજ તથા ખર્ચનું પત્રક પણ એકજ આપેલું છે. તે નીચે આપ્યું છેઃ—

સને ૧૮૯૧-૯૨ માં એ ત્રણે પ્રાંતોની એકઠી ઉપજ ૫,૫૯,૦૫૦. વિગતઃ—ઑાક્ટ્રોઈ ૨૨,૦૮,૩૩૦; ઘરો તથા જમીનપર કર ૨૧૧,૦૯૦; ગાડાં તથા વાહનોપર કર ૨૬૦૦; ધંધા રોજગારપર કર ૨૭,૬૬૦; શહેર સપ્લાઇપર કર ૨ ૧૦,૦૫૦; દંડ, ફી, વગેરે ૨૧,૧૧,૩૬૦; સરકારમાંથી તથા લોકલ ફંડમાંથી આવેલા ૨૨૦,૪૦૦; કરજ ૨૧,૮૯,૫૬૦.

ખર્ચ ૨૫,૬૧,૨૮૦. વિગતઃ—કર વસૂલ કરવા તથા વ્યવસ્થા ૨૫૪,૦૭૦; સાર્વજનિક સંરક્ષણ ૨૩૮,૧૫૦; આ-રોગ્ય ૨૨,૭૮,૩૩૦; સોઈ ૨૧,૦૪,૨૬૦; શિક્ષણ ૨૨૩,૪૪૦; પરચૂરણ ૨૪૩,૭૧૦; દેવું વાળવા તથા વ્યાજે મૂકવા ખાતે ૨૧૯,૩૨૦.

ઉપજ તથા ખર્ચ સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ૪,૯૯,૯૭૦. વિગતઃ—કર ખાતે રૂ૨,૮૭,૪૩૦; કર સિવાય બીજે ખાતે રૂ૧,૧૭,૨૪૦; કરજ રૂ૯૫,૩૦૦.

ખર્ચ રૂ૫,૨૨,૯૭૦.

સને ૧૮૯૨-૯૩ માં એ ત્રણે પ્રાંતોમાં બધી મળીને ૧૦ મ્યુનિસિપાલિટીઓ હતી. સને ૧૮૯૧-૯૨ માં એ મ્યુનિસિપાલિટીની હદમાં વસનારા લોકોપર કરનો બોજો માણસદીઠ ૩૦.૯૭ પડ્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા શરૂ થયાને બહુજ થોડાં વરસ થયાં છે તેથી તે અધિકાર જુદા જુદા ભાગોના લોકોને આપ્યાથી તથા ચુંટણીનું તત્વ પ્રચારમાં આણ્યાથી કેટલો ફાયદો થયો છે તે ખાતરીપૂર્વક કહી શકાય નહિ. એ બધો સમય અનુભવ થવામાંજ ગયો છે; તથાપિ સામટે મેળે જોતાં પાછાં પગલાં ભરાયાં છે એવું જણાતું નથી. આ દેશમાં દોલત અને વિદ્વત્તાનો આબરૂ જોડે સંબંધ ઘણીવાર કમી જોવામાં આવે છે અને સરસ્વતી (વિદ્યા) અને લક્ષ્મી (ધન) નું હાડવેર જાણીતુંજ છે, તેથી ચુંટણીથી સભાસદપણું મળ્યાથી પ્રતિષ્ઠા વધી એવું લોકો સમજતા નથી. એ કારણથી ઉપલા વર્ગના લોકોને સાધારણ લોકોની ખુશામત કરી લોકે પસંદ કરેલા સભાસદનું પદ મેળવવા કરતાં સરકાર તરફથી નીમાવું એ વધારે આબરૂભરેલું લાગે છે. બીજાં પાંચ દશ વરસમાં ઉપલા અને નીચલા વર્ગના લોકોમાં રાજનીતિતત્વોનું જ્ઞાન સાધારણ રી-

તે વધારે ફેલાશે અને હમણા જ્ઞાન વચલા વર્ગના લોકોમાંજ જાણે ભરાઇ બેઠું છે તેમ રહેશે નહિ; અને તેવું થયા પછી કાળાંતરે લડવૈયાઓ સાળવીઓ અને કુંભારોના પ્રતિનિધિ થઈ મુસદ્દીઓને અધિકારપરથી કહાડી મૂકશે એવું ધારવામાં આવે છે. (ઉપલા દરજાના લોકો મ્યુનિસિપાલિટીમાં આવવાને નાખુશ હોવાનું કારણ ઉપર આપ્યું છે તે બધાનેજ માન્ય થશે એમ નથી. પ્રાચીન લેખક વર્ગને પ્રાચીન તરવારબહાદુર વર્ગના લોકો થોડે અંશે અધિકારપરથી કહાડી મૂકશે એ વાત ખરી છે; પરંતુ તે સ્થિતિ, જે રીતે થતી દેખાય છે તેનો તથા એકંદર પરિણામનો વિચાર કરતાં બહુ ઇચ્છવા લાયક થશે એવું કહી શકાતું નથી. કલમ બહાદુરો પોતાની કલમ છોડી દઈ વેપારમાં પડશે અથવા તરવાર બહાદુરો પોતાનો ધંધો ન છોડતાં વિદ્વાન થશે અને પોતાની વર્તણુકથી સ્વતંત્રતા પર પ્રેમ રાખવાનો ધડો બીજાઓને આપવા માંડશે તો તે સ્થિતિ ઘણીજ દેશહિતકારક થશે. હાલના માપપરથી જોતાં બધાજ વર્ગો દમવગરના લેખકવર્ગમાં આવી ઉપર જે કહ્યું છે તેની સાબિતી દેખાડશે એવું ભય છે.)

મ્યુનિસિપાલિટીઓના હસ્તક કેટલી ઉપજ તથા ખર્ચ થાય છે તે હેઠલા પત્રકપરથી જણાઈ આવશે. મુકાબલો કરવાને સને ૧૮૮૧–૮૨ ના આંકડા આપ્યા છે. મ્યુનિસિપાલિટીઓની સંખ્યા ઓછી થવાનું કારણ એ છે કે પહેલાંની પુષ્કળ મ્યુનિસિપાલિટીઓ નીકળી જઈ તેમની વ્ય-

વસ્થા લોકલ બોર્ડોને સોંપવામાં આવી. પાણીનો તથા દીવાબત્તીનો કર સાધારણ થવાથી અને સરકારી મદદ અથવા અગાઉ જે સ્થાનિક કર સરકારમાં જતા તે મ્યુનિસિપાલિટીમાં આવ્યાથી એકંદરે આવકમાં વધારો થયો છે. એકંદરે સને ૧૮૯૧–૯૨ માં સેંકડે ૪૪ ટકા ખર્ચ આરોગ્ય ખાતે, ૨૧ ટકા રસ્તા વગેરે સોઇનાં કામો ખાતે, ૮ ટકા સંરક્ષણ ખાતે, ૬ ટકા શિક્ષણ ખાતે, અને ૧૦ ટકા કર વસૂલ કરવાના અને વ્યવસ્થા કરવાના કામમાં થયો હતો; બાકીના ૧૧ ટકા બીજી પરચૂરણ બાબતોમાં ખરચાયા હતા. ઑકટ્રોઈની ઉપજ સૌથી વધારે છે. સ્થાવર મિલ્કતના કરથી શુમારે વીસ ટકા ઉપજે છે; પાણી, દીવાબત્તી, વગેરેની તજવીજ કર્યાથી શુમારે ૧૫½ ટકા ઉપજે છે; દસ્તુરીના ૨¾ ટકા આવે છે. સાધારણ રીતે કરોથી ૭૬¼ ટકા ઉપજ થાય છે. બાકીના ૨૩¾ ટકા બીજી પરચૂરણ બાબતોથી ઉપજે છે. એકંદરે માણસદીઠ કર ૩૧½ પડે છે. એ કર ભારે નથી.

	સને ૧૮૮૧–૮૨.	સને ૧૮૯૧–૯૨
મ્યુનિસિપાલિટીની કુલ સંખ્યા...............	૭૯૪	૭૫૫
તેમની હદમાં વસતાં લોકોના સંખ્યા...........	૧,૪૨,૯૫,૫૦૨	૧,૫૭,૪૨,૫૮૧

	રૂપિઆ.	રૂપિઆ.
ઑાકટ્રોઇ કર...............	૭૦,૩૬,૨૭૦	૮૪,૫૯,૯૬૦
અસેસ્ડ (આકારેલા) કર...	૨૫,૨૩,૬૬૦	૨૫,૫૪,૧૫૦
બાજા કર	૭૧,૬૩,૮૩૦	૧,૨૪,૮૬,૩૬૦
કરની કુલ ઉપજ.........	૧,૬૭,૨૩,૭૬૦	૨,૩૫,૦૦,૪૭૦
બીજી ઉપજની બાબતો...	૫૯,૩૯,૬૯૦	૧,૦૪,૫૫,૪૭૦
હમેશની કુલ ઉપજ.......	૨,૨૬,૬૩,૪૫૦	૩,૩૯,૫૫,૯૪૦
દેવું અને અનામત......	૬૩,૯૮,૯૭૦	૬,૪૮,૦૭,૮૦૦
કુલ ઉપજ............	૨,૯૦,૬૨,૪૨૦	૯,૮૭,૬૩,૭૪૦

ચાલુ ખર્ચ	૨,૪૫,૯૩,૬૭૦	૩,૯૦,૨૪,૦૯૦
દેવું વાળવું તથા અનામત...	૬૫,૧૯,૯૬૦	૫,૮૨,૨૨,૩૬૦
કુલ ખર્ચ ...	૩,૧૧,૧૩,૬૩૦	૯,૭૨,૪૬,૪૫૦
	રૂપિઆ.	રૂપિઆ.
માણસદીઠ કરનું સરાસરી પ્રમાણ.... ...	૧.૧૩	૧.૪૯

આ પત્રકના આંકડાની વિગત ઉપર આપેલી છે તેપરથી જુદા જુદા પ્રાંતોમાં કિયા કિયા કરો છે તે જણાઈ આવશે.

ઑક્ટ્રોઈ:—એકંદરે હિંદુસ્તાનના લોકોને સીધા કર ગમતા નથી ઑાકટ્રોઈ કર આડકતરો હોવાથી લોકોને પસંદ પડે એ સ્વાભાવિક છે. એ કરનો બોજો ઘણો હલકો છે અને પહેલાંના અમલથી તે કર લેવાનો ચાલ હોવાથી લો-

કોને તે આપવાની ટેવ પડેલી છે અને તેથી તે કરના જેવો લાગતોએ નથી.

આ કર અર્થશાસ્ત્રના નિયમો પ્રમાણે યોગ્ય નથી. તે ગામમાં ખપતા માલપરજ લેવાનો નિયમ રહેવો અશકય છે. શહેરમાં થઇને જતા માલપર એ કર નાંખવાથી વેપારને અડચણકર્ત્તા થઇ પડે છે; કારણ કે આજુબાજૂનાં ગામોનાં જે માલ ખરીદ થઇને જાય છે તે પર કર લેવાથી તે ગામોને ફાયદો ન થતાં તેઓપર કર નાંખવા જેવું થાય છે. એ કારણથી સરકાર આ હરકત વારંવાર મ્યુનિસિપાલિટીના ધ્યાનપર લાવી તે કહાડી નંખાવવા પર નજર રાખે છે અને તે કર ઉઘરાવવાના કામપર સખ્ત દેખરેખ રાખે છે. એ કર લેવાની અને તે કેવી રીતે વસૂલ કરવામાં આવે છે તેની તપાસ રાખવાની બાબતમાં સરકારે કેટલાક નિયમો બાંધ્યા છે. સ્થાનિક ખપતા માલપર કર લેવો, તેવો માલ નહોતાં વેપારને અર્થે માલ બહાર ગામ જતો હોય તો તે પર, અને જે પર તરીજકાત (સી-કસ્ટમ) ના કાયદા પ્રમાણે દસ્તૂરી લેવામાં આવે છે તે માલપર કર લેવો નહિ, અને શહેરમાં થઇને જતા માલપર લીધેલો કર પાછો આપવો એવું ઠરાવ્યું છે. જુદા જુદા પ્રાંતોમાં લોકો જુદાં જુદાં ધાન્ય અને બીજા પદાર્થો કેટલાં પકવે છે તેના અજમાયશી આંકડા ઠરાવવામાં આવ્યા છે, અને તે પ્રમાણે અમુક શહેરમાં કર આપનારા માલની ખપત કેટલી થઈ તે જાણવામાં આવે છે; અને તે પ્રમાણ ક-

રતાં ઘણો વધારે ખપ થયો હશે તો ત્યાં થઇને પરગામ ગયેલા માલપર કર લેવામાં આવ્યો એવું અનુમાન કરવામાં આવે છે. પરંતુ આ મેળ પણ કોઈવાર બરાબર મળતો નથી. ધોરી રસ્તાપર ન હોય તેવાં ગામોમાં અથવા વચમાં આવેલું હોઇ જે ગામમાં દેવસ્થાનને લીધે જાત્રાળુ લોકો વધારે આવે છે તે ગામમાં લોકોની સંખ્યા પરથી કાઢેલું ખપતનું પ્રમાણ ખોટું પડે છે. એકંદરે તર્પણનો તથા વિરૂદ્ધનો વિચાર કરી કરનો દર ઓછો કર્યાથી તથા પરગામ જતા માલપર લીધેલો કર પાછો આપ્યાથી હેતુ ઘણે દરજે પાર પડે છે એવું ઠર્યું છે.

હવે ઈલાકાનાં ત્રણ શહેરોની મ્યુનિસિપાલિટીઓની હકીકત આપણે આપીશું એટલે મ્યુનિસિપાલિટીઓનું વર્ણન પૂરૂં થશે.

કલકત્તા, મદ્રાસ, અને મુંબાઈ એ ત્રણ રાજધાનીઓમાં સ્થાનિક સ્વરાજ્ય ઘણા સમયથી છે. સને ૧૬૮૭ માં ડિરેક્ટરોની કોર્ટે દરેક ઇલાકાના શહેરમાં સ્થાનિક વ્યવસ્થાને માટે કર બેસાડી વસૂલ કરવાને યૂરોપીઓની અને દેશીઓની એક સભા સ્થાપન કરી હતી, પરંતુ તે ઘણા દિવસ ચાલી નહિ. રેગ્યુલેટિંગ આક્ટ (૩૩ જ્યૉર્જ ૩ જો, ચાપ્ટર ૫૨) ની રૂએ ગવર્નર-જનરલને સ્થાનિક કામો માટે કર નાંખવાનો સ્પષ્ટ અધિકાર મળ્યો. તે કાયદાથી નીમાયલા સુલેહના અમલદાર (જસ્ટિસ આવ ધ પીસ) રસ્તા કરવા, શહેરની સફાઈ રાખવી, રોનની તજવીજ કરવી, વગેરે કામની દેખરેખ રાખતા. પછી સને ૧૮૫૬ માં

એ કામ પગારદાર મ્યુનિસિપાલ કમિશનરોને સોંપવામાં આવ્યું. એ કમિશનરો ત્રણ હતા અને તેઓમાંનો એક પ્રેસિડંટ હતો. એ સમય લગી હિંદ સરકારના કાયદા પ્રમાણે ત્રણે શહેરોમાં એકસરખો વહીવટ ચાલતો હતો. પછી ત્રણે ઈલાકા માટે કૌન્સિલમાં જુદા જુદા કાયદા મંજૂર થઈ તે પ્રમાણે જુદો જુદો વહીવટ ચાલ્યો.

कलकत्ता.—કલકત્તા મ્યુનિસિપાલિટીને માટે સને ૧૮૬૩, ૧૮૭૬, અને ૧૮૮૮ માં કાયદા થયા અને દરેક વખતે તેની વ્યવસ્થામાં ફેરફાર થયો. પહેલા કાયદા પ્રમાણે મ્યુનિસિપાલ કૉર્પોરેશનના ચેરમેનની નીમણુક સરકાર કરતી અને શહેરમાં રહેનારા બધા સુલેહના અમલદારો મેમ્બરો હતા. સને ૧૮૭૬ ના કાયદાથી લોકે સભાસદો પસંદ કરવાની પદ્ધતિ શરૂ થઈ. આ કાયદાથી ઠરેલી કૉર્પોરેશનમાં એક ચેરમેન અને ૭૨ કમિશનરો હતા અને તેઓમાંના ⅔ કર ભરનારાઓએ નીમેલા હતા. મત આપવાના કાગળો ઘેર મોકલી તેમાં તેમનાં મત લખી મંગાવવામાં આવતાં. સને ૧૮૮૮ ના કાયદાથી કાગળો ઘેર મોકલી તેમાં મત નોંધી મંગાવવાનો રિવાજ બંધ પડ્યો અને મત આપનારાઓએ પંડે પોલિંગ ઑફિસરની રૂબરૂ આવીને મત આપવાનું ઠર્યું અને તેમને કેટલેક પ્રસંગે એક કરતાં વધારે મત આપવાનો અધિકાર મળ્યો.

કલકત્તા શહેરમાં વ્યવસ્થાના કામમાં ઘણી અડચણ આવેછે. તે કેવળ સપાટ હોવાથી પાણી પૂરું પાડી તેનો નિકાલ કરવાનું કામ બહુ અઘરૂં અને ભારે ખર્ચ થાય

તેવું છે. એ શહેરની હદ્દમાં ખાનગી જમીન ઝુંપડાં બાંધીને રહેવા સારૂ આપેલી છે; ત્યાં ગલીચી ઘણી છે. શહેરનાં પરાંમાં પુષ્કળ વાડીઓ છે તેમની સફાઈ સને ૧૮૮૯ લગી સ્વતંત્રપણે કરવામાં આવતી હતી. પછી તેમની ગંદી હાલત સંબંધી ઘણી તકરાર થવાથી છેવટે તે વાડીઓ શહેરની મ્યુનિસિપાલિટીની હદ્દમાં દાખલ કરી અને તે હદ્દમાં મ્યુનિસિપાલિટીએ અમુક રકમ ખરચવીજ જોઇએ એવું ઠર્યું. હમણા તે પ્રમાણે વહીવટ ચાલે છે. એ શહેરમાં કોગળિયાનો વાસ સ્થાયી છે, તોપણ હાલમાં ચોખ્ખું પાણી પૂરૂં પાડવાથી પહેલાં કરતાં ઘણો સુધારો થયો છે.

પૈસાની બાબતમાં મ્યુનિસિપાલિટીની સ્થિતિ સારી છે. એનો પુરાવો એ છે કે એ વરસપર મ્યુનિસિપાલિટીએ કરજ કહાડવાની જાહેર ખબર આપી હતી તેવારે જેટલી રકમનો ખપ હતો તેનાથી ૭ ગણી રકમ આપવાની લોકોએ કબૂલાત આપી હતી. કમિશનરો લક્ષ આપી કાળજીથી અને સારી રીતે કામ કરે છે; પરંતુ કર વસૂલ કરવામાં થોડી ભૂલ છે એવો સ્થાનિક સરકારે સને ૧૮૯૨–૯૩ માં અભિપ્રાય આપ્યો હતો.

કરનો બોજો માણસદીઠ શહેરમાં સેંકડે રૂ૭.૨૫ અને પરાંમાં રૂ૨.૬૯ પડે છે. સને ૧૮૮૨ માં દેવાની રકમ રૂ ૧,૨૪,૦૨,૨૭૦ હતી અને સને ૧૮૯૨–૯૩ માં રૂ ૨૩,૦૦,૬૧,૧૭૦ હતી.

ઉપજ અને ખર્ચના સંબંધમાં આ મ્યુનિસિપાલિટીની સ્થિતિ હેઠળ લખ્યા પ્રમાણે છે.

સને ૧૮૯૧-૯૨ માં આ મ્યુનિસિપાલિટીની ઉપજ રૂ૪૫,૬૫,૦૮૦ થઈ હતી. તેમાં કર રૂ૩૨,૨૩,૫૮૦, અને ધંધાવેરો રૂ૫,૨૫,૧૧૦ એ મુખ્ય બાબતો હતી. ખર્ચ રૂ ૪૪,૯૮,૮૬૦ થયો હતો. શિક્ષણનો ખર્ચ શુમારે રૂ ૨,૯૩૦ હતો.

સને ૧૮૯૨-૯૩ માં ઉપજ રૂ૪૩,૦૦,૪૩૦ હતી. તેમાં કર રૂ૩૩,૧૧,૯૯૦ અને ધંધાવેરો રૂ૫,૩૬,૬૧૦ હતો.

ખર્ચ રૂ૪૩,૬૩,૬૩૦ હતો. એ વરસમાં પણ શિક્ષણનો ખર્ચ બહુજ ઓછો થયો હતો.

સને ૧૮૮૨-૮૩ માં ઉપજ રૂ૨૭,૦૭,૧૨૦ હતી. એમાં કર રૂ૧૬,૧૬,૭૧૦ અને ધંધાવેરો રૂ૪,૫૦,૧૮૦ હતો.

ખર્ચ રૂ૨૨,૬૫,૬૦૦ હતો.

મુંબાઈ શહેર.—મુંબાઈ સરકારે મ્યુનિસિપાલિટીના સંબંધમાં સને ૧૮૬૫, ૧૮૭૨, અને ૧૮૭૮ માં કાયદા કર્યા અને તે પછી હાલનો કાયદો થયો. સને ૧૮૬૫ ના કાયદાથી શહેરને માટે નીમેલા સુલેહના અમલદારો અને એક પગારદાર કમિશનર મ્યુનિસિપાલિટીનો કારભાર ચલાવતા હતા. વ્યવસ્થાની અને ઉપજ ખર્ચની તમામ જવાબદારી કમિશનરને માથે હતી. સુલેહના અમલદારોને બજેટ તપાસવાની સત્તા હતી, પરંતુ તે માત્ર નામની હતી. સને ૧૮૭૨ ના કાયદાથી ચુંટણીનું ધોરણ પહેલ વહેલું દાખલ કરવામાં આવ્યું અને હમણા છે તે પ્રમાણે કૉર્પોરેશન અને ટૌન-કૌન્સિલ સ્થાપન થઈ. પછી સને ૧૮૭૮ માં આ કાયદામાં કેટલોક સુધારો થયો અને તે પછી હમણા ચા-

સતો કાયદો સને ૧૮૮૮ માં થયો. એ કાયદાની રૂઇએ કૉર્પોરેશનમાં ૭૨ સભાસદો છે તેઓમાંના ૩૬ મોહોલ્લા (વાર્ડ)ના લોકોએ. ૧૬ સુલેહના અમલદારોએ. ૨ યુનિવર્સિટીની સેનેટે, અને બે ચેમ્બરં આવ કૉમર્સ નામે વેપારી મંડળીએ પસંદ કરવાના છે. કમિશનર સુદ્ધાં ૧૬ સભાસદોની નીમણુક સરકાર કરે છે. પહેલાંની ટૌન–કૌન્સિલને ઠામે હમણા કૉર્પોરેશનની સ્ટાન્ડિંગ કમિટી છે. એમાં ૧૨ સભાસદો હોય છે અને તેઓજ પોતાનો ચેરમેન નીમે છે; અને કમિશનર એ સભામાં મેમ્બર હોય છે. શિક્ષણની અને દવાખાનાંની વ્યવસ્થાનું કામ કૉર્પોરેશને અને સરકારે નીમેલી સંયુક્ત કમિટીના હસ્તક કરવાનો તથા જુદાં જુદાં કામો જુદી જુદી કમિટીઓમાં વહેંચી નાંખવાનો આરંભ આ કાયદાથીજ થયો છે.

આ શહેરમાં ખર્ચની બાબતો પુષ્કળ છે. ગોદી અને રૂનાં કારખાનાં થવાથી રસ્તાનો વિસ્તાર ઘણો વધ્યો છે; પાણી છેટેથી આણવું પડ્યું છે અને શહેર સપાટીપર હોવાથી ગંદા પાણીનો નિકાલ કરવાને ઘણી યુક્તિઓ કરવી પડી છે. જગ્યાના સંકોચને લીધે વસ્તી વધવાનો ઠામ રહ્યો નથી. ઉપલા વર્ગના લોકોએ હમણા શહેરની બહાર પાસે પાસે આવેલાં ગામોમાં રહેવા માંડ્યું છે, પરંતુ ધંધારોજગાર ચલાવનારી મંડળીઓને ગામમાંજ રહેવું પડે છે તેથી શહેરના મધ્ય ભાગમાં ઘણીજ દાટ વસ્તી થઈ છે. ગટરો બાંધવાનું કામ પહેલેથીજ પદ્ધતિ પ્રમાણે ઠરાવેલું ન હોવાથી ઉતાવળે થયું નથી. હમણા મિ. બાંલ્ડવિન લાથમે

એ બાબતનો વિચાર કરી બે ઉપાય સૂચવ્યા છે અને તેઓનો અનુભવ કરી જોવાનું કામ ચાલે છે.

પાણી પૂરૂં પાડવાનો પ્રયત્ન વધારે સફળ થયો છે. એ કામનો આરંભ પહેલ વહેલો વિહારના તળાવથી થયો. એ કામ સને ૧૮૬૦ માં પૂરૂં થયું. સને ૧૮૭૨ માં તુલસીનું તળાવ બંધાયું તે છતાં પાણી પૂરૂં પડયું નહિ, તેથી મુંબાઇથી ૫૪ મૈલને છેટે ઘાટમાંની એક ખીણમાં નદીમાં પુસ્તો બાંધી પાણી આણેલું છે. આ તાનસા તળાવનું પાણી શહેરના લોકોને આપવાનો સમારંભ વાઇસરૉયે પંડે આવીને કર્યો (સને ૧૮૯૨). એ કામ ૭ વર્ષે પૂરૂં થયું અને દોઢ કરોડ રૂપિઆનો ખર્ચ થયો. આ તળાવનો બાંધેલો પુસ્તો બે મૈલ લાંબો છે અને એના કરતાં મોટો બાંધ દુનિયામાં નથી. એ તળાવનું ક્ષેત્રફળ ૬ ચોરસ મૈલ છે. આ મ્યુનિસિપાલિટીની મિલ્કતની કીમત શુમારે પાંચ કરોડ અઠ્ઠાવીસ લાખ રૂપિઆ છે અને દેવું ત્રણ કરોડ સિત્તેર લાખ રૂપિઆ છે. ઉપજ ખર્ચની હકીકત હેઠળ આપી છેઃ—

ઉપજ.

	સને ૧૮૮૧. રૂપિઆ.	સને ૧૮૯૧-૯૨ રૂપિઆ.
સેંકડે ૮ ટકા કર એકઠા કરેલા.	૧૦,૫૮,૮૧૦	૧૯,૧૯,૩૪૦
ટૌનડયુટી....................	૬,૩૭,૪૮૦	૮,૪૦,૨૨૦
ગાડાંપર કર..................	૨,૩૩,૩૭૦	૩,૪૨,૯૭૦
હલાલખોર વેરો...............	૨,૮૧,૮૦૦	૫,૫૫,૮૮૦
પાણીનો કર..................	૫,૨૪,૮૨૦	૧૧,૮૧,૪૩૦

પરવાના......................	૩,૦૫,૩૮૦	૩,૨૯,૯૦૦
બીજી બાબતો...............	૮,૩૨,૦૩૦	૯,૧૪,૯૬૦
કુલ	૩૮,૭૩,૫૯૦	૬૦,૮૪,૭૦૦

ખર્ચ.

વ્યવસ્થા અને કર વસૂલ કરવા......................	૨,૮૬,૩૦૦	૪,૬૫,૯૨૦
પોલીસ અને આગ હોલવવી	૩,૮૬,૯૯૦	૩,૪૬,૯૬૦
શહેર સફાઈ...............	૮,૦૧,૪૪૦	૧૨,૯૨,૫૩૦
સાર્વજનિક કામો...........	૯,૧૬,૭૦૦	૧૫,૮૫,૭૧૦ *
દવાખાનાં..................	૨૦,૪૩૦	૫૦,૨૮૦
કેળવણી....................	૧૭,૫૦૦	૮૦,૭૨૦
કરજ વાળવું..............	૭,૪૭,૨૧૦	૧૬,૩૭,૪૧૦
બીજો ખર્ચ.................	૬,૨૨,૩૦૦	૨,૧૧,૧૫૦
કુલ	૩૭,૯૮,૮૭૦	૫૬,૭૦,૬૮૦

સને ૧૮૯૨-૯૩ માં ઉપજ રૂ૬૬,૬૫, ૧૧૦.

એજન ખર્ચ રૂ ૯૨,૧૧,૧૯૦.×

સને ૧૮૮૧ માં માણુસદીઠ કરનો બોજો રૂ ૩.૯૦ અને સને ૧૮૯૧-૯૨ માં રૂ. ૬.૨૯ હતો.

* એ સિવાય કરજ કહાડીને રૂ૩૪,૨૦,૫૪૦ નાં કામ આ વરસમાં થયાં હતાં.

× એમાંના રૂ૨૬,૬૫,૬૮૦ કરજે કહાડેલા છે.

મદ્રાસ શહેર.—એ શહેરની કાયદા બાંધનારી કૌન્સિલમાં મ્યુનિસિપાલિટીને લગતા ત્રણ કાયદા સને ૧૮૬૭, ૧૮૭૮ અને ૧૮૮૪ માં થયા. પહેલા કાયદાથી ૩૨ સભાસદોની સભા સ્થાપન થઈ. તેનો પ્રેસિડંટ પગારદાર હતો. સભાસદો પસંદ કરવાની લોકોને છૂટ આપવાનો કાયદામાં ઠરાવ હતો, પરંતુ તે અમલમાં આવ્યો ન હતો. સને ૧૮૭૮ ના કાયદાથી નીમે સભાસદો પસંદ કરવાની સત્તા કર ભરનારા લોકોને મળી. એ કાયદો સને ૧૮૮૪ માં રદ્દ થઈ નવો કાયદો થયો તેમાં ૨૪ સભાસદો કર આપનારા લોકોએ પસંદ કરવાનું અને ૧૧ સરકારે નીમવાનું ઠર્યું. વસ્તીના પ્રમાણમાં સેંકડે શુમારે એક માણસને મત આપવાનો અધિકાર છે.

આ શહેરનાં છેલ્લાં દશ વર્ષનો ઇતિહાસ પાણી તથા તેના નિકાલને લગતી સ્વાભાવિક અડચણો દૂર કરવાને કીધેલા પ્રયત્નોનું વર્ણન છે. એ શહેર પણ સપાટીપર હોવાથી જે ભાગનું ગંદું પાણી સમુદ્રમાં જતું નથી તે ભાગનું પાણી બહાર લઈ જવાને કૃત્રિમ ઉપાય અને યંત્રની યોજના કરવી પડી છે. પાણી લાવવાની બાબતમાં વિલાયતથી તે શાસ્ત્રમાં નિપુણ પંડિતને ખાસ બોલાવી તેની કને તપાસ અને અડસટ્ટા કરાવવામાં આવે છે. આ શહેરમાં મેલું કહાડવાની ગોઠવણ જેવી જોઇએ તેવી નથી. મૃત્યુનું પ્રમાણ પણ વધારે છે.

આ શહેરમાં ઝાઝો વેપાર ન હોવાથી પરદેશીઓ ઝાઝા આવતા નથી. સને ૧૮૯૧ માં વસ્તીની ગણતરી થઈ

તે વેળા સેંકડે સિત્તેર માણસ એ શહેરમાંજ જન્મેલા છે એવું જણાયું હતું. એ કારણથી એ શહેરમાં જન્મ મરણુની નોંધ બરાબર રહે છે. મૃત્યુની સંખ્યા વધવાનું કારણ એ છે કે મુસાફરોની વસ્તી નથી અને નાની ઉમરનાં છોકરાં વધારે મરણ પામે છે. મુંબાઈ જેવા વેપારના શહેરમાં પ્રવાસીઓની વસ્તી ઘણી હોવાથી છડા રહેનારા લોકો ઝાઝા હોય છે, તેથી તેમનાં કુટુંબમાં જન્મ મરણ થવાથી તે શહેરની સંખ્યાપર અસર થતી નથી.

આ શહેરમાં હજુ પાણીની તંગી છે. આ શહેરપર કરનો બોજો ઘણો થોડો છે તેનું કારણ એ છે કે ઝાઝો વેપાર ન હોવાથી મિલ્કતની કીંમત વધી નથી અને તેથી જુજ પ્રમાણના કરની આકારણી કરવામાં આવે છે. સને ૧૮૮૧ માં કરનો બોજો માણસદીઠ રૂ૧.૮૭ હતો અને સને ૧૮૯૧ માં રૂ૧.૯૪ હતો. દેવું સને ૧૮૯૧ માં રૂ ૨૮,૭૦,૦૦૦ અને સને ૧૮૯૨-૯૩ માં રૂ૨૭,૦૦૦૦૦ હતું.

ઉપજ.

	સને ૧૮૮૧-૮૨. રૂપિઆ.	સને ૧૮૯૧-૯૨ રૂપિઆ.
કર ઘરો તથા જમીનપર...	૩,૪૧,૮૪૦	૩,૬૯,૫૪૦
કર ગાડાં તથા જનાવરોપર.	૬૭,૯૩૦	૭૨,૧૭૦
કર ધંધા રોજગારપર......	૪૭,૨૫૦	૬૫,૪૮૦
દસ્તૂરી.......	૪૦,૯૮૦	૪૯,૧૦૦
પાણીનો કર................	૧,૧૯,૦૨૦	૧,૪૪,૪૩૦

દીવાબત્તીનો કર............	૪૧,૪૬૦	૪૫,૮૧૦
પરચૂરણ......................	૧,૨૦,૧૮૦	૩,૨૪,૮૬૦
કુલ	૭,૭૮,૬૬૦	૧૦,૭૧,૩૯૦

ખર્ચ.

વ્યવસ્થા..................	૧,૦૩,૭૧૦	૯૨,૯૬૦
શિક્ષણ....................	૧૦,૪૯૦	૧૦,૦૧૦
રસ્તા......................	૧,૯૩,૬૪૦	૨,૭૩,૪૫૦
સફાઇ.....................	૨,૧૯,૮૦૦	૩,૫૬,૦૩૦
દવાખાનાં................	૨૧,૭૨૦	૫૭,૬૧૦
દીવાબત્તી................	૪૧,૮૧૦	૪૭,૭૫૦
બીજાં કામો..............	૨૯,૨૬૦	૧.૧૯,૫૮૦
કરજ વાળવા ખાતે.......	૯૧,૫૨૦	૧,૯૬,૨૮૦
કુલ	૭,૧૧,૯૫૦	૧૧,૫૩,૬૭૦

સને ૧૮૯૨-૯૩ માં ઉપજ રૂ૧૩,[illegible]૯,૪૭૦, અને ખર્ચ રૂ૧૦,૯૮,૬૫૦ થયો હતો.

લોકલ બોર્ડો.

લોકલ બોર્ડો.—સ્થાનિક કામોને માટે નાંખેલા કરનાં નાણાંની વ્યવસ્થા જુદે જુદે ઠેકાણે મંડળીઓ નીમી તેમના હસ્તક થવા માંડ્યાને શુમારે પચીસ વરસ થયાં હશે. જુદા જુદા દેશોની વ્યવસ્થા જુદે જુદે ધોરણે ચાલે છે. એ ખાતાની ઉપજની બાબતો દસ્તૂરી, હોડીઓની તથા બીજા પ્ર-

કારની ફી તથા જમીનપર જુદો કર લેવામાં આવે છે તે છે; એ સિવાય સરકારમાંથી પણ કેટલીક મદદ મળે છે. રસ્તા, દવાખાનાં, તથા નિશાળોને લગતો ઘણો ખર્ચ પણ આ સ્થાનિક મંડળીઓ તરફથી થાય છે. જિલ્લામાં વસૂલ આવેલા પૈસાનો ખર્ચ તેજ જિલ્લામાં કરવો એવો આ પદ્ધતિનો હેતુ છે. પહેલાં દરેક જિલ્લાની વ્યવસ્થા જિલ્લાની એક કમિટીને હસ્તક થતી હતી. મુંબાઇ અને મદ્રાસ ઇલાકામાં જિલ્લાના પેટા વિભાગોમાં જુદી જુદી કમિટીઓ હતી, પરંતુ તેમનું કામ જિલ્લા કમિટી હુકમ કરે તે પ્રમાણે કામો બજાવવાં એટલુંજ હતું. સને ૧૮૮૩ થી આ કમિટીઓનું બંધારણ મ્યુનિસિપાલિટીઓના ધોરણે કરવામાં આવ્યું. હવે જિલ્લાની અને તાલુકાની બોર્ડોમાં તે તે હદમાં રહેનારા અથવા જમીન ધારણ કરનારા લોકો તરફથી અથવા બીજાં કારણોથી મત આપવાને લાયક ઠરાવેલા લોકો તરફથી પ્રતિનિધિઓ નીમવામાં આવે છે. જિલ્લાની બોર્ડોમાં તાલુકા કમિટીઓમાંથી પસંદ કરેલા કેટલાક મેમ્બરો હોય છે, અને તે સિવાય જિલ્લાનાં મોટાં શહેરોની તર્ફના પણ મેમ્બરો હોય છે. આ નવા કાયદાથી તાલુકાની બોર્ડોને સ્વતંત્રપણે કામ કરવાની ઘણી સત્તા આપેલી છે અને વળી તે બોર્ડોનો અને જિલ્લા બોર્ડોનો સંબંધ મુકરર કરેલો છે.

લોકલ બોર્ડોમાં સરકારે નીમેલા અને સરકારી નોકરી માંહેલા સભાસદો લોકે પસંદ કરેલા સભાસદો કરતાં મ્યુનિસિપાલિટીઓના મેમ્બરોના પ્રમાણમાં વધારે હોય છે. એમ આ બે પ્રકારની મંડળીઓમાં ફેર હોવાનું કારણ એ

છે કે લોકલ બોર્ડોનાં કામો જુદે જુદે ઠેકાણે અને છેટે છેટેના ભાગોમાં કરવાનાં હોય છે અને તેમાં જુદાં જુદાં ઠેકાણાંના લોકોનાં ભિન્ન ભિન્ન પ્રકારનાં હિત જોડાયલાં હોય છે; તેમજ આ બોર્ડોની ઉપજનો મોટો ભાગ જે કરનો જમીન જોડે અતિ નિકટનો સંબંધ છે અને તેની જોડેજ વસુલ થાય છે તે કરનો છે, તેથી આ બોર્ડોનાં કામો સરકારી નોકરોને માથે વિશેષ પડે છે અને એજ કારણથી જિલ્લાના અને જિલ્લાના પેટા વિભાગના મુખ્ય અધિકારીઓને આ કમિટીના પ્રેસિડંટ નીમવાની જરૂર પડે છે.

મદ્રાસ ઇલાકામાં સને ૧૮૭૧ માં લોકલ બોર્ડ સ્થાપન થઈ. એની પહેલાંથી પણ એટલે ઇ. સ. ૧૮૫૭ થી જુદા કાયદાથી કેટલાક કર વગેરે બેસાડેલા હતા, પરંતુ તે કરની વ્યવસ્થા વિશેષ બોર્ડોને સને ૧૮૭૧માંજ પહેલ વહેલી સોંપવામાં આવી. એ વરસમાં જિલ્લાના ભાગ પાડી પ્રત્યેકમાં આ કામ સારૂ એક એક કમિટી નીમી; તેનો પ્રેસિડંટ કલેક્ટર હતો, અને નીમે સભાસદો સરકારી નોકરીમાં નહિ એવા માણસો હતા. એ સઘળા સભાસદોની નીમણુક સરકાર તરફથી થતી હતી. હમણાની વ્યવસ્થા સને ૧૮૮૪ ના ૫ મા કાયદા પ્રમાણે ચાલે છે. હમણા દરેક જિલ્લામાં એક એક બોર્ડ હોય છે અને તેમાં ચોવીસથી ઓછા નહિ એટલા સભાસદો હોય છે અને તેનો પ્રેસિડંટ કલેક્ટર હોય છે. સરકારી નોકરોનું પ્રમાણ પહેલાં કરતાં ઘટાડવામાં આવ્યું છે. હમણા ½ સભાસદો સરકારી નોકરીમાંના હોઇ શકે. હમણા જિલ્લા બોર્ડના નીમે સભા-

સદો પેટા વિભાગની બોર્ડ પસંદ કરેલા હોય છે. યોગ્ય જણાય તે ભાગમાં આ બોર્ડના ત્રણ ચતુર્થાંશ લગી સભાસદો પસંદ કરવાની છૂટ લોકોને આપવાની સ્થાનિક સરકારને સત્તા છે. તાલુકાઓમાં ઉપલી બોર્ડોના નમૂના પ્રમાણેજ બોર્ડો સ્થાપન કરેલી છે. તેઓના સભાસદોની નીમણુક અદ્યાપિ (સને ૧૮૯૨–૯૩) સરકાર તરફથીજ કરવામાં આવે છે. જમીનપર એક આનો, રસ્તાપર દસ્તૂરી અને માર્કેટોપર ફી એ થકી આ બોર્ડોની ઉપજ થાય છે.

આ બે પ્રકારની બોર્ડો સિવાય ત્રીજા પ્રકારની બોર્ડો નાનાં નાનાં ગામડાંના જથા કરી તેમને માટે નીમેલી હોય છે. એ સભાના પંચ સરકાર નીમે છે. તાલુકાની તથા ગામના જથાની બોર્ડોના સભાસદો પસંદ કરવાની છૂટ લોકોને આપવાનો સરકારને અધિકાર છે.

સને ૧૮૯૧–૯૨ માં જિલ્લાની તથા તાલુકાની બોર્ડોમાં ૧,૭૯૫ સભાસદો હતા અને સને ૧૮૯૨–૯૩ માં ૧,૭૭૨ સભાસદો હતા. તાલુકા બોર્ડોએ જિલ્લા બોર્ડોને માટે ૨૭૭ સભાસદો પસંદ કર્યા હતા. નાનાં ગામોના જથા ૩૨૦ હતા.

બધા વર્ગની બોર્ડોનું કામ બેશ ચાલે છે અને ગામોમાં સફાઈ રાખવાના કામમાં સારૂં લક્ષ આપવામાં આવે છે એવો સ્થાનિક સરકારનો અભિપ્રાય છે.

મુંબાઇ ઇલાકામાં લોકલ બોર્ડો મદ્રાસ કરતાં બે વરસ વહેલી સ્થાપન થઈ. સને ૧૮૬૯ માં એ બાબત પહેલ વહેલો કાયદો થયો તેમાંજ જિલ્લા અને તાલુકા બોર્ડો જુદી

કરી હતી. જિલ્લા બોર્ડમાં કલેકટર પ્રેસિડંટ હતો અને જ-
મીન ધારણ કરનારા અને ઇનામદારોમાંથી સરકાર સભાસ-
દો નીમતી. તાલુકાઓને માટે પણ એવીજ જાતની બોર્ડો
સ્થાપેલી હતી, પરંતુ તેમને અમુક કામો કરવાની સૂચના
કરવાનો માત્ર અધિકાર હતો; કામો કરવાની સત્તા અને જ-
વાબદારી જિલ્લા બોર્ડને માથે હતી. સને ૧૮૮૪ ના કાય-
દાથી ચુંટણીનું તત્વ બધી બોર્ડોને લાગુ પાડવામાં આવ્યું.
હમણા તાલુકા બોર્ડોમાં નીમે સભાસદો ચુંટી કહાડેલા અ-
નેનીમે સરકારે નીમેલા હોય છે. એકંદર સભાસદોના
૧ થી વધારે નહિ એટલા સરકારી નોકરો હોય તો ચાલે.
નીમે સભાસદો ગામોના સમુદાય, ૫,૦૦૦ કરતાં વધારે વ-
સ્તીવાળા કસ્બાની મ્યુનિસિપાલિટીઓ, તથા ઇનામી ગામો-
એ પસંદ કરેલા હોય છે. ડિસ્ટ્રિક્ટ બોર્ડોમાં પ્રત્યેક તાલુકા
બોર્ડમાંનો એક એક સભાસદ હોય છે; જે કસ્બામાં ૧૮,૦૦૦
કરતાં વધારે વસ્તી હોય તે કસ્બા પણ સભાસદ પસંદ ક-
રીને મોકલે છે. પ્રેસિડંટ સરકાર નીમે છે, તથાપિ પ્રેસિડંટ
પસંદ કરવાની છૂટ બોર્ડોને આપવાનો સ્થાનિક સરકારને
અધિકાર છે. પ્રેસિડંટ પગારદાર સરકારી નોકર હોય તો
વાઇસ-પ્રેસિડંટ બોર્ડે પસંદ કરેલો હોય છે. એન્જિનીઅ-
રિંગ તથા વૈદ્યક ખાતાના અમલદારોની મદદ જોઇએ તેવારે
મને સભામાં બોલાવવાની પરવાનગી આપેલી છે. એ બો-
ર્ડોની ઉપજ જમીનપરના કર, (સિંધમાં દુકાનોપરના કર),
કસ્તૂરી, તથા હોડીઓની ફી થકી થાય છે. જમીનપરના
કરના દરમાં ફેરફાર કરવાનો અથવા બીજો કર નાંખવાનો

બોર્ડોને અધિકાર નથી. આ ઇલાકાના ત્રણ જિલ્લામાં તથા બીજા બે જિલ્લાના કેટલાક ભાગમાં સુધારાના કામમાં પાછાં પગલાં ભરાયાથી આ કાયદાનો હજુ લગી અમલ થયો નથી. સભાસદોએ સભામાં હાજર રહેવાની બાબતમાં પહેલાં કરતાં સુધારો થયો છે. એકંદરે વ્યવસ્થા પણ સારા પ્રકારની છે એવો સ્થાનિક સરકારનો અભિપ્રાય છે.

આ ઇલાકામાં ૨૩ જિલ્લા બોર્ડો અને ૨૦૧ તાલુકા બોર્ડો છે; તેઓમાં સને ૧૮૯૨–૯૩ માં એકંદર સભાસદો ૩,૪૨૧ હતા તેઓમાંના ૧,૫૪૪ લોકે પસંદ કરેલા અને ૧,૮૭૭ સરકારે નીમેલા હતા.

બંગાળા ઇલાકામાં સને ૧૮૭૧ લગી સ્થાનિક કામો માટે કર નહોતા. એ સાલમાં રસ્તા બાંધવા માટે તથા તેમને દુરસ્ત કરવામાટે રોડ આકટની રૂઇએ કર બેસાડયો અને એ કામની વ્યવસ્થા કરવા સારૂ જિલ્લાની અને તાલુકાની બોર્ડો સ્થાપન કરી. સને ૧૮૭૭ માં બીજા સુધારા કરવા સારૂ બીજો કર નાંખ્યો; પરંતુ એ પૈસાની વ્યવસ્થા સરકાર તરફથી કરવામાં આવતી. સને ૧૮૮૦ માં એ બંને કાયદા એકત્ર કરી તેમાં સુધારો કર્યો, પરંતુ એ વેળા પણ એ કમિટીઓને રસ્તાઓનુંજ કામ સોંપ્યું હતું; મદ્રાસ અને મુંબાઇ ઇલાકાની પેઠે નિશાળો અને દવાખાનાંની વ્યવસ્થા તેમને સોંપી નહોતી. બીજા ઇલાકાના જેવી વ્યવસ્થા સને ૧૮૮૫ના ૩ જા કાયદાથી શરૂ થઈ. તેની રૂઇએ ચુંટણીનું તત્વ લાગુ પાડયું, અને તાલુકા બોર્ડોમાં સરકારી નોકરોની સંખ્યા ⅓થી અને જિલ્લા બોર્ડોમાં ½ થી વધારે હોવી ન જોઈએ એવું

ઠર્યું. એ કાયદાથી પ્રાથમિક તથા મધ્યમ વર્ગના શિક્ષણનું કામ તથા સરકાર તરફથી એ કામમાં થતા ખર્ચની રકમ એ બોર્ડોને સોંપવાનું ઠર્યું. સને ૧૮૯૨–૯૩ માં એકંદર ૩૮ ડિસ્ટ્રિક્ટ બોર્ડો અને ૧૦૪ તાલુકા બોર્ડો હતી. જિલ્લા બોર્ડોમાં ૭૯૩ અને લોકલ બોર્ડોમાં ૧,૨૩૦ સભાસદો હતા. એ સભાસદોમાં લોકે પસંદ કરેલા મેમ્બરો અનુક્રમે ૩૦૯ અને ૪૬૫ હતા. બધી જિલ્લા બોર્ડોનો પ્રેસિડંટ કલેકટરજ હતો. લોકલ બોર્ડોનો અધિકાર દરેક જિલ્લાની સ્થિતિ પ્રમાણે ભિન્ન ભિન્ન હતો. મધ્યમ વર્ગના શિક્ષણનું કામ અદ્યાપિ એ બોર્ડોને સોંપ્યું નથી. ડિસ્ટ્રિક્ટ બોર્ડો સારૂં કામ કરે છે, અને તાલુકા બોર્ડોમાં લોકોનું લક્ષ નથી, સુધારો થવાની જરૂર છે એવું સ્થાનિક સરકારનું મત છે.

વાયવ્ય તથા અયોધ્યા પ્રાંતોમાં ઘણા વખતથી સ્થાનિક કર લેવામાં આવે છે, અને કરનાં નાણાંની વ્યવસ્થાના કામમાં કલેકટરને મદદ કરવાને જિલ્લા કમિટીઓ પણ ઘણા સમયથી છે. એ કર જમીનદારો કનેથી જમીનની મહેસૂલની જોડેજ વસૂલ કરવામાં આવતો હતો. સને ૧૮૭૧ માં એ બંને પ્રાંતોમાં સ્થાનિક કાર્યોને અર્થે કર લેવા સારૂ બે કાયદા કરવામાં આવ્યા. એ કાયદાની રૂઇએ જે ભાગમાં સ્થાયી દર ઠરાવ્યા હતા તે ભાગમાં વાવેતર જમીનપર પહેલાં જમીનનો કર એક ટકો લેવામાં આવતો હતો, તે ઉપરાંત જમીનદારો કનેથી દર એકરે બે આના પ્રમાણે કર લેવાનું ઠર્યું, અને તેનો નીમે તેઓ ખેડુતો કનેથી વસૂલ કરતા. જે ભાગમાં અમુક મુદ્દતને માટે દર ઠરાવ્યો હતો

ભાગમાં જમીનનો કર ૧૦ ટકા લેવામાં આવતો. અયોધ્યા
તમાં અગાઉ જમીનનો કર સેંકડે ૧¼ ટકો હતો તે આ
યદાથી ૨½ ટકા થયો. એ કર જિલ્લામાંજ ખરચાતો. સને
:૮૨ માં સ્થાનિક સરકારે લોકલ બોર્ડોની સત્તા વધારી અને
કારી નોકર ન હોય એવા માણસોને એ કમિટીઓમાં વ-
રે નીમવા એવું ઠરાવ્યું. પછી એ સુધારો સને ૧૮૮૩ના
મા કાયદામાં દાખલ કરવામાં આવ્યો. એ કાયદો થયા
હેલાં માત્ર જિલ્લાબોર્ડો હતી અને એ કાયદાથી જિલ્લાબોર્ડો
ને પેટા વિભાગોની બોર્ડો એમ બે પ્રકારની બોર્ડો સ્થાપન
. પેટા વિભાગની બોર્ડોમાં ત્રણ ચતુર્થાંશ મેમ્બરો ચુંટ-
થી અને ¼ નીમણુકથી આવે છે અને એ બોર્ડોના સઘળા
ાસદો જિલ્લા બોર્ડોના મેમ્બરો હોયછે, પરંતુ બધા સભા-
દોએ ન જતાં જિલ્લાબોર્ડમાં કેટલાક પ્રતિનિધિઓ મો-
ાવાની પેટાવિભાગની બોર્ડને સત્તા છે. એ બોર્ડ પોતાનો
રમેન નીમે છે; અને જિલ્લાબોર્ડની બાબતમાં એવું ઠર્યુંછે
તે બોર્ડે પોતાનો ચેરમેન મરજીમાં આવે તો સરકારની
જૂરીથી પસંદ કરવો અથવા નજરમાં આવે તો તેની ની-
ણુક કરવાનું સરકારને સોંપવું. સુધારામાં પછાત પડેલા
ગોને આ કાયદો લાગુ પાડયો નથી. ત્યાંની વ્યવસ્થા પ-
ાંના નમૂનાની કમિટીઓ કરે છે. સને ૧૮૯૧-૯૨ માં
ર જિલ્લા સિવાય બાકીના બધા જિલ્લામાં બોર્ડો હતી
ને ચાર જિલ્લામાં અગાઉ ાા નમૂનાની કમિટીઓ હતી.
કટર બધે ઠેકાણે ચેરમેન હતો. દર વરસની ચુંટણીના
બંધમાં લોકોમાં ઉત્સાહ જણાતો નથી. તેમજ સભામાં

ઘણા સભાસદો હાજર રહેતા નથી. આ બોર્ડોનું કામ ઉત્તમ પ્રકારે ચાલે છે એવો સ્થાનિક સરકારનો અભિપ્રાય છે. આ પ્રાંતોમાં સને ૧૮૯૨–૯૩ માં ચાર ડિસ્ટ્રિક્ટ કમિટીઓ હતી અને ૪૪ જિલ્લા બોર્ડો હતી. એકંદર સભાસદો ૧,૬૩૮ હતા તેઓમાં લોકે પસંદ કરેલા ૧,૨૮૬ અને સરકારે નીમેલા ઉપર હતા.

પંજાબ પ્રાંતમાંએ લોકલ બોર્ડોની વ્યવસ્થા પહેલેથીજ સાધારણ રીતે વાયવ્ય પ્રાંતોના જેવીજ હતી. સને ૧૮૭૧ થી સને ૧૮૮૩ લગી આ બોર્ડોની ઉપજની મુખ્ય બાબત જમીનનો કર માત્ર હતો. સને ૧૮૭૧ ના કાયદાથી જિલ્લા કમિટીઓ સ્થાપન થઇ; તેમનો પ્રેસિડંટ ડેપ્યુટી કમિશનર હતો અને કુ સભાસદો સરકારી નોકરો હતા. સને ૧૮૮૩ માં ડિસ્ટ્રિક્ટ બોર્ડનો કાયદો અમલમાં આવી ૨૧ જિલ્લાને લાગુ કરવામાં આવ્યો. એ કાયદાથી જિલ્લા બોર્ડો સિવાય પેટાવિભાગની બોર્ડો સ્થાપન થઈ, અને તે બોર્ડોના નીમે કરતાં વધારે સભાસદો લોકોએ પસંદ કરેલા હોવા જોઇએ એવું ઠરાવ્યું. ડિસ્ટ્રિક્ટ બોર્ડોમાં ડેપ્યુટી કમિશનરોનેજ પ્રેસિડંટ નીમવામાં આવે છે. પશ્ચિમ ભણીના બાર જિલ્લામાં અદ્યાપિ સરકાર સભાસદો નીમે છે. સને ૧૮૯૧–૯૨ માં નીમણુકના સભાસદોની સંખ્યા પહેલાં કરતાં વધી, કારણ કે નિયમ પ્રમાણે નીમણુકની જેટલી જગ્યા ઠરાવી હતી તેટલા સભાસદો એ સાલમાં નીમવામાં આવ્યા. કેટલેક ઠેકાણે ચુંટાવવાને સભાસદોજ બહાર પડ્યા નહિ અને દિલ્લીમાં તો લોકે પસંદ કરેલા સભાસદોએ પોતાની જગ્યા-

નાં રાજીનામાં આપી સરકાર તરફથી પોતાની નીમણુક કરાવી. ચાર જિલ્લામાં ચુંટણી થઇ તેમાં લોકોમાં કોઈ પણ પ્રકારનો ઉત્સાહ જણાયો નહિ. એકંદરે જિલ્લા બોર્ડો વિષે સરકારનો અભિપ્રાય અનુકૂળ છે; પરંતુ પેટાવિભાગોની બોર્ડોના હસ્તક કામ કરાવવામાં ઘણીજ અડચણ પડે છે એવો તેને અનુભવ થયો છે.

સને ૧૮૯૨–૯૩ લગી સરહદ્દપરના બાર જિલ્લામાં સભાસદોની નીમણુક સરકાર કરતી; બાકીની ૧૮ બોર્ડોમાં થોડાક સભાસદો સરકાર નીમે છે અને થોડાક તાલુકા બોર્ડો નીમીને મોકલે છે. જિલ્લા બોર્ડોથી ઉતરતા દરજાની બોર્ડો ૮૩ હતી, તેઓમાંની ૧૫ સભામાં સરકાર સભાસદો નીમે છે, બાકીની બોર્ડોમાં થોડાક મેમ્બરો લોકો પસંદ કરીને નીમે છે.

મધ્યપ્રાંતોમાં લોકલ બોર્ડોની સ્થાપના પહેલ વહેલી સને ૧૮૮૩ માં થઇ. પહેલાં રસ્તા અને નિશાળોને માટે થોડોક કર લેવામાં આવતો, પરંતુ તેની વ્યવસ્થા સરકારી અમલદારોજ કરતા. સને ૧૮૮૩ ના પહેલા કાયદાથી જુદા જુદા ભાગોના સમુદાયને માટે એક એક લોકલ બોર્ડ અને તેનાપર જિલ્લા બોર્ડ એમ બે બોર્ડો સ્થાપન થઈ. લોકલ બોર્ડોના સભાસદોના ત્રણ વર્ગ છે, (૧) ગામની તરફથી ચુંટાયલા પટેલો, (૨) ધંધાદારી અને વેપારીઓએ ચુંટી કહાડેલા, અને (૩) શુમારે ⅓ સભાસદો સ્થાનિક સરકારે નીમેલા. ડિસ્ટ્રિક્ટ બોર્ડોમાં લોકલ બોર્ડો પોતાનામાંથી મેમ્બરો નીમે છે, અને તે સિવાય ધંધાદારી અને વેપારી-

ઓ તરફના મેમ્બરો સરકારે નીમેલા અથવા લોકે પસંદ કરેલા હોય છે અને ⅓ થી વધારે નહિ એટલા સરકારે નીમેલા સભાસદો હોય છે. બંને બોર્ડોને પોતાના ચેરમેન પસંદ કરવાનો અધિકાર છે. લોકલ બોર્ડોને ડિસ્ટ્રિક્ટ બોર્ડોના તાબાની ઠરાવી છે. નિશાળોને માટે ખાસ કમિટીઓ નીમવાની તથા ઘણા ડિસ્ટ્રિક્ટોનો અથવા લોકલ બોર્ડોનો એકાદ કામમાં સંબંધ હોય તો તે સર્વેની તરફથી સંયુક્ત કમિટી નીમવાની સત્તા છે. એ બોર્ડોને રસ્તા બાંધવા, નિશાળો તથા દવાખાનાં ઉઘાડવાં, અને તેમની વ્યવસ્થાની દેખરેખ રાખવી, માર્કેટ, ધર્મશાળા, વગેરે સાર્વજનિક કામો કરવાં, અથવા તળાવ કે કૂવા બાંધવા, ઝાડો રોપવાં, વગેરે કામ સોંપ્યાં છે.

સને ૧૮૯૧–૯૨ માં સેંકડે ૪૦ મેમ્બરો સભામાં હાજર હતા. જિલ્લાબોર્ડો કરતાં લોકલ બોર્ડોમાં ઓછા મેમ્બરો હાજર હતા. એનું કારણ એ છે કે જિલ્લા બોર્ડોનેજ તમામ મહત્વનો અધિકાર આપેલો છે. એ બોર્ડોની માર્ફત એ સાલમાં ઘણા રસ્તા દુરસ્ત કરવામાં આવ્યા. વિલેજ સાનિટેશનના (ગામની સફાઈ રાખવાના) કામમાં દર સાલ અમુક રકમ ખરચવાનો ઠરાવ થયો છે. એ બોર્ડોનેજ પ્રાથમિક કેળવણીનું કામ સોંપ્યું છે, અને એ શિક્ષણનો પ્રસાર થવા સારૂ ખાનગી નિશાળોને મદદ આપવાનો વધારે વહીવટ રાખવાનું પણ ઠરાવ્યું છે.

આસામ પ્રાંતમાં પણ સ્થાનિક સ્વરાજ્યનો વહીવટ સને ૧૮૭૯ ના રેગ્યુલેશન પ્રમાણે ચાલવા માંડયો. એ કા-

ામાં સને ૧૮૮૨ માં કેટલોક સુધારો કરવામાં આવ્યો
ને બીજા પ્રાંતોમાં સુધારો થઇ જેવી બોર્ડો સ્થાપન થઇ
ીજ આ પ્રાંતમાં પણ સ્થાપવામાં આવી. ચુંટણીનું ત-
ચાલુ છે અને કેટલાક સભાસદો સરકાર નીમે છે. જે
લ્લામાં ચા થાય છે તે જિલ્લામાં ચા ઉગાડનારા યૂરોપીઓ
તાની તરફના સભાસદો નીમેછે; અને બાકીના સભાસદો
ભરનારા દેશીઓએ પસંદ કરેલા હોય છે અથવા તે-
ામાંનાજ સરકાર નીમે છે. જંગલી પ્રાંતોમાં આવો વહીવટ
લતો નથી. એકંદરે આ બોર્ડોએ પાણીના સંબંધમાં બેશ
ઠવણ કરેલી છે, પરંતુ તેમણે સફાઇના કામમાં બહુજ
ડું ધ્યાન આપ્યું છે. જે જિલ્લામાં ચા ઉગે છે તે જિ-
માં યૂરોપી સભાસદો રસ્તાના કામપર ઘણીજ સારી દેખ-
મ રાખે છે.

વરાડ પ્રાંતમાં હૈદરાવાદના રેસિડંટની માર્ફત વહીવટ
લે છે અને તેમાં બીજા પ્રાંતોની પેઠેજ બોર્ડો સ્થાપેલી
અને ઉપજ ખર્ચની પદ્ધતિ ચાલે છે. સભાસદોમાંના
સંદ કરેલા હોય છે. સને ૧૮૯૧–૯૨ માં બધી બોર્ડોમાં
૩૪ સભાસદો હતા, તેઓમાં સરકારે નીમેલા ૧૩૭ અને
કે ચુંટી કહાડેલા ૨૯૭ હતા.

બ્રહ્મદેશમાં સ્થાનિક કાર્યોને અર્થે કર લેવાની પદ્ધ-
હિંદમાં ચાલતી પદ્ધતિથી જુદી છે અને તેનો વહીવટ
ણુ સરકાર તરફથીજ થાય છે.

હિંદની લોકલ બોર્ડોની સને ૧૮૯૧–૯૨ ની ઉપજ
ના ખર્ચની હકીકત હેઠળ આપી છે. સને ૧૮૯૨–૯૩ ના

જમાખર્ચના આંકડા માત્ર આપ્યા છે. પહેલાંની અને હમણાની વ્યવસ્થામાં ઘણો ફેર હોવાથી અગાઉ આ કામમાં જે રકમો ખરચાતી તે જાણ્યાથી મુકાબલો કરવામાં ઉપયોગી થશે નહિ તેથી આપી નથી.

(૧) મદ્રાસ ઇલાકો—ઉપજ રૂ૬૯,૮૮,૧૧૦.
ખર્ચ રૂ૭૭,૦૧,૨૮૦.

પ્રાંતિક કર રૂ ૪૫,૨૩,૧૨૦	શિક્ષણ... ...રૂ૧૦,૫૬,૧૯૦
સરકારમાંથી આવેલા રૂ ૫,૮૨,૨૫૦	સફાઇ અને દવાખાનાં રૂ૧૬,૦૦,૬૭૦
બીજી ઉપજ રૂ૧૮,૮૨,૭૪૦	રસ્તા અને ઇમારતો રૂ૪૬,૧૬,૧૨૦
	વ્યવસ્થા... ...રૂ૪,૨૮,૩૦૦

સને ૧૮૯૨–૯૩. જમા રૂ ૮૨,૮૨,૬૩૦.
એજન ખર્ચ રૂ ૮૨,૨૯,૯૬૦.

(૨) મુંબાઇ ઇલાકો.—જમે રૂ૪૬,૦૯,૫૦૦.
ખર્ચ રૂ૪૩,૦૧,૦૭૦.

પ્રાંતિક કર... રૂ૨૪,૮૯,૬૨૦	શિક્ષણ... ...રૂ૧૩,૯૬,૪૦૦
સરકારમાંથી આવેલા રૂ૯,૧૯,૦૪૦	સફાઈ અને દવાખાનાં રૂ૧,૮૮,૭૨૦
બીજી ઉપજ. રૂ૧૨,૦૦,૮૪૦	રસ્તા અને ઇમારતો રૂ૨૩,૮૫,૭૮૦
	વ્યવસ્થા ... ...રૂ૧,૩૩,૬૦૦
	બીજો ખર્ચ ... રૂ૧ ૯૬,૫૭૦

સને ૧૮૯૨-૯૩. જમા રૂ૪૪,૨૬,૦૨૦
એજન ખર્ચ રૂ૪૬,૭૫,૭૦૦

(૩) બંગાળા ઇલાકો.—ઉપજ રૂ૫૪,૪૩,૯૪૦.
ખર્ચ રૂ૫૬,૬૮,૫૫૦

પ્રાંતિક કર...રૂ૩૫,૧૦,૨૩૦	શિક્ષણ... ...રૂ૧૧,૦૫,૩૭૦
સરકારમાંથી આવેલા. રૂ૮,૦૧,૫૧૦	સફાઇ અને દવાખાનાં રૂ૭૬,૩૨૦
બીજી ઉપજ.રૂ૧૧,૩૨,૨૦૦	રસ્તા અને ઇમારતો રૂ૪૦,૪૩,૨૪૦
	વ્યવસ્થા...... રૂ૨,૮૨,૯૦૦
	બીજો ખર્ચ... રૂ૧,૬૦,૭૨૦

સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ૭૧,૯૩,૮૦૦
એજન ખર્ચ. રૂ૭૦,૨૩,૩૫૦

(દુકાળ પડયાથી વધારે રકમ સરકારમાંથી આવી અને ખરચાઇ.)

(૪) વાયવ્યપ્રાંતો.—ઉપજ રૂ૪૦,૫૨,૦૧૦.
ખર્ચ રૂ૪૦,૦૬,૪૨૦

પ્રાંતિક કર...રૂ૨૦,૨૫,૦૮૦	શિક્ષણ...... રૂ૧૨,૫૫,૬૪૦
સરકારમાંથી આવેલા રૂ૧૪,૧૪,૦૯૦	સફાઇ અને દવાખાનાં રૂ૪,૮૧,૧૬૦
બીજી ઉપજ. રૂ૬,૧૨,૮૪૦	રસ્તા અને ઇમારતો. રૂ૨૧,૧૫,૦૪૦
	વ્યવસ્થા. ... રૂ૫૨,૨૫૦
	બીજો ખર્ચ... રૂ૧,૦૨,૩૩૦

સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ૩૮,૩૭,૦૬૦
એજન ખર્ચ રૂ૩૮,૭૭,૯૪૦

(૫) પંજાબ.—ઉપજ રૂ૨૭,૭૭,૯૨૦
ખર્ચ રૂ૨૪,૭૧,૯૦૦

પ્રાંતિક કર... રૂ૨૧,૭૫,૫૩૦	શિક્ષણ... ... રૂ૫,૭૧,૭૮૦
સરકારમાંથી આવેલા. રૂ૧૫,૨૮૦	સફાઈ અને દવાખાનાં રૂ૩,૦૫,૯૬૦
બીજી ઉપજ. રૂ૫,૮૭,૧૧૦	રસ્તા અને ઈમારતો. રૂ૧૧,૫૧,૦૩૦
	વ્યવસ્થા. ... રૂ૧,૧૯,૫૨૦
	બીજો ખર્ચ... રૂ૩,૨૩,૬૧૦

સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ૨૭,૮૬,૦૭૦
એજન ખર્ચ રૂ૨૯,૨૨,૬૮૦

(૬) મધ્યપ્રાંતો.—ઉપજ રૂ૭,૪૨,૦૫૦
ખર્ચ રૂ૬,૯૨,૮૫૦.

પ્રાંતિક કર.... રૂ૩,૧૫,૪૪૦	શિક્ષણ ...... રૂ૨,૦૫,૪૫૦
સરકારમાંથી આવેલા. રૂ૧,૦૦,૦૩૦	સફાઇ અને દવાખાનાં રૂ૫૦,૧૫૦
બીજી ઉપજ... રૂ૩,૨૬,૫૮૦	રસ્તા અને ઈમારતો. રૂ૩,૩૩,૪૦૦
	વ્યવસ્થા... ... રૂ૨૭,૫૫૦
	બીજો ખર્ચ. ... રૂ૭૬,૩૦૦

સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ૭,૭૦,૮૦૦

સને ૧૮૯૨-૯૩. ખર્ચ રૂ૬,૨૮,૩૦૦*

(૭) આસામ.—ઉપજ રૂ૯,૦૨,૧૫૦.

ખર્ચ રૂ૭,૯૦,૧૨૦.

પ્રાંતિક કર... રૂ૫,૪૮,૧૩૦	શિક્ષણ ... ...રૂ૧,૬૧,૬૯૦
સરકારમાંથી આવેલા. રૂ૧,૮૯,૯૮૦	સફાઇ અને દવાખાનાં રૂ૪૬,૭૯૦
બીજી ઉપજ...રૂ૧,૬૪,૦૪૦	રસ્તા અને ઇમારતો. રૂ૫,૧૯,૩૨૦
	વ્યવસ્થા. ... રૂ૨,૫૯૦
	બીજો ખર્ચ... ...રૂ૫૯,૭૩૦

સને ૧૮૯૨-૯૩. ઉપજ રૂ૧૧,૫૭,૯૨૦

એજન ખર્ચ રૂ૯,૦૨,૧૪૦.

પોર્ટ ટ્રસ્ટ.

સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થાના સંબંધમાં જે સભાઓ સ્થાપન કરવામાં આવી છે તેઓમાંના પહેલા બે વર્ગની સભાઓનું વર્ણન આપણે ઉપર કર્યું. હવે ત્રીજા વર્ગની સભાની એટલે ઈલાકાનાં ત્રણ શહેરોનાં બંદરો અને કરાંચી તથા રંગુન બંદરોની વ્યવસ્થા કરવાને સ્થાપેલી બોર્ડોની થોડી હકીકત આપીએ છીએ.

આ બોર્ડો ઉપર કહેલાં શહેરોનાં બંદરો તથા તેમને લગતી મિલ્કતની વ્યવસ્થા કરે છે. એ બોર્ડોનાં કામો અને મહત્વ દિવસે દિવસે વધતાં જાય છે. એ

* આ સરવાળો ખર્ચની મુખ્ય મુખ્ય રકમોનો છે.

બોર્ડોને પણ ચુંટણીનું તત્વ લાગુ પાડયું છે. આ કામ જોડે વેપાર અને ધંધાનાં હિતાહિતનો સંબંધ ઘણો હોવાથી ધંધાદારી અને વેપારીઓની તરફના સભાસદો એ બોર્ડોમાં હોયછે. ચેમ્બર આવ્ કૉમર્સ, ટ્રેડ્સ આસોશિએશન, તે તે શહેરોના મુલ્કી કામદારો, ત્યાંની મ્યુનિસિપાલિટીઓના ચેરમેન અથવા પ્રેસિડંટ, અને એન્જિનીઅરો એ બોર્ડોમાં સભાસદો હોયછે. એ બોર્ડોના તાબામાં સોંપેલી મિલ્કત પણ બહુ મોટી અને કીમતી છે, અને તેમનો અધિકાર પણ તેમનાજ પ્રમાણમાં છે. નવી ગોદીઓ બાંધવી, જૂની ગોદીઓ સમારવી, ડક્કા બાંધવા, દીવાદાંડી બાંધવી, દરિયામાં નિશાની રાખવા માટે બોયાં નાંખવાં, વગેરે કામો એ બોર્ડોને કરવાનાં હોય છે. એજ પ્રમાણે વેપારની સગવડ તથા વૃદ્ધિ થવા માટે એ બોર્ડોને ભારે ખર્ચ થાય તેવાં કામો કરવાં પડે છે, અને તેથી કરીનેજ એ બોર્ડોને કરજ કહાડવાની પરવાનગી આપેલી છે.

કલકત્તા ટ્રસ્ટ સને ૧૮૭૦ માં સ્થાપન થઈ. એને લગતો કાયદો સુધારી સને ૧૮૯૦ માં નવો કાયદો થયો. આ બોર્ડોમાં પંદર સભાસદો હોય છે અને તેઓમાંના આઠ સભાસદો ઉપર કહ્યા પ્રમાણે વેપારી મંડળીઓએ અને મ્યુનિસિપાલિટીએ નીમેલા હોય છે. એ પંદર સભાસદો સિવાય ચેરમેન અને વાઈસ-ચેરમેન હોય છે તેઓની નીમણુક સરકાર કરે છે.

સને ૧૮૮૧-૮૨, ૧૮૯૧-૯૨, સને ૧૮૯૨-૯૩ ના

એ બોર્ડોના ઉપજ ખર્ચના આંકડા હેઠળ આપ્યા છેઃ—

	ઉપજ રૂ.	ખર્ચ રૂ.
સને ૧૮૮૧–૮૨	૨૦,૯૬,૭૦૦	૧૫,૯૦,૨૫૦
સને ૧૮૯૧–૯૨	૩૨,૨૨,૬૧૦	૨૨,૯૭,૪૧૦
સને ૧૮૯૨–૯૩	૩૦,૩૦,૦૦૦	૨૮,૩૦,૦૦૦

દેવું અને મિલ્કતની કીમત નીચે પ્રમાણે હતાંઃ—

	કરજ.	મિલ્કત.
સને ૧૮૮૧–૮૨.	રૂ૭૯,૧૭,૮૩૦	રૂ૧,૩૪,૩૩,૬૧૦
સને ૧૮૯૧–૯૨.	રૂ૧,૧૭,૫૯,૩૮૦	રૂ૨,૨૮,૧૭,૧૪૦
સને ૧૮૯૨–૯૩.	રૂ૪,૦૩,૭૦,૦૦૦	

છેલ્લાં દશ વર્ષમાં આ બોર્ડે જે કામો કર્યાં છે તેઓમાં કિડરપુરની ગોદી મુખ્ય છે. એનો ખર્ચ રૂ૨,૮૭,૬૦,૦૦૦ થયો છે.

મુંબઇ પોર્ટ ટ્રસ્ટની સ્થાપના સને ૧૮૭૩ના કાયદાથી થઈ, તે વેળા મોદીબંદર, એલ્ફિન્સ્ટન કંપનીની મિલ્કત, અને બીજા નાના ડક્કા અને બેસિનો એ બોર્ડના તાબામાં આવ્યાં અને કરજ રૂ૨,૧૧,૭૦,૭૫૦ આવ્યું. પહેલાં એ બોર્ડમાં બાર ટ્રસ્ટીઓ અને એક ચેરમેન સરકાર તરફથી નીમાતા; પછી સને ૧૮૭૯ માં બોર્ડને લગતો નવો કાયદો થયો. તેની રૂઇએ પાંચ ટ્રસ્ટીઓ ચેમ્બર આવ્ કૉમર્સે નીમવા અને બાકીના પાંચ સભાસદો અને એક ચેરમેન સરકારે નીમવા, તથા સભાસદોમાંના ત્રણ સભાસદો મુંબાઇમાં રહેનારા દેશીઓમાંના હોવા જોઇએ એવું ઠર્યું.

આ પોર્ટટ્રસ્ટે કરેલાં મોટાં કામો બ ગોદીઓ, અને પ્રિન્સિ

સ ડુાક અને વિકટોરિઆ ડૉક બાંધ્યા તે છે. સને ૧૮૭૫ માં શાહુજાદો પ્રિન્સ આવ્ વેલ્સ મુંબાઇમાં પધાર્યો તે વખતે પહેલી ગોદી બાંધવા માંડી અને સને ૧૮૮૦ ના જાનેવારી મહીનામાં બંધાઇ રહી. આ ગોદીમાં પાણીનો વિસ્તાર ૩૦ એકર છે, અને ડક્કાની લંબાઈ ૬,૯૫૦ ફુટ છે. એને બાંધતાં રૂ ૮૭,૨૭,૦૦૦ ખર્ચ થયો. બીજી ગોદી સને ૧૮૮૮ માં બંધાઈ રહી અને તેનું નામ મહારાણી કૈસરે હિંદની જ્યુબિલીની યાદગીરીમાં "વિકટોરિઆ ડૉક" પાડયું. સને ૧૮૯૧-૯૨ ની આખરલગીમાં એની પાછળ રૂ૮૫,૭૪,૨૬૦ ખર્ચ થયો. એ સિવાય વેપારની સગવડને અર્થે બીજાં પુષ્કળ કામો કરવામાં આવ્યાં છે.

સને ૧૮૮૧-૮૨, ૧૮૯૧-૯૨, અને ૧૮૯૨-૯૩ માં એ બોર્ડને કેટલી ઉપજ થઇ તથા કેટલો ખર્ચ થયો તેની વિગત હેઠળ આપી છેઃ-

	ઉપજ.	ખર્ચ.
સને ૧૮૮૧-૮૨.	રૂ ૩૬,૬૦,૮૦૦	રૂ૩૦,૯૮,૫૯૦
સને ૧૮૯૧-૯૨.	રૂ ૪૮,૧૦,૩૧૦	રૂ૪૬,૨૩,૯૬૦
સને ૧૮૯૨-૯૩.	રૂ ૪૫,૦૦૦૦૦	રૂ૪૬,૫૦,૦૦૦

સને ૧૮૯૨-૯૩ની આખરે દેવું રૂ૪,૯૩,૯૦,૦૦૦હતું.

કરાંચી બંદર માટે બોર્ડની નીમણુક સને ૧૮૮૦ માં થઇ. એમાં પાંચ સભાસદો હતા અને પ્રેસિડંટ કલેક્ટર હતો. પછી સને ૧૮૮૬ માં પહેલાંની બોર્ડ બદલી રંગુનના નમૂના પ્રમાણે પૉર્ટટ્રસ્ટ સ્થાપન કરવામાં આવી. એ બોર્ડમાં ૯ સભાસદો હોય છે તેઓમાંના ૩ સભાસદો અને

ન તથા વાઇસ-ચેરમેન સરકાર નીમે છે અને કરાંચી સિપાલિટી બે સભાસદો અને ચેમ્બર આવ્ કૉમર્સ સભાસદો પસંદ કરીને નીમે છે. ગયાં પાંચ વરસમાં ડક્કા બાંધ્યા, જૂના ડક્કા સંભરાવ્યા, અને બંદરમાં વાનો રસ્તો ઊંડો કર્યો. આ બંદર આગગાડી વડે ઉત્તર સ્તાન સાથે જોડાયાથી અહીંનો માલ પરદેશ મોકલ- ઘણીજ સગવડ થઇ છે.

સને ૧૮૯૨-૯૩ ની આખરે એ બોર્ડને દેવું રૂ ૦૦૦૦૦ હતું.

સને ૧૮૮૭-૮૮, ૧૮૯૧-૯૨, અને ૧૮૯૨-૯૩ માં બોર્ડને નીચે પ્રમાણે ઉપજ તથા ખર્ચ થયાં હતાં:—

	ઉપજ રૂપિઆ.	ખર્ચ રૂ.(જાશુનો).
૧૮૮૭-૮૮	૪,૬૩,૭૦૦	૨,૯૩,૨૫૦
૧૮૯૧-૯૨	૯,૫૬,૯૬૦	૫,૧૩,૯૮૦
૧૮૯૨-૯૩ *	૬,૪૦,૦૦૦	૪,૯૦,૦૦૦

એડનના પોર્ટ ફંડની વ્યવસ્થા સને ૧૮૮૯ લગી ડંટજ કરતો. એ વરસના એપ્રિલ મહીનામાં પોર્ટ ટ્રસ્ટ ન થઇ તેમાં આસિસ્ટંટ રેસિડંટ ચેરમેન છે અને પાં ભાસદો સરકાર નીમે છે.

	સને ૧૮૮૮-૮૯.	સને ૧૮૯૧-૯૨.
ઉપજ	રૂ. ૧,૮૬,૬૦૦	૧,૯૨,૭૭૦
ખર્ચ	રૂ. ૧,૧૮,૯૪૦	૨,૫૬,૩૫૦

* આ વરસમાં પાક ઓછો થવાથી વેપાર કમી થ- અને તેને લીધે ઉપજ અને ખર્ચ પણ ઘટચાં.

રંગુન બંદરના સંબંધમાં સને ૧૮૮૦ માં કમિશન સ્થાપન થયું. એ કમિશનનાં સભાસદો, ચેરમેન, તથા વાઇસ-ચેરમેન ત્યાંનો કમિશનર નીમે છે. એ કમિશનમાં ૩ થી ૨ લગી સભાસદો સરકારી નોકર હોવા જોઇએ એવો નિયમ છે.

સને ૧૮૮૦ માં આ બંદરનો વહીવટ બોર્ડના હસ્તક આવ્યો તેવારે તેના હાથમાં શિલક રૂ૨,૩૨,૮૦૦ આવી અને દેવું કાંઈ પણ નહોતું. એ બોર્ડે નવો ડક્કો બાંધ્યો અને તરતા ડક્કા વગેરે ભારે ખર્ચ થાય તેવાં કામો કર્યાં છે. એ બોર્ડ સ્થાપન થઈ ત્યારથી આ બંદરની અગત્ય વધતી ગઇ છે.

	સને ૧૮૮૧–૮૨.	સને ૧૮૯૧–૯૨.
ઉપજ	રૂ૬,૬૫,૬૬૦	૧૧,૦૬,૨૦૦
ખર્ચ	રૂ૬,૬૦,૮૪૦	૧૧,૪૯,૩૪૦

સને ૧૮૯૧–૯૨ ની આખરે રૂ૭,૯૪,૦૪૦ નું દેવું હતું.

મદ્રાસ બંદરના સંબંધમાં સને ૧૮૮૬ ના બીજા કાયદાથી પોર્ટટ્રસ્ટ સ્થાપન થઇ. તે પહેલાં બંદરની વ્યવસ્થા સરકાર તરફથી થતી. આ સભાના ચાર સભાસદો લોકો પસંદ કરે છે, અને બે સરકારી નોકર અને ચાર નોકરીમાં ન હોય એવા મળી છ સભાસદો સરકાર નીમે છે. વહાણોમાં માલ ભરતી વખતે અથવા ખાલી કરતી વખતે પાણી સ્થિર રહે અને ડક્કાની થડમાંની જમીનં સુધારી ડક્કાપર ટ્રામગાડી તથા આગગાડી લાવવી એ આ બંદરમાં

અગત્યની બાબતો હતી. પાણી સ્થિર રહે તેટલા મા-
મુદ્રમાં ૧,૨૦૦ ફુટ લાંબો ડક્કો બાંધી પાણીનો શુ-
૨૫૦ એકર વિસ્તાર ઘેરી લેવો એવું ઠર્યું અને એ કા-
સને ૧૮૭૯ માં આરંભ થયો. સને ૧૮૮૧ માં મો-
ાફાન થયું તેમાં કરેલું કામ ઘસડાઇ ગયું. પછી તે
લાગલુંજ ચાલુ થયું. સને ૧૮૯૨-૯૩ ની આખરે
ામ પાછળ રૂ૧,૧૧,૪૦,૦૦૦ ખર્ચ થયો હતો.

સને ૧૮૯૧-૯૨માં ઉપજ રૂ૫,૭૪,૦૦૦ અને ખર્ચ રૂ
,૫૪૦ થયો હતો. સને ૧૮૯૨-૯૩માં ઉપજ રૂ૫,૧૬,૦૦૦
હતી અને ખર્ચ રૂ૪,૯૬,૦૦૦ થયો હતો.

બંગાળામાં ચિતાગોંગમાં પોર્ટટ્રસ્ટ સને ૧૮૮૮માં સ્થા-
થઈ. તેની પહેલાં એ બંદરની વ્યવસ્થા કલેકટર કરતો.
બંદરનો ઘણોખરો વેપાર દેશમાં ને દેશમાં વેપાર ક-
વહાણો વડેજ થાય છે.

સને ૧૮૯૧-૯૨ માં ઉપજ રૂ૫૯,૧૫૦ અને ખર્ચ
૮૨૦ થયો હતો. આસામના પૂર્વ ભાગમાં આગગાડી
એટલે આ બંદરનો વેપાર ઘણો વધશે.

મુંબાઈ, મદ્રાસ, કલકત્તા, રંગુન અને કરાંચી બંદરો-
પરદેશો જોડે કેટલો વેપાર ચાલે છે તે નીચે આપે-
ાઠાપરથી જણાઈ આવશે, અને તે પરથી એ બંદરોનું
. પણ જાણવામાં આવશે. છેલ્લાં ચાર મીંડાં છોડી દઈ
ાના આંકડા આપ્યા છેઃ—

	સને ૧૮૮૩-૮૪.	સને ૧૮૯૧-૯૨.	સને ૧૮૯૨-૯૩.
ઈ........	૫૩૨૫૭	૬૬૩૫૨	૬૫૬૭૪

કલકત્તા... ...૫૭૩૩૫	૬૩૯૩૨	૬૩૬૪૦
રંગુન... ......,,૭૮૧૦	૧૨૬૧૫	૧૨૫૨૫
મદ્રાસ... ...... ૭૮૨૩	૮૯૧૮	૯૦૬૮
કરાંચી... ...... ૫૦૪૮	૧૧૩૧૧	૭૫૪૬

સ્થાનિક મંડળીઓને કરજવગેરે આપવા વિષે.—મ્યુનિસિપાલિટીઓ, લોકલ બોર્ડો, અને પોર્ટ તથા હાર્બર ટ્રસ્ટને કરજે નાણાં આપવાની પદ્ધતિ કેવી છે તે વિષે લખી આ ભાગ આપણે સમાપ્ત કરીશું. સને ૧૮૭૬ લગી ઉપલી મંડળીઓને લોકોપયોગી અને સાર્વજનિક સગવડનાં કાર્યોને અર્થે મોકળે હાથે કરજે નાણાં આપવામાં આવતાં. એ સાલમાં સોનાના પ્રમાણમાં રૂપાનો ભાવ ઘટયાથી કરજે નાણાં આપવાની બાબતમાં સરકારે નિયમો કર્યા. એ પછી અતિ અગત્યનાં કામો સારૂ માત્ર સરકાર મદદ આપતી, બીજે પ્રસંગે એ મંડળીઓને બજારમાં જે દરે મળી શકે તે દરે સરકારની દેખરેખ નીચે કરજે નાણાં કહાડવાં પડતાં. પછી સને ૧૮૭૯ માં નાની નાની મ્યુનિસિપાલિટીઓની બાબતમાં આ નિયમો ઢીલા કર્યા સિવાય સુધારાનાં કામો સારૂ પૈસા મળતા નથી અને બીજી મોટી મંડળીઓને પણ ભારે વ્યાજ આપ્યા વગર બજારમાં કરજે નાણાં મળતાં નથી એવું જણાયાથી એ બાબતના નિયમો કાંઈક ઉદારતા ભરેલા કરવામાં આવ્યા. કરજે નાણાં આપવાની બાબતમાં ત્રણ નિયમો છેઃ—૧. લો. જે કાર્ય માટે કરજે નાણું આપવાનું હોય તે કાર્ય સાર્વજનિક હિતનું હોવું જોઇએ. ૨ જો. કરજે

નાણું આપવાની મુદ્દત વિશેષ મંજૂરી લીધા સિવાય વીસ વરસ કરતાં વધારે હોવી ન જોઇએ. ૩ જો. સરકારમાંથી કરજ કહાડયા પછી તે રકમને માટે યોગ્ય તારણ છે એવી સ્થાનિક સરકારની ખાતરી કર્યા વગર બીજાનું કરજ કહાડવું નહિ. લોકલબોર્ડોને પણ મ્યુનિસિપાલિટીઓની પેઠેજ સરકારમાંથી કરજે નાણાં આપવામાં હિસાબની પદ્ધતિને લગતી જે કાંઇ અડચણ હતી તે હવે દૂર થઈ છે; અને કરજે નાણું આપવાની બાબતમાં બંનેની સ્થિતિ સરખી થઈ છે.

ભાગ ૫ મો.

દીવાની અને ફોજદારી ન્યાયપદ્ધતિ.

પાછળ ત્રીજા ભાગમાં આપણે કાયદા વિષે તથા તે કરવાની પદ્ધતિ વિષે કહી ગયા છીએ. હવે તે કાયદા અમલમાં લાવવાની પદ્ધતિ કેવી છે તે વિષે અહીં લખીએ છીએ. હાલની પદ્ધતિ વિષે લખતા પહેલાં કંપનીનો અમલ શરૂ થયો તે વેળા કેવી હતી તે પણ જાણવાની જરૂર છે માટે તે હકીકત પ્રથમ આપીએ છીએ.

પહેલા જેમ્સ રાજાના અમલથી કંપનીને જે સનદો મળી હતી તેઓમાં કંપનીના અથવા તેના તાબાના લોકોના દીવાની અથવા ફોજદારી મુકદ્દમા ચૂકવવાનો અધિકાર તેને આપ્યો હતો; પરંતુ સને ૧૭૨૬ માં મુંબાઇ, મદ્રાસ, અને કલકત્તામાં મેયરની કોર્ટો સ્થાપન થઇ ત્યાં લગી ઇંગ્રેજી ન્યાયપદ્ધતિ આ દેશમાં ચાલવા માંડી નહોતી. એ કોર્ટોમાં એક મેયર અને નવ આલ્ડરમનો હતા, અને તે સ્થાપતી વખતે ઇંગ્લાંડમાં જે કાયદા ચાલતા હતા તે પ્રમાણે તેમણે ચાલવાનું હતું. એ કોર્ટોના ચૂકાદા સામે ગવર્નર અને કૌન્સિલને અપીલ થતી, અને ૪,૦૦૦ રૂપિઆ ઉપરાંતના દાવાપર અપીલ રાજાને થતી. ગવર્નર અને કૌન્સિલને રાજદ્રોહના અપરાધ સિવાય બીજા બધા ગુન્હાની

તપાસ કરવાની સત્તા હતી. પછી સને ૧૭૫૩ માં નાના નાના દાવાની ચોકશી કરવાને કોર્ટો સ્થાપવામાં આવી.

સને ૧૭૭૨–૭૩ ના રેગ્યુલેટિંગ આકટથી ગવર્નર–જનરલને કાયદા કરવાનો અધિકાર મળ્યો, અને તેજ કાયદાની રૂઇએ બંગાળા માટે એક સદર અદાલત (સુપ્રીમ કોર્ટ) સ્થાપન થઈ. એ કોર્ટને દીવાની, ફોજદારી, ધર્મસંબંધી, સમુદ્રપર, અને ઇક્વિટીનો અધિકાર હતો. ઇંગ્રેજી પ્રજા, કંપનીના નોકરો, તથા બીજા જે લોકો પોતાના દાવાનો નિકાલ કરવાને લેખી પરવાનગી આપે તેમનાપર દીવાની સત્તા ચલાવવાની હતી; અને ઈંગ્રેજી પ્રજાએ અને કંપનીના નોકરોએ બંગાળામાં કરેલા ગુન્હાના સંબંધમાં ફોજદારી અધિકાર ચલાવવાનો હતો. એ સદર અદાલત રાજાના પ્રતિનિધિપણાની રૂઇએ ન્યાયની બાબતમાં મુખ્ય અધિકારી હોવી જોઇએ એવો હેતુ હતો, પરંતુ તેની સનદમાં સંદિગ્ધપણું હોવાથી તે કોર્ટની અને ગવર્નર–જનરલની વચ્ચે મુલ્કી કામોમાં બંનેના અધિકારની બાબતમાં વારંવાર તકરાર થતી. એ કારણથી આખરે સને ૧૭૮૧ માં નવો કાયદો થયો તેમાં ગવર્નર–જનરલપર તથા જમાબંદીના ઇજારદારોપર આ કોર્ટનો અધિકાર ચાલે નહિ એવું ઠરાવ્યું. મદ્રાસ અને મુંબાઇમાં મેયરની કોર્ટો સને ૧૭૯૭ લગી હતી; તે પછી તેમની જગ્યાએ રેકૉર્ડરની કોર્ટો થઇ, અને સને ૧૮૦૦ માં મદ્રાસમાં અને સને ૧૮૨૩ માં મુંબાઇમાં સદર અદાલતો સ્થાપન થઇ.

બંગાળામાં વૉરન હેસ્ટિંગ્સે અને લૉર્ડ કૉર્નવાલિસે જે ન્યાયપદ્ધતિ ચલાવી હતી તેજ પછીથી ઇંગ્રેજી રાજ્યમાં આવેલા બીજા પ્રાંતોને પણ લાગુ પાડવામાં આવી, તેથી તે કોર્ટો કિયા નમૂનાપર સ્થાપન કરી હતી તે અહીં કહેવું જોઇએ. પહેલાં પાદશાહી અમલમાં દીવાની, ફોજદારી, મુલ્કી અને લશ્કરી અધિકાર પાદશાહના સૂબેદારના હાથમાં હતો. તેજ દીવાન અને નાઝીમ હતો. દીવાનના અધિકારની રૂઇએ મુલ્કી અને દીવાની ન્યાયખાતાનું કામ અને નાઝીમના અધિકારથી ફોજદારી ગુન્હાની તપાસ અને પોલીસપર દેખરેખ રાખવાનું કામ તે કરતો. સૂબેદારના હાથ નીચે જમીનદારો એટલે મુલ્કી જમાબંદી કરનાર અમલદારો હતા તેમને દીવાની અને ફોજદારી સત્તા હતી. એ સિવાય નાયબ નાઝીમ અને ફોજદારની વરિષ્ઠ ફોજદારી કોર્ટો સૂબેદારના તાબામાં હતી. ફોજદારી ઇન્સાફ મુસલમાની કાયદા પ્રમાણે, અને દીવાની ન્યાય મુસલમાનોની બાબતમાં મુસલમાની સરેહ પ્રમાણે અને હિંદુઓની બાબતમાં હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે ચાલતો. સને ૧૭૬૫માં શાહ આલમ પાદશાહના ફરમાનથી કંપનીને દીવાનીનો અધિકાર મળ્યો, તથાપિ ફોજદારીનો અધિકાર બંગાળાનો સૂબેદાર નાઝીમ ચલાવતો.

પછી સને ૧૭૭૧ માં ડિરેક્ટરોની કોર્ટે જમાબંદીનું તથા દીવાની અને ફોજદારી કામ પોતાના નોકરો નીમી ચલાવવાનો ઠરાવ કર્યો; અને એ ઠરાવ અમલમાં લાવવાને બંગાળાના ગવર્નર વૉરન હેસ્ટિંગ્સને કહ્યું. તેણે એવી યોજના કરી

કે પ્રત્યેક પ્રાંતમાં એકેક કલેકટર અને તેના હાથ નીચે એ
દેશી દીવાન નીમી તેમને કામ સોંપ્યું. તેજ દીવાની કામ ચ
ચલાવતો. એ કોર્ટને અદાલતનું નામ આપ્યું. ફોજદારી ક
માટે ફોજદારી કોર્ટો સ્થાપી તેઓમાં એક કાજી, એકમુફ્તી, ર
બે મોલવી હતા અને તેમની જોડે કામની દેખરેખ રાખવાને કલ
કટર બેસતો. એ કોર્ટોપર અપીલ સદર નિઝામત અદાલત
થતી. આ કોર્ટમાં એક દરોગો, એક કાજી, એક મુફ્
અને ત્રણ મોલવી હતા. દીવાની અદાલતપર કલકત્તા
સદર દીવાની અદાલતમાં અપીલ થતી; તે અદાલતમાં
વર્નર અને કૌન્સિલ દેશી અમલદારોની મદદથી કામ કરત
એ કોર્ટને માટે વૉરન હેસ્ટિંગ્સે કાયદો કર્યો. એજ હિં
સ્તાનમાં ઈંગ્રેજોનો પહેલ વહેલો કાયદો હતો. આ વ્યવસ્થ
માં મુલ્કી અને ન્યાયનો અધિકાર એકજ અમલદારને
સ્તક રાખ્યો હતો. કેટલાક સમય પછી ન્યાયનું કામ જુ
અમલદારોને સોંપવાનો રિવાજ ચાલુ થયો. સને ૧૭૭
માં દીવાની કામ કલેકટરોની કનેથી લઇ અમીનને સોંપ્
અને જમાબંદીના કામ માટે પ્રાંતની કૌન્સિલ અથવા
મિટી ઑવ રેવેન્યુ નીમી. તે પછી છ વર્ષમાં સોળ દીવા
અદાલતો સ્થાપી અને તેપર સનંદી નોકરીમાંના માણ
નીમ્યા, અને તેમને કાજે સર એલિજા ઇમ્પીએ કાયદાનું
સ્તક રચ્યું. એ અદાલતોને સને ૧૭૮૧ ના કાયદાથી કા
દાસર ઠરાવી અને એજ કાયદાથી ગવર્નર-જનરલ-ઇન-કૌ
ન્સિલે અથવા તેણે નીમેલી કમિટીએ દીવાની અપીલો સ
ભળવી અને પચાસ હજાર રૂપિઆ ઉપરાંતના દાવામાં

વટની અપીલ રાજાને કરવી એવું ઠરાવ્યું. પ્રાંતોની અદાલતો માટે કાયદા કરવાનો અધિકાર એજ કાયદાથી ગવર્નર-જનરલ-ઇન-કૌન્સિલને મળ્યો હતો.

લૉર્ડ કૉર્નવાલિસે ન્યાયની પદ્ધતિમાં ઘણો ફેરફાર કર્યો. સદર દીવાની અદાલતના બંધારણમાં ફેરફાર કરી તેમાં ગવર્નર-જનરલ-ઈન-કૌન્સિલ, એક કાજી, અને બે મુફ્તી રાખવાનું ઠરાવ્યું અને ગુન્હાની ચોકશી કરવાને ચાર ફરતી કોર્ટો સ્થાપી. ૨૬ દીવાની જડજો અને તેમને મદદ કરવાને હિંદુ અને મુસલમાન અમલદારો નીમ્યા. તેમનાપર અપીલ ઉપર કહેલી ફરતી કોર્ટોમાં અને છેવટની અપીલ સદર દીવાની અદાલતમાં ચાલતી. એ દીવાની ન્યાયાધીશોનેજ સાધારણ ગુન્હાનો નિકાલ કરવાનો તથા મોટા ગુન્હાની પ્રથમની ચોકશી કરવાનો અધિકાર આપ્યો હતો. પછી માર્કિવસ ઑવ વેલેસ્લીએ દીવાની અદાલત અને સદર નિઝામત અદાલતમાં ગવર્નર-જનરલે ન બેસતાં સનંદી નોકરીમાંના ત્રણ અથવા વધારે જડજોએ બેસવું એવો ઠરાવ કર્યો; એ વહીવટ સને ૧૮૬૨ માં હાઇકોર્ટો સ્થાપન થઇ ત્યાં લગી ચાલ્યો. પછી લૉર્ડ વિલિઅમ બેન્ટિન્કે પ્રાંતોની ચાર અપીલ કોર્ટો હતી તે કહાડી નાંખી દીવાની જડજોને સેશન જડજોનું નામ આપી તેમને ફોજદારીનો તમામ અધિકાર આપ્યો અને તેમની કને માજિસ્ટ્રેટનું કામ હતું તે કલેકટરોને સોંપ્યું.

લૉર્ડ કૉર્નવાલિસની કારકીર્દીમાં નીચલા દરજાની દીવાની કોર્ટો સ્થાપન થઈ. તેણે અમીન, સલીસન, અને મુ-

નૂસિફ એવા ત્રણ દરજ્જાના અમલદારો નીમ્યા. પછી સને ૧૮૦૩ માં સદર અમીન નીમવામાં આવ્યા તેમને પહેલે તો રૂ૧૦૦ લગીના દાવા ચૂકવવાનો અધિકાર આપ્યો હતો; પછી તે હજાર રૂપિઆ લગી વધારવામાં આવ્યો. લૉર્ડ વિલિઅમ બેન્ટિન્કે નવી તરેહના પ્રિન્સિપાલ સદર અમીન નીમ્યા. તેમણે અમુક રકમ લગીના દાવા ચલાવવા એવું પ્રથમ ઠરાવ્યું હતું, પરંતુ એ નિયમ કહાડી નાંખી તેમને ગમે તેટલી રકમના દાવા લેવાનો અધિકાર આપ્યો. સને ૧૮૬૮ માં સદર અમીન કહાડી નાંખ્યા અને પ્રિન્સિપાલ સદર અમીનોને સબાર્ડિનેટ જડજોનું નામ આપી તેમના ઠરાવપર અપીલ, પાંચ હજાર રૂપિઆની અંદરના દાવાપર ડિસ્ટ્રિક્ટ જડજની કોર્ટમાં અને તે ઉપરાંતના દાવાપર હાઇકોર્ટમાં ચાલે એવું ઠરાવ્યું. સને ૧૮૭૧ માં ૫૦૦ રૂપિઆ લગી સબાર્ડિનેટ જડજોને અને પચાસ રૂપિઆ લગી મુન્સિફોને સ્મૉલ કૉઝનો અધિકાર આપવામાં આવ્યો.

ઇલાકાનાં શહેરોમાં નીચલા દરજ્જાની દીવાની કોર્ટો સને ૧૭૫૩ માં સ્થાપન કરવામાં આવી એવું આપણે ઉપર કહી ગયા છીએ. પહેલે તો એ કોર્ટોને વીસ રૂપિઆ લગીની રકમના દાવા લેવાનો અધિકાર હતો. પછી તે ચારસેં રૂપિઆ લગી વધારવામાં આવી. સને ૧૮૫૦ માં એ કોર્ટોને ઠામે સ્મૉલ કૉઝ કોર્ટો સ્થાપન થઇ અને તેઓમાંના ત્રણ જડજોમાંનો એક જડજ બારિસ્ટર હોવો જોઇએ એમ ઠર્યું. સને ૧૮૮૨ ના કાયદાથી એ કોર્ટોના બંધારણમાં કેટલોક બીજો ફેરફાર થયો છે.

સને ૧૮૫૮ માં કંપનીનો અમલ જઈ મહારાણીનો અમલ થયો તે પછી પીનલ કોડ અને બે પ્રોસીજર કોડ કરવામાં આવ્યા. તે પછી સને ૧૮૬૨ માં હાઇકોર્ટો સ્થાપવાનો કાયદો થયો અને તેમાં ગાદીપતિને સનદથી એવી કોર્ટો સ્થાપન કરવાની સત્તા આપવામાં આવી. આ નવી સ્થાપેલી કોર્ટો સાથે પહેલાંની બે અદાલતો જોડી દેવામાં આવી અને તેમને દીવાની, ફોજદારી, સમુદ્રપરની તથા મૃત્યુપત્રોની બાબતમાં ન્યાય ચૂકવવાનો અધિકાર આપ્યો. એ કોર્ટોમાં ઈલાકાનાં શહેરોના ટાપુમાંના અસલ દાવા ચાલે છે અને અપીલ તથા વિશેષ ન્યાયના અધિકારની બાબતમાં તમામ નીચલી દીવાની અને ફોજદારી કોર્ટોપર તેની સત્તા ચાલે છે. પહેલાં ત્રણ સ્થળે હાઇકોર્ટો હતી. વાયવ્ય પ્રાંતોમાં સને ૧૮૬૬ માં નવી હાઇકોર્ટ સ્થપાઇ. પંજાબમાં હાઈકોર્ટનો અધિકાર ચીફ કોર્ટ ચલાવે છે. હાઇકોર્ટોમાં એક મુખ્ય જડ્જ બહુધા ઈંગ્લાંડ માંહેલા અતિ પ્રખ્યાત બારિસ્ટરોમાંનો હોય છે અને કેટલાક પ્યુની જડજો હોય છે; તેઓમાંના કેટલાક સનંદી નોકરોમાંના અને કેટલાક બારિસ્ટરો અથવા આડવોકેટ પૈકી હોય છે. સને ૧૮૯૩ માં સઘળી હાઈકોર્ટોમાં ચીફ્ જસ્ટિસ સુદ્ધાં બધા મળીને ૩૨ જડજો હતા અને તેઓમાં છ દેશીઓ હતા. હમણા કરાંચી, રંગુન, અને એડનની કોર્ટોને આડ્મિરલટીના (દરિયાઈ) મુકદ્દમા ચૂકવવાનો અધિકાર આપ્યો છે. મદ્રાસમાં અઢી હજાર રૂપિઆ લગીનાજ દાવા ચૂકવવાને એક કોર્ટ સ્થાપેલી છે; આ નવી વ્યવસ્થાને લીધે હાઇકોર્ટમાં અગાઉ

કેટલાક દાવા ચાલતા તે હવે આ કોર્ટમાં ચાલશે. અયોધ્યા પ્રાંતના કજીઆ ચૂકવવામાં બેઉ જ્યુડિશિઅલ કમિશનરો- માં મતભેદ પડે તે વારે વાયવ્યપ્રાંતોની હાઇકોર્ટને તેઓ- નો નિકાલ કરવાનો અધિકાર છે.

નૉન-રેગ્યુલેશન પ્રાંતોમાં ન્યાય ખાતાનો મુખ્ય અ- ધિકારી જ્યુડિશિઅલ કમિશનર છે. એ અમલદાર ઘણું ક- રીને સનંદી નોકરોમાંનોજ હોય છે. હાલમાં અયોધ્યા પ્રાં- તમાં કમિશનરની એક જગ્યા વધારી છે તેપર દશ વર્ષ લગી કામ કર્યું હોય તેવો બારિસ્ટર નીમે તો ચાલે એવું ઠર્યું છે. હુમણા એ જગ્યાપર બારિસ્ટરનીજ નીમ- ણુક થયેલી છે.

આ વરિષ્ઠ કોર્ટથી ઉતરતા દરજાના ન્યાયાધિકારીઓ જિલ્લા જડજો છે તેઓ દીવાની અને ફોજદારી બંને કામ ચલાવે છે. નીચલા માજિસ્ટ્રેટો પ્રથમની ચોકશી કરી ફો- જદારી કામ તેમની તરફ મોકલે છે, અને નીચલી દીવાની કોર્ટોપર અપીલો તેમની પાસે ચાલે છે. અસલ દાવા ચા- લવાની છેવટની કોર્ટ એજ છે. પંજાબમાં ચીફ કોર્ટ અને જિલ્લા જડજની દર્મિયાન એક ડિવિઝનલ જડજ હોય છે. બ્રહ્મદેશમાં દીવાની કામ મુલ્કી અમલદારોજ ચલાવે છે, અને ડિવિઝનલ કમિશનર સેશન જડજ છે. યોગ્ય જણાય તે વારે ડેપ્યુટી કમિશનરને સેશન જડજ નીમવાનો અધિ- કાર કાયદામાં ઠરાવ્યો છે.

અયોધ્યા પ્રાંતમાં દીવાની કામ મુલ્કી કામદારો કને- થી સને ૧૮૯૦ માં લેઇ લીધું. ડિસ્ટ્રિક્ટ જડજના તાબાના

દીવાની અધિકારીઓ સબાર્ડિનેટ જડજો છે અને તેમના જુદા જુદા વર્ગો છે. એ સિવાય નાના દાવાનો નિકાલ કરવા સારૂ કેટલાક પ્રાંતોમાં મુન્સિફો હોય છે. પંજાબમાં ઑનરરી દીવાની જડજો છે, અને મદ્રાસ, મુંબાઈ, તથા નીચલા બ્રહ્મદેશમાં ગામ મુન્સિફો હોય છે. મધ્યપ્રાંતોમાં મુલ્કી કામદારોની કનેજ દીવાની કામ છે; એ કામ જુદા અમલદારોને સોંપવાની શરૂઆત થઈ છે. ડેપ્યુટી કમિશનર જડજોના કામની દેખરેખ રાખે છે અને તેમની તથા જ્યુડિશિઅલ કમિશનરની દર્મિયાન ડિવિઝનલ કમિશનરની કોર્ટ (પંજાબમાં છે તે પ્રમાણે) હોયછે. બંગાળામાં જમીનના કરની ફર્યાદ દીવાની કોર્ટમાં ચાલે છે, બીજા બધા પ્રાંતોમાં મુલ્કી અધિકારીઓની કને ચાલેછે.

નાના નાના દાવાનો ઝટ નિકાલ લાવવા માટે ઇલાકાનાં શહેરોમાં તથા બહારના પ્રાંતોમાં સ્મૉલ કૉઝ કોર્ટો સ્થાપી છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. એ કોર્ટોના અધિકારનું મુખ્ય લક્ષણ એ છે કે તેમના ચૂકાદાપર અપીલ નથી. હાલમાં એ કોર્ટોના સંબંધમાં નવો કાયદો થયો છે તેમાં એ કોર્ટોમાં કિયા દાવા ચાલે તે સ્પષ્ટ દર્શાવ્યું છે. પહેલાં એ વિષેના નિયમ સંદેહ ભરેલા હોવાથી એ કોર્ટોમાં પરોક્ષ રીતે હક્ક સંબંધી નિકાલ કરાવવાની સગવડ મળતી તે નવા કાયદાથી જતી રહી છે.

હવે ફોજદારી કામનો વહીવટ કેવી રીતે ચાલેછે તે વિષે કહીએ. ઈલાકાનાં શહેરોમાં થતા ગુન્હાની તપાસ હા-

માં ચાલે છે અને બહારની ફોજદારી કોર્ટોના ઠરાવ-
.પીલો થાય છે. પંજાબમાં ચીફ કોર્ટ અને જ્યુડિશિ-
;મિશનર છે. તે પ્રાંતમાં તે હાઇકોર્ટનો અધિકાર ચ-
છે. હાઇકોર્ટથી ઉતરતા દરજ્જાના અમલદારો ડિસ્ટ્રિક્ટ
છે તેઓજ સેશન જડ્જો છે. એમણે કરેલી ફાંસીની
ે માટે હાઇકોર્ટોની મંજૂરી લેવી પડે છે. નૉન–રેગ્યુ-
પ્રાંતોમાં એ કામ ઘણું કરીને ડિવિઝનલ કમિશનર
. માજિસ્ટ્રેટના ત્રણ વર્ગો છે, અને જિલ્લાનો મુખ્ય
અધિકારી મુખ્ય માજિસ્ટ્રેટ પણ છે. ત્રીજા વર્ગના
સ્ટ્રેટને પચાસ રૂપિઆ દંડ અને એક મહીનાની કેદ,
વર્ગના માજિસ્ટ્રેટને બસેં રૂપિઆ દંડ અને છ મ-
ી કેદ તથા પહેલા વર્ગના માજિસ્ટ્રેટને બે વર્ષની કેદ
હજાર રૂપિઆ દંડની શિક્ષા કરવાનો અધિકાર છે. વળી
ક માજિસ્ટ્રેટોને ફટકા મારવાની શિક્ષા કરવાની પણ
છે. ઈલાકાનાં શહેરોમાં વધારે અધિકારવાળા માજિ-
હોય છે. કેટલેક ઠેકાણે ઑનરરી માજિસ્ટ્રેટોની બેંચ
.સિપાલિટીના પુષ્કળ કજીઆનો નિકાલ કરે છે અને
ક માજિસ્ટ્રેટો સ્વતંત્ર રીતે એકલાજ કામ કરે છે.
સ્ટ્રેટે કરેલાં કામો જિલ્લા માજિસ્ટ્રેટ તપાસે છે અને
વર્ગના માજિસ્ટ્રેટોનાં કામો સેશન જડજ તપાસે છે,
તે બાબતનાં પત્રકો સેશન જડજની માર્ફત જઇ તે-
છેવટની તપાસ હાઇકોર્ટમાં થાય છે. એમ દીવાની
ફોજદારી કામોમાં નીચલી કોર્ટોનાં કામો તપાસવાની
:માં પૂર્ણ તજવીજ કરવામાં આવી છે.

અત્યાર લગી આપણે ન્યાયખાતાના જુદા જુદા અમલદારોને કેટલો અધિકાર છે તે વિષે કહ્યું. હવે એ ખાતામાં સાધારણ કામ કેટલું છે તે વિષે બોલીએ.

સને ૧૮૯૧-૯૨ માં એકંદર ફર્યાદીઓ કેટલી દાખલ થઈ તે નીચલા પત્રકપરથી જણાઈ આવશેઃ—

હાઈકોર્ટો અને ચીફ કોર્ટ........................	૧,૯૯૦
જિલ્લાની અને ડિવિઝનલ કોર્ટો..................	૬૬,૫૩૪
બિનપગારદાર કોર્ટો..................................	૧૪,૧૪૭
ગામ મુન્સિપ્ કોર્ટો..................................	૮૭,૫૩૭
પ્રાવિન્શિઅલ સ્મૉલ કૉઝ કોર્ટો...............	૧,૭૬,૪૨૫
પ્રેસિડન્સી એજન્ટ............	૮૫,૭૪૦
પગારદાર નીચલી કોર્ટો....................	૧૦,૯૩,૧૦૩
મુલ્કી કોર્ટો..................................	૩,૨૫,૮૮૪
સરવાળો સને ૧૮૯૨	૧૮,૫૧,૩૬૦

હવે જુદી જુદી સાલોમાં કોર્ટોમાં ચોકશી માટે કેટલા મુકદ્દમા આવ્યા હતા તેઓના આંકડા આપીએ છીએ. એ પરથી કામ કેટલું વધતું ગયું છે તે જણાશે.

સને ૧૮૭૭	૧૫,૪૧,૨૭૬
સને ૧૮૮૨	૧૭,૩૪,૮૫૭
સને ૧૮૮૫	૧૮,૭૫,૫૭૦
સને ૧૮૯૧	૨૦,૦૨,૬૬૪
સને ૧૮૯૨	૨૦,૯૫,૮૮૪

દાવાની કીમત જોતાં છેલ્લાં દશ વરસમાં તે વધી છે. સને ૧૮૮૧–૮૨ માં દાવાની કીમતની સરાસરીનું પ્રમાણ રૂ૧૧૭ હતું તે સને ૧૮૯૧–૯૨ માં રૂ ૧૨૩ થયું. દશ રૂપિઆની અંદરના દાવા ઘટ્યા છે અને પચાસ રૂપિઆ લગીના દાવા થોડાક વધ્યા છે. પચાસથી સો રૂપિઆ સુધીના દાવા થોડાક ઓછા થયા છે. સો રૂપિઆ ઉપરાંતના દાવાની સંખ્યા પણ કાંઈક વધી છે. સને ૧૮૯૧–૯૨ માં પચાસ રૂપિઆની અંદરના દાવાનું પ્રમાણ સેંકડે ૬૮ હતું અને પાંચસેં રૂપિઆ ઉપરાંતના દાવાનું પ્રમાણ સેંકડે ૨.૪૯ હતું.

વસ્તીના પ્રમાણમાં દાવાની સંખ્યાનો વિચાર કરતાં દર દશ હજાર માણસે દાવાની સંખ્યા ૬૧ આવે છે; દશ વર્ષપર તે ૬૦ હતી; છેલ્લાં દશ વર્ષમાં ભાડાંના દાવા સિવાય બીજા દાવાનું પ્રમાણ વસ્તીના પ્રમાણ કરતાં વધ્યું નથી; વસ્તીનો વધારો સેંકડે ૯⅞ ટકા થયો તેવારે દાવાનો વધારો સેંકડે ૯ ટકા થયો.

કિયા પ્રકારના દાવા સાધારણ રીતે કેટલા પ્રમાણમાં થાય છે તે હેઠલા પત્રકપરથી જણાઇ આવશે. મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૧–૮૨ ના આંકડા છેવટે આપ્યા છે. બંગાળામાં અને વાયવ્યપ્રાંતોમાં જમીનના ધારાની ફર્યાદ પુષ્કળ થાય છે એવું એ પત્રકપરથી જણાશે. મદ્રાસમાં એ તરેહના ઘણાખરા દાવા દરેક સાલના પટાપરથી આણેલા હોય છે અને મુંબાઈ ઈલાકામાં મુલ્કી કોર્ટોમાં સ્થાવર મિલ્કત તાબામાં લેવા માટે દાવા થાય છે.

પ્રાંત.	રોકડના દાવા.	જંગમ મિલ્કત-ના દાવા.	ભાડાં તથા કરના દાવા.	સ્થાવર મિલ્કતના અને હુક્ક સ્થાપન કરવાના દાવા.
બંગાળા.	૪૦.૧૯	૭.૬૦	૩૮.૮૮	૭.૪૪
વાયવ્ય પ્રાંતો.	૨૪.૬૬	૨.૨૩	૬૫.૩૪	૪.૯૦
પંજાબ.	૬૭ ૫૯	૨.૪૮	૯.૨૩	૧૨.૩૮
મધ્ય પ્રાંતો.	૬૩.૨૦	૮ ૬૭	૧૧.૬૩	૯.૪૫
આસામ.	૪૬.૨૬	૧૭.૫૪	૧૨.૩૪	૧૪.૬૪
મદ્રાસ.	૬૧.૦૪	૭.૬૬	૨.૫૨	૧૫.૮૪
મુંબાઇ.	૬૫.૯૧	૯.૨૬	૯.૯૬	૮.૫૭
વરાડ.	૮૦.૫૨	૧ ૬૭	——	૧૩.૭૦
નીચલો બ્રહ્મદેશ.	૪૫.૧૬	૨૨.૯૦	——	૭.૭૮
ઉપલો બ્રહ્મદેશ.	૩૫.૬૪	૧૮.૫૪	——	૨૧.૪૮
હિંદની સરાસરી.	૪૮.૨૮	૬.૨૮	૨૯.૦૯	૯.૨૨
સને ૧૮૯૧-૯૨	બીજી જંગમના દાવા.	૬.૧૧		
સને ૧૮૮૧-૮૨	૫૭.૬૨	૪.૯૫	૧૬.૦૫	——

દાવાના નિકાલપરથી જોતાં જણાયછે કે સને ૧૮૯૧-૯૨ માં સેંકડે ૩૨ દાવાનો ચોકશી થયા વગર નિકાલ થયો, વાદીના પક્ષમાં ૬૦ અને પ્રતિવાદીની તરફમાં ૭ થયા. વાદીના પક્ષના દાવામાં સેંકડે ૧૧ ટકા કબૂલાતથી, ૨૮ ગેરહાજરીથી, ૧૯ તકરાર ચાલીને, અને ૦.૪૧ પંચની માર્ફત નિકાલ થયો, અને પ્રતિવાદીની તરફના દાવામાં વાદીની ગેરહાજ-

રીથી ૧.૩૪, તકરાર ચાલીને ૬.૨૫, અને પંચની માર્ફત ૦.૧૮ દાવાનો નિકાલ થયો. દશ વર્ષપરની સંખ્યાનું પ્રમાણ જોતાં આ પ્રમાણમાં ઝાઝો ફરક પડેલો જણાતો નથી. નીચલા બ્રહ્મદેશમાં તથા આસામમાં ફર્યાદ કહાડી લેવાનું, મુંબાઈમાં અંદર અંદર પતાવી દેવાનું, અને પંજાબમાં તથા મદ્રાસમાં બંને રીતે માંહોમાંહે નિકાલ કરવાનું વળણ વધારે છે. કબૂલાતથી અગાઉ કરતાં સેંકડે બે દાવા ઓછા થાયછે; એ રીતે નિકાલ કરવામાં વરાડનો નંબર પહેલો છે. અને મધ્યપ્રાંતોનો નંબર તેની પાસે પાસે છે.

હવે નિકાલપર કેટલી અપીલો થાય છે તેનો વિચાર કરી દીવાની પ્રકરણ પૂરૂં કરીએ. એકંદર દાવાની સંખ્યા જોતાં સેંકડે ૭ દાવામાં અપીલ થાય છે; અર્થાત્ બેતરફી ચોકશી થઇ જે દાવાનો નિકાલ થાયછે તેઓના શુમારે ¼ માં ઘણું કરીને અપીલ થાયછે. સને ૧૮૯૧ માં અપીલમાં સેંકડે ૬૧ ઠરાવ બહાલ રહ્યા, ૧૭ ફર્યા, અને ૨૧ માં ઠરાવ ફેરવ્યા અથવા અપીલો રદ્દ કરી, અથવા બીજી રીતે નિકાલ થયો. સને ૧૮૮૧ ના પ્રમાણ જોડે સરખાવતાં બહાલ રહેલા ઠરાવોનું પ્રમાણ સેંકડે ૯ વધ્યું છે અને અપીલ કહાડી નાંખવી, વગેરેનું પ્રમાણ તેટલુંજ ઘટયું છે.

ઉપલા આંકડા આખા હિંદની સરાસરીના પ્રમાણમાં આપેલા છે. પ્રાંતવાર હકીકત આપવાની જરૂર છે, પરંતુ લંબાણ થઇ જવાના ભયથી તે મૂકી દીધી છે. તેમજ દર સાલ કિયાં કારણોથી દાવાની સંખ્યા વધે છે અથવા ઘટે

છે અને વધતો ઓછો પાક થવાથી દાવાની સંખ્યાપર કેવી અસર થાય છે તેની હકીકત આપવાની આવશ્યકતા છે, પરંતુ તે વિષે સરકારી રીપોર્ટોમાં પણ વધારે વિચાર કરેલો હોતો નથી તેથી નિરૂપાય છીએ.

સને ૧૮૯૨–૯૩ માં ન્યાયપદ્ધતિમાં કાંઇ પણ ફેરફાર થયો નહોતો. એ વરસમાં જે કાંઈ વિશેષ બનાવ બન્યા તે માત્ર અહીં જણાવીએ છીએ. બંગાળામાં સને ૧૮૯૧–૯૨ કરતાં વધારે ફર્યાદો દાખલ થઇ. એકંદરે પહેલાં કરતાં કામ ઘણું વધી જવાથી ૫૯ નવા સબાર્ડિનેટ જડ્જો અને મુન્સિફો નીમવામાં આવ્યા. વાયવ્ય પ્રાંતોમાં સને ૧૮૯૧–૯૨ ની પહેલાંની કેટલીક સાલોમાં ફર્યાદીઓ ઓછી દાખલ થઈ હતી, પરંતુ સને ૧૮૯૨–૯૩ માં તે પહેલાંના જેટલી દાખલ થઈ. એ પ્રાંતોમાં હમણા ઇન્સાફ કરનારા અમલદારો પૂરતા ન હોવાથી કામ ચઢી ગયુંછે. પંજાબ પ્રાંતમાં એ સાલમાં ફર્યાદો ઓછી દાખલ થઈ અને તેનું કારણ એ આપ્યું છે કે કોગળીઆનો ઉપદ્રવ અને તાવનો વાવર એ પ્રાંતોમાં હતો. એ સાલમાં બ્રહ્મદેશમાં વધારે ફર્યાદો દાખલ થઈ અને હમણા જે ન્યાયાધીશો છે તેઓ પૂરતા નહિ હોવાથી કામ ચઢી ગયું છે. મધ્યપ્રાંતોમાં સને ૧૮૯૧–૯૨ માં હમેશ કરતાં ઓછા દાવા દાખલ થયા હતા, પરંતુ સને ૧૮૯૨ માં પહેલાંના જેટલાજ દાખલ થયા. દશ રૂપિઆની અંદરની રકમના દાવા માત્ર ઓછા દાખલ થયા. એ વરસમાં અપીલોનું કામ ડેપ્યુટી કમિશનરની કનેથી લેઈ અપીલો સાંભળવાને નવા નીમેલા જડ્જોને સોં-

પવામાં આવ્યું. આસામ પ્રાંતમાં સને ૧૮૯૧-૯૨ માં ફ્ર્યાદો દાખલ થઈ હતી તેના કરતાં આ સાલમાં વધારે દાખલ થઇ, પરંતુ એ બંને સાલોમાં દાખલ થયેલી ફ્ર્યાદો પહેલાં કરતાં ઓછીજ હતી. વરાડ પ્રાંતમાં આ સાલમાં વધારે ફ્ર્યાદો દાખલ થઈ, પરંતુ તે સર્વેનો નિકાલ એજ વરસમાં થયો. મદ્રાસ ઇલાકામાં ખુદ ઇલાકાના શહેરમાં એક સિટી સિવિલ કોર્ટ સ્થાપન થઈ, પ્રાંતોમાં વધારે ડિસ્ટ્રિક્ટ મુન્સિફો નીમાયા અને હાઈ કોર્ટ નવી ઇમારતમાં ગઇ. મુંબાઈ ઇલાકામાં બીજા પ્રાંતોની પેઠેજ દાખલ થયેલી ફ્ર્યાદોમાં વધારો છે. સિંધ પ્રાંતમાં સને ૧૮૯૧-૯૨ કરતાં ઓછી ફ્ર્યાદો દાખલ થઇ.

गुन्हा अने गुन्हानी तपास.

ફ્ર્યાદોની સંખ્યાના પ્રમાણપરથીજ જોતાં સને ૧૮૮૧ કરતાં તે હમણા વધેલી છે. સને ૧૮૮૧ માં દર દશ હજાર માણસે ૫૫ ફ્ર્યાદો થઇ હતી તે વારે સને ૧૮૯૧ માં તે ૫૯ થઇ. દીવાની ફ્ર્યાદો એટલી વધી નથી તેનું કારણ એ છે કે દીવાની દાવા દાખલ કરવાનો જેટલો ખર્ચ થાય છે તેટલો ફોજદારીમાં ફ્ર્યાદો કરવામાં થતો નથી. હવે આ સંખ્યામાંથી કેવળ ખોટી ફ્ર્યાદો પોલીસ તરફથી કહાડી નાંખવામાં આવે છે તે બાદ કરવી જોઇએ; તે બાદ કર્યાથી દર દશ હજાર માણસે ૪૦ ફ્ર્યાદ પડે છે.

ગુન્હાના બે વર્ગ કર્યા છે. એક પ્રકારના ગુન્હાની તપાસ પોલીસ પોતાના અધિકારથી શરૂ કરે છે. એ ગુન્હા-

વધારે મહત્વના છે. બીજા પ્રકારના ગુન્હાની તપાસ કરવાને માજિસ્ટ્રેટનો હુકમ લેવો પડે છે. સને ૧૮૯૧ માં એકંદર ૧૩,૦૧,૧૦૦ ફર્યાદો થઈ, તેઓમાં પહેલા વર્ગની સેંકડે ૫૬ અને બીજા વર્ગની સેંકડે ૪૪ હતી. બીજા વર્ગમાં અપકાર વગેરે હલકા ગુન્હાનો અને મહત્વના ગુન્હામાં ખોટા દસ્તાવેજ બનાવવા અને ખોટી સાક્ષી આપવાના ગુન્હાનો સમાવેશ થાય છે. છેલ્લાં દશ વરસમાં આ ગુન્હાનું પ્રમાણ વધ્યું છે, તોપણ શિક્ષા પામેલા લોકોની સંખ્યામાં તેટલો વધારો થયો નથી. ફર્યાદોના પ્રમાણમાં શિક્ષાનું પ્રમાણ સને ૧૮૮૧ માં ૪૨ હતું તે હવે ૪૧ થયું છે. ફર્યાદોમાં વધારો થયેલો છે તે ખાતર પાડી ચોરી કરવી અને સાર્વજનિક અપકાર એ બે પ્રકારના ગુન્હામાં થયો છે. બીજા ગુન્હાની ફર્યાદોની સંખ્યા વધતી ઓછી હતી તેમ સજા થયેલા ગુન્હાની સંખ્યામાં વધઘટ થયેલી નથી. શિક્ષા થયેલા ગુન્હાનું પ્રમાણ સને ૧૮૮૦ માં ૪૨ હતું, સને ૧૮૮૬ માં ૪૩ હતું, અને સને ૧૮૯૧ માં ૪૧ હતું. સાર્વજનિક અપકારની ફર્યાદોમાં સેંકડે ૯૦ માણસોને સજા થાય છે. એ ગુન્હા બાદ કરીશું તો સજા થયેલા (સાબીત થયેલા) ગુન્હાનું પ્રમાણ ઘણુંજ ઘટી જશે. ચોરી અને ઘર ફાડવાના ગુન્હા બહુજ ઓછા સાબીત થાય છે. એનું એક કારણ એ જણાય છે કે એ જાતની ફર્યાદો ઘણીવાર માલના હક્ક સંબંધી ટંટો થવાથી અથવા દ્વેષથી થયેલી હોય છે અને બીજું કારણ એ છે કે માલ હાથ લાગ્યા પછી પણ દાગીના એકજ નમૂનાના હોવાથી ઓળખવા મુશ્કેલ પડે છે.

દંગાના મથાળા નીચે માંહોમાંહે સાધારણ મારામારી થઇ ચાર માણસ ભેગા મળ્યાથી થયેલા ટંટા આવે છે, તેમજ હમણા હિંદુઓ અને મુસલમાનોની વચ્ચે ધર્મ સંબંધી ટંટા થાય છે તે પણ આવે છે. સને ૧૮૮૫ થી હિંદુઓ અને મુસલમાનોની ધર્મક્રિયા એકજ વખતે કરવામાં આવ્યાથી વધારે ટંટા થવા માંડ્યા છે. ખૂનની ફર્યાદ સને ૧૮૮૦ માં ૧,૧૦,૦૦૦ માણસે ૧ એ પ્રમાણમાં હતી; તેનું પ્રમાણ સને ૧૮૮૬ માં નેવુ હજારે એક અને સને ૧૮૯૧ માં ૮૬ હજારે એક આવ્યું. એ ફર્યાદોમાંની સેંકડે ૩૭ થી ૪૪ ફર્યાદો સાબીત થઇ. ધાડ પાડવાના ગુન્હાનો વિચાર કરતાં તેમાં બે પ્રકાર છે, (૧) લાગ ફાવે તેવારે એકાદ ઘર લૂંટવું અથવા રસ્તામાં લૂંટ કરવી, અને (૨) કેટલાક માણસોએ એકાદ જણની આગેવાની નીચે રહી હમેશ લૂંટ ચલાવવી. પહેલા પ્રકારના ગુન્હા અનાજ બરાબર પાકતું નથી તે વારે વધે છે. બીજા પ્રકારના ગુન્હાને માટે સારો આગેવાન, અને દેશી રજવાડાની હદનો પાડોશ હોવાની જરૂર પડે છે તેથી એ ગુન્હા નિયમસર બનતા નથી. બ્રહ્મદેશ ખાલસા કરવામાં આવ્યા પછી તે દેશમાં અને પડોશના ડુંગરી મૂલકમાં એ ગુન્હા ઘણા બનતા હતા, પરંતુ ખરૂં જોતાં તેઓ રાજકીય કારણોથીજ થયેલા હતા. વસ્તીના પ્રમાણમાં એ ગુન્હા મદ્રાસમાં વધારે થાય છે, અને તેનાથી ઉતરતા બંગાળામાં થાય છે. તેની પછી વાયવ્ય પ્રાંતો, મુંબાઈ, અને પંજાબના નંબર આવે છે. મદ્રાસમાં અન્નની તાણ પડે છે તે વારે હલકી વર્ણના લોકો એ ગુન્હા કરે છે,

પરતુ ઉત્તર હિંદુસ્તાનમાં પહેલાંના એજ વર્ગના લોકો અથવા પરદેશથી આવેલા ભટકતા ગુન્હેગારો ધાડ પાડે છે બંગાળામાં જમીનદારો એ ગુન્હામાં શામિલ હોય છે. મધ્યપ્રાંતોમાં હમેશ ધાડ પાડવાનોજ ધંધો કરનારા ડુંગરી લોકો ધાડ પાડે છે. એ ગુન્હા પકડવામાં ભયથી અથવા આળસથી અથવા બીજાં કારણોથી લોકોની તરફથી મદદ મળતી નથી. ગુન્હા કરનારા હલકા વર્ગના લોકો ગામેગામ હોયછેજ; તેમને આગેવાન મળે છે અથવા પોલીસનો બંદોબસ્ત જરાક ઢીલો પડે છે એટલે તેઓ ગુન્હા કરવાને પ્રવૃત્ત થાય છે. એવા ગુન્હા સેંકડે આશરે પચીસથી ત્રીસ મુકદ્દમામાં સાબીત થાય છે. એ ગુન્હા સને ૧૮૮૦ માં આખા હિંદમાં ૯૮૧ થયા હતા અને સને ૧૮૯૧ માં શુમારે ૧,૬૧૩ થયા હતા: વચગાળે એ સંખ્યા વધીને ૨,૩૨૮ થઇ હતી.

પહેલા વર્ગના ગુન્હાની સંખ્યા અને તેમાં ગુન્હાની સાબીતીનું પ્રમાણ કેટલું હતું તે નીચેના પત્રકમાં આપ્યું છે:—

ગુન્હાનું નામ.	ફર્યાદોની સંખ્યા. સને ૧૮૮૦.	સને ૧૮૯૧	ફર્યાદોમાં દરસેંકડે સાબીતીનું પ્રમાણ. સને ૧૮૮૦.	સને ૧૮૯૧.
ખૂન.	૧,૭૭૯	૨,૫૪૬	૪૪	૩૯
શરીરને લગતા બીજામોટાગુન્હા	૧૮,૦૧૪	૨૭,૩૪૩	૪૯	૪૩
લોકની સ્વસ્થતાને લગતા ગુન્હા.	૭,૮૨૫	૧૧,૦૬૬	૫૭	૫૦

ધાડ.	૯૮૧.	૧,૬૧૩	૩૨	૨૩
ઢોરની ચોરી.	૨૧,૫૭૭	૨૬,૮૬૭	૩૮	૩૦
બીજા પ્રકારની ચોરી.	૧,૫૨,૭૪૨	૧,૭૮,૭૩૭	૩૨	૩૧
ઘર ફાડવું.	૭૯,૫૨૭	૧,૫૩,૫૮૧	૧૬	૧૨
સાર્વજનિકઅપકાર.	૮૧,૨૬૮	૧,૩૬,૭૧૬	૯૦	૯૧
વેગ્રન્સી (ભટકવું.)	૧૧,૦૨૪	૧૭,૨૫૩	૭૮	૭૩
	૫,૮૫,૯૦૪	૭,૩૨,૮૩૨		
ગુન્હાની સાબીતીનું સામાન્ય પ્રમાણ.			૪૨	૪૧

માજિસ્ટ્રેટના હુકમ વગર પોલીસથી જે ગુન્હાની તપાસ થઈ શકતી નથી તે ગુન્હાનું પ્રમાણ સેંકડે ૪૪ છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. એ ગુન્હા વધારે મહત્વના હોતા નથી. સને ૧૮૯૧–૯૨ માં ૫,૯૨,૩૦૦ ફર્યાદો આવી હતી તેઓમાંની શુમારે એક ચતુર્થાંશ મ્યુનિસિપાલિટીને લગતી હતી. અપકારની ફર્યાદો સેંકડે શુમારે ૫ હતી; ગાળાગાળી, મારામારી, અથવા વ્યથાની ફર્યાદો સેંકડે ૪૫ થઈ હતી; અને બાકીના એક ચતુર્થાંશમાં છેતરવાના, ખોટી સાહેદી પૂરવાના, અથવા ખોટા દસ્તાવેજો બનાવવાના ગુન્હાની ફર્યાદો હતી. આ પ્રકારના બધા ગુન્હા માટે સેંકડે શુમારે ૨૫ થી ૩૩ મુકદ્દમામાં શિક્ષા થઈ હતી.

સને ૧૮૯૧ માં તપાસ માટે કેટલા આરોપીઓ આવ્યા હતા તથા તેઓમાંના સેંકડે કેટલા માણસોપર ગુન્હા

સાબીત થયા હતા તેનું પત્રક હેઠળ આપ્યું છે. મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૦ ના આંકડા આપ્યા છેઃ—

પ્રાંતનું નામ.	આરોપીઓની સંખ્યા.		તેઓમાંના સેંકડે કેટલા માણસો પર ગુન્હા સાબીત થયા તેનું પ્રમાણ.	
	સને૧૮૮૦	સને૧૮૯૧	સને૧૮૮૦	સને૧૮૯૧
બંગાળા.	૨,૨૬,૩૬૬	૨,૭૬,૪૮૩	૬૮.૯	૬૭.૫
વાયવ્યપ્રાંતો.	૧,૮૬,૪૬૫	૨,૦૩,૪૨૨	૫૬.૬	૫૩.૧
પંજાબ.	૧,૭૬,૪૫૩	૧,૯૧,૨૧૦	૪૮.૮	૪૧.૮
મધ્યપ્રાંતો.	૪૪,૫૯૫	૪૩,૩૬૭	૬૪.૪	૫૮.૩
આસામ.	૧૬,૩૪૪	૨૧,૩૨૧	૬૭.૭	૬૦.૦
મદ્રાસ	૩,૧૨,૧૫૬	૪,૨૩,૩૩૧	૫૫.૯	૪૮.૨
મુંબાઈ.	૧,૨૦,૭૬૬	૨,૩૬,૫૮૭	૪૯.૪	૩૯.૯
વરાડ.	૨૩,૪૧૫	૨૧,૦૧૫	૫૨.૬	૪૫.૮
અજમેર.	૫,૪૩૯	૮,૩૮૦	૪૪.૧	૫૯.૯
કુર્ગ અને બાંગલોર.	૨૧,૧૩૩*	૯,૨૨૭	૪૨.૧	૨૬.૬
નીચલો બ્રહ્મદેશ	૪૧,૬૮૫	૬૮,૦૫૫	૬૬.૮	૬૧.૭
ઉપલો બ્રહ્મદેશ.	———	૨૩,૨૨૪	——	૬૭.૨
	૧૧,૭૪,૮૧૭	૧૫,૨૫,૬૨૨	૫૭.૫	૫૧.૬

આરોપીઓની સંખ્યા સને ૧૮૯૨. ૧૬,૫૧,૯૯૦ ૪૮.૫

* આ સાલમાં મ્હેસૂર સંસ્થાનના આંકડા છે.

સને ૧૮૯૨-૯૩ માં બંગાળા પ્રાંતમાં થોડો પાક થવાથી ચોરીના ગુન્હા વધ્યા હતા. વાયવ્ય પ્રાંતોમાં એ વરસમાં ઓછા ગુન્હા થયા હતા. પંજાબ, બ્રહ્મદેશ, અને આસામ પ્રાંતોમાં એ સાલમાં કાંઇ વિશેષ બન્યું નહોતું. મધ્યપ્રાંતોમાં મિલ્કત સંબંધી ગુન્હા વધારે થયા હતા. મદ્રાસમાં પણ થોડો પાક થવાથી એ ગુન્હા વધારે થયા હતા. એ વર્ષમાં મુંબાઈ ઇલાકામાં વિશેષ બનાવ બન્યો નહોતો.

અપીલો અને તેમના નિકાલપરથી જોતાં સને ૧૮૮૦ માં ૬૧,૩૮૭ માણસોએ અપીલ કરી હતી, તેઓમાંના ૧૧,૪૭૫ માણસોને થયેલી શિક્ષા રદ્દ થઇ હતી. સને ૧૮૯૧ માં ૧,૪૭,૧૭૭ અપીલો થઇ તેઓમાં ૨૧,૬૧૨ માણસોની સજા રદ્દ થઈ. સને ૧૮૯૨ માં ૧,૫૨,૮૦૯ શખ્સોએ અપીલ કરી હતી તેઓમાંના ૨૩,૨૬૮ માણસોની શિક્ષા રદ્દ થઈ હતી. અર્થાત્ સાધારણ રીતે અપીલોમાંની સેંકડે ૩૫ થી ૪૪ અપીલોમાં સજા બહાલ રહી અને સેંકડે ૧૫ થી ૧૮ અપીલોમાં સજા રદ્દ થઈ.

જે લોકોપર ગુન્હા સાબીત થયા હતા તેઓને કઈ અને કેટલી શિક્ષા થઈ હતી તેનું પ્રમાણ એવું જણાય છે કે સને ૧૮૯૧-૯૨ માં દંડની શિક્ષા સેંકડે ૭૪.૪૨, કેદની શિક્ષા ૨૨.૭૩, ફટકાની શિક્ષા ૨.૫૫, ફાંશીની શિક્ષા ૦.૦૬, અને દેશનિકાલની સજા ૦.૨૪ માણસોને થઇ હતી. સને ૧૮૮૧ ના આંકડા જોડે સરખાવતાં, ફાંશીની શિક્ષા સને ૧૮૯૧ માં કમી થઈ અને દંડની સજાની સંખ્યામાં

થોડો વધારો થયો.

એ પ્રમાણે ગુન્હાની અને તેમની તપાસની હકીકત છે. પોલીસની ચોકીઓ વધવાથી, અને પોલીસ અમલદારો પણ સારા હોવાથી, તથા ગામડાંની પોલીસમાં પણ સુધારો થવાથી પહેલાં કરતાં હમણા ગુન્હા વધારે પકડાય છે, તોએ પુષ્કળ ગુન્હા છૂપા રહે છે, અને હિંદના લોકો સલાહ શાંતિને ચાહનારા અને કાયદા પ્રમાણે વર્તનારા છે, તથાપિ વસ્તી ઘણી હોવાથી બંદોબસ્ત રાખવાને પુષ્કળ નોકરો રાખવા પડે છે. ગામડાંમાં ચોકી કરનારા માણસો ઘણીવાર ચોરી કરનારાના વર્ગના હોય છે તેથી ગુન્હા પકડવામાં અડચણ પડે છે અને લોકમત પણ ગુન્હાની ચોકશી કરવામાં મદદ આપવાને ઊઠું થતું નથી. પહેલાં ગામના મુખીઓને ગુન્હા વગેરેની બધી ખબર હતી, પરંતુ હમણા મુખીઓનું વજન ઘટતું જાય છે એમ કહેવાય છે, અને તેથી કરીને બધી તપાસનો બોજો પોલીસને માથેજ પડે છે; અને પોલીસ તો લોકોને ગમતી નથી. વળી હમેશ ગુન્હા કરનારી જાતો આ દેશમાં પુષ્કળ છે; તેમનો બંદોબસ્ત કરવાનું એ કેટલાક પ્રાંતોમાં પોલીસને માથે એક મોટું કામ હોય છે. દરેક ગામના ખરાબ ચાલના માણસોનું રજિસ્ટર રાખવાનું અને એવા લોકોના આગેવાનો કનેથી મુચરકા લેવાનું જારી રાખ્યાથી હમણા કરતાં વધારે સારો બંદોબસ્ત થશે એવું ધારવામાં આવે છે. કોર્ટોપર પણ એવો શક છે કે તેઓ પુરાવાપર વાજબી કરતાં વધારે અણભરોસો રાખે છે અને અપીલકોર્ટમાં પોતાનો ઠરાવ ફરશે

એવી બીકથી આરોપીના ગુન્હા વિષે તેમના મનની ખાતરી થાય છે તોએ આરોપીને છોડી દે છે, અને ગુન્હો સાબીત થાય છે તોપણ સખ્ત સજા કરતી નથી. ન્યાયાધીશો બેશ ભણેલા હોવાથી તથા આરોપીઓને વકીલોની ઘણી મદદ મળવા માંડ્યાથી પુરાવાનું તોલ કરવાનો કાંટો વધતો ઓછો બૂઠો થતો ચાલેલો હોવો જોઇએ એમ લાગે છે. નીચલી કોર્ટોમાં ચોકશીનું કામ કાયદાસર ચાલ્યું છે કે નહિ તે વિષે પણ અપીલકોર્ટમાં યોગ્ય કરતાં વધારે કાળજી પૂર્વક તપાસ કરવામાં આવે છે એવી પણ તકરાર છે. હમણા ગુન્હાને માટે શિક્ષા કરવા બાબતનો જે કાયદો છે તે આ દેશની સ્થિતિ લક્ષમાં રાખીને કરવામાં આવ્યો નથી; ઇંગ્લાંડમાં જ્યાં રાજાએ પ્રજાનું રક્ષણ કરવું એજ રાજનીતિનું મુખ્ય બીજ ગણાય છે, તથા ન્યાય અને યુક્તિવિચારને અનુસરીને ન્યાય પદ્ધતિ હોવી જોઇએ એવો જ્યાં નિયમ છે ત્યાં ચાલતા વિચારોને અનુસરીને તે કરવામાં આવ્યો છે; તેથી તે કાયદાથી આરોપીને છુટી જવાનો લાગ મળે છે એવી કલ્પના કરવાનો સંભવ છે. આ બાબતમાં સુધારો થવા માટે કામ જલદી અને બેશ થાય છે કે નહિ તે ઉપલી કોર્ટોએ વધારે કાળજી રાખીને તપાસવું જોઇએ એવી હિંદ સરકારે સૂચના આપી છે.

ન્યાય ખાતાની ઉપજ ખર્ચની બાબતમાં કેવી સ્થિતિ છે તે વિષે આ ભાગ સમાપ્ત કર્યા અગાઉ કહેવું જોઇએ, તેથી તેની સને ૧૮૯૧-૯૨ ની વિગત હેઠળ આપી છે:—

ઉપજ.	રૂપિઆ
નવારસી માલનું વેચાણ........	૧,૫૬,૫૪૦
કોર્ટ ફી રોકડ	૩,૧૨,૧૧૦
દંડ, ફી, ફૉર્ફી-ચર...........	૩૦,૯૦,૮૧૦
બીજી ઉપજ..	૧,૯૮,૯૭૦
	૩૭,૫૮,૪૩૦

ખર્ચ.	રૂપિઆ.
હાઇકોર્ટો અને ચીફ કોર્ટ.....	૩૦,૨૨,૯૨૦
જ્યુડિશિઅલ ક-મિશનર........	૩,૪૭,૪૧૦
રેકૉર્ડર.........	૬૭,૨૭૦
સરકારી વકીલ.	૮,૭૭,૯૭૦
સિવિલ અને સેશન કોર્ટો	૧,૨૫,૦૬,૮૧૦
ફોજદારીકો-ર્ટો.	૧,૦૦,૮૬,૦૭૦
પ્રેસિડન્સી મા-જિસ્ટ્રેટ.	૧,૯૮,૭૪૦
સ્મૉલ કૉઝકોર્ટો.	૭,૦૯,૦૬૦
બીજો ખર્ચ....	૫,૭૪,૬૬૦
	૨,૮૩,૯૦,૯૧૦

લોકમત.—ન્યાય ખાતાના સંબંધમાં વિચાર કરવા જેવા પ્રશ્નો છે તેઓમાં રાજ્યકારભાર ચલાવનારા અમલદારોની કને ઇન્સાફનું કામ રહેવા દેવું કે નહિ એ પ્રશ્ન મહત્વનો છે અને એ વિષે ઘણા વખતથી સરકારમાં અને લોકોમાં વિચાર ચાલે છે અને ન્યાયનું કામ મુલકી કામદારોના હાથમાં રહેવા દેવું નહિ એવો બંનેનો અભિપ્રાય

થયો છે. ઇંગ્રેજી અમલ થયા પહેલાં દીવાની, ફોજદારી, મુલ્કી, અને બંદોબસ્ત રાખવાનો અધિકાર એકજ અમલદાર કને હતો; ઇંગ્રેજી અમલમાં પણ તે અધિકાર પહેલે તો એકજ અમલદારોને હસ્તક હતો; પછી તે સ્થિતિ કેવી રીતે બદલાઈ ગઈ અને વખતે વખતે કેવી વ્યવસ્થા થતી ગઈ તે વિષે આપણે ઉપર કહી ગયા છીએ. હમણા દીવાની કામ અને ફોજદારી મહત્વના ગુન્હાની ચોકશીનું તથા અપીલનું કામ ન્યાયનાજ કામ સારૂ નીમેલા અમલદારોના હસ્તક છે. ફોજદારી પ્રથમ ચોકશીનું ઘણુંખરૂ કામ (એટલે સેશન કોર્ટના અધિકારમાંના ગુન્હા સિવાય બીજા ગુન્હાના સંબંધનું કામ) જે મુલ્કી અમલદારોની કને રાજ્યવ્યવસ્થાનું કામ છે તેમની કને હોય છે, એજ એ ખાતા સંબંધી તકરારની મુખ્ય બાબત છે.

એમ રાજ્યવ્યવસ્થાનું અને ન્યાયનું કામ તેના તેજ અમલદારોની કને હોવાથી ઘણી અડચણો અને ઘોંટાળો થાય છે. મીઠું, અફીણ, જંગલ, માદક પદાર્થોના કર, હથિયાર અને જમીનની મહેસૂલને લગતા કાયદામાં ડગલે ડગલે સજા ઠરાવેલી છે અને તે કાયદા પ્રમાણે કરવાનાં કામોની વ્યવસ્થા જે અમલદારોના હસ્તક છે તેજ અમલદારોની કને તે કાયદાની વિરૂદ્ધ કરેલા ગુન્હાની ચોકશી કરી નિકાલ કરવાનું કામ હોય છે. એ કાયદા ત્રાસદાયક તો છેજ, અને જે રીતે તે અમલમાં આવે છે તે રીતને લીધે તેઓ ઘણાજ ઉપદ્રવકારક થાય છે. વ્યવસ્થાની દેખરેખ રાખવાનું અને ન્યાય કરવાનું કામ તેના તેજ અમલદારની

કને હોવાથી ગમે તેવી ફર્યાદ હોય તોએ શિક્ષા તો થવાનીજ; અને સાધારણ સમજ એવી છે કે એવો ગુન્હો કરનારને છોડી દે છે તો તેવું કરનાર અધિકારીને તેના ઉપરી અમલદાર તરફથી સખ્ત ઠપકો મળે છે. એથી ઘણીવાર નિરપરાધી માણસોને દુઃખ થાય છે અને લોકોના મનપર માઠી અસર થાય છે.

જે અમલદારો ન્યાયનાં અને રાજ્યવ્યવસ્થાનાં કામો કરે છે તેઓને કેવળ જુદા પ્રકારનાં કામો કરવાં પડે છે. ઈન્સાફનું કામ નિયમિત વખતે અને નિયમોને અનુસરીને એકજ ઠેકાણે બેશીને કરવું પડે છે. રાજ્યકારભારનું કામ કાળ અને સ્થળથી નિયમિત થતું નથી; તે બધે સમયે અને જુદે જુદે ઠેકાણે જઈને કર્યું હોય તોજ બેશ થાય છે. રાજ્યવ્યવસ્થાનું કામ કરતી વખતે અમલદારની મુખ્ય નજર તે થકી થતા નફાતોટા ભણી હોય છે; ન્યાયનું કામ કરનાર અમલદાર પરિણામના સંબંધમાં પૂરેપૂરો બેદરકાર હોય છે. એ કારણથી એ બંને કામ કરનારા અમલદારોનાં મન જુદા જુદા પ્રકારનાં બને છે. ન્યાયનું કામ બેશ થઈ શકે તેટલા માટે વિશેષ પ્રકારનું મન બનાવવું પડે છે; પહેલો તો કાયદાનો સારો અભ્યાસ કરવો પડે છે અને તેનો આક્ષેપ એક સરખો રાખવો પડે છે. મુલકી કામદારને કાયદાનું જ્ઞાન મૂળે થોડું હોય છે અને તેનો તેને એકસરખો આક્ષેપ રાખવાને સવડ પણ હોતી નથી. રાજ્યકર્ત્તા તરફથી ગેરવાજબી કામ થાય તો તેનો અટકાવ ન્યાયાધીશે કરવાનો છે, અને જ્યાં એવી વ્યવસ્થા ચાલે છે ત્યાં

લોકોનો સ્વતંત્રતાપર પણ ઘણો પ્રેમ હોય છે. રાજ્યકાર-ભાર ચલાવનાર અમલદારના કૃત્યોનો ઈન્સાફ કરવાનું કામ તેજ વર્ગના અમલદારની કને હોય છે તો રૈયતના હક્કો બરાબર જળવાતા નથી. આ દેશની અસલની રાજ્યવ્યવસ્થામાં સઘળાં કામ તેના તેજ અમલદારના હાથમાં હતાં એ વાત ખરી, પરંતુ તેજ કારણથી લોકોનો સ્વતંત્રતા પરનો પ્રેમ નાબુદ થઈ તેઓ પરાધીન થયા, તોપણ તે વેળા રાજા અને પ્રજા બંને એક દેશનાં અને એક ધર્મનાં હતાં તેથી રાજ્યકર્ત્તાના વર્તનપર કાંઈક અંકોશ રહેતો; એ બંધનો પરદેશી રાજ્યકર્ત્તાના અમલમાં હોતાં નથી તેથી ઇંગ્રેજી અમલમાં ન્યાયની કોર્ટોને પણ સ્વતંત્રતા હોવી જોઇએ. મુલ્કી અને ન્યાયનાં કામ જુદા જુદા અમલદારોને આપ્યા સિવાય એ પ્રમાણે કદી બનવાનું નથી.

આ વ્યવસ્થાની વિરુદ્ધ એમ કહેવામાં આવે છે કે ઇંગ્રેજ સરકારનું રાજ્ય કાયમ રહેવા માટે હમણા કલેકટરને જેટલો અધિકાર છે તેટલો કાયમ રાખવો જોઇએ અને બધી રીતે તે ખરેખરો રાજ્યકર્ત્તા છે એવું લોકો માને એવી તેની સ્થિતિ રાખવી જોઇએ; અને સનદી લોકોને ન્યાયનો અધિકાર આપ્યા પહેલાં તેમણે મુલ્કી ખાતામાં કામ કરવુંજ જોઇએ; કારણ કે તે વિના તેમને લોકોની તથા રીતભાતની માહિતી મળતી નથી. એ કારણથી હાલમાં જિલ્લાના અમલદારોને જે ફોજદારી અધિકાર છે તે પણ તેને હોવો જોઇએ. આ બાબતનો વિચાર કરતાં જણાય છે કે જિલ્લાનો મુખ્ય અધિકારી પંડે ફોજદારી કામ બહુજ થો-

ડું કરે છે. એ અધિકારીએ કામ ન ચલાવ્યાથી તેના મહત્વમાં કાંઈ ફરક પડતો નથી તો હવે પછી તે કામ તેણે પોતાના એક આસિસ્ટંટને કરવાનું કહેવાથી પણ તેની સ્થિતિમાં ફેરફાર થવાનો નથી; અને તેને બીજું કામ પુષ્કળ હોવાથી તેની કનેથી ફોજદારી કામ લેઇ લીધાથી તેનું મહત્વ ઓછું થવાનું કાંઈ કારણ જણાતું નથી. તોપણ સાધારણ રીતે બીજા માજિસ્ટ્રેટોની અને સનદી નોકરીમાંના માજિસ્ટ્રેટોની વચ્ચે કેટલીક બાબતોમાં ફેર છે એમ કબૂલ કરવું જોઇએ. રાજકીય કારણોથી તેમની કને એ અધિકાર રાખવાની જરૂર હોય તો જિલ્લાના કલેકટરનો માજિસ્ટ્રેટ તરીકેનો અધિકાર તેના તાબાના એક આસિસ્ટંટને આપવાની તેને છૂટ આપવી, અને એકજ વખતે બંને અધિકાર નીચલા દરજાના આસિસ્ટંટ કલેકટરને આપવા નહિ એમ ઠરાવવું એટલે હમણાની અડચણ દૂર થશે.

હવે ~~કલેકટર અને તેનો~~ આસિસ્ટંટ રાજ્યકર્ત્તા છે અને રાજ્યની આબાદીને માટે તેમનું મહત્વ લોકોને સ્પષ્ટ જણાઈ આવે એવી રીતે રાખવું જોઇએ, અને લોકોના મનમાં તેનો ધાક રહેવા માટે તેમની કને માજિસ્ટ્રેટનો અને ~~મુલ્કી અધિકાર રાખવા જોઇએ~~ એ એકતર્ફી તકરાર કબૂલ રાખીએ તોપણ તાબાના માજિસ્ટ્રેટો આ દેશનાજ હોય છે તેમને હસ્તક મુલ્કી અધિકારની ભેગો તે અધિકાર રાખવા~~નું કાંઈ કારણ નથી.~~ આ અધિકારથી તેમનું મહત્વ વધારવાથી બ્રિટિશ રાજ્યના પાયાને મજબૂતી મળતી નથી; માત્ર તેમની કને બીજાં કામો પુષ્કળ હોવાથી ઇન્સાફનું

કામ બરાબર થતું નથી અને લોકોને ત્રાસ ભોગવવો પડે છે. મામલતદારોની કને એટલાં બધાં કામો હોય છે કે અમુક એક કામ તેમની પાસે નથી એમ બતાવવુંજ મુશ્કેલ છે, તો તેને હાથે ન્યાયનું કામ બરાબર ન થાય એ સ્વાભાવિક છે. એકંદરે ન્યાયનું અને મુલ્કી કામ એકજ અમલદારની કને રાખવું યોગ્ય નથી.

એ બંને અધિકાર એકજ અમલદારના હસ્તક રાખવા દુરસ્ત નથી એવું થોડા વખતપરજ અમીરોની સભામાં વાદવિવાદ થયો હતો તેમાં હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીએ તથા એક માજીસ્ટ્રેટસેક્રેટરીએ કબૂલ કર્યું હતું, તેથી હવે તે વિષે તકરાર રહેશે એમ લાગતું નથી. આ પ્રશ્નના સંબંધમાં ઇંડિયા નામે માસિક પુસ્તકના સને ૧૮૯૩ ના જુલાઈ માસના અંકમાં ઐતિહાસિક હકીકત આપી છે તે જોવી.

આ વ્યવસ્થા અમલમાં લાવવાને શી શી તજવીજ કરવી જોઇએ તેનો વિચાર સરકારે પંડે કર્યા સિવાય નિશ્ચય થવાનો નથી, કારણ કે દરેક જિલ્લામાં મામલતદાર, માજસ્ટ્રેટ, સબૉર્ડિનેટ જડજ, અને આસિસ્ટંટ તથા ડેપ્યુટી કલેક્ટરને કેટલું કામ છે, હાલમાં માજિસ્ટ્રેટનું કામ કરનારા અમલદારો કનેથી તે કામ લેઇ લેવામાં આવે તો તેમનું બાકીનું કામ કેટલા અમલદારો કરી શકે, અને તેઓમાંના કેટલા અમલદારોને ફક્ત ન્યાયના કામપરજ રાખી શકાય, અથવા તેટલા અમલદારો ઓછા કરી બીજા ન્યાય કરનારા કામદારો નીમવામાં આવે તો પહેલાંના ખર્ચથી કેટલા નીમી શકાય એ નક્કી કરવાને જે માહિતી જો-

ઇએ તે સરકાર સિવાય બીજાને મળવી મુશ્કેલ છે. લોકે તો કિયા ધોરણ પર સુધારો કરવાની જરૂર છે તે માત્ર બતાવી શકે. આ બાબતમાં બે રીતે સુધારો થઇ શકશે એવું દેખાડવામાં આવ્યું છે. જિલ્લાના થોડાક મામલતદારો ઓછા કરી તેમના પગારની રકમમાંથી વધારે સબૉર્ડિનેટ જડજો નીમવા અને માજિસ્ટ્રેટનું તમામ કામ સબૉર્ડિનેટ જડજોને સોંપવું; મામલતદારો ઓછા થવાથી થોડીક અડચણ પડશે તે નાના તાલુકાનું કામ તેની થડમાંના મામલતદારને સોંપી દૂર કરવી એવી એક સૂચના છે. એવાજ પ્રકારની બીજી સૂચના એ છે કે હરેક જિલ્લામાં આસિસ્ટંટ કલેકટરો અને ડેપ્યુટી કલેકટરો હોય તેઓમાંના નીમે અમલદારોને માજિસ્ટ્રેટનું કામ સોંપી જિલ્લા જડજના તાબામાં રાખવા અને બાકીના નીમે અમલદારોએ મુલ્કી કામ કરવું.

બીજા પ્રકારની એક સૂચના એ છે કે સબૉર્ડિનેટ જડજો કનેથી સ્થાવર અને હક્ક સંબંધી તકરારી દાવા કહાડી જિલ્લાના મુખ્ય સ્થળની કોર્ટને સોંપવા, અને તેમની કનેથી એ કામ ઓછું થાય તેના બદલામાં તેમને તે તાલુકાના બીજા વર્ગના માજિસ્ટ્રેટનું કામ સોંપવું. જિલ્લાના મુખ્ય શહેરમાં સ્થાવર અને હક્ક સંબંધી મોટા અને તકરારી દાવા ચલાવવાને એક કોર્ટ રાખી તેમાં ચાર કે પાંચ જડજો રાખવા અને તેઓમાંના બે સનંદી નોકરીમાંના હોઇ ત્રણ બિનસનંદી નોકરીમાંના નીમવા; હમણા હાઇ કોર્ટમાં રિવાજ છે તે પ્રમાણે બે અથવા ત્રણ જડજોએ ભેગા બેશી

મુકદ્દમા ચલાવવા; કાયદાના મુદ્દા સિવાય બીજાં કારણોથી તેમના ઠરાવપર અપીલ થઈ શકે નહિ; પક્ષકારો અરજ કરે તો એ કોર્ટે કજિયાની હકીકત હાઈ કોર્ટને લખી જણાવી કાયદાના મુદ્દા વષે તે કોર્ટનો અભિપ્રાય લેવો. જે મુકદ્દમામાં અપીલ કરવાનો હક્ક આપ્યો ન હોય તે મુકદ્દમામાં હાઇ કોર્ટને નીચલી કોર્ટનો ઠરાવ તપાસવાની સત્તા હોવી જોઇએ. પહેલા વર્ગના માજિસ્ટ્રેટના અધિકારમાંના ગુન્હાની ચોકશી એક અથવા બે આસિસ્ટંટ કલેકટરો અથવા ડેપ્યુટી કલેકટરોએ કરવી અને તેમણેજ સેશનકોર્ટમાં તે કામ કમિટ કરવું.

ન્યાય ખાતામાં સુધારો થવાની જરૂર છે કે નહિ તે વિષે સને ૧૮૯૪ ની કોંગ્રેસમાં પ્રેસિડંટ મિ. વેબે ભાષણ કર્યું હતું તેમાંથી થોડો ઉતારો અમે અહીં આપીએ છીએ અને તે પછી કોંગ્રેસમાં એ બાબતમાં જે ઠરાવ કરવામાં આવ્યા તે આપીએ છીએ.

મિ. વેબે કહ્યું કેઃ—"કાયદા સારા હોવાની જેટલી જરૂર છે તેટલીજ તેમનો બેશ અમલ થવાની જરૂર છે. એ કારણથી મુલ્કી અને ફોજદારી અધિકાર એક માણસના હાથમાં રાખવો ઠીક નથી. મુલ્કી અમલદારોને લોકો જોડે હળીમળીને ચાલવું પડેછે; જુદી જુદી વાતો સાંભળવી પડેછે; ન્યાયાધીશોનું વર્તન એનાથી કેવળ જુદી તરેહનું હોવું જોઇએ; તેમણે પોતાની આગળ જેટલી બાબતો આવે તેટલીજ લક્ષમાં લેવી જોઇએ, અને તેપરથીજ પોતાનો ફેંસલો કરવો જોઇએ. એ બંને ગુણ કેવળ જુદા છે અને તે કારણથી

ઓ બેઉ કામ માટે જુદા જુદા માણસોની નીમણુક થવી જોઇએ. જૂરીનો પ્રશ્ન એવાજ પ્રકારનો છે. જૂરી એકાદવાર ગુન્હેગારને છોડી મૂકે તેટલા માટે તે ખરાબ છે એમ કહેવામાં માલ નથી. નવ્વાણુ ગુન્હેગારો છૂટી જાય તો ચિંતા નહિ, પરંતુ એક નિરપરાધી માણસ ગુન્હેગાર ઠરવો ન જોઇએ એવું કાયદાનું તત્વ છે તે આ બાબતમાં ખૂબ ધ્યાનમાં રાખવું જોઇએ. જૂરીની પદ્ધતિથી બધા લોકોને કાયદાનું જ્ઞાન થઇ તે પારકી લાગતી નથી એ મોટો ફાયદો છે. ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં સુધારો થવાની જરૂર છે."

કૉંગ્રેસના ઠરાવ.

૧૨ મો ઠરાવ.—"ન્યાય અને રાજ્યકારભાર એકજ અમલદારના હાથમાં છે એ આ દેશની રાજ્યપદ્ધતિમાં મોટું દૂષણ છે, અને તેથી કરીને સર્વ પ્રકારનો જુલમ આખા દેશમાં થાય છે. એની સામે સભાએ કેટલીકવાર સ્ટેટ સેક્રેટરીને અને હિંદ સરકારને અપીલ કરી છે, પરંતુ એ દૂષણ દૂર થયું નથી. એ દૂષણ સ્ટેટ સેક્રેટરીઓ લૉર્ડ કિમ્બર્લી અને લૉર્ડ ક્રૉસે કબૂલ કર્યુંછે એ સંતોષકારક બિના છે. એજ પ્રમાણે એ અધિકાર વિખૂટા કરવાનું બની શકે એમ છે એવું આર. સી. દત્ત, એમ. એમ. ઘોસ, અને પી. એમ. મહેતાએ બતાવી આપ્યું છે. એથી સભા અરજ કરેછે કે દરેક પ્રાંતમાં સરકારે એક એક કમિટી નીમવી. એ કમિટીમાં સરકારી નોકર નહોય એવા અડધો અડધ મેંબરો હોવા જોઇએ અને

તેઓ વિદ્વત્તા અને કામના અનુભવથી તકરારી પ્રશ્નનો વિચાર કરવાને લાયક હોવા જોઇએ, અને વધારે ખર્ચ ન થતાં ન્યાયનાં ખાતાં અને રાજ્યકારભારનાં ખાતાં એક એકથી પૂરેપૂરાં નિરાળાં થાય એમ તે પ્રાંતોને લાગુ પડે એવી યોજના તૈયાર કરી બની શકે તેટલી ઉતાવળે પોતાની તરફ મોકલવાની સરકારે તેમને સત્તા આપવી."

૭ મો ઠરાવ.—"ન્યાયખાતાની ઉપલા દરજાની જગ્યાઓ ખાલી પડેથી કેવળ નવા માણસોથી તે પૂરી નાંખવાની પદ્ધતિ આ સભાને બિલકુલ પસંદ નથી, અને બંગાળા, વાયવ્ય પ્રાંતો, અયોધ્યા, મુંબાઇ, અને મદ્રાસમાં ડિસ્ટ્રિક્ટ જડજો અને સેશન જડજોની તથા ન્યાયખાતાની ઉપલા દરજાની બીજી જગ્યાઓપર નીમાવાના માણસોને યોગ્ય શિક્ષણ મળવા સંબંધી નિયમ કરવો. એ જગ્યાઓપર મુખ્યત્વે કરીને તે ખાતામાં કામ કરનારા માણસોનીજ નીમણુક કરવી એવું આ સભાનું મત છે."

૧૧ મો ઠરાવ.—"(अ) જે પ્રાંતોમાં સેશન જડજોની રૂબરૂ ચલાવવામાં આવતા મુકદ્દમામાં જૂરીની પદ્ધતિ શરૂ થઈ નથી તે પ્રાંતોમાં તે નિર્ભયપણે શરૂ કરવાને હવે હરકત નથી એવો સભાનો અભિપ્રાય છે.

"(ब) સને ૧૮૭૨ માં જૂરીનું મત કોરે મૂકવાનો સેશન જડજો અને હાઇકોર્ટોને નવોજ અધિકાર આપવાનો રિવાજ શરૂ થયો તે નુકસાનકારક છે એવું જણાઇ આવ્યુંછે, માટે તે અધિકાર એકદમ લેઇ લેવો.

(क) કેદી નિર્દોષ છે એવા સેશનકોર્ટે કરેલા ઠરાવપર સરકારને અપીલ કરવાની સત્તા આપી છે તે રદ્દ કરવી અત્યંત ઈષ્ટ છે એવું આ સભાનું મત છે."

૧૫ મો ઠરાવ.—"(ड) વારંટના મુકદ્દમામાં મારી ચોકશી માજિસ્ટ્રેટની રૂબરૂ ન થતાં સેશન જડજની સમક્ષ થવી જોઈએ એવું કહેવાનો કેદીને અધિકાર આપનારો નિયમ ક્રિમિનલ પ્રોસીજર કોડમાં દાખલ કરવો."

ભાગ ૬ ઠ્ઠો.

પોલીસ ખાતાં અને તુરંગખાતાં.

ગુન્હેગારોને ન્યાયની અદાલતોમાં ખડા કરવાની બાબતમાં પોલીસે કરવાનાં કામોનો ન્યાયખાતા જોડે નિકટ સંબંધ હોવાથી તે વિષે પાછલા ભાગમાં જરૂર જેટલો વિચાર કરવામાં આવ્યો. હવે પોલીસ ખાતાંની વ્યવસ્થા સંબંધી વિચાર કરીએ.

સાધારણ રીતે પોલીસના બે વર્ગ છે, ૧. ગામડાંની પોલીસ અને ૨. ડિસ્ટ્રિક્ટ (જિલ્લાની) પોલીસ. કેટલાક પ્રાંતોમાં બીજા વર્ગની પોલીસમાં સાદી પોલીસ અને લડાયક પોલીસ એવા બે પેટા વર્ગ હોય છે. બીજા વર્ગની પોલીસની ઉત્પત્તિ બ્રિટિશ સરકારના અમલથીજ છે. માત્ર પહેલા વર્ગની પોલીસ પ્રાચીન એતદ્દેશીય અને મુસલમાન રાજાઓની કારકીર્દીથી છે.

ગામડાંની પોલીસ.—જૂના વખતમાં જમાબંદીનું કામ કરનારા અમલદારોની નીમણુક કરવામાં આવતી તેમની કને જ ગુન્હાનો બંદોબસ્ત કરવાનું કામ હતું. તેમજ ગામડાંની હદમાં બનતા ગુન્હાની જવાબદારી તેમને (ગામોને) માથે હતી. એ જવાબદારી જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી રીતે અમલમાં આવતી. તેમાં મરાઠાની રીત ઘણીજ સરળ અને વ્યાપક હતી. બીજે ઠેકાણે ગુન્હો કરી નાશી આવેલા માણસનું જે ગામમાં પગલું નીકળે તે ગામે તે ગુન્હેગારને પકડી આ-

પવો, અથવા જે ગામમાં ગુન્હો બન્યો હોય તે ગામે રૂઢિથી ઠરેલું નુકસાન ભરી આપવું, અથવા ગુન્હેગાર પોતાના ગામથી બીજે ગામ ગયો હોય તેનું પગલું કહાડી આપવું. આ પગલું કહાડવાનો રિવાજ બ્રિટિશ અમલમાં બંધ થવાને ઘણો સમય થયોછે, તથાપિ ગામના મુખીઓ તથા ગામના ચોકીદારોપર બંદોબસ્ત રાખવાની જવાબદારી ઘણીજ મૂકેલીછે.

હમણા ગામડાંની પોલીસ અને ડિસ્ટ્રિક્ટ પોલીસનો સંબંધ સુધારી ગામના રખવાળોની સ્થિતિ સુધારવા માટે સ્થાનિક સરકાર અને હિંદ સરકાર પ્રયત્ન કરેછે. એ લોકોને પગાર બદલ ગામની જમીન આપવાનો વહીવટ હતો તે બંધ કરી વાયવ્ય પ્રાંતોમાં રોકડ પગાર આપવાનું શરૂ થયું છે; તેમજ અયોધ્યા પ્રાંતમાં પણ સને ૧૮૯૨ થી પગાર આપવાની શરૂઆત થઇ છે. એ બંને પ્રાંતોમાં સારૂં કામ કરનારને બક્ષિશ તરીકે થોડી રકમ આપવાનો રિવાજ છે. બંગાળા પ્રાંતમાં ગામડાંની પોલીસની સ્થિતિ સુધારવા માટે સને ૧૮૯૨ માં કાયદો કરવામાં આવ્યો. ગામડાંની પોલીસના માણસોની નીમણુક ગામના પંચ કરતા, અને એ સત્તા એ કાયદાથી પણ તેમનેજ આપવામાં આવી છે, પરંતુ તેમણે કરેલી નીમણુક જિલ્લાના અધિકારીએ પસંદ કરવી જોઇએ એવું ઠરાવ્યું છે. એજ અધિકારી તેમના પગાર તથા સંખ્યા કેટલાં રાખવાં તે ઠરાવે છે. એ ગામના કામદારોની નીમણુક જિલ્લાના અધિકારીએ કરવાનું ઠરાવ્યું છે તેનો હેતુ એ છે કે સારા માણસોની નીમણુક થાય અને ડિસ્ટ્રિક્ટ પોલીસે એ લોકોને ચરશાચરશી કરવાના નોકરો જેવા ગણવા નહિ.

મુંબાઈ ઈલાકામાં પગલું કહાડવાનો વહીવટ બંધ થયો છે, તોપણ ગામના ચોકીદારોની નીમણુક અને તેમને આપેલી જમીન કાયમ રાખવામાં આવ્યાં છે.

ડિસ્ટ્રિક્ટ પોલીસ.—એ પૉલીસની યોજના લૉર્ડ કૉર્નવાલિસે પહેલવહેલી સને ૧૭૯૨ માં કરી. તે પહેલાં વસૂલનું કામ કરનારા જમીનદારોજ ગુન્હા પકડવાનું કામ કરતા હતા. એ વરસમાં એ કામ જમીનદારો કનેથી લેઈ જિલ્લાના અધિકારીઓને સોંપવામાં આવ્યું અને એ કામ કરવાને તેમના તાબામાં દરોગા નીમ્યા. પછી વાયવ્ય પ્રાંતોમાં પણ એજ વ્યવસ્થા શરૂ થઈ. મદ્રાસ ઇલાકામાં જૂની પદ્ધિત ચાલતી હતી અને ગામનો મુખી ગુન્હેગારને પકડી તહેસિલદારની પાસે મોકલતો હતો. મુંબાઈ ઇલાકામાંએ એવીજ પદ્ધતિ ચાલતી હતી. પછી જિલ્લાના અધિકારીઓનાં બીજાં કામો વધી જવાથી તેમનાથી પોલીસનું કામ થઈ શક્યું નહિ તેથી પોલીસનું કામ જુદા અમલદારોને સોંપવાનું ઠર્યું. ડિસ્ટ્રિક્ટ પોલીસનો હાલનો નમૂનો સર ચાર્લ્સ નેપિયરે પ્રથમ સિંધ પ્રાંતમાં આયર્લાંડની પોલીસના ધોરણે ચાલુ કર્યો અને તેણે એ લોકોને કાંઈક યુદ્ધકળા શીખવવાનો પણ આરંભ કર્યો.

નેપિયરના નમૂના પ્રમાણે પોલીસની વ્યવસ્થા આખા હિંદમાં ધીમે ધીમે થવા માંડી. હમણા દરેક પ્રાંતમાં એ ખાતાનો ઉપરી ઇન્સ્પેક્ટર–જનરલ હોયછે. જિલ્લામાં પોલીસ કયાં અને કેટલી રાખવી, અને તેણે ગુન્હા પકડવાનું અને ગુન્હેગારોને ઇન્સાફની કોર્ટમાં ખડા કરવાંનું કામ કેવી રીતે

કરવું તેની મુખ્ય સત્તા ડિસ્ટ્રિક્ટ માજિસ્ટ્રેટના હાથમાં છે. બધા પ્રાંતોમાં પોલીસના માણસોને લશ્કરી કવાયત જિલ્લાના સુપરિન્ટેન્ડેન્ટની દેખરેખ તળે અથવા એવું કામ શીખવવાને કહાડેલા ખાસ ખાતામાં શીખવવામાં આવેછે. સુપરિન્ટેન્ડેન્ટો અને તેમના આસિસ્ટંટો બહુધા યૂરોપી હોયછે અને તેમના હાથ નીચે ઇન્સ્પેક્ટરો વગેરે દેશી અમલદારો હોયછે. બ્રહ્મદેશ આસામ, વગેરે પ્રાંતોમાં લશ્કરી પોલીસ પણ રાખેલી છે.

હમણાનો સુધારો.—છેલ્લાં બે ચાર વર્ષથી પોલીસખાતામાં સુધારો કરવા વિષે હિંદ સરકાર અને સ્થાનિક સરકારની વચ્ચે પત્રવ્યવહાર ચાલે છે. સને ૧૮૮૬ માં હિંદુઓ અને મુસલમાનોની વચ્ચે હુલ્લડ થયું તેવારે એ વિષયપર હિંદ સરકારનું લક્ષ ગયું. સ્થાનિક દંગા અને ગુન્હા કરનારી જાતો તરફથી થતા ઉપદ્રવથી લોકોનું સંરક્ષણ કરવું એ પણ પોલીસનુંજ કામ છે અને એવા પ્રકારનાં કામો કરવાને પોલીસના માણસો લાયક થાય તેટલા માટે તેમને લશ્કરી કેળવણી આપવી, યોગ્ય પ્રસંગે તેમને હથિયાર વાપરવાની પરવાનગી આપવી, અને ગુન્હાની તપાસ કરવાને પોલીસના જેટલા માણસો હમેશ જોઇતા હોય તે કરતાં થોડાક વધારે માણસો જુદે જુદે ઠેકાણે અથવા હેડ ક્વૉર્ટરમાં રાખવા એવો હિંદસરકારે સને ૧૮૫૦ માં ઠરાવ કર્યો હતો; પરંતુ એ ઠરાવ પ્રમાણે ઘણા પ્રાંતોમાં વ્યવસ્થા કરવામાં આવી નહોતી તેથી પહેલાંના ઠરાવ પ્રમાણે વ્યવસ્થા કરવી, અને હુલ્લડ વગેરે થાય તેવારે ઉપયોગી થાય તે માટે યુદ્ધકળામાં હોશિયાર પોલીસ લોકો દરેક જિલ્લામાં

રાખી મૂકવા એવી હિંદ સરકારે સ્થાનિક સરકારને ફરી સૂચના કરી. એ પછી પોલીસના માણસોને સુદ્ધકળા શીખવવાનું કામ બધા પ્રાંતોમાં બેશ ચાલુ થયું છે.

પોલીસના સંબંધમાં હિંદસરકારે ચોકશી કરી તેનું પરિણામ એ થયું કે રાજ્યવ્યવસ્થાનાં કામો સારૂ પહેલાં કરતાં સારા દેશી અમલદારો મળવા માંડ્યાછે, વિદ્યાનો પ્રચાર થયો અને ગુજરાનનો ખર્ચ પહેલાં કરતાં વધ્યો તેથી તથા બીજાં કારણોથી પોલીસ ખાતામાં સારાં માણસો દાખલ થતાં નથી અને તેથી કરીને પોલીસની આબરૂ પણ ઘટવા માંડી છે. એ સ્થિતિ સારી નહોતી તેથી તે સુધારવા માટે ગુન્હાની ચોકશી કરનારા વરિષ્ઠ અમલદારો અને ઈન્સ્પેકટરોના પગાર વધારવાનો તથા કેટલેક ઠેકાણે હલકા દરજાના નોકરોના પણ પગાર વધારવાનો વિચાર થવા માંડ્યો. હમણા કેટલાક પ્રાંતોની પોલીસમાં સુધારો કરવાની સૂચના સ્ટેટ સેક્રેટરીએ મંજુર કરીછે. કેટલાક પ્રાંતોને માટે હજુ વિચાર ચાલેછે. વળી બીજો સુધારો એટલે પોલીસની તરફથી કામ ચલાવવાને વકીલની અથવા કાયદાની બીજી પરીક્ષામાં પાસ થયેલા માણસોને નીમવાનો આરંભ કરવાનો પ્રયત્ન ચાલેછે.

સને ૧૮૯૧–૯૨ માં કાંઈ વિશેષ બનાવ બન્યો નહોતો, ફક્ત પંજાબમાં અને નીચલા બ્રહ્મદેશમાં પોલીસના માણસોને શીખવવા સારૂ નિશાળો સ્થાપવામાં આવી.

સને ૧૮૮૧, ૧૮૯૧, અને ૧૮૯૨ માં પોલીસખાતાંમાં કેટલા માણસો હતા તે હેઠલા કોષ્ટકપરથી જણાઈ આવશે:—

૧ એકંદર પોલીસની સંખ્યા.—	સને ૧૮૮૧.	સને ૧૮૯૧.	સને ૧૮૯૨.
અમલદારો............	૧,૧૫૬.	૧,૪૬૭.	૧,૫૧૯.
સિપાઇઓ.........	૧,૪૬,૩૮૮.	૧,૫૧,૦૩૨.	૧,૪૮,૯૯૭.
૨ કિયાં કામપર હતા તેની વિગત.—			
તુરંગોમાં પહેરાપર....	૪,૯૯૮.	૨,૩૧૬.	૨,૧૫૧.
કાચા કેદીના તથા તીજોરીના પહેરાપર...	૧૧,૯૮૦,	૩૭,૧૪૮.	૩૬,૩૭૧.
મ્યુનિસિપાલિટીનાં અનેબંદરોનાં કામપર.	૨૭,૨૨૨,	૨૬,૮૩૭.	૨૭,૨૪૩.
કાન્ટોન્મેન્ટોમાં......	૨,૧૮૪.	૨,૫૦૬.	૨,૪૫૧.
પોલીસનાં કામોપર...	૯૮,૨૨૭.	૮૫,૧૬૧.	૮૩,૪૩૬.

વસ્તીના પ્રમાણમાં પોલીસની સંખ્યા કેટલી હતી અને દરેક પોલીસ સિપાઇની હદ કેટલી હતી તે હેઠલા કોઠામાં દર્શાવ્યું છે.

પ્રાંતનુ નામ.	દશ હજાર માણસે પોલીસની સંખ્યા.		દરેક પોલીસ સિપાઇની કેટલા ચોરસ મૈલ હદ હતી તે.	
	સને ૧૮૮૧.	૧૮૯૧	સને ૧૮૮૧.	૧૮૯૧.
બંગાળા............	૪	૩	૬	૬
વાયવ્યપ્રાંતો.......	૮	૭	૩	૩
પંજાબ............	૧૧	૧૦	૫	૫
મધ્યપ્રાંતો........	૯	૮	૧૦	૯

આસામ..........	૮	૧૨	૧૧	૯
મદ્રાસ............	૮	૬	૫	૬
મુંબાઈ...........	૧૨	૧૨	૬	૫
નીચલો બ્રહ્મદેશ...	૧૯	૨૦	૧૨	૯
ઉપલો બ્રહ્મદેશ...	—	૭૪	૦	૪
વરાડ પ્રાંત......	૧૦	૧૦	૬	૬
આખો હિંદ	૭	૭	૬	૬

સને ૧૮૯૧-૯૨ માં પોલીસખાતાંની ઉપજ કેટલી થઇ હતી અને ખર્ચ કેટલો થયો હતો તેની હકીકત નીચે આપી છે. મુકાબલો કરવા સારૂ પાછલી સાલના આંકડા આપેલા છે તે પરથી એ ખાતાંનો ખર્ચ કેટલો વધતો ગયો છે તે જણાશે:—

ઉપજ તથા ખર્ચની બાબતો.	રકમો—હજાર ના આંકડા છે.
ઉપજ—	
સાર્વજનિકખાતાં, ખાનગી કંપનીઓ વગેરેને આપેલી પોલીસ બદલ આવેલી જમા.	૨૬૬
મ્યુનિસિપાલિટીઓ, ટાનફંડ, વગેરેને આપેલી પોલીસ બદલ આવેલી જમા.	૮૧૩
ઇલાકાનાં શહેરોની પોલીસ બદલ.	૨૮૪
ગામોની પોલીસ બદલ.	૧૯૭
ફી, દંડ, વગેરે.	૧૯૨૧
પેન્શન ફંડ બદલ.	૭૧
બીજી ઉપજ.	૨૬૩
એકંદર જમા.	૩૮૧૫
ખર્ચ—	
પ્રેસિડન્સી (ઇલાકાનાં શહેરોની) પોલીસ.	૧૩૧૮

ડિસ્ટ્રિક્ટ પોલીસપર ઇલાકામાંના દેખરેખ રાખનારા અમલદારો.	૭૭૬
ડિસ્ટ્રિક્ટ એક્ઝીક્યુટિવ (જિલ્લાના કામ પર નીમેલી) પોલીસ—	
ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો અને તેમના આસિસ્ટંટો.	૨૪૦૩
ઇન્સ્પેક્ટરો અને કૉન્સ્ટેબલો.	૧૬૪૨૩
આફીસ અને બીજો ખર્ચ.	૩૨૨
પોલીસ, દવાખાનાં, વગેરે.	૮૭
કપડાં.	૧૦૧૭
હથિયારો.	૨૯૭
પરચૂરણ.	૨૪૮૫
રેલવે પોલીસ.	૫૨૪
મ્યુનિસિપાલ અને કાન્ટોન્મેન્ટ પોલીસ.	૭૦૩
ગામડાંની પોલીસ	૩૭૮૬
કસ્ટમ અને મીઠાખાતાંના પહેરેગીરો.	૫
સ્પેશિઅલ પોલીસ.	૭૬૭૭
ઢોરના ડબ્બા.	૬૧૫
સ્ટીમ બૉઇલરોની તપાસણી.	૪૮
ઠગી અને ડાકૅાઇટી ખાતાં.	૧૧૩
પરચૂરણ.	૭
રકમો પાછી આપવી.	૮૦
કુલ ખર્ચ.	૩૮૬૮૬

ચોખ્ખો ખર્ચ સને ૧૮૯૧–૯૨	૩૪૮૭૨
૧૮૯૨–૯૩	૩૪૭૮૦
૧૮૮૧–૮૨	૨૩૦૫૮
૧૮૯૪–૯૫ બજેટ.	૩૬૪૪૨

તુરંગો.

હિંદમાંની તુરંગોના ત્રણ વર્ગ છે, ૧ સેંટ્રલ (મધ્ય ભાગમાં આવેલી), ૨. ડિસ્ટ્રિકટ (જિલ્લાની), અને ૩ સબ્સિડિઅરી (મદદગાર). પહેલા વર્ગની તુરંગમાં એક વર્ષની અને તે ઉપરાંતની શિક્ષા પામેલા લોકોને, પંદર દિવસ ઉપરાંતની શિક્ષા પામેલા લોકોને બીજા વર્ગની તુરંગોમાં, અને શકવાળા કેદીઓને અને પંદર દિવસની અંદરની શિક્ષા પામેલા કેદીઓને મદદગાર તુરંગોમાં રાખવાનો નિયમ છે. ડિસ્ટ્રિકટ એટલે જિલ્લાની તુરંગોમાં સુપરિન્ટેન્ડેન્ટો ઘણું કરીને વૈદ્યકખાતાના સનંદી નોકરો હોય છે, અને તેઓ એ ઓહ્દાપર ન હોય તો વૈદ્યકખાતાના અમલદારો કેદખાનાંની તપાસ કરેછે. કેદખાનાંમાં સારી ચાલના કેદીઓને વૉર્ડર નીમવાનો રિવાજ છે. જુદા જુદા પ્રાંતોની તુરંગોમાં જુદા જુદા પ્રકારનો વહીવટ ચાલેછે તે બંધ કરી બધાં કેદખાનાંમાં એકસરખો વહીવટ ચલાવવા માટે એક કાયદો સને ૧૮૯૪ માં થયો હતો.

દેશનિકાલની શિક્ષાને પાત્ર કેદીઓને આંદામન ટાપુમાં પોર્ટ બ્લેર નામે કસબો છે ત્યાં મોકલવામાં આવે છે. એટલે દૂર મોકલવાનું કારણ એ છે કે ગુન્હેગારોને ગુન્હો કીધાથી પરદેશમાં રહેવું પડશે એવું ભય રહે અને ગુન્હાના સ્થળથી દૂર લઈ જઇને રાખ્યાથી તેમને પોતાની વર્તણુક સુધારવાની અનુકૂળતા કરી આપવી. આ દેશમાં કેદમાં રહેવા કરતાં તે ઠેકાણે ઓછો ત્રાસ થાયછે એવું કેદીઓ માને છે એમ સરકારના જાણવામાં આવ્યું અને એવું થવાનું કારણ

એ જણાયું કે તે સ્થળમાં કેદીઓને થોડી જમીન આપી ઘર બાંધવાની પરવાનગી મળે છે અને બહુ સુખ ચહેનથી રહેવાનું મળેછે એવી ખબર ત્યાં રહી આવેલા કેદીઓએ ફેલાવી હતી. એ બાબતની ખાસ તપાસ કરવા માટે એક અમલદાર નીમ્યો હતો તેણે એવી સૂચના કરી છે કે જન્મટીપ સિવાય બીજા કેદીઓને ત્યાં મોકલવા નહિ અને ત્યાં ગયા પછી પહેલે તો તેમનાપર સખ્તાઈ કરવી અને કારીગરી વગેરેના કામમાં લગાડેલા કેદીઓને ઇનામ આપવામાં આવેછે તે બંધ કરવું. તેણે વળી એવું જણાવ્યું કે થોડી મુદ્દતના કેદીઓ ત્યાં ગયાથી તેમની વર્તણુકમાં ઝાઝો ફેરથતો નથી, પરંતુ તેઓ ત્યાંની સારી સ્થિતિનું માત્ર અહીં વર્ણન કરતા ફરેછે; બક્ષિશ આપ્યાથી તેઓને સ્વતંત્રપણે રહેવાની છૂટ મળ્યા પછી ખપ જેટલા પૈસા મળે છે એટલુંજ નહિ, પણ પોતાને ઘેર મોકલવાને પણ પૈસા બચે છે અને તેથી કરીને ત્યાંની સ્થિતિ વિષે અહીં ખોટી સમજ માત્ર થાયછે. એ હરકત દૂર કરવાને તેણે ઉપર કહેલો ઉપાય સૂચવ્યો.

આંદામન બેટમાં સને ૧૮૯૨ માં ૧૧,૩૫૬ કેદીઓ હતા તેઓમાં સેંકડે ૭૧ કેદીઓ જન્મટીપના હતા. હમેશ ગુન્હા કરનારા કેદીઓને જુદા ટાપુમાં રાખવામાં આવ્યા હતા. એ બધા કેદીઓમાં પોતાનું ગુજરાન ચલાવી સ્વતંત્રપણે રહેનારા કેદીઓ ૨,૯૨૫ હતા. સને ૧૮૮૧–૮૨, ૧૮૯૧–૯૨, અને ૧૮૯૨–૯૩ માં હિંદુસ્તાનમાં કેટલાં કેદખાનાં હતાં, તેઓમાં કેટલા કેદીઓ હતા, અને તેમને માટે કેટલો

ખર્ચ થયો હતો તેની વિગત નીચે આપી છે. કેદીઓની સંખ્યા પહેલાં કરતાં હમણા વધેલી છે. એમાં બાયડીઓની સંખ્યામાં માત્ર વધારો થયો નથી. કેદીઓમાં નીપજતાં મરણોનું પ્રમાણ સને ૧૮૮૧ કરતાં હમણા બહુ ઓછું થતું ગયું છે, અને એ કેદીઓનાં મરણનું પ્રમાણ દેશમાં મૃત્યુનું જે પ્રમાણ આવેછે તેનાથી બહુ ઓછું છે. એનું કારણ એ છે કે બંદીખાનાંમાં ઓસડની તથા બરદાસ્તની ગોઠવણ બહુ સારી હોયછે. એકવાર કેદમાં પડેલા લોકો પાછા કેદમાં આવેલા તેઓનું પ્રમાણ સને ૧૮૮૧ માં સેંકડે ૧૭ હતું તે ઘટીને સને ૧૮૮૪ માં ૧૨ થયું. એજ પ્રમાણ અદ્યાપિ છે. કેદીઓને કામે લગાડવાની બાબતમાં જણાય છે કે સને ૧૮૯૧-૯૨ માં સેંકડે આડત્રીસ કેદીઓને કારખાનાંના કામપર લગાડ્યા હતા. બાકીના કેદીઓને તુરંગમાંજ અથવા બાગના કામપર લગાડ્યા હતા. જે વસ્તુઓ સાધારણ રીતે આસપાસનાં ગામોમાં થતી નથી તે વસ્તુઓ બનાવવાનાં કારખાનાં તુરંગોમાં હોય છે. કેટલાંક બંદીખાનાંમાં છાપવાનું કામ પણ શીખવવામાં આવે છે. ઘણાક પ્રાંતોમાં કેદીઓનો ખાધાખર્ચ તેમની મજૂરીના પૈસામાંથી નીકળે છે. વાયવ્ય પ્રાંતોમાં તથા મદ્રાસમાં કેદીઓની મજૂરીની પેદાશનું પ્રમાણ બહુ ઓછું છે.

તુરંગોની તથા તેઓમાંના કેદીઓની સંખ્યાને લગતી અને તુરંગોના તથા કેદીઓની ખોરાકીના ખર્ચને લગતી હકીકતનું પત્રક (સ્ટાટિસ્ટિકલ આબ્સ્ટ્રાક્ટમાંથી).

	સને૧૮૮૧–૮૨.	સને૧૮૯૧–૯૨.	સને૧૮૯૨–૯૩
તુરંગોની સંખ્યા.			
સેંટ્રલ.	૩૪	૩૬	૩૬
જિલ્લાની તુરંગો.	૨૦૬	૧૮૨	૧૮૧
મદદગાર તુરંગો.	૨૩૮	૫૨૭	૫૨૪
તુરંગોમાંના કેદીઓની સરાસરી સંખ્યા.	૯૧,૬૧૫	૯૩,૩૫૭	૯૬,૬૬૧
તુરંગોમાંના કેદીઓની ખોરાકીનો તથા દેખરેખનો ખર્ચ	રૂ.૪,૮૧,૯૮,૨૧૦	૫,૩૯,૩૯,૨૧૦	૫,૭૬,૩૦,૫૮૦
કેદી દીઠ ખર્ચ રૂ.	૫૨–૯–૯	૫૮–૧૧–૦	૬૦–૮–૦
કેદી દીઠ ફક્ત ખોરાકી ખર્ચ	રૂ.૨૭–૭–૦	૨૪–૧૨–૦	૨૭–૦–૦
દર હજારે કેદીઓના મૃત્યુનું સરાસરી પ્રમાણ.	૪૨	૩૦	૩૬
કેદીઓમાં અગાઉ શિક્ષા પામેલા કેટલા હતા. પુરૂષો.	૧૭.૯	૧૨.૬	……
સ્ત્રીઓ.	૬.૧	૬.૩	……

રેફૉર્મેટરી (સન્માર્ગ પ્રવર્તક સ્થાન) ની પદ્ધતિ આ

દેશમાં બહુ પ્રચારમાં આવી નથી, તોપણ એ શાળાઓ વધતી જાયછે. બંગાળામાં બે, મુંબાઇમાં એક, અને વાયવ્ય પ્રાંતોમાં એક મળી ચાર શાળા છે અને તેઓમાં અનુક્રમે ૪૯૮, ૧૦૫, અને ૧૨૮ શિક્ષા પામેલાં છોકરાં હતાં.

સને ૧૮૯૧-૯૨ના જમા ખર્ચની વિગત નીચે આપીછે:—

બાબતો.	રકમો-હજારના આંકડા.
જમા—	
તુરંગોમાં બનાવેલા માલના વેચાણની ઉપજ.	૨૩૪૭
ઠગ લોકોને માટે કહાડેલી ઉદ્યોગશાળાની ઉપજ.	૧૦૫
કેદીઓની મજૂરી....	૩૨૩
બીજી ઉપજ.	૫૯
આંદામન ટાપુમાંના કેદીઓથી થયેલી આવક.	૨૭૮
કુલ ઉપજ.	૩૧૧૨
ખર્ચ—	
સાધારણ દેખરેખ.	૨૩૮
ઇલાકાનાં શહેરોમાંની તુરંગો.	૨૪૫
સેન્ટ્રલ તુરંગો...	૨૧૮૦
જિલ્લામાંની તુરંગો	૨૬૪૦
સબ્‌સિડિઅરી તુરંગો.	૪૨૦
ઉદ્યોગશાળા.	૧૧૧
કેદખાનાં માંહેલાં કારખાનાં.	૧૮૨૩
બીજો ખર્ચ.	૧૯૪
કુલ ખર્ચ.	૭૮૫૧

આંદામન અને સ્ટ્રેટ્સ સેટલમેન્ટમાંનાં હદપાર કરેલા કેદીઓનાં સ્થળ.	૧૧૪૬
સને ૧૮૯૧-૯૨ એકંદર ખર્ચ.	૮૯૯૭
ચોખ્ખો ખર્ચ ૧૮૯૧-૯૨.	૫૮૮૫
૧૮૯૨-૯૩.	૬૦૮૮
૧૮૮૨-૮૩.	૪૭૨૫
૧૮૯૪-૯૫. બજેટ.	૬૩૬૦

भाग ७ मो.

नोंधणीखातां (રજિસ્ટ્રેશન).

મુંબાઇ સરકારે સને ૧૭૯૯ માં પહેલ વહેલો દસ્તાવેજ નોંધવાનો કાયદો કર્યો ત્યારથી આ દેશમાં એ કામનો આરંભ થયો. દસ્તાવેજો નોંધાવ્યાથી મિલકતનો હક્ક દૃઢ થાય છે અને દસ્તાવેજો ગેરવલ્લે પડે તોએ તે દસ્તાવેજો સાબિત કરવાને સહેલું પડેછે, એ અને બીજા ફાયદા લોકો સારી પેઠે જાણેછે તેથી તે સંબંધી અહીં વધારે લખવાની જરૂર નથી.

મુંબાઈ ઇલાકામાં સને ૧૮૨૭ માં નોંધવાની બાબતમાં વધારે તપશીલવાર કાયદો કરવામાં આવ્યો; પરંતુ હિંદના બીજા ભાગોમાં સને ૧૮૬૪ લગી એ બાબતમાં કાંઈ પણ તજવીજ કરી નહોતી. એ સાલમાં ગવર્નર–જનરલે પહેલો કાયદો કર્યો. ત્યાર પછી સને ૧૮૬૫, ૧૮૬૬, ૧૮૬૮, ૧૮૭૧, અને છેલ્લે ૧૮૭૭ માં કાયદા થયા. છેલ્લો કાયદો હજુ અમલમાં આવેછે. એ કાયદા પ્રમાણે દસ્તાવેજોના બે વર્ગ કર્યા છે, ૧ અવશ્ય નોંધાવવાના દસ્તાવેજો, અને ૨. દસ્તાવેજો નોંધાવવા કે નહિ તે મરજીપર રાખેલું છે એવા દસ્તાવેજો. પહેલા વર્ગમાં સ્થાવર મિલકતને લગતા સો રૂપિઆ ઉપરાંતની કીમતના દસ્તાવેજો, અને લાંબી મુદ્દતના ગણોતપટ્ટાનો સમાવેશ થાયછે. એ સિવાયના દ-

સ્તાવેજો, મૃત્યુપત્રકો, દત્તક લેવાના અધિકારપત્રો વગેરેનો બીજા વર્ગમાં સમાવેશ થાયછે.

સને ૧૮૮૨ ના ૪ થા કાયદાથી ૧૦૦ રૂપિઆની તથા તે ઉપરાંતની કીમતની સ્થાવર મિલ્કતની લેવડ દેવડને માટે દસ્તાવેજ કરવાજ જોઇએ એવું ઠરાવ્યું છે; અને એ કાયદો હિંદના ઘણાખરા ભાગોને લાગુ પાડયો છે તેથી અવશ્ય રજિસ્ટર કરાવવાના દસ્તાવેજોનું પ્રમાણ બહુ વધતું જાયછે.

દરેક પ્રાંતમાં એ ખાતાનો ઉપરી હોયછે તેને ઇન્સ્પેકટર-જનરલ કહેછે. દસ્તાવેજો નોંધવાનું કામ સબ-રજિસ્ટ્રાર કરેછે. ઘણું કરીને દરેક તાલુકામાં એકેક સબ-રજિસ્ટ્રાર હોય છે. મોટાં ગામોમાં સ્પેશિઅલ સબ-રજિસ્ટ્રાર હોયછે. જિલ્લાનો મુખ્ય અધિકારી કલેકટર જિલ્લાનો રજિસ્ટ્રાર છે. તે સબ-રજિસ્ટ્રારોનાં કામપર દેખરેખ રાખે છે, અપીલો સાંભળેછે, વગેરે કામ કરેછે. મુંબાઇ ઇલાકાના કેટલાક ભાગોમાં ખેડુતોનો કાયદો ચાલેછે ત્યાં ગામડાંના રજિસ્ટ્રાર નીમેલા હોયછે. કંપનીઓ રજિસ્ટર કરવાનું કામ પણ એજ ખાતું કરેછે.

મુંબાઇ ઇલાકામાં અહંમદનગર, સોલાપુર, પુણા, અને સતારા એ ચાર જિલ્લામાં સને ૧૮૭૯ થી ખેડુતોનો કાયદો લાગુ પાડયોછે. એ ચાર જિલ્લામાં ખેડુતોને લગતા તમામ દસ્તાવેજો રજિસ્ટર કરાવવા પડેછે. સને ૧૮૭૭ ના કાયદા પ્રમાણે જે દસ્તાવેજો રજિસ્ટર કરાવવાની જરૂર છે તે દસ્તાવેજો સબ-રજિસ્ટ્રાર કને નોંધાવવામાં આવેછે અને બાકીના દસ્તાવેજો ગામડાંના સબ-રજિસ્ટ્રારની પાસે નોંધા-

વવામાં આવેછે. સને ૧૮૯૧–૯૨ માં એ કાયદા પ્રમાણે ૧,૨૭,૫૬૦ દસ્તાવેજો રજિસ્ટર થયા; તેઓની આવક રૂ ૪૭,૩૪૦ થઈ અને ખર્ચ રૂ ૫૯,૧૫૦ થયો.

હેઠળ પત્રક આપ્યું છે તેપરથી રજિસ્ટર થયેલા દસ્તાવેજોની સંખ્યા, તે થકી થયેલી ઉપજ અને ખર્ચ, તથા રજિસ્ટર થયેલા દસ્તાવેજોની કીમત જણાઈ આવશે. એ પત્રક સને ૧૮૮૧–૮૨, ૧૮૯૧–૯૨ અને ૧૮૯૨–૯૩ ને માટે છે:—

	સને ૧૮૮૧–૮૨.	૧૮૯૧–૯૨.	૧૮૯૨–૯૩.
૧. નોંધનારી કચેરીઓ	૧૬૦૭	૧૮૬૩	૧૮૮૯
	(હજારના આંકડા છે.)		
૨. નોંધેલા કાગળોની સંખ્યા... ...	૧૩૫૫	૨૩૬૯	૨૫૯૬
તપશીલ.			
અવશ્ય નોંધાવવાના	૭૫૬	૧૫૬૯	૧૭૨૯
ખુશી હોય તો નોંધાવવાના... ...	૩૯૨	૫૨૨	૫૮૨
બીજા નોંધેલા કાગળો.	૨૦૫	૨૭૭	૨૮૪
	(હજાર રૂપિઆના આંકડા છે.)		
૩. નોંધેલા દસ્તાવેજોમાં લખેલા માલની કીમત હજાર રૂપિઆ	૪૨૮૩૬૯	૫૮૧૮૯૬	૬૩૫૨૨૫
વિગત–સ્થાવર મિલકતના દસ્તાવેજો.	૩૭૮૬૯૮	૫૨૯૬૯૫	૫૭૭૦૫૦

જંગમ મિલ્કતના દસ્તાવેજો.	૪૯૬૭૧	૫૨૨૦૧	૫૮૧૭૫
૪. નોંધણી ખાતાંની			
આવક.... ...	૨૪૧૨	૩૯૯૦	૪૨૯૩
,, ખર્ચ.	૧૫૭૦	૨૨૩૧	૨૩૦૧

આ હકીકત સ્ટાટિસ્ટિકલ આબ્સ્ટ્રાકટમાંથી લીધેલી છે.

ભાગ ૮ મો.

લશ્કર અને અરમાર.

આ ભાગમાં હિંદમાંનાં લશ્કર અને અરમારની હાલની સ્થિતિ કેવી છે તે વિષે લખવામાં આવશે; અને ઉપોદ્ઘાત તરીકે પ્રાચીન સ્થિતિની થોડીક હકીકત આપણે આપીશું. સને ૧૬૮૧ માં બંગાળામાં ઇંગ્રેજોની ફોજ ૨૦ સિપાઇઓની હતી. એજ અરસામાં મદ્રાસમાં દેશી સિપાઇઓને નોકરીમાં રાખવાની શરૂઆત થઈ. લશ્કરમાં વધારો થતાં થતાં સને ૧૮૮૧-૮૨ માં યૂરોપી સિપાઇઓની સંખ્યા ૬૦,૦૦૦ અને દેશી સિપાઇઓની સંખ્યા ૧,૧૦,૦૦૦ થઈ હતી. સને ૧૮૯૧-૯૨ ની આખરે યૂરોપી ફોજ ૭૩,૦૦૦ અને દેશી ફોજ ૧,૪૭,૫૦૦ હતી. હમણાની લશ્કરી પદ્ધતિ સને ૧૮૫૯ પછી ચાલુ થઇ. સને ૧૮૫૬માં યૂરોપી ફોજ ૩૮,૦૦૦ અને દેશી ફોજ ૩,૪૮,૦૦૦ હતી, અને તે સિવાય દેશી રાજ્યોના ખર્ચે રાખેલી તેનાતી ફોજ હતી. યૂરોપી સૈન્યમાંનું દશ હજાર પાયદળ કંપનીના અમલદારો ઇંગ્લાંડમાં તૈયાર કરીને મોકલતા અને બાકીનુ લશ્કર ઇંગ્લાંડના સૈન્યમાંનુ હોઈ હિંદમાં નોકરી કરવા માટે આપેલું હતું. બંગાળા, મદ્રાસ, અને મુંબાઇનાં લશ્કરોપર તે તે ઇલાકાના સેનાધિપતિનો અધિકાર હતો, પરંતુ ઇંગ્લાંડથી આવેલા તમામ સૈન્યપર, તે ગમે તે પ્રાંત-

માં નોકરીપર હોય તોપણ, બંગાળાના સેનાપતિનો અધિકાર હતો. એને હિંદુસ્તાનનો મુખ્ય સેનાધિપતિ કહેતા. બંગાળાની તમામ દેશી ફોજો અને મુંબાઈની કેટલીક પલટણો બંડમાં શામિલ થઈ હતી; તેથી હવે પછી સૈન્યની ભરતી કેવી રીતે કરવી અને તેમાં યૂરોપી સિપાઇઓની સંખ્યા કેટલી રાખવી તે વિષે વિચાર કરવાને એક કમિશન નીમવામાં આવ્યું હતું. એ કમિશને સૂચવેલા નિયમો પ્રમાણે અદ્યાપિ સૈન્યની વ્યવસ્થા ચાલે છે; માત્ર પરચૂરણ બાબતોમાં ફેરફાર થયેલો છે. તે કમિશનની સૂચનાઓમાંની મહત્વની સૂચના એ હતી કે તોપખાનામાં તમામ સિપાઇઓ યૂરોપી રાખવા; બધા કિલ્લા યૂરોપી સૈન્યના તાબામાં રાખવા; અને યૂરોપી તથા દેશી સિપાઈઓનું પ્રમાણ બંગાળી સૈન્યમાં એક યૂરોપી સિપાઇએ બે દેશી સિપાઇ અને બીજા ઈલાકામાં એકે ત્રણ કરતાં વધારે રાખવું નહિ; હિંદ માટે યૂરોપી સૈન્ય જુદું ન રાખતાં ઈંગ્લાંડના લશ્કરનોજ થોડો ભાગ આ દેશમાં નોકરી માટે લાવ્યાં કરવો. એ સૂચના અમલમાં આવી અને તે પ્રમાણે સૈન્ય તૈયાર કર્યાં તેઓમાં યૂરોપી સૈન્ય ૬૨,૦૦૦ અને દેશી સૈન્ય ૧,૩૫,૦૦૦ થયું. પછી સને ૧૮૭૯ માં લશ્કરોનું યુદ્ધસામર્થ્ય ન ઘટતાં કેટલી સંખ્યા કમી થઈ શકે તેનો વિચાર કરવાને કમિશન નીમાયું. તેની સૂચના પ્રમાણે બંગાળા અને મદ્રાસનાં સૈન્યોના મુખ્ય સેનાપતિની જગ્યા કહાડી નાંખી તમામ સૈન્ય હિંદના મુખ્ય સેનાધિપતિના તાબામાં રાખવાં એવો નવોજ ઠરાવ થયો અને તેને લગતો કાયદો સને ૧૮૯૩ માં પાર્લમેન્ટ સભામાં મંજૂર

થયો. એ ઠરાવ અમલમાં આણવાની તજવીજ થાય છે. એ કાયદામાં મુખ્ય મુદ્દાની વાત એ છે કે પ્રાંતિક કમાંડર-ઇન-ચીફની જગ્યા કહાડી નાંખવી, અને તેનો અધિકાર ગવર્નર-જનરલની મંજૂરીથી કમાંડર-ઈન-ચીફ જેને નીમે તેને આપવો; હિંદુસ્તાનના કમાંડર-ઈન-ચીફનો અધિકાર આખા હિંદપર ચાલે, મુંબાઈ અને મદ્રાસના ગવર્નરોને હસ્તક સૈન્યનો અધિકાર ન રહેતાં ગવર્નર-જનરલ અને કૌન્સિલે ચલાવવો, અને પ્રાંતના લશ્કરનો ઉપરી અમલદાર પ્રાંતિક કૌન્સિલનો મેમ્બર હોઇ શકે નહિ, વગેરે. એ કમિશનની સૂચના પ્રમાણે સૈન્યના કેટલાક માણસ તે વખતે ઓછા કરવામાં આવ્યા, પરંતુ તરતજ સને ૧૮૮૫ માં લડાઇની ગડબડ જણાયાથી અને હિંદના બંદોબસ્તને લગતી નવી ગોઠવણ અમલમાં આણ્યાથી સૈન્યની સંખ્યામાં ફરીને વધારો કરવામાં આવ્યો. એ વેળા ૧૦,૬૬૦ યૂરોપી સૈન્ય અને ૨૧,૨૦૦ દેશી સૈન્ય વધાર્યું. સને ૧૮૯૨-૯૩ની આખરે યૂરોપી લશ્કર ૭૪,૦૩૧ અને દેશી લશ્કર ૧,૪૪,૭૫૫ હતું. એ સંખ્યામાં દેશી લશ્કરોમાં ગોરા અમલદારો ૧,૬૫૬ છે તેઓનો સમાવેશ થાય છે.

ચોથા વિલિયમ રાજાના કાયદા પ્રમાણે સૈન્યનો ઉપરી ગવર્નર-જનરલ અને કૌન્સિલ છે. લશ્કરની વ્યવસ્થાના સંબંધમાં હિંદુસ્તાનનો કમાંડર-ઈન-ચીફ ઉપરી છે. આજ લગી મુંબાઇ અને મદ્રાસ ઇલાકાનાં સૈન્યો જુદાં હતાં અને હિંદુસ્તાનના કમાંડર-ઈન-ચીફનો પ્રત્યક્ષ અધિકાર બંગાળા અને ઉત્તર હિંદુસ્તાનનાં સૈન્યોપર હતો. હવે મુંબાઇ અને

મદ્રાસનાં સૈન્યો ત્યાંના કમાંડર–ઈન–ચીફની જગ્યા કહાડી નાંખ્યાથી, હિંદુસ્તાનના કમાંડર–ઈન–ચીફનાજ તાબામાં રહેશે. તમામ સૈન્યના ચાર વિભાગ કરવામાં આવશે અને પ્રત્યેક વિભાગપર એકેક મેજર–જનરલ રહેશે. પંજાબના જનરલના તાબામાં પંજાબનું લશ્કર અને સરહદ્દપરનું લશ્કર રહેશે; બંગાળા પ્રાંતના જનરલના તાબામાં બંગાળા, આસામ, વાયવ્યપ્રાંતો અને અયોધ્યા પ્રાંતનાં લશ્કર; મદ્રાસના જનરલના તાબામાં તે ઇલાકાનું અને બ્રહ્મદેશનું લશ્કર; અને મુંબાઇના જનરલના તાબામાં મુંબાઇ, બલૂચિસ્તાન, મધ્યહિંદ, અને રજપુતાનાનાં લશ્કરો રહેશે. કમાંડર–ઈન–ચીફને હસ્તક કોઈપણ પ્રાંતના લશ્કરનું કામ ન રહેતાં તમામ સૈન્યોપર તેની દેખરેખ રહેશે. ઉપર કહેલાં સરકારી સૈન્યો સિવાય હૈદરાબાદની તેનાતી ફોજ, મધ્યહિંદનો રસાલો, ખૈબર રાઈફલ્સ, અને હમણા નવું તૈયાર થયેલું ઇમ્પીરિઅલ સર્વિસ ટ્રુપ્સ (પાદશાહી નોકરીનું લશ્કર) છે. એ ચાર સૈન્યોની વ્યવસ્થા હિંદ સરકારના પરરાજયખાતા તરફથી થાયછે.

લશ્કરને લગતાં ખાતાં મોદીખાનું (કમિસેરિઅટ ખાતું), વૈદ્યકખાતું, પશુવૈદ્યકખાતું (વેટરિનરી ખાતું), દારૂ ગોળા કરનારૂં ખાતું, વગેરે છે; પરંતુ તેઓની હકીકત લંબાણ થવાના ભયથી મૂકી દેવી પડીછે. હમણા સૈન્યના સંબંધમાં ઇમારતખાતું પણ જુદું કરવામાં આવ્યું છે. સને ૧૮૫૮ પછી બરાકો, હાસ્પિટાલો, અને સિપાઇઓની સવડનાં બીજાં કામો પાછળ પાંત્રીસ કરોડ રૂપિઆનો ખર્ચ થયોછે.

સૈન્ય વધારી તથા બીજી તજવીજ કરી જમીન માર્ગે આવનારા પરદેશી શત્રુઓથી રક્ષણ કરવાની તજવીજ કરી છે; તેમજ સમુદ્રપર થઇને આવનારા શત્રુઓથી રક્ષણ કરવાના સંબંધમાં પણ સને ૧૮૮૫ પછી બેશ તજવીજ કરવામાં આવીછે. આ વિશેષ બંદોબસ્તના કામમાં સને ૧૮૯૧-૯૨ માં રૂ ૬૦,૪૮,૪૮૦ ખર્ચ થયો, અને સને ૧૮૮૫-૮૬ પછી એકંદર ખર્ચ શુમારે સાડાત્રણ કરોડ રૂપિઆ થયો છે.

ત્રણ ઈલાકામાંની જુદી જુદી સ્ટાફકોરની પલટણો તોડી આખા હિંદમાં સ્ટાફકોરની એકજ પલટણ કરી છે. દેશી લશ્કર સુધારવાની બાબતમાં પણ હમણા ઘણો વિચાર કરવામાં આવ્યો છે. દેશી સૈન્યને થોડાં વર્ષ લગી દેશની અંદરજ નોકરી કરવી પડી હતી અને તે કામને લાયક માણસોની સૈન્યમાં ભરતી કરવામાં આવતી હતી; હમણા યુદ્ધમાં જય મેળવવાનું સ્થાન બદલાઈ આ દેશની હદ્દની બહાર ગયું છે. હવે પછી લડવાનો પ્રસંગ આવશે તે વાયવ્ય દિશા ભણીની સરહદ્દપરજ આવશે, અને હવે તેજ દિશા ભણી બંદોબસ્ત કરવાની તજવીજ ચાલેછે. દક્ષિણી, અથવા મદ્રાસી, અથવા મુસલમાન લોકે લશ્કર જોડે હિંદની બહારના દેશોમાં આજ લગી નોકરી બજાવેલી છે, તોપણ તે દેશોનાં હવાપાણી પઠાણ, રજપૂત, ગુરખા, અને બલૂચી લોકોને વધારે માફક આવે છે તેથી હવે ઉત્તર હિંદ અથવા નેપાળની ખીણમાંથી લશ્કરમાં માણસોની ભરતી

અને માઈનર્સમાં ૩,૮૨૫, રસાલામાં ૨૩,૪૨૭, અને પાયદલમાં ૧,૧૩,૬૯૨ છે. એ સિવાય અનિયમિત લશ્કર (ઇરેગ્યુલર્સ) ૧૪,૦૦૦ છે.

આ સૈન્યોનો કેટલો ખર્ચ થાયછે તે હેઠલા પત્રકપરથી જણાઈ આવશેઃ—

ખર્ચની બાબતો.	સને૧૮૮૧-૮૨માંખર્ચ.	સને૧૮૯૧-૯૨માંખર્ચ.	સને૧૮૯૪-૯૫માંબજેટ. ખર્ચ.
હિંદમાં ખર્ચ.—	હજાર	રૂપિઆના	આંકડા છે
ઇફેક્ટિવ સર્વિસ—નોકરીમાં હોયલી પલટણોના પગાર, ભથ્થું, વગેરે................	૬૪૭૦૧	૭૦૮૧૪	૭૮૬૪૫
કમિસેરિઅટ ખાતુ......	૭૮૮૩૧	૩૬૮૧૦	૩૫૮૦૫
ઑર્ડનન્સ—યુદ્ધના સામાનનું ખાતુ............	૫૭૬૯	૭૨૪૩	૯૧૨૨
બીજા ખાતાં...........	૨૨૨૫૫	૩૩૧૩૪	૩૩૮૬૨*
હિંદમાંનું ઇફેક્ટિવ કુલ...	૧૨૪૫૧૫	૧૪૮૦૦૨	૧૫૭૪૭૯
નૉન—ઇફેક્ટિવ...........	૭૩૩૪	૯૪૦૭	૯૨૩૨

*સને ૧૮૯૪–૯૫ના બજેટમાં બીજાં ખાતાંના ખર્ચના આંકડામાં ઇંગ્લાંડ અને હિંદુસ્તાનના આંકડા જુદા આપ્યા નથી; તે ખર્ચ અહીં હિંદના મથાળા નીચે દાખલ છે.

કરવાનું ઠરાવ્યું છે. વળી લશ્કરમાં ભરતી કરવાની બાબતમાં પહેલાં કરતાં સાધારણ ફરક થયોછે તે એ કે સને ૧૮૫૯ થી પલટણમાં બધી જાતના લોકોને એકઠા રાખવાનો વહીવટ હતો (ડુંગરી લોકોનાં સૈન્યમાં ભરતી કરતી વેળા એ નિયમ તેમને માત્ર લાગુ કરવામાં આવ્યો નહોતો; તે લોકોની પલટણ જુદીજ રાખવામાં આવી હતી); અને હમણા જુદી જુદી જાતવાર પલટણો તૈયાર કરવાનું ઠર્યું છે. બંગાળા તથા મુંબાઈમાં તો જુદી જુદી જાતોની જુદી જુદી પલટણો ઉભી કરવાનું કામ પણ શરૂ થયું છે. તેમજ લાંબી મુદ્દતની રજા આપી માણસો ફાજલ રાખવાની પદ્ધતિ પણ અમલમાં આવે છે.

હવે મહત્વની બાબતોમાં વાલંટીયર લોકોની પલટણ વિષે કહેવાનું રહ્યુંછે. ખાનગી લોકોને લશ્કરી કવાયત શીખવી તેમને તૈયાર કરવાનો રિવાજ સને ૧૮૬૦ માં શરૂ થયો. સને ૧૮૯૧–૯૨ માં વાલંટીયર લશ્કરમાં ૨૭,૦૦૦ માણસ હતા અને તેઓમાંના ૨૩,૦૦૦ નોકરીને માટે તૈયાર હતા. કલકત્તાની વાલંટીયર પલટણે મણીપુરની લડાઈમાં નોકરી કરી છે.

એકંદર સૈન્યોની સંખ્યા પાછળ સામટી આપી છે. હવે સને ૧૮૯૨–૯૩ માં કઈ જાતના લશ્કરની કેટલી સંખ્યા હતી તેની હકીકત મુખ્ય બાબતવાર નીચે પ્રમાણે છે. યૂરોપી સૈન્ય-તોપખાનામાં ૧૩,૩૧૨, રસાલામાં ૫,૬૭૯, અને પાયદલમાં ૫૩,૭૧૩ છે. એતદ્દેશીય ફોજ–તોપખાનામાં ૩,૮૧૧, સાપર્સ

અફ્ગાનિસ્તાનની લડાઈ..	૧૬૩૧૯		
તસલમાત ખર્ચ...........	૩૩૮		
હિંદનો કુલ ખર્ચ..........	૧૪૮૫૦૬	*૧૫૭૪૧૦	૧૬૬૭૨૧
ઈંગ્લાંડમાં થતો ખચ-...			
ઇફેક્ટિવ.................	૧૪૩૫૯	૧૮૬૬૫	૩૦૫૯૨
નૉન-ઇફેક્ટિવ............	૨૬૯૨૩	૩૦૮૨૩	૪૦૨૯૪
સ્ટોર-સામાન સંબંધી હિંદ માટે.............	૬૯૩૮	૧૫૯૦૬	બજેટમાં વિગત આપી નથી. સ્ટોરને ખર્ચઉપલીજ રકમમાં આવ્યો છે એમ દીસે છે.
અફ્ગાનિસ્તાન માટે......	૬		
અફ્ગાનિસ્તાનની લડાઈ..	૧૫૦		
સ્પેશિઅલ ડીફેન્સનાં કામ.		૩૦૦૧	
ઈંગ્લાંડમાં થતા ખર્ચનો સરવાળો.	૪૮૩૭૮	૬૮૩૯૬	૭૦૮૮૬
એકંદર ખર્ચનો સરવાળો.	૧૯૬૮૮૫	૨૨૫૮૦૭	૨૩૭૫૯૭

ટીપ—(૧) ઇફેક્ટિવ ખર્ચમાં સૈન્યની નોકરીના પગાર, ભથ્થાં, રજાના પગાર, શિક્ષણના ખર્ચ, સામાનના ખર્ચ, કપડાંલત્તાંના ખર્ચ, વાટખર્ચ, વગેરેનો સમાવેશ થાયછે.

(૨) નૉન-ઇફેક્ટિવ ખર્ચમાં બક્ષિશ, પેન્શન, અલાવન્સ, વગેરેનો સમાવેશ થાયછે.

---

*આ સાલમાં એ ખર્ચ સિવાય સ્પેશિઅલ ડીફેન્સના કામમાં હિંદુસ્તાનમાં રૂ ૩૦,૪૭,૧૦૦ ખર્ચ થયો હતો.

अरमार.

પ્રાચીન કાળમાં ઇસ્ટ ઇંડિયા કંપની હિન્દી મહાસાગરમાં અરમાર રાખતી હતી. તે હિંદના કિનારાનું રક્ષણ કરતી અને તેણે યૂરોપી રાજ્યોની અરમારો જોડે પણ ઘણી વાર ટક્કર ઝીલી હતી, અને ચીન તથા ઇરાન સાથે થયેલી લડાઈ વખતે તે નોકરીપર હતી. સને ૧૮૬૩ માં ઇંગ્લાંડની અરમાર જોડે એ અરમાર ભેળી દીધી અને પછી પરદેશી શત્રુઓથી હિંદનું રક્ષણ કરવાનું કામ ઇંગ્લાંડની અરમારે કરવું એવું ઠર્યું, અને એ અરમારથી ન થઈ શકે એવાં કામો માટે, અર્થાત્ લશ્કર, સામાન, અને ખપની વસ્તુનો ભંડાર લેઈ જવાં, બંદરનો બંદોબસ્ત રાખવો, તથા ચાંચીઆનો અને ગુલામોનો વેપાર બંધ કરવો, ઇત્યાદિ કામો માટે હિંદસરકારે મુંબાઈ તથા મદ્રાસની સ્થાનિક સરકારોના તાબામાં ખપ જેટલાં માણસો રાખવાં એવું ઠર્યું. હિંદ તરફથી ઇંગ્લાંડની સરકારને લડાઇનાં છ વહાણો નોકરીને માટે આપવાના બદલામાં સત્તર હજાર પૌંડ આપવામાં આવતા અને વીસ હજાર પૌંડ સર્વે ખાતે રાખવા માટે આપવામાં આવતા હતા. બંને સ્થાનિક સરકારોને આપેલી અરમાર જોડાઈ જઈ હિંદસરકારના તાબામાં ગઈ. એના અમલદારોની નીમણુક સ્ટેટ સેક્રેટરી કરતો અને એન્જિનીઅર વગેરેની નીમણુક હિંદસરકાર કરતી. ત્યાર પછી એ લોકોના પગાર અને ઓદ્ધા ઇંગ્લાંડની અરમાર પ્રમાણે કરવામાં આવ્યા, અને તેમનો દરજ્જો ઇંગ્લાંડની અરમારથી ઉતરતો ઠરાવ્યો.. અમલદારોની નીમણુક કરવાની સત્તા વાઇસરૉયને આપી. હિંદની અરમા-

રનો ડિરેકટર મુંબાઈમાં રહેછે અને તેનો ડેપ્યુટી કલકત્તામાં રહેછે.

વાયવ્ય ભણીના ભાગોનો બંદોબસ્ત કરવાની જેવી નવી પદ્ધતિ ઠરાવવામાં આવી તેવીજ બંદરો અને કિનારાનો બંદોબસ્ત કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તે પ્રમાણે સાત ટૉરપીડો બોટો, બે ટરેટ વહાણો, અને બે તોપવાળી બોટો રાખવામાં આવીછે, અને તેઓમાં તોપોની છત પણ રાખવામાં આવી છે; અને તેઓપર હિંદ માટે આપેલી અરમારના ઉપરીની સત્તા છે. એ સિવાય સાધારણ પ્રસંગે તોપો લઇ જવાને કામ લાગે એવી ૨૦ નાની આગબોટો રાખવાની છે. એમાંની કેટલીક તૈયાર થઈ છે અને કેટલીક તૈયાર થાય છે. સમુદ્રની સર્વે (માપણી) કરવાનું કામ પણ ચાલેછે.

આ ખાતાના જમાખર્ચની હકીકત હેઠળ આપી છે:—

		સને ૧૮૯૧–૯૨	૧૮૯૪–૯૫ બજેટ.
ઉપજ રૂપિઆ		૨૨,૨૪,૧૪૦	૧૩,૮૨,૦૦૦
ખર્ચ	હિંદમાં	૪૩,૬૫,૫૩૦	૩૮,૨૪,૦૦૦
	વિલાયતમાં પૌંડ.	૧૩,૩૪,૪૭૦	૧૮,૪૧,૦૦૦
હુંડીઆમણ રૂ.		૫,૭૯,૫૧૦	૧૩,૧૫,૦૦૦
		૬૨,૭૯,૫૧૦	૬૯,૮૦,૦૦૦

લોકમત.—હવે લશ્કરી ખાતા સંબંધી લોકોની તકરાર છે તે વિષે આપણે બોલીએ.

બે મુદ્દા વિષે તકરાર છે, (૧) સૈન્યની સંખ્યા જરૂર વિના વધારેલી છે; (૨) લશ્કરી ખર્ચ હિંદ અને ઇંગ્લાંડ એ બંને દેશોમાં વધારે થાય છે.

લશ્કરની સંખ્યાના સંબંધમાં એવું કહેવું છે કે સને ૧૮૮૫ માં સૈન્ય વધારવામાં આવ્યું તે વધારવાની કાંઇ જરૂર નહોતી. તેવેળાનું સૈન્ય લડાઇનો પ્રસંગ આવેથી તે કામને માટે પૂરૂં પડી દેશનો બંદોબસ્ત કરવાને જોઇએ એટલું લશ્કર પ્રાજલ રહે એવડું હતું. લૉર્ડ લિટનના અમલમાં લશ્કર સંબંધી વિચાર કરવાને કમિશન નીમાયું હતું તેણે એવો અભિપ્રાય આપ્યો છે કે પરદેશી શત્રુઓથી દેશનું સંરક્ષણ કરવાને, દેશમાં સ્વસ્થતા રાખવાને, અને દેશી રાજ્યોપર દાબ રાખવાને જેટલું સૈન્ય છે તે બસ છે. અફગાનીસ્તાનના અમીરની જોડે અથવા રૂશિઆ જોડે, અથવા એ બંનેની જોડે લડવાને ૬૦ હજાર સૈન્ય જોઇયે અને બાકીનું લશ્કર દેશમાં પ્રસંગ આવેથી બસ થશે એવો અભિપ્રાય આપેલો છે. વળી એ કમિશને રીપોર્ટ કર્યા પછી વાયવ્ય દિશા બાજુની સરહદ્દમાં રેલવે થઈ છે, કિલ્લા વગેરે બંદોબસ્તનાં કામો થયાં છે, આખા દેશમાં તાર અને આગગાડીનો પ્રસાર થયો છે, લશ્કરને નવી જાતનાં હથિયાર આપ્યાં છે, તેથી લશ્કરનું બળ વધ્યું છે, અને આખા દેશમાંનાં તમામ સૈન્યોનો જ્યાં જોઇએ ત્યાં પહેલાં કરતાં વધારે ઉપયોગ થઈ શકે છે. કમિશને જે વખતની સ્થિતિનો વિચાર કરી સૈન્યની સંખ્યા ઠરાવી તે વેળાની અને તે પછીની સ્થિતિમાં સૈન્યની સંખ્યા વધારવા જેવો કાંઈ ફેરફાર થયો

નથી. સૈન્ય વધાર્યું તે વખતે સર કૉલ્વિન અને સર ઇલ્બર્ટે સૈન્ય વધારવાની જરૂર નથી અને તેમ કરવાથી દેશપર ખર્ચનો બોજો વધશે, અને નકામું સૈન્ય વધવાથી વિના કારણ દેશની હદ વધારવાની પ્રવૃત્તિ થશે એવો અભિપ્રાય આપ્યો હતો.

બીજો વિષય લશ્કરી ખર્ચનો વધારો છે. એના બે ભાગ છે, ૧. લશ્કરને લગતો ઇંગ્લાંડમાં થતો ખર્ચ, અને ૨. હિંદમાં થતો ખર્ચ. બંને જાતનો ખર્ચ કેટલો વધતો ગયો છે તે જાણવાને સને ૧૮૪૧ થી દશ દશ વર્ષના અંતરના આંકડા હેઠળ આપ્યા છે:—

	કરોડ	લાખ રૂપિઆ.	એમાંથી ઇંગ્લાંડમાં કરોડ	લાખ.
સને ૧૮૪૧–૪૨	૯	૮૯		
૧૮૫૧–૫૨	૧૦	૮૧		
૧૮૫૮–૫૯	૨૫	૧૬		
૧૮૬૧–૬૨	૧૬	૧૯	૨	૨૬
૧૮૭૧–૭૨	૧૫	૬૮	૩	૬૪
૧૮૮૧–૮૨	૧૯	૬૯	૪	૮૩
૧૮૮૪–૮૫	૧૭	૬	૪	૯૪
૧૮૮૫–૮૬	૨૦	૯	૪	૮૫
૧૮૯૧–૯૨	૨૨	૧૮	૬	૮૩
૧૮૯૨–૯૩	૨૩	૮૭	૮	૩૨
૧૮૯૪–૯૫ બજેટ.	૨૩	૭૫	૭	૮

વિલાયતમાં ખર્ચ થાય છે તેના સંબંધમાં કહેવું એમ છે કે સૈન્યના ખર્ચ માટે વિલાયત સરકારે હિંદના હિસ્સાની રકમ ઠરાવી વાજબી રીતે ખર્ચ લેવો; હિંદને ભાગે આવે તે કરતાં વધારે લે છે; સંને ૧૮૫૮ માં મહારાણીએ હિંદનો રાજ્યકારભાર પોતાના હાથમાં લીધો ત્યાર પછી એ ખર્ચમાં વધારો થવા માંડયો; એ વેળા આ દેશમાંનાં અને ઈંગ્લાંડમાંનાં લશ્કરો ભેગાં કર્યાં અને તેમ કર્યાથી આ દેશને પૈસા સંબંધી નુકસાન થયું છે, તે એવી રીતે કે તે પછી સૈન્યના ખર્ચની રકમ પહેલાં જે રીતે આકારવામાં આવતી તેનાથી જુદી રીતે આકારવા માંડી અને તે ઠરાવતી વખતે તે ખર્ચથી હિંદને ફાયદો છે કે નહિ અને તે ખર્ચમાં હિંદુસ્તાનનો સંબંધ છે કે નહિ તેનો વિચાર કરવામાં આવ્યો નહિ. ઈંગ્લાંડના સૈન્યમાં પગાર અને દરજ્જાની બાબતમાં પહેલાં જે પદ્ધતિ ચાલતી હતી તેમાં પછવાડેથી ફેરફાર કરવામાં આવ્યો; એ ફેરફારને હિંદ જોડે કશો સંબંધ નથી, અથવા તે થકી આ દેશને કશો ફાયદો નથી, તથાપિ એ સુધારાને લીધે વધારે ખર્ચ થવા માંડયો તેનો હિસ્સો પણ હિંદને માથે નાંખવામાં આવે છે. બંને સૈન્ય એકઠાં કરવામાં આવ્યાથી કિયા આકારમાં ખર્ચ લેવો તે વિષે પહેલ વહેલો ઠરાવ સને ૧૮૬૧ માં થયો તે વારે હિંદની નોકરીમાંના દરેક ગોરા સિપાઇને માટે દશ પૌંડ અને નોકરીમાં નહોતાં પેન્શન લીધેલું હોય તેવા સિપાઇઓને માટે માણસ દીઠ સાડા ત્રણ પૌંડ લેવા એવું ઠર્યું. એજ વખતે હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીએ તકરાર કરી હતી. એ

વ્યવસ્થાનું પરિણામ એ થયું કે નોકરીમાંથી ગયેલા લોકોનો ખર્ચ (નૉન—ઇફેક્ટિવ ખર્ચ) પહેલાં સાઠ હજાર પૉંડ થતો તે વધીને તે વરસમાં બસેંપચીસ હજાર પૉંડ થયો. એ વ્યવસ્થા સને ૧૮૭૦ લગી ચાલી. પછી એ ખર્ચને માટે નવો નિયમ થયો તેમાં હિંદે આપવાની પેન્શનની રકમની સરાસરી કરવામાં આવી અને તે પ્રમાણમાં દરસાલ આપવાની રકમ ઠરાવી. એ વ્યવસ્થાથી પણ ખર્ચમાં પુષ્કળ વધારો થયો. એ વેળાએ પણ હિંદના સ્ટેટ સેક્રેટરીએ વાંધો લીધો હતો; પરંતુ ઇંગ્લાંડની સરકારે તે પર લક્ષ આપ્યું નહિ. હજુ પણ એ અન્યાય દૂર કરવાની તજવીજ કરવામાં આવી નથી. નોકરીમાંના લોકો માટે જે રકમ લેવામાં આવે છે તેની સામે પણ એવોજ વાંધો છે. એ રકમ સિપાઇઓને ચુંટી કહાડી નીમવા માટે તથા શીખવીને તૈયાર કરવા માટે લે છે. એ ખર્ચને ઇફેક્ટિવ ચાર્જ કહે છે. સને ૧૮૬૯ લગી માણસ દીઠ દશ પૉંડ લેવામાં આવતા; પછી જેટલો ખર્ચ થાય તેટલો લેવો એવું ઠર્યું. એ ઠરાવ પ્રમાણે દર સાલ ખર્ચ લેવામાં આવે છે, પરંતુ વાજબી કરતાં વધારે રકમ લેવામાં આવે છે એવી તકરાર છે. એની સામે હિંદ સરકારે પણ ઘણીવાર વાંધો લીધો હતો, પરંતુ સને ૧૮૭૯ લગી તેનું કાંઇ પણ ફળ થયું નહિ; એ વરસમાં વિચાર થઇને પહેલાંના ખર્ચને લગતી તકરાર ઇંગ્લાંડની સરકારે કબૂલ કરી અને હવે પછી કિયે પ્રકારે ખર્ચ લેવો તેનો વિચાર કરવાને એક કમિશન નીમ્યું, પ-

રંતુ આખરે તેમાં એ પ્રશ્નનો વિચાર ન થતાં તેનો અંત આવ્યો. હિંદને માથે ખર્ચ નાંખવામાં ઘણો અન્યાય થાય છે. ઉદાહરણ, સિપાઇઓને શીખવવાનો ઘણો ખર્ચ લેવામાં આવે છે. ઈસ્ટ ઈંડિઆ કંપની પાયદળમાં ભરતી કરવામાં તથા તેને તૈયાર કરવામાં માણુસ દીઠ શુમારે ૨૭ પૌંડ ખરચતી હતી; હુમણા પાયદળ માટે માણુસ દીઠ શુમારે ૬૪ પૌંડ અને ઘોડેસ્વાર માટે માણુસ દીઠ શુમારે ૧૩૭ પૌંડ ખર્ચ બેસે છે. આ બાબતનો ખર્ચ પણ એવી રીતે આકારવામાં આવે છે કે ઈંગ્લાંડનાં બીજાં સંસ્થાનો સારૂ જે સિપાઇઓ તૈયાર કરવામાં આવે છે તેમનો પણ થોડો ખર્ચ આ દેશના ખર્ચમાં આવે છે. આ દેશની બહાર લડાઇઓ કરવામાં આવે છે તેઓનો ખર્ચ ઘણી વાર આ દેશને માથે પડે છે, પરંતુ આ દેશના કામ માટે ખાસ મદદ આપવામાં આવે છે તો પાઇએ પાઇનો ખર્ચ વસૂલ કરી લેવામાં આવે છે. તેમજ હિંદમાં લશ્કર આણવા માટે તથા અહીંથી પાછાં લઈ જવા માટે આગબોટો બાંધી છે તેઓમાં લશ્કર લાવવામાં અને લેઈ જવામાં આવે છે. એ આગબોટોનો ખર્ચ હિંદપર નાંખવામાં આવે છે. સુએજની નહેર થવાથી પહેલાં કરતાં ભાડું ઓછું થયું છે તે છતાં જુદી આગબોટો રાખવાથી લશ્કર લાવવા લેઈ જવાનો ખર્ચ પહેલાં કરતાંએ ઘણો વધારે પડે છે. એમ સૈન્યનો ખર્ચ ઠરાવવામાં હિંદના સ્ટેટ સેક્રેટરીની સલાહ પણ લેવામાં આવતી નથી; ઈંગ્લાંડની સરકારનાં લશ્કરી અને વસૂલાત ખા-

તાંમાં વિચાર થઈ રકમ ઠરે છે અને તે હિંદ સર
આપવી પડે છે. સૈન્યનો ખર્ચ ઠરાવવાના દરમાં ફેરફા
રથો જોઇએ એવી લૉર્ડ નૉર્થબ્રૂકે સૂચના કરી છે. તેની
ના એ છે કે હમણા સિપાઇઓ તૈયાર કરવા માટે મ
દીઠ સાડા સાત પૌંડ લેવામાં આવે છે તેને બદલે પાંચ
લેવા, નૉન-ઇફેક્ટિવ ખર્ચની રકમ સને ૧૮૭૦ થી
૧૮૮૪ લગી વધતી ગઈ છે તેની નીમે ઈંગ્લાંડની સ
લેવી, કારણ કે તે વેળા ખર્ચમાં વધારો થયો હતો ત
ગ્લાંડના સૈન્યના ઉપલા દરજાના અમલદારોના હક્ક
લા દરજાના અમલદારો વેચાતા લઈ શકતા તે રિવાજ
ધ કરવાથી થયો હતો.

ઈંગ્લાંડની સરકાર લશ્કરનો તમામ ખર્ચ હિંદની
લેછે તેમ બીજાં ઘણાંક સંસ્થાનોની કને લેતી નથી. ત
ઈંગ્લાંડની સરકાર મફત લશ્કર આપે છે. તેમજ ઈંગ્લ
સરકાર ઈંગ્લાંડનાં રાજ્ય કારણો માટે લડાઇઓ કરેછે
ઓ જોડે હિંદને લાગતું વળગતું હોતું નથી તે છતાં તે
ખર્ચ ઘણીવાર આ દેશને માથે નાંખેછે.

આ સ્થિતિ સુધારવાના ઉપાય સર ચાર્લ્સ ડિલ્કે
ચવ્યાછે તે એ છે કે લશ્કરમાં જે યૂરોપી લોકો જો
તેઓને પંડે રાખવાની અને તૈયાર કરવાની છૂટ હિં
કારને આપવી અને હમણા લશ્કરમાંના માણસો ઈંગ્લ
લશ્કરી ખાતામાંથીજ લેવા પડેછે તેવી ફરજ પાડવી
તે કહેછે કે હાલની પદ્ધતિ પ્રમાણે ઈંગ્લાંડનાં અને હિ

લશ્કર એકઠાં રાખીશું અને હમણાની પેઠે હિંદપર ખર્ચનો બોજો નાંખીશું તો હવે પછી હિંદપર ઘણી મુશ્કેલી આવી પડશે. હિંદસરકારને પોતાના સૈન્યમાં યૂરોપીઓની ભરતી કરવાની છૂટ આપીશું તો તે હમણાના કરતાં ઓછે ખર્ચે ઈંગ્લાંડ અથવા કાનડા દેશમાં માણસોની ભરતી કરશે અને તે થકી જે નફો થશે તેમાંથી ખપ પ્રમાણે વધારે સૈન્ય રાખી શકાશે.

હિંદમાં લશ્કરી ખર્ચમાં જે વધારો થયો છે તે સૈન્યમાં વધારો થવાથી તથા આ દેશપર રૂશિઆ હુમલો કરશે એવી બીકથી વાયવ્ય સરહદ્દપર તૈયારી કરવામાં આવી છે તેને લીધે થયો છે. એ સિવાય તે સરહદ્દનો તથા બીજી બાજૂની સરહદ્દનો બંદોબસ્ત કરવાને જે લડાઈઓ કરવી પડે છે તેઓને લીધે પણ વચ્ચે વચ્ચે લશ્કરી ખર્ચમાં વધારો થાય છે. સૈન્યની સંખ્યા કેવી રીતે વધી છે તે વિષે ઉપર કહ્યું છે. વાયવ્ય સરહદ્દપર રૂશિઆની ચઢાઈ થવાની ધાસ્તીને લીધે જે તૈયારી કરી રાખી છે તેનો હિંદ જોડે જેટલો સંબંધ છે તેટલો ઈંગ્લાંડના હિત જોડે પણ છે. મધ્ય એશિઆમાં રૂશિઆ જે કારસ્થાનો કરે છે તેઓનો હિંદુસ્તાન જોડે પ્રત્યક્ષ સંબંધ બિલકુલ નથી; એ પ્રશ્નનો ઈંગ્લાંડની રાજ્ય ખટપટ જોડે સંબંધ છે તેથી રૂશિઆની વર્તણુકને લીધે હિંદને માથે વધારે ખર્ચ નાંખવામાં આવ્યો છે તે વાજબી રીતે ઈંગ્લાંડની સરકારે આપવો જોઇએ.

એ પ્રમાણે હિંદના લશ્કરી ખર્ચ સંબંધી જે વાદ-વિવાદ ચાલ્યો છે. તેનો સાર છે. એ વાદવિવાદમાં કેવા પ્રકારનો વિચાર કરવામાં આવ્યો છે તે દર્શાવવાનો આ સારાંશનો હેતુ છે; નહિતો તેનો સાધારણ સારાંશ આપવા બેશીએ તો જુદો ગ્રંથ બને.

भाग १ मो.

फिनान्स–जमाखर्च.

૧. આ ભાગમાં હિંદના જમાખર્ચનું વિવરણ કરવાનું છે. સને ૧૮૫૯ લગી ઉપજની મુખ્ય બાબતો જમીનનો કર, મીઠાનો કર, અને અફીણની આવક હતાં; જમીનના કરની ઉપજ બીજી તમામ બાબતોની ઉપજ કરતાં વધારે હતી. દરસાલ એ ઉપજમાં વધારો થયાં કરતો તેમાંથી ચાલુ ખર્ચ નીકળી રહેતો. પરંતુ બંડના વરસમાં એ સ્થિતિ બદલાઈ ગઈ. લડાઈનો અને સ્વસ્થતા કરવાનો ખર્ચ ભારે થયો અને તેટલોજ ખર્ચ પછી પણ ચાલુ રાખવાની જરૂર પડી. વળી એવે પ્રસંગે કામ લાગે તેટલા માટે પહેલેથી નાણાંની તજવીજ કરવામાં આવતી નહોતી તેથી સરકારને નાણાં સંબંધી ઘણી મુશ્કેલી પડતી. એ સમયે ઉપજ વધારવાની અગત્ય જણાયાથી આયાત અને નિકાશ માલપરની જકાત વધારી કેટલીક જાતના માલપર ૨૦ ટકા અને કેટલીક જાતના માલપર ૧૦ ટકા (એમાંજ કાપડનો સમાવેશ થતો) કરી. કંપનીના અમલમાં જમાખર્ચની પદ્ધતિ વધારે નિયમસર નહોતી અને બંડ પછી રાજ્યવ્યવસ્થાનો ખર્ચ પણ ઘણો વધી ગયો તેથી બધી બાબતોની વ્યવસ્થા કરવાને ઇંગ્લાંડની સરકારે પોતાના વસૂલાત ખાતાના સેક્રેટરી વિલ્સનને એજ અરસામાં હિંદના વસૂલાત ખાતાના

કામપર મોકલ્યો. તેણે એકજ વર્ષના જમાખર્ચનો અંદાજ (બજેટ) રજુ કર્યો અને જમાખર્ચની બાબતમાં સુધારો કરવાનો આરંભ કર્યો. નીમણુક થયાપછી એકજ વરસમાં તેનો કાળ થયો. એની કારકીર્દીમાં કસ્ટમની જકાત ઘટાડવામાં આવી, ઇંગ્લાંડની પેઠે આવકપર કર બેસાડયો, અને સ્ટાંપના કાયદામાં મોટો ફેરફાર થયો. એમાં પાવતીઓપર તથા હુંડીઓપર ટીકીટો ચોઢવાનું ઠર્યું. તેણે આરંભેલી પદ્ધતિ ચાલુ રહી સારી સ્થિતિમાં આવી છે.

દર વરસે કરના દરમાં કેવો ફેરફાર થતો ગયો તથા કિયા નવા કર બેસાડવામાં આવ્યા તેની પૂરેપૂરી હકીકત આ નાના પુસ્તકમાં આપવી અશક્ય છે, તેથી સામાન્ય કરની હકીકત ટુંકામાં આપીએ છીએ.

સને ૧૮૬૦–૬૪ નવો કર બેસાડવામાં આવ્યો નહિ. કસ્ટમની જકાતનો અને આવકપરના કરનો દર ઘટાડવામાં આવ્યો.

૧૮૬૫ આવકપરના કરની પાંચ વરસની મુદ્દત પૂરી થયા પછી તે ફરીને બેસાડવામાં આવ્યો નહિ.

૧૮૬૭ લાઇસિન્સ ટાકસ (પરવાનાનો કર) નાંખ્યો અને કોર્ટોના સ્ટાંપનો દર વધાર્યો.

૧૮૬૮–૬૯ લાઇસિન્સ ટાકસના સંબંધમાં ધંધારોજગારપર સર્ટિફિકેટ ટાકસ નાંખ્યો.

૧૮૬૯–૭૦ લાઇસિન્સ ટાકસને બદલે સેંકડે એક ટકો આવકપર કર બેસાડયો અને બીજા છ મહીનામાં બે ટકા કરવામાં આવ્યો.

મદ્રાસ અને મુંબાઈમાં મીઠાનો કર રૂ ૧.૮ હતો તેનો રૂ ૧.૧૩ કર્યો.

૧૮૭૦-૭૧ આવકપરનો કર ૩⅛ ટકા એટલે રૂપિએ ૭ પાઈ કરવામાં આવ્યો.

૧૮૭૧-૭૨ આવકપરનો કર દર રૂપિએ બે પાઈ કરવામાં આવ્યો, અને કર આપવાની યોગ્યતા આણુનારી રકમ રૂ ૫૦૦ હતી તેની રૂ ૭૫૦ કરી.

૧૮૭૨-૭૩ પ્રાંતિક કર બેસાડ્યો. આવકપરનો કર આપવાની પાત્રતાની નીચલી હદ હજાર રૂપિઆ લગી વધારી.

૧૮૭૩-૭૪ આવકપરનો કર માફ કર્યો.

૧૮૭૫-૭૬ કસ્ટમ જકાતમાં સુધારો કરી ઘણીક બાબતોમાં ૭½ ટકા દર હતો તે ઘટાડી ૫ ટકા કર્યો અને કેટલીક બાબતોમાં તે વધાર્યો. માદક પદાર્થોપરનો કર રૂ ૩ હતા તેના રૂ ૪ કર્યા.

૧૮૭૭-૭૮ માળવાના અફીણની જકાત દર પેટીએ રૂ ૬૦૦ હતી તે વધારી રૂ ૬૫૦ કરી.

૧૮૭૮-૭૯ નવો લાઇસન્સ ટાક્સ અને પ્રાંતિક કર બેસાડ્યા. મદ્રાસ અને મુંબાઇમાં મીઠાનો કર વધ્યો અને બંગાળામાં તથા વાયવ્ય પ્રાંતોમાં ઓછો થયો. જાડા કાપડની જકાત ઓછી થઇ.

૧૮૭૯-૮૦ દેશમાં કસ્ટમની જકાત બંધ થઇ અને શાકર વગેરેપરની જકાત માફ થઇ. કાપડપરની જકાત ઓછી કરવામાં આવી. માળવાના અફીણની

જકાત દર પેટીએ રૂ ૭૦૦ કરી.

૧૮૮૦–૮૧ લાઇસન્સ ટાક્સમાં સુધારો થયો તથા ગળી અને લોખંડપરની જકાત કહાડી નાંખી.

૧૮૮૨–૮૩ પટવારી કર (વાયવ્ય પ્રાંતોમાં), અને કાપડ અને આયાત માલપરની જકાત કહાડી નાંખી. મીઠાનો કર ઘટાડી બે રૂપિઆ કર્યો. માળવાના અફીણની પેટીની દસ્તૂરી રૂ૬૫૦ કરવામાં આવી.

૧૮૮૬–૮૭ લાઇસન્સ ટાક્સ કહાડી નાંખી કમાઇપર કર નાંખવામાં આવ્યો.

૧૮૮૬–૮૯ પેટ્રોલિયમ (કેરોસીન તેલ) પર કર નાંખ્યો. મીઠાનો કર એક મણે રૂ ૨–૮–૦ થયો.

૧૮૮૯–૯૦ વાયવ્ય પ્રાંતોમાં પટવારી કર ફરીને બેસાડ્યો.

૧૮૯૦–૯૧ પરદેશી દારૂપર અને દેશમાંના બીર દારૂપર વધારે કર નાંખ્યો અને માળવાના અફીણની દસ્તૂરી દર પેટીએ રૂ૬૦૦ થઇ.

૧૮૯૩–૯૪ કાપડ સિવાય આયાત તથા નિકાશ માલપર જકાત બેસાડી.

૧૮૯૪. પરદેશી કાપડપર જકાત અને દેશી કાપડપર કર નાંખ્યો. માળવાના અફીણની જકાત દર પેટીએ રૂ૫૦ વધારી.

અત્યાર લગી કરની બાબતમાં જુદે જુદે વખતે કાયદા થયા તેઓની સાધારણ હકીકત કહી. હવે ઉપજ તથા ખર્ચની બાબતો કઈ કઈ છે તે જણાવી તેઓનું સાધારણ વર્ણન કરીએ. સને ૧૮૮૧–૮૨, ૧૮૯૧–૯૨, અને

૧૮૯૪–૯૫ ના ઉપજ ખર્ચનું પત્રક નીચે આપ્યું છે. એ પત્રકના બે ભાગ કર્યા છે. પહેલા ભાગમાં ઉપજની બાબતોની અને તે ખાતે થયેલા ખર્ચની વિગત આપી છે. બીજા ભાગમાં કરજ તથા નફો મળે એવાં સાર્વજનિક કામોમાં થયેલો ખર્ચ અને તે થકી થયેલી ઉપજ દર્શાવ્યાં છે. હિંદુસ્તાનના સંબંધમાં ઇંગ્લાંડમાં થતા ખર્ચનું પત્રક એ પત્રકની પછી આપ્યું છે. એ પત્રકપરથી ખર્ચ કેટલો અને કિયા દેશમાં થાય છે તે જણાઇ આવશે. વળી ઇમ્પીરિઅલ (પાદશાહી), પ્રોવિન્શિઅલ (પ્રાંતિક), અને લોકલ (સ્થાનિક) ઉપજ ખર્ચના સંબંધમાં તપશીલવાર ઉપજ અને ખર્ચ કેટકેટલાં થાય છે તે બતાવવાની જરૂર છે. એ વિગત આ પત્રકમાં ન આપતાં જુદી આપવામાં આવશે. ૨૨૨ अ મા પૃષ્ઠમાં આપેલા જમાખર્ચના કોષ્ટકના પહેલા ખાનામાં ઉપજની ખરી બાબતો આપેલી છે. જમીન વગેરેની દશ બાબતો છે. એ બાબતોમાંની પહેલી આઠ બાબતોનું વર્ણન દશમા ભાગમાં કર્યું છે. જંગલનું વર્ણન જુદા ભાગમાં કરવામાં આવશે. નોંધણીનું બયાન પાછળ કરી ગયા છીએ. બીજા અને ત્રીજા ખાનામાં સને ૧૮૮૧–૮૨ ના જમાખર્ચની હકીકત સ્ટાટિસ્ટિકલ આબસ્ટ્રાકટપરથી આપેલી છે. એ પછીનાં બે ખાનાંમાં સને ૧૮૯૧–૯૨ ની હકીકત દશ વાર્ષિક રીપોર્ટમાંથી ઉતારી છે. છેલ્લાં ત્રણ ખાનાંમાં સને ૧૮૯૪–૯૫ ના ઉપજ ખર્ચનો અડસટ્ટો આપ્યો છે. ૨૨૪ અને ૨૨૫ માં પાનાંમાં સને ૧૮૮૧–૮૨ માં હિંદુસ્તાનના સંબંધમાં ઇંગ્લાંડમાં થયેલા ખર્ચની હકીકત આપેલી છે. એ હકીકત

સ્ટાટિસ્ટિકલ આબ્સ્ટ્રાકટમાંથી ઉતારી લીધીછે. સને૧૮૯૪-૯૫ માં વિલાયતમાં થવાના ખર્ચનો અડસટ્ટો કરવામાં આવ્યો છે તેની વિગત ૨૨૨ अ મા પાનામાં આપેલા કોષ્ટકના છેલ્લા ખાનામાં આપેલી છે. એ કોષ્ટકના પહેલા ભાગમાં ખરી જમાની બાબતો આપેલી છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. બીજા ભાગમાં આપેલી બાબતોમાં-ની કેટલીક ચોખ્ખા ખર્ચનીજ છે અને આગગાડી વગેરે વેપારે સંબંધી છે. શિક્ષણ સિવાય સિવિલ અને લશ્કરી ખાતાંનું વણન પછવાડે કરી ગયા છીએ. કેળવણીનું વર્ણન આગળ જુદું કરવામાં આવશે. દુકાળના ફંડનું થોડુંક વ-ર્ણન આ ભાગમાં અને થોડુંક પબ્લિક વર્કસના ભાગમાં આવશે. ત્રીજા ભાગમાંની બાબતો ચાલુ જમાખર્ચના સં-બંધની નથી, પરંતુ તે વરસમાં ચાલેલા વ્યવહારનું પૂરૂ જ્ઞાન થવાને તેમની માહિતી હોવાની જરૂર છે એવી તેઓ છે. આ પત્રકમાં આપેલી બાબતોનો વિચાર કર્યા પહેલાં બીજી કેટલીક મહત્વની બાબતનો વિચાર કરવો જોઇએ તે કર્યા પછી આ પત્રકમાંની બાબતોના સંબંધમા વિવેચ-ન કરવામાં આવશે.

હિંદ સરકારના જમાખર્ચનું પત્રક સને ૧૮૮૧-૮૨, ૧૮૯૧-૯૨, અને ૧૮૯૪-૯૫ નું.

બાબતો.	સને ૧૮૮૧-૮૨.		૧૮૯૧-૯૨.		૧૮૯૪-૯૫ નો અડસટ્ટો.		
	જમા રૂ.	ખર્ચ રૂ.	જમા રૂ.	ખર્ચ રૂ.	જમા રૂ.	ખર્ચ રૂ.	પૈકી વિલાયતમાં થતો ખર્ચ.
અ–રેવિન્યુ અને રેવિન્યુ હિસાબમાં આવતો ખર્ચ. જમાની મુખ્ય બાબતો અને તે બદલ ખર્ચ.							પૈંડ.
જમીન	૨૧,૯૪,૮૦,૨૨૦	૩,૦૦,૩૯,૦૪૦	૨૩,૯૬,૫૭,૭૪૦	૩,૮૯,૯૬,૧૬૦	૨૫,[illegible],૩૬,૦૦૦	૪,૧૮,૬૮,૦૦૦	૬૦૦
અફીણ	૯,૮૬,૨૪,૪૪૦	૨,૧૫,૭૫,૫૪૦	૮,૦૧,૨૩,૮૦૦	૧,૮૬,૧૮,૨૫૦	૬,૩૯,૩૬,૦૦૦	૨,૨૫,૫૩,૦૦૦	૮૦૦
મીઠું	૭,૩૭,૫૬,૨૦૦	૪૮,૬૨,૦૯૦	૮,૬૩,૬૧,૮૨૦	૪૯,૭૧,૪૬૦	૮,૬[illegible],૯૨,૦૦૦	૫૧,૮૬,૦૦૦	૨૦૦
સ્ટાંપ	૩,૩૮,૧૩,૭૨૦	૧૧,૭૪,૦૩૦	૪,૨૬,૨૧,૫૬૦	૧૮,૫૬,૪૫૦	[illegible],૧૮,૦૦૦	૧૭,૯૦,૦૦૦	૪૯,૦૦૦
માદક પદાર્થોનો કર........ ...	૩,૪૨,૭૨,૭૪૦	૯,૬૮,૮૬૦	૫,૧૧,૭૨,૬૪૦	૨૨,૦૪,૫૨૦	[illegible],૭૬,૦૦૦	૨૦,૫૨,૦૦૦	......
પ્રાંતિક કર......................	૨,૮૯,૫૪,૬૦૦	૫,૩૨,૨૬૦	૩,૫૦,૨૮,૩૭૦	૬,૪૧,૬૬૦	૩,[illegible],૫૩,૦૦૦	૫,૩૦,૦૦૦	......
કસ્ટમ જકાત	૨,૩૬,૧૩,૮૮૦	૧૯,૫૧,૧૩૦	૧,૭૦,૧૨,૮૮૦	૧૮,૩૩,૪૦૦	૨,૮૭,૨૬,૦૦૦	૨૦,૯૫,૦૦૦	૨૦૦
આકારેલા કર......................	૫૩,૬૮,૨૬૦	૧,૩૦,૭૪૦	૧,૬૫,૨૮,૨૩૦	૪,૪૩,૦૩૦	૧,[illegible],૦૯,૦૦૦	૩,૨૭,૦૦૦	......
જંગલ	૮૭,૪૮,૯૬૦	૫૫,૮૭,૩૬૦	૧,૪૯,૦૫,૮૨૦	૮૪,૯૫,૮૩૦	૧,[illegible],૬૦,૦૦૦	૯૮,૪૪,૦૦૦	૭૦૦
નોંધણી	૨૮,૪૭,૧૪૦	૧૭,૯૪,૦૧૦	૩૯,૯૮,૦૨૦	૨૦,૯૨,૨૬૦	[illegible],૦૦,૦૦૦	૨૨,૯૯,૦૦૦	......
દેશી રાજ્યો તરફથી આવતી ખંડણી......................	૭૦,૬૮,૭૩૦	......	૭૭,૫૯,૬૧૦	......	[illegible],૫૨,૦૦૦	......	......
અલાવન્સ અને કમ્પેન્સેશન...	......	૧,૧૯,૪૪,૪૦૦	......	૧,૫૩,૧૮,૬૦૦	......	૧,૫૭,૬૬,૦૦૦	......
પાછી આપેલી રકમ...........	......	૨૭,૨૩,૭૦૦	......	*	......	૨૩,૧૬,૦૦૦	......
સરવાળો......	૫૩,૬૫,૪૯,૨૨૦	૮,૨૨,૮૩,૧૬૦	૫૯,૫૧,૭૦,૪૯૦	૯,૫૪,૭૧,૬૨૦	૬૧,૬[illegible],૬૧,૦૦૦	૧૦,૬૬,૨૬,૦૦૦	૫૧,૫૦૦
વ્યાજ–હમેશના કરજનું	૯૦,૮૫,૫૪૦	૪,૮૫,૯૩,૯૫૦	૮૭,૯૪,૪૩૦	૪,૩૧,૫૧,૭૬૦	૮૫,૬૮,૦૦૦	૪,૬૧,૧૪,૦૦૦	૨૬,૮૨,૯૦૦
ટપાલ અને તાર આફીસો તથા ટંકશાળ	૧,૪૮,૯૯,૩૯૦	૧,૮૦,૪૫,૨૩૦	૨,૫,૭૫૭,૩૬૦	૨,૪૨,૯૧,૮૮૦	૨,૬૫,૬૫,૦૦૦	૨,૫૯,૫૮,૦૦૦	૨,૩૪,૧૦૦
સિવિલ ખાતાં......................	૧,૫૨,૩૦,૮૬૦	૧૧,૧૩,૮૩,૮૧૦	૧,૬૫,૬૧,૫૭૦	૧૩,૮૫,૩૮,૪૨૦	૧,૬૧,૧૭,૦૦૦	૧૪,૯૫,૯૨,૦૦૦	૫,૧૩,૩૦૦
પરચુરણ સિવિલ ખર્ચ	૮૩,૫૩,૭૯૦	૪,૫૦,૨૭,૮૨૦	૮૯,૭૨,૮૪૦	૫,૦૪,૬૬,૨૨૦	૯૮,૨૭,૦૦૦	૫,૭૫,૪૦,૦૦૦	૨૦,૬૪,૬૦૦
દુકાળ નિવારણ ફંડ...........	......	૧,૫૬,૭૮,૮૬૦	......	૧,૨૬,૮૩,૧૯૦	......	૫,૫૦,૦૦૦	
આગગાડી ચાલુ ઉપજમાંથી કરેલી......................	......	૫૧,૨૬,૫૫૦	......	૧૬,૩૨,૩૩૦	......	૨,૪૪,૦૦૦	......
આગગાડી રેવિન્યુ હિસાબ ...	૧૦,૮૮,૫૪,૮૩૦	૧૧,૧૭,૧૦,૬૭૦	૧૯,૯૩,૮૦,૪૬૦	૨૦,૨૫,૩૯,૧૦૦	૨૦,૪૦,૮૪,૦૦૦	૨૨,૫૩,૮૩,૦૦૦	૫૭,૩૯,૪૦૦
ઇરિગેશન (જળમાર્ગ, અને તળાવ)	૧,૪૭,૯૪,૫૯૦	૨,૦૪,૮૩,૫૬૦	૨,૨૭,૨૦,૪૦૦	૨,૯૪,૫૦,૧૯૦	૨,૪૬,૩૮,૦૦૦	૨,૯૦,૯૪,૦૦૦	૭૦૦
રસ્તા અને ઇમારતો............	૫૯,૭૦,૮૩૦	૫,૦૪,૭૮,૭૩૦	૬૨,૭૧,૨૪૦	૬,૨૦,૮૭,૫૨૦	૬૨,૯૨,૦૦૦	૫,૪૮,૯૧,૦૦૦	૯૩,૪૦૦
લશ્કર......................	૪,૩૧,૧૦,૮૨૦	૧૯,૬૮,૮૫,૧૦૦	૭૮,૦૪,૦૪૦	૨૨,૨૮,૦૬,૦૧૦	૮૦,૯૭,૦૦૦	૨૩,૭૫,૯૭,૦૦૦	૪૪,૨૭,૮૦૦
વિશેષ બંદોબસ્તના કામો......	......	......	......	૬૦,૪૮,૪૮૦	......	૧૫,૨૩,૦૦૦	૨૨,૬૦૦
પ્રાંતિક સરકારોને આપવાની રકમ	......	૧,૫૧,૯૭,૯૨૦	......	૨૪,૦૧,૨૪૦	......	૧,૧૮,૪૪,૦૦૦	......
(**અ**) રેવિન્યુ હિસાબનો સરવાળો.	૭૫,૬૮,૪૯,૮૭૦	૭૨,૦૮,૯૫,૩૬૦	૮૯,૧૪,૩૨,૮૩૦	૮૮,૬૭,૫૭,૪૮૦	૯૨,૦૨,૪૯,૦૦૦	૯૨,૩૨,૬૮,૦૦૦	૧,૫૮,૩૦,૩૦૦ પૈંડ.
(**બ**) રેવિન્યુ હિસાબ સિવાય જમા અને ખર્ચ.							
આગગાડી અને જળમાર્ગ, નહેરો (ભંડોળ ખર્ચ).			......	૩,૫૦,૦૦,૦૦૦		૪,૦૦,૦૦,૦૦૦	હુંડીઆમણ રૂ
કાયમનું દેવું			૪,૬૦,૦૦,૦૭૦	૧,૫૬,૧૭,૧૪૦	૨,૧૪,૯૦,૦૦૦	......	૧૧,૩૦,૭૪,૦૦૦
વ્યાજ વગરનું દેવું...........			૩,૯૮,૨૫,૮૪૦	૩,૦૮,૩૨,૨૫૦	૪૯,૦૫,૦૦૦	...... કુલ.	૩૨૭,૧૩,૭૭,૦૦૦
અનામત તથા પેશગી (અગાઉથી આપેલી રકમ)...........			૨૭,૬૨,૧૫,૭૯૦	૨૬,૧૪,૧૨૪૯૦	......	૬૪,૧૪,૦૦૦	
સ્થાનિક કરજ			૩૮,૯૭,૯૭૦	૧,૩૪,૩૯,૮૯૦	૧૯,૦૦૦	૪૯,૩૦,૦૦૦	
આગગાડી કાપટલ હિસાબ...			૨,૪૭,૨૪,૦૪૦	૩,૬૧,૮૭,૯૬૦	......	૧,૦૧,૩૯,૦૦૦	
હુંડીઓ...........			૩૯,૨૪,૯૪,૯૦૦	૩૯,૧૩,૩૩,૫૦૦	......	૭૨,૦૦૦	
સ્ટેટ સેક્રેટરીનાં બિલ.........			૧૬,૦૯,૩૮,૫૪૦	૧૬,૭૯,૬૫,૪૦૦	૧૭,૦૦,૦૦,૦૦૦	૧૭,૦૦,૦૦,૦૦૦	
સરવાળો......			૯૪,૪૦,૯૬,૬૫૦	૯૫,૧૭,૮૮,૬૩૦	૧૯,૬૪,૧૪,૦૦૦	૨૩,૧૫,૫૫,૦૦૦	
એકંદર સરવાળો......			૧,૮૩,૫૫,૨૯,૪૮૦	૧,૮૩,૮૫,૪૬,૧૧૦	૧,૧૧,૬૬,૬૩,૦૦૦	૧,૧૫,૪૮,૨૩,૦૦૦	
જમા સને ૧૮૭૧-૭૨	૫૦,૧૧,૦૨,૧[illegible]						
ખર્ચ એજન	......	૪૬,૯૮,૬૦,૩૮૦					
જમા સને ૧૮૬૧-૬૨	૪૩,૮૨,૬૪,૭[illegible]						
ખર્ચ એજન		૪૩,૯૮,૦૧,૦૦૦					

* પાછી આપેલી રકમો ખર્ચની રકમમાં મેળવેલી છે.

હિંદુસ્તાનના સંબંધમાં વિલાયતમાં થએલો ખર્ચ, રેવિન્યુખાતે ખર્ચ પડેલો. સને ૧૮૮૧-૮૨ અને ૧૮૯૧-૯૨ ના સ્ટાટિસ્ટિકલ આબ્સ્ટ્રાક્ટ પરથી.

બાબતો.	સને ૧૮૮૧-૮૨	સને ૧૮૯૧-૯૨	શેરો.
	પાઉંડ.	પાઉંડ.	ઈંગ્લાંડમાં થતે ખર્ચ બજેટમાં અને સ્ટાટિસ્ટિકલ આબ્સ્ટ્રાક્ટમાં જુદા જુદા મથાળા નીચે આપ્યો છે. આ પત્રકની રકમો સ્ટાટિસ્ટિકલ આબ્સ્ટ્રાક્ટમાંથી લીધેલી છે. સને ૧૮૯૪-૯૫ ના બજેટમાંની વિલાયતમાં થતા ખર્ચની રકમ ઉપજ ખર્ચના પત્રકના છેલ્લા આસનમાં આપી છે.
દેવાનું વ્યાજ અને બીજી આપવાની રકમ............	૨૫,૧૩,૧૨૬	૨૬,૩૯,૩૪૫	
આગગાડી—સ્ટેટરેલવેનું તથા બાંહેધરીવાળી આગગાડીનું વ્યાજ વગેરે.	૪૮,૬૧,૪૧૨	૫૬,૫૩,૧૭૬	
પબ્લિક વર્ક્સ—ફર્લો, ભથ્થું, વગેરે.	૬૦,૧૪૩	૪૯,૮૩૩	
મરીન (આરમાર) ખર્ચ............	૬૪,૧૨૬	૫૯,૫૭૧	
લશ્કરનો ખર્ચ—ઇફેક્ટિવ............	૧૨,૨૬,૪૭૧	૧૩,૦૧,૩૭૪	
નૉન—ઇફેક્ટિવ.....	૨૨,૦૮,૩૧૬	૨૧,૪૯,૦૭૧	
સિવિલ ખર્ચ—			
(૧) સ્ટેટ સેક્રેટરીની આફીસ વગેરે.	૧,૩૪,૧૩૦	૧,૩૪,૮૩૪	
(૨) રૉયલ એનજિનીયરિંગ કૉલેજ	૨૮,૨૦૪	૩૨,૫૧૫	
(૩) ઈંગ્લાંડમાં પરચૂરણ ખર્ચ....	૭,૮૭૬	૬,૭૬૫	
(૪) ફર્લો સનદી, લશ્કરી, અને			

બિનસનદી નોકરોને........	૨,૧૭,૭૪૭	૧,૯૨,૨૨૮
(૫) પેન્શન અને અલાવન્સ-પોલિટિકલ	૩૧,૨૬૫	૫૪,૨૨૩
ઇસ્ટઇંડિઆકંપનીના નોકરોને	૪૪,૫૧૩	૩૦,૭૧૦
વિલાયતનીઓફીસો.	૭૮,૫૬૩	૫૩,૫૪૫
હિંદના નોકરોને સારી નોકરી બદલ અને બીજા.	૧,૩૬,૩૧૨	૨,૧૦,૩૨૧
(૬) ઈંડિઅન સર્વિસ ફંડ.	૧૦,૯૯,૪૫૦	૧૪,૨૫,૧૨૮
(૭) ઇનામ અને પરચુરણ ખર્ચ.	૧૮,૯૭૪	૨૫૫૩૪
૭ હિંદુસ્તાનમાંનાં ટપાલ, તાર, જમીનના મહેસૂલ, વગેરે ખાતાં બદલ.	૧,૪૭,૦૫૨	૧,૬૦,૮૬૭
પોલિટિકલ દરબાર વકીલ ખર્ચ.	૨૫,૫૯૬	૨૫,૬૬૫
૮ સ્ટોર-ડિરેક્ટર-જનરલની આફીસ તથા વખાર ખર્ચ....	૫૦,૭૫૨	૪૯,૮૦૪
હિંદમાં મોકલવામાં આવે છે તે લશ્કરી ખાતા માટે.......	૯,૩૯,૧૮૭	૧૩,૧૮,૩૩૨
અરમાર...........	૧,૩૩,૬૮૮	૭૬,૮૭૬
પબ્લિક વર્ક્સ.....	૫૫,૭૭૬	૧,૧૨,૧૫૯

સિવિલ ખાતાં માટે..........	૯૧,૫૯૬	૧,૧૮,૪૦૯
સ્ટેશનરી અને છાપખાનાં......	૧,૧૨,૨૨૦	૩૫,૧૦૯
પરચૂરણ ખર્ચ.	૩૩,૪૮૩	૧૭,૭૪૪
૯ ઉપર ન આવેલી બીજી પરચૂરણ બાબતો.......	૭૮,૧૦૫	૪૩,૮૪૭
કુલ...	૧,૪૩,૯૯,૦૮૩	૧,૫૯,૭૪,૬૯૯
હુંડીઆમણુ દર રૂપિઆ........	૨૯,૭૦,૫૪૮	૬૯,૩૭,૨૧૩
કુલ ખર્ચ...	૧,૭૩,૬૯,૬૩૧	૨,૨૯,૧૧,૯૧૨
જમા પૌંડ...	૨૬,૬૧,૩૯૫	૨,૫૭,૯૧૯
ચોખ્ખો ખર્ચ પૌંડ	૧,૧૭,૩૭,૬૮૮	૧,૫૭,૧૬,૭૮૦

હરકોઇ દેશની સાંપત્તિક સ્થિતિનો વિચાર કરતાં જે બાબતોનો વિચાર કરવાની જરૂર છે તેઓમાં તે દેશના લોકોના ભરણપોષણનો માર્ગ કિયો છે અને તેઓ શી રીતે પોતાનું પેટ ભરેછે તેનું અવલોકન એ મુખ્ય બાબત છે. આ દેશમાં બે તૃતીયાંશ લોકો ખેતી કરીને અને એક દશાંશ લોકો તેને લગતાંજ કામો કરીને પોતાનો નિર્વાહ કરેછે. નવ દશાંશ લોકો ગામડાંમાં રહેછે અને શહેરોમાં રહેનારા લોકો એકંદરે એક પંચમાંસ પણ નથી. વેપાર અને ધંધાનું મહત્વ ઇંગ્રેજી રાજ્ય થયા પછીજ વધ્યું છે; તેથી લગભગ બધી વસ્તી ગામડાંમાં અને થોડીક શહેરોમાં વ-

ઘેલી છે. એના સંબંધમાં સાંપત્તિક દૃષ્ટિથી વિચાર કરતાં બે બાબતો વિચાર કરવા જેવી જણાય છે, તે એ છે કે ખેતીથી દ્રવ્યનો વધારો બહુ હળવે હળવે થાય છે અને હિંદના લોકોની સ્થિતિ અને વિચારનું વલણ અનુત્પાદક રીતે દ્રવ્યનો ખર્ચ કરવા તરફ હોય છે. આ દેશનો શિયાળો બહુ માફક હોવાથી પોશાક વગેરેનો ખર્ચ થોડો બેસે છે, પરંતુ ઘણીવાર વરસાદની તાણ પડે છે અને તેથી કરીને આ દેશના ઘણા ભાગના લોકોને દુઃખ ભોગવવું પડે છે, અને તેણે કરીને ઉપજ ખર્ચનો મેળ ડગમગે છે. હમણા કેટલાક ખેડુતો કારખાનાં વગેરેમાં કામે લાગે છે, પરંતુ તેમનો હેતુ મુખ્યત્વે કરી જે કમાઇ થાય તે વડે સોંઘભાડાં લેવાં એટલોજ હોય છે. કારખાનાં અને કલા કૌશલ્ય પહેલાં કરતાં વધ્યાં છે, પરંતુ તેણે કરીને ખેતીવડે નિર્વાહ કરનારા લોકોની સ્થિતિમાં ઘણોજ થોડો ફેરફાર થયો છે, અને બહુજ થોડા લોકો જમીન છોડી ધંધે વળગ્યા છે.

સામાજિક સ્થિતિની જોડેજ રાજકીય સ્થિતિનો પણ વિચાર કરવો જોઇએ, કારણ કે તેનો જમાખર્ચ જોડે વધારે નિકટ સંબંધ છે. બળવા પછી આ દેશમાં સલાહ-શાંતિ કરવાનો ખર્ચ પુષ્કળ થયો અને સને ૧૮૫૭નું બંડ બેસાડવાના ખર્ચની રકમ પણ મોટી હતી. આઠમા ભાગમાં કહ્યા પ્રમાણે હવે યુદ્ધનું સ્થળ દેશની અંદરના ભાગમાંથી સરહદના પ્રાંતોમાં ગયું છે તેથી તે પ્રાંતોનો બંદોબસ્ત કરવાનો અને ત્યાં પરદેશી શત્રુઓથી રક્ષણ કરવાની તૈયારી

કરી રાખવાનો ખર્ચ પહેલાં કરતાં વધ્યો છે. લશ્કરી ખર્ચના સંબંધમાં યાદ રાખવું જોઇએ કે આ દેશની ગરમ હવાને લીધે યૂરોપીઓથી જાથુની વસ્તી કરી અહીં રહી શકાતું નથી તેથી લશ્કરમાં તેઓની ભરતી કરવાને વિલાયતજ જવું પડે છે અને સૈન્યને ઉત્કૃષ્ટ રીતે કેળવાયલું અને સજ્જ રાખવા માટે પણ ઇંગ્લાંડનાં અને આ દેશનાં યૂરોપી લશ્કરોની હમેસ ફેરબદલી કરવી પડે છે. બીજાં ખાતાંમાં પણ દેખરેખ રાખનારા અમલદારો ત્યાંથીજ આણવા પડે છે. વેપારની વૃદ્ધિને માટે તથા દુકાળથી રક્ષણ કરવાનાં કામો સારૂ કરજ કરવું પડે છે; અને આ કામમાં આજ લગી કહાડેલા કરજમાંનું બે તૃતીયાંશ કરજ ઇંગ્લાંડમાંજ કહાડેલું છે. વળી ખનિજ કોયલા, લોહું, વગેરે વસ્તુઓ આ દેશમાં પુષ્કળ મળતી નથી તે તથા રેલવે, પૂલ, તથા લશ્કર અને અરસારનાં કામો માટે જોઇતો સામાન યૂરોપથીજ લાવવો પડે છે. તેમજ લશ્કરી અને બીજા નોકરોના પગાર અને પેન્શન, કરજનું વ્યાજ અને બીજા યૂરોપી સામાનની કીમત ઇંગ્લાંડ મોકલવાં પડે છે. ત્યાં સોનાનું નાણું અને અહીં રૂપાનું નાણું ચાલે છે અને સોનાના પ્રમાણમાં રૂપાની કીમત ઘટી જવાથી એ બાબતનો બોજો દિવસે દિવસે એકસરખો વધતો ચાલ્યો છે.

૫. જમાખર્ચને અસ્થિર કરનારાં મુખ્ય કારણો દુકાળ, લશ્કરનો ખર્ચ, હુંડીઆમણ, અને અફીણ છે. આ દેશમાં દુકાળ પડવાની વારે વારે બીક રહે છે, અને તે પડતો અ-

ટકાવવો એ માણસની શક્તિની બહાર છે, તોપણુ તે થકી નીપજતાં નુકસાન અને દુઃખ ઓછાં થઈ શકે છે, તેથી તે કામ પાછળ દર સાલ કેટલોક ખર્ચ કરવામાં આવે છે. એ સંબંધી વધારે વિસ્તારથી આગળ કહેવામાં આવશે; અહીં એ વિષયનું માત્ર દિક્દર્શન બસ થશે. લશ્કરી ખર્ચની બાબતમાં હમણા મોટી લડાઇઓ થોડીજ થયેલી છે, તોપણ સરહદ્દપર નાની નાની સ્વારીઓ વરસો વરસ ચાલુ રહે છે, અને તે સ્વારીઓનો ખર્ચ પૂરો પડતો નથી. અફીણનું ઉત્પન્ન ધારેલી હદ્દમાં રાખી શકાય, તોપણ તેની કીમતનો આધાર ચીનમાં ખપ થાય તે પર છે અને તેથી તેમાં વારેવારે ફેરફાર થાય છે. આ દેશમાં અફીણનો પાક વધતો ગયાથી અને બીજા દેશોમાંથી ત્યાં અફીણ જવા માંડ્યાથી આ દેશમાં અફીણની ખપત ઓછી થવા માંડી છે અને તેથી કીમત પણ ઘટતી જાય છે. એ કારણથી અફીણનું ઉત્પન્ન એ ઉપજને ધોકો પહોચાડનારી બાબત થઈ પડી છે. છેલ્લી બાબત હુંડીઆમણની છે. ઉપર કહેલાં ત્રણ નુકસાનની બાબતમાં કાંઈ પણ સારું અથવા સંતોષ માનવાની જગ્યા હોય છે, પરંતુ હુંડીઆમણનો ખર્ચ એવો છે કે તેનું કાંઈ પણ સારું મળતું નથી; પરતંત્ર દેશને તે કેવળ નુકસાનની બાબતજ છે. ગયાં વીસ વરસમાં એ નુકસાન ઘણુંજ વધી ગયું છે. હેઠલા પત્રકમાં ઇંગ્લાંડમાં થતા ખર્ચના અને તેના હુંડીઆમણના આંકડા આપ્યા છે તે પરથી છેલ્લાં વીસ વરસમાં એ બાબતના ખર્ચમાં કેટલું અં-

તર પડ્યું છે તે જણાઈ આવશેઃ—

વરસ.	ઈંગ્લાંડમાં ખર્ચ. પૌંડ.*	હુંડીઆમણની રકમ. રૂપિઆ.	હુંડીઆમણનો દર. રૂપિએ પેન્સ.
સને૧૮૭૧-૭૨	૧,૨૩,૦૪,૫૯૦	૪૬,૫૦,૩૦૦	૨૩.૧૨૬
સને૧૮૮૧-૮૨	૧,૧૭,૩૭,૬૮૮	૨,૪૨,૧૪,૯૯૦	૧૯.૮૯૫
સને૧૮૯૧-૯૨	૧,૫૭,૧૬,૭૮૦	૬,૮૨,૫૯,૦૯૦	૧૬.૭૩૩
સને૧૮૯૪-૯૫નું બજેટ.	૧,૫૬,૫૭,૧૦૦	૧૧,૩૦,૭૪,૧૦૦	૧૪.૦૦

હિંદની ઉપજ સને ૧૮૭૧ થી સરાસરી સવાગણી વધી છે અને ખર્ચ પહેલાં કરતાં અગીઆર ટકા વધ્યો છે. ઈંગ્લાંડમાંનો ખર્ચ ઝાઝો વધ્યો નથી. હુંડીઆમણનો ખર્ચ એટલો તો વધ્યો છે કે સને ૧૮૯૧-૯૨ માં નરી ઉપજમાંથી ૧૩¾ ટકા એ કામમાં ગયા. સને ૧૮૯૪-૯૫ નું બજેટ જોતાં ૨૧½ ટકા જવા માંડ્યા છે. સને ૧૮૯૪-૯૫ ના બજેટમાં એ કારણથી ખોટ ૩૨,૯૨,૩૧,૦૦૦ ગણી છે અને ખોટ પૂરી પાડવાને બજેટ કર્યા પહેલાં આયાત અને નિકાશ માલપર જે જકાત અગાઉ કહાડી નાંખી હતી તે બેસાડવામાં આવેલી છે. એ જકાત નાંખવા માટે સને ૧૮૯૪ ના માર્ચ મહીનામાં કાયદો થયો. એ ઉપજ ગણતાં ખોટ ૩૩૦,૧૯,૦૦૦ છે.

જમાખર્ચની પદ્ધતિમાં સુધારો.—આ દેશનો રાજ્યકા-

---

* વિલાયતની ઉપજની રકમ બાદ જતાં એકલા ખર્ચનીજ એ રકમો છે.

રભાર મહારાણીએ કંપની કનેથી પોતાને હસ્તક લીધા કે જમાખર્ચની વ્યવસ્થા કરવા માટે વિલાયતથી વસૂલાત ખાતાનો એક મેમ્બર મોકલ્યો હતો એવું આપણે ઉપર કહી ગયા છીએ. તેના આવ્યા પહેલાં ખર્ચ બહુ વધી ગયો હતો અને ખજાને ખોટ આવી ખર્ચની તાણ પડી હતી તેથી વિલ્સને કરેલા સુધારામાં આખા દેશના ખર્ચપર હિંદ સરકારને ઘણી સખ્ત દેખરેખ રાખવાનો અધિકાર મળ્યો હતો. હરકોઈ પ્રકારનો ખર્ચ કરવાને હિંદ સરકારની મંજૂરી લેવી પડતી, અને હુકમ પ્રમાણે કર વસૂલ કરવા, અને તે મંજૂરી આપે તે પ્રમાણે અને મંજૂર કરે તેટલી રકમ ખરચવી એટલોજ અધિકાર સ્થાનિક સરકારોને હસ્તક રહ્યો હતો. શરૂઆતમાં એ રીતે કરવાની જરૂર હતી, કારણ કે મુખ્ય સ્થાનનો અધિકાર બરાબર જામ્યા સિવાય બધે ઠેકાણે તેની વહેંચણ કરવાનું કામ સુગમ થયું નહોતું. એ વ્યવસ્થાનું પરિણામ સારૂં થયું નહિ. જરૂર જેટલી રકમ મળશે કે નહિ એવી શંકા રાખી સ્થાનિક સરકારો વધારે રકમ માગતી; તેમની નજર પોતાનો રાજ્યકારભાર સારી રીતે ચાલે એટલીજ બાબતપર હતી; તે કામમાં વાસ્તવિક ખર્ચ કેટલો થશે અને બીજા પ્રાંતોની ગરજો કેવા પ્રકારની છે અને તેમની સવડ થઈ શકે તેમ છે કે નહિ તે વિષે તેઓ વિચાર કરતી નહિ. હિંદસરકારનું લક્ષ ઉપજ અને ખર્ચ સમતોલ રાખવા તરફ વધારે હતું અને તેને સ્થાનિક ગરજોની માહિતી નહોવાથી પૈસાની મંજૂરી આપવામાં તેનાથી બહુ યોગ્ય પસંદગી થઈ શકતી નહિ. એકંદરે પૈસાની

વહેંચણુ અણધારીજ થતી અને તેથી સ્થાનિક સરકારોની અને હિંદસરકારની વચ્ચે ઘણીવાર ગેરસમજ થતી. એ સ્થિતિ સુધારવાનો ઉપાય એટલોજ હતો કે ખર્ચ કરનાર સ્થાનિક સરકારોને જમાની બાબતો હવાલે કરી ઉપજ અને ખર્ચનો મેળ રાખી વ્યવસ્થા કરવાનું કામ તેમને સોંપવું. એવી વ્યવસ્થા કરવાથી બીજો ફાયદો એ હતો કે સ્થાનિક સ્થિતિના સંબંધમાં કિયે ખાતેથી વધારે ઉપજ થશે અથવા નહિ થાય અને સ્થાનિક ગરજો મટાડવાં સારૂ શી રીતે પૈસા કહાડવા તે વિષે સ્થાનિક સરકારોને બેશ માહિતી હોવાથી તેની વ્યવસ્થા તેઓ સારી રીતે કરી શકે; તેમજ એક કર એક ભાગને જેવો અનુકૂલ હોયછે તેવો બીજા ભાગને હોતો નથી, અને એવો કર આખા દેશને લાગુ પાડવાથી લોકો નારાજ થાયછે, પરંતુ તેજ કર સ્થાનિક સ્થિતિના પ્રમાણમાં બેસાડ્યાથી એ અડચણ દૂર થાય છે, તેથી આ વ્યવસ્થા પ્રમાણે એવા કર યોગ્ય કામો માટે અને યોગ્ય ઠેકાણે સ્થાનિક સરકારોએ બેસાડવા જેવા હતા. એકંદરે આ વ્યવસ્થાથી ઉપજની બાબતો વધે અને ખર્ચમાં કરકસર થાય એમ બેવડો ફાયદો થવા જેવું હતું.

સ્થાનિક સરકારોપર ઉપજ અને ખર્ચની જવાબદારી નાંખવાની પદ્ધતિનો પાયો લૉર્ડ મેયોએ નાંખ્યો અને લૉર્ડ રિપનના અમલમાં તેમાં સુધારો થયો. સને ૧૮૭૦ માં શરૂઆતમાં નવ ખાતાં—સઘળાં ખર્ચનાં ખાતાં—સ્થાનિક સરકારોને સોંપ્યાં અને તેઓનો ખર્ચ કરવા માટે તેમને રકમ મુકરર કરી આપી અને ખર્ચ કરવાની સ્વતંત્રતા આપી.

મોટી લડાઇ, દુકાળ, અથવા અફીણની ઉપજમાં ઘટ જેવા વિશેષ આકસ્મિક બનાવો બન્યા વગર નીમેલી મુદ્દતમાં સ્થાનિક સરકારોને મુકરર કરી આપેલી રકમોમાં હિંદસરકાર ફેરફાર કરશે નહિ એવું ઠરાવ્યું. એ વ્યવસ્થા અનુભવ મેળવવા માટેજ કરી હતી તેથી પહેલે તો સ્થાનિક સરકારોને બહુ થોડો અધિકાર આપ્યો હતો અને તે પણ શરતોથી બાંધી લીધેલો હતો; તથાપિ એકંદરે એ વ્યવસ્થા યોગ્ય દિશાંમાં હતી. એ વ્યવસ્થાથી ખર્ચમાં કરકસર થશે, તકરાર મટી જશે, અને નાણાંની વ્યવસ્થાની બાબતમાં પહેલાંની પેઠે અસ્થિરતા રહેશે નહિ એ ફાયદો થશે એવી હિંદસરકારની ધારણા હતી. વળી સ્થાનિક સ્વરાજ્યની વૃદ્ધિ થઈ રાજ્યકારભારના કામમાં યૂરોપી અને દેશી લોકોને ભેગા મળી કામ કરવાની સવડ થાય, અને મ્યુનિસિપાલ કારભારની ઉન્નતિ થઈ લોકોને રાજ્યકારભારની કેળવણી મળે એ આ વ્યવસ્થા કરવાનો એક હેતુ હતો. આ વ્યવસ્થા પ્રમાણે પ્રથમ ખર્ચની રકમ પાંચ વર્ષની મુદ્દતને માટે મુકરર કરી આપી હતી. તે મુદ્દત પૂરી થયા પછી અને ૧૮૭૭ માં પહેલાંની વ્યવસ્થામાં સુધારો કરવામાં આવ્યો. પહેલાં પ્રાંતિક સરકારોને માત્ર ખર્ચનાં ખાતાં સ્વાધીન કરવામાં આવ્યાં હતાં, અને હમણા તે ઉપરાંત ઉપજની પણ કેટલીક બાબતો તેમને સોંપવામાં આવી. એ વેળા પણ શરતો કરવામાં આવી હતી અને તેઓ આગલી શરતો કરતાં વધારે સખ્ત હતી. સ્થાનિક સ્વરાજ્યવ્યવસ્થાની વૃદ્ધિ કરવાનો મૂળ હેતુ હતો તે આ પ્રસંગે કોરે મૂકાયો.

પ્રાંતિક જમાખર્ચના સંબંધમાં ત્રીજો ઠરાવ સન ૧૮૮૨ માં લૉર્ડ રિપનની કારકીર્દીમાં થયો અને તેણે પોતાના હમેશના ઉદાર વર્તનને અનુસરી આ વેળાએ આગલી વ્યવસ્થામાં ઘણો સુધારો કર્યો. વર્ગ પાડેલા ખર્ચ અને જમાનો મેળ કરવા માટે ઉધડ રકમ ન આપતાં હિંદ સરકારે પોતાના હાથમાં ઉપજની જે બાબતો રાખી હતી તેઓની પેદાશનો થોડો ભાગ તેણે સ્થાનિક સરકારોને આપ્યો. જમાની કેટલીક બાબતોના વર્ગ પાડ્યા અને કેટલીકં બાબતોની ઉપજના હિસ્સા ઠરાવ્યા, અને કેટલાંક ખાતાંના ખર્ચમાં પણ બંનેના હિસ્સા ઠરાવ્યા, અને એ ઉપજમાંથી ખર્ચ પૂરો ન પડતાં ખોટ રહે તે પૂરી પાડવા માટે હિંદ સરકારે જમીનની મહેસૂલ પોતાને હસ્તક રાખી હતી તેનો થોડોક ભાગ આપવાનો ઠરાવ કર્યો. અફીણ, મીઠું, કસ્ટમ, ખંડણી, ટપાલ, તાર, અને ટંકશાળ, કરજ, રેલવે, લશ્કર, વગેરે ખાતાં હિંદ સરકારે પોતાને હસ્તક રાખ્યાં હતાં; કારણ કે એ ખાતાં સ્વાભાવિક રીતે પ્રાંતિક નહોતાં. એ ઠરાવ જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી રીતે કરવામાં આવ્યો તેની વિગત આપવાની જરૂર નથી. મુંબાઈ સરકારને જંગલ, માદક પદાર્થો, આકારેલા કર, સ્ટાંપ, અને નોંધણી એ ખાતે થતી ઉપજનો નીમે ભાગ, પ્રાંતિક કર, પરચૂરણ ખાતાં, ન્યાય ખાતું, અરમાર, પોલીસ, કેળવણી, વઘક, સ્ટેશનરી અને છાપખાનું એ ખાતાંની બધી ઉપજ, તેમજ કસ્ટમ અને મીઠા ખાતે થતી તમામ પરચૂરણ ઉપજ, અને વ્યાજ, પેન્શન, પરચૂરણ, અને પબ્લિક વર્કસ

ખાતે થતી ઉપજની થોડી રકમો એ સઘળું મળતું હતું. એ ઉપજમાંથી ખર્ચ પૂરો ન પડતાં ખોટ રહે તે પૂરી પાડવા માટે જમીનની મહેસૂલમાંથી ૫૯.૮૨ અંશ મળતો હતો. વિશેષ ભયંકર દુકાળ સિવાય બીજા કોઇ પણ કારણથી પ્રાંતિક સરકારોને હિંદસરકાર તરફથી મદદ મળશે નહિ એવું ઠરાવ્યું હતું; તેમજ વિશેષ સંકટ આવી હિંદ સરકારની તમામ શિલક ખરચાઇ ગયા સિવાય તથા આવકના માર્ગ ખલાસ થયા વિના હિંદસરકાર પ્રાંતિક સરકારોની શિલકમાં હાથ ઘાલશે નહિ એવું પણ ઠરાવ્યું. એ રીતે ઠરાવેલી વ્યવસ્થાથી મુખ્ય ફાયદો એ થયો કે પહેલાં પ્રાંતિક સરકારોને સંપૂર્ણ રીતે સોંપેલી જમા અને ખર્ચની બાબતો પરજ માત્ર લક્ષ આપવાની અગત્ય જણાતી, બીજી બાબતોના નફાતોટા જોડે, સંબંધ ન હોવાથી તેવી ગરજ લાગતી નહિ, તે હવે બદલાઇ જઈ હિંદસરકારે રાખી મૂકેલી જમાની બાબતો સાથે પણ તેમના પ્રત્યક્ષ હિતાહિતનો સંબંધ થવાથી તેમને લક્ષ આપવાની જરૂર પડી છે.

આ પ્રાંતિક ઠરાવમાં સુધારો કરતી વખતે ઉપર કહ્યા પ્રમાણેજ વ્યવસ્થા થઇને તેનો અંત આવ્યો નહિ, પરંતુ સને ૧૮૭૦ માં લૉર્ડ મેયોએ પ્રાંતિક સરકારોને જમા ખર્ચની સ્વતંત્રતા આપતાં તે વ્યવસ્થા વડે સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થાનો પાયો નાંખવો સુગમ પડે અને દેશીઓ તથા યૂરોપીઓનો રાજ્યવ્યવસ્થાના કામમાં વધારે સંસર્ગ થાય એવો જે હેતુ રાખ્યો હતો તે આ પ્રસંગે લા-

ડ રિપને સિદ્ધ કર્યો. હિંદસરકારે જમાખર્ચની બાબતોની પોતાની જવાબદારી જેમ સ્થાનિક સરકારોને માથે નાંખી, તેમજ સ્થાનિક સગવડ અને ઉપયોગનાં કામોની વ્યવસ્થા સરકારની માર્ફત ન થતાં સ્થાનિક કમિટીઓની માર્ફત થાય, અને તે માટે તે કામોમાં ખરચવાની ઉપજની બાબતોનું ઉત્પન્ન તે કમિટીઓને સોંપવું એવું ઠરાવ્યું અને તે પ્રમાણે અમલમાં પણ આણ્યું. આ સ્થાનિક વ્યવસ્થાનો પાયો નાંખવાને તેણે જે મહત્વનો ઠરાવ પ્રસિદ્ધ કર્યો તેનો સારાંશ એક પ્રતિષ્ઠિત વર્તમાનપત્રમાંથી અમે નીચે ઉતારીએ છીએ. તે પછી સ્થાનિક સ્વરાજ્યની વૃદ્ધિ કેવી રીતે થઇ તે વિષે ચોથા ભાગમાં કહેલુંજ છે.

"હિંદસરકારના ઠરાવમાં પ્રથમ સ્થાનિક મ્યુનિસિપાલ અને જિલ્લાની કમિટીઓ અથવા બોર્ડો કેવી રીતે નીમવી તે વિષે કહેલું છે. આખા હિંદને એકજ નિયમ લાગુ પાડવાનો ઇરાદો નથી. જે ઠેકાણે જેવી સોઈ કરવાની જરૂર હોય તે ઠેકાણે તેવી સોઈ કરવી એજ ઇચ્છવા યોગ્ય છે. પરંતુ એ કમિટીઓ નીમવાનાં જે મુખ્ય તત્વો છે તે બધે ઠેકાણે એકસરખાંજ હોવાં જોઇએ. કોઈપણ કારણથી તેમાં ફેર પડવો ન જોઇએ. એ માટે સ્થાનિક સરકારોને સૂચના કરવામાં આવેછે કે જે જે ઠેકાણે સરકારી અમલદારો સિવાય બહારના હોશિયાર માણસો મળવાનો સંભવ હોય તે તે ઠેકાણે તે લોકોની બોર્ડો નીમી તેમને અમુક કામો અને અમુક ઉપજની વ્યવસ્થા પણ સોંપવાં. એ બોર્ડો નીમતી વખતે લક્ષમાં રાખવું કે જે લોકોને જ્યાંની મા-

હિતી હોય તે લોકોને ત્યાંનાં કામ કરવાને રાખવા; તેની બહાર જવાની જરૂર પાડવી નહિ. બધા જિલ્લા માટે ફક્ત જિલ્લાનાં શહેરોમાં બોર્ડો હોવાથી આઘેના લોકોથી તે બોર્ડોમાં આવી શકાય નહિ અને પૈસાના વિભાગ પણ વ્યવસ્થાપૂર્વક થઈ શકે નહિ; એ અડચણ દૂર કરવાને જુદે જુદે ઠેકાણે જુદી જુદી બોર્ડો હોવાની જરૂર છે. ઘણું તો એવી બોર્ડોમાં બેસવા માટે જિલ્લાની બોર્ડોમાંથી કેટલાક સભાસદો મોકલવા. મ્યુનિસિપાલ કમિટીઓ અને સબ-ડિવિઝનલ અથવા જિલ્લા બોર્ડોની વચ્ચે જે સંબંધ હોવે જોઇએ તેનો આધાર સ્થાનિક સ્થિતિપર રહેશે. બધી જાતની કમિટીઓમાં સ્વતંત્ર (સરકારી નોકર ન હોય એવા) મેમ્બરોની સંખ્યા નિદાન બેતૃતીયાંશ હોવી જોઇએ; તેમની નીમણુક ઓછાંમાં ઓછાં બે વર્ષ લગી ચાલવી જોઈએ; અને તેઓની નીમણુક ફરી ફરીને વારાફરતી થવી જોઇએ. જે ઠેકાણે બની શકે તે ઠેકાણે કમિટીના મેમ્બરોને લોકો નીમે તે ઠીક; પરંતુ આ નિયમ બધે ઠેકાણે લાગુ પાડી શકાય નહિ. મેમ્બરો પસંદ કરવાની સત્તા બધાં શહેરોને આપવી અને હળવે હળવે પાછી હઠાવતા જઈ તે નાના નાના કસ્બા અને ગામડાંને પણ પહોચે એમ કરવું. કઈ જાતના લોકોને નીમવા તે સંબંધી સ્થાનિક વ્યવસ્થા સ્થાનિક સરકારોએ પોતપોતાના ઈલાકાના પ્રખ્યાત દેશીઓની સલાહ અને વિચાર લઇને કરવી. બધે ઠેકાણે એકજ જાતના લોકોને પસંદ કરવામાં આવે તો હરકત નથી, કારણ કે લોકો પોતાનું કામ કરી શકે એટલોજ મૂળ હેતુ છે, અને એ

કામ પાર પાડવાનો હરેક પ્રયત્ન કરી જોવો. આજ લગી આ કામમાં યશ આવ્યો નહિ તેનું કારણ લોકોમાંજ કાંઇ વિશેષ ખામી છે એમ નથી, પરંતુ સરકારી અધિકારીઓએ આ બાબતમાં કહેવા જેવો અને થઈ શકે તેટલો શ્રમ કર્યોજ નથી. હમણા એટલોજ હેતુ છે કે જે જુવાન કેળવાયલા દેશીઓની પોતાનું કામ પંડે કરવાની ઇચ્છા હોય તેમને તે કરવાની તક આપી તેઓ સ્વરાજ્યનું કામ કરવાને લાયક થાયછે કે નહિ તે જોવું. કમિટીમાં કામ કરે તેવારે મેમ્બરોને ઉત્તેજન આપવા માટે રાવબહાદુર અને રાવસાહેબના ખિતાબ આપવા. કમિટીઓનાં ઘણાંખરાં કામો લોકોને હાથે કરાવવાનાં છે તેથી તેમણે કરેલી વ્યવસ્થામાં સરકારી અમલદારોએ નકામો હાથ ઘાલવો નહિ. ઘણું તો તેપર નજર રાખવી અને તે ભૂલ કરે તો તેમને સલાહ આપી ઠેકાણે લાવવા. નવો કર બેસાડવાનો હોય અથવા કરજ કહાડવું હોય તો રાજ્યવહીવટ ચલાવનારા અધિકાઓની સંમતિ લેવી જોઇએ; અથવા કેટલીક બાબતમાં લોકલ કમિટીઓ પોતાના કામમાં ઘણીજ ગફલત કરે તો મુખ્ય સરકારની મંજૂરીથી તેઓને થોડી મુદ્દત લગી બંધ કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે. મ્યુનિસિપાલિટીઓ અથવા લોકલ કમિટીઓપર સારી દેખરેખ રહેવા માટે કલેકટર અથવા મામલતદાર તે કમિટીઓનો ચેરમેન હોવોજ જોઇએ એવું અવશ્ય નથી. લોકોને રાજ્ય ચલાવતાં આવડે એવો હેતુ હોવાથી સરકારી અધિકારીઓને તેમના કામમાં ઘોંટાળો કરવાની અથવા અમુક એક રીતે તેમની

કને પોતાનું કામ કરાવવાની સવડ હોવી ન જોઇએ. અમારા હાથમાં વાસ્તવિક સત્તા હોઇ અમારાપર કેટલીક જવાબદારી છે એવું લોકોને લાગવું જોઇએ. કલેકટર વગેરે કને દેખરેખ રાખવાનું કામ હોવાથીજ તેમનું વજન રહેશે. હવે જે ઠેકાણે ચેરમેન થવાને લાયક સ્વતંત્ર માણસ મળી ન શકે તે ઠેકાણે મામલતદારને અથવા કલેકટરને ચેરમેન નીમવાની જરૂર છે. પરંતુ એવે સ્થળે પણ ચેરમેનને વોટ (મત) આપવાનો અધિકાર નથી. ચેરમેનને લોકે પસંદ કરી તેની નીમણુકને માટે સરકારની મંજૂરી લેવી. આ ઠરાવનો મુખ્ય ઉદ્દેશ લોકલબોર્ડોને ઉપજ અને ખર્ચ કરવાનો અધિકાર આપવાનો છે."

સને ૧૮૮૭ માં ચોથો ઠરાવ થયો. હાલમાં ઠરાવ થયેલો છે તે પાંચમો છે. દરેક ઠરાવ કરતી વખતે હિંદસરકાર અને સ્થાનિક સરકારની વચ્ચે જમા ખર્ચના સંબંધમાં કેવી વ્યવસ્થા કરવી તેને માટે વિગતવાર નિયમ કરવામાં આવતા, પરંતુ લંબાણ થવાની બીકે તેઓનો સારાંશ આપ્યો નથી. હવે છેલ્લો એટલે હમણા ચાલુ છે તે ઠરાવ કરતી વખતે જે શરતો કરવામાં આવી હતી તેઓમાંની થોડીક મુખ્ય શરતો હેઠળ આપીએ છીએ.–સાધારણ વ્યાપ્તિનાં નવાં કામ માથે લેવાં, કોર્ટ ફીના અથવા વેપારને લગતા સ્ટાંપના વેચાણના કમિશનના દરમાં ફેરફાર કરવો, જમાખર્ચની પદ્ધતિમાં ફેરફાર કરવો, અઢીસેં રૂપિઆ ઉપરાંતના પગારની જગ્યા વધારવી અથવા કમી કરવી, દારૂ અને બીજા પદાર્થોના કરના દરમાં ફેરફાર કરવો, (તે

પણ વિશેષે કરીને પ્રાંતની હદ્દના ભાગમાં કરવો) વગેરે બાબતોને માટે હિંદસરકારની મંજૂરી જોઇએ. સ્થાનિક સરકારોની શિલક અમુક હદ્દ કરતાં ઓછી હોવી ન જોઇએ એવું પણ ઠરાવ્યું છે. એ હદ્દ નીચે પ્રમાણે છેઃ—બંગાળા, મદ્રાસ, મુંબાઇ, વાયવ્ય પ્રાંતો, અને અયોધ્યા પ્રાંતની તીજોરીઓમાં વીસ લાખ, પંજાબની તીજોરીમાં દશ લાખ, મધ્ય પ્રાંતોની તીજોરીમાં આઠ લાખ, નીચલા બ્રહ્મદેશની તીજોરીમાં છ લાખ, અને આસામની તીજોરીમાં પાંચ લાખ રૂપિઆ. સરકારી પૈસા ખાનગી એક માણસના અથવા માણસોના સમુદાયના ફાયદા માટે ખરચવા નહિ; તેવો ખર્ચ કરવો હોય તો હિંદસરકારે ઠરાવેલા નિયમોને અથવા માન્ય કરેલાં તત્વોને અનુસરીને કરવો. પ્રાંતિક સરકારોને કેટલાંક કામો માટે સરકારી નાણું કરજે આપવાની પરવાનગી આપેલી છે તે સિવાય બીજાં કામો માટે કરજે નાણું આપવું હોય તો પરવાનગી લેવી જોઇએ. એજ પ્રમાણે શિલકની રકમ સરકારી નોટોમાં અથવા બીજી રીતે વ્યાજે મૂકવા સારૂ પણ પરવાનગી લેવી જોઇએ. જમા અને ખર્ચનું બજેટ કરવું અને ખર્ચ તેમાં ઠરાવેલી રકમની અંદર રાખવો; તે દરમિયાન જો એકાદ બાબતમાં વધારે ખર્ચ કરવાની જરૂર પડે તો બીજી એકાદ બાબત માટે દાખલ કરેલી રકમમાંથી મેળ પાડીને રકમ લેઈ તેમાંથી કરવો. હિંદ સરકારે નોકરી, રજા, પેન્શન, મુસાફરી, વગેરે સંબંધી કરેલા નિયમો (સિવિલ સર્વિસ રેગ્યુલેશન્સ), પબ્લિક વર્કસ ખાતાનો કોડ, એકૌન્ટ કોડ (હિસાબની પદ્ધતિના

નિયમો), વગેરે પ્રાંતિક સરકારોએ પાળવા જોઇએ, ઇત્યાદિ.

એ પ્રમાણે હિંદની જમાખર્ચની પદ્ધતિ તથા કર બેસાડવા અને ખર્ચ કરવાના સંબંધમાં ચાલતી પદ્ધતિ તથા સ્થાનિક સ્વરાજ્યની પદ્ધતિની ટુંકામાં હકીકત છે.

૭ **सेविंग्स बेंको.**—અત્યાર લગી આપણે સાંપત્તિક સ્થિતિ જોડે સંબંધ રાખનારાં તથા તે સ્થિતિમાં ફેરફાર કરનારાં કેટલાંક કારણોનો વિચાર કર્યો અને કર નાંખવાની તથા વસૂલ અને ખર્ચ કરવાની બાબતોમાં જે મહત્વનો ફેરફાર વચ્ચે વચ્ચે કરવામાં આવ્યો તેની ટુંકામાં હકીકત આપી. હવે ઉપર આપેલા પત્રકમાંની બાબતોનો વિચાર કર્યા પહેલાં એકજ બાબતનો—સેવિંગ્સ બેંકોનો—વિચાર કરવો બાકી રહ્યો છે તે કર્યા પછી તે બાબતો વિષે બોલીશું.

સને ૧૮૮૨-૮૩ માં તમામ નાના મોટા ખેડુતોને પૈસા સંઘરી રાખવાની સવડ થાય તેટલા માટે સ્ટૉકનોટો કહાડવામાં આવી હતી, પરંતુ ૭ વર્ષના અનુભવપરથી તે સગવડ લોકોને પસંદ પડી નહિ એવું જણાયું; તેથી તે નોટો બંધ કરી. સેવિંગ્સ બેંકોનો માત્ર ઘણોજ પ્રસાર થયો છે. સને **૧૮૩૩ માં ત્રણ ઇલાકાનાં શહેરોમાં** એ બેંકો સ્થાપન થઈ અને પછી પેટા વિભાગોમાં પણ સ્થાપન કરવામાં આવી. સને ૧૮૮૨ થી પોસ્ટ ઑફીસોને તે કામ સોંપવામાં આવ્યું ત્યારથી એ બેંકોની ઘણીજ આબાદી થઇછે. એ બેંકો બેશ ચાલુ થયા પછી પૂર્વ ડિસ્ટ્રિક્ટ બેં-

કો હતી. એ બેંકો કેટલી લોકપ્રિય થયેલી છે તે તેમની જોડે વ્યવહાર કરનારા લોકોની સંખ્યાના વધારાપરથી જણાઈ આવશે. સને ૧૮૮૧-૮૨ માં ડિસ્ટ્રિક્ટ બેંકોમાં પૈસા મૂકનારા લોકો ૧૮,૯૭૭ હતા અને સને ૧૮૯૧-૯૨ માં પોસ્ટ ઑફીસ સેવિંગ્સ બેંકોમાં પૈસા મૂકનારાની સંખ્યા ૪,૬૩,૪૫૩ થઇ. મૂકેલાં નાણાંની રકમ જોતાં સને ૧૮૮૧-૮૨ માં તે રૂ ૭૨,૭૮,૯૨૦ હતી અને સને ૧૮૯૧-૯૨ માં તે રૂ ૭,૦૫,૯૩,૧૬૯ થઇ, એટલે નવ ગણી વધી. સને ૧૮૯૨-૯૩ની આખરે પૈસા મૂકનારાની સંખ્યા ૫,૨૦,૯૬૭ અને મૂકેલાં નાણાંની રકમ રૂ ૭,૮૧,૮૭,૭૨૭ હતી. વળી ટપાલખાતામાં એ કામ ગયાથી પહેલાં જે વર્ગના લોકોને સંઘરો કરવાનો એ માર્ગ મળતો નહોતો તેઓને તે હાથ લાગ્યાથી સંચય કરવાનો વહીવટ પડી ગયો છે.

૮ **જમીનની મહેસૂલ.**—ઉપલા પત્રકમાંની પહેલી બાબત જમીનની મહેસૂલ છે. દર સો રૂપિઆની ઉપજ પૈકી ચાળીસ રૂપિઆ એ ખાતાના છે. એ ખાતે ઉપજ બહુ ધીમે ધીમે વધે છે, કારણ કે જમીનની મહેસૂલનો દર લાંબી મુદ્દતને માટે ઠરાવેલો હોય છે.

સને ૧૮૮૧-૮૨ કરતાં સને ૧૮૯૧-૯૨ માં એ ઉપજ સેંકડે આશરે ૭ ટકા વધી હતી.

અફીણ.—જમીનની મહેસૂલથી ઉતરતી ઉપજ અફીણની છે. અફીણની ઉપજ ગયાં દશ વરસમાં ઓછી થ-

ઇ છે. સને ૧૮૮૧–૮૨ કરતાં સને ૧૮૯૧–૯૨ માં તે ૨૧ ટકા ઘટી.' „

मीठुं.—એની ઉપજમાં વધારો છે. મીઠાનો કર સને ૧૮૮૨ માં આખા દેશમાં એકસરખો કરવામાં આવ્યો; તેથી પહેલે તો ઉપજ થોડીક ઘટી, પરંતુ કર ઓછો થવાથી ખપ વધ્યો અને તેથી ઘણીક ખોટ પૂરી પડતાં લગી ખર્ચની અડચાણને લીધે દર મણે બે રૂપિઆ કર હતો તે સને ૧૮૮૮ માં વધારી અઢી રૂપિઆ કર્યો. એ કારણથી સને ૧૮૮૨ કરતાં હમણા ઉપજ વધી છે. સને ૧૮૮૧–૮૨ થી એકંદરે ૧૮ ટકાનો વધારો છે.

मादक पदार्थोनो कर.–એની ઉપજ એકસરખી વધેલી છે. ગયાં દશ વરસમાં સાધારણ વધારો ૪૭ ટકા થયો. કરનો દર વધાર્યાથી તથા સારો બંદોબસ્ત કર્યાથી એ વધારો થયોછે.

स्टांप.—એની ઉપજ પણ એજ પ્રમાણે વધી છે. સને ૧૮૯૧–૯૨ ની પહેલાંનાં દશ વર્ષમાં વધારાનું પ્રમાણ ૨૬¾ ટકા હતું.

प्रांतिक करो.–એમાં લોકલફંડ, પંજાબ અને વાયવ્ય પ્રાંતોમાંનો પરવારી કર, મદ્રાસ અને મધ્યપ્રાંતોમાંનો તેવાજ પ્રકારનો કર, અને બંગાળામાં રસ્તા, નિશાળ અને ટપાલ માટે બેસાડેલા કરનો સમાવેશ થાયછે. સને૧૮૯૧–૯૨ ની પહેલાંનાં દશ વરસમાં ૨૧¾ ટકા વધારો હતો. એ કર જમીનની મહેસૂલના પ્રમાણમાં વધતો જાયછે.

कस्टम.—એ ખાતાની ઉપજ સને ૧૮૮૧–૮૨ પછી ઓછી થતી ગઇ, કારણ કે સને ૧૮૮૨ માં આયાત અને નિકાશ માલપરની ઘણીખરી જકાત કહાડી નાંખી. સને ૧૮૯૪–૯૫ માં તે પાછી બેસાડવામાં આવી.

आकारेला कर.—કુસ્ટમની ઉપજના જેવીજ આકારેલા કરની સ્થિતિ છે. ગયાં દશ વરસમાં એ કરમાં બે વાર મોટો ફેરફાર કરવામાં આવ્યો, તેથી ઉપજમાં ઘણો ફેર પડ્યો. એ કારણથી પહેલાંની ઉપજ જોડે મુકાબલો થઇ શકે તેમ નથી.

जंगल.—એ ખાતાની ઉપજમાં પણ સરખો વધારો છે. સને ૧૮૮૧–૮૨ થી સને ૧૮૯૧–૯૨ લગીમાં એ બમણી વધી હતી.

नोंधणी.—સને ૧૮૯૧–૯૨ ની પહેલાંનાં દશ વર્ષમાં ૮૪ ટકા વધારો થયો હતો.

खंडणी.—એમાં ઝાઝો ફેર પડયો નથી. જે કાંઇ વધારો થયો છે તે બ્રહ્મદેશ ખાલસા થવાથી થયેલોછે.

अलावन्स अने कम्पेन्सेशन.—મોટાં મોટાં અલાવન્સો ઘણાંખરાં મુંબાઇ ઇલાકામાંજ છે, અને તેઓનો સંબંધ ઘણું કરીને પેશવાઇ જોડે છે. કમ્પેન્સેશનની ઘણીખરી રકમો મીઠાના અગર બંધ કર્યા અને દેવસ્થાનની જમીન ખાલસા કરવામાં આવી તે બદલની છે. એમનો સંબંધ જમાની બાબતો જોડે હોવાથી ચોખ્ખી ઉપજ કહાડતી વખતે તે બાદ કરવામાં આવેછે.

ખર્ચ.—હવે આપણે ખર્ચની બાબતોનો વિચાર કરીએ.

વ્યાજ.—એમાં પહેલી બાબત વ્યાજની છે. એનો ખર્ચ ગયાં દશ વર્ષમાં શુમારે ૧૭ ટકા ઘટ્યો હતો. છેલ્લાં ત્રણ વરસમાં સરકારી દેવાના વ્યાજનો દર ઓછો કરવામાં આવ્યો અને સરકારમાંથી કરજે આપેલી રકમના વ્યાજની ઉપજ વધી. રૂપિઆમાં કહાડેલા કરજનું વ્યાજ સને ૧૮૯૧–૯૨ માં રૂ ૪,૧૬,૮૬,૨૨૦ અને પૌંડમાં કહાડેલા કરજનું વ્યાજ ૩૮,૦૩,૧૫૯ પૌંડ હતું, અને તેના હુંડી-આમણનો ખર્ચ એ સાલમાં રૂ ૧,૬૫,૧૫,૬૯૦ થયા હતો. એકંદર વ્યાજ રૂ ૯,૬૨,૩૩,૫૦૦ થયું તેની વહેંચણ હિસાબમાં સાધારણ કરજ ખાતે ચાળીસ ટકા અને પબ્લિક વર્કસ ખાતે સાઠ ટકા લખેલા છે. સને ૧૮૯૪–૯૫ માં ચાર ટકાના વ્યાજનું કરજ હતું તેનું વ્યાજ ૩½ ટકા કરવામાં આવ્યું, અને તેને લીધે પણ વધારે ઉગારો પડશે. સને ૧૮૯૪–૯૫ ના બજેટમાં વ્યાજની રકમ રૂ ૪,૬૧,૧૪,૦૦૦ પકડી છે અને જમાની રકમ રૂ ૮૫,૬૮,૦૦૦ પકડીછે.

ટીપ.—ઈંગ્લાંડમાં સોનાનું નાણું (પૌંડ) ચાલેછે તેથી ત્યાં પૌંડમાં કરજ કહાડ્યું છે. આ દેશમાં કહાડેલું કરજ રૂપિઆમાં છે.

ટપાલ, તાર ઑફીસ અને ટંકશાળ.—એ વેપારને લગતાં ખાતાં જેવાં ખાતાં છે. હિંદમાં ટપાલ ખાતાનો ખર્ચ થાયછે તે ઉપજમાંથી પૂરો પડેછે, પરંતુ ઈંગ્લાંડમાં થતો સ્ટૅાર, સબ્સિડીઝ (નાણાંની મદદ) વગેરેનો ખર્ચ એ ખાતાપર પડેછે તેથી ખોટ આવે છે. તારખાતાનો અને ટંકશાળનો ખર્ચ ઉપજમાંથી નીકળેછે. સને ૧૮૯૩ લગી લો-

કે ચાંદી આપી રૂપિઆ પડાવતા તે બંધ કર્યું. હમણા ટંકશાળનો ઉપયોગ નાણું અને પૈસા પાડવામાંજ થાયછે. સને ૧૮૯૪–૯૫ના બજેટમાં ખર્ચખાતે રૂ ૬,૮૧,૦૦૦ અને જમા ખાતે રૂ ૬,૭૭,૦૦૦ દાખલ કર્યાછે, તેથી ચોખ્ખો ખર્ચ રૂ૪,૦૦૦ છે. સને ૧૮૮૧–૮૨ માં એ ત્રણે ખાતાંનો ખર્ચ રૂ૩૧,૪૫,૮૪૦ થયો હતો, પરંતુ સને ૧૮૯૧–૯૨માં એ સ્થિતિ બદલાઇને ખર્ચ જતાં રૂ૧૪,૬૫,૪૮૦ શિલક રહી હતી અને સને ૧૮૯૨–૯૩ માં રૂ૨૩,૧૩,૨૮૦ શિલક રહી હતી. ટપાલ અને તાર ઑફીસ વિષે જુદા ભાગમાં લખવામાં આવશે. સને ૧૮૯૧–૯૨ માં ટંકશાળની ઉપજ રૂ૨,૦૦,૪૬૦ અને ખર્ચ રૂ૯,૭૧,૦૯૦ થયો હતો. સને ૧૮૯૪–૯૫ ના બજેટમાં એ ત્રણે ખાતાંની જમા રૂ. ૨,૬૫,૬૫,૦૦૦, અને ખર્ચ રૂ૨,૫૯,૫૮,૦૦૦ પકડયો છે.

सिविल खातां.—એ મથાળા નીચે એકંદર નવ ખાતાં આવે છે તેઓનો ખર્ચ કેટલો થયો તે હેઠળ આપેલા પત્રકપરથી જણાઈ આવશે. એમાંનાં મોટાં ખાતાંનું સવિસ્તર વર્ણન જુદા ભાગમાં કર્યું છે. પોલિટિકલ ખાતાં સંબંધી એટલુંજ કહેવાનું છે કે એ બાબતમાં પોલિટિકલ એજંટ વગેરેના ખર્ચનો સમાસ થાય છે તે ઉપરાંત પોલિટિકલ કેદીઓ તથા દેશી સંસ્થાનોના શરણે આવેલા લોકોના ખર્ચનો સમાવેશ થાય છે. છેલ્લી બાબતમાં જાત્રા, પ્રદર્શનો, વનસ્પતિના શાસ્ત્રીય બાગો, વાલી ઘોડા ઉછેરવા, તથા સિન્કોનાના બાગનો સમાસ થાય છે. સેન્સસ (વસ્તીની ગણુતરી), સર્વે (માપણી), ખેતીવાડી, અને વાયુચક્રશાસ્ત્રના (મીટીઓરોલોજિકલ) ખાતાંનો પણ એમાંજ સમાવેશ થાય છે.

ખાતાં.	સને ૧૮૯૧-૯૨		સને ૧૮૯૪-૯૫ નું બજેટ.	
	જમા.	ખર્ચ.	જમા.	ખર્ચ.
રાજ્યવ્યવસ્થા	......	૧,૭૯,૧૩,૧૭૦	......	૧,૯૭,૯૫,૦૦૦
કાયદા અને ન્યાય.	૬૮,૭૧,૪૦૦	૩,૭૩,૯૦,૩૯૦	૭૦,૨૬,૦૦૦	૪,૦૦,૩૯,૦૦૦
પોલીસ............	૩૮,૧૫,૪૦૦	૩,૮૬,૮૬,૧૦૦	૩૯,૮૮,૦૦૦	૪,૦૪,૩૦,૦૦૦
મરીન............	૨૨,૨૪,૧૪૦	૬૨,૭૯,૫૧૦	૧૩,૮૨,૦૦૦	૬૯,૮૦,૦૦૦
કેળવણી..........	૨૧,૧૭,૨૪૦	૧,૪૨,૪૭,૯૬૦	૨૧,૩૩,૦૦૦	૧,૫૪,૫૩,૦૦૦
એક્લેઝિઆસ્ટિકલ (ધર્મસંબંધી)......	......	૧૬,૧૫,૯૬૦	......	૧૮,૬૭,૦૦૦
મેડિકલ (વૈદ્યક સંબંધી)............	૬,૩૧,૦૬૦	૮૮,૪૬,૮૪૦	૭,૦૩,૦૦૦	૧,૦૦,૫૬,૦૦૦
પોલિટિકલ (રાજકીય)............	......	૭૬,૭૭,૧૧૦	......	૯૮,૪૪,૦૦૦
શાસ્ત્રીય અને પરચૂરણ............	૯,૦૨,૩૩૦	૫૮,૭૪,૩૮૦	૮,૮૫,૦૦૦	૫૧,૨૮,૦૦૦
કુલ...	૧,૬૫,૬૧,૫૭૦	૧૩,૮૫,૩૮,૪૨૦	૧,૬૧,૧૭,૦૦૦	૧૪,૯૫,૯૨,૦૦૦
ચોખ્ખો ખર્ચ. સને ૧૮૯૧-૯૨....	......	૧૨,૧૯,૭૬,૮૫૦	......	૧૩,૩૪,૭૫,૦૦૦
ચોખ્ખો ખર્ચ સને ૧૮૮૧-૮૨....	......	૯,૬૧,૫૨,૯૫૦	......	......

પરચૂરણ સિવિલ ખર્ચમાં પોલિટિકલ પેન્શન, રજાના પગાર, પેન્શન, સ્ટેશનરી, હુંડીઆમણ, ભાડું, બક્ષિશ, ઇનામ, વગેરેનો સમાવેશ થાયછે.

૯. दुकाळनिवारण फंड.—જમાખર્ચની પદ્ધતિના વર્ણનને અનુસરી દુકાળ મટાડવાને ઉભા કરેલા ફંડની કેવી રીતે વ્યવસ્થા કરવામાં આવી છે તે વિષે કહીએ છીએ.

દુકાળને લીધે આ દેશની આવક તથા ખર્ચને વારેવારે ધોકો પહોચેછે એવું આપણે ઉપર કહી ગયા છીએ. સારી ઉપજ થાય તે વરસમાં દુકાળને માટે અમુક રકમ જુદી કહાડી રાખવાનો વિચાર પ્રથમ લૉર્ડ નૉર્થબ્રૂકની કારકીર્દીમાં ઉઠયો. તેણે એવું ઠરાવ્યું કે વારેવારે દુકાળ પડશેજ અને તે પડે તે વખતે કરજ કહાડવાથી નુકસાન થાય; માટે જે સાલમાં શિલક રહે તે સાલમાં તેમાંથી આગલું કરજ કમી કરવું, અથવા ઉપજ કરનારાં પબ્લિક વર્કસનાં કામો કરવાં, અને દુકાળ પડે તેવારે એ રીતે કહાડી રાખેલી રકમ લગી જરૂર પડે તેટલું કરજ કહાડવું. આ ઠરાવના ઇરાદા પ્રમાણે લૉર્ડ લિટનના અમલમાં ગોઠવણ થઈ અમલ થવા માંડયો. સને ૧૮૭૩ થી ૧૮૭૮ સુધી દુકાળ ખાતે સાડાસોળ કરોડ રૂપિઆ ખર્ચ થયા હતા અને એ વર્ષોમાં ઘણો અનર્થ થયો હતો. એ વેળાના તથા પહેલાંના દુકાળના અનુભવપરથી સરકારે એવો કયાસ કર્યો કે દશ વરસમાં એ કાર્ય માટે સાડાપંદર કરોડ રૂપિઆ જોઇશે, અને એ રકમની ગોઠવણ કરવા સારૂ દર વરસે ઓછામાં ઓછા દોઢ કરોડ

રૂપિઆ દુકાળ મટાડવા ખાતે કહાડી રાખવા જોઇએ. એ બાબતમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે દોઢ કરોડ રૂપિઆની રકમ દર વરસે બજેટમાં દાખલ કરવી અને કરજ વાળવામાં તે વાપરવી, અથવા તે વરસમાં નહેરો અને રેલવે માટે કરજ કહાડવું પડે તો તેટલું નવું કરજ ઓછું કહાડવું; અર્થાત્ આ વ્યવસ્થાનું પરિણામ એ થશે કે દુકાળ પડે તે વખતે કરજ કહાડવું પડશે તોપણ પહેલાં કરતાં વધારે બોજો થશે નહિ. પછી એ વ્યવસ્થામાં થોડોક ફેરફાર કરી એવું ઠરાવ્યું કે એ રકમ કેવળ કરજ વાળવામાં ન વાપરતાં તેમાંની થોડીક રકમ દર વરસે દુકાળથી પીડાતા પ્રાંતોમાં રેલવે અને નહેરો બાંધવામાં ખરચવી, એટલે તેને લીધે દુકાળની વેળાએ લોકોનું રક્ષણ કરવામાં મદદ મળશે. એ રકમ દુકાળનો ખર્ચ ન હોય તે વરસમાં જુદી કહાડી રાખવાની છે. દુકાળ પડ્યો હોય તે વરસમાં પીડાતા લોકોને મદદ કરવામાં તેનો ખર્ચ પ્રથમ કરવાનો છે. એ ખર્ચ ન હોય અથવા તે જતાં શિલક રહે તો તે રકમ મુસાફરીના રસ્તા સુધારવામાં અથવા કરજ વાળવામાં વાપરવાની છે. આ ફંડમાંથી આગગાડી કરવી તે સરકાર પડે કરેછે અથવા કંપનીને મદદ આપીને કરાવે છે, અને તેના સંબંધમાં તે કંપનીને નુકસાન થાય તો નુકસાનની રકમ સરકાર આ ફંડમાંથી આપેછે. સરકારને નાણાંની ટાંચ પડેછે તે વારે એ કામમાં ખરચવાની રકમ બહુજ ઓછી કરવામાં આવે છે એવું ઘણીવાર બન્યું છે. સને ૧૮૯૧-૯૨ માં અને છેલ્લાં બે વરસમાં આ કામ માટે

ઠરાવેલી તમામ રકમ આપવામાં આવી હતી. સને૧૮૯૪–૯૫ માં ખર્ચની અડચણને લીધે નહેરો, અને આગગાડી ખાતે ખરચવાની રકમ ઘટાડવામાં આવી હતી. સને૧૮૯૧–૯૨માં દોઢ કરોડ રૂપિઆ એ કામમાં ખરચવા કહાડ્યા હતા તે-માંથી દુકાળથી પીડાયલા લોકોને મદદ કરવામાં રૂ૨,૩૪,૨૩૦ ખર્ચ થયા, રેલવેખાતે રૂ ૮,૪૭,૯૫૦ અને નહેરો બાંધ-વામાં રૂ ૭,૭૯,૩૧૦ ખર્ચ થયા. બાકીના રૂ ૨,૩૧,૬૮૧ રેલવેની જમાખાતે લીધા છે; કારણ કે દુકાળ મટાડવામાં ઉપયોગી થાય એવી બે મોટી રેલવેઓ કંપની કને કરાવી છે. એ સાલમાં રૂ ૬૮,૨૧,૭૦૦ કરજ વાળવામાં ખરચ્યા હતા. સને ૧૮૯૪–૯૫ ના બજેટમાં દુકાળથી પીડાતા લો-કોને મદદ કરવા અને નહેરો બાંધવા માટે રૂ ૪૨,૩૮,૦૦૦ દાખલ કર્યા છે.

સરકાર કેટલીક રેલવે એ રકમમાંથી અથવા કરજ ક-હાડીને ન બાંધતાં ચાલુ ઉપજમાંથી ખર્ચ કરીને બાંધેછે. એ રેલવે નાની હોઇ પ્રાંતિક ઉપયોગની હોયછે અને એ ખર્ચ પ્રાંતિક કામોમાં દર્શાવવામાં આવેછે. સને ૧૮૯૧–૯૨ માં હૈદરાબાદ–ઉમરકોટ રેલવે તૈયાર કરવામાં એ પ્રમાણે ખર્ચ કર્યો હતો. સને ૧૮૯૨–૯૩ માં એવી જાતની રેલવેખાતે રૂ ૩૩,૯૪,૮૭૦ ખર્ચ થયો હતો.

૧૦. **પબ્લિક વર્ક્સ.**–એ ખાતા વિષે આગળ જુદા ભા-ગમાં લખવામાં આવશે. અહીં ફક્ત એ ખાતાના જમાખર્ચ વિષે કહેવાનું છે. આ ખાતાના ખર્ચના ત્રણ ભાગ હોય છે;

ચાલુ ઉપજમાંથી રેલવે બાંધવા વિષે ઉપર કહ્યું છે. એ સિવાય કરજ કહાડીને તેમાંથી કામો કરવામાં આવેછે તેઓમાં તેને કાપિટલ (ભંડોળ) એકોન્ટ કહેછે અને તેને માટે એક રેવિન્યુ (ઉપજ) ખાતું હોયછે. અહીં આ છેલ્લા ખાતા વિષે માત્ર કહેવાનું છે. સને ૧૮૯૧-૯૨ માં એ ખાતાનો ચોખ્ખો ખર્ચ રૂ ૩૧,૫૮,૬૪૦ થયો હતો, અર્થાત્ ઉપજ રૂ ૧૯,૯૩,૮૦,૪૬૦ અને ખર્ચ રૂ ૨૦,૨૫,૩૯,૧૦૦ થયો. એમાં સ્ટેટ રેલવેથી થોડો લાભ થયો; મદદ આપેલી કંપનીઓના સંબંધમાં ઉપજ અને ખર્ચ લગભગ સરખાં થયાં. વ્યાજની બાંહેધરી આપેલી કંપનીઓના સંબંધમાંજ ખર્ચ થયોહતો.સને ૧૮૯૪-૯૫નાબજેટમાં ખર્ચરૂ૨૨,૫૩,૮૩,૦૦૦ અને ઉપજ રૂ ૨૦,૪૦,૮૪,૦૦૦ થશે એવી અજમાયશ કરેલી છે. હુંડીઆમણના દરને લીધેજ ઘણોખરો વધારો થયેલો છે. હુંડીઆમણુ ન બેસે તો ખર્ચ બાદ જતાં સરકારને સારો ઉગારો પડે.

નહેરોના કામના બે વર્ગ છે. મોટાં (મેજર) એટલે જે બાંધકામો કરજ કહાડીને તેમાંથી કરવામાં આવેછે અને જેની ઉપજનો હિસાબ રાખવામાં આવેછે તે; બીજો વર્ગ નાનાં (માઈનર) બાંધકામોનો છે. સને ૧૮૯૧-૯૨ માં મોટાં બાંધકામોની આવક રૂ ૨,૦૭,૭૯,૨૬૦ થઈ હતી, તેમાંની રૂ ૬૭,૩૧,૮૯૦ ની રકમ જમીનની મહેસૂલમાંથી આ ખાતામાં ભાગે પડતી જમા કરવામાં આવે છે તે હતી. ખર્ચ રૂ ૧,૮૭,૧૧,૨૩૦ થયો હતો. એ કારણથી આ કામમાં તોટો નથી. પરચૂરણ કામોમાં આવક રૂ૧૯,૪૧,૧૪૦

અને ખર્ચ રૂ ૧,૦૭,૩૮,૯૬૦ હતો. આ ખાતામાં હુંડીઆમણનો ખર્ચ નથી. સરકારની માર્ફત કૂવા બાંધવામાં આવતા નથી. તે બાંધવા સારૂ લોકોને તગાવી આપવામાં આવે છે. મોટાં બાંધકામો માટે માત્ર ખર્ચની રકમનો અને ચાલુ આવકની રકમનો જુદો હિસાબ રાખવામાં આવેછે. નાનાં બાંધકામોનો જુદો હિસાબ રાખવામાં આવતો નથી. નાનાં કામોનો ખર્ચ ચાલુ આવકમાંથી કરવામાં આવેછે.

રેલવે અને નહેરો સિવાય આ ખાતાની ત્રીજી શાખા રસ્તા અને ઇમારતો બાંધનારૂ ખાતું છે. એમાં લશ્કરી અને સિવિલ નામે બે ભાગ છે. લશ્કરી પબ્લિક વર્કસ ખાતા વિષે આપણે પાછળ કહી ગયા છીએ. સિવિલ ભાગ વિષે આગળ પબ્લિકવર્કસ ખાતાના ભાગમાં લખવામાં આવશે. સને ૧૮૯૧–૯૨ માં આ ખાતાની માર્ફત કેટલો ખર્ચ થયો હતો અને સને ૧૮૯૪–૯૫ માં કેટલી રકમ દાખલ કરી હતી તે નીચેના આંકડાપરથી જણાશે:—

	ઉપજ રૂપિઆ.	ખર્ચ રૂપિઆ.
મિલિટરી વર્કસ...	૪,૯૭,૯૪૦	૧,૨૧,૪૫,૧૮૦
સિવિલ વર્કસ......	૫૭,૭૩,૩૦૦	૪,૯૯,૪૨,૩૪૦
	૬૨,૭૧,૨૪૦	૬,૨૦,૮૭,૫૨૦

સને ૧૮૯૪–૯૫ ના બજેટમાં આ ખર્ચની ગોઠવણ કરેલીછે. તેની વિગત નીચે પ્રમાણે છે:—

મિલિટરી વર્ક્સ......	૪,૬૮,૦૦૦	૧,૦૦,૬૮,૦૦૦
સિવિલ વર્ક્સ........	૫૮,૨૪,૦૦૦	૪,૪૮,૨૩,૦૦૦
	૬૨,૯૨,૦૦૦	૫,૪૮,૯૧,૦૦૦

સને ૧૮૯૪–૯૫ માં રસ્તા માટે ઓછી રકમ દાખલ કરવામાં આવી છે. એનું કારણ નાણાંની તંગાશ માત્ર છે.

૧૧ **લશ્કર.**—એ વિષે પાછળ કહેલું છે. સને ૧૮૮૫–૮૬ માં લશ્કરમાં વધારો થવાથી ખર્ચ વધ્યો. એજ વરસમાં હુંડીઆમણનો ખર્ચ પણ વધ્યો. સને ૧૮૮૩–૮૪ માં બ્રિટિશ સૈન્યના પેન્શન, ફર્લો, વગેરેની રકમ બાકી રહી હતી તે વસૂલ કરવામાં આવ્યાથી ખર્ચ વધ્યો હતો. નાચેના પત્રકમાં સને ૧૮૯૧–૯૨ ના આંકડા આપ્યા છે, અને મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૧–૮૨ ના આંકડા આપ્યા છે; એ સિવાય વચ્ચે જે સાલમાં વધારે ખર્ચ થયો હતો તે સાલના આંકડા આપ્યા છે. આંકડા દશ હજાર રૂપિઆના છે.

વરસ.	હિંદમાં ખર્ચ.	ઇંગ્લાંડમાં ખર્ચ.	હુંડીઆમણ.	સરવાળો.	ચાલુ નોકરીનો ખર્ચ.	પેન્શન, રજા, વગેરેનો ખર્ચ.
સને ૧૮૮૧–૮૨ (૧)	૧૩૨૧૮	૩૯૯૭	૮૨૪	૧૮૦૪૦	૧૪૬૧૫	૩૪૨૫
સને ૧૮૮૩–૮૪ (૧)	૧૧૯૦૪	૫૦૧૭	૧૧૪૭	૧૮૦૬૮	૧૩૧૪૬	૪૯૨૧
સને ૧૮૮૫–૮૬	૧૫૨૪૭	૩૬૮૯	૧૧૬૧	૨૦૦૯૭	૧૭૦૩૮	૩૦૫૯
સને ૧૮૯૧–૯૨ (૨)	૧૫૭૪૧	૪૫૫૯	૧૯૮૦	૨૨૨૮૦	૧૮૨૫૭	૪૦૨૩
સને ૧૮૯૪–૯૫ (બજેટ) (૨)	૧૬૧૬૯	૪૪૨૮	૩૧૬૨	૨૩૭૫૯	૧૮૮૦૭	૪૯૫૨

(૧) અફગાનીસ્તાનની લડાઇનો ખર્ચ બાદ જતાં. (૨) સ્પેશિઅલ ડીફેન્સ વર્કસનો ખર્ચ બાદ જતાં.

એકંદરે હમણા ખર્ચ વધ્યો છે તેનાં કારણો હુંડીઆમણ અને હુંડીઆમણથી થતા નુકસાનને માટે આપેલાં અલાવન્સ, વાલંટીઅર પલટણોનો વધારો, ખાવાના પદાર્થોની મોંઘવારી, અને ગિલજિતમાં લશ્કરી થાણાં છે. પહેલાં લશ્કરી સામાન ઈંગ્લાંડથી આવતો હતો તે આ દેશમાં બનાવવાની ગોઠવણ થઈ છે તેથી ઈંગ્લાંડમાંનો ખર્ચ ઓછો થતો જઈ હિંદમાંનો ખર્ચ વધ્યો છે. સને ૧૮૮૬–૮૭ થી નવી જાતનાં હથિયારો આપવા માંડ્યાથી ખર્ચ વધ્યો હતો તે હવે હથિયારો આપવાનું કામ પૂરૂં થવાથી કમી થશે. આ ખર્ચ બંધ પડશે તેના બદલામાં પગારની પાછલી બાકી ઈંગ્લાંડની સરકારને આપવી પડે છે તે તથા પેન્શન, રજાના પગાર, વગેરે કારણોથી ખર્ચ વધતો જશે.

વિશેષ બંદોબસ્તનાં કામો ખાતે એકંદર પાંચ કરોડ અને ત્રણ લાખ રૂપિઆનો ખર્ચ થવાનો છે તેમાંથી ચાર કરોડ ત્રીસ લાખ રૂપિઆ સને ૧૮૯૩–૯૪ ની આખરે ખરચાયા હતા. સને ૧૮૯૪–૯૫ માં રૂ૧૫,૨૩,૦૦૦ ખર્ચ માટે દાખલ કર્યા હતા અને બાકીના રૂ૫૬,૯૮,૨૭૦ હવે પછી ખરચવાના છે.

પ્રાંતિક સરકારોને ખર્ચને માટે આપેલી રકમોની મુદ્દત પાંચ વર્ષની ઠરાવવામાં આવેછે એવું આપણે ઉપર કહી ગયા છીએ. ખર્ચની છેવટની બાબત પ્રાંતિક સરકારોને આપવાની અથવા તેમની કનેથી આવવાની રકમની છે તેના

સંબંધમાં પ્રત્યેક પ્રાંતિક સરકારને હસ્તક ખર્ચને માટે કેટલી રકમ હોયછે તે વિષે અહીં કહેવાનું છે. એની હકીકત નીચે પ્રમાણે છેઃ—

પ્રાંત.	ઉપજ—ઉપજની કેટલીક બાબતોમાંથીહિસ્સો	ખર્ચ.	ખોટની ભરતીમાં આવવાની અથવા વધારો આવવાની રકમ.	એકંદર ઉપજ.
	દશકરૂપિઆ	દશકરૂપિઆ	દશકરૂપિઆ	દશકરૂપિઆ
મદ્રાસ......	૨૪૭૯૩૦૦	૨૮૦૪૭૦૦	૩૨૫૪૦૦	૨૮૦૪૭૦૦
મુંબાઇ.....	૩૧૨૩૯૦૦	૩૮૯૫૩૦૦	૭૭૧૪૦૦	૩૮૯૫૩૦૦
બંગાળા....	૪૨૪૯૩૦૦	૪૧૦૫૪૦૦	—૧૪૩૯૦૦	૪૧૦૫૪૦૦
વાયવ્યપ્રાંતો	૩૪૦૩૫૦૦	૩૧૫૨૯૦૦	—૨૫૦૬૦૦	૩૧૫૨૯૦૦
પંજાબ.....	૧૩૭૦૪૦૦	૧૭૧૮૯૦૦	૩૪૮૫૦૦	૧૭૧૮૯૦૦
મધ્યપ્રાંતો..	૫૬૭૬૦૦	૭૮૮૧૦૦	૨૨૦૫૦૦	૭૮૮૧૦૦
આસામ....	૬૫૭૭૦૦	૫૪૫૦૦૦	—૧૧૨૭૦૦	૫૪૫૦૦૦
નીચલો બ્રહ્મદેશ......	૧૪૨૭૫૦૦	૧૮૪૧૮૦૦	૪૧૪૩૦૦	૧૮૪૧૮૦૦

ઉપલો બ્રહ્મદેશ ખાલસા કર્યા પછી સને ૧૮૮૬—૮૭માં તે પ્રાંતની ઉપજ રૂ૨૨,૨૫,૦૦૦, અને ખર્ચ રૂ ૨,૨૯,૧૨,૦૦૦ થયો હતો; અર્થાત્ ચોખ્ખો ખર્ચ રૂ ૨,૦૬,૮૭,૦૦૦ થયો હતો. ત્યાર પછી ઉપજ વધતી ગઇછે. સને ૧૮૯૧—૯૨ માં ઉપજ રૂ ૧,૧૧,૫૩,૦૦૦ અને ખર્ચ રૂ ૨,૫૦,૭૨,૦૦૦ થયો હતો એટલે ચોખ્ખો ખર્ચ રૂ ૧,૩૯,૧૯,૦૦૦ થયો હતો. દુકાળ અને સરહદની લડાઇ વગેરેથી એ ખર્ચ કોઇ કોઈ વાર વધશે.

અત્યાર લગી આપણે આવક અને ખર્ચની બાબતોનું સંક્ષેપમાં વર્ણન કર્યું. હવે એ બાબતો જોડે સંબંધ રાખનારા ત્રણ વિષયોની એટલે નાણું, કરનો બોજો, અને પ્રાંતવાર ઉપજ ખર્ચની જુદી જુદી વિગત એ સંબંધી ટુંકામાં હકીકત આપીએ છીએ.

આ દેશમાં કિયા પ્રકારનું નાણું ચાલે છે તે કહેવાની જરૂર નથી. પાઇથી રૂપિઆ લગીનાં ધાતુનાં નાણાં તો સર્વે જાણે દીઠાં છે. સને ૧૮૯૩ ના કાયદાથી પૌંડનું નાણું કાયદાસર થયુંછે. એનું વજન તથા એમાં ચોખ્ખું સોનું કેટલું અને ભેળ કેટલો કરવો તે પણ કાયદાથી નક્કી થયેલું છે. નોટો (કાગળનાં નાણાં) પણ સર્વેના દીઠામાં છેજ. ઓછામાં ઓછી કીમતની નોટો પાંચ રૂપિઆની અને વધારેમાં વધારે કીમતની નોટો દશ હજાર રૂપિઆની હોય છે. દશ, વીસ, પચાસ, સો, પાંચશેં, અને હજાર રૂપિઆની નોટો હોયછે. જેટલા રૂપિઆની નોટો હોય તેટલી કીમતની ચાંદી અથવા નાણું સરકારની કને શિલકમાં હોવું જોઇએ એવો નિયમ છે. એમાંનાં કેટલાંક નાણાંની પ્રોમિસરી નોટો લઇ રાખેલી હોયછે. સને ૧૮૯૩ ના માર્ચ મહીનામાં છવીસ કરોડ ચાળીસ લાખ રૂપિઆની નોટો ચાલુ હતી. સને ૧૮૭૨ થી ૧૮૮૮ લગી બાર કરોડથી સોળ કરોડ રૂપિઆની નોટો ચાલુ હતી. સને ૧૮૯૧ થી નોટો વધારવામાં આવી. નોટો કહાડવાનાં સ્થળો આઠ છે, કલકત્તા, મદ્રાસ, મુંબાઇ, અલાહાબાદ, લાહોર, કરાંચી, રંગુન, અને કાલિકત.

ઉપજની બાબતોમાંની કેટલીક બાબતોનું સ્વરૂપ અર્થશાસ્ત્ર પ્રમાણે કરના જેવું છે અને કેટલીકનું નથી. માણસદીઠ કરનો બોજો કેટલો આવેછે. તે હેઠલા પત્રકપરથી જણાશે; એની પછી જે બાબતોનું સ્વરૂપ કરના જેવું નથી તે બાબતો આપી તેઓનો બોજો માણસદીઠ કેટલો પડેછે તે દર્શાવ્યું છે.

બાબત.	માણસદીઠ બોજાનું પ્રમાણ.	
अ.—કરના સ્વરૂપની બાબતો—		
	સને ૧૮૮૧–૮૨.	૧૮૯૧–૯૨.
(૧) મીઠું...............	૦.૩૭૬	૦.૩૯૬
(૨) સ્ટાંપ...............	૦.૧૭૨	૦.૧૯૫
(૩) કેફી પદાર્થો........	૦.૧૭૫	૦.૨૩૪
(૫) પ્રાંતિક કર.........	૦.૧૪૮	૦.૧૬૦
(૫) કસ્ટમ..............	૦.૧૨૦	૦.૦૭૮
(૬) આકારેલા કર......	૦.૦૨૭	૦.૦૭૬
(૭) નોંધણી............	૦.૦૧૫	૦.૦૧૮
(अ) નો સરવાળો...	૧.૦૩૩	૧.૧૫૭
ब.—ઉપજની બીજી બાબતો—		
(૧) જમીનનું મહેસૂલ..	૧.૧૧૯	૧.૦૯૮
(૨) જંગલ...............	૦.૦૪૫	૦.૦૬૮
(૩) અફીણ...............	૦.૫૦૨	૦.૩૬૭

(૪) ખંડણી............	૦.૦૩૬	૦.૦૩૬
(ચ) નો સરવાળો.....	૧.૭૦૨	૧.૫૬૯
બંને બાબતોનો સરવાળો...	૨.૭૩૫	૨.૭૨૬

કરની આ સરાસરી સાધારણ હિસાબમાં દેખાવાનીજ છે; કારણ કે બધા લોકોપર જે કર અચૂક પડેછે તે મીઠાનો કર છે. એ સિવાય બીજા કર જુદાં જુદાં કારણોથી આપવા પડેછે. અફીણ અને ખંડણીની રકમ બ્રિટિશ પ્રજા કનેથી આવતી નથી. જેને જમીન નથી, ઘર નથી, અને જે ગામડામાં રહેછે તેને આમાંના ઘણાખરા કર આપવા પડતા નથી; તેથી જેઓને ખરેખરો કર આપવો પડેછે તેઓને ઉપલા પત્રકમાં બતાવેલો છે તે કરતાં માણસદીઠ વધારે કર આપવો પડેછે.

૧૫. આ વિષય જોડે સંબંધ રાખનારી ત્રીજી બાબત વિષે એટલે ઉપર ઉપજ અને ખર્ચની જે બાબતો કહેલી છે તેઓનો પ્રાંતવાર હિસાબ કેવી રીતનો છે તે વિષે કહેવાનું છે. એનું પત્રક નીચે આપ્યું છે. આંકડા હજાર રૂપિઆના છે.

પ્રાંત.	ઉપજ હજાર રૂપિઆ. સને ૧૮૯૧–૯૨				ખર્ચ હજાર રૂપિઆ. સને ૧૮૯૧–૯૨.			
	એકંદર ઉપજ.	ઇમ્પીરિઅલ.	પ્રાંતિક.	સ્થાનિક.	એકંદર ખર્ચ.	ઇમ્પીરિઅલ.	પ્રાંતિક.	સ્થાનિક.
મદ્રાસ …………	૧૧૩૬૮૦	૭૪૫૭૪	૨૮૭૫૯	૧૦૩૭૬	૮૩૯૧૬	૮૪૭૭૦	૨૮૫૪૪	૧૦૬૦૧
મુંબાઈ…………	૧૩૧૯૭૬	૮૭૦૨૬	૪૦૪૫૧	૪૪૯૮	૮૭૬૪૧	૪૨૬૯૨	૩૯૮૩૭	૫૧૧૨
બંગાળા ………	૧૫૮૩૮૭	૧૩૫૩૬૬	૫૭૮૦૧	૫૨૧૯	૮૯૭૫૪	૨૬૭૩૩	૫૫૯૨૩	૬૦૯૭
વાયવ્ય પ્રાંતા અને અયોધ્યા ………	૧૧૦૪૨૬	૫૮૬૨૯	૩૩૫૬૪	૮૨૬૨	૫૧૫૪૩	૯૭૪૬	૩૦૯૩૧	૧૦૮૬૫
પંજાબ…………	૭૮૭૧૫	૫૭૧૫૨	૧૭૫૦૦	૪૦૬૨	૪૮૩૩૬	૨૬૭૭૩	૧૭૯૩૪	૩૬૨૯
મધ્યપ્રાંતો ……	૨૩૫૦૩	૧૪૨૦૧	૮૧૮૭	૧૧૧૪	૧૪૬૦૪	૫૩૦૨	૮૧૧૯	૧૧૮૨
આસામ ………	૧૦૩૮૩	૩૮૩૩	૫૭૦૮	૭૭૧	૭૪૯૪	૯૩૪	૫૫૯૯	૯૯૧
બ્રહ્મદેશ ………	૫૦૮૪૮	૩૨૬૫૦	૧૬૬૪૯	૧૫૪૯	૩૯૧૪૭	૨૦૫૪૯	૧૧૬૨૪	૧૫૭૪
હિંદ સામાન્ય …	૧૬૯૮૦૧	૧૬૯૬૫૭	……	૧૩૩	૨૨૫૧૯૭	૨૨૫૦૬૪	……	૧૩૩
હિંદનું કુલ ……	૮૮૭૭૩૩	૬૪૩૦૬૧	૨૦૮૭૧૩	૩૫૯૫૮	૬૫૭૬૩૮	૪૧૨૯૫૬	૨૦૪૫૧૩	૪૦૧૫૮
ઇંગ્લાંડમાં………	૨૫૭૭	……	……	……	૧૫૯૭૪૫	……	……	……
હુંડીઆમણ ……	૧૧૨૦	……	……	……	૬૯૩૭૨	……	……	……
એકંદરસરવાળો.	૮૯૧૪૩૨	૬૪૩૦૬૧	૨૦૮૭૧૩	૩૫૯૫૮	૮૮૬૭૫૭	૪૧૨૯૫૬	૨૦૪૫૧૩	૪૦૧૫૮

ઈંગ્લાંડમાંના ખર્ચનો પ્રાંતિક ઉપજ ખર્ચ જોડે સંબંધ નથી, પરંતુ એ આંકડા આ પત્રકનો અને આ ભાગના આરંભમાં આપેલા પત્રકનો મેળ પડવા માટે માત્ર આપ્યા છે.

આ ભાગની શરૂઆતમાં આપેલા પત્રકના ત્રીજા ભાગની થોડી હકીકત આપી આ ભાગ સમાપ્ત કરવાનો છે.

૧૬. રેલવે અને નહેરો કરજ કહાડીને તે ભંડોળમાંથી સરકાર બંધાવે છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. એ વિષે પબ્લિક વર્કસના ભાગમાં વધારે વિસ્તારથી લખવામાં આવશે. એમ કરજે કહાડેલી રકમ સદરહુ પત્રકમાં પહેલી છે. બીજી રકમ કરજની છે. એ કરજ સને ૧૮૯૩ ના માર્ચ મહીનાની આખરે હિંદમાં રૂ ૧,૦૨,૯૩,૭૫,૫૨૦ નું હતું અને વિલાયતમાં પૌંડ ૧,૦૬,૬૮,૩૭,૬૭૦નું હતું. થોડું કરજ રૂપિઆમાં અને થોડું કરજ પૌંડમાં છે. એમાં રૂપિઆમાંનું કરજ હિંદના લોકોની કને શુમારે ત્રીસ ટકા હતું. એ કરજમાંનું જે કરજ સને ૧૮૯૧ આખરે બાકી હતું તેનો ફાળો નીચે પ્રમાણે છેઃ—

રેલવે માટે રૂપિઆ	૧,૦૫,૭૭,૨૮,૫૬૦
નહેરો માટે રૂપિઆ	૨૮,૩૨,૦૭,૦૪૦
બીજાં કામો માટે રૂપિઆ	૭૬,૦૦,૨૯,૦૦૦
કુલ.	૨,૧૦,૦૯,૬૪,૬૦૦

રેલવે અથવા નહેરો માટે કહાડેલું કરજ ખરચાઈ રહતાં લગી કરજના ખાતામાં બતાવવામાં આવેછે, અને તે

કામો થયા કેડે તે કરજ તે કામોના ભંડોળખાતે લખવામાં આવે છે. પ્રત્યક્ષ કહાડેલા કરજ સિવાય, સેવિંગ્સ બેંકોનાં નાણાં અથવા બીજી અનામત શિલકમાંથી પણ પબ્લિક વર્કસ ખાતાનાં કામો કરવામાં આવેછે અને તે પ્રમાણે ખરચાયલી રકમો તે કામોના ભંડોળખાતે લખાય છે. એ પ્રમાણે આ નાણાંની વપરાયલી રકમનું વ્યાજ ઉપજમાંથી આવેછે અને તેથી કરજના વ્યાજનો ખર્ચ ઓછો થતો જાય છે.

લોકમત.—ઉપજ ખર્ચના સંબંધમાં હિંદની સ્થિતિ કેવી છે તેનું અત્યાર લગી આપણે વર્ણન કર્યું. હવે આ ભાગમાંની કેટલીક મુદ્દાની બાબતોમાં મતભેદ છે તે વિષે લખી આ ભાગ સમાપ્ત કરીશું.

૧. કરના બોજાના સંબંધમાં એવું કહેવું છે કે લોકોમાં તે ખમવાની જેટલી શક્તિ છે તેટલા તે થઈ ગયા છે અને ઉપજની મુખ્ય બાબતો છે તેમાંથી હવે વધારે વસૂલ થઈ શકે તેમ નથી. એમ ચોદ વર્ષપર પ્રૉસેટે પ્રતિપાદન કર્યું હતું અને હર્શલ કમિટીમાં પણ કરોમાંથી વધારે ઉપજ થઈ શકે તેમ છે કે નહિ તે વિષે વિચાર કરવામાં આવ્યો હતો. તેણે આપેલા અભિપ્રાયનો સાર હેઠળ આપ્યો છે તે પ્રૉસેટના મતને અનુસરીને છે.

"વધારે કર નાંખી શકાય તેમ છે કે કેમ?

જમીનનું મહેસૂલ.—હિંદમાંના જમીન ધારણ કરનારા લોકોને ચાંદીનો ભાવ ઉતર્યાથી ફાયદો થયો છે, તેથી તેમનાપર કર નાંખવો એ સ્વાભાવિક છે, પરંતુ તે જમીનનો

એક ચતુર્થાંશ કર જાથુનો ઠરેલો છે અને બાકીનો પણ હમણાજ ત્રીસ વર્ષની મુદ્દતને માટે ઠરાવ્યો છે તેથી જમીનનો કર વધારી વસૂલમાં વધારો કરવાનું સાધન નથી.

મીઠાપરનો કર.—આ કરની અયોગ્યતા વિષે હવે મતભેદ રહ્યો નથી. તે બધા લોકોપર અને વિશેષે કરીને ગરીબ લોકોપર વધારે પડે છે. હાલ છે તેના કરતાં તે એક પંચમાંશ વધારીએ તો ઉપજ ૩૧,૫૦,૦૦૦૦૦ થાય. લડાઈ અથવા બીજા અગત્યના પ્રસંગે પૈસા ઉભા કરવામાં આ કરનો ઉપયોગ થઈ શકે તેમ છે, તેથી એ કર હમણાજ વધારી અગત્યના પ્રસંગે ખપમાં આવે એવું સાધન નાબુદ કરવું યોગ્ય નથી.

સ્ટાંપનો કર.—એ ન્યાયને લગતો કર છે તેથી વધારી શકાય નહિ.

દારૂ-આબકારીનો કર.—એ પણ વધારી શકાય નહિ, કારણ કે એ થકી વધારે ઉપજ પણ નહિ થાય અને ચોરીથી દારૂ બનાવવાને ઉત્તેજન મળશે અને તેથી તે વ્યસનનો વધારે પ્રસાર થશે.

આયાત માલપરની જકાત.—એ જકાત લેવાને થયેલા ઠરાવપરથી વાંધો જણાતો નથી. પરંતુ એ કર નાંખવા સામે ઇંગ્લાંડમાં વાંધો લેવામાં આવશે અને હિંદમાં બનતા માલપર જકાત નાંખવી એવી ઉલટી તકરાર કરવામાં આવશે. મુંબાઇ વગેરે સ્થળોમાંનાં કારખાનાંમાં બનતા માલપર પણ સહેલાઇથી જકાત લઇ શકાય, પરંતુ આખા દેશમાં જે નાનાં નાનાં કારખાનાં છે તેઓની કનેથી કર વસૂલ કરવો

અશક્ય છે.

નિકાશ માલપરની જકાત.—નિકાશ થતા માલપર જકાત બેસાડવા સામે પુષ્કળ વાંધા છે. હમણા એવી જાતની જકાત માત્ર ચોખાપર છે તે વધારી શકાય તેમ નથી.

આવકપર કર.—એ કર બમણો કરીએ તો હાલના કરતાં દોઢ કરોડ રૂપિઆ વધારે ઉપજે. એથી સમજુ લોકોમાં અસંતોષ થશે અને રૂપિઆનો ભાવ ઉતરવાથી જે લોકોને નુકસાન થાય છે તેઓનેજ એથી વધારે નુકસાન થશે.

નવા કર.—જે વસ્તુઓપર કર નાંખી કાંઇક રકમ ઉત્પન્ન થઇ શકે તે તમાકુ અને ખાંડ છે. એ પદાર્થો હિંદમાં ઠામ ઠામ થોડા થોડા કરવામાં આવેછે તેથી એ કર વસૂલ કરવામાં લોકોને ઘણું દુઃખ થશે અને તેમાં ખર્ચ પણ ઘણો થશે. વારસો મળ્યો હોય તેવારે તે મિલ્કતપર કર લેવાને હિંદમાં ચાલતા વારસાના કાયદાની પદ્ધતિ તરેહવાર છે તેથી અડચણ છે અને તે થકી સારી રકમ વસૂલ થશે કે નહિ તે વિષે શક છે.

એકંદર વિચાર કરતાં જે લોકોપર યોગ્ય રીતે કર બેસાડી શકાય તેઓપર કર નાંખી અને કરની બાબતનાં મૂળતત્વોને અનુસરી કર બેસાડીને રૂપિઆની કીમતમાં તફાવત પડ્યાથી જે નુકસાન થયું છે તે ભરી આપવા જેટલી રકમ વસૂલ થશે એમ માનવાને હરકત છે."

૨. હિંદનો ખર્ચ વધતો ગયો છે અને ઉપજના વધારાના પ્રમાણ કરતાં વધારે પ્રમાણમાં વધ્યો છે તેથી ખ-

ર્ચમાં ખૂટકો પડેછે. ખર્ચમાં વધારો કરનારી બાબતો બે છે, સિવિલ અને લશ્કરી ખર્ચનો વધારો અને હુંડીઆમણના ખર્ચનો વધારો. સને ૧૮૯૪-૯૫ ના બજેટ વખતે સર જેમ્સ વેસ્ટલાંડે કહ્યું હતું કે ઉપજ ખર્ચની અસંતોષકારક સ્થિતિ થવાનું કારણ માત્ર હુંડીઆમણનો ખર્ચ છે; પરંતુ કોંગ્રેસ કમિટીએ એનો સંબંધમાં પાર્લમેન્ટ સભાને એક પત્ર લખ્યો હતો તેમાં એવું દર્શાવ્યું હતું કે (૧) જમાની મુખ્ય અગીઆર બાબતોથી થતી ઉપજમાં છેલ્લાં દશ વર્ષમાં જે વધારો થયો છે તેમાંથી હુંડીઆમણની વધારે રકમ બેસે છે તે જતાં તેટલીજ રકમની શિલક રહેછે. એપરથી એવું નીકળેછે કે હુંડીઆમણનો ખર્ચ વધવાથીજ હિસાબમાં ખોટ આવી નથી અથવા તેમ થવાનું તે મહત્વનું કારણ છે એમ પણ કહી શકાય નહિ. (૨) એ દશ વર્ષની મુદ્દતમાં સિવિલ અને લશ્કરી ખર્ચનો વધારો લગભગ નવ કરોડ રૂપિઆ થયો છે; અને હુંડીઆમણ સુદ્ધાં એકંદર બાર કરોડ સત્તર લાખ રૂપિઆ થયો છે. એ ખાતાં સિવાય ખર્ચની બીજી બાબતો એટલે ટપાલ અને બીજાં ખાતાં, વ્યાજ, રેલવે, દુકાળ નિવારણફંડ, નહેરો, વગેરેનો ખર્ચ ચાર કરોડ પાંસઠ લાખથી ઓછો થયો છે. એકંદરે જોતાં જમાની બાબતોથી થતી વધારે ઉપજમાંથી ખર્ચની બીજી બાબતોમાં થતો ઓછો ખર્ચ જતાં જે નફો રહેછે તે સિવિલ અને મિલિટરી ખર્ચના વધારાની ભરતીમાં જઈ સત્તાણુ લાખ રૂપિઆની ખોટ રહેછે. એપરથી એવું નીકળે છે કે હાલની ખોટનું કારણ સિવિલ અને મિલિટરી

ખર્ચનો વધારો માત્ર છે.

માજી ફિનાન્સ મેમ્બર સર ડેવિડ બાર્ણરે ગયા મે મહીનામાં એક પ્રસંગે એવું કહ્યું હતું કે "હિંદની તીજોરીની ગુંચવણ ભરેલી સ્થિતિ થવાનાં ખરાં કારણો આપણે શોધીશું તો તેઓ નીચે પ્રમાણે જણાશે:–૧. પશ્ચિમ ભણીની ઘાટીપરજ બધી રાજ્યવ્યવસ્થા ચલાવ્યાથી થતો અનિવાર્ય ખર્ચ; ૨. લોકોની વસ્તી ઘણીજ અને તે પણ દરિદ્રી; ૩. કર નાંખવાનો લગભગ આવી ગયલો છેડો; ૪. ઉપજનો વધારો થોડો અને તેપર માગણી બેશુમાર; ૫. ઉપજ કરતાં ખર્ચ વધારે કરવાનું હમેશનું વલણ; ૬. હિંદની રાજ્યપદ્ધતિજ એવી છે કે ખર્ચ વધારવાનો થયો કે સર્વે તેની તરફ, અને કરકસરનું નામ નીકળ્યું કે બધા તેની વિરૂદ્ધ; ૭. જમાખર્ચપર ઈંગ્લાંડના કે હિંદના લોકમતના દબાણનો અભાવ; ૮. ઉપજની હમેશની અસ્થિરતા; ૯. સારી રકમ થઈ ચૂકી છે તે છતાં અહીંથી ઈંગ્લાંડ મોકલવા પડતા પૈસાનું એકસરખું વધતું જતું ભરણું. અકટોબર મહીનાના નાઈનટીન્થ સેન્ચરી નામે માસિક પુસ્તકમાં સર ઑકલંડ કૉલ્વિને પણ ઉપર પ્રમાણેજ પોતાનું મત આપ્યું છે. ઉપજની બાબતોનું વર્ણન જુદા ભાગમાં કર્યુંછે, તેથી તેમના સંબંધમાં જે જે વાંધા છે તે તે વર્ણનમાં આપવામાં આવશે. ખર્ચની બાબતોમાંની જે બાબતોનું વર્ણન બીજે ઠેકાણે આપ્યું નથી તેઓ વિષે માત્ર અહીં બોલીએ છીએ.

૩. દુકાળ નિવારણ ફંડ.—આ ફંડ શા કારણથી અને કિયા હેતુથી ઉભું કર્યું છે તે વિષે આપણે ઉપર કહી ગયા

છીએ. સરકારને પૈસાની તાણ પડેછે તેવારે દુકાળ મટાડવાના કામમાં ખરચવાના પૈસા સરકાર બીજા કામમાં વાપરેછે એ તકરારની મુખ્ય મતલબ છે. આ પક્ષનું કહેવું એવું છે કે એ ફંડ કરવાનો ઠરાવ થયો તેવારે તેજ કામ માટે નવો કર નાંખવામાં આવ્યો હતો અને તેની ઉપજ તેજ કામમાં ખરચવાનું સરકારે વચન આપ્યું હતું. આ તકરારની પુષ્ટિમાં સને ૧૮૭૮ ના માર્ચ મહીનાની તા. ૧૨ મીએ લૉર્ડ લિટને મિનિટ લખી હતી તેનો આધાર બતાવવામાં આવે છે. તેણે તે મિનિટમાં લખ્યું છે કે "નવો કર હમણાજ બેસાડવામાં આવ્યો તેનું મુખ્ય કારણ દુકાળથી જે આપત્તિ પડે છે તે મટાડવી અને દુઃખ ન પડે એવી ગોઠવણ કરવી એટલુંજ હતું અને એ હેતુને લીધે એ કર નાંખવો વાજબી છે. એ કામ માટે દર વરસે દોઢ કરોડ રૂપિઆ આપવાનું પહેલેથી વચન આપ્યું છે, અને લોકોને એમ પણ કહેવામાં આવ્યું છે કે તે કરના પૈસા સરકારને રાજ્યના સુખચહેનના ખર્ચ માટે અથવા નિત્યના ખર્ચ માટે જોઇતા નથી, પરંતુ દુકાળ મટાડવામાં ખપ લાગે એવાં પબ્લિકવર્ક્સ ખાતાનાં કામો કરવા સારૂ જોઇએ છે અને એ પ્રમાણે વસૂલ કરેલાં નાણાંમાંનો એક રૂપિઓ પણ બીજા કામમાં ખરચવામાં આવશે નહિ."

ગયાં સોળ વર્ષમાં એ કામ માટે વસૂલ કરેલાં નાણાંમાંની રકમ છ વર્ષમાં બીજાં કામોમાં લીધી અને બે વરસમાં ઠરાવેલી રકમમાંની એક તૃતીયાંશ રકમ ખરચાઇ; અર્થાત્ પરચૂરણ બાબતો છોડી દઇએ, તોપણ એકંદર સોળ વ-

રસમાં ઠરાવેલી રકમમાંની એક તૃતીયાંશ રકમ ઓછી ખરચાઇ એવું લોક પક્ષનું કહેવું છે. સને ૧૮૯૪ માં કાયદા બાંધનારી કૌન્સિલમાં જમાખર્ચના બજેટ વિષે વિચાર કરવામાં આવ્યા તેવારે એ સંબંધી સરકારે પોતાના વિચાર જાહેર કર્યા. એમાંના મહત્વના મુદ્દા એ છે કે (૧) સર જૉન સ્ટ્રાચીએ દુકાળનું ફંડ શરૂ કરતી વખતે કહ્યું હતું કે દુકાળથી સંરક્ષણ થવા માટે જરૂર જેટલાં કામ થયાં એવું અનુભવથી જણાશે ત્યાં લગી એ રકમ આપવામાં આવશે. (૨) વીસ હજાર મૈલની રેલવે થશે એટલે દુકાળથી બચાવ થવાને તથા અન્ન પૂરૂં પાડવાને બસ થશે એવું ફામીન કમિશને કહ્યું હતું; અને કિયા ભાગમાં રેલવે કરવાની વધારે જરૂર છે તેની સૂચના કરી હતી; તે પ્રમાણે ઘણુંખરૂં કામ પૂરૂં થયું છે. હમણા જે નાના નાના દુકાળ પડ્યા અને તે વખતે જે સ્થિતિ થઇ અને જે ઉપાય લેવા પડ્યા તે પરથી જોતાં હવે સને ૧૮૭૭ ના દુકાળ જેવો પ્રસંગ આવવાનોજ નથી એવું લાગે છે.

(૩) હવે પછી પહેલાંના જેટલો ખર્ચ કરવાની જરૂર નથી. શિલક હોય તે સાલમાં આ કામમાં થઈ શકે તેટલો વધારે ખર્ચ કરવામાં આવશે.

(૪) છેલ્લાં તેર વરસમાં આ કામમાં પંદર કરોડ સાઠ લાખ રૂપિઆ ખરચવામાં આવ્યા હતા. તેની વિગત નીચે પ્રમાણે છેઃ—

દુકાળથી પીડાતા લોકોને મદદ	૩૨૯,૪૦,૦૦૦
દુકાળથી રક્ષણ કરવા માટે રેલવે	૩૫,૪૮,૩૦,૦૦૦

તથા નહેરો....................	૧,૭૩,૨૦,૦૦૦
બંગાળ, નાગપુર અને મિડલાન્ડ	
રેલવે......................	૨,૭૭,૨૦,૦૦૦
કરજ વાળવા ખાતે........	૫,૩૨,૭૦,૦૦૦
	કુલ રૂ ૧૫,૬૦,૮૦,૦૦૦

(૫) વચન આપતી વખતે તે સમયના અમલદારોનો હેતુ પોતાની પછી આવનારા અમલદારોને બાંધી લેવાનો નહોતો, અને એ રીતે બાંધી લેવાનું કામ શક્ય પણ નથી.

૪. લશ્કરી ખર્ચ વધ્યો છે તે વિષે લોકોનું મત કેવું છે તે લશ્કરના ભાગમાં જણાવેલું છે.

૫. પબ્લિક વર્કસ ખાતાનો ખર્ચ ઉડાઉપણે ચાલે છે અને કરજ કહાડીને કરેલાં પબ્લિક વર્કસનાં કામોથી ઉપજ ન થતાં નુકસાનજ થાય છે એવી તકરાર પહેલાં કરવામાં આવતી હતી; પરંતુ હાલમાં તે સ્થિતિ બદલાઇ ગઈ છે. હુમણા તે કામોથી થતી ઉપજમાંથી વ્યાજની રકમ જતાં થોડોક નફો પણ રહે છે એવું પબ્લિક વર્કસ ખાતાને લગતા ભાગમાં આપેલી હકીકતપરથી જણાઇ આવશે.

૬. એકસચેઈંજ કમ્પેન્સેશન.—સને ૧૮૯૩ ના આગસ્ટ મહીનામાં હિંદસરકારે યૂરોપી અને યૂરેશી નોકરોને (જેઓ હિંદના જાતુના રહેવાશી થયા નથી તેઓને) હુંડીઆમણનો ભાવ વધવાથી થતું નુકસાન ભરી આપવાને કેટલીક રકમ આપવાનો ઠરાવ કર્યો. તેઓને પોતાનો નીમે

પગાર (એક વરસની તેનો હદ ૧૦૦૦ પૌંડની ઠરાવી છે) વિલાયત મોકલવાને દર રૂપિએ એક શિલિંગ છ પેન્સ ગણતાં જે રકમ થતી હતી અને ચાલુ દર પ્રમાણે મોકલતાં જે રકમ વધારે થાય છે તે બેનો ફરક સરકારે આપવાનું ઠરાવ્યું છે. એ ખર્ચ ખાતે સને ૧૮૯૪-૯૫ ના બજેટમાં રૂ૧,૧૧,૩૩,૦૦૦ દાખલ કર્યા છે.

એના સંબંધમાં હર્શેલ કમિટીએ એ રીતે રકમ આપવાની તર્ફેનમાં અભિપ્રાય આપ્યો છે. એ બાબતમાં રૈયત તરફના લોકોની તકરાર એ છે કે કાયદાથી સરકારને માથે રકમ આપવાની જવાબદારી નહોતી; તે રકમ આપવામાં સને ૧૮૮૬ ની પહેલાંના નોકરોની અને તે સાલ પછી નોકરીમાં દાખલ થયેલા લોકોની વચ્ચે ફરક રાખ્યો નથી; હિંદમાં ઉછરેલા યૂરેશીઓને પણ એ રકમ આપવાનું ઠરાવ્યું છે. તેમજ પૈસા વિલાયત મોકલવા હોય કે ન હોય તોપણ એ રકમ આપવાનું ઠરાવ્યું છે. હમણા ઈંગ્લાંડમાં પહેલાં કરતાં સોંઘવારી થઈ છે; કર નાંખી સરકારે એ રકમ પોતાના નોકરોને આપવી યોગ્ય નથી; જેમ રૈયત નવા કરનો વધારે બોજો ખમે છે તેમ સરકારી નોકરોએ પણ નુકસાન ખમવું જોઇએ. એ તકરારના ઉત્તર એવા આપવામાં આવ્યા છે કે ઊંચા દરજાની તમામ જગ્યાઓપર તથા લશ્કરમાં યૂરોપી લોકો હોવાજ જોઇએ. તેમનો પગાર ઠરાવવામાં આવ્યો તે વેળાના કરતાં હમણા રૂપિઆની કીમત નીમેની પાસે પાસે થઈ છે; તેમને પુષ્કળ યૂરોપી માલ લેવો પડે છે અને તેમનાથી યૂરોપ

જોડેનો પોતાનો સંબંધ તોડી શકાય નહિ; હુંડીનો ભાવ વધવાથી એ નોકરોને નુકસાન થતું હતું, અને તેથી ઘણા લોકો નિરાશ થયા હતા; તેમને ઘરનો ખર્ચ ચલાવવામાં અડચણ પડતી અને તેથી સરકારી કામ કરવાની હોંસ અને સ્વતંત્રતા ઓછી થઇ હતી. સરકારી નોકરોના વજનપર રાજ્યકારભાર ચાલવાનો છે અને જે માણસને ખર્ચની તાણ પડતી હોય તેનો ભારબોજ રહે નહિ; ઇંગ્લાંડમાં જે વસ્તુઓ સોંઘી થઇ છે તેઓનો ખપ સંસારવ્યવહારમાં ઝાઝો પડતો નથી; અને એકંદરે ઇંગ્લાંડમાં રહેવાનો ખર્ચ ઓછો થયો નથી, વગેરે.

૭. ઉપજ ખર્ચની સ્થિતિ સુધારવા માટે નીચેના ઉપાય સૂચવ્યા છેઃ-

(૧) રાજ્યવ્યવસ્થાનો ખર્ચ ઓછો કરવો.

(૨) હમણા મોટા પગારની જગ્યાઓપર યૂરોપીઓ છે તે જગ્યાઓપર હમણા કરતાં વધારે દેશીઓ નીમવા.

(૩) લશ્કરનો ખર્ચ ઓછો કરવો અને તેની વ્યવસ્થા જુદી રીતે કરવી, તથા હિંદની હદ્દની બહાર સવારીઓ લેઈ જવામાં આવે તેઓના ખર્ચમાં ઇંગ્લાંડની સરકારે હિસ્સો આપવો.

(૪) જમીનનો કર જાથુનો કરવો.

રાજ્યવ્યવસ્થાના ખર્ચની બાબતમાં વિચાર કરવાને આમની સભાની એક કમિટી થોડા વખતમાં બેસવાની છે તેથી એ વિષે વિચાર કરવામાં આવશેજ. ત્યાં લગી એ બા-

બત વિષે આ વર્ણનરૂપ પુસ્તકમાં કાંઇ લખી શકાતું નથી.

બીજા ઉપાયના સંબંધમાં હમણાજ ઠરાવ થયો છે અને તેની હકીકત રાજયવ્યવસ્થાના ભાગમાં આપી છે.

ત્રીજા ઉપાયના સંબંધમાં ઘણાં વરસ થયાં વિચાર ચાલે છે, પરંતુ તેનો નિકાલ આવવાનો રસ્તો હજુ દેખાતો નથી. એ વિષે વધારે હકીકત લશ્કરના ભાગમાં આપેલી છે. ચોથા ઉપાયના સંબંધમાં આવતા ભાગમાં કહેવામાં આવશે.

૮. હોમ ચાર્જીસ.—હિંદ ખાતે ઈંગ્લાંડમાં જે ખર્ચ થાય છે તેમાં લશ્કરના સંબંધમાં થતા ખર્ચને માટે વિશેષ તકરાર છે. એ ખર્ચની બાબતો કઇ છે તેઓનું પત્રક પાછળ આપ્યું છે. લશ્કરી ખર્ચના સંબંધમાં જે તકરાર ચાલે છે તેની હકીકત પણ પાછળ આપી ગયા છીએ. લશ્કરી ખર્ચ સિવાય બીજો ખર્ચ થાય છે તે વિષે વધારે કહેવા જેવું નથી. એકંદરે તે ખર્ચ મોકળે હાથે કરવામાં આવે છે એવી તકરાર છે. હિંદના સંબંધમાં થતો તમામ ખર્ચ આ દેશની કનેથીજ લેવામાં આવે છે, તેવી રીતે બીજાં સંસ્થાનોની સરકારો પાસેથી લેવામાં આવતો નથી; હિંદમાં આવતાં ઈંગ્લાંડનાં લશ્કરનો તમામ ખર્ચ લેવામાં આવે છે તેમ તે સંસ્થાનો કનેથી લેવામાં આવતો નથી; રૉયલ એન્જિનીઅરિંગ કૉલેજ હિંદનેજ ખર્ચે ચાલે છે તે છતાં તેમાં ઇંગ્લાંડના બીજા વિદ્યાર્થીઓને ફી આપીને ભણાવે છે, અને એ પ્રમાણે હિંદના પૈસાથી ચાલતી કૉલેજના ફાયદા ઈંગ્લાંડના લોકોને મળે છે; ઇલિંગ મધ્યેની ગાં-

ડાની હાસ્પિટલના ખર્ચમાં હિંદને નુકસાન ખમવું પડે છે; ઈંગ્લાંડમાં હિંદના સંબંધમાં મોટી ઑફીસો હિંદને ખર્ચે બાંધેલી છે; હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીની કૌન્સિલના મેમ્બરોને હિંદમાં કરેલી નોકરી બદલ પેન્શન મળી તે ઉપરાંત પગાર પણ મળે છે; ઇસ્ટ ઈંડિઆ કંપની તૂટ્યા પછી જે નોકરો બિનરોજગારી થયા તેઓની ગોઠવણ બીજાં ખાતાંમાં ન કરતાં તેમને પેન્શન આપવામાં આવે છે; હિંદને ખર્ચે ઈંગ્લાંડમાં બાગો અને સંગ્રહસ્થાનો ત્યાંના લોકોની ગમતને માટે કરેલાં છે, વગેરે.

ખર્ચમાં કરકસર કરવાને કિયા ઉપાય લેવા જોઇએ તે વિષે સને ૧૮૯૪ ની પ્રાંતિક સભાની બેઠકમાં અધ્યક્ષે જે ભાષણ કર્યું હતું તેનો સાર એક પ્રતિષ્ઠિત વર્તમાન પત્રમાંથી નીચે ઉતારી લઇએ છીએ. એમાં જે ઉપાય સૂચવ્યા છે તે બહુ વિચાર કરવા જોગ છે.

"હિંદનો ખર્ચ હમણા બેશુમાર વધી ગયો છે, તીજોરીની સ્થિતિ ગુંચવણ ભરેલી થઈ ગયેલી હોઈ ઈંગ્રેજ અને યૂરેશિઅન કામદારોને હુંડીઆમણની ખોટ પૂરી પાડવાને, તેઓ નોકરીમાં કયારે દાખલ થયા તેનો વિચાર ન કરતાં તથા તેઓને પૈસા ઈંગ્લાંડ ખરેખર મોકલવા પડે છે કે નહિ તેની તપાસ ન કરતાં, હિંદની પ્રજાને માથે એક કરોડ રૂપિઆનો નવોજ બોજો નાંખ્યો છે, તેનો અટકાવ કરી કરકસર કરવાને કિયા ઉપાય યોજવા તે બોળી કહાડવાનું કામ આ સમયે બહુજ અગત્યનું થઇ પડયું છે. એના સંબંધમાં મને ત્રણ ઉપાય સૂઝે છે. ૧ લો, બ્રિટિશ

સરકારે હિંદના કરજની બાંહેધરી લેવી; ૨ જો, મુખ્ય અને પ્રાંતિક કૌન્સિલોના સભાસદોને બજેટ વિષે મત આપવાની સત્તા આપવી; અને ૩ જો, હિંદને હાલની પેઠે 'ડીપેન્ડન્સી' ન ગણતાં 'ક્રૌન કૉલૉની' ગણવો. પહેલા ઉપાયનું પરિણામ એ થશે કે તેણે કરીને બ્રિટિશ કર ભરનારા લોકો હિંદના જમાખર્ચની કાળજી રાખશે અને તેમના મત પ્રત્યે દુર્લક્ષ થઇ શકશે નહિ. બીજા ઉપાયનો ઉદ્દેશ હાલની મુખ્ય અથવા પ્રાંતિક કૌન્સિલોના બંધારણમાં ફેરફાર કરવાનો બિલકુલ નથી. તે અમલમાં આણવાને કૌન્સિલોના મેમ્બરોની સંખ્યા વધારવી જોઇએ એવું પણ નથી. જમા ખર્ચની જુદી જુદી રકમો કૌન્સિલમાં રજુ થાય એટલે તેપર અનુકૂળ અથવા પ્રતિકૂળ અભિપ્રાય આપવાનો અધિકાર મળે એટલે બસ. સરકારી સભાસદોની સંખ્યા વધારે હોવાથી હમેશ સરકારની તરફ વધારે મત રહેશે; પરંતુ આ ખર્ચની બાબતમાં સરકાર ખરૂં ખોટું પારખવાની શક્તિને કેટલી જાગૃત રાખે છે તે જાણવાનું તેને લીધે પ્રજાને સાધન મળશે. હિંદ 'ક્રૌન કૉલૉની' થયાથી ફાયદો થવાનો સંભવ છે તે એ કે તેમ થવાથી 'ઈંડિઆ ઑફીસ'નો ખર્ચ ઈંગ્લાંડને આપવો પડશે, અને તેટલે સુધી તો હિંદની ઉપજ ખર્ચનો પ્રશ્ન ઈંગ્લાંડના બજેટ વખતે આગળ આવવાનો રસ્તો થશે અને તેપર ઈંગ્રેજ લોકોનું લક્ષ જવા માંડશે.

भाग १० मो.

उपजनी मुख्य बाबतो.

पेटाभाग १–जमीननी महेसूल.

પાછલા ભાગમાં ઉપજની બાબતો કહી છે તેઓમાં ખરી ઉપજની બાબતો નવ કે દશ છે. આ ભાગમાં જમીનની મહેસૂલ, અફીણ, એકસાઇઝ (કેફી પદાર્થોપરનો કર), કસ્ટમની ઉપજ, સ્ટાંપ, મીઠું, અને આકારેલા કર વિષે લખીએ છીએ. ઉપજની બાકીની બાબતોનો વિચાર જુદા ભાગમાં કરવામાં આવશે.

(१) जमीननी महेसूल अने तेनी व्यवस्था.

શાસ્ત્રીય રીતે જોતાં જમીનની મહેસૂલનું સ્વરૂપ કરના જેવું નથી. હિંદુસ્તાનમાં સરકાર જમીનની માલિક છે, અને તે ખેડવા આપ્યા બદલ જે સ્વામિત્વ લેવાનું અને ખાનગી માણસ જમીન ખેડે તો તેને જે આપવુંજ પડે છે તે જમીનની મહેસૂલ છે (એવું પ્રૉસેટ અને મિલનુ મત છે). આ ઉપજની બાબત પૈસાના સંબંધમાં મહત્વની છે એટલુંજ નહિ, પણ તેનું મહત્વ રાજકીય અને સામાજિક પક્ષથી પણ વધારે છે. ઉપજની દૃષ્ટિથી જોતાં જમીનની મહેસૂલ બીજી બાબતોની ઉપજ કરતાં વધારે છે, તોપણ બીજી બાબતોની ઉપજ પણ પહેલાં કરતાં હમણા

વધી છે અને તેથી જમીનની મહેસૂલનું પ્રમાણ એકંદર ઉપજના પ્રમાણમાં ઘટયું છે. સને ૧૮૪૨-૪૩ માં જમીનની મહેસૂલ કુલ ઉપજમાં સેંકડે સાઠ ભાગ હતો તે ઘટીને સને ૧૮૯૨-૯૩ માં અઠ્ઠાવીસ ભાગ થયો. જમીનની મહેસૂલ પહેલાં કરતાં ઘટી નથી; તે પણ ગયાં પચાસ વરસમાં બમણી વધી છે. રાજ્યનો વિસ્તાર થવાથી તથા ખેતીની વૃદ્ધિ થવાથી એ વધારો થયો છે.

હિંદુસ્તાન મુખ્યત્વે ખેતીવડે નિર્વાહ ચલાવનારો દેશ છે. સને ૧૮૯૧ ના વસ્તીપત્રકપરથી જણાઇ આવ્યું છે કે એકંદર વસ્તીમાંના સેંકડે સાઠ માણસ જમીનવડે પોતાનું ગુજરાન ચલાવે છે. એ શિવાય ગામ લોકોને ઉપયોગી થનારા ધંધાદારી લોકો પ્રત્યક્ષ ખેડુતો ન હોવા છતાંએ અનાજનો હિસ્સો મળે છે તે વડે અર્થાત્ પરોક્ષ રીતે જમીનવડેજ નિર્વાહ કરે છે. એ લોકો જમીન ધારણ કરનારાના કે જેટલા છે એવું અનુમાન થાય છે. એ પરથી સામાજિક દૃષ્ટિથી જોતાં હિંદમાં ખેતીનું મહત્વ કેટલું છે તે જણાઈ આવશે. રાજકીય દૃષ્ટિથી જોતાં ખેતીનું મહત્વ ઓછું નથી, કારણ કે દરેક પ્રાંતમાં જમીન ધારણ કરનારાનો અને સરકારનો જે પ્રકારનો સંબંધ હશે તેને અનુસરીનેજ તે પ્રાંતમાં રાજ્યપદ્ધતિ ચાલે છે. જમીનની મહેસૂલ વસૂલ કરનારા અમલદારોજ રૈયતની દૃષ્ટિએ નહિ પડનારી સરકારની પ્રત્યક્ષ દેખાતી મૂર્ત્તિ છે અને સેંકડે ૯૫ ભાગની અજ્ઞાન પ્રજાના વિચાર અને ગરજો સરકારને જાણવાનાં તેજ સાધનો છે. જે ઠેકાણે ખેડુતો કનેથી પ્રત્યક્ષ રીતે જ-

મીનની મહેસૂલ વસૂલ કરવાનો રિવાજ છે તે ઠેકાણે રૈયતની અને સરકારની વચ્ચે વધારે નિકટ સંબંધ રહે છે; તેટલો સંબંધ જ્યાં ઇનામદાર અથવા જમીનદાર સરકારને મહેસૂલને માટે જવાબદાર હોય છે ત્યાં રહેતો નથી. તથાપિ પ્રત્યક્ષ જમીન ખેડનારાનો હક્ક યોગ્ય રીતે જળવાય છે કે નહિ તે જોવાનો અધિકાર સરકારનો હોવાથી જમીનદારોની સ્વાર્થી વર્તણુકપર કાંઇક અંકુશ રાખવાની સરકારને જરૂર પડે છે.

જુદા જુદા પ્રાંતોમાં જમીનની મહેસૂલ ઠરાવવાની પદ્ધતિ જુદી જુદી હોય છે, તેઓનું બહુજ ટુંકું વર્ણન અહીં આપી શકાશે. તેઓનું પૂર્ણ વિવેચન કરવાને જુદોજ ગ્રંથ લખવો પડે. જમીનની ઉપજનો કેટલોક ભાગ રાજાએ લેવાનો વહીવટ બહુ જૂના વખતથી છે. જમીનની શક્તિ અને તેને ખેડતાં પડેલી મહેનતના પ્રમાણમાં રાજાએ પાકના બારમા ભાગથી છઠ્ઠા ભાગ લગી હિસ્સો લેવો અને એ કર અડચણની વેળાએ એક ચતુર્થાંશ લગી વધારવો એવું મનુસ્મૃતિમાં લખ્યું છે. પ્રાચીન ગ્રામવ્યવસ્થામાં જમીન ખાનગી માણસોની માલિકીની નહોતાં ગામના બધા લોકોની હતી અને જમીનની ઉપજ આખા ગામની હતી. એ ઉપજમાંથી ગામનો મુખી વહેંચણ કર્યા પહેલાં રાજભાગ કહાડી રાખતો અને તેને માટે તેજ રાજાને જવાબદાર હતો. એ પદ્ધતિ મુસલમાની અમલ શરૂ થયો ત્યાં લગી ચાલી, અને ઉત્તર હિંદુસ્તાનના કેટલાક ભાગોમાં અદ્યાપિ ચાલે છે. મુગલ પાદશાહોના સમયમાં જમીનનો કર લેવા-

ની પદ્ધતિ ચાલતી હતી તે અકબર પાદશાહની કારકીર્દીમાં તોડરમલ્લે ચાલુ કરી હતી. એ પદ્ધતિ પ્રમાણે દશ વર્ષના ધાન્યના દરની સરાસરી પ્રમાણે જમીનની ઉપજની કીમત ઠરાવી તેનો ત્રીજો અથવા ચોથો હિસ્સો કરને નામે સરકારમાં લેવામાં આવતો અને કરનો ઠરાવ દર વેળાએ દશ વર્ષની મુદતને માટે થતો હતો. જ્યાં મુગલાઇ અમલ જામેલો હતો ત્યાં અકબરનીજ પદ્ધતિ ચાલતી હતી; તેજ રીતિ દાદોજી કોંડદેવની સલાહથી શિવાજી મહારાજનો રાજ્યમાં ચાલુ થઇ. જમીનમાં જે જાતનો પાક થાય તે જાતનો માલ એ વેરાપેટે આપતા હતા. પછી પેશ્વાઇ અમલમાં સને ૧૭૮૮ માં સરસ બાગાયત જમીનના દર વીંઘે રૂ૬, ભાઠાની જમીનના દર વીંઘે રૂ૩, સારી કાળી કાનમની જમીનના દર વીંઘે રૂ૨, અને તેનાથી ઉતરતી જમીનનો સવા રૂપિઓ, રૂપિઓ, અને બાર આના એ પ્રમાણે દર ઠરાવી રોકડ લેવાની રીત ચાલુ કરી. દક્ષિણ હિંદના જે ભાગમાં મુસલમાની અમલ ઝાઝા દિવસ રહ્યો નહોતો તે ભાગમાં ખેડુતો પાસેથી ઉપજનો ભાગ દર સાલ માપણી થઈ ઠરેલા દર પ્રમાણે લેવામાં આવતો હતો. આગલી કારકીર્દીમાં ઉપજનો કેટલો હિસ્સો સરકારમાં લેવામાં આવતો હતો તેના સંબંધમાં જોતાં જણાય છે કે મુગલો ઉપજનો ત્રીજો અથવા ચોથો ભાગ લેતા; મરાઠા અડધો લેતા, અને મદ્રાસમાં પણ તેજ દર હતો; શીખના રાજ્યમાં નીમેથી કાંઇક ઓછો, અથવા નીમે, અને બંગાળામાં નીમે કરતાં કાંઇક વધારે હિસ્સો લેવામાં આવતો હતો. બંગાળા

પ્રાંતમાં જમીનનો કર મધ્યસ્થોની એટલે જમીનદારોની માર્ફત વસૂલ કરવામાં આવતો હતો. જમીનદારોનો વર્ગ પહેલ વહેલો મુગલોની કારકીર્દીમાં ઉત્પન્ન થયો. તેઓ કેટલાક ભાગનો કર ઠરાવી તેનો ઇજારો આપતા, અને કેટલેક પ્રસંગે હિંદુ રાજાઓ અને મોટા લોકો પણ પોતાના તાબાના મુગલાઇ ભાગોનો ઇજારો લેતા. એમ જમીનદારોમાં કેટલાક માત્ર કર વસૂલ કરનારા અમલદારો હતા અને કેટલાક વંશપરંપરાના હક્કદાર હતા. મુગલાઇ રાજ્ય ગયા પછી ગરબડ ચાલી તે સમયમાં બધા રાજાઓ અને વિજયી મરાઠા લોકો જમીનનો કર વસૂલ કરવાનો ઇજારો આપતા, અને એ ઇજારદારો અને તેમના પેટા ઇજારદારોના નફાની રકમ સુદ્ધાં ખેડુતોપર એકંદર ઘણો ભારે બોજો પડતો. બ્રિટિશ અમલ શરૂ થયા પછી ઇંગ્રેજે ઇજારાની જુલમી પદ્ધતિ કહાડી નાંખી અને માફક દરથી કર લેવાનું શરૂ કર્યું. જમીનનો કર વસૂલ કરવાની જૂની પદ્ધતિઓ પુષ્કળ હતી, પરંતુ તેઓનું મળતાપણું તપાશી ઈંગ્રેજોએ એકંદર ત્રણ પદ્ધતિ શરૂ કરી. એ ત્રણે પદ્ધતિઓનું મુખ્ય તત્વ એ છે કે જમીનની માલિકી ખેડુતોને આપી ઉપજનો નિયમિત અંશ માત્ર સરકારમાં લેવો; ખેડુત નિયમિત રીતે કર આપે ત્યાં લગી તે જમીન વેચવાનું અથવા ગણોતે આપવાનું કામ માલિકની પેઠે તે કરે; તેના મુઆ પછી તેના વારસોને પણ જમીન ચલાવવી. ઈંગ્રેજ સરકારે ચાલુ કરેલી મુખ્ય ત્રણ પદ્ધતિનાં નામ જમીનદારી, તાલુકદારી, અને રૈયતવારી છે. જમીનદારી પદ્ધતિ પ્રમાણે બં-

ગાળા, બહાર, વાયવ્ય પ્રાંતોમાંના બનારસ જિલ્લા અને મદ્રાસ ઇલાકાના કેટલાક ભાગોમાં ઠરાવ થયા છે. મદ્રાસ, મુંબાઈ, અને વરાડ પ્રાંતમાં રૈયતવારી પદ્ધતિ ચાલે છે; વાયવ્ય પ્રાંતોમાં, પંજાબમાં, અને મધ્ય પ્રાંતોમાં ગામવારી, અને અયોધ્યા પ્રાંતમાં તાલુકદારી પદ્ધતિ ચાલે છે. રૈયતવારીમાં ખેડુતો જોડે, તાલુકદારીમાં તાલુકદારો જોડે, જમીનદારીમાં જમીનદારો જોડે, અને ગામવારીમાં ગામની જોડે ઠરાવ કરવામાં આવે છે.

बंगाळा.—બંગાળામાં અને પૂર્વ ભણીના કેટલાક પ્રાંતોમાં ઇસ્ટ ઇંડિઆ કંપનીનો અમલ થયા પછી ત્યાં જમીન સાથે સંબંધ રાખનારા બે વર્ગ, ૧ લો, જમીન ખેડનારા ખેડુતો, અને બીજો, ખેડુતો કનેથી વસૂલ કરનારા જમીનદારો, તાલુકદારો, અને મધ્યસ્થો કંપનીના જોવામાં આવ્યા. જમીનનો કર વસૂલ કરવાની ચાલતી પદ્ધતિની તપાસ કરવાનો કંપનીએ પ્રથમ હુકમ કર્યો હતો, પરંતુ તેના નોકરોનો વખત ખાનગી વેપાર કરવામાં અને નવા મૂલક મેળવવામાં જતો હતો તેથી એ કામ એમનું એમ પડયું રહ્યું. જમીનદારો વગેરે બહુ પેદાશવાળા અને ઉપયોગી થઈ પડે એવા હતા અને કર વસૂલ કરતા હતા તેથી તેમની જોડે સને ૧૭૭૨ માં કર સંબંધી પહેલ વહેલો ઠરાવ કરવામાં આવ્યો; તે પ્રમાણે ખેડુતો કનેથી તેમને મળેલી રકમની આઠ અથવા નવ દશાંશ રકમ સરકારમાં લેવામાં આવતી હતી. એ કરાર સને ૧૭૯૧ લગી પાંચ

પાંચ વર્ષની મુદ્દતને માટે કરવામાં આવતો હતો. એ વરસમાં કરારની મુદ્દત દશ વર્ષની કરવાનું ઠર્યું. એ વહીવટ શરૂ થયા પછી એજ વરસમાં એટલે સને ૧૭૯૩ માં લૉર્ડ કૉર્નવૉલિસે તે બદલી જમીનદારોની કનેથી લેવાના કરનો દર હમેશને માટે ઠરાવ્યો અને તેમનેજ જમીનના માલિક ઠરાવ્યા. દર ઠરાવવામાં ખેતરની માપણી અથવા ઉપજનો નીમતાણો વગેરે કાંઈ પણ કરવામાં આવ્યું નહિ; પરંતુ પહેલાં જે કર આવતો હતો તેનેજ અનુસરીને તે પછી લેવાનો કર ઠરાવવામાં આવ્યો. આ સ્થાયી જમાબંદી સને ૧૭૯૫ માં વાયવ્ય પ્રાંતોમાંના બનારસ જિલ્લાને અને સને ૧૮૦૨ માં મદ્રાસ ઇલાકાનાએ કેટલાક ભાગોને લાગુ પાડી.

જમીનદારો કનેથી લેવાનો જમીનનો કર જાથુનો ઠરાવ્યો તેજ વખતે તેમનો અને ખેડુતોનો પરસ્પર સંબંધ પણ વાજબી રીતે નક્કી કરવાનો ઇરાદો હતો, પરંતુ તે વિષે સેટલમેન્ટના કાગળમાં કાંઈ પણ નોંધ કરી નહોતી; તેથી જમીનદારોને ઘણો લાભ થયો અને તે પ્રમાણમાં ખેડુતોની સ્થિતિ ખરાબ થઈ. જમીનદારોના હક્ક કાયદાથી નક્કી થયા હતા તેથી કોર્ટમાં તેમના હક્ક ઝટ સાબીત થતા; પરંતુ ખેડુતોના હક્ક સંબંધી પુરાવો ન હોવાથી વહીવટપરથી તે સાબીત કરવાની તેમને જરૂર પડતી અને તેમાં તેઓ ફતેહ પામતા નહિ. ખેડુતોના હક્કની નોંધ નહિ રાખવાનાં કારણો અહીં જણાવવાની જરૂર નથી, પરંતુ એ બાબતમાં સરકારે દુર્લક્ષ કર્યાથી તથા તે સંબંધ

ઠરાવવાનું કામ દીવાની કોર્ટ પાસેજ ગયાથી ખેડુતોના હક્ક નાબુદ થતા જઇ તેઓ જમીનદારોના પંઝામાં સપડાઇ ગયા. જમીનદારો ગમે તેટલો ભારે કર બેસાડે તોપણ તે આપ્યા વિના તેમનો છૂટકોજ નહિ. કોર્ટથી ખેડુતોનું સંરક્ષણ ન થવાથી સને ૧૮૫૯ માં તેમનું રક્ષણ કરવાને માટે કાયદો કરવામાં આવ્યો; તેમાં એવું ઠરાવ્યું કે જે ખેડુતો કને સને ૧૭૯૩ ની સાલમાં જમીન હતી તેમનાપરનો કર વધારવાનો જમીનદારોને હક્ક નથી; વીસ વર્ષપર એકજ દરથી જે ખેડુતોની કને જમીન હતી તે પણ કદીમ (પ્રાચીન) છે એમ માની તેમનાપરનો કર વધારતા પહેલાં તેઓ હમણાના ખેડુતો છે એવું જમીનદારોએ બતાવી આપવું; બાર વરસપર જે ખેડુતોનો વહીવટ હતો તેમનાપર કર વધારવો હોય તો કોર્ટ માર્ફત હુકમનામું કરાવવું; એ કરતાં ઓછી મુદ્દતના ખેડુતોએ પોતાની સગવડ પ્રમાણે જમીનદારોની જોડે કરાર કરી લેવો. આ કાયદાથી પણ ખેડુતોનો બચાવ થતો નથી એવું જણાયાથી સને ૧૮૭૯ માં કમિશનની માર્ફત ચોકશી કરવામાં આવી અને તે કમિશનની સૂચના પ્રમાણે કાયદો કર્યો. એ કાયદાનો સાર અહીં આપવો અશક્યછે અને તેની જરૂર પણ નથી. એ કાયદાથી કઈ કઇ બાબતો વિષે નિયમો થયાછે તે સાધારણ રીતે જણાવીશું તો બસ થશે. એ કાયદામાં જમીનદારો અને ખેડુતોના જુદા જુદા વર્ગોની વ્યાખ્યા કરી જમીન ધારણ કરવાના પ્રકાર લખ્યાછે; અને ખેડુતોના હક્ક અને તેમનું સંરક્ષણ, કર વધારવો, ઘટાડવો અથવા તેનાપર અંકુશ રાખવો, ખેતીકુ

કસેથી જમીન લઇ લેવી, અને લઇ લેતી વખતે જમીનમાં સુધારો કર્યા બદ્દલ ખેડુતોને કીમત આપવી, એ વિષે નિયમો આપ્યા છે; અને ગેરકાયદે કર વસૂલ કરવા બદલ જમીનદારોને સજા કરવાનું ઠરાવ્યું છે. વળી સર્વે કરવાનો તથા હક્કના દાખલા તૈયાર કરવાનો સરકારને અધિકાર આપ્યો છે. એ કાયદાને અનુસરી બહાર પ્રાંતમાં ખેતરોની માપણી શરૂ થઇછે. એ કાયદા સિવાય રેન્ટ એટલે ગણોતનો કાયદો પણ સને ૧૮૮૫ માં સુધારવામાં આવ્યો.

ઘણાક જમીનદારોએ પણ પોતાના હક્ક જાથુના પટા કરી ખેડુતોને આપી દીધા છે. જે લોકોને એવા જાથુના પટા મળ્યા છે તેમને પત્નીદાર કહેછે. પત્નીદારોએ પણ પેટા હક્કદાર કર્યા છે તેમને દર પત્નીદાર, અને સીપત્નીદાર કહે છે.

અત્યાર લગી આપણે સ્થાયી જમાબંદીની હકીકત આપી. હવે એજ પદ્ધતિ બીજા પ્રાંતોને લાગુ પાડવાની બાબતમાં કેવા પ્રયત્ન અને વાદવિવાદ થયા છે તેઓની થોડી હકીકત આપીએ છીએ.

લૉર્ડ કૉર્નવૉલિસે બંગાળામાં સ્થાયી જમાબંદી ઠરાવી; ત્યાર પછી નવા મેળવેલા પ્રાંતોને તે લાગુ પાડવાની નથી એવું ઠરાવ્યું હતું, તથાપિ અધિકારી વર્ગમાં ઘણા જણ આગલી પદ્ધતિની તર્ફેન કરનારા હતા. તેઓમાં સર ચાર્લ્સ વૂડ હતા. એ સને ૧૮૬૨ માં હિંદખાતાનો સ્ટેટ સેક્રેટરી હતો અને તેણે એ પદ્ધતિ બીજા પ્રાંતોને લાગુ પાડવાનું ઠરાવ્યું; અને જે ઠેકાણે ચાલુ કરની આકારણી યોગ્ય

હતી અને જાદે કરવાનો સંભવ નહોતો તે ઠેકાણે દર કાયમ કરવાનો તેણે હુકમ કર્યો. એવો ઠરાવ કરવાનાં કારણોમાં તેણે જણાવ્યું કે સ્થાયી જમાબંદી ઠરાવ્યાથી રૈયતનું મન સરકાર તરફ ખેંચાશે, તમને જમીન સુધારવામાં વધારે પૈસા ખરચવાની ઉમેદ થશે, તેણે કરીને ખેડુતોની આબાદી થશે, અને મધ્યમ વર્ગના લોકોની સુધારણા થશે, તેમજ ખેડુતોને જમીનના માલિકો તરફથી થોડો ત્રાસ થશે, અકંદરે ખેતીની અને બીજા વેપારનીએ વૃદ્ધિ થશે, અને એ રીતે દેશની દોલત વધવાથી આડકતરા કર બેસાડવાને સરકારને સુગમ પડશે. આ ઠરાવ અમલમાં આણવામાં પહેલેથીજ અડચણ જણાવા લાગી. પહેલે તો જે ગામોમાં ૮૦ જમીનમાં ખેડાણ થયું હોય તે ગામોને એ ઠરાવ લાગુ કરવાનું ઠરાવ્યું હતું, અને ચાલુ કર યોગ્ય હોય તો તેજ કાયમ કરવાનો હતો; તેના સંબંધમાં એવી અરચણ આવી કે કેટલાક ભાગોમાં નહેરો થઇ દર ઠરાવ્યો હતો તે ભાગોમાં વધારે કર બેસશે અને જે ભાગોમાં તે વેળા નહેરો થઇ નહોતી તે ભાગોમાં ઓછો બેસશે એવું જણાયું. તેથી વીસ વરસમાં જે ઠેકાણે નહેરો બંધાઇ જમીનની ઉપજ વધવાનો સંભવ હોય તે ઠેકાણે સ્થાપી જમાબંદી ઠરાવવી નહિ એવું ઠર્યું. વળી જે ભાગમાં કર યોગ્ય હોય તેજ ભાગને એ ઠરાવ લાગુ પાડવાનો હતો. કરના યોગ્યપણા સંબંધી પણ એવીજ અડચણ પડી. વાયવ્ય પ્રાંતોમાં લેવાના કરનો દર હલકો છે અને તે કાયમ થવાથી ખેડુતોને ફા-

વહો ન થતાં જમીનના માલિકોને ફાયદો થશે, અને દેશની સ્થિતિની સુધારણાનો ફાયદો આખી પ્રજાને ન થતાં એકજ વર્ગને થશે એવો તે પ્રાંતોની સરકારે વાંધો ઉઠાવ્યો અને તે વાંધો હિંદ સરકારને પણ વજનદાર લાગ્યો. પછી સને ૧૮૭૧ માં હિંદના જમાખર્ચનો વિચાર કરવાને પાર્લમેન્ટની કમિટી બેઠી તેવારે તેની રૂબરૂ આ તમામ અડચણો અને વિચારો વિષે વાદવિવાદ થઇ મનન કરવામાં આવ્યું અને છેવટે કમિટીની સૂચનાપરથી કર કાયમ કરવાની યોજના તે સમે તો પડતી મૂકવામાં આવી. તે પછી એ બાબત બાજરે પડી સને ૧૮૮૨ માં કર જાથુનો નહિ કરવાનો વિચાર નક્કી થયો. એવો નિકાલ કરવાનાં કારણો એવાં દર્શાવવામાં આવ્યાં કે જે પ્રાંતોમાં સ્થાયી જમાબંદી ઠરાવી હતી તે પ્રાંતોમાં જમીનદારો તરફથી ખેડુતોને સુગમતા થઇ અથવા તેમની સ્થિતિમાં મોટો ફરક પડયો એવું થયું નથી. પરોક્ષ કર બેસાડવાને સહેલું પડશે એવો સ્થાયી જમાબંદીથી ફાયદો થશે એમ માન્યું હતું તેના સંબંધમાં એવું કહેવામાં આવ્યું કે કર બેસાડવાની નવી પદ્ધતિ પ્રમાણે આડકતરો કર નાંખી વધારે ઉપજ થવાનો સંભવ નથી અને પ્રત્યક્ષ કર તો હમેશ અપ્રિય હોયછેજ.

એ પ્રમાણે સ્થાયી જમાબંદી કરવી નહિ એવું ઠર્યું, પરંતુ તેજ વેળા વારે વારે માપણી કર્યાથી તથા દર ઠરાવ્યાથી લોકોમાં અસંતોષ થાય છે અને જમીન પાછળ બરાબર મેહનત લેવામાં આવતી નથી એવી મુદ્દતની માપણીમાં અડચણો હોય છે તેઓ વિષે પણ વિચાર કરવામાં

આવ્યો, અને વિશેષ કારણ વિના કર વધારવો નહિ એવું ઠરાવવામાં આવ્યું. કિયાં કારણોથી કર વધારવો તે પણ તેજ વખતે ઠરાવ્યું. તે કારણો નીચે પ્રમાણે છેઃ—

(૧) પહેલાં કરતાં વધારે જમીનમાં વાવેતર થયું હોય તો તેના પર વધારે કર બેસાડવો; (૨) ખેતીની ઉપજની કીમત વધે, અથવા (૩) સરકારને ખર્ચે એકાદ સુધારો કરવામાં આવે અને તેથી જમીનને ફાયદો થાય તો જમીનનો કર વધારવાને હરકત નથી. ખેડુતો પોતાને ખર્ચે સુધારો કરે તો તેના પર વધારે કર લેવો નહિ એવું પણ ઠરાવવામાં આવ્યું.

આ ઈલાકાની તમામ જમીનની સ્થાયી જમાબંદી ઠરાવી નથી. સ્થાયી જમાબંદી ઠરાવેલી જમીન પૈકી કેટલીક વિશેષ કારણોથી સરકારમાં આવી તે ખેડુતોને જાથુનો ઠરાવ ન કરતાં અમુક મુદ્દતનો ઠરાવ કરીને આપેલી છે, અથવા તે જમીન સરકારી અમલદારોના વહીવટમાં રાખી છે. એ ઠરાવ સાધારણ રીતે વાયવ્ય પ્રાંતોને માટે કરેલા ઠરાવના ધોરણે કરેલો છે.

આ ઈલાકામાં જમીન ધારણ કરનારાના એકંદર ચાર પ્રકાર છે, (૧) સ્થાયી જમાબંદી ઠરાવેલી, (૨) અમુક મુદ્દતને માટે ઠરાવ કરેલી, (૩) સરકારના પ્રત્યક્ષ વહીવટમાંની, અને (૪) સરકારની માલિકીની જમીન રૈયતવારી પદ્ધતિ પ્રમાણે ખેડુતોને ખેડવા આપેલી.

અજ્ઞાન અથવા કોઈ કારણથી જમીનનો વહીવટ કરવાને નાલાયક થયેલા જમીનદારોની જમીનનો વહીવટ કોર્ટ

ઑાવ્ વૉર્ડસની માર્ફત સરકાર કરેછે. એ મિલ્કતનો વહી-વટ કરવાને વહીવટદાર નીમેલો હોય છે તે જમીનનો યોગ્ય કર લઇ ખેડુતોને સોંપે છે, તેમાં સુધારો કરે છે, અને શિલક વધે તો તે જમીનને હમેશનો ફાયદો થાય એવા કામમાં વાપરે છે. અર્થાત્ ડાહ્યા માલિક જેવી રીતે વહી-વટ કરે તેવી રીતે તે વહીવટ કરે છે.

મદ્રાસ.—આ ઈલાકામાં ઘણીખરી જમીનનો ધારો રૈયતવારી પદ્ધતિ પ્રમાણે ઠરાવેલો છે. આ પદ્ધતિ પ્રમાણે ધારો ઠરાવવાને પહેલે તો માપણી કરવી પડે છે અને તેમાં ગામની અને ખેતરોની હદ્દ ઠરાવવામાં આવે છે. તે પછીનું કામ ધારો ઠરાવવાનું છે. તે ઠરાવવા માટે પહેલે તો દેશની અંદરનું અને બહારનું સ્વાભાવિક સ્વરૂપ, વરસાદનું અને અનાવૃષ્ટિનું પ્રમાણ, જમાબંદીની સ્થિતિની પહેલાંની હકીકત, મુસાફરીની સગવડ, બજારનું સમીપપણું, અને બાગાયતને માટે પાણીની છત, એ વિષે ચોકશી કરે છે. એ કામ ઠરાવ કરનારો અમલદાર પંડે કરે છે. ત્યાર પછી જમીનની જાત, ફળદ્રૂપતા, અને સ્વાભાવિક સ્થિતિના સંબંધમાં તેના વર્ગ પાડવામાં આવે છે. પછી જમીનમાં કેટલો પાક થાય છે તે જુદાં જુદાં ખેતરોમાં નીમતાણો લઈ નક્કી કરવામાં આવે છે. વીસ વરસના બજાર ભાવની સરાસરી પ્રમાણે તે પાકની કીમત ઠરાવે છે. એ કામ તહેસિલદાર અને બીજા મુલ્કી કામદારો કરે છે. પાકની કીમતમાંથી ખર્ચની રકમ બાદ જતાં નક્કી ઉપજ રહે તેનો નીમે ભાગ સરકારમાં લેવાનો ઠરાવ છે. ગામનો તથા પ્રત્યેક વાવેતર

ખેતરનો આકાર ઠરાવવામાં આવે છે. દરેક ખેતરની નક્કી ઉપજ થાય તેનો નીમે સરકારી ધારો તે જમીનપર બેસાડવામાં આવતો નથી, પરંતુ રસાળપણાના પ્રમાણમાં પુષ્કળ પ્રકારની જમીનના જથા કરી તથા સ્વાભાવિક સગવડના પ્રમાણમાં ગામોના સમુદાય કરી કર ઠરાવવામાં આવે છે. બાગાયત હોઇ બે પાક થાય એવી જમીનપર દોઢો કર નાંખવામાં આવે છે. ગોદાવરી તથા કૃષ્ણાનદીની વચ્ચેના પ્રદેશમાં અને જમીનદારી અથવા ઈનામી ગામોમાં સરકારી નહેરોના પાણીથી બાગાયત પેદાશ થતી હોય તો ત્યાં વધારે દરથી કર લેવામાં આવે છે.

આ ઈલાકાની બધી જમીન રૈયતવારી પદ્ધતિ પ્રમાણે ખેડવા આપેલી નથી. એ સિવાય જમીન ધારણ કરવાના બીજા પ્રકાર પણ છે. આ ઈલાકાના કેટલાક ભાગોમાં સ્થાયી જમાબંદી ઠરાવી જમીનની માલિકી પણ લૉર્ડ કૉર્નવૉલિસના ઠરાવ પ્રમાણે જમીનદારોને આપી એવું આપણે પાછળ કહી ગયા છીએ. જમીનદારોમાં બે પ્રકાર છે. કેટલાક જમીનદારો આગલા રાજ્યની તરેહના વતનદારો છે અને તેમનો વારસો વડા પુરૂષના વંશમાંજ ચાલે છે. કેટલાક જમીનદારોના વારસાની વહેંચણ હિંદુ અથવા મુસલમાની ધર્મશાસ્ત્રો પ્રમાણે થાય છે. બીજા પ્રકારના જમીનદારો ઈંગ્રેજ સરકારે ચાલતા સૈકાની શરૂઆતમાં સ્થાયી જમાબંદી ઠરાવી જેઓને જમીન વેચી હતી તેઓમાંના છે. જમીનદારી સિવાય જમીન ધારણ કરવાનો બીજો પ્રકાર ઈનામી છે. એમાં પણ બે પ્રકાર છે. એક પ્રકારનાં ઇનામો ઇનામ ક-

મિટીએ ચોકશી કરી કાયમ કર્યાં છે અને તે કમિટીનો ઠ-
રાવ કબૂલ કરેલો નહિ એવાં કેટલાંક ઇનામો છે. એ રીત
આ ઇલાકામાં જમીનદારી, ઈનામી, અને રૈયતવારી એવ
જમીન ધારણ કરવાની ત્રણ પદ્ધતિઓ છે.

ખેડુતો કનેથી સરકારનો ધારો નિયમસર આવ્યાં ક
ત્યાં લગી તેમની પાસેથી જમીન લઈ લેવાની નથી એ રૈ
યતવારી પદ્ધતિનું તત્વ છે એવું આપણે ઉપર કહી ગય
છીએ. એથી તેઓ જમીનના માલિક જેવાજ થાયછે. વસ્ત
વધવાથી ખેતીનો પણ વધારો થયો છે તેથી સાધારણ ઉ
પજવાળી પુષ્કળ જમીનમાં પણ વાવેતર થાય છે; તેનો ક
ઓછો હોવાથી દર એકરે સરકારમાં ભરવાની રકમનું પ્ર
માણ ઓછું થઇ ગયું છે. જમીનની અછત થવાથી ઉત્તમ
જમીનનું ગણોત વધ્યું છે, તોપણ મદ્રાસ સરકારે તે ખેડુ
તો કનેજ રહેવા દીધું છે. સને ૧૮૫૩ માં કરનો સાધારણ
દર એકર દીઠ બે રૂપિઆ આઠ આના હતો અને સને
૧૮૯૦-૯૧ માં રૂ ૧-૧૪ હતો. છેલ્લાં ચાળીસ વરસમ
પહેલાં કરતાં પોણીગણી વધારે જમીનમાં વાવેતર થયેલું છે
અને એ મુદ્દતમાં વસ્તી સેંકડે ૬૧ ટકા વધી છે અને સ-
રકારના ધારાની આવક ⅘ વધી છે.

મદ્રાસ ઇલાકાના દક્ષિણ અને ઉત્તર તરફના ભાગોમ
એકંદર ⅙ જમીન સ્થાયી જમાબંદી ઠરાવીને આપેલી છે.

રૈયતવારી પદ્ધતિમાં જમાબંદી મહત્વની છે. આ ઇ-
લાકામાં દર વરસે જમાબંદી થાય છે. ત્રીસ વરસની મુદ્દત
બાંધીને કર ઠરાવેલો હોય છે, તોપણ જેટલી જમીન ખેડુતે

ખેડી હશે તેટલીપરજ કર આપવો પડે છે અને એ રકમમાં દર સાલ ઠરાવેલા નિયમ પ્રમાણે કાંઇક વધઘટ કરવામાં આવે છે. એ બધું કામ જમાબંદીની વેળાએ કરવામાં આવે છે. જમાબંદીમાં પહેલું કામ તે વરસમાં ખેડુતને ખાતે કેટલી જમીન હતી તે જોવાનું છે; ક્ષેત્રફળ જાણવામાં આવ્યું એટલે તેપરથી જમીન ધારણ કરનારે આપવાનો કર નક્કી થાય છે. પછી બાગાયત જમીનમાં બીજો પાક કરેલો હોય છે તો તેપરનો કર ઠરાવવામાં આવે છે, અને નહેરોનું પાણી લઈ પાક કરેલો હોય છે તો તેપર લેવાનો કર મુકરર કરવામાં આવે છે. જમાબંદી કરતી વખતે મહત્વનું કામ પ્રસંગ પ્રમાણે છૂટ મૂકવાનું છે. સરકારી નહેરનું પાણી બરાબર ન મળ્યાથી અથવા બીજા કારણથી ખેડુતને નુકસાન થયું હોય તો બધી છૂટ મૂકવામાં આવે છે. જે ભાગોમાં પહેલાંના ઠરાવ પ્રમાણે બેસાડેલા કરના દરની ફરી તપાસ ન થઇ હોય તે ભાગોમાં છૂટ મૂકવાનો ઠરાવ છે તે પ્રમાણે છૂટ મૂકવાની તે એજ વેળા આપવામાં આવે છે; તેમજ ફરી તપાસમાં નવો વધારેલો દર લાગુ કરતી વખતે તે કેટલાક દિવસ લગી પૂરેપૂરો લેવામાં આવતો નથી તેનો એજ વખતે નિકાલ થાય છે. એ રીતે જમાબંદી થયા પછી પટા આપવામાં આવે છે.

મુંબાઈ:—આ ઈલાકામાં પણ કરનો ઠરાવ ખેડુતો જોડે રૈયતવારી પદ્ધતિ પ્રમાણેજ કરવામાં આવે છે. આ ઇલાકામાં ચાલતા કર ઠરાવવાની રીતિને સર્વે પદ્ધતિ કહે છે. પે-

સ્વાઈ જઈ ઈંગ્રેજી અમલ શરૂ થયા પછી મિ. પ્રિંગલે પ્રથમ કરનો આકાર ઠરાવવાનો આરંભ કર્યો, અને તે વખતે જમીનની ઉપજ અને ખર્ચ તપાશી તેપરથી કર ઠરાવવામાં આવતો હતો, પરંતુ જમીનની માપણી અને ઉપજનો અડસટ્ટો કરવામાં પહેલેથીજ ભૂલ થવાથી તે વખતે કરનો દર બહુજ ભારે થયો. એ દર પ્રમાણે કર વસૂલ થતો નહિ અને ઘણા ખેડુતોએ જમીન છોડી દીધી હતી. તે પછી મિ. ગોલ્ડસ્મિટે અને મિ. વિનગેટે કર ઠરાવવાની પદ્ધતિમાં સુધારો કરી નવી પદ્ધતિ ચલાવી. એ પદ્ધતિ અદ્યાપિ ચાલે છે.

સર્વેનું કામ પહેલે તો જમીનની માપણીથી શરૂ થાય છે અને ખેતરો માપ્યા પછી તેમની હદ નક્કી કરવામાં આવે છે અને તેઓમાં બાણ ઘાલવામાં આવે છે. પહેલી સર્વે થઈ તે વખતે કરેલા નકશામાં ગામો અને ગામોની જમીન માત્ર દર્શાવવામાં આવતી હતી; જિલ્લાનો સારો અને બરોબર નકશો થતો ન હતો. હમણા ફરી મોજણી થાય છે તે વખતે જિલ્લાના સારા, બરાબર અને નિયમસર નકશા તૈયાર કરી તેઓમાં દેશનું વર્ણન પણ આપવામાં આવે છે. દરેક ખેતરનો કર ઠરાવવામાં આવે છે. એ ખેતરને સર્વે નંબર કહે છે. સાધારણ રીતે બે બળદથી જેટલી જમીન ખેડી શકાય તેટલી જમીનનો એક નંબર પાડે છે અને વધારે મોટો નંબર તેનાથી બમણી જમીનનો કરે છે. પાળ બાંધી અથવા પથરા દાટી ખેતરની હદ બતાવવામાં આવે છે, અને જમીન દેખાડનારા ગામવાર નકશા તૈયાર કર-

વામાં આવે છે.

મોજણી પછીનું કામ જમીનના વર્ગ પાડવાનું છે. જમીનમાં સારી માટી જેટલી ઊંડી હોય તે પ્રમાણે અને બીજા ગુણો પ્રમાણે વર્ગ પાડે છે. જમીનના મુખ્ય ત્રણ વર્ગ કરે છે અને દરેકના નવ પેટા ભાગ કરે છે; જમીનમાં વધતી ઓછી ખામી હોય તેના પ્રમાણમાં વર્ગણીમાં તેની પાયરી ઊંચી અથવા નીચી થાય છે. આસપાસની સ્થિતિનાં કારણોથીએ જમીનનો વર્ગ વધે છે. એમ જમીનની સ્વાભાવિક સ્થિતિ સિવાય બીજા ગુણોથી જમીનનો વર્ગ વધારવાની ગોઠવણ પહેલી જોઈંટ રૂલોમાં નહોતી; એ રૂલો પછી થયેલા અનુભવપરથી એ સુધારો થયો છે. ઉદાહરણ તરીકે એ ગુણોમાંના બે અહીં દર્શાવીએ છીએ. નદીના કાંઠાની જે જમીનમાં પૂર આવી કાંપ ઠરે છે અથવા જે જમીનમાં નદીના પાણી વડે બાગાયત પેદાશ કરવાની સોઇ હોય છે, તે જમીનનો, તેના અંદરના ગુણને લીધે જેટલો નંબર આવે તેના કરતાં આ વિશેષ પ્રકારના ફાયદાને લીધે વધારે ઊંચો નંબર ચઢાવવામાં આવે છે. કેટલીક જમીનમાં બાગાયત પેદાશ કરવામાં કામ લાગે તેવું પાણી નીકળે છે અને કેટલીકમાં નીકળતું નથી; એ બંને જાતની જમીનપર સરખો કર નાંખવો વાજબી નથી, માટે પાણી નીકળવાનો સંભવ હોવાના કારણથી પણ જમીનનો વર્ગ વધારવામાં આવે છે. એ ગુણોનાં નામ "જમીનની અંદરના પાણીની સોઇ" અને "સાધારણ ફાયદાકારક સ્થિતિ" છે. ડાંગરના કયારડાની વર્ગણીના નિયમ જુદા છે. વર્ગણી થયા પછી હ-

વાપાણી, બજારના સન્નિધપણા, અને ખેતીની સ્થિતિને અનુસરીને ગામોના જથા કરવામાં આવે છે. એ જથા તાલુકાથી મોટા નહોતાં નાના હોય છે.

કર ઠરાવવા માટે જે તાલુકાનો ઠરાવ કરવાનો હોય તે તાલુકાની પહેલાંની ત્રીસ વર્ષની જમાબંદીની હકીકત મેળવે છે, અને કરનું પ્રમાણ કેટલું હતું અને તે સહેલાઇથી વસૂલ થતો કે નહિ, હવાપાણી કેવાં છે, ધાન્યની કીમત કેટલી આવે છે, ખેતી વધી છે કે ઘટી છે, વ્યવહારના માર્ગની સ્થિતિ કેવી છે, નહેરો થઇ છે કે નહિ, જમીનની કીમત કેટલી ઉપજે છે, માલનું વેચાણ થવાને બજારની સોઇ કેવી છે, વગેરે બાબતોનો વિચાર કરી તે તાલુકાપર અથવા ગામોના સમૂહપર બેસાડવાનો કર મુકરર કરવામાં આવે છે. પછી જમીનના આકાર અને વર્ગના પ્રમાણમાં તે કરની ગામવાર અને નંબરવાર વહેંચણ થાય છે. સાધારણ કર જમીનની ઉપજનો પંદરમો ભાગ હોવો જોઇએ એવું માનવામાં આવે છે. એ ઠરાવ ત્રીસ વર્ષની મુદતને માટે કરવામાં આવે છે.

કર નિયમસર આપવામાં આવે છે ત્યાં લગી જમીન ધારણ કરનારની કનેથી તે લઇ લેવામાં આવતી નથી. તે શખ્સ તે જમીન બીજાને આપી શકે છે, અને ખાતેદાર મરી જાય તો તે તેના વારસોને મળે છે. કરની ફરી તપાસ થયાથી જે કર ઠરે તે આપવાની જવાબદારી ખેડુતને માથે છે, કર આપવો ન હોય તો તેને જમીન છોડી દેવાની છૂટ છે. સર્વે પદ્ધતિ પ્રમાણે જમીન ધારણ કરવાની એ

રીતિ છે. એ સિવાય જમીન ધારણ કરવાની જૂની પદ્ધતિઓમાંની કેટલીક પદ્ધતિઓ પણ ચાલે છે. ગુજરાતમાં તાલુકદારી, નર્વદારી, ભાગદારી, અને મહેવાશી પદ્ધતિઓ છે. તાલુકદારી પદ્ધતિ બંગાળાની જમીનદારી પદ્ધતિના ધોરણે છે. તાલુકદારો આગલા રજપૂત ઠાકોરોના વંશજ છે, અને તેમની જમીનની માલિકી સરકારે કબૂલ રાખેલી છે; તથાપિ સરકારની મંજૂરી સિવાય તેમને તે વેચવાની સત્તા નથી; તેઓ ઘરેણે મૂકી શકે છે. તેમની કનેથી વધારેમાં વધારે આકાર પૈકી ૫૦–૭૦ ટકા કરને નામે સરકારમાં લેવામાં આવે છે. તાપી નદીની ઉત્તરનાં કેટલાંક ગામોમાં પાંતી (જેમાં વહેંચણ થયેલી છે એવી) પદ્ધતિ ચાલે છે તે મૂળની તાલુકદારી પદ્ધતિજ છે: પરંતુ મુસલમાની અમલ બેઠા પછી તાલુકદારોની જમીનના ત્રણ ભાગ સરકારમાં ખાલસા થયા અને ચોથો ભાગ તેમની કને રહ્યા એવો તેમાં તફાવત પડયો છે. એવી જમીન નકરી હોય છે, અથવા માત્ર થોડી સલામી લેવામાં આવે છે. નર્વદારી અને ભાગદારી પદ્ધતિ ઉત્તર હિંદુસ્તાનના જેવી ગ્રામપદ્ધતિ છે. એમાં જમીન ધારણ કરનારા પોતપોતાના કરને માટે જવાબદાર હોઇ બધાના કરને માટે પણ સમુદાય તરીકે જવાબદાર છે. આ પદ્ધતિને મળતી પદ્ધતિ ઉત્તર હિંદની ગણોતવારી છે. પહેલાં મહેવાશી લોકો ખંડણી તરીકે માત્ર થોડી રકમ આપતા અને તેજ વહીવટનો શેષ હમણાની મહેવાશી પદ્ધતિ છે. કોલાબા અને રત્નાગિરિ

જિલ્લામાં ખોતીની પદ્ધતિ છે. બંગાળાના જમીનદારોની પેઠેજ તેઓ પહેલે તો કરના ઇજારદાર હતા અને પછી માલિક ઠર્યા. ખોતને માથે ગામના એકંદર કરની જવાબદારી છે. હાલમાં કેટલાક નવા ઠરાવ કરી ખોતી ગામના ખેડુતોને કેટલાક હક્ક આપ્યા છે. કરની ફરી તપાસણી થયા પછી તે આપવાને ખોત જવાબદાર છે. ઇનામના ચાર પ્રકાર છે. (૧) મુસલમાનોએ આપેલી જાગીરો અને મરાઠાએ નોકરી બદલ આપેલાં ઇનામો, અથવા સરંજામ, અથવા નીમણુકો (અલાવન્સ); (૨) નોકરોનાં ઇનામ; (૩) દેવસ્થાનનાં ઇનામ; અને (૪) જાત ઇનામો. આ વર્ગનાં ઇનામો ઘણું કરીને વગર શરતે વંશપરંપરા આપેલાં છે. એક કમિટી નીમી એ ઇનામોની તજવીજ થઇ છે અને કેટલાક ઇનામદારો જોડે સમરી સેટલમેન્ટ (ચોકશી કર્યા વગર માંહોમાંહે ઠરાવ) કરવામાં આવ્યું છે. પહેલી ત્રણ વર્ગનાં ઇનામોની પણ ચોકશી થઈને અથવા ચોકશી થયા વિના સલામી લઈને મી. ગૉર્ડનના નિયમો પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો છે.

મુંબાઇ ઇલાકાની પેઠેજ સિંધપ્રાંતને કરની પદ્ધતિ લાગુ પડેછે. જમીનના ગુણ પ્રમાણે વર્ગણી કરવામાં આવે છે અને એ પ્રદેશમાં વરસાદ નહિ પડવાથી વર્ગણી કરવામાં પાણીની છતની સગવડનો વિશેષ વિચાર કરવામાં આવે છે. ઘણું કરીને બધી ખેતી સિંધુ નદીના પાણી વડેજ થાય છે. પ્રત્યક્ષ પૂરમાંથી અથવા નહેરમાંથી પાણી લેઇને જમીનને પાય છે અને તેથી ખેતી થાય છે. એ પ્રાંતમાં કેટલીક મુદ્દત લગી જમીન પડતર રાખવી પડે છે અને તેથી કરીને

સને ૧૮૯૩–૯૪ માં કરનો ઠરાવ થયો તે વખતે સર્વે નંબર મોટા પાડી તેપર હલકો કર નાંખ્યો હતો. તેનો હેતુ એ હતો કે ખેડુતોને થોડી જમીન પડતર રાખવાનું સુગમ પડે, પરંતુ એ વ્યવસ્થાને અનુસરીને ખેડુતો ચાલ્યા નહિ; તેઓ બધી જમીન ખેડતા અને તે કસ વગરની થતી એટલે તેને છોડી દઇ બીજી જમીન ખેડતા. ફરી તપાસની વેળા આગલી વ્યવસ્થા બદલી નાંખી. હમણા નાના નંબર પાડી પુરેપુરો કર લેવામાં આવેછે અને પડતર જમીનપર ખેડુતનો હક્ક માત્ર કાયમ રાખવામાં આવે છે; તેને માટે તેને કર આપવો પડતો નથી. આ પ્રાંતમાં કરનો ઠરાવ દશ વર્ષની મુદ્દતને માટે કરવામાં આવે છે.

મુંબાઈ ઇલાકામાં જમીન ધારણ કરનારાનું રજિસ્ટર રાખવામાં આવે છે. તેમાં ખેડુતનું નામ, તેના કબજામાંની જમીન, અને તેનો કર લખવામાં આવે છે. ફેરફાર થાયછે તેવારે પત્રકમાં સુધારો કરવામાં આવે છે.

સર્વે થઇ તે સરકારના હુકમથીજ થઈ. એને માટે કાયદો કરવામાં આવ્યો નહોતો. પછી સને ૧૮૬૫ માં સર્વેનું કામ કાયદાસર ઠરાવ્યું. ત્યાર પછી સને ૧૮૭૯ માં જમીનની મહેસૂલ સંબંધી કાયદો કરવામાં આવ્યો, તેમાં જમીન ધારણ કરનાર શખ્સ જમીનની સુધારણા કરે તો તેના સંબંધમાં કરમાં ફેરફાર કરવાની સત્તાનું વિધાન કરી રાખ્યું હતું. એ કલમ સર્વે પદ્ધતિના મૂળતત્વની વિરૂદ્ધ હતી અને તેથી જમીન સુધારવામાં અડચેણ પડશે એવું જણાયાથી સરકારે જાહેર કર્યું કે ખાનગી ભંડોળથી જમી-

નમાં સુધારો કરવામાં આવશે તો તેને લીધે ફરી તપાસ કરતી વખતે કૈર વધારવામાં આવશે નહિ. એજ વેળા એવું પણ ઠરાવ્યું કે તાલુકાપર અથવા ગામના સમૂહપર પહેલાં કરતાં ૩૩ ટકાથી જાદે કર વધારવો નહિ; ગામપર કરનો વધારો ૬૬ ટકા ઉપરાંત થવો ન જોઇએ; અને દરેક જમીન પર બમણા કરતાં જાસ્તી કર વધારવો નહિ. પછી સુધારો કરવાના સંબંધમાં કર વધારવો નહિ એ મૂળતત્વ કાયદામાંજ સને ૧૮૮૬ ના ૪ થા કાયદાથી દાખલ કરવામાં આવ્યું. એ કાયદામાં ઠરાવ્યું છે કે જમીનની કીમત અને ખેતીના ફાયદાના સંબંધમાં કરની તપાસ કરવામાં આવશે; કીમતમાં અથવા નફામાં જમીન ધારણ કરનારે પોતાને ખર્ચે સુધારો કર્યાથી વધારો થયો હશે તો તે કારણથી કર વધારવામાં આવશે નહિ.

વાયવ્યપ્રાંતો અને પંજાબ—એ પ્રાંતોમાં બહુધા જમીન ધારણ કરવાની એકજ તરેહની પદ્ધતિ ચાલે છે. એ પ્રાંતોમાં ગ્રામવ્યવસ્થા પ્રાચીન પદ્ધતિપર બેશ રહેલી છે, અને ગામોના જથા પણ પહેલાંની પેઠેજ કાયમ છે તેથી સરકાર અગાઉની પેઠે ગામની જોડે કરનો ઠરાવ સામટો કરે છે. તેમાંના દરેક ખેડુત જોડે કરતી નથી. એ ગામોમાં જમીનનું વાવેતર જથાબંધ થાય છે, અથવા તેની વહેંચણ ખેડુતવાર કરેલી હોય છે, તોપણ કરની જવાબદારી માત્ર આખા ગામપર હોય છે.

એ ગામનું કામકાજ કરનારો મુખ્ય આગેવાન લોકે નીમેલો અથવા વંશપરંપરાનો હોયછે. તેમજ કેટલેક ઠેકા-

ણે ઘણાં ગામો એકજ શખ્સની માલિકીનાં હોયછે અને એવી વેળાએ ગામના માલિક જોડે ઠરાવ કરવામાં આવે છે. એમ ગામવાર કરનો ઠરાવ કરવામાં આવે છે તે પદ્ધતિને જમીનદારી અથવા ગામવારી પદ્ધતિ કહે છે. ગામના બે પ્રકાર છે. એક પ્રકારનાં ગામોમાં તમામ જમીનનો વહીવટ ભેગો કરી ઉપજ પણ ભેગી લઈ ગામની રૂઢિ પ્રમાણે તે વહેંચવામાં આવે છે. બીજા પ્રકારનાં ગામોમાં જમીનની વહેંચણ થયેલી હોય છે અને જમીનના માલિક પોત પોતાની જમીનના કરનો ભાગ ગામના આગેવાનને આપે છે, અને એ ગામની સંયુક્ત વ્યવસ્થા છોડી દઇ જમીનની વહેંચણ કરી લેવા તરફ લોકોનું વળણ વધારે થતું જાય છે. પંજાબમાં જમીનનો માલિકજ ઘણું કરીને જમીન ખેડે છે, પરંતુ વાયવ્ય પ્રાંતોમાં ઘણીખરી જમીનના માલિક પોતાની જમીન ખેડુતો કને ખેડાવે છે. હક્કદાર અને સાંથિયા એવા ખેડુતોના બે વર્ગ છે. પહેલા વર્ગના એટલે હક્કદાર ખેડુતોની જમીન તેઓ બરાબર કર ભર્યા કરે ત્યાં લગી તેમની કનેથી લેઈ લેવાય નહિ અને તેમનો હક્ક તેમના વારસોને મળે છે. એ ખેડુતોએ આપવાના કર રૂઢિ પ્રમાણે ઠરાવેલા હોય છે અને કેટલાકના કર કાયમ ઠરાવેલા હોયછે અને કેટલાકના કર અમુક કારણોથી માત્ર વધારી શકાય છે. એ ખેડુતોને કહાડી મૂકવાને દીવાની કોર્ટનું હુકમનામું મેળવવું પડે છે અને તે મેળવવાને કર બરાબર આપવામાં આવતો નથી એવું સાબીત કરવું પડે છે. એ પ્રાંતોમાં સોમાં સિત્તર ટકા જમીન મૂળ માલિક અથવા હક્કદાર ખેડુતો ખેડેછે.

બીજા પ્રકારના ખેડુતોને વરસની આખરે કહાડી મૂકી શકાયછે અને તેમણે ભરવાનો કર તેમના અને માલિકના વિચારથી ઠરાવવામાં આવે છે. ખેડુતોએ જમીનમાં સુધારો કર્યો હોય તો તેમને કાઢી મૂકતી વખતે તેની નુકસાની ભરી આપવી પડે છે.

કર નાંખવામાં પહેલે તો જમીનની માપણી થાય છે અને તે પછી જે જિલ્લામાં કર બેસાડવો હોય તે જિલ્લાની સ્થિતિના પ્રમાણમાં તેના ભાગ પાડવામાં આવેછે. તે પછીનું અને સર્વેથી અગત્યનું કામ જમીનનું ગણોત કેટલું આવેછે અથવા નક્કી નફો કેટલો રહેછે તે જોવાનું છે. જેમ મદ્રાસમાં જમીનની ઉપજપર અથવા મુંબાઈમાં આગલા આકારના પ્રમાણમાં કર બેસાડવામાં આવેછે તેમ ઉત્તરહિંદમાં જમીનના ગણોત અથવા નફાના પ્રમાણમાં ઠરાવવામાં આવે છે. એમ ભાગવાર ગણોતનો કર ઠરાવવામાં આવેછે અને પછી તે ગામવાર વહેંચી નાંખવામાં આવેછે. જમીનની શક્તિના પ્રમાણમાં અથવા જમીનને કૃત્રિમ સોઈની અનુકૂલતા હોય તેના પ્રમાણમાં કરની વહેંચણ થાયછે. હિસાબ ગણતાં ગણોત અથવા નફો રહે તેનો નીમે ભાગ સરકારમાં લેવાનું ઠરાવ્યું છે.

એ ઠરાવ ત્રીસ વર્ષની મુદ્દતને માટે કરવામાં આવેછે. વાયવ્ય પ્રાંતોમાં જમીન ધારણ કરનારા જમીનદારો મુખ્યત્વે ચાર પ્રકારના છે–(૧) જમીનદારી રીતિના, એટલે જેમાં ગામની તમામ જમીનનો એકઠો વહીવટ કરી અને બધી ઉપજ ભેગી કરી માલિકો વહેંચી લેછે તે. (૨) ગણોતવારી

રીતિના, એટલે જેમાં ગામની જમીન માલિકો જુદી જુદી ખેડેછે અને પોતપોતાના કરનો હિસ્સો આપે છે તે. આ વર્ગમાં એકાદ માણસનો કર ન ભરાય તો તેની જવાબદારી માત્ર બધાપર હોયછે. (૩) ત્રીજા પ્રકારમાં જમીનદારી અને ગણોતવારીનું મિશ્રણ થયેલું હોયછે, એટલે કેટલીક જમીન સહીઆરી અને કેટલીક વહેંચેલી હોયછે. સહીઆરી જમીનની ઉપજમાંથી પહેલે કર ભરવામાં આવેછે અને પછી જે શિલક રહે તે વહેંચી લેવામાં આવેછે. એમાં ગામની માલિકીના હિસ્સા પ્રમાણે દરેક પ્રકારની જમીનમાં હિસ્સા હોયછે. (૪) ચોથો પ્રકાર ભાઇચારાનો છે. એ પ્રકાર સાધારણ રીતે ત્રીજા પ્રકારના જેવોજ છે; ફેર એટલોજ છે કે દરેક પ્રકારની જમીન હિસ્સાના પ્રમાણમાં માણસદીઠ લીધેલી હોતી નથી. વહીવટ પ્રમાણે હિસ્સો ઠરાવવામાં આવેછે, વંશપરંપરાના હક્ક પ્રમાણે ઠરાવવામાં આવતો નથી. એવા પ્રકારના ગામના કરનો ઠરાવ સરકાર જમીનદારોના પ્રતિનિધિ જેને લંબરદાર કહેછે તેની જોડે કરેછે.

આ પ્રાંતોની મોજણીની પદ્ધતિ દક્ષિણના પ્રાંતોની પદ્ધતિ કરતાં વધારે વ્યાપક છે. ત્યાંની પેઠે જમીનની માપણી અને વર્ગણી કરવામાં આવેછે તો ખરી, પરંતુ તે ઉપરાંત પ્રત્યેક ગામના વહીવટની અને પેટા ખેડુતોની જમીન ધારણ કરવાની પદ્ધતિની તપાસ કરી નોંધ કરવામાં આવેછે. એથી સરકારનો ધારો નક્કી થાયછે એટલુંજ નહિ, પણ જમીન ખેડનારા બધા વર્ગોનો પરસ્પર હક્ક સંબંધ પણ મુકરર થાયછે.

પંજાબ પ્રાંતની જમીન પંડે ખેતી કરનાર ખેડુતના તાબામાં ઘણે પ્રકારે હોવાથી જમીનના પાકના પ્રમાણમાં તેનો કર ઠરાવવામાં આવેછે. જુદા જુદા પ્રકારની જમીનમાં એક પ્રકારનો પાક લેઇ તે કેટલો થાયછે તેની તપાસ કરે છે; એ માટે ઘણાં વરસની હકીકત એકઠી કરવામાં આવેછે અને તેમાં સારાં અને નરતાં વરસની સરાસરી આવ્યાથી ઉપજનું મધ્યમ પ્રમાણ બેશ નીકળેછે. એવી રીતે જે ઉપજ ઠરે તેનો છઠ્ઠો હિસ્સો સરકારમાં લેવામાં આવેછે. પહેલે તો એ આકારણી કેટલાંક ગામોના સમુદાયની એકઠી કહાડીને તે આકાર ગામવાર વહેંચી નાંખવામાં આવે છે. ગામમાં જમીનવાર ફાળો કરવાનું કામ ગામ લોકોને સોંપેલું હોય છે.

વાયવ્ય પ્રાંતોની જમીન ધારણ કરનારાના વર્ગો કહ્યા તેઓમાંના પહેલા બે વર્ગના લોકો પંજાબમાં ઝાઝા નથી. ગણોતવારી અને ભાઇચારી વર્ગના ઘણાખરા લોકો છે. સરકારનો ધારો ભરવાને સારૂ ગામના બધા લોકો જવાબદાર છે, અને એકાદ શખ્સ જમીન છોડી દે તો તેની જોડે ગામની જમીન ખેડનારા માણસો હોય તેમનો તે જમીન મળવાનો પહેલો હક્ક છે.

અયોધ્યા પ્રાંત.—એ પ્રાંત સને ૧૮૫૬ માં ખાલસા થયો. એ પ્રાંતના તાલુકદારો બંગાળાના જમીનદારોના જેવા કેવળ કરના ઇજારદાર નહોતા. તેઓ એ પ્રાંતના અસલના મોટા લોકોમાંના હતા અને તેમનો જમીનપરનો અધિકાર વંશપરંપરાથી અથવા લશ્કરી ઓદ્ધાથી મળેલો હતો. એ

તાલુકદારોના તાબાની જમીનના કરનો ઠરાવ તેમની જોડેજ કરવામાં આવ્યો અને બીજી જમીનના સંબંધમાં તેમના માલિકોની જોડે ઉપર લખેલી પદ્ધતિ પ્રમાણે કર ઠરાવવામાં આવ્યો.

તાલુકદારો જોડે ત્રણવાર ત્રણ પ્રકારના ઠરાવ થયા અને તેનું પરિણામ જમીન ખેડનારા ખેડુતોને નુકસાનકારક થયું. એ પ્રાંત ખાલસા થયા પછી તાલુકદારો હક્કદાર હતા અને તેમના હક્ક કબૂલ રાખવા એ વાજબી હતું, તોપણ તે હક્ક પહેલી માપણી વખતે પાળવામાં આવ્યા નહોતા. એ કારણથી તાલુકદારો વિફરી જઇ સને ૧૮૫૭ ના બળવામાં શામિલ થયા. તે પછી લૉર્ડ કાનિંગે બધા જમીનદારોના હક્ક રદ કરવાનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. એવું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનો હેતુ એ હતો કે પહેલાંની સર્વેથી ઉત્પન્ન થયેલા અયોગ્ય હક્ક નાબુદ થાય અને તાલુકદારોને આગલા હક્ક પ્રમાણે જમીન આપી શકાય. એ હેતુ પાર પડ્યો, પરંતુ બધાની જોડે ખેડુતોના હક્ક માત્ર નાબુદ થયા. બળવા પછી સ્થાયી જમાબંદી કરવાનું મત પ્રબળ હતું અને તે અરસામાં બળવાની પહેલાં તાલુકદારોના તાબામાં જે જમીન હતી તેપર ઉધડ કર લેવાનો તેમની જોડે ઠરાવ કરવામાં આવ્યો. વળી તાલુકદારોમાં વડા છોકરાનેજ વારસો ચલાવવો એવું ઠરાવ્યું અને તેમને વસિયતનામું કરવાનો અધિકાર પહેલાં નહોતો તે આપવામાં આવ્યો. પરંતુ એ વખતે ખેડુતોના હક્કસંબંધી કશો વિચાર કરવામાં આવ્યો નહિ, પણ તાલુકદારોની વિરૂદ્ધ તેમનો હક્ક ચલાવવાનો નથી એવું

ઠરાવ્યું હતું. એમ એ પ્રાંતમાં બે તૃતીયાંશ જમીન તાલુકદારોના કબજામાં છે, અને એક તૃતીયાંશ જમીન નાના ખેડુતો અથવા પ્રાચીન ગ્રામવ્યવસ્થા પ્રમાણે રહેનારા લોકોના તાબામાં રહેલી છે.

ખેડુતોની સ્થિતિ સુધારવાને સને ૧૮૮૬ માં કાયદો કરવામાં આવ્યો અને તેમાં ગણોત વધારવાની અને જમીન લેઈ લેવાની બાબતમાં મહત્વના નિયમ ઠરાવ્યા. હમણા ખેડુતોપર બેસાડેલો કર ૬½ ટકા કરતાં જાદે વધારવો નહિ, કર નિયમસર ભરવામાં આવે ત્યાં લગી જમીન લેઇ લેવી નહિ, અને જમીન લેઈ લેતી વખતે ખેડુતોએ કરેલા સુધારા બદલ નુકસાન ભરી આપવું એવું ઠરાવ્યું છે.

મધ્યપ્રાંતો—આ પ્રાંતોમાં કર ઠરાવવાની પદ્ધતિનો પાયો વાયવ્ય પ્રાંતોની પદ્ધતિપર રચ્યોછે, તોપણ તેમાં સ્થાનિક કારણોથી ઘણો તફાવત પડ્યો છે. વાયવ્ય પ્રાંતોના ધોરણેજ માપણી કરવામાં આવેછે અને તે પ્રાંતોની પેઠેજ ગણોત અથવા નફાનો અડધો હિસ્સો સરકારમાં લેવામાં આવેછે. આ પ્રાંતોમાં જમીન ધારણ કરવાની પદ્ધતિ બંગાળા, મુંબાઈ, અને ઉત્તર હિંદુસ્તાનમાં ચાલતી પદ્ધતિઓમાંની એકેને પરેપરી મળતી નથી; તે જમીનદારી, ગામવારી, અને રૈયતવારી પદ્ધતિઓનું મિશ્રણ છે. એ પદ્ધતિનું બેશ અર્થબોધક નામ મધ્યસ્થ પદ્ધતિ છે. મધ્યસ્થ લોકો એટલે પહેલાં જેમની માર્ફત વસૂલ આવતું હતું તે લોકો અને તેમની જોડેજ ઇંગ્રેજ સરકારે ધારાનો ઠરાવ કર્યોછે. પુષ્કળ

જમીનના માલિક અને વડી શાખાની પુરૂષસંતતિનેજ વારસો ઉતરે છે એવા કેટલાક ખરેખરા જમીનદારો આ પ્રાંતોમાં છે. એમાંના કેટલાક પૂર્વે સરકારના ધારાના ઈજારદારો હતા અને કેટલાક ગામના મુખી હતા અને તેમની જોડેજ ઠરાવ થયો તેવેળા તેમને જમીનનો માલિકી હક્ક મળ્યો. પંજાબ અને વાયવ્ય પ્રાંતોની પેઠે જે ગામોમાં ગ્રામપદ્ધતિ ચાલે છે તે ગામોના મુખીઓના અને જમીનના બીજા માલિકોના સંબંધ તે પ્રાંતોની જમીનદારી અથવા ગણોતવારી પદ્ધતિ પ્રમાણે ઠરાવેલા છે. ઘણાખરા મધ્યસ્થ લોકો જમીનના સ્વતંત્ર માલિક હોઈ તેમનો અને જમીન ખેડનારાનો સંબંધ કાયદાથી ઠરાવેલો છે. એ પ્રાંતોની સર્વે પદ્ધતિનું વળણ પેટા ભાગદારોના હક્ક કાયમ કરવા તરફ છે. એ પ્રમાણે જે પેટા ભાગદારોના હક્ક ઠરાવવામાં આવ્યા છે તેઓને, જેઓની જોડે માલિકી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો નથી તેઓને, અને જે ઈનામી જમીન ખાલસા કરવામાં આવી તે જમીન ખેડનારાઓને જમીનના હલકા દરજાના માલિક ગણવામાં આવે છે; અને તેઓ મધ્યસ્થોની માર્ફત કર ભરેછે. સંબલપુર જિલ્લામાં માત્ર રૈયતવારી પદ્ધતિને કેવળ મળતી પદ્ધતિ લાગુ પાડીછે. એમ આ પ્રાંતોમાં જમીનદારી, ગામવારી અને રૈયતવારી પદ્ધતિઓ થોડી થોડી ચાલેછે.

આસામ પ્રાંત.—આ પ્રાંતમાં બધે ઠેકાણે કરની એકસરખી પદ્ધતિ ચાલતી નથી. એના જુદા જુદા ભાગોમાં ઓછો વત્તો સુધારો થયો છે; તેને અનુસરીને કરની પદ્ધતિ પણ જુદી જુદી છે. બ્રહ્મપુત્ર નદીની ખીણના ભાગોમાં

દરેક ગામમાં એક એક મુખી નીમેલો હોયછે. તે સાધારણ સાંકળવતી વાવેતર જમીનની માપણી કરી અને વર્ગણી કરી વાર્ષિક કર ઠરાવે છે. તે ઠરાવ ડેપ્યુટી કમિશનર તપાસ કરીને મંજૂર કરેછે. ગામનો મુખી કર વસૂલ કરેછે અને તેમાંથી પોતાનું કમિશન કાપી લેઈ બાકીની રકમ સરકારમાં ભરેછે. ખેડુતો કનેથી કર વસૂલ થાય કે ન થાય તોપણ સરકારમાં કર ભરવાની જવાબદારી ગામના મુખીઓને શિર છે. વધારે સુધરેલા ભાગોમાં દશ વર્ષની મુદ્દત બાંધીને કરનો ઠરાવ કરવામાં આવેછે.

સિલહિટ અને ગોલપરા જિલ્લામાં બંગાળાની પેઠે જ સ્થાયી જમાબંદી ઠરાવેલી છે. સિલહિટ જિલ્લામાં જે જમીનનો કર જાથુનો ઠરાવ્યો નથી તે જમીન સરકારની માલિકીની ગણાયછે અને તેના સંબંધમાં વીસ વરસની મુદ્દત બાંધીને ઠરાવ કરવામાં આવેછે. આજુબાજૂની જમીનનું ગણોત આવેછે તેના પ્રમાણમાં કર ઠરાવેછે. કચાર જિલ્લામાં જુદા પ્રકારની પદ્ધતિ ચાલેછે તેને વતનદારી પદ્ધતિ કહેછે. આ જિલ્લામાંની જમીન કેટલાક ખેડુતો મળીને સહીઆરી ખેડે છે અને કર પણ બધા મળીને ભરેછે. કરનો ઠરાવ પંદર વરસની મુદ્દતને માટે કરવામાં આવેછે અને તે ખેડુતોને જમીન હમેશને માટે આપેલી હોયછે અને તે તેઓ વેચી શકે છે. સિલહિટ અને કચાર જિલ્લામાં કરનો ઠરાવ કર્યા પહેલાં માપણી કરવામાં આવેછે.

આ જિલ્લામાં ચા ઉગાડનારાને કાંઇક વધારે અનુકૂળ શરતે પડતર જમીન આપવામાં આવેછે. વળી એ પ્રાંતમાં

માલિકી હક્ક સુદ્ધાં પડતર જમીન વેચવામાં આવેછે.

કેટલાક ડુંગરી ભાગોમાં જમીનના કરને બદલે માત્ર ઘરવેરો લેવામાં આવેછે.

નીચલો બ્રહ્મદેશ—એ દેશમાં અહીંના જેવી ગ્રામ-વ્યવસ્થા નથી. એમાં ક્વિન નામે કેટલીક જમીનનો સમુદાય હોય છે તેપર કર ઠરાવ્યા પછી તે જમીનવાર વહેંચવામાં આવે છે. કર ઠરાવવા માટે મદ્રાસની પેઠે જમીનની ઉપજ ગણી તેમાંથી ખર્ચ બાદ કરેછે એટલુંજ નહિ, પણ જમીન ખેડનાર ખેડુતનો ઘરખર્ચ પણ બાદ કરે છે. ડાંગરના ક્યારડાનો કર દશથી પંદર વરસ લગીની મુદ્દતને માટે ઠરાવવામાં આવે છે.

ઉપલો બ્રહ્મદેશ.—એમાં કાપિટેશન ટૅાથ એટલે માથાવેરો લેવામાં આવે છે. એને થાથમેડા કહે છે. સરકારી જમીનપર માત્ર કર લેવામાં આવે છે, પરંતુ તે ઘણોજ થોડો છે.

જે ભાગોમાં સ્થાયી જમાબંદી થઈ ન હોય તે ભાગોમાં બહુધા ત્રીસ વર્ષની મુદ્દતનો ઠરાવ કરવામાં આવેછે. એ મુદ્દતમાં કોઈપણ કારણથી કર વધારી શકાતો નથી. ત્યારપછી કરની ફરી તપાસ કરવામાં આવે છે. ફરી તપાસણી કરતી વખતે આગલી માપણી થયા પછી ફેરફાર થયો હોય તેનો વિચાર કરવામાં આવે છે. જમીન ધારણ કરનારે પોતાને ખર્ચે જમીનમાં સુધારો કર્યો હોય તો તેને માટે કર વધારવામાં આવતો નથી; જે ત્રણ કારણોથી કર વધારવામાં આવે છે તે ઉપર જણાવ્યાં છે. એ નિયમોનો અમલ કર-

આમાં કઈ માપણીનો આધાર લેવો તે પ્રશ્ન ઉઠે છે. એ બાબતમાં એવું ઠરાવ્યું છે કે જે ઠેકાણે પહેલાંની માપણી બરાબર અને બંને પક્ષને સોઇ પડતી થઈ હોય તે ઠેકાણે ફરી માપણી કરવાની જરૂર નથી, પરંતુ તે પ્રમાણે નહોય તો માપણીથી આરંભીને બધું કામ ફરી કરવું. માપણી અને વર્ગણી એકવાર બરોબર થયા પછી તેને અનુસરીને ગામના કાગળપત્રો બરાબર રાખવા એજ મહત્વનું કામ રહે છે.

આ હક્કના દાખલા જુદા જુદા પ્રાંતોમાં કેવી રીતે રાખવામાં આવે છે અને તે બરોબર રાખવામાં આવે તે માટે હમણા નવી વ્યવસ્થા કેવી રીતની કરવામાં આવી છે તે વિષે લખી આ પદ્ધતિના વર્ણનનો વિષય બંધ કરીશું.

એને લગતા મુખ્ય દાખલા જમીનના નકશા અને તેનાં પત્રકો છે. નકશામાં ખેતરનું ક્ષેત્રફળ, તેનું સ્થળ, અને તેનો નંબર દર્શાવવામાં આવે છે. પત્રકોમાં પણ ક્ષેત્રફળ અને તે જમીન બાગાયત છે કે જિરાયત છે તે દર્શાવી બીજી હકીકત પણ લખવામાં આવે છે. એ હકીકત જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી હોય છે. મુંબાઇ અને મદ્રાસમાં જમીન ધારણ કરનારાનું નામ દાખલ કરી બીજા હક્કદારના હક્કનો નિર્ણય કરવાનું કામ દીવાની કોર્ટને સોંપેલું હોય છે. વાયવ્ય પ્રાંતોમાં એ કામ રજિસ્ટર તૈયાર કરનાર અમલદારજ કરે છે. તેના ઠરાવથી નારાજ થયેલા લોકોને માટે દીવાની કોર્ટનો રસ્તો ખુલ્લો છે. ઉત્તર હિંદના બીજા ભાગોમાં એ ઠરાવપર દીવાની કોર્ટમાં દાવો ચાલતો નથી. ગામવાર અ-

થવા મિલ્કતવાર ઠરાવ થયો હોય તેવારે રજિસ્ટર સિવાય ખેડુતો અને તેમના હસ્તકની જમીન, તે જમીનના માલિક, તેમના હિસ્સા, અને સામટો અથવા જુદો જુદો કર આપવાની તેમની જવાબદારી સંબંધી નોંધ રાખવામાં આવે છે.

પડતર જમીન ખેડવા આપવાની બાબતમાં થોડુંક કહેવા જેવું છે તે એ કે મદ્રાસ અને મુંબાઇ ઇલાકામાં જમીનમાં વાવેતર થાય અથવા તે પડતર હોય, તોપણ સર્વે પદ્ધતિ પ્રમાણે તમામ જમીનની માપણી કરી તે પર કર ઠરાવવામાં આવે છે. તે જમીનમાં વાવેતર થાય છે કે તરતજ તેનો કર શરૂ થાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં કરનો ઠરાવ ગામ જોડે થાય છે તેથી પડતર જમીનમાં વાવેતર થાય તો તેનો ફાયદો બીજી સર્વે થયા પછી સરકારને મળે છે. મુંબાઇ અને મદ્રાસમાં ખેતરપર કર ઠરાવેલો હોવાથી ખેડુતો મરજીમાં આવે ત્યારે ખેતર છોડી દઇ શકે છે. ઉત્તર હિંદની પદ્ધતિ પ્રમાણે એ રીતે થઈ શકતું નથી, કારણ કે ત્યાં ગામવાર કર ઠરાવેલો હોય છે અને ખેડાણના સંબંધમાં ગમે તેવો ફેરફાર થયો હોય તોપણ ઠરાવેલો કર તે ગામને પૂરો કરી આપવો પડે છે.

હપતાથી કર વસૂલ કરવામાં આવે છે. તેની મુદ્દત જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી હોય છે. વરસાદ ઓછો વરસવાથી પાક ન થાય અથવા બીજા કોઇ કારણથી પાકને નુકસાન થાય તો કર વસૂલ કરવાનું કામ થોડી મુદ્દત લગી બંધ રાખવામાં આવે છે. તે માફ કરવો કે નહિ તે પછી-

નો પાક કેવો થાય છે તે જોઇને દરેક વખતે ઠરાવવું એવો નિયમ ઉત્તર હિંદમાં હમણા કરવામાં આવ્યો છે. એવી રીતે કર મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો રિવાજ દક્ષિણ અને પશ્ચિમ હિંદમાં ચાલતી કરની પદ્ધતિનો અંગભૂત ભાગ છે.

હિંદ એ મુખ્યત્વે કરી ખેતીવડે ગુજરાન ચલાવનારો દેશ છે એવું આપણે શરૂઆતમાંજ કહી ગયા છીએ. લૉર્ડ મેયોએ કહ્યું છે કે "આ દેશની સુધારણામાં અને દ્રવ્યની વૃદ્ધિ કરવાના કામમાં આગળ પગલાં ભરવાનો આધાર બીજાં થોડાંક સેંકડો વરસ લગી ખેતીના સુધારા અને વિસ્તારપર રહેશે; ઘણા સમય લગી ખેતીની ઉપજ માત્ર નિકાશ માલનો મુખ્ય ભાગ રહેશે; વેપારમાં સુધારો કરવાને હમણાના ધાન્યના અને ઉત્પન્નના પ્રમાણમાં અને ગુણમાં સુધારો થવો જોઇએ અથવા વેપાર કે હુનરકળાને ઉપયોગી થાય એવા પદાર્થો આ દેશમાં નવા બનવા માંડવા જોઇએ. બીજી કોઇ પણ સરકારનો ખેતી જોડે એટલો નિકટ સંબંધ નથી; હિંદ સરકાર કેવળ રાજ્યકર્ત્તા છે એટલુંજ નહિ, પણ મોટી જમીનદાર પણ છે. જમીનના સુધારાની દરેક બાબતને લીધે સરકારની મિલ્કતની કીમત વધતી જાય છે, વગેરે." એ કારણથી આ દેશમાં ખેતીના પ્રશ્નનો વધારે કાળજીપૂર્વક અભ્યાસ થાય તેટલા માટે સને ૧૮૭૦ માં હિંદ સરકારે ખેતીવાડી ખાતાં જુદાં સ્થાપન કર્યાં અને તે પ્રમાણે જુદા જુદા પ્રાંતોમાં પણ તે ખાતાં કહાડવામાં આવ્યાં છે. હવે એ ખાતાં તરફથી ગામના

કાગળો અને નકશા બરાબર રાખવામાં આવે છે અને ગણોતની યોગ્ય નોંધ વખતે વખતે કરવામાં આવે છે. એમ બરાબર હકીકત લખી રાખી હોય તો તપાસણીની વખતે માપણી કરવાની જરૂર રહે નહિ.

જમીનની મહેસૂલનો વધારો. સને ૧૮૪૦ થી આજ લગીમાં મહેસૂલ બમણી વધી છે તે હેઠલા આંકડા-પરથી જણાશેઃ—

સને૧૮૪૦–૪૧ રૂ.૧૨ કરોડ.	સને૧૮૮૦–૮૧ રૂ.૨૧ કરોડ
સને૧૮૫૦–૫૧ રૂ.૧૫ કરોડ.	સને૧૮૯૧–૯૨ રૂ.૨૪ કરોડ.
સને૧૮૬૦–૬૧ રૂ.૧૮ કરોડ.	સને૧૮૯૨–૯૩ રૂ.૨૪ ૬/૧૦ કરોડ.
સને૧૮૭૦–૭૧ રૂ.૨૧ કરોડ.	

એ આંકડા મુકાબલો કરવા માટે બહુ ઉપયોગી નથી, કારણ કે સને ૧૮૫૮ લગી નવા નવા પ્રાંતો ઈંગ્રેજી રાજ્યમાં ભેળાતા ગયા હતા. સને ૧૮૬૦ ના અરસામાં ઈંગ્રેજી રાજ્યની હદ હમણાના જેવીજ ઠરાવેલી હતી તેથી તે પછીના આંકડા તપાસતાં જમીનની મહેસૂલનો વધારો આશરે તેત્રીસ ટકા થયેલો જણાય છે.

હવે જમીનની મહેસૂલ પ્રાંતવાર કેટલી આવે છે તે દર્શાવવું જોઇએ. જુદા જુદા પ્રાંતોમાં સાલવાર કેટલી મહેસૂલ આવે છે તે આપ્યાથી ઘણું લંબાણ થઈ જાય માટે સને ૧૮૯૨–૯૩ ની વિગત આપી છે. મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૧–૮૨ અને ૧૮૯૧–૯૨ ના આંકડા આપ્યા છે.

પ્રાંતનું નામ.	૧૮૮૧–૮૨	૧૮૯૧–૯૨	૧૮૯૨–૯૩
	રૂપિઆ.	રૂપિઆ.	રૂપિઆ.
હિંદુસ્તાન...	૯,૪૯,૯૮૦	૧૩,૮૬,૭૩૦	૧૩,૯૦,૬૫૦
બંગાળા...	૩,૭૯,૪૩,૮૯૦	૩,૮૬,૭૯,૫૭૦	૩,૮૪,૯૬,૦૯૦
આસામ..	૩૮,૯૩,૮૦૦	૪૬,૬૯,૦૦૦	૪૭,૨૯,૫૦૦
વાયવ્યપ્રાંતો અને અયોધ્યા....	૫,૭૫,૧૧,૦૪૦	૫,૯૩,૦૮,૮૬૦	૫,૯૨,૭૪,૧૪૦
પંજાબ...	૨,૦૫,૧૯,૬૩૦	૨,૩૨,૧૪,૬૧૦	૨,૩૪,૨૭,૦૯૦
મધ્યપ્રાંતો.	૬૧,૩૭,૫૯૦	૭૦,૧૫,૦૭૦	૬૯,૫૦,૩૮૦
બ્રહ્મદેશ.	૧,૦૫,૨૨,૬૨૦	૨,૧૪,૨૦,૩૬૦	૨,૨૬,૭૬,૫૭૦
મદ્રાસ..	૪,૩૫,૪૪,૨૧૦	૩,૯૫,૦૭,૫૮૦	૪,૬૫,૧૦,૭૩૦
મુંબાઈ..	૩,૮૪,૫૭,૪૬૦	૪,૪૪,૫૫,૯૬૦	૪,૫૫,૯૮,૧૩૦
	૨૧,૯૪,૮૦,૨૨૦	૨૩,૯૬,૫૭,૭૪૦	૨૪,૯૦,૫૩,૨૮

આ આંકડામાં ઇરિગેશન ખાતે મહેસૂલની રકમ જાય છે તે ગણી નથી. ઉપલા બ્રહ્મદેશની આવક સને ૧૮૮૬-૮૭ થી આવવા માંડી છે. મદ્રાસ ઇલાકાની સને ૧૮૯૧–૯૨ ની ઉપજ દુકાળને લીધે ઓછી આવી હતી.

જમીનની મહેસૂલ વિગતવાર કેવી રીતે આવે છે તેની સને ૧૮૯૨–૯૩ ની થોડી હકીકત આપીએ છીએ. જમીનનો કર રૂ ૨૩,૦૪,૫૪,૭૪૦, માલિકી હક્કના વેચાણના રૂ ૧૨,૩૨૦, ઇનામની સલામી રૂ ૧,૦૦,૨૬,૯૮૦, પડતર જમીનની હરાજી તથા સરકારે લેવાના કરનો હક્ક નાબુદ કરવા માટે આપેલી રકમ રૂ ૧,૦૭,૩૭૦, માથાવેરો

અને ઘરવેરો—મુખ્યત્વે બ્રહ્મદેશમાં—રૂ ૩૮,૦૭,૬૨૦, સરકારી મિલ્કત સુધારવા બદલ રૂ ૪,૭૩,૬૦૦, પરચૂરણ રૂ ૫૮,૨૨,૦૨૦, ઉપલા બ્રહ્મદેશમાં જમીનના કર સિ ઉપજ રૂ ૫૫,૭૩,૩૧૦, મળી એકંદર રૂ૨૫,૬૨,૭૬,૩૪૦ વસૂલ થયા હતા. એમાંની રૂ ૭૨,૨૩,૦૬૦ ની રકમ પબ્લિક વર્કસ ખાતે જમે થવાની છે તેથી આ ખાતાની ઉપજ રૂ૨૪,૯૦,૫૩,૨૮૦ રહે છે.

હવે જમીનના કરનો બોજો વસ્તીના પ્રમાણમાં તથા દર એકરે કેટલો પડે છે તે નીચેના કોઠાપરથી જણાઈ આવશે. એ આંકડા સને ૧૮૯૧–૯૨ ના છે.

	માણસદીઠ કરનું પ્રમાણ.			વાવેતર જમીનના દર એકરે પ્રમાણ.		
	રૂ.	આ.	પૈ.	રૂ.	આ.	પૈ.
મદ્રાસ...............	૧	૬	૬	૧	૭	૮
મુંબાઈ...............	૧	૧૪	૯	૧	૦	૪
સિંધ...............	૨	૮	૪	૨	૫	૮
વાયવ્યપ્રાંતો.........	૧	૫	૬	૧	૧૨	૧૦
અયોધ્યા............	૧	૨	૦	૧	૯	૧૦
પંજાબ..............	૧	૩	૭	૧	૦	૦
મધ્યપ્રાંતો...........	૦	૧૭	૭	૦	૬	૫
આસામ...........	૦	૧૨	૫	....		
ઉપલો બ્રહ્મદેશ......	૧	૧૨	૧	૨	૧	૧૧
નીચલો બ્રહ્મદેશ.....	૨	૦	૦	૧	૧૩	૮
કુર્ગ.................	૧	૧૧	૮	૨	૯	૮

અજમેર.............	૦	૧૧	૦	....		
મધ્ય પ્રમાણ........	૧	૬	૦	૧	૯	૩
બંગાળા.............	૧	૬	૦			

વાવેતર જમીનના કરના બોજાનું પ્રમાણ જે પ્રાંતોમાં મધ્યસ્થની માર્ફત વસૂલ થાય છે તે પ્રાંતોમાં કેટલું આવે છે તે જાણવાનાં સાધનો નથી. તે પ્રાંતોનાં પત્રકોમાં જમીનદારીની જમીન અને બીજી જમીનની હકીકત એકજ પત્રકમાં હોય છે. એકંદરે હિંદમાં દર એકરે સરાસરી કર રૂ૦-૧૨-૩ આવે છે.

હવે કેટલી જમીનમાં વાવેતર થાયછે અને કેટલી જમીન ખેડવા લાયક છે તે જાણવું જોઇએ. એ હકીકત હેઠલા પત્રકમાં આપી છેઃ—

	સને ૧૮૮૧-૮૨.		સને ૧૮૯૧-૯૨.	
	વાવેતર થયેલી.	બાકી ખેડવા લાયક.	વાવેતર થયેલી.	બાકી ખેડવા લાયક.
	હજાર	એકરના	આંકડા છે.	
મદ્રાસ......	૨૫૦૦૦	૧૮૧૨૪	૨૮૮૨૪	૭૯૬૫
મુંબાઇ......	૨૧૮૬૯	૩૬૦૦	૨૯૯૯૮	૨૦૬૭

સિંધ......	૩૦૫૦	૫૬૫૨	૬૪૪૧	૫૭૬૦
વાયવ્ય પ્રાંતો........	૨૫૧૭૨	૯૨૪૦	૨૭૩૮૪	૭૯૮૦
અયોધ્યા...	૮૨૭૪	૪૦૩૫	૯૪૧૩	૩૨૮૩
પંજાબ.....	૨૩૫૨૩	૨૪૭૫૨	૨૫૭૭૯	૨૪૪૭૨
મધ્યપ્રાંતો..	૧૪૧૪૧	૧૧૮૧૧	૧૭૭૮૬	૯૪૨૭
આસામ....	૨૧૬૭	૧૩૩૨૪	૨૫૫૯	૯૦૧૨
નીચલો બ્રહ્મદેશ......	૩૬૩૯	૨૩૭૨૦	૫૬૬૫	૧૮૫૨૭
ઉપલો બ્રહ્મદેશ......			૪૨૬૬	૧૮૮૩૬
બંગાળા....			૫૨૮૨૮	વિગત નથી.
વરાડ.......			૭૪૮૨	૮૧૪
અજમેર....			૪૧૩	૧૧૦
કુર્ગ........			૧૫૭	૫૪

સને ૧૮૮૧-૮૨ †	૧૨૬૮૩૫	૧૧૪૨૫૮
* સને ૧૮૯૧-૯૨	૨૧૮૯૧૩	૯૯૩૧૩
સને ૧૮૯૨-૯૩	૨૨૧૭૯૮	૮૯૯૨૮

ઉપલા કોષ્ટકપરથી જણાશે કે છેલ્લાં દશ વરસમાં વધારે જમીનમાં વાવેતર થયું હતું.

* એમાં બીજા કેટલાક પ્રાંતોના આંકડા દાખલ છે.

† આ સરવાળો ઉપર આપેલા પ્રાંતોનોજ છે.

લોકમત:—આ ભાગમાં જમીન ધારણ કરવાની અને રકારનો કર નાંખવાની પદ્ધતિ વિષે કહ્યું છે. હવે બે મુદ્દા વિષે લોકોનું મત જુદું છે તે સંબંધી અહીં કહેવાનું છે.

જમીનની મહેસૂલ કર નથી, ગણોત છે એવું ફૉસેટ અને મિલનું મત છે તે વિષે આપણે ઉપર કહી ગયા છીએ. એ મત જોડે પ્રામીન કમિશનરો પણ મળતા આવે છે. એ મત જે લોકોને માન્ય નથી તેઓ કહે છે કે જમીનની મહેસૂલ જમીનનો કરજ છે. ફામીન કમિશને લખ્યું છે કે સરકાર જમીનની માલિક છે અને જમીન ધારણ કરનારા કને ઉપજમાંથી ખર્ચ જતાં શિલક રહે તેમાંથી નજરમાં આવે તેટલી રકમ જૂના વહીવટને અનુસરીને લેવાનો સરકારનો હક્ક છે. નજરમાં આવે તેટલી રકમ એમ ન કહેતાં નિયમિત રકમ એમ કહેવાથી મતભેદ રહેશે નહિ. ખરૂં છે કે પહેલાંના રાજા નજરમાં આવતો તેટલો કર વસૂલ કરતા હતા, પરંતુ તેઓ એ પ્રમાણે લેતા હતા તે વાજબી હતું એમ કહી શકાય નહિ. સરકારે છઠ્ઠા ભાગથી બારમા ભાગ લગી કર લેવો એવું મનુસ્મૃતિમાં લખેલું છે. એ ગ્રંથપરથી સરકાર જમીનની માલિક છે અને જમીન ખેડનારા બધા લોકો સરકારના ખેડુત છે એવું નીકળતું નથી. સરકારના વર્તનપરથી પણ બધી જમીન સરકારની માલિકીની છે એવું જણાતું નથી, કારણ કે તેમ હોત તો સાર્વજનિક કામ માટે જમીન લેવા બાબત સરકારે કાયદો કર્યો છે તેની જરૂર રહેત નહિ. સરકાર જમીનની

માલિક અને જમીન ખેડનારા લોકો ખેડુતો હોત તો સરકારમાં જમીન લેતી વખતે માલિકીના હક્કથી ખેડુતોને જમીન છોડવાને સરકાર કહેત તો ભૂસ થાત, અને ખેડુતોને જમીન ખરીદવાનો, ઘરેણે મૂકવા વગેરેનો હક્ક હોત નહિ. મનુની જે પદ્ધતિ વિષે કહ્યું છે તે મુસલમાનોએ માન્ય કરી નહોતી; તેઓ જીતનારાના સંબંધથી પોતાને બધી જમીનના માલિક કહેવડાવતા હતા. અમે પરંપરા માલિક છીએ એવું ઈંગ્રેજ સરકારનું પણ કહેવું છે. સરકારે કર લેવાની છેવટની હદ્દ ઠરાવી નથી તેથી ખેડુતોને નુકસાન થવાનો સંભવ છે, કારણ કે સરકારનો ખર્ચ વધતો જાય છે તેથી આવક વધારવાને જમીનની ઉપજનો વાજબી કરતાં વધારે હિસ્સો લેવાને સરકારનું સ્વાભાવિક વળણ થશે; અબાધિત વેપારનાં તત્વો લાગુ પાડવાના હેતુથી કસ્ટમ જકાત કહાડી નાંખવાની ભાંજગડ થશે, અને તે માફ થશે, આવકપરનો કર માફ કરવા સારૂ પણ તે કર આપનારા લોકોને તકરાર કરવાની સ્વાભાવિક ઇચ્છા થશે અને તેઓ પણ પ્રયત્ન કરશે; અને આખરે બીજો કર નીકળી જશે એટલે જમીનપર બોજો વધશે અને ખેડુતોની સ્થિતિપર તેની ચમત્કારી અસર થશે. એ કારણથી અમે જમીનના માલિક છીએ એવો વિચાર સરકારે છોડી દેવો જોઇએ. સરકારને નજરમાં આવે તેટલો કર વધારવાનો અધિકાર છે એ મૂળતત્વનું પરિણામ ફરી તપાસ કરતી વખતે સિત્તેર કિંવા એંશી ટકા લગી કર વધારવામાં આવે છે તે હોવું જોઇએ. ઉપજનો કેટલો હિસ્સો લેવો તે સરકારે હમેશને માટે ઠરાવવું જો-

ઇએ અથવા એકંદરે વધારેમાં વધારે કેટલો કર બેસાડવો તે નક્કી કરવું જોઇએ. સરકારજ જમીનની માલિક હોય તો એકજ ઠેકાણે વસ્તી વધતી જાય અને તેપર સરકારનો કર પણ વધારે પડે. જમીનપર ખાનગી માણસોની માલિકી હોય તો તેઓ પોતાની સગવડ જુએ અને લોકોને જમીન મળે નહિ ત્યારે તેઓ પોતાના ગુજરાનને માટે બીજે ઠેકાણે જાય અને તેથી એકજ ઠેકાણે વસ્તી વધેલી રહે નહિ. વળી બીજી બાબત એ છે કે ખાનગી માણસને જે ઉપજ મળે છે તેનો થોડોક ભાગ તો જમીન સુધારવામાં જાય છે; સરકાર માલિક હોય તો તેવું થાય નહિ અને લોકોને બધી બાબતોમાં સરકારપર આધાર રાખવાની ટેવ પડે, તેઓમાં પંડપર આધાર રાખવાનો ગુણ રહે નહિ. હમણા જમીનમાં જેટલું પાકવું જોઇએ તેટલું પાકતું નથી. કર વારેવારે વધે છે, ખેડુતોની માઠી દશા થઈ છે, ખેતીનો સુધારો થતો નથી અને જમીનની માવજત થતી નથી, તથા વસ્તી વધતી જઈ બધી ઉપજ ખાધામાં આવી ધાન્યનો સંગ્રહ થતો નથી, એ હાલની ખરાબ સ્થિતિનાં કારણો છે. એ સ્થિતિ સુધારવાના ઉપાયો સૂચવવામાં આવ્યા છે તે એ કે પોતે લેવાનો ભાગ મુકરર કરી નજરમાં આવે તેટલો કર વધારવાનો હક્ક છે એ મૂળતત્વ સરકારે છોડી દેવું; સાહુકારો તરફથી ખેડુતોને જે ત્રાસ થાય છે તેમાંથી તેમને છોડાવવાને ખેડુતોની પેઢીઓ (બેન્કો) કહાડવી; બાગાયત જમીન વધારી જમીનમાં વધારે ઉપજ થાય એમ કરવું; સરકારના કર બદલ એકી વખતે સામટી રકમ આપી જ-

મીનપરનો બોજો હમેશને માટે દૂર કરવાની સગવડ કરવી; એવું કર્યાથી ઇનામદારોના જેવો નવો વર્ગ ઊભો થશે અને કાયમની માલિકી થવાથી ખેતીમાં સુધારો કરવાને તેમને ઉત્તેજન મળશે. એ પ્રમાણે સરકારી પદ્ધતિના સંબંધમાં લોકોના વિચાર છે.

સ્થાયી જમાબંદી ઠરાવવાના સંબંધમાં હિંદ સરકારની અને વિલાયતની સરકારની વચ્ચે ચાલેલી તકરારનો સાર આપણે ઉપર આપી ગયા છીએ. હવે સ્થાયી જમાબંદી ઠરાવવી એવું જે લોકોનું મત છે તેઓના વિચારનો સારાંશ ટુકામાં આપીએ છીએ.

આ મત માનનારા લોકોના અને વિરૂદ્ધ મત માનનારા લોકોના વિચારમાં ફેર પડવાનું કારણ એ છે કે તેઓ જુદાં જુદાં મૂળતત્વોને વધારે અગત્યનાં ગણે છે. સ્થાયી જમાબંદી ઠરાવવી જોઇએ એવું માનનારા પક્ષના લોકો કહે છે કે કર વારેવારે બદલાયાથી લોકોને જમીનમાં પુંજી રોકી તેને સારી સ્થિતિમાં આણવાની ધીરજ અને ઇચ્છા થતી નથી અને તેથી ખેતીની સ્થિતિ ખરાબ રહેછે. વિરૂદ્ધ પક્ષનું કહેવું એવું છે કે કાળે કરીને ખેતીનો અને બીજો સુધારો થવાથી કર વધારી ઉપજ વધારવાની તક મળે છે તે નહિ મળે. એક પક્ષ દેશની આબાદીપર લક્ષ રાખે છે અને બીજો પક્ષ સરકારી ઉપજ શી રીતે વધે તેપર નજર રાખે છે. સ્થાયી જમાબંદી કરવાની બાબતમાં પહેલાં હુકમ કરવામાં આવ્યો તે વખતે પણ ત્રીજોરીને નુકસાન થશે કે નહિ તેનો વિચાર કર્યો હતો અને તે હુકમ આપનારાઓએ

કરનું નુકસાન થશે તેનું સાટું દેશની આબાદી થવાથી વળી જશે એવું માન્યું હતું. એમ એ બંને મત માનનારા લોકોના વિચારનું ધોરણ છે.

સ્થાયી જમાબંદી નહિ કરવાનો ઠરાવ સરકારે કર્યોછે એવું આપણે ઉપર કહી ગયા છીએ અને તેની પહેલાંની તકરારનો સારાંશ પણ આપ્યો છે. હવે સ્થાયી જમાબંદી ઠરાવવી જોઇએ એવું કહેનારા લોકોના વિચાર આપીએ છીએ. તેમની તકરાર એ છે કે સ્થાયી જમાબંદીની, મુદ્દત બાંધીને કર ઠરાવવાની, અને વરસો વરસ કર ઠરાવવાની ત્રણ પદ્ધતિ અનુક્રમે બંગાળા, વાયવ્ય પ્રાંતો, મુંબાઇ અને મદ્રાસ ઈલાકામાં ચાલે છે. પ્રાંતોની સ્થિતિ જોતાં બંગાળાની સ્થિતિ ઉત્તમ, બીજા વર્ગના પ્રાંતોની સ્થિતિ મધ્યમ, અને જે પ્રાંતોમાં દર વરસે ગણોત ઠરાવવામાં આવે છે તે પ્રાંતોની સ્થિતિ કનિષ્ઠ છે. પહેલાં બંગાળામાં બે તૃતીયાંશ જમીનમાં જંગલ હતું અને તેમાં રાની પશુઓજ વસતાં હતાં. તે જમીનમાં વાવેતર કરવાને થોડી મુદ્દતનો ઠરાવ કર્યાથી લોકોનું મન થશે નહિ એવું વિચારીનેજ લૉર્ડ કૉર્નવૉલસે સ્થાયી જમાબંદી ઠરાવી. તેનું પરિણામ એ થયું છે કે બંગાળામાં ખેતીની સ્થિતિ ઉત્કૃષ્ટ થઇછે અને સરકારનો કર નિયમસર અને થોડે ખર્ચે વસૂલ થાયછે. એવી રીતે સ્થિતિ બદલાઇ ગઈ છે અને હમણાની સ્થિતિ બહુ સારી થઈ છે એવો તે પ્રાંતના લેફ્ટેનન્ટ-ગવર્નરોએ અભિપ્રાય આપ્યો છે, અને તે પ્રાંતના લોકોને દુકાળની આપૂત બીજા પ્રાંતોના લોકો કરતાં ઓછી વેઠવી પડે છે એવું પણ તેમણે કબૂલ કર્યુંછે.

સ્થાયી જમાબંદીની વિરૂદ્ધ જે કારણો આપવામાં આવેછે તેઓમાં દેશમાં સુધારો થવાથી જમીનથી જે વધારે ફાયદો થાયછે તે જમીનદારોને મુફત મળે છે એ એક મુખ્ય કારણ છે. ખરૂં જોતાં એમ નથી. એવું કહેવામાં જમીનના માલિકો પહેલાંનાજ છે, તેમને જમીન મફત મળી છે એવું માની લેવામાં આવે છે, પરંતુ પહેલાં જે જમીનદારો જોડે ઠરાવ થયો હતો તેજ જમીનદારોના કબજામાં જમીન હોય એવા દાખલા બહુજ થોડા છે. ઘણીખરી જમીનદારી પહેલાંના માલિકોના હાથમાંથી બીજા માલિકોના કબજામાં ગઈ છે અને તેમની પૂરી કીમત આપવી પડીછે. જમીનની કીમત તેપરના હક્કના અને તેનાથી થતા ફાયદાના પ્રમાણમાં હોય છે; અને જેઓ જમીનના માલિક થયા છે તેમણે પૂરેપૂરી કીમત આપીને જમીન લીધેલી છે તેથી તેમને જે ફાયદો થાય તે સાટા વગરનો અને મફત છે એમ કહી શકાય નહિ. જમીનદારોને મૂળ જમીન મફત મળેલી એમ પણ થયું નથી; કારણ કે સ્થાયી જમાબંદી ઠરાવી તે વખતે ઘણી જમીન પડતર હતી અને તેમાં જંગલ વધી ગયેલું હતું; કાયમનો હક્ક મળ્યાથી તે લોકોએ ખર્ચ કરી જંગલ કાપી નાંખીને તમામ જમીનમાં વાવેતર કર્યું છે. મૂળ જમીન ખેડવા લાયક કરવાને અસલના જમીનદારોને પુષ્કળ ખર્ચ કરવો પડયો હતો અને હાલના જમીનદારોને ઉપજના પ્રમાણમાં કીમત આપવી પડી છે તેથી જમીનથી થતો ફાયદો મફત મળે છે એવું કહી શકાય નહિ.

મુંબાઇ ઇલાકો ઇંગ્રેજના તાબામાં આવ્યા પછી પહે-

તે ભારે કર બેસાડવાથી ખેડુતોની કંગાલ અવસ્થા થઇ. પછી સરકારમાં તેની દાદ પહોચી યોગ્ય કર બેસાડવામાં આવ્યો. ત્યારપછી અમેરિકાની લડાઇને લીધે ખેતીના માલની કીમત વધી ગઈ હતી અને ખેતીને તેજી આવી હતી તે અરસામાં કરની ફરી તપાસ થયાથી વધી ગયેલી કીમતના પ્રમાણમાં કર બેસાડયો; કિયાં કારણોથી કીમત વધી ગઇ છે તેનો વિચાર કરવામાં આવ્યો નહિ. જ્યાં લગી એકાએક થયેલી સારી સ્થિતિ ચાલુ રહી ત્યાંલગી ઠીક ચાલ્યું. પરંતુ પછી લડાઈ બંધ થવાથી તે કારણથી કીમત વધી ગઈ હતી તે ઘટી ગઈ અને ખેડુતોની દુર્દશા થવા માંડી. કેટલાક દિવસ લગી શિલકમાંથી કર આપ્યો અને તે ખૂટી ગઈ એટલે સાહુકારોની મદદ લેવી પડી. આખરે સાહુકારોનો ત્રાસ સહન ન થવાથી ખેડુતો દંગો કરવાને તૈયાર થયા. એમ ખેડુતો કને કર આપતાં શિલક ન રહ્યાથી દુકાળ પડતાંવારને તેમની ઘણીજ દુર્દશા થઇ; કારણકે દુકાળથી પોતાનું રક્ષણ કરવાનાં સાધનો તેમની કને નહોતાં.

વાયવ્ય પ્રાંતોમાં પણ અગાઉ વરસો વરસ કર ઠરાવવામાં આવતો ત્યાં લગી ખરાબ સ્થિતિ હતી. પછી ત્રીસ વર્ષની મુદ્દતને માટે કર ઠરાવવામાં આવ્યાથી તે પહેલાંકરતાં સુધરી એવું અનુભવથી જણાયું છે.

મદ્રાસ ઈલાકામાં પણ દર વરસે કરમાં ફેરફાર થવાથી ખેડુતોની સ્થિતિ ખરાબ છે, અને દુકાળની વખતે તેમની પણ તેવીજ દુર્દશા થઇ હતી.

એપરથી જે ભાગમાં રૈયતવારી પદ્ધતિ ચાલે છે તે

ભાગમાં ખેડુતોની સ્થિતિ જે ભાગમાં સ્થાયી જમાબંદી ઠરાવી છે તે ભાગના ખેડુતો કરતાં ખરાબ છે. એમ આ પક્ષનું કહેવું છે. સરકારી પ્રમાણોપરથી આપણે એ બાબત સિદ્ધ કરીએ.

પ્રજાની તરફના લોકોને તથા કેટલાક સરકારી અમલદારોને સ્થાયી જમાબંદી પસંદ છે અને તેના ફાયદા તેઓ નીચે પ્રમાણે બતાવે છે. (૧) વારેવારે કરની તપાસ કરવામાં થતો ખર્ચ બચશે. (૨) તપાસ કરતી વખતે લોકોને જે દુઃખ થાય છે તે થશે નહિ. (૩) કરના ઠરાવની મુદ્દત પૂરી થવાના અરસામાં મિલકતની કીમત ઘટેછે તે ઘટશે નહિ. (૪) જમીન સુધારવામાં આવશે, તેપર ખર્ચ કરવામાં આવશે, અને તેથી દેશની આબાદી થશે. (૫) લોકોમાં સમાધાન અને સંતોષ થવાથી જમીનની કીમત વધશે.

અત્યાર લગી આપણે આખા હિંદનો સામાન્ય વિચાર કર્યો. દરેક પ્રાંતમાં સર્વેની અને કર ઠરાવવાની પદ્ધતિમાં ખામી હશેજ, અને નિયમો અમલમાં આણવાની બાબતમાં પણ પુષ્કળ વાંધા લેવા જેવા બનાવો બનતા હશે, પરંતુ તેમની માહિતી મળવી મુશ્કેલ છે, અને તે મળે તોપણ આવા સામાન્ય વર્ણનરૂપ પુસ્તકમાં તે આપવી અશક્ય છે. મુંબાઇ ઈલાકામાં સર્વેના સંબંધમાં કેટલાક વાંધા છે તેનું ટિપ્પણ જે સદ્ગૃહસ્થે એ વિષયનો પૂર્ણ વિચાર કર્યો છે તેણે આ ગ્રંથ રચનારની વિનંતિપરથી આપ્યું છે; તેમાંના કેટલાક મહત્વના મુદ્દા હેઠળ આપ્યા છે; તેઓ ઘણા મહત્વના છે, તેથી તેઓ વિષે હરકોઇનો અભિપ્રાય જુદો હોવાનો સં-

ભવ હોય તોએ સર્વે જણે તેઓ વિષે વિચાર કરી અનુભવ કરી જોવા લાયક તે મુદ્દા છેઃ—

(૧) વધારેલા કરનો દર મંજૂર કર્યા પહેલાં જમીન ધારણ કરનારા લોકોની ફર્યાદ સાંભળવી એવો સરકારનો નિયમ છે, પરંતુ તે અમલમાં લાવતાં તે લોકોને પોતાની ફર્યાદ જણાવવાની યોગ્ય તક આપવામાં આવતી નથી.

(૨) કર વધારતી વખતે તાલુકાનો અને ગામોના સમુદાયનો કર પહેલાં કરતાં સેંકડે ૩૩ ટકાથી વધારે થવો ન જોઈએ, એકાદ આખા ગામનો કર ૬૬ ટકાથી વધારે અને ખેડુતદીઠ બમણા કરતાં વધારે થવો ન જોઇએ, એવી સરકારે હદ ઠરાવી છે તેનું ઘણીવાર ઉલ્લંઘન કરવામાં આવે છે.

(૩) કર જાદે વધારવાથી ખેડુતોથી તે આપી શકાતો નથી અને તેથી જમીનની ફેરબદલી થઈ તે સાહુકારોને હાથ જાય છે. કર વધારવો હોય તો તે યોગ્ય પ્રમાણમાં વધારવો જોઇએ.

૪ સર્વેનું કામ ચાલે છે તેવારે તેની જોડે મુલ્કી કામદારોનો સંબંધ હોતો નથી. એવો સંબંધ હોવાની જરૂર છે. માપણી, વર્ગણી, કરનો ઠરાવ, અને ખેડુતવાર તેનો ફાળો, એ સઘળું કામ થાય છે ત્યાં લગી કલેકટર અને આસિસ્ટંટ કલેકટરને તે કામ તપાસવાની પુરસદ મળતી નથી. બધું કામ તૈયાર થયા પછી તે તેમના અભિપ્રાય માટે જાય છે, પરંતુ તૈયાર થયેલું કામ તપાશી ભૂલો કહાડવાને પુરસદ અને શાસ્રીય જ્ઞાન હોવાની જરૂર છે તે ન હોવાથી

નામની માત્ર તપાસ થાય છે. કલેકટરે અને આસિસ્ટંટ કલેકટરે સર્વેના કામનું જ્ઞાન મેળવવું અને વર્ગણીનું તથા કર ઠરાવવાનું કામ મુલ્કી અમલદારોની સલાહ લેઇને કરવું એ આ સ્થિતિ સુધારવાના ઉપાય છે.

(૫) પહેલેથી દર ઠરાવવામાં સખ્ત નજર રાખવાથી અને કર વસૂલ કરવામાં પણ સખ્તાઇ કરવાથી જે ભાગમાં નિયમસર વરસાદ વરસતો નથી તે ભાગમાં બહુ નુકસાન થાય છે અને એ બાબતમાં વધતી ઓછી સવડ ભરેલી પદ્ધતિ ચલાવવી જોઇએ એવો ખેતીવાડીને લગતા કાયદાના સંબંધમાં થોડા વખતપર કમિશન બેઠું હતું તેણે અભિપ્રાય આપ્યો છે. ખેડુતોની સ્થિતિ કંગાલ થઇ છે અને તેથી રાજ્યને ભય છે એવું લૉર્ડ લાન્સડૉને તે રીપોર્ટમાં પોતાનું મત આપ્યું છે એમ કહે છે.

(૬) કરની પદ્ધતિ મૂળમાં જેણે ઠરાવી હતી તેનો હેતુ બધો ખર્ચ જતાં થોડી રકમ ખેડુતોની કને શિલકમાં રહે એવો હતો; હમણા કર વધારતી વખતે એ નિયમપર દુર્લક્ષ કરવામાં આવે છે. કર બેસાડતી વેળા મનનું વલણ કેવું રાખવું જોઇએ તે વિષે સર જ્યૉર્જ વિનગેટે અભિપ્રાય આપ્યો છે તે મનન કરવા જોગ છે. તે કહે છે કે "ભૂલથી કર ઘણો ઓછો બેસે તો દેશને નુકસાન થાય નહિ, માત્ર તે પ્રમાણમાં સરકારમાં ઓછા પૈસા વસૂલ આવે; પરંતુ બીજી દિશામાં ભૂલ થાય અને કર ભારે બેસાડવામાં આવે તો માત્ર દેશની ખરાબી થાય; એ કારણથી એમાંની એક

ભૂલ ન થાય તેની સાવચેતી રાખવી જોઇએ એવું કહેવાની જરૂર નથી."

(૭) ખેડુતે કરેલા સુધારાને લીધે કર વધારવો નહિ એવો સરકારે નિયમ કર્યો છે. કરની પૂરી તપાસ કરતી વખતે એ નિયમપર લક્ષ આપવામાં આવતું નથી. ગુજરાત અને કોંકણમાં માપણી થઈ તે વખતે એ નિયમનો વધારે અનાદર કરવામાં આવ્યો હતો. કર વધારતી વખતે ગુજરાતમાં જમીનની નીચે પાણી થડમાં છે અને કોંકણમાં સ્થાનિક સ્થિતિમાં એકંદર સુધારો થયો છે એવા સબબો બતાવવામાં આવ્યા છે, પરંતુ તેનું પરિણામ એ થયું છે કે સદરહુ નિયમનો ભંગ થયો. એવું થવાથી જમીન સુધારવાની ઈચ્છા ખેડુતોને થતી નથી.

(૮) સર્વે ખાતાએ કરેલા અન્યાયની દાદ મેળવવાને દીવાની કોર્ટનો રસ્તો કાયદાથી બંધ કર્યો છે.

(૯) કર વધે છે તે ત્રણ કારણોથી વધે છે, (૧) જમીનના વધારે વર્ગ પાડવાથી, (૨) ગામોના જથા પહેલાં કરતાં નાના કરવાથી, અને (૩) કર લેવાની છેવટની મર્યાદાનું પ્રમાણ વધારવાથી.

સને ૧૮૯૪ ની પ્રાંતિક સભામાં સર્વે ખાતાએ કરેલા કામને માટે નીચલો ઠરાવ કરવામાં આવ્યો હતોઃ—

"(અ) સર ફિલિપ વોડહાઉસની કારકીર્દીમાં સને ૧૮૭૪ માં જમીનનો કર ભારે હોવો ન જોઇએ અને કરની અમુક પ્રકારની હદ હોવી જોઇએ એવી મતલબનો સ-

રકારી ઠરાવ થયો હતો; તે પછી લૉર્ડ રેની કારકીર્દીમાં સને ૧૮૮૬ માં જમીનમાં કોઈ પોતાને ખર્ચે સુધારો કરે તો તેપર કર માફ કરવો જોઇએ એવી કાયદાથી બાંહેધરી પણ આપી હતી; એમ છતાં સર્વે ખાતાનું વલણ સ્પષ્ટ રીતે તેની વિરૂદ્ધ વર્ત્તવાનું છે એ બિના અયોગ્ય છે એવો આ સભાનો ખાસ અભિપ્રાય છે. (ર) ગયાં પાંચ વરસમાં સદરહુ ઠરાવ અને કાયદાની વિરૂદ્ધ એ ખાતાએ સખ્તાઈ કરી તેનો સ્થાનિક સરકારે કાંઈ પણ બંદોબસ્ત કર્યો નથી, ઉલટું સર્વે ખાતાના અભિપ્રાય વિરૂદ્ધ સરકારી અમલદારોએજ વધારે નરમાશ ભરેલી સૂચના કર્યા છતાં સરકારે તે નામંજૂર કરી છે તે જોઈ સભાને ખેદ થાય છે. (ક) સર્વે ખાતાનાં સાધનો અને કામની પદ્ધતિ પૂર્ણ દશાએ પહોંચી મોઘવારીના વખતમાં જે મૂળ દર ઠરાવવામાં આવ્યા હતા તેનાથી હમણા વધારે દર ઠરાવ્યા છે તેથી પહેલાંની સુધારણામાં કર વધારતી વખતે જમીન તૈયાર કરવાની મહેનત અને સોંઘવારી એ બે કારણો સરકારે માન્યાં હતાં તે કેવળ નિરૂપયોગી થયાં છે, માટે વિશેષે કરીને કોંકણ પ્રાંતમાં વધારે જમીનપર અથવા ગામની એકંદર જમીનપર કર વધારવાની સૂચના થયેલી છે તે જબરાઈથી બંધ કરવી કે કેમ, તેમજ વરકસ જમીનનો તથા ડાંગરના કયારડાનો કર પૂરેપૂરો માફ કરવાની બાબતમાં સરકારની જામીની હોવાની જરૂર છે કે કેમ, એ વિષે સરકારે પૂર્ણ વિચાર કરવો ઘટે છે. (ર) દેવગઢ તાલુકાની જમીનનું જેટલું ગણોત ખુદ્દ ખોત લોકોને મળી શકે છે તેના કરતાં પણ વધારે કર બેસાડવાનો અ-

ન્યાય કરવાનો રેવિન્યુ સર્વેએ પ્રયત્ન કર્યો છે અને તેનું પરિણામ ખોત લોકોનો હક્ક હળવે હળવે કહાડી નાંખવો એવું આવ્યું છે. આ બિના પણ સભા પૂરીને સરકારના ધ્યાનપર લાવે છે; અને આ શોકકારક સ્થિતિનો બંદોબસ્ત કરવાની તજવીજ સરકારે હજુ કરી નથી તેને માટે સભાને ખેદ થાય છે."

पेटा भाग २ जो.

अफीण.

જમીનના પાકમાં અફીણનો પાક બહુ કીમતી અને મહત્વનો છે. એ પદાર્થનો પ્રાચીન ઇતિહાસ ઝાઝો મળતો નથી, પરંતુ સાધારણ સમજ એ છે કે પંદરમા સૈકામાં મુસલમાનોએ ઇરાનમાંથી એ છોડ આ દેશમાં આણ્યો અને એ છોડની રોપણી પશ્ચિમ કિનારે થયા પછી માળવાપ્રાંતમાં થવા માંડી. અકબર પાદશાહે સરકારની પરવાનગી વગર એ પાક કરવો નહિ એવું ઠરાવ્યું હતું. ઈંગ્રેજ સરકારે અફીણનો ઇજારો સને ૧૭૭૩ માં પોતાને હસ્તક રાખવાનું ઠરાવ્યું તેની પહેલાં ઘણા સમયથી હિંદમાંથી આસપાસના દેશોમાં અફીણ જતું હતું. પ્રથમ ઇસ્ટ ઈંડિઆ કંપની અફીણ પકવવાના હક્કનો ઈજારો લીલામ કરીને આપતી હતી; પરંતુ તેણે કરીને જમીન ખેડનારા લોકોપર ઘણો જુલમ થાયછે અને અફીણમાં પણ ભેગ કરવામાં આવે છે એવુ જણાયાથી સને ૧૭૯૭ માં તેણે અફીણ તૈયાર કરવાનું કામ પોતાને હસ્તક રાખવાનો આરંભ કર્યો.

અફીણથી ત્રિજોરીમાં આવક થાયછે તેના બે પ્રકાર છે. પહેલો પ્રકાર હિંદમાં ખપ માટે જે અફીણ વેચાય છે તેનાપર કર લેવામાં આવેછે તે છે. એ ઉપજની બાબત મોટી નથી અને ઉત્પન્નનો જમાખર્ચ એક્સાઇઝ (કેફી વ-

સ્તુઓપરના કર) ના મથાળા નીચે આવેછે. પરદેશો ખાતે જે અફીણ જાય છે તેની ઉપજ થાયછે તે બીજો પ્રકાર છે. એની ઉપજ વધારે છે. અફીણનો પાક માળવા પ્રાંતમાં, વાયવ્યપ્રાંતો અને અયોધ્યામાં, તથા બહાર પ્રાંતમાં થાયછે. પંજાબમાં પણ સ્થાનિક ખપને માટે થોડું અફીણ ઉત્પન્ન કરવામાં આવેછે. માળવાના અફીણના પાક ઉપર તે સંસ્થાનના રાજ્યકર્ત્તા દેખરેખ રાખેછે અને તે અફીણ પરરાજ્યોમાં મોકલવા સારૂ ઈંગ્રેજી રાજ્યમાં આણવાને જે પરવાનો લેવો પડેછે તેપર ઈંગ્રેજ સરકારની દસ્તૂરી લેવામાં આવે છે. વાયવ્ય પ્રાંતો વગેરેમાં જે અફીણ થાયછે તે પરરાજ્યોમાં મોકલવા લાયક બનાવવાનાં સરકારી કારખાનાં ગાઝીપુર અને પટણામાં છે. અફીણ તૈયાર કરવાનો ઇજારો સરકારનો છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. એની વ્યવસ્થા એ છે કે જમીન ખેડનારાને અફીણ ઉત્પન્ન કરવાના પરવાના સરકાર તરફથી આપવામાં આવેછે અને તૈયાર કરેલું અફીણ સરકાર સિવાય બીજા કોઇને આપવું નહિ એવો તેમાં નિયમ ઠરાવેલો છે. એમ સરકારમાં આવેલું અફીણ સરકારી કારખાનામાં તૈયાર થાયછે અને પછી કલકત્તાના વેપારીઓને પરદેશ મોકલવા માટે લીલામથી વેચવામાં આવેછે. પરવાના વગર હરકોઈ માણસને અફીણનો પાક ઉત્પન્ન કરવાની સખ્ત મના છે, અને તે નીપજાવવાની, અથવા પાસે રાખવાની, અથવા વેચવાની, પરદેશ મોકલવાની, અથવા આ દેશમાં આણવાની બાબતમાં સરકારે નિયમ ઠરાવ્યા છે; અને એ નિયમો તોડનારને એક વરસની

કેદ અને એક હજાર રૂપિઆના દંડની સજા કાયદામાં ઠરાવીછે.

હવાના ફેરફારથી ઘણીવાર અફીણના પાકને નુકસાન થાયછે અને ઉપજ પણ વખતે વખતે ઓછી વત્તી થાયછે, તેથી અગાઉ સરકારની ઉપજ અનિશ્ચિત રહેતી; પરંતુ છલ્લાં પચીસ વરસથી જે સાલમાં સારો પાક થાય તે સાલમાં બધો માલ ન વેચતાં થોડો માલ કારખાનામાં શિલક રાખવાનો વહીવટ સરકારે રાખવા માંડ્યો ત્યારથી એ અનિશ્ચિતપણું બહુ ઓછું થયું છે.

હિંદમાંથી પરદેશ જતું ઘણું ખરૂં અફીણ ચીન જાય છે અને થોડુંક સ્ટ્રેટ્સ સેટલમેન્ટ્સમાં જાયછે. હિંદ સરકારે અફીણનો ઇજારો રાખવો એ નીતિ વિરૂદ્ધ છે અને તેથી કેફી વસ્તુઓનો પ્રસાર થવામાં ઉત્તેજન મળેછે અને ઓસડમાં જેટલું અફીણ જોઇએ તેટલું અફીણ બાદ જતાં ખુશીથી અફીણ ખાધાથી માણસ જાતિભ્રષ્ટ થઈ ખરાબ થાય છે, વગેરે એ વેપારના સંબંધમાં ઠપકો દેવામાં આવે છે. વળી ઇંગ્રેજ સરકારે ચીનાઓને બળાત્કારે અફીણનું વ્યસન લગાડ્યું છે અને દ્રવ્યના કારણથી હિંદનું અફીણ તે દેશ પર લાદવામાં આવે છે એવો પણ ઇંગ્રેજ સરકારને માથે આરોપ મૂકવામાં આવે છે. સને ૧૮૯૩ માં ઈંગ્લાંડમાં અફીણના વેપારની વિરૂદ્ધ લોકોનું મત એટલું તો પ્રબળ થયું કે પાર્લામેન્ટને એ વિષયના સંબંધમાં વિચાર કરવાને કમિશન નીમવું પડ્યું. અફીણનો પાક બંધ કરવો કે કેમ, અને બંધ કરવો તો દેશી રાજ્યોની બાબતમાં શી ગોઠવણ કરવી, સરકારી ત્રિજોરીને અને લોકોને કેટલું અને

કેવી રીતે નુકસાન થશે, અને તેને માટે કેવી વ્યવસ્થા કરવી, અફીણ ખાધાથી કેવું પરિણામ આવે છે, અને એ સઘળી બાબતો વિષે હિંદના લોકોનું મત કેવું છે, એ સર્વે પ્રશ્નોનો વિચાર કરવાનું કામ એ કમિશનને સોંપ્યું છે. એ કમિશનનો રીપોર્ટ હજુ બહાર પડ્યો નથી.

બંગાળાના ખેડુતોને દર એકરે સાધારણ રીતે ૪૦ રૂપિઆની કીમતના અફીણની પેદાશ થાય છે અને ૧૩૦ શેર ખસખસ પણ મળેછે. એ સિવાય ફૂલની પાંખડીની અને પાંદડાંની પણ ઉપજ થાય છે. ત્યાંના ખેડુતો એ પાક બધી જમીનમાં નહિ કરતાં થોડા ભાગમાં કરે છે તેથી પાક ન થાય તોએ ખેડુતોને બધી રીતે નુકસાન થતું નથી. પરદેશ મોકલવાનું અફીણ પેટીઓમાં ઘાલીને રવાના કરવામાં આવે છે; દરેક પેટીમાં ૧૩૩ પાંડ અફીણ હોય છે. એ પેટીઓની કીમત ગયાં વીસ વરસમાં ઉતરતી ગઈ છે. સને ૧૮૬૧–૬૨માં દર પેટીની કીમત રૂ૧,૪૮૦ થી રૂ૧,૫૮૦ લગી ઉપજતી હતી, તે ઘટીને સને ૧૮૯૧–૯૨માં રૂ૧,૧૯૦ થી રૂ૧,૨૧૦ લગી થઈ. એનાં કારણો એ છે કે ચીનમાં અફીણ નીપજવા માંડ્યું છે અને ઇરાનથી પણ જવા માંડ્યું છે, તેથી અહીંના માલનો ખપ ઓછો થતો જાય છે. તે દેશમાં નીપજતા અફીણ કરતાં હિંદનું અફીણ સારૂં હોવાથી તેને લોકો વધારે પસંદ કરે છે.

અફીણની ઉપજ ત્રણ રીતે થાય છે, (૧) બંગાળાના સરકારી કારખાનામાંથી પરદેશ મોકલવા માટે અફીણનું વેચાણ કરે છે તે વડે; (૨) માળવાનું અફીણ ઇંગ્રેજી મૂલકમાં

આણુતાં તેના પરવાનાની ફી લે છે તે વડે; અને (૩) દેશના ખપ માટે અફીણ આપે છે તેની કીમત આવે છે તે વડે; એ ત્રણ રીતે સને ૧૮૯૧-૯૨ માં નીચે પ્રમાણે ઉપજ થઈ હતીઃ—

	ઉપજ રૂપિઆ.	બાદ ખર્ચ રૂ.
બંગાળામાં વેચાણ	૫,૯૫,૪૨,૯૨૦	૧,૮૬,૧૮,૧૩૦
માળવાના અફીણપર દાણ.	૧,૮૪,૪૨,૮૧૦	
દેશમાં ખપ માટે આપેલા અફીણની કીમત ...	૨૧,૩૮,૬૭૦	
	૮,૦૧,૨૪,૪૦૦	

ચોખ્ખી ઉપજ સને	૧૮૯૧-૯૨...	૬,૧૫,૦૬,૨૭૦
એજન	૧૮૯૨-૯૩...	૬,૩૬,૦૬,૮૪૦
એજન	૧૮૮૧-૮૨...	૭,૮૦,૩૨,૨૧૦
એજન	૧૮૯૪-૯૫ બજેટ...	૪,૧૩,૮૩,૦૦૦

પરદેશ મોકલવા સારૂ બંગાળામાં કેટલું અફીણ વેચાયું, માળવાનું અફીણ મુંબાઈ આણવાને કેટલી પેટીઓના પરવાના આપ્યા, અને કેટલી પેટીઓ પરદેશ રવાને થઈ તેની હકીકત નીચે પ્રમાણે છેઃ—

સને	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૨-૯૩
બંગાળામાં પેટીઓ વેચાઈ...	૫૬,૪૦૦	૫૬,૨૫૦	૪૮,૮૫૨
દર પેટીએ આવેલી કીમત રૂપિઆ (આના પાઇ મૂકી દીધાં છે)...	૧,૩૨૩	૧,૦૫૭	૧,૨૪૭

માળવેથી મુંબાઈ આવેલી પેટીઓ..............	૩૧,૧૯૬	૩૦,૬૫૪	૨૭,૮૪૫
પેટી દીઠ ફી....................	૭૦૦	૬૦૦	૬૦૦
કેટલી પેટીઓ પરદેશ મોકલી.	૮૯,૩૩૮	૮૭,૫૫૮	૭૫,૩૮૪

સને ૧૮૯૪ ની આખરે માળવાના અફીણપરની ફીનો દર પચાસ રૂપિઆ વધ્યો.

હિંદમાં અફીણ કેટલું ખપે છે તે બરાબર જણાતું નથી, કારણ કે ઘણાં સંસ્થાનોમાં અફીણ તે તે ઠેકાણાના ખપને માટે પકવવામાં આવે છે, અને માળવામાંથી પરવાનો લેઈને કેટલાક વેપારીઓ અને સંસ્થાનિકો પરભાર્યું અફીણ લેઈ જાય છે, તેથી માળવામાંથી એ કામ માટે એકંદર અફીણ કેટલું જાય છે તેનો હિસાબ રહેતો નથી. મુંબાઇમાં દેશના ખપ માટે સને ૧૮૯૧-૯૨ માં ૨૪,૧૪૨ પોંડ અફીણ આપવામાં આવ્યું હતું અને દર પોંડે દશ રૂપિઆ ઉપજ્યા હતા. હમણા કીમતમાં ચાર આનાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઇલાકાના ઘણાખરા ભાગોમાં દરેક વેન્ડરે ઓછામાં ઓછું કેટલું અફીણ વેચવું તે કમિશનર ઠરાવે છે; એ હદ વેપારની ચઢ ઉતરને લીધે હવે ઠરાવવામાં આવતી નથી, એ નવો સુધારો થયો છે. સને ૧૮૮૧ માં બંગાળામાં ૫૨૫ હજાર પોંડ અને સને ૧૮૯૧-૯૨ માં ૬૧૭ હજાર પોંડ અફીણ આ દેશના ખપને સારૂ આપ્યું હતું. દેશમાં ખપેલા અફીણથી સરકારને સને ૧૮૮૧-૮૨ માં રૂ ૭૯,૯૪,૫૨૦ અને સને ૧૮૯૧-૯૨ માં રૂ ૯૭,૬૫,૧૩૦ ઉપજ્યા હતા. ઉપજમાં વધારો થવાનું કા-

રણ મુખ્યત્વે કરી હમણા બંદોબસ્ત કર્યો છે તેજ છે; એ કારણથી પૂર્વે ચોરીને લાવેલું અફીણ ખપતું, ત્યાં હવે પરવાનાનું અફીણ ખપે છે.

સને ૧૮૯૧ માં હિંદ સરકારનો ખરિતો પાર્લમેન્ટ સભામાં રજુ કરવામાં આવ્યો હતો તેમાંના મુદ્દા એ છે કે પહેલાં કરતાં દુકાનોની સંખ્યા ઘટી છે; સને ૧૮૮૯–૯૦ માં અફીણની દુકાનોનું પ્રમાણ બાવીસ હજાર માણસે એક હતું અને અફીણના બનતા પદાર્થોની દુકાનોનું પ્રમાણ એક લાખ સત્તાણુ હજાર માણસે એક હતું. દુકાનોમાંજ અફીણની બનાવેલી વસ્તુઓ ખાવા દેવાને દુકાનોને પરવાના આપ્યા હતા તે ઓછા કરવાની અથવા રદ્દ કરવાની તજવીજ ચાલતી હતી; મદ્રાસ ઈલાકામાં અફીણ ખાવા પીવાની બાબતમાં સને ૧૮૮૦ લગી પ્રતિબંધ કર્યો નહોતો; એ વરસમાં એ ઇલાકામાં પણ બીજા પ્રાંતોના જેવો બંદોબસ્ત કરવામાં આવ્યો; તેમજ અફીણના વ્યસનનો પ્રસાર ઓછો કરવા સારૂ કેટલાક પ્રાંતોમાં અફીણપરનો કર પણ વધારવામાં આવ્યો હતો; અફીણનું વેચાણ બંધ કરવું અશકય છે, કારણ કે દેશી સંસ્થાનોમાં અફીણની નીપજ થાય છે તે બંધ કરી શકાય તેમ નથી અને ઉત્તર હિંદુસ્તાનના લડાયક લોકોને એનું ઘણુંજ વ્યસન છે; આખા હિંદમાં શુમારે ચાર લાખ માણસો અફીણ ખાય છે.

पटो भाग ३ जो.

एक्साइझ-कैफी वस्तुओपरनो कर.

કેફી વસ્તુઓ ખાવા પીવાનો રિવાજ કેટલાક લોકોમાં બહુ જૂના સમયથી છે. સામટે મેળે જોતાં લોકો નિર્વ્યસની છે. આગલી કારકીર્દીમાં માદક પદાર્થોપર કેટલોક કર લેવામાં આવતો હતો એમ જણાય છે. એ કર આપવાની પદ્ધતિ તકરાર ન થાય એવી રીતે ઠરાવવામાં ઘણી અડચણ પડે છે. એ કામમાં બહુ ગુંચવણ ભરેલો પ્રશ્ન ઉઠે છે. દેશની વિચિત્રતા, કેફી વસ્તુઓ બનાવવાના મૂળ પદાર્થોનું પુશ્કળપણું, વ્યસની લોકોની રીતભાત અને જુદા જુદા રજવાડાનું સમીપપણું, એ સર્વને લીધે ભિન્નભિન્ન પદ્ધતિઓ યોજવી પડેછે અને વગર રજાએ એ પદાર્થો બનાવવાની તથા દાણ ચોરીથી લઈ જવાની સગવડ પણ ઘણી હોવાથી બંદોબસ્ત પણ ઘણી સાવચેતીથી કરવો પડેછે.

આ કરની બાબતમાં કેટલાંક મૂળતત્વોને અનુસરીને સરકાર વર્તેછે. તેઓ નીચે પ્રમાણે છે:—માદક પદાર્થો અને દુકાનોપર ભારે કર નાંખવો; એ પદાર્થોનો વેપાર સરકારના બંદોબસ્ત નીચે રાખવો; એ પદાર્થો વેચવાની દુકાનોની સંખ્યા ગરજના પ્રમાણમાં રાખવી; અને પ્રજાનું મત કેવું છે તેની તપાસ કરી તેને અનુસરીને વ્યવસ્થા કરવાનો બ-

ના શકે તેટલો પ્રયત્ન કરવો. ભારે કર નાંખવાનો હેતુ એ પદાર્થોનો ખપ અટકાવવાનો છે; તથાપિ ઘણી સખ્તાઈ કરવામાં આવે તો વ્યસન દૂર ન થતાં બીજે રસ્તે એ પદાર્થો મેળવવાની પ્રવૃત્તિ થાય, તેથી એવું વળણ થાય તેટલો ભારે કર પણ લેવો ન જોઇએ. એકંદરે બહુજ થોડી ખપતથી જેટલી વધારે આવક કરી શકાય તેટલી કરવી એવો સરકારનો હેતુ છે.

માદક પદાર્થોનો પ્રસાર વગર હરકતે ચાલવા દીધાથી દેશને ફાયદો થતો નથી તેથી તે પદાર્થોનો વેપાર અંકુશમાં રાખવાનો અધિકાર સરકારે પોતાના હાથમાં રાખ્યો છે. સઘળી કેફી વસ્તુઓ વેચવાનો અધિકાર સરકારનોજ છે એવું ઠરાવ્યું છે અને થોડી ફી લઇને તે બનાવવાના અને વેચવાના પરવાના આપવામાં આવેછે. અફીણના સંબંધમાં જે ગોઠવણ કરેલી છે તે વિષે આપણે પાછળ કહી ગયા છીએ. દારૂ સિવાય બીજા માદક પદાર્થો વેચવાના પરવાના જુદા જુદા ભાગોને માટે દર વરસે લીલામ કરીને આપવાનો સાધારણ વહીવટ છે. પરદેશી દારૂ વેચવાના પરવાના પ્રત્યેક દુકાનને માટે દર વરસે કેટલીક રકમ લઇને આપવામાં આવેછે. દેશી દારૂપર કર લેવાના સંબંધમાં માત્ર જુદા જુદા પ્રાંતોમાં જુદો જુદો વહીવટ ચાલેછે. તેનું વર્ણન વિસ્તારથી આગળ આપવામાં આવશે. સાધારણ રીતે એ વહીવટના બે વર્ગ પાડી શકાય. (अ) પહેલા વર્ગની પદ્ધતિમાં વિશેષ એ છે કે એકાદ મધ્ય સ્થળે દારૂ બનાવી તે ત્યાંથી બહાર વેચવા માટે લઈ જતાં તેપર નિયમ પ્રમાણે દાણ

લેવામાં આવે છે. (ब) બીજા વર્ગની પદ્ધતિમાં તૈયાર કરેલા દારૂપર કર લેવામાં આવતો નથી, પરંતુ મૂળ દારૂ બનાવવાનો અને વેચવાનો હક્ક લીલામ કરીને આપવામાં આવેછે. લીલામમાં ઉપજેલી રકમ લીલામ રાખનારો જે દારૂ બનાવે તે દારૂપરનો કર છે. પહેલા વર્ગની પદ્ધતિને સેન્ટ્રલ ડિસ્ટિલરી સિસ્ટમ (મધ્ય સ્થળે ભઠ્ઠી રાખવાની પદ્ધતિ) કહેછે. બીજા વર્ગની પદ્ધતિને આઉટ-સ્ટિલ (બહારની ભઠ્ઠીની) અને ઇજારાની પદ્ધતિ કહેછે. આ પદ્ધતિ પ્રાંતિક સ્થળોના પ્રમાણમાં જુદી જુદી રીતે અમલમાં આવે છે. પહેલા વર્ગની પદ્ધતિ હિંદસરકારને વધારે પસંદ છે અને ઘણાખરા પ્રાંતોના ભરવસ્તીવાળા અને સાધારણ વસ્તીવાળા ભાગોમાં તે ચાલે છે. આછી વસ્તીવાળા, અને મુસાફરીના સંબંધમાં અડચણ ભરેલા અને મધ્ય સ્થળથી દૂર આવેલા ભાગોમાં મધ્યસ્થ ભઠ્ઠીમાંથી દારૂ પૂરો પાડવામાં ઘણો ખર્ચ થાય છે, તેથી એવા ભાગોમાં ઠામ ઠામ દારૂ બનાવી વેચવાના પરવાના આપવામાં આવેછે; અર્થાત્ એવા ભાગોમાં બીજા વર્ગની પદ્ધતિ ચાલેછે.

હવે જુદા જુદા ભાગોમાં એ પદ્ધતિ કેવી રીતે ચાલે છે તે વિષે કહીએ છીએ.

(૧) સેન્ટ્રલ ડિસ્ટિલરી સિસ્ટમ એવી છે કે મધ્યસ્થળે દારૂ ગાળવાનું ઠેકાણું સરકાર નક્કી કરે છે અને તે ઠેકાણે સરકારે પસંદ કરેલા આબરૂદાર માણસોને સરકારી અમલદારોની દેખરેખ તળે દારૂ ગાળવાની પરવાનગી આપવામાં આવે છે. તેમણે દારૂ ગાળ્યા પછી ભઠ્ઠીમાંથી જે દારૂ બહા-

ર વેચવાને લઇ જવામાં આવે તે પર નિયમ પ્રમાણે દસ્તૂરી લેવામાં આવે છે. એવી ભઠ્ઠીઓમાં દારૂ ગાળવાના હક્કનો ઇજારો આપવામાં આવતો નથી. તેમજ સાધારણ રીતે દારૂ ગાળવાનો અને વેચવાનો હક્ક જુદો જુદો રાખવામાં આવે છે. આ પ્રકારની પદ્ધતિ નીચલા બંગાળા, વાયવ્ય પ્રાંતો, અયોધ્યા, અને પંજાબ પ્રાંતમાં ચાલે છે. બ્રહ્મદેશમાં યૂરોપી પદ્ધતિથી જે દારૂ બનાવવામાં આવે છે તે પર આ પદ્ધતિ પ્રમાણે કર લેવામાં આવે છે. મધ્ય પ્રાંતોમાં એજ પદ્ધતિ ચાલે છે, પરંતુ તેમાં થોડો ફેર છે. એ પ્રાંતોમાં તૈયાર થયેલા દારૂપર કર ન લેતાં દારૂ ગાળવામાં જે વસ્તુઓનો ખપ પડે છે તેઓપર લેવામાં આવે છે.

આ પદ્ધતિ પ્રમાણે બનાવેલો દારૂ વેચવાની ગોઠવણ પણ સરકારે પોતાના હાથમાં રાખી છે. દુકાનો કેટલી અને કયે ઠેકાણે ઉઘાડવી તે જિલ્લાનો અધિકારી ઠરાવે છે અને તે દુકાનોમાં દારૂ વેચવાના પરવાના આપે છે અને તેઓને માટે ફી લે છે. એ ફી કેટલેક ઠેકાણે મહીનાની અને કેટલેક ઠેકાણે વરસની મુદ્દતને માટે ઠરાવવામાં આવે છે. તેની રકમ કેટલેક સ્થળે લીલામ કરીને અને કેટલેક ઠેકાણે ટેન્ડરો (માગણીની અરજીઓ) માગીને નક્કી કરવામાં આવેછે.

(૨) મદ્રાસ ઇલાકામાં દારૂ ગાળવાનો અને વેચવાનો હક્ક એકજ માણસને ભેગો આપવામાં આવતો નથી. દારૂ વેચવાના સંબંધમાં આ ઇલાકામાં ઉપર કહ્યા પ્રમાણેજ વહીવટ ચાલે છે. દારૂ ગાળવા માટે આ ઇલાકામાં સરકાર ભઠ્ઠી સ્થાપન કરતી નથી, પણ આબરૂદાર માણસને ફી લે-

ઇને ભઠ્ઠી કરવાની પરવાનગી આપે છે અને તે ભઠ્ઠીમાં સરકારી અમલદારોની દેખરેખ નીચે દારૂ ગાળવામાં આવેછે. આ પદ્ધતિ આ ઇલાકાના ઘણાખરા ભાગમાં ચાલે છે. એને ફ્રી સપ્લાઈ પદ્ધતિ કહે છે. પહેલાં આ ઇલાકામાં એવો વહીવટ હતો કે દારૂ વેચવાને અમુક ભઠ્ઠીમાંથીજ દારૂ લેવો પડતો હતો, અને હમણા ચાલતી પદ્ધતિ પ્રમાણે ગમે તે ભઠ્ઠીમાંથી લાવી શકાય છે; આ બિના વિશેષ રીતે અનુભવમાં આવે તેટલા માટે એ રીતિને ફ્રી સપ્લાઈ (નિષ્પ્રતિબંધ) કહે છે.

(૩) આ ઇલાકાના કેટલાક જિલ્લામાં દારૂ ગાળવાના હક્કનો ઇજારો આપવામાં આવે છે. ઇજારો આપવાની રીત એ છે કે ઇજારદારે દારૂ વેચનારાને તે કિયે દરે આપવો તે ઠરાવે છે અને તે શરત પાળી સરકારને તે ગાળવાના પરવાના બદલ દારૂની કીમતની રકમમાંથી વધારે ભાગ આપવાને જે તૈયાર થાયછે તેને તે હક્ક આપવામાં આવે છે. પછી ઇજારદાર પોતાની ખાનગી ભઠ્ઠીમાં ઉપર કહ્યા પ્રમાણે દારૂ ગાળે છે. આ પદ્ધતિને "દારૂ ગાળવાની ઇજારાની પદ્ધતિ.(ધ સિસ્ટમ ઑવ્ મૉનૉપોલી સપ્લાઇ) કહે છે.

(૪) સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિનો બીજો પ્રકાર મુંબાઈ ઇલાકામાં ચાલે છે તેનો અનુભવ કરી તે બધે ઠેકાણે ચલાવવાનો ઇરાદો છે. દારૂ ગાળવાની તથા વેચવાની પરવાનગી એકજ માણસને જિલ્લાની હદમાંજ અથવા કોઇ ઠરાવેલી હદમાંજ આપવામાં આવે છે. સરકારે સ્થાપન કરેલા દારૂના ફંડમાં સરકારી અમલદારોની દેખરેખ

નીચે ઇજારદારને દારૂ ગાળવો પડેછે, અને તેને તે અમલદારોનો પગાર પણ આપવો પડેછે; ફડમાંથી દારૂ બહાર લઈ જતાં તેપર નિયમ પ્રમાણે કર આપવો પડે છે; દારૂ વેચવાને દુકાનો કેટલી અને કઈ કઇ જગ્યાએ રાખવી, તથા દારૂ વેચવાના દરની કેટલી હદ્દ રાખવી તે સરકાર ઠરાવી આપેછે. દારૂ ગાળવાનો તથા વેચવાનો ઇજારો આપવામાં આવે છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. ઇજારો લેવા માટે લોકોની અરજીઓ મંગાવે છે અને તેમાં નિદાન કેટલા ગાલન (ભઠ્ઠીના) દારૂની ફી ભરવાને અરજદાર તૈયાર છે તે તેની કને લખાવી લે છે, અને જે માણસ વધારે ફી આપવાને તૈયાર થાય છે તેને તે ગાળવાની અને વેચવાની પરવાનગી આપવામાં આવે છે. ઓછામાં ઓછા જેટલા ગાલન કબૂલ કર્યા હોય તેટલા ગાલનપર ફી ભરવી પડેછે અને તે કરતાં વધારે દારૂ બનાવવામાં આવે છે તો નિયમ પ્રમાણે તે બદલ વધારે ફી આપવી પડે છે.

આ પદ્ધતિ મુંબાઈ ઈલાકાના ઘણાખરા ભાગોમાં, અજમેરમાં, અને વાયવ્ય પ્રાંતોના થોડાક ભાગમાં ચાલેછે. એને ગારન્ટીડ મિનિમમ સિસ્ટમ કહેછે.

(૫) સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિનો એક બીજો નમૂનો છે તે એ કે ઉપર ચોથા પ્રકારમાં કહ્યા પ્રમાણે નિદાન અમુક દારૂપર ફી ભરવાને તૈયાર છે એવું ઠરાવી લેઈ વધારે દારૂપર ફી આપવાને તૈયાર હોય તેને ઇજારો આપતા નથી, પરંતુ દારૂપર નિયમ પ્રમાણે ફી આપીને તે ઉપરાંત સર્વેથી વધારે રકમ આપવાને જે તૈયાર હોય તેને દારૂ ગાળવાનો

તથા વેચવાનો પરવાનો આપે છે. એને મૉડિફાઈડ ડિસ્ટિલરી સિસ્ટમ, કહે છે.

આ પદ્ધતિ મદ્રાસ ઈલાકાના કેટલાક ભાગોમાં ચાલે છે. થાણા અને કોલાબા જિલ્લામાં એ પદ્ધતિનો અનુભવ કરી જોયો હતો, અને એને લીધે વગર રજાએ દારૂ બનાવવાની માત્ર પ્રવૃત્તિ થાય છે એવું જણાઇ આવ્યાથી એ પદ્ધતિ છોડી દઇ ચોથા પ્રકારની પદ્ધતિ ચાલુ કરવામાં આવી છે.

એમ સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિના પાંચ પ્રકાર છે.

મદ્રાસ અને મુંબઈ ઈલાકામાં તાડનાં અથવા નાળિએરીનાં ઝાડના રસમાંથી દારૂ બનાવવામાં આવે છે. જે ઝાડોમાંથી તાડી કહાડવામાં આવે છે તેઓપર કર લેવામાં આવે છે અને તે સિવાય તૈયાર કરેલા દારૂપર પણ કર લેવામાં આવે છે.

મધ્યપ્રાંતોમાં દારૂ બનાવવાનો હક્ક આપવાની જુદીજ પદ્ધતિ છે. સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિને તે પદ્ધતિ થોડીક મળતી આવે છે. એ પ્રાંતોમાં સરકાર મધ્ય સ્થળે પૂડ બાંધે છે અને તેમાં આબરૂદાર માણસને પોતાની ભઠ્ઠી કરવાની પરવાનગી આપે છે, અને તેમાં સરકારી અમલદારોની સાધારણ દેખરેખ તળે તે દારૂ ગાળેછે. ભઠ્ઠીમાં જેટલો દારૂ ગાળવાની શક્તિ હોય તેના પ્રમાણમાં જેટલા દિવસ તે ભઠ્ઠી ચાલે તેટલા દિવસની ફી લેવામાં આવે છે. એ પ્રાંતોમાં દારૂ વેચવાનો પરવાનો તે ગાળનારને આપતા નથી; તે હક્ક ઉપર કહ્યા પ્રમાણે લીલામથી આપે છે.

આ પદ્ધતિ પ્રમાણે પંજાબ પ્રાંતના એકજ તાલુકામાં હમણા વહીવટ ચાલુ કરવામાં આવ્યો છે. એ પ્રાંતના અલવર અને ભરતપુર સંસ્થાનોનાં ગામો અને ઈંગ્રેજી ગામો સેળભેળ થયેલાં છે. એ સંસ્થાનોમાં દારૂનો ઈજારો આપવામાં આવે છે તેથી સંસ્થાનનાં ગામોની થડમાંના લોકોને દારૂ સોંઘો મળે છે, અને જે દારૂ માટે સરકારનો વધારે કર ભરેલો તેનો ભાવ કોઇ પૂછતું નથી; એ કારણથી આ ભાગમાં સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિ બંધ કરી મધ્યપ્રાંતોની પદ્ધતિ ચાલુ કરી છે. ઈજારદારે કેટલો દારૂ ગાળવો તેની છેવટની મર્યાદા સરકારે ઠરાવી આપી છે. વધારે દારૂ ગાળવામાં આવેથી તેપર વધારે કર આપવો પડેછે.

ઈજારાની પદ્ધતિ.—પહેલાં દારૂ બનાવવાની અને વેચવાની પરવાનગી ઈજારાથી આપવામાં આવતી હતી. મરજીમાં આવે તેટલો દારૂ તૈયાર કરી નજરમાં આવે તેટલે ઠેકાણે દુકાનો કહાડી ફાવે તે દરે વેચવાની ઈજારદારને છૂટ હતી. ઘણાં વરસથી એ પદ્ધતિ ચાલતી નથી.

વાયવ્ય પ્રાંતો, અયોધ્યા, અને મદ્રાસ ઇલાકાના કેટલાક ભાગોમાં ઈજારાની પદ્ધતિ ચાલેછે; પરંતુ તેમાં દુકાનોની સંખ્યા, દુકાનો અને ભઠ્ઠીઓ રાખવાનાં સ્થળ, કેટલેક ઠેકાણે દારૂ વેચવાનો દર, વગેરે સંબંધી સરકાર નિયમો ઠરાવે છે અને કેટલીક નિયમિત હદ લગીજ લીલામ કરીને અથવા અરજીઓ માગીને પરવાના આપવામાં આવે છે. આ પદ્ધતિ મુંબાઇ ઇલાકાના થોડાક ભાગમાં પણ ચાલે છે. આ ઈલાકામાં એ પદ્ધતિને ઔટ–સ્ટિલ પદ્ધતિ કહેછે.

વાયવ્યપ્રાંતો, અયોધ્યા, આસામ, અને બ્રહ્મદેશમાં ઑટ-સ્ટિલ પદ્ધતિ ચાલે છે. આ પદ્ધતિમાં દારૂ ગાળવા માટે ભઠ્ઠી રાખવાની અને તેમાં બનાવેલો દારૂ નિયમિત દુકાનોમાં વેચવાની પરવાનગી હરાજી કરીને વધારે માગણી કરનારને આપવામાં આવે છે. સાધારણ રીતે એક ભઠ્ઠીને લગતી એકજ દુકાન રાખવાની પરવાનગી આપવામાં આવેછે. ઠરાવેલે ઠેકાણેજ ભઠ્ઠી છે કે નહિ અને ઇજારદાર નિયમો પ્રમાણે વર્તે છે કે નહિ તે પર સરકાર દેખરેખ રાખે છે. સરકારને ઑટ-સ્ટિલ પદ્ધતિ ગમતી નથી; બની શકે છે તેમ તે બંધ કરવાનો સરકાર પ્રયત્ન કરે છે. બંગાળા ઇલાકાના કેટલાક ભાગોમાં તથા પંજાબના એક બે જિલ્લામાં આ પદ્ધતિ ચાલે છે, પરંતુ ત્યાં પણ દારૂ કેટલો અને કિયા ગુણવાળો બનાવવો, ભઠ્ઠી કેવી કરવી, તથા કીમત ઓછામાં ઓછી કેટલી લેવી તે સંબંધી નિયમો કરી દારૂનો ફેલાવો ઓછો કરવાનો પ્રયત્ન ચાલુ છે.

વ્યસનને અંકુશમાં રાખવાને માદક પદાર્થોનો બંદોબસ્ત કરવાની જરૂર છે, તેમ ઉપજ કરવા માટે પણ બંદોબસ્ત કરવાની જરૂર છે. ઘણો ભારે કર બેસાડેલો હોવાથી જોઇએ તે વારે તે વધારી જાસ્તી ઉપજ કરી શકાય એવી એ બાબત નથી. ઉપજમાં કેવી રીતે વધારો થયોછે. તે નીચલા પત્રકપરથી જણાશે. એ વધારો થવાનાં કારણ સખ્ત બંદોબસ્ત અને વસ્તીનો વધારો છે.

કેફી વસ્તુઓની ઉપજ-હજારના આંકડા છે.

સને ૧૮૬૧-૬૨ રૂ૧૭૮૬૧.	સને ૧૮૯૧-૯૨ રૂ ૫૧૧૭૨.
સને ૧૮૭૧-૭૨ રૂ૨૩૬૯૧.	સને ૧૮૯૨-૯૩ રૂ ૫૨૪૨૪.
સને ૧૮૮૧-૮૨ રૂ૩૪૨૭૨.	સને ૧૮૯૪-૯૫ } બજેટ } રૂ૫૩૧૭૭.

માદક પદાર્થોપરનો કર વસૂલ કરવામાં સરકાર કેટલાંક મૂળતત્વોને અનુસરીને વર્ત્તે છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. એ કર કેવી રીતે બેસાડવો તે સંબંધી મતભેદ છે. તેમજ સરકારે એ પદાર્થોની ખપતનો કેટલો અટકાવ કરવો તે વિષે પણ મતભેદ છે. અટકાવ કરવાના પ્રશ્ન જોડે ધર્મની અને સામાજિક પુષ્કળ બાબતોનો સંબંધ હોવાથી એ પ્રશ્ન બહુ ગુંચવણ ભરેલો છે. આ દેશની સ્થિતિનો વિચાર કરતાં બિલકુલ અટકાવ કરવાનું બની શકે તેમ નથી, કારણકે દારૂ બનાવવાના પદાર્થો પુષ્કળ છે અને તે બનાવવાનાં સાધનો પણ ઘણુજ થોડે ખર્ચે મળી શકે છે; તેમજ કેટલીક જાતિઓમાં દારૂ પીવાની ઈચ્છા અને ટેવનું પ્રબળ ઘણું છે. કોઇએ પણ દારૂ પીવો નહિ એવો પૂર્ણ પ્રતિબંધક કાયદો કરવામાં આવે, તોપણ તે અમલમાં લાવવો અશક્ય છે, તેથી તે માત્ર નામનો રહે અને તેણે કરીને લોકોનો કાયદાપર માત્ર અનાદર થાય. સામટે મેળે જોતાં દારૂ અથવા બીજી કેફી વસ્તુઓનું માફકસર સેવન કર્યાથી નુકસાન થાયછે એવું કહી શકાય નહિ અને દારૂ મળે નહિ એમ કરી દારૂ પીવાનું બંધ કરવા કરતાં લોકોનું મન યોગ્ય બંધાઈ તથા વ્યસની લોકોની દારૂથી થતી ખરાબીની ખાતરી થઈ દારૂનો ખપ માફકસર થાય તો ઠીક એવું હિંદ

સરકારનું મત છે.

માદક પદાર્થોના સંબંધમાં કેવી તરેહનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે અને સરકારને કેટલી ઉપજ થાયછે તે વિષે આપણે કહ્યું. હવે સને ૧૮૯૧-૯૨ ના જમાખર્ચની દરેક બાબતવાર વિગત આપી છેલ્લે માદક પદાર્થોનો પ્રચાર અટકાવવાને સરકાર શા ઉપાય યોજવાની છે તે વિષે લખી આ વિષય સમાપ્ત કરીશું.

માદક પદાર્થોના કરના જમાખર્ચનું સને ૧૮૯૧-૯૨નું કોષ્ટક.

બાબત.	સને ૧૮૮૧-૮૨. રૂપિઆ.	સને ૧૮૯૧-૯૨. રૂપિઆ.
લાઇસન્સ ફી, વગેરે.	૧,૫૩,૨૮,૭૭૦	૨,૦૬,૩૩,૫૮૦
ભઠ્ઠીઓની ફી......	૮,૦૫,૦૫૦	૧૭,૪૪,૬૬૦
સ્ટિલહેડ ડ્યુટી......	૮૧,૬૩૫૮૦	૧,૫૩,૬૭,૪૪૦
ભાંગ, ગાંજો, અને અફીણ વેચવાના પરવાનાની ફી....	૩૧,૬૦,૩૬૦	૫૮,૩૩,૫૮૦
હિંદમાં ખપતા અફીણની ડ્યુટી....	૬૬,૧૯,૦૨૦	૭૩,૬૯,૪૫૦
અફીણ ઉગાવેલી જમીનનું ગણોત.......	૩૬,૭૪૦	૪૨,૪૫૦
દંડ અને પરચૂરણ.........	૧,૫૯,૨૨૦	૧,૮૧,૪૮૦

	૩,૪૨,૭૨,૮૪૦	૫,૧૧,૭૨,૬૪૦
ખર્ચ.	૯,૬૮,૮૬૦	૧૯,૦૦,૯૭૦
ચોખ્ખી ઉપજ	૩,૩૩,૦૩,૮૮૦	૪,૯૨,૭૧,૬૭૦

સને ૧૮૯૪-૯૫ ની અજમાયશી ઉપજ.........	૫,૩૧,૭૬,૦૦૦	૫,૧૧,૨૪,૦૦૦
ખર્ચ.	૨૦,૫૨,૦૦૦	
સને ૧૮૯૨-૯૩ ઉપજ.	૫,૨૪,૨૪,૪૩૦	૫,૦૪,૯૪,૩૦૦
ખર્ચ.	૧૯,૩૦,૧૩૦	

હવે પછી સરકાર શા ઉપાયો લેશે તે વિષે કહેવાનું રહ્યુ છે. મૂળતત્વો વિષે તો આપણે પાછળ કહી ગયા છીએ. હવે સરકાર બની શકશે તે પ્રમાણે ઇજારાની અથવા ઑાટ-સ્ટિલ પદ્ધતિ બંધ કરતી જશે; તેને બદલે સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિ ચલાવશે; પરદેશથી આવતા દારૂપર જેટલી જકાત લેવામાં આવે છે તેટલી હદ લગી બની શકશે તેટલો ભારે કર દેશી દારૂપર લેશે; દુકાનોની સંખ્યા ઓછી કરશે; અને જે ઠેકાણે ઑાટ-સ્ટિલ પદ્ધતિ ચાલુ રાખવાની જરૂર હશે તે ઠેકાણે ભઠ્ઠી કેવડી રાખવી અથવા દારૂની કીમત ઓછામાં ઓછી કેટલી રાખવી તેની ગોઠવણ કરશે. એ પ્રમાણે બંદોબસ્ત થવાનો છે.

લોકમત:—હવે આ વિષયના સંબંધમાં પ્રજાનું મત

કેવું છે તે વિષે કહીએ. ઇજારાની પદ્ધતિથી વ્યસન વધતું જાય છે અને સરકાર ઉપજ વધારવા માટે કેફી પદાર્થોનો ફેલાવો કરે છે એવી તકરાર પહેલાં કરવામાં આવતી હતી. હમણા મૂળતત્વોના સંબંધમાં સરકારનું અને લોકોનું એકમત થયું છે; અને સરકારે જે મૂળતત્વો પ્રમાણે વર્ત્તવાનો નિશ્ચય કર્યો છે તે મૂળતત્વો રાષ્ટ્રીય સભાને માન્ય છે. એકજ બાબતમાં સુધારો થવાની જરૂર છે એવું એ સભા કહે છે. હમણા દારૂની દુકાનો કેટલી અને ક્યાં રાખવી તે સરકાર ઠરાવે છે; અને એ બાબતમાં લોકોની ઇચ્છા અમુક તરેહની છે એવું જાણવામાં આવેથી સરકાર તેનો પણ વિચાર કરે છે. રાષ્ટ્રીય સભાની સૂચના એ છે કે એકાદ સ્થળે દુકાન ન રાખવી એવું તે ભાગના રહેવાશીઓના નીમે કરતાં વધારે માણસો જાહેર કરે તો તે દુકાન બંધ કરવાનો નિયમ ઠરાવવો જોઇએ. આ પ્રશ્નનો વિચાર કરી એવો નિયમ કરવો અશક્ય છે એવું સરકારે ઠરાવ્યું છે. સરકાર કહે છે કે આ દેશમાં અનેક જાતિના લોકો છે અને દારૂના સંબંધમાં તેમના વિચાર અને રિવાજ જુદા જુદા છે. દારૂ પીવો એ ધર્મનોજ એક ભાગ છે એવું કેટલાક લોકો માને છે, મુસલમાનો અને હિંદુઓમાંહેલા ઉપલા વર્ગના લોકો દારૂને વર્જ્ય ગણે છે, અને દારૂ પીવો એ ધર્મવિરૂદ્ધ છે એમ માને છે, તેમ બીજા વર્ગના લોકો માનતા નથી; એ કારણથી જે ઠેકાણે હિંદુ અને મુસલમાન લોકોની વસ્તી વધારે હશે ત્યાં દારૂની વિરૂદ્ધ વધારે મત સહજ થશે; અને તેમના મત પ્રમાણે ચાલવાથી બીજા લોકો નાખુશ

થશે એટલુંજ નહિ, પણ અમારા ધર્મની બાબતમાં હરકત કરી એમ પણ તેઓ માનશે એવો સંભવ છે. ઉપર કહેલી સૂચના અમલમાં આવવા માટે દેશના લોકો એક જાતના અને સરખા વિચારના હોવા જોઇએ. દુકાનો ઉઘાડવાનો અથવા બંધ કરવાનો અધિકાર મ્યુનિસિપાલિટીઓને અને લોકલ બોર્ડોને આપવો એવો લોક પક્ષનો અભિપ્રાય છે. એના સંબંધમાં સરકાર કહે છે કે એ સભામાં સભાસદો આવે છે તેઓ ઉપલા વર્ગમાંનાજ હોય છે, તેઓ ઘણા લોકોના પ્રતિનિધિઓ હોતા નથી; તેમજ પ્રતિનિધિઓપર તેમને નીમનારા લોકોનો દાબ જેવો ઈંગ્લાંડમાં હોય છે તેવો અહીં હોતો નથી. એ કારણથી એ સભાઓનું મત તમામ પ્રજાસમાજના પ્રતિનિધિઓની માર્ફત જણાવેલું મત છે એમ કહી શકાય નહિ. એથી ઉપર જણાવેલી અડચણ આ ઉપાયથી દૂર થતી નથી. એ પ્રમાણે સરકારના વિચારની પદ્ધતિનો સારાંશ છે.

पेटा भाग ४ थो.

प्रांतिक कर.

પ્રાંતિક કર સ્થાનિક રસ્તા, નિશાળો, ગામની સફાઈ અને ગામની ટપાલના ખર્ચ માટે અને કેટલાક પ્રાંતોમાં ગામની પોલીસ માટે બહુધા જમીનપરજ લેવામાં આવેછે. જે ભાગોમાં મુદ્દત બાંધીને જમીનનું ગણોત ઠરાવેલું હોય છે તે ભાગોમાં જમીનની મહેસૂલપર એ કરના સેંકડે કેટલાક ટકા લેવામાં આવે છે; જે ભાગોમાં સ્થાયી જમાબંદી ઠરાવેલી હોય છે તે ભાગોમાં જમીનના ગણોતની રકમપર તે લેવામાં આવે છે અને તેનો થોડો ભાગ માલિક કનેથી અને થોડો ભાગ ખેડુતો પાસેથી વસૂલ કરવામાં આવે છે. બંગાળામાં પ્રાંતિક કરોનો નીમે અને વાયવ્યપ્રાંતોમાં એક-ચતુર્થાંશ સરકારમાં લેવામાં આવે છે; બીજા પ્રાંતોમાં એ કરોની ઉપજ બહુધા લોકલ બોર્ડોની માર્ફત સ્થાનિક કામોમાં ખરચાય છે. જમીનની મહેસૂલની જોડે તે વસૂલ કરનારા અમલદારોજ એ કર વસૂલ કરે છે.

એ કર કિયા પ્રાંતોમાં કેવી તરેહના છે તેની સને ૧૮૯૨-૯૩ ની હકીકત હેઠળ આપી છેઃ—

(૧) ડિસ્ટ્રિક્ટ લોકલ ફંડ રસ્તા, નિશાળો, દવાખાનાં, વગેરે સારૂ રૂ ૨,૦૫,૮૨,૭૩૦. વિગતઃ—હિંદ સરકારના તાબાના પ્રાંતો રૂ૨૦,૭૬૦; બંગાળા રૂ૪૦,૯૫,૩૧૦; આસામ

રૂ૫,૪૯,૫૦૦; વાયવ્ય પ્રાંતો અને અયોધ્યા રૂ૪૫,૫૪,૯૦૦; પંજાબ રૂ૨૨,૧૩,૮૨૦, મધ્ય પ્રાંતો રૂ૩,૧૪,૭૨૦; નીચલો બ્રહ્મદેશ રૂ૧૦,૨૦,૮૨૦; મદ્રાસ રૂ૫૧,૫૭,૬૨૦; મુંબાઇ રૂ૨૬,૫૫,૨૮૦.

(૨) જમીનપર પ્રાંતિક કર રસ્તા, નિશાળો, વગેરે માટે રૂ૪૫,૨૮,૪૯૦, વિગતઃ—બંગાળા રૂ૪૧,૯૫,૨૬૦; વાયવ્ય પ્રાંતો રૂ૩,૨૯,૭૨૦; મધ્યપ્રાંતો રૂ૩,૫૧૦.

(૩) જમીનપર પ્રાંતિક કર ફામીન ઇન્શ્યુરન્સ અને નહેરો, તથા રેલવે સારૂ રૂ૨૪,૦૧,૬૨૦. વિગતઃ—વાયવ્ય પ્રાંતો રૂ૧૭,૦૦,૫૯૦; પંજાબ રૂ૫,૫૨,૮૯૦; મધ્યપ્રાંતો રૂ૧,૪૮,૧૪૦.

(૪) પ્રાંતિક ટપાલ સારૂ કર રૂ૫,૧૧,૮૯૦. વિગતઃ-બંગાળા રૂ૪,૩૭,૪૧૦; વાયવ્યપ્રાંતો રૂ૩૬,૬૩૦; મધ્યપ્રાંતો રૂ૩૭,૮૫૦.

(૫) ગામના કામદારો માટે જમીનપર કર રૂ ૮૪,૦૯,૭૨૦. વિગતઃ—હિંદ સરકાર રૂ૩૨,૫૬૦; વાયવ્ય પ્રાંતો અને અયોધ્યા રૂ૨૩,૬૦,૯૨૦; પંજાબ રૂ૧૨,૮૭,૬૮૦; મધ્યપ્રાંતો રૂ૪,૫૭,૧૮૦; મદ્રાસ રૂ૩૯,૦૭,૪૨૦; મુંબાઈ રૂ૩,૬૩,૯૬૦.

(૬) કોર્ટ ઑફ વૉર્ડ્સના તાબાની મિલ્કતપર નોકરોના પગાર સારૂ કર રૂ૧,૩૯,૪૨૦. વિગતઃ—બંગાળા રૂ ૭૬,૬૮૦; પંજાબ રૂ૨૯,૧૭૦; મધ્યપ્રાંતો રૂ૩૩,૫૭૦.

(૭) પરચૂરણ રૂ૪,૯૧,૧૧૦.

સન.	ઉપજ રૂપિઆ.	ખર્ચ રૂપિઆ.
૧૮૮૧-૮૨.........	૨,૮૯,૫૪,૯૦૦	૫,૩૨,૨૬૦
૧૮૯૧-૯૨.........	૩,૫૦,૨૮,૩૭૦	૬,૪૧,૬૬૦
૧૮૯૨-૯૩.........	૩,૭૦,૬૪,૯૮૦	૬,૩૫,૦૮૦
૧૮૯૪-૯૫ બજેટ.	૩,૫૨,૫૩,૦૦૦	૫,૩૦,૦૦૦

પેટાં ભાગ ૫ મો.

કસ્ટમની જકાત.

બળવાના વર્ષ લગી આયાત માલપર સેંકડે પાંચ ટકા પ્રમાણે જકાત લેવામાં આવતી હતી. બળવા પછી જકાતનો દર દશ ટકા કર્યો હતો. સને ૧૮૬૪ માં તે સાડાસાત ટકા થઈ સને ૧૮૭૫ માં ફરીને પાંચ ટકા થયો. તે સાલના કાયદા પ્રમાણે કૉટન ટ્વિસ્ટ (સૂતર) પર સેંકડે સાડાત્રણ ટકા અને લોઢાના તથા રેલવેના સામાનપર એક ટકો દસ્તૂરી લેવાનો ઠરાવ થયો. કાચા માલપર લીધેલા કરનો બોજો તે માલ ખરીદ કરવામાં જે ભંડોળ ખરચાય છે તે પરજ પડે છે અને પરોક્ષ રીતે ભંડોળપરજ કર લીધા જેવું થાય છે, તેથી એ માલપર ઓછી જકાત લેવામાં આવતી હતી.

ઈંગ્લાંડથી જે કાપડ હિંદમાં આવેછે તેમાં લાન્કાશાયરનો માલ પુષ્કળ હોયછે; તેપર જકાત લેવાથી અમારા વેપારને ધોકો પહોંચે છે અને હિંદમાં વધતાં જતાં કારખાનાંને મદદ મળે છે એવી મતલબનો વાંધો ત્યાંના વેપારીઓએ ઉઠાવ્યો. એપરથી એ બાબતમાં વાદવિવાદ ચાલ્યો. સને ૧૮૭૬ માં લૉર્ડ સાલિસ્બરી હિંદખાતાનો સ્ટેટ સેક્રેટરી હતો તેણે આયાત માલપર કર લેવો એ અર્થશાસ્ત્રનાં મૂળતત્વોની વિરુદ્ધ હોઈ તેને લીધે વેપારને અડચણ થાય છે, એવી દલીલ કરી

એ જકાત બનતી ઉતાવળે કહાડી નાંખવાનો હુકમ કર્યો. વળી સને ૧૮૭૭ માં આમની સભાએ સૂતરાઉ માલપરની જકાત, હિંદની દ્રવ્ય સંબંધી સ્થિતિનો વિચાર કરી, બનતી ઉતાવળે રદ્દ કરવાનો હુકમ કર્યો અને તે પ્રમાણે લૉર્ડ લિટનની કારકીર્દીમાં સને ૧૮૭૮ માં કેટલીક બાબતોમાં અને લૉર્ડ રિપનના અમલમાં સને ૧૮૮૨ માં ઘણીખરી બાબતોમાં આયાત માલપરની જકાત કહાડી નાંખી.

આયાત અને નિકાશ માલપર જકાત લેવાના સંબંધમાં કેટલાંક મૂળતત્વો ઠરેલાં છે તે નીચે પ્રમાણે છેઃ— (૧) એકાદ દેશમાં જે જાતનો માલ થાય તે જાતનો માલ પરદેશથી આવે તો તેપર જકાત લેવી નહિ; કારણ કે એવી જકાત દેશમાં થતા માલની સંરક્ષક (પ્રોટેક્ટિવ) થાય છે. આયાત માલપર એવો કર લેવો હોય તો દેશી માલપર પણ કર બેસાડવો. (૨) બની શકે ત્યાં લગી વ્યાપારોપયોગી કાચા માલપર જકાત લેવી નહિ. (૩) કર નાંખવો હોય તો જે પદાર્થોપર કર નાંખવાથી ખર્ચ બાદ જતાં સારી ઉપજ થાય તે પદાર્થોપર માત્ર કર નાંખવો. (૪) નિકાશ માલપર કર બેસાડવાના સંબંધમાં એવો નિયમ છે કે કર બેસાડવો તે જે માલ તે દેશમાંજ વિશેષે કરીને ઉત્પન્ન થતો હોય અને તેજ દેશમાંથી મુખ્યત્વે કરીને બહાર જતો હોય તેપરજ બેસાડવો. સર જૉન સ્ટ્રાચીએ આ કર માફ કરવાની વેળાએ એની બાબતમાં ઉપર લખેલાં મૂળતત્વો જણાવી કહ્યું કે "હિંદમાં સાંપત્તિક દ્રવ્યો પુષ્કળ છે, પરંતુ લોકો ગરીબ

છે, તેથી ભંડોળની અછત છે; એ કારણથી દેશમાંના માલનો ખપ પરદેશમાં જેમ વધારે થાય તેમ સારૂં; હિંદમાંથી દર વરસે વીસ કરોડથી વધારે રૂપિઆ ઇંગ્લાંડ મોકલવા પડેછે અને તેના બદલામાં વેપારની રીતનો કાંઇ પણ અવેજ આવતો નથી; એ રકમ ભંડોળ, અકલ, સામર્થ્ય વગેરેના સંબંધમાં ઇંગ્લાંડ તરફથી આ દેશને મદદ મળે છે તેના બદલામાં છે; આ દેશના વેપારની સ્થિતિ વિશેષ પ્રકારની છે, અને તેની વૃદ્ધિ પણ હજુ ઘણી થવાની છે. ઇંગ્લાંડમાં માણસદીઠ આયાત અને નિકાશ માલની કીમત સરેરાશ વીસ પૌંડ આવેછે, અને હિંદુસ્તાનમાં માત્ર દશ શિલિંગ પડેછે; ત્યાં થોડાક આયાત માલપર જકાત લેવામાં આવે છે તેની સરાસરી માણસદીઠ બાર શિલિંગ આવે છે અને હિંદમાં જકાતી માલની યાદી બહુ મોટી છે, તોપણ માણસદીઠ સરાસરી ત્રણ પેન્સની જકાત પડે છે; એપરથી ઇંગ્લાંડના અને હિંદના વેપારની સ્થિતિ કેવી છે તે જણાઇ આવશે. હિંદની ગરીબાઇ, કળા કૌશલ્યના સંબંધમાં પાછળ પડેલી સ્થિતિ અને વિશેષ પ્રકારની રાજકીય સ્થિતિને લીધે આ દેશના માલનો પરદેશના માલ જોડે અદલોબદલો કરવાને ઘણી સગવડ કરી આપવી પડેછે."

આ ઉતારાપરથી આયાત અને નિકાશ માલપર જકાત લેવાના સંબંધમાં જે મૂળતત્વો છે તે સમજાશે. આ જકાતની સામે ઉપર જે વાંધા બતાવ્યા છે તે દારૂ, અફીણ, અને મીઠાપર લેવાતી જકાતને ઉપલા નિયમો પ્રમાણે લાગુ પડતા નથી, કારણ કે એ પદાર્થોપર આ દેશમાંએ

દસ્તૂરી લેવામાં આવે છે. એ કારણથી બીજા માલપરની જકાત કહાડી નાંખવામાં આવી, તોપણ હથિયારો, દારૂ, અફીણ, અને મીઠાપરની આયાત જકાત અને ચોખાપરની નિકાશ જકાત માફ કરવામાં આવી નહિ. સને ૧૮૮૧-૮૨ માં આયાત અને નિકાશ માલપરની જકાતની ચોખ્ખી ઉપજ બે કરોડ રૂપિઆથી કાંઈક વધારે હતી તે દસ્તૂરી કહાડી નાંખ્યાથી ઘટીને એક કરોડ થઈ. સને ૧૮૯૧-૯૨ માં એ ઉપજ દોઢ કરોડની લગભગ હતી.

આ દેશમાં આયાત અને નિકાશ માલની કીમત સને ૧૮૪૦ માં ૨૧ કરોડ, સને ૧૮૫૦ માં ૩૨ કરોડ, સને ૧૮૬૦ માં ૧૩૮ કરોડ, અને સને ૧૮૯૧-૯૨ માં ૧૯૫ કરોડ રૂપિઆ હતી. આયાત માલપરની જકાત કહાડી નાંખ્યાથીજ એ વધારો થયો એમ નહિ, પણ માલની નિકાશ વધારે થવાને આગગાડી વગેરે સાધનો થયાં છે અને નિકાશ માલ પુષ્કળ ઉત્પન્ન થવાથી, તથા ઈંગ્લાંડમાં શિલકમાં રહેલા માલની કીમત ઉતરવાથી એ વધારો થયો છે. વધારો થવાનું કારણ કેટલેક અંશે કર કહાડી નાંખ્યો તે છે.

અત્યાર લગી આપણે એ કરની સને ૧૮૮૨ લગીની હકીકત આપી. એ વરસમાં આયાત જકાત માફ થયાથી અપ્રતિબંધક વેપારનાં મૂળતત્વો હિંદને પૂરેપૂરાં લાગુ પડ્યાં, અને એ સ્થિતિ સને ૧૮૮૮ લગી બરાબર જારી રહી. સને ૧૮૮૮ માં પેટ્રોલિયમ તેલપર દર ગાલને અડધા આના પ્રમાણે જકાત બેસાડવામાં આવી ત્યારથી સને ૧૮૯૪ ના માર્ચ લગી આ બાબતમાં કાંઇ પણ વધઘટ થઇ

નહોતી. સને ૧૮૭૫ માં જે વસ્તુઓપર જકાત લેવામાં આવતી હતી તેઓમાં સને ૧૮૯૪ ના માર્ચ મહીનામાં કેટલોક ફેરફાર કરી જકાત બેસાડવામાં આવી. એમ પાછાં પગલાં ભરવાનું કારણ ઉપજના પ્રમાણમાં ખર્ચમાં પડતી ખોટ છે.

આ જકાતની વિરૂદ્ધ જે કારણો દર્શાવવામાં આવેછે તે ઉપર આપ્યાં છે. હવે એ કર પ્રથમ લેવા માંડયો તેવારે તેની પુષ્ટિમાં જે કારણો આપ્યાં હતાં અને જેઓની હમણા કર નાંખતી વખતે પુનરૂક્તિ કરવામાં આવી છે તે આપી આ વિષય પૂરો કરીશું. તે કારણો એ છે કે પાંચ ટકા જેટલી હલકી જકાતથી દેશી વેપારને ઉત્તેજન મળતું નથી; અને અપ્રતિબંધક વેપારનાં મૂળતત્વો લાગુ પાડતી વખતે જમા ખર્ચના સંબંધમાં તે દેશની સ્થિતિ કેવી છે તેપર લક્ષ આપવું જોઇએ; ઉપજ ખર્ચની સ્થિતિ સારી ન હોય તો અપ્રતિબંધક વેપારનાં મૂળતત્વો લાગુ પાડવાં ઠીક નથી; અને આ જકાતનો વિચાર કરતી વખતે તે કહાડી નાંખવાથી દેશની કુલ ઉપજથી રાજ્યકારભાર ચાલી શકશે કે નહિ તેનો મુખ્યત્વે વિચાર કરવો જોઇએ, વગેરે.

આયાત માલપર નાંખેલી નવી જકાતથી ખર્ચ જતાં ચોખ્ખી ઉપજ એક કરોડ વીસ લાખ રૂપિઆ થશે એવો અડસટ્ટો કાયદો કરતી વખતે કર્યો હતો. સને ૧૮૯૪–૯૫ ના બજેટમાં આયાત અને નિકાશ માલપરની જકાતની ઉપજ બે કરોડ ચોર્યાશી લાખ રૂપિઆ અને કસ્ટમ ખાતાની કુલ ચોખ્ખી ઉપજ બે કરોડ છાસઠ લાખ રૂપિઆ

થશે એવો અડસટ્ટો કર્યો હતો.

આયાત માલપર ફરી જકાત બેસાડી તે વેળાએ સૂતરાઉ કાપડપર જકાત નાંખી નહોતી અને લોકોને તે ગમ્યું નહોતું. તેમની તકરાર એ હતી કે ખર્ચની અડચણને લીધે જકાત બેસાડવાની જરૂર હોય તો એક પ્રકારના વેપારપર મહેરબાની ન રાખતાં બધા માલપર સરખી બેસાડવી જોઇએ. બ્રાડ્‌ફર્ડનાં ઊનનાં કાપડપર અને સ્ટાફર્ડના લોખંડપર જકાત લેવામાં આવે છે. તો માન્ચેસ્ટરના કાપડપર ન લેવી એ વાજબી નથી. તે માલને એ રીતે બાતલ કર્યાથી ઇંગ્લાંડના વેપારીઓના ફાયદા માટે હિંદના હિતાહિતનો વિચાર કરવામાં આવતો નથી એમ લોકો સમજશે. આયાત માલપર પાંચ ટકા લગી જકાત બેસાડયાથી દેશમાં નીપજતા માલને ઉત્તેજન આપવા જેવું થતું નથી, અને જે જાતનો માલ વિલાયતથી આવેછે તે જાતનો માલ આ દેશમાં ઘણું કરીને બનતોએ નથી. એવો કર બેસાડવાથી આ દેશના લોકોને નુકસાન છે અને લોકો તે ખમવાને રાજી છે. ઉપજ ખર્ચની બાબતમાં સરકારે હિંદના હિતનો વિચાર કરીનેજ વર્તવું જોઇએ.

આ જકાત નહિ બેસાડવાનાં કારણો સરકારની તરફથી કહેવામાં આવ્યાં હતાં તે એ છે કે ઇંગ્લાંડની સરકારને માત્ર હિંદનાજ ફાયદા ગેરફાયદાનો વિચાર કરીને બેશી રહેવાનું નથી; ઇંગ્રેજી રાજ્યમાંના બધા દેશો વિષે વિચાર કરવો જોઇએ, તેથી ઇંગ્લાંડના ફાયદા ગેરફાયદાનો પણ વિચાર કરવો જોઇએ. એ જકાત બેસાડવાથી લાન્કાશાયરના

વેપારીઓને નુકસાન થયું હોત, અને તેમણે એ જકાત બેસવા ન દેવાના સંબંધમાં ખટપટ કરી હોત અને તેણે કરીને બંને દેશોની વચ્ચે સલૂકાઈ છે તેને ધોકો પહોચ્યો હોત. પહેલાં જે જકાત પાર્લમેન્ટની ભલામણથી માફ કરી હતી તે ફરીને પાર્લમેન્ટની મંજૂરી વગર બેસાડી શકાય તેમ નહોતું; મંજૂરી માગ્યા પહેલાં નાણાંના સંબંધમાં કાયદો કરવામાં આવ્યો હતો તેનું પરિણામ દેશમાં કેવું થાય છે તેનો અનુભવ કરી જોવો હતો.

એ પ્રમાણે અનુભવ કરી જોયાથી ઉપજ ખર્ચનો મેળ પહેલાં બેસાડેલી જકાતથી મળતો નથી એવું જણાઈ આવ્યું; તેથી સને ૧૮૯૪ ના ડીસેમ્બર મહીનામાં પરદેશથી આવતા કાપડપર પાંચ ટકા જકાત બેસાડી. એજ વેળા આ દેશમાંનાં કારખાનાંમાં ૨૦ નંબર કરતાં બારીક માલ બને છે તેપર પણ પાંચ ટકા કર બેસાડયો. તે બેસાડવાનાં કારણો એવાં આપવામાં આવ્યાં છે કે પાર્લમેન્ટે કરેલા ઠરાવનો હેતુ એ છે કે હિંદમાં લેવાતી જકાત દેશમાં બનતા માલની સંરક્ષક હોવી ન જોઈએ; તેથી પરદેશથી આવતા સૂતરાઉ કાપડપરની જકાત દેશમાં બનતા માલની સંરક્ષક ન થાય તેટલા સારૂ દેશી માલપર તેવો કર બેસાડવાની જરૂર છે. એમ કરવાનો સ્ટેટ સેક્રેટરીનો હુકમ આવ્યો હતો અને હિંદ સરકારે તે હુકમ અમલમાં આણ્યો છે. એ પ્રમાણે દેશી માલપર કર બેસાડયો તે લોકોને પસંદ નથી. લોકપક્ષનું કહેવું એ છે કે કારખાનાંનો વેપાર હમણાજ વધવા માંડયો છે તેને એ કરથી ધોકો પહોચશે, પાંચ ટકા જકાત

દેશી માલની સંરક્ષક થતી નથી, તેમજ જે જાતનો માલ ઇંગ્લાંડથી આ દેશમાં આવે છે તે જાતનો માલ આ દેશનાં કારખાનાંમાં સેંકડે છ ટકાએ બનતો નથી; પરદેશી માલપરની જકાત દેશી માલની સંરક્ષક થવાને તે પુષ્કળ બનવો જોઇએ, તે પ્રમાણે ૨૪ નંબરના સૂતર કરતાં બારીક માલ બહુજ થોડો બને છે; જકાત બેસાડવી હોય તો તેની ઉપજ સારી થવી જોઇએ તેવી એ જકાતથી થતી નથી; જાપાન દેશમાં કારખાનાં થયાં છે અને ત્યાંનું કાપડ ચીન વગેરે દેશોમાં હિંદના માલની જોડે ટક્કર ઝીલે છે, તેથી એવા વખતમાં કારખાનાંની વૃદ્ધિનો અટકાવ થાય એવું સરકારે કાંઈ પણ કરવું ન જોઇએ. સરકારની તરફથી જે કહેવામાં આવ્યું તે વિષે સ્ટેટ સેક્રેટરીના હુકમમાંજ જણાવ્યું છે અને એવું કહેવામાં આવ્યું કે મૂળ હુકમ પાર્લમેન્ટનો છે, તે અમલમાં આણવાને શી તજવીજ કરવી અથવા ન કરવી તે જાણવાનાં સાધનો સ્ટેટ સેક્રેટરીની કનેજ છે, અને વેપારની સ્થિતિનો તથા ઇંગ્લાંડ અને હિંદુસ્તાનના લાભ અને નુકસાનનો વિચાર કરીને તેણે હુકમ કર્યો છે એમ પણ કહેવામાં આવ્યું.

કસ્ટમ જકાતની ઉપજની હકીકત હેઠળ આપી છેઃ-

ઉપજ.	સને ૧૮૮૧-૮૨. રૂપિઆ.	સને ૧૮૯૧-૯૨ રૂપિઆ.
આયાત માલની જકાત.........	૧,૫૬,૨૩,૫૦૦	૭૯,૬૪,૮૧૦
નિકાશ માલની		

જકાત..........	૭૬,૭૯,૬૯૦	૮૮,૧૯,૫૭૦
બીજી ઉપજ...	૩,૧૦,૬૯૦	૨,૨૮,૫૦૦
	૨,૩૬,૧૩,૮૮૦	૧,૭૦,૧૨,૮૮૦
ખર્ચ..........	૧૯,૫૧,૧૩૦	૧૩,૬૩,૬૩૦*
ચોખ્ખી ઉપજ.	૨,૧૬,૬૨,૭૫૦	૧,૫૬,૪૯,૨૫૦
સને ૧૮૯૨-૯૩ ઉપજ.	૧,૬૧,૭૬,૩૩૦	૧,૪૭,૬૯,૯૯૦
એજન ખર્ચ.×	૧૪,૦૬,૩૪૦	
સને ૧૮૯૪-૯૫		
અડસટ્ટેલી ઉપજ.	૨,૮૭,૨૯,૦૦૦	૨,૬૬,૩૪,૦૦૦
એજન ખર્ચ...	૨૦,૯૫,૦૦૦	

---

* એ સિવાય પાછી આપેલી રકમ રૂ૪,૬૯,૭૭૦ છે. એ રકમ ૨૨૨ अ મા પાનામાં આપેલા કોષ્ટકમાં ખર્ચમાં ગણેલી છે.

× એ સિવાય પાછી આપેલી રકમ રૂ૫,૮૩,૩૬૦ છે.

પેટા ભાગ ૬ ટ્ઠો.

સ્ટાંપ.

સ્ટાંપની ઉપજ પહેલ વહેલી સને ૧૭૯૭–૯૮ માં આવવા માંડી. તે સાલમાં વીસ હજાર રૂપિઆ ઉપજ્યા હતા. સને ૧૮૫૯–૬૦ માં ઉપજ વધી ૬૮ લાખ રૂપિઆ થઈ. પછી સને ૧૮૬૦–૬૧ માં સ્ટાંપનો નવો કાયદો થવાથી સ્ટાંપની ઉપજ ઝપાટાબંધ વધી ગઇ. એ કાયદો વિલાયતના કાયદાના નમૂના પ્રમાણે કર્યો હતો અને તેમાં આ દેશની સ્થિતિનો વિચાર કરી પક્ષકારોને તથા વેપારીઓને ફાવતી આવે એવી ગોઠવણ કરવામાં આવી હતી

સ્ટાંપ બે પ્રકારના છે, ૧. ન્યાયના કામમાં ખપ લાગે એવા અને ૨. વેપારને લગતા વ્યવહારમાં કામ આવે તેવા. ન્યાયખાતાંમાં ખપ લાગે એવી ટીકીટોનો દર સને ૧૮૭૦ ના ૭ મા કાયદાથી ઠરાવ્યો છે તે અદ્યાપિ ચાલુ છે. વેપારને લગતા સ્ટાંપનો કાયદો સને ૧૮૭૯ નો ૧ લો છે. ખરાબ વરસમાં લખાવી લીધેલા કરજાઉખત ઉપરથી સાહુકારો સારી મોસમની સાલમાં દાવા કરે છે તેથી જે સાલમાં સ્ટાંપની ઉપજ વધે તે સાલ ખેડુતોને માટે સારી જાણવી એવું કેટલાક સમજે છે; પરંતુ ઉપજના કોષ્ટકપરથી તેના ખરાપણાની ખાતરી થતી નથી, અને થવાનો સંભવ પણ નથી; કારણ કે આખા હિંદમાં એકદમ ઘણો વરસાદ વરસે છે અથવા નઠારો પાક થાય છે એવું બનતું નથી. સારો પાક થાય છે તેવારે ખેડુતો સાહુકારોનું દેવું પતાવતાજ નથી એવું માનવાને પણ આધાર નથી; તેમજ

સાહુકારો નઠારા વરસમાં ભવિષ્યના ફાયદાપર નજર રાખી એડુ તોને પોતાના કબજામાં લાવી મૂકતા નથી એમ પણ કહી શકાતું નથી. એ કારણથી આ બાબતમાં કાંઇ પણ નક્કી અનુમાન થઇ શકતું નથી.

વસ્તીની સંખ્યાના પ્રમાણ જોડે એ ઉપજનું પ્રાંતવાર પ્રમાણ સરખાવી જોતાં મુંબાઇ અને બંગાળામાં માણસદીઠ બીજા પ્રાંતો કરતાં વધારે પ્રમાણ આવે છે અને ઉપજના વધારાનું પ્રમાણ જોતાં મુંબાઇ અને મધ્યપ્રાંતોનો નંબર ઉપર આવે છે.

સને ૧૮૮૧-૮૨ અને ૧૮૯૧-૯૨ માં સ્ટાંપની ઉપજ તથા ખર્ચની હકીકત નીચે પ્રમાણે હતી:—

ઉપજ.	સને ૧૮૮૧-૮૨.	સને ૧૮૯૧-૯૨.
	રૂપિઆ.	રૂપિઆ.
કોર્ટ ફી સ્ટાંપનું વેચાણ ...	૨,૩૦,૧૫,૧૧૦	૨,૮૮,૭૭,૭૪૦
સાધારણ સ્ટાંપનું વેચાણ.	૧,૦૧,૯૮,૯૧૦	૧,૨૯,૭૨,૮૧૦
બીજા પ્રકારની ઉપજ ...	૫,૯૯,૭૦૦	૭,૭૧,૦૧૦
† પૈકી બાદ પાછી આપેલી રકમ............	—૩,૭૭,૦૭૦	—૪,૭૧,૯૮૦
કુલ ઉપજ...	૩,૩૪,૩૬,૬૫૦	૪,૨૧,૪૯,૫૮૦
ખર્ચ.		
દેખરેખ રાખનારા અમલદારો, તેમની કચેરીઓ, અને કંટિંજન્ટ	૧,૮૭,૮૧૦	૧,૫૭,૫૮૦

† ૨૨૨ અ મા પાનામાં આપેલા કોષ્ટકમાં પાછી આપેલી

સ્ટાંપના વેચાણનો ખર્ચ.....	૫,૮૯,૮૦૦	૭,૩૭,૭૩૦
	૭,૭૭,૬૧૦	૮,૯૫,૩૧૦
ઈંગ્લાંડમાં ખર્ચ અને હુંડી-આમણ................	૩,૨૮,૬૨૦	૪,૮૯,૧૬૦
કુલ ખર્ચ........	૧૧,૦૬,૨૩૦	૧૩,૮૪,૪૭૦
સને ૧૮૯૪–૯૫ ના બજેટમાં ગણેલી ઉપજ................		૪,૫૬,૧૮,૦૦૦
એજન ખર્ચ...........		૧૭,૯૦,૦૦૦
સને ૧૮૯૨–૯૩ ની ઉપજ............		૪,૪૪,૮૫,૪૦૦
એજન ખર્ચ.......		૧૯,૫૦,૦૮૦

રકમ ખર્ચમાં દાખલ કરી છે અને અહીં ઉપજમાંથી બાદ કરી છે.

પેટા ભાગ ૭ મો.

મીઠું.

હવે આપણે મીઠાની ઉપજનો વિચાર કરીએ.

હિંદમાં ચાર રીતે મીઠું થાય છેઃ—(૧) સમુદ્રમાંથી; (૨) ડુંગરોમાંથી; (૩) ભીની પચપચી જમીનમાંથી; અને (૪) ખારી માટીમાંથી. મુંબાઇ, મદ્રાસ, અને ઓરિસા પ્રાંતના કિનારાપર સમુદ્રમાંથી મીઠું પકવે છે. બ્રહ્મદેશમાં પણ સમુદ્રમાંથી થોડું મીઠું પકવવામાં આવે છે. ડુંગરી મીઠું પંજાબમાં, કોહાક પ્રાંતમાં, મંદી સંસ્થાનમાં અને કાંગ્રાની ખીણમાં નીકળેછે. ત્રીજી જાતનું મીઠું રજપુતાનાના સાંભર સરોવરમાંથી અને પંજાબમાં તથા ખારાઘોડામાં ખારા પાણીના કૂવામાંથી બનાવવામાં આવેછે. ચોથી જાતનું મીઠું પતીઆળા, ગ્વાલિયર, અને દતિયા સંસ્થાનોમાં થાય છે. બંગાળા ઇલાકામાં ઈંગ્લાંડના ચેશાયર પરગણામાંથી તથા અરબસ્તાન અને જર્મનીમાંથી પણ મીઠું આવેછે.

પહેલાં જુદા જુદા પ્રાંતોમાં મીઠાના કરનો દર જુદો જુદો હતો, પરંતુ સને ૧૮૮૨ માં બધા પ્રાંતોમાં બહુધા સરખો દર ઠરાવ્યો. અગાઉ બ્રિટિશ મૂલકની બહારના પ્રાંતોમાં અને દેશી સંસ્થાનોમાં પુષ્કળ મીઠું પાકતું હતું, તેથી મીઠાપર કર લેવામાં ઘણી અડચણ પડતી હતી. સરકારનો કર આપ્યા વગર સરકારી હદમાં મીઠું આવે નહિ અને જે પ્રાંતમાં ઓછો કર હોય તે પ્રાંતમાંથી વધારે કર લેવામાં આવતો હોય

તેવા પ્રાંતમાં મીઠું જાય નહિ તેટલા માટે ઘણો જાપતો રાખવો પડતો. દેશી રાજ્યોમાંહેલાં મીઠાનાં કારખાનાં સરકારને હસ્તક આવ્યા સિવાય અને જુદા જુદા પ્રાંતોમાં એકસરખો કર થયા સિવાય આ બાબતમાં સુધારો થઇ શકે તેમ નહોતું. હમણા તમામ દેશી સંસ્થાનો જોડે કરાર કરી મીઠાનાં કારખાનાં સરકારે પોતાના હાથમાં લીધાં છે અને ફ્રેંચ તથા પોર્ટુગીઝ લોકો જોડે પણ આ બાબતમાં કરાર થયાછે. આ નવી પદ્ધતિનો આરંભ લૉર્ડ મેયોના અમલમાં થયો. એ પ્રમાણે જેપુર અને જોધપુરના રાજાઓ કનેથી સાંબર સરોવરમાં મીઠું પકવવાનો હક્ક પહેલ વહેલો મળ્યો. છેવટે સને ૧૮૮૨ માં લૉર્ડ રિપનની કારકીર્દીમાં તમામ દેશી રાજાઓ જોડે કરાર કરી, મીઠાના અગર ઇંગ્રેજ સરકારના તાબામાં લઈ, અને આખા હિંદમાં કરનો દર એકસરખો ઠરાવી એ પદ્ધતિ પરિપૂર્ણ કરી.

મુંબાઈ ઇલાકામાં કચ્છના રણમાંનાં સરકારી કારખાનાંમાં અને કોંકણમાં ખાનગી અગરોમાં સરકારની દેખરેખ નીચે મીઠું પકવવામાં આવેછે. પૂર્વ તરફના કિનારાપર ઓરિસા પ્રાંતમાં અને મદ્રાસ ઇલાકામાં સમુદ્રના પાણીમાંથીજ મીઠું બનાવવામાં આવે છે, અને સરકારમાં લેવામાં આવે છે. સરકાર તે મીઠું વેચાતું લે છે અને પછી ઠરાવેલી કીમતે તે વેચવામાં આવેછે. મુંબાઇમાં ખાનગી કારખાનાંનું મીઠું વેચતી વખતે તેપર કર વસૂલ કરવામાં આવેછે. પંજાબમાં ડુંગરી મીઠાનાં કારખાનાં સરકારનાંજ છે અને ત્યાંનું મીઠું વેચતી વ-

ખતે કર સુદ્ધાં કીમત લેવામાં આવેછે. રજપુતાનાનાં કારખાનાં પણ સરકારની દેખરેખ નીચે છે. બધા પ્રાંતોમાં કરનો દર એકસરખો થવાથી અને આગગાડી, આગબોટ, વગેરે વધવાથી બધે ઠેકાણે મીઠું પહેલાં કરતાં સોંઘું થયુંછે અને સરકારની ઉપજ પણ વધી છે.

સને ૧૮૮૧–૮૨, ૧૮૯૧–૯૨ અને સને ૧૮૯૨–૯૩ માં મીઠાના કરની ઉપજ નીચે પ્રમાણે થઈ હતીઃ—

	સને ૧૮૮૧–૮૨.	૧૮૯૧–૯૨.	૧૮૯૨–૯૩.
ઉપજ.	૭,૩૭,૫૬,૨૦૦	૮,૬૩,૬૧,૮૨૦	૮,૬૫,૬૧,૦૪૦
ખર્ચ...	૪૮,૬૨,૦૯૦(૧)	૪૯,૭૧,૪૬૦(૨)	૪૫,૮૭,૦૭૦

સને ૧૮૯૪–૯૫ ના બજેટમાં ઉપજ રૂ૮,૬૨,૯૨,૦૦૦ અને ખર્ચ રૂ ૫૧,૮૬,૦૦૦ મૂકયો હતો.

પહેલાં મીઠાનો કર જુદા જુદા પ્રાંતોમાં જુદો જુદો હતો એવું ઉપર કહ્યું છે. સને ૧૮૮૨ માં બ્રહ્મદેશ અને કોહાક સિવાય હિંદના બાકીના તમામ ભાગમાં ૮૨ પૌંડના મણના બે રૂપિઆ કર્યા હતા તે વધારી સને ૧૮૮૮ માં અઢી રૂપિઆ કર્યા. બ્રહ્મદેશમાં સને ૧૮૮૮ લગી એક રૂપિઆથી કાંઈક ઓછો કર હતો તેનો તે વરસમાં એક રૂપિઓ કર્યો. કોહાક પ્રાંતમાં ૧૦૨ પૌંડનો કર આઠ આના છે. માણસદીઠ મીઠું કેટલું ખપે છે તે કહાડવું બહુધા મુશ્કેલ છે. ઉત્તરહિંદના લોકોને સાધારણ રીતે મીઠું થોડું

---

(૧) એમાં પાછી આપેલી રકમ રૂ ૩,૮૧,૧૨૦ દાખલ કરી છે.

(૨) એ સિવાય પાછી આપેલી રકમ રૂ ૨,૯૯,૮૬૦ બાદ કરવાની છે.

જોઇએ છે; તેના પ્રમાણમાં મુંબાઈ અને મદ્રાસ ઇલાકામાં વધારે મીઠું ખાવામાં આવે છે. સાધારણ રીતે માણસદીઠ કેટલું મીઠું ખપે છે તે હેઠલા આંકડા પરથી જણાશે:—

	સને ૧૮૮૧–૮૨.	સને ૧૮૯૧–૯૨.
	પૌંડ.	પૌંડ.
મુંબાઇ........	૧૦½	૧૨
મદ્રાસ........ (ઉત્તરના ત્રણ જિલ્લા અને મલબાર સિવાય)	૧૫	૧૬
બંગાળા.......		૧૨

મીઠાના ખપનું અને કરની ઉપજનું ગયાં દશ વર્ષનું પ્રમાણ જોતાં ઉત્તર હિંદુસ્તાનમાં સને ૧૮૮૧–૮૨ ના પ્રમાણમાં સને ૧૮૯૧–૯૨ માં ખપ એક–પંચમાંશ વધ્યો હતો અને ઉપજ પણ તેજ પ્રમાણમાં વધી હતી. મુંબાઈ ઇલાકામાં ખપ અને ઉપજનું પ્રમાણ દોઢું વધ્યું છે. મદ્રાસ ઇલાકામાં તે સવાયું વધ્યું છે. એ બંનેમાં બંગાળા ઇલાકામાં ઝાઝો ફેર પડયો નથી. આખા હિંદનું પ્રમાણ જોતાં ખપના વધારાનું પ્રમાણ સેંકડે ૨૫ અને ઉપજના વધારાનું પ્રમાણ સેંકડે ૧૭ છે. બંગાળામાં ચેશાયરથી મીઠું આવે છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. હિંદનું મીઠું બંગાળામાં પહેલાં કરતાં હમણા વધારે ખપે છે, અને અરબસ્તાન તથા જર્મનીથી પણ મીઠું આવેછે તેથી ચેશાયરના મીઠાનું પ્રમાણ પહેલાં કરતાં ઘટયું છે.

पेटा भाग ८ मो.

आकारेला प्रत्यक्ष कर.

આ ભાગમાં ઉપજ વધારવા સારૂ લોકોની કમાઇ અને જીવનનાં સાધનોના પ્રમાણમાં તેઓપર બેસાડેલા પ્રત્યક્ષ કર વિષે કહેવાનું છે. એવી જાતના પ્રત્યક્ષ કર ઇંગ્રેજ સરકારેજ પહેલ વહેલા બેસાડયા છે એમ નથી. આગલી કારકીર્દીમાં પણ ધંધાદારી લોકોપર મોહતર્ફા અને કેટલાકપર સાયર નામે કર બેસાડવામાં આવ્યા હતા. મદ્રાસ ઇલાકામાં મોહતર્ફા સને ૧૮૬૦ સુધી લેવામાં આવતો હતો; મુંબાઈ ઈલાકામાં સને ૧૮૪૪ માં મીઠાનો કર વધારવામાં આવ્યો ત્યાર પછી મોહતર્ફા કહાડી નાંખ્યો; મધ્યપ્રાંતોમાં પાંઢરી નામે કર લેવામાં આવતો હતો તે હજુ પણ લેવાય છે. બંગાળા ઈલાકામાં સ્થાયી જમાબંદી ઠર્યાથી સાયર કર નીકળી ગયો.

બળવાને લીધે ઘણું કરજ થયું અને ખર્ચ વધ્યો તેથી કમાઈપર કર બેસાડવામાં આવ્યો. બળવો બેસાડી દઈ સ્વસ્થતા કરવામાં બેંતાળીસ કરોડ રૂપિઆ ઉપરાંત ખર્ચ થયો હતો અને રાજ્યવ્યવસ્થાના દરેક ખાતામાં સુધારો કરવામાં આવ્યો હતો, અને તેને લીધે પણ ખર્ચ વધ્યો હતો; અને ત્રીઝેરીમાં તો ખોટ આવી હતી, તેથી મિ. વિલ્સન તે વખતે હિંદનો ફિનાન્સ મિનિસ્ટર હતો તેણે ઈંગ્લાંડના નમૂ-

ના પ્રમાણે એ કર બેસાડયો. એ કર ખેતી, ધંધો, વેપાર, નોકરી, વગેરે તમામ પ્રકારની કમાઇપર બેસાડયો હતો. એ વખતે ૫૦૦ રૂપિઆ ઉપરાંતની કમાઈપર ૪ રૂપિઆ અને બસેંથી પાંચસેં લગીની કમાઇપર બે રૂપિઆ કર બેસાડ્યો હતો. તે પછી વારે વારે દરમાં ફેરફાર થયો અને એ કર સને ૧૮૭૩ માં સમૂળગો કહાડી નાંખ્યો. પછી દુકાળ પડ્યાથી ત્રીજોરીનું તળિયું દેખાયું એટલે સને ૧૮૭૮ માં દુકાળથી દેશનું રક્ષણ કરવા માટે ધંધા અને વેપારથી થતી પેદાશપર કર બેસાડ્યો અને પછી સને ૧૮૮૬ માં ખેતી સિવાય તમામ જાતની કમાઇપર બેસાડ્યો. એમ એ વેળા કરવધારવાનું કારણ દેશના સંરક્ષણનો ખર્ચ વધારવામાં આવ્યો હતો તે થઈ પડ્યું અને હવે એ કરને હમેશાની ઉપજની બાબત ઠરાવી છે. એ કાયદો સને ૧૮૮૬ નો બીજો છે અને અદ્યાપિ અમલમાં આવે છે. એના મુખ્ય મુદ્દા એ છે કે પાંચસેં રૂપિઆથી ઓછી કમાઇપર કર નથી, અને બે હજાર લગીની કમાઇપર રૂપિએ ચાર પાઇ અને તે ઉપરાંત પાંચ પાઈ પ્રમાણે કર લેવામાં આવે છે. લશ્કર ખાતામાં માફીની હદ ૭ હજાર રૂપિઆ લગી છે. સરકારને ધીરેલા કરજનું વ્યાજ મળે છે તે પર પણ કર લેવામાં આવે છે; પરંતુ એક માણસની તમામ પ્રકારની પેદાશ બે હજાર રૂપિઆથી ઓછી હોય છે તો એ વ્યાજપર કર લેવામાં આવતો નથી. નોકરીના પગારપર ઉપર લખ્યા પ્રમાણે દર છે અને બીજા પ્રકારની પેદાશપર બે હજાર લગી ઠરાવેલા દર પ્રમાણે કર લેવામાં આવે છે અને તે ઉપરાંતની

પેદાશપર પાંચ પાઇ લેખે લેવામાં આવે છે. ખેતીની પેદાશ પર એ કર નથી.

હિંદમાં પ્રત્યક્ષ કર બેસાડવામાં હરકોઇ પ્રકારની અડચણ હોયછેજ. પેદાશપરના કરની બાબતમાં એવું બને છે કે નોકરો તથા કંપનીઓ અને ઇલાકાનાં શહેરોમાં રહેનારા લોકો સિવાય બીજા લોકોપર બરાબર કર બેસાડવાનાં સાધનો જોઇએ તેટલાં હોતાં નથી. બહારના લોકો પાસે ઘણું કરીને હિસાબ હોતો નથી અને હોય છે તો તે વડે વેપારની સ્થિતિની બીજાને સમજણ પડે નહિ એવી રીતે તે રાખેલા હોય છે અને તેથી કરની આકારણી કરનારાને પણ હરકત પડે છે અને જેમનાપર કર બેસાડવામાં આવે છે તેઓ પણ બડબડે છે. કંપનીઓની પેદાશ બરાબર જાણવામાં આવે છે તેથી તેમનાપર કરનો બોજો બહારગામના વેપારીઓના પ્રમાણમાં વધારે પડવાનો સંભવ છે. બીજી બિના એ છે કે એ કરભરનારા લોકોની યાદી અને ઉપજના આંકડા તૈયાર હોય તો જ્યારે જોઇએ ત્યારે એ કરની ઉપજ વધારવી સહેલી પડે છે, તેથી કર વધારવામાં આવે તોએ ઉપજ થવા જેવી રકમ પ્રસંગ પડેથી ઉપયોગમાં આવવા માટે લોકોએ પોતાની પાસે જુદી રાખી મૂકી છે એવું ઇંગ્લાંડના અમલદારો સમજે છે; અને એકાદ વરસમાં ખર્ચમાં ખોટ આવે તો એ કર વધારી તેની ઉપજ કરી લે છે. એવીજ સ્થિતિ અહીં પણ વખતે વખતે થવાનું ભય છે; આ કર અહીં શરૂ થયો ત્યારથી એ પ્રમાણે કેટલીકવાર બન્યું છે.

યોગ્ય આકારણી થઈ નહોય તો તકરાર કરી તે સુધરાવવાનો રસ્તો રાખ્યો છે અને લોકો પણ તેનો ઉપયોગ કરે છે. એકંદર તપાસમાં સેંકડે પાંચ ટકા કર ઓછો થાય છે એમ જણાય છે.

વસ્તીના પ્રમાણમાં આ કરની ઉપજ બહુ ઓછી છે તેનું કારણ એ છે કે આ દેશમાં ખેતીવડે ગુજરાન ચલાવનારા લોકોની સંખ્યા બહુ મોટી છે અને ગામના ઉપયોગમાં આવનારા મહેનતુ લોકોને મહેનતાણા બદલ માત્ર અનાજ મળેછે; એ લોકોની કમાઈપર એ કર લેવામાં આવતો નથી. શહેરોમાંરહેનારા લોકોની સંખ્યા સેંકડે શુમારે ૯ છે. જૂની ગ્રામ્યપદ્ધતિમાં કળાકૌશલ્યવડે નિર્વાહ કરનારા લોકોની આબરૂ પણ થોડીજ હતી. હમણાજ એ લોકોની ચઢતી દશા થવા માંડી છે અને તે પણ ઈંગ્રેજ સરકારે સઘળા લોકોનું સરખી રીતે સંરક્ષણ કરવા માંડ્યું તે કેડેજ થવા માંડી એ કારણથી સાધારણ પ્રતિનાં મોટાં ગામોમાંથીજ એ કર વસૂલ થાય છે.

સને ૧૮૯૧–૯૨ માં એ કરની ચોખ્ખી ઉપજ એક કરોડ એકસઠ લાખ થઇ હતી. સને ૧૮૮૬–૮૭ થી શુમારે તેત્રીસ લાખનો વધારો થયો છે. ખર્ચ પહેલાં કરતાં શુમારે બે લાખ રૂપિઆ કમી થાય છે.

સને ૧૮૯૧–૯૨ માં એ કરની ઉપજ કેટલી થઇ હતી તેની હકીકત હેઠળ આપી છે. મુકાબલો કરવા માટે સને ૧૮૮૬–૮૭ ના" એટલે એ કર જે વરસથી લેવા માંડયો તે વરસના આંકડા આપ્યા છે:—

સને ૧૮૯૧–૯૨ માં આકારેલા કરની ઉપજની તપશીલ.

પ્રાંત.	૧૮૮૬–૮૭.	૧૮૯૧–૯૨
	રૂપિઆ.	રૂપિઆ.
મદ્રાસ........ ...	૧૫,૪૩,૪૫૦	૧૯,૦૯,૪૪૦
મુંબાઈ...........	૩૧,૬૪,૫૯૦	૩૬,૯૬,૪૭૦
બંગાળા...........	૩૬,૪૪,૫૭૦	૪૩,૭૫,૧૯૦
વાયવ્ય પ્રાંતો.....	૨૨,૨૦,૬૮૦	૨૨,૭૭,૨૧૦
પંજાબ...........	૧૧,૨૩,૭૭૦	૧૩,૩૧,૯૨૦
મધ્યપ્રાંતો.........	૪,૦૩,૪૬૯	૪,૫૫,૦૦૦
આસામ..........	૨,૦૫,૦૫૦	૨,૩૦,૨૨૦
બ્રહ્મદેશ..........	૧૬૦	૭,૩૩,૬૯૦
હિંદ સરકાર.....	૧૨,૪૧,૬૨૦	૧૫,૧૯,૦૯૦
કુલ ઉપજ.	૧,૩૫,૪૭,૩૫૦	૧,૬૫,૨૮,૨૩૦
બાદ { પાછી આપેલી રકમ	૨,૭૦,૬૭૦	૧,૪૭,૨૬૦
બાદ { ખર્ચ.........	૫,૦૧,૫૮૦	૨,૯૫,૭૭૦
નક્કી ઉપજ...	૧,૨૭,૭૫,૧૦૦	૧,૬૦,૮૫,૨૦૦
સને ૧૮૯૨–૯૩................		૧,૬૩,૧૭,૦૧૦
સને ૧૮૯૪–૯૫ નો અડસટ્ટો....		૧,૭૦,૮૨,૦૦૦

દશ હજાર માણુસે ૧૮ માણુસપર કર બેસે છે, અને માણસદીઠ શુમારે બાર આના પડે છે: જે લોકોપર કર બેસાડયો છે તેઓપર સરેરાશ ૩૫ રૂપિઆ કર આવે છે.

હવે એ કર કોનાપર કેટલો આવે છે તે તપાશી જોતાં નોકરોના પગાર અને પેન્શનપર ૨૩ ટકા, કંપનીઓપર ૭ ટકા, સરકારી પ્રૉમિસરી નોટોના વ્યાજપર ૩ ટકા, અને બીજા પ્રકારની ઉપજપર ૬૭ ટકા આવે છે. નોકરોમાં સેંકડે ૭૨ સરકારી નોકરો છે, અને બીજા પ્રકારની ઉપજ પૈકી આશરે એક–તૃતીયાંશ સાહુકારો કનેથી આવે છે. મદ્રાસ અને બંગાળામાં એ પ્રમાણ એક–ચતુર્થાંશ આવે છે. આ કર શહેરોમાંથીજ વધારે આવે છે એવું ઉપર કહ્યું છે. ફક્ત કલકત્તા અને મુંબાઇ એ બે શહેરોમાંજ તમામ કરની ઉપજ પૈકી ૨૭ ટકા ઉપજ આવે છે; કર ભરનારા લોકોપર સરેરાશ માણસદીઠ ૮૦ રૂપિઆ બેસે છે, અને દર દશ હજારે કર ભરનારા ૨૯૮ માણસ આવે છે.

સને ૧૮૮૬–૮૭ માં કર ભરનારા લોકો ૩ લાખ ૮૭ હજાર હતા અને સને ૧૮૯૧–૯૨ માં ૪ લાખ ૩ હજાર હતા. બાવીસ કરોડ લોકોમાં ખેતી સિવાય ૫૦૦ રૂપિઆથી વધારે પેદાશવાળા માણસો ચાર લાખ માત્ર છે. એકંદર કર ભરનારા લોકોમાં બે હજારથી ઓછી પેદાશવાળા સેંકડે ૮૭ છે અને તે કરતાં વધારે પેદાશવાળા ૧૩ છે. એમાંના પહેલા વર્ગના લોકો એકંદર કરોમાં ૩૯ ટકા અને બીજા વર્ગના લોકો ૬૧ ટકા આપે છે.

આ કરના સંબંધમાં જે માહિતી મેળવી છે તે પરથી જોતાં કર ભરનારા લોકોની કુલ પેદાશ ૬૯¾ કરોડ રૂપિઆ હોવી જોઇએ એમ જણાય છે. ઈંગ્લાંડ અને વેલ્સની ૪૧૫

કરોડની ઉપજના પ્રમાણમાં એ ઘણીજ થોડી દેખાય છે, પરંતુ આ દેશમાં વેપારની વૃદ્ધિ થવા માંડ્યાને ઘણોજ થોડો કાળ થયો છે અને ઈંગ્લાંડમાં તો ઘણા જમાનાથી વેપારની વૃદ્ધિ થતી ગઈ છે એ બિના લક્ષમાં રાખવી જોઈએ.

भाग ११ मो.

खेती अने हवामान.

સને ૧૮૯૧ ની વસ્તીની ગણુતરીમાં ખેતીવડે ગુજરાન કરનારા લોકોની સંખ્યા ૧૭ કરોડ ૫૩ લાખ થઈ હતી. એ સિવાય વસ્તીની ગણુતરીમાં મજૂરીઆત લોકો દાખલ છે તેઓમાંના ઘણાખરા ખેતીનીજ મજૂરી કરેછે; તેમની સંખ્યા ૨ કરોડ ૫૪ લાખ છે તે ઉપલી સંખ્યામાં ઉમેરતાં એકંદર વસ્તીમાં ખેતીવડે નિર્વાહ કરનારા લોકોની સંખ્યા સેંકડે ૬૯.૯૨ આવે છે. સને ૧૮૭૨ માં એ પ્રમાણ સેંકડે ૬૮.૫ અને સને ૧૮૮૧ માં સેંકડે ૭૨ હતું. ફામીન કમિશનની ચોકશીમાં એવું જણાયું કે ગામડાંમાં રહેનારા લોકોમાંના સેંકડે ૯૦ અર્થાત્ એકંદર વસ્તી પૈકી સેંકડે ૮૦ માણસ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ખેતીવડે નિર્વાહ કરે છે. એ કારણથી લોકોની એવડી મોટી સંખ્યાના ગુજરાનનું સાધન ખેતી છે તે બહુ મહત્વનો વિષય છે એ ખુલ્લું છે.

<u>ખેતીવાડી ખાતું</u>.—ખેતી સંબંધી માહિતી મેળવવાનું કામ સરકાર તરફથી હમણાજ થવા માંડ્યું છે. સને ૧૮૬૬ માં ઓરિસા પ્રાંતમાં દુકાળ પડ્યો તેને લીધે સરકારનું લક્ષ એ વિષય ભણી ગયું; હમણા બધા પ્રાંતોમાં ખેતીના સંબંધમાં જુદાં ખાતાં સ્થાપન થયાં. એ ખાતાંને (૧) ખેતીના અને સાંપત્તિક સ્થિતિના સંબંધમાં વ્યવસ્થિત રીતે માહિતી મેળવવી અને પ્રસિદ્ધ કરવી; (૨) ખેતી અને ધાન્યના સંગ્રહનો સુધારો કરવાનો પ્રયત્ન કરવો; (૩) દુકાળની વ-

ખતી વ્યવસ્થા કરવી અને તે માટે જોઇતી માહિતી પહે-લેથી એકઠી કરી તૈયાર રાખવી એ કામો સોંપ્યાં છે. ખેતીની માહિતી મેળવવાનું કામ ગામના કામદારોની માર્ફત અને જ્યાં એવા કામદારો ન હોય ત્યાં બીજી રીતે ચાલેછે. સાંપત્તિક દ્રવ્યના સંબંધમાં સરકારે હકીકત મેળવી દાક્તર વૅાટની કને મોટો કોષ તૈયાર કરાવ્યો છે.

ખેતીનો સુધારો.—ખેતીવાડી ખાતાની સ્થાપના લૅાર્ડ મેયોના અમલમાં થઇ. તેણે ખેતીના સુધારાના સંબંધમાં જે અભિપ્રાય આપ્યો છે તે મનન કરવા યોગ્ય છે. તે નીચે પ્રમાણે છેઃ—આ દેશની સંપત્તિ અને સુધારણાની વૃદ્ધિનો આધાર બીજા પુષ્કળ જમાના લગી ખેતીના સુધારાપર રહેશે, અને પરદેશો જોડે જે પદાર્થોનો વેપાર ચાલશે તેઓમાં ખેતીની નીપજ મુખ્ય ભાગ લેશે; એ માટે વેપારની વૃદ્ધિ થવાને ખેતીનો સુધારો કરી ઉપજ વધારવાની તજવીજ કરવી જોઇએ અને તેનો ગુણ વધારવા માટે પણ પ્રયત્ન કરવો જોઇએ; તેમજ નવી જાતનાં ધાન્ય અને કળાકૌશલ્ય તથા કારખાનાંમાં કામ લાગે તેવા પદાર્થો ઉત્પન્ન કરવાનો ઉદ્યમ કરવો જોઇએ. એ રીતે બને એવું સરકારે કરવાની જરૂર છે, કારણકે આ દેશમાં સરકાર કેવળ રાજ્યવ્યવસ્થા કરનારીજ નહોતાં જમીનની માલિક પણ છે, વગેરે.

ખેતીની સુધારણા એ આ ખાતાના હસ્તકનાં કામોમાંનું બીજું કામ છે; પરંતુ તે સંબંધી આ સામાન્ય વર્ણન રૂપ પુસ્તકમાં વિશેષ કહી શકાય તેમ નથી; એ બાબતમાં કેવા પ્રયત્ન કરવામાં આવે છે તે વિષે માત્ર આપણે કહીશું.

આ દેશના જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી જાતની જમીન છે. દક્ષિણ પ્રાંતોમાં કાળી જમીન, કર્નાટકમાં ટેકરી પરની કોરી જમીન, અને પંજાબ તથા સિંધ પ્રાંતની રેતાળ જમીન, એ સર્વે જુદા જુદા વર્ગની છે અને તેમાં પાક પણ જુદી જુદી રીતે કરવો પડે છે. એ જ્ઞાન ખેડુતોને અનુભવથી બેશ મળ્યું છે, તથાપિ તે બહુ વધારવાની જરૂર છે. એમ એ જ્ઞાનનો ફેલાવો થવાની અગત્ય વધતી જાય છે. ઘણીખરી ખેડવા લાયક જમીનમાં વાવેતર થાય છે, તે પૂરી થયા પછી જોઇએ તેટલી વધી શકશે નહિ; માત્ર વસ્તીની સંખ્યા વધતી જાય છે તેથી તેના નિર્વાહને માટે હમણા જે જમીનમાં વાવેતર થાય છે તે જમીનમાં વધારે પાક થાય એવી તજવીજ કરી ધાન્યનો જથો વધારવો જોઇએ. ખેતીમાં કેવા પ્રકારની સુધારણા કરવી તે વિષે ખેડુતો કેવળ અજ્ઞાન છે એમ નથી. કૂવાના પાણીથી બાગાયત પેદાશ કરવાનું કામ જૂના વખતથીજ ચાલતું આવ્યું છે, પરંતુ સરકારે નહેરોનું પાણી આણી આપતાંજ ખેડુતોએ તેનો ઉપયોગ તુરતજ કર્યો, તેનો વધારો જોઇએ તેવો થતો નથી તેનું કારણ તેમની કંગાળ સ્થિતિ છે. પહેલાં જે પાક થતા નહિ તે હવે આ દેશમાં પુષ્કળ થાય છે એ બિના ખેડુતો સુધારો કરવાને તૈયાર છે તેનો પુરાવો આપે છે. ખાતરના ઉપયોગની તેમને ખબર છે અને ઊંચી જાતના સારા પાકમાં તેઓ તેનો ઉપયોગ પણ કરે છે. આજ લગી ખેતી સુધારવાનો પ્રયત્ન સરકાર તરફથી થયો તે બધો એકદેશી એટલે પરદેશમાંના પાકની જાત અહીં આણી તથા પરદેશી

ખેતીનાં ઓજારો દાખલ કરી કેવળ અનુકરણ કરવાના દ્વારે થયો; આ દેશની સ્થિતિના પ્રમાણમાં તે ક્રમમાં યોગ્ય ફેરફાર કરવામાં આવ્યો નહિ, તેથી એ પ્રયત્નથી જોઇએ તેવું પરિણામ થયું નહિ. એના કરતાં આ દેશના પાકની જાતો સુધારવાનો પ્રયત્ન કર્યો હોત તો વધારે ફાયદો થાત. પરદેશી બીઆં અહીં આણવા કરતાં અહીંની જાતોજ સુધારવાથી વધારે ફાયદો થાયછે એવો ચા ઉગાવવામાં પૂરેપૂરો અનુભવ મળ્યો છે. હમણા જુદી પદ્ધતિપર વ્યવસ્થા ચાલેછે. પહેલાંના નમૂનાનાં ખેતરો હવે કહાડી નાંખી તેમને બદલે ખેતીનો સુધારો કરવાના યોગ્ય ઉપાય જણાય છે તેઓનો અનુભવ કરવા માટે ખેતરો રાખવામાં આવ્યાં છે. ખેતીનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવનારા વિદ્વાન માણસોને ઇંગ્લાંડથી અહીં બોલાવી તેમની કને અહીંની ખેતીની પદ્ધતિની તથા અત્રે કિયા પ્રકારના સુધારા કરવા યોગ્ય છે તેની તપાસ કરાવવામાં આવે છે. સને ૧૮૮૯ માં હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીએ ઈંગ્લાંડની કૃષિકર્મોત્તેજક સભાના રસાયનશાસ્ત્રના સલાહકાર દાક્તર વોએલકરને આ દેશની ખેતીની સુધારણા કેવી રીતે થઈ શકે તથા રસાયનશાસ્ત્રના પ્રયોગનો કેટલો ઉપયોગ કરી શકાય તેની શોધ કરવાને અહીં મોકલ્યો હતો. તેણે આ દેશમાં શુમારે સવા વરસ રહી તથા જુદા જુદા પ્રાંતોમાં ફરી ખેતીનો અનુભવ કર્યો અને રીપોર્ટ કર્યો. એ રીપોર્ટમાં કરેલી સૂચના કઈ રીતે અમલમાં આણી શકાય તે વિષે સરકારમાં વિચાર ચાલે છે. તેણે જંગલના સંબંધમાં કરેલી સૂચના બાબત માત્ર હિંદ સરકારે ઠરાવ પ્રસિ-

ષ્ઠ કર્યો છે; તેનો સારાંશ જંગલ વિષેના પ્રકરણના છેવટના ભાગમાં આપવામાં આવશે. એ શાસ્ત્રવેત્તાનો રીપોર્ટ બહુ મોટો, અગત્યનો, અને સર્વે જણે અવશ્ય વાંચવા જેવો છે. તેણે કરેલી સૂચનામાંની બે ત્રણ બાબતની મુખ્ય સૂચના માત્ર અહીં આપીએ છીએ. તેની એક સૂચના એ છે કે ખેડુ વર્ગોમાંના કેટલાક વર્ગના ખેડુતો કાળજી અને બળની બાબતમાં બીજાઓ કરતાં વધારે સારા છે અને નવો સુધારો ગ્રહણ કરવાને વધારે શક્તિમાન છે; તેથી એવા લોકોને શાસ્ત્રીય ખેતીવાડીનાં મૂળતત્વો શીખવવાથી ફાયદો થવાનો સંભવ છે, અને તે કહે છે કે એ જ્ઞાન ન હોવાથી હમણા ખેતીનો સુધારો કરવામાં ઘણી અડચણ નડે છે. જમીનનું ફળદ્રૂપપણું હમણાની પેઠે કાયમ રાખવાને શા ઉપાય કરવા જોઇએ તે વિષે તે કહે છે કે જનાવરોનું મળમૂત્ર, જમીનમાં જવાથી તેને ફાયદો થાય એવા, અને બળતણ ઓછું હોવાથી, ખાતરમાં કામ લાગે એવા પુષ્કળ પદાર્થો નકામાં નાંખી દેવામાં આવે છે, તે સઘળા પદાર્થો જમીનને મળે એવું થવું જોઇએ; આ દેશમાં વારાફરતી પાક કરવાની પદ્ધતિ ચાલે છે તે યોગ્ય મૂળતત્વોને અનુસરીનેજ છે અને તેમાં કેવી રીતે સુધારો કરવો તે અનુભવ કરી તેને અનુસરીને ઠરાવવું જોઇએ; સારાં બી મેળવી આપવાની બાબતમાં સરકારે તજવીજ કરવી અને સરકારી ખેતરોમાં સારાં બીનો ઉપયોગ કરી લોકોની ખાતરી કરી આપવી; તેમજ બાયાગત પાક કરવાનું કામ વધારે થવું જોઇએ એમ તે કહે છે. તેના જોવામાં આવ્યું કે

કૃત્રિમ નહેરના પાણી કરતાં કૂવાનું પાણી વધારે સારૂં છે એમ ખેડુતો માને છે, અને વળી સાધારણ સમજ એવી છે કે કૂવાનું પાણી ગરમ અને નહેરનું પાણી ઠંડું છે. કૂવાના પાણીથી ખેતી કરે છે તેવારે બહુ કાળજીથી કરે છે અને નહેરના પાણીથી તેમ કરવામાં આવતું તેથી; કદાચ નહેરનું પાણી પુષ્કળ મળ્યાથી જમીનમાં જોઇએ તે કરતાં વધારે પાણી જવા દેતા હશે અને જોઇએ નથી વધારે પાણી જમીનમાં મરવાથી નીપજતાં પરિણામને લીધે ખેડુતોની ઉપર કહ્યા પ્રમાણે સમજ થઈ હશે એવું તેનું કહેવું છે.

બાગાયત પાક કેટલો વધારે થઈ શકે તેમ છે તે વિષે હિંદ સરકારના ખેતીવાડીખાતાના સેક્રેટરીએ હમણા તપાસ કરીછે તેમાં તેને જણાઈ આવ્યું કે જે પ્રાંતોની હકીકત મળી છે તેઓમાં સાત કરોડ સાઠ લાખ જમીનમાં બાગાયત પાક થઈ શકે એમ છે; તેમાંની શુમારે એક–પંચમાંશ જમીનમાં કૂવાના પાણીથી બાગાયત પાક થશે અને બાકીની જમીનને નહેરનું પાણી આપવું પડશે. બાગાયત જમીન વધારવાના સંબંધમાં સર જેમ્સ કેર્ડે એવો અભિપ્રાય આપ્યો છે કે ખેડવાલાયક જમીનમાંની એક–તૃતીયાંશ જમીનમાં બાગાયત પાક થશે તો વધારે ધાન્ય થશે તેને લીધે દુકાળની બીક મટશે અને દર વરસે પાક દોઢ ટકો વધતો જશે તો તેવડે વધતી જતી વસ્તીનું ગુજરાન ચાલશે. ખેતીમાં સુધારો કરવા માટે સરકારમાંથી તગાવી મળે છે. નહેરો બાંધવાં સંબંધી સરકાર તરફથી તજવીજ થઇ છે તેનું વર્ણન પબ્લિકવર્કસના ભાગમાં

આપવામાં આવશે.

ખેતીનાં જનાવરો—ખેતીનાં અતિ ઉપયોગી જનાવરોના સંબંધમાં આ દેશની સ્થિતિ કેવી છે તે જોઇએ. આ દેશમાં ખપ કરતાં ઘણાં વધારે જનાવરો છે એવો દાક્તર વોએલ્કરે અભિપ્રાય આપ્યો છે. પરંતુ આ દેશમાં ખેતીને માટે પૂરતાં જનાવરોની સંખ્યા નથી અને તેઓ ચારાની તંગાશને લીધે સારાં પુષ્ટ હોતાં નથી એવું એક બીજા મોટા ગ્રંથકારે પોતાના પુસ્તકમાં લખ્યું છે. જનાવરોને જોઇએ તેટલો ચારો મળતો નથી અને તે ઉત્પન્ન કરવાને યોગ્ય કાળજી લેવામાં આવતી નથી તેથી તેઓ નબળાં હોય છે. ખેતરોમાં ચારા માટે પાક કરવો અને જંગલો રાખવાં એ આ સ્થિતિ સુધારવાના ઉપાય છે એવું ડાક્તર વોએલ્કરે બહુ આગ્રહથી જણાવ્યું છે. ઘણાખરા પ્રાંતોમાં બળદોવડેજ ખેતી કરવામાં આવે છે. મ્હેસૂર સંસ્થાન, મદ્રાસ ઇલાકાના કર્નૂલ અને નેલોર જિલ્લા, મધ્યપ્રાંતો, મુંબાઇ ઇલાકાના ગુજરાતપ્રાંત, અને પંજાબના હરિયાણા જિલ્લામાં બળદની જાત સરસ છે. ઘોડાના સંબંધમાં જોતાં લશ્કરમાં પહેલાંના જેટલો ઘોડાનો ખપ ન હોવાથી બંગાળા અને મદ્રાસ ઇલાકામાંના ઘોડાની જૂની જાત લગભગ નાશ પામી છે. મુંબાઇ ઇલાકામાં દક્ષિણમાં અને કાઠીઆવાડમાં ઘોડા સારા થાયછે અને એ પ્રાંતોમાં સરકારે વાલી ઘોડા રાખ્યા છે. પંજાબ અને બલૂચીસ્તાનમાં માત્ર ઉત્તમ ઘોડા થાયછે અને તેઓજ લશ્કરને માટે લેવામાં આવેછે. બ્રહ્મદેશમાં અને મણીપુરમાં સરસ ટટ્ટુઓ થાયછે તેઓ પોલો નામે

ખેલમાં કામ આવે છે. એ ખેલ મૂળે મણીપુરમાંનોજ છે.

જનાવરોના તથા પાકના રોગોનું નિદાન શોધવાના અને ઉપાય કરવાના સંબંધમાં હમણા પ્રયત્ન જારી છે. પશુવૈદ્યો તૈયાર કરવા માટે શાળા સ્થાપન કરી છે અને પશુવૈદ્યખાતું પણ સ્થાપન કરવામાં આવ્યું છે. જનાવરોની સ્થિતિ સુધરે અને સારી જાતનાં ઢોર તૈયાર કરવાને ઉત્તેજન મળે તેટલા માટે જુદે જુદે ઠેકાણે ઢોરોનાં પ્રદર્શનો કરી ઇનામો આપવામાં આવેછે; અને જુદે જુદે સ્થળે વાલી ઘોડા પણ રાખવામાં આવ્યા છે.

જનાવરોની સંખ્યાને લગતી હકીકત પૂરતી નથી તોપણ નીચલા કોષ્ટકપરથી જનાવરોની સંખ્યાનો કાંઇક વિચાર મનમાં આવશે. એ હકીકત સને ૧૮૯૨–૯૩ ની છે અને હજારના આંકડા છે. સરકારી હકીકતના પુસ્તકમાં બંગાળાની હકીકત આપી નથી.

૧. ખેતીનાં જનાવરો, હળ, ગાડાં વગેરે.

આંકડા હજારના છે.

	બળદ.	પાડા.	હળ.	ગાડાં.
મદ્રાસ...............	૪૧૮૪	૮૧૯	૨૫૧૭	૪૫૪
મુંબાઈ...............	૩૧૩૨	૨૬૨	૧૧૧૧	૫૦૦
વાયવ્ય પ્રાંતો	૭૧૯૩	૬૦૪	૩૦૨૭	૪૪૨
અયોધ્યા...	૩૧૮૬	૧૯૨	૧૪૪૮	૯૨
પંજાબ............ ...	૪૨૩૨	૫૦૬	૨૧૯૧	૨૦૮
મધ્ય પ્રાંતો (તેર જિલ્લાની હકીકત)... ...	૧૯૪૧	૩૦૨	૮૫૮	૨૨૩

ઉપલો બ્રહ્મદેશ... ...	૫૩૮	૬૯	૩૧૯	૨૦૩
નીચલો બ્રહ્મદેશ......	૫૪૩	૨૮૨	૩૯૧	૧૮૬
આસામ (૭ જિલ્લાની હકીકત)...	૧૨૬૨	૧૪૮	૨૯૫	૫
વરાડ......	૮૨૦	૩૨	૧૩૮	૧૩૧
કુર્ગ...	૩૮	૧૧	૩૦	.૭
અજમેર......	૧૦૧	૭	૪૭	૧૦
*હિંદનું કુલ...	૨૭૧૭૮	૩૨૩૯	૧૨૩૭૯	૨૪૫૮

(૨) બીજાં જનાવરો—આંકડા હજારના છે.

	દુઝતાં જનાવરો. +*ગાયો-ભેંસો.	બકરાં-ઘેટાં.	ઘોડા.	ગધેડાં અને ખચ્ચર.
મદ્રાસ..............	૪૭૯૦	૧૨૭૦૦	૩૯	૧૧૮
મુંબાઇ..............	૨૭૯૪	૩૪૬૧	૧૪૪	૬૨
વાયવ્યપ્રાંતો.........	૭૨૨૨	૪૧૭૬	૩૨૫	૨૬૩
અયોધ્યા......... ...	૩૧૬૬	૧૮૪૫	૧૪૮	૬૩
પંજાબ..............	૫૨૮૬	૬૬૭૨	૨૬૯	૫૩૮
મધ્યપ્રાંતો (તેર જિલ્લાની હકીકત.)	૨૧૦૦	૬૫૫	૮૦	૨૨
ઉપલો બ્રહ્મદેશ......	૪૮૬	૩૮	૧૪	'૭૧
નીચલો બ્રહ્મદેશ. ...	૪૯૪	૩૪	૧૦	૦
આસામ (૭ જિલ્લાની **હકીકત)	૦	૧૯૧	૫	'૩૮
વરાડ........... ...	૯૭૩	૪૯૮	૩૫	૨૦

કુર્ગ	૩૬	૩	૬૫	૩૦
અજમેર......... ...	૧૬૪	૩૭૧	૩	૫
*આખા હિંદનું કુલ.	૨૭૫૨૪	૩૦૬૬૨	૧૦૭૮	૧૦૯૫

* એમાં કેટલાક બીજા પ્રાંતોના આંકડા છે.

×*એ સિવાય વાછરડાં અને પાડાં ૧૫૩૧૦ છે.

**આ પ્રાંતોના બળદ અને પાડાના આંકડામાં ગાય તથા ભેંસના આંકડા દાખલ છે.

દુકાળને લગતી ગોઠવણ.—આ દેશમાં આજ લગીમાં ઘણા દુકાળ પડયા છે અને પાછલા અનુભવપરથી જોતાં હવે પછીએ આ બાબતમાં ભય નથી એમ નથી. સને ૧૮૭૬ માં દુકાળ પડયો તે કેડે તેના સંબંધમાં નિયમસર વ્યવસ્થા કરવાની જરૂર જણાયાથી દુકાળની બાબતમાં કેવી વ્યવસ્થા કરવી તે વિષે હકીકત મેળવવાને એક કમિશન નીમવામાં આવ્યું હતું. એ કમિશને મેળવેલી હકીકત બહુ મહત્વની છે અને એ કમિશનનીજ સૂચનાપરથી વચગાળાના વખતમાં ખેતીવાડી ખાતું બંધ પડી ગયું હતું તે પાછું સજીવન થયું છે. એ ખાતાની માર્ફત દુકાળ અટકાવવાને પહેલેથી શા ઈલાજ કરવા તે વિષે એ કમિશને સૂચના કરી છે. એ સૂચના આ પ્રમાણે છેઃ—દરેક જિલ્લામાં એક એક અમલદારની માર્ફત ખેતીના પાકની તથા ધાન્યના દરની હકીકત મેળવી તેપરથી તે સાલનો પાક હમેશ જેટલો છે કે નહિ તે જોવું; એ રીતે વરસો વરસ હકીકત મેળવ્યાથી ખેડુતોની સ્થિતિ વિષે અનુમાન કરવાનું બેશ સાધન મળશે, અને દુકાળ પડે તો કિયા વર્ગના લોકોને મદદની વધારે જરૂર છે તે જાણવામાં આવશે. વળી એ અમલદારે અનાજનો સંગ્રહ,

વેપારની સ્થિતિ, કેટલા વ્યાજથી કરજે રૂપિઆ મળે છે, અને મજૂરીનો દર કેટલો છે, જોઇએ તેટલા મજૂરો મળે છે કે નહિ, એની તથા એને લગતી બીજી બાબતોની હકીકત મેળવવી; એ અમલદાર કલેકટરના હાથ નીચે હોવો જોઇએ, દરેક પ્રાંતમાટે ખેતીનો એક ડિરેક્ટર રાખવો અને તેણે હમેશ ખેતીના સુધારા પ્રત્યે લક્ષ આપવું, ઉપર કહેલી હકીકત મેળવનારા અમલદારોપર દેખરેખ રાખવી અને તમામ પ્રાંતોની ખેતીની સ્થિતિની હકીકત એકઠી કરી સરકારને લખી મોકલવી; તેમજ દુકાળનાં ચિન્હો દેખાતાંજ તેણે સરકારને ખબર આપવી અને તે અટકાવવાને શા ઈલાજ કરવા તેના ખર્ચનો અડસટ્ટો કરી મોકલવો; ખેતીવાડીખાતા માટે હિંદ સરકારના તાબામાં એક અમલદાર હોવો જોઇએ, વગેરે. આ સૂચના પ્રમાણે હમણા બધા પ્રાંતોમાં તજવીજ થઈ છે.

પહેલેથી ઉપાય કરવાના સંબંધમાં કમિશને એ સૂચના કરી. દુકાળ પડયા પછી કેવી તજવીજ કરવી તે સંબંધી પણ એ કમિશને સૂચના કરી હતી અને તેને અનુસરીને "ફામીન કોડ" (દુકાળ સંબંધી નિયમસંગ્રહ) કરવામાં આવ્યો છે. ખેતીવાડી ખાતાના અમલદારોએ દુકાળનાં ચિન્હો દેખાવાની ખબર સરકારને આપતાંજ એ નિયમો પ્રમાણે અમલ કરવામાં આવે છે અને દુકાળનો બંદોબસ્ત કરવાનું કામ જિલ્લાના મુખ્ય અધિકારીને હસ્તક જાયછે. દુકાળથી પીડાતા લોકોને બે રીતે મદદ કરવામાં આવેછે; ૧. રસ્તા, તળાવ, વગેરે કામો શરૂ કરી તેપર લોકોને મજૂરીએ લ-

ગાડી અને તેમને મફત અન્ન આપીને; ૨. જે પ્રાંતમાં દુકાળ પડયો હોય તે પ્રાંતના વિભાગ કરી દરેક વિભાગમાં અન્નછત્ર, દવાખાનાં, વગેરે સ્થાપન કરવામાં આવેછે. આગગાડી વગેરે થવાથી ધાન્ય આણવા સંબંધી સરકારને તજવીજ કરવાની હવે જરૂર રહી નથી; વેપારના ક્રમવડેજ એકાદ ભાગમાં મોઘવારી થતાંવાર ને સારા આબાદ ભાગમાંથી માલ આવવા માંડે છે અને ચઢી ગયેલા ભાવ ઉતરે છે. ઢોરને માટે રાખી મૂકેલાં જંગલોમાં ઢોરને મફત ચારવાની સોઈ કરવામાં આવે છે અને જમીનની મહેસૂલ લેવાનું મોકુફ કરવામાં આવેછે અથવા વખતે તે માફ કરવામાં આવેછે. હમણા મદદ કરવાની નવી રીત શરૂ કરી છે તે એ કે જમીનના માલિકોને તેમાં સુધારો કરવાને તેની બાંહેધરીપર કરજે રકમ આપવામાં આવેછે; તેઓ મજૂરો રાખી તે કામ શરૂ કરેછે તેથી કરીને દુકાળથી પીડાતા લોકોને મદદ મળી ખેતીનો પણ સુધારો થાય છે. એ કરજ દુકાળના વખતમાંજ મળે છે એમ નથી. બધી વખતે મળે છે. જમીન સુધારવા માટે સને ૧૮૮૧-૮૨ માં રૂ ૪૮,૦૪,૮૦૦ અને સને ૧૮૯૧-૯૨ માં રૂ ૨૦,૬૩,૮૦૦ ની મદદ આપવામાં આવી હતી. દુકાળથી પીડાતા લોકોને મદદ આપવાને પૈસાની ગોઠવણ કેવી રીતે કરવામાં આવેછે અને તે રકમમાંથી દર સાલ કેવી રીતે ખર્ચ કરવામાં આવેછે તે વિષે આપણે ઉપજ ખર્ચના ભાગમાં કહી ગયા છીએ.

ગયાં સો વરસમાં પડેલા દુકાળની સાધારણ હકીકત ટુંકામાં હેઠળ આપી છે:—

સને ૧૭૬૯-૭૦—બંગાળામાં-શુમારે-એક તૃતીયાંશ માણસો મરી ગયાં.

સને ૧૭૮૦-૮૩—કર્નાટક-મદ્રાસ સરકારે લોકોમાં ઉઘરાણું કરી મદદ કરી હતી.

સને ૧૭૮૩-૮૪-ઉત્તર હિંદમાં-બ્રિટિશ મૂલકની બહાર પડયો હતો. સારા વરસમાં ધાન્યનો સંગ્રહ કરી રાખવાનો ઠરાવ વૉરન હેસ્ટિંગ્સે કર્યો.

સને ૧૭૯૦-૯૨ સને ૧૮૦૨-૪ સને ૧૮૦૭, ૧૮૧૨, ૧૮૨૪, ૧૮૩૩, ૧૮૫૪, ૧૮૬૬.	મદ્રાસ અને દક્ષિણ હિંદમાં—એમાંના પહેલા દુકાળથી સરકાર તરફથી દુકા

ળથી પીડાતા લોકોને કામ આપવાની શરૂઆત થઇ.

સને ૧૮૩૮, ૧૮૬૦—૬૧-વાયવ્યપ્રાંતોમાં—એમાંના બીજા દુકાળથી ઉપર પ્રમાણે ગોઠવણ કરવામાં આવી.

સને ૧૮૬૫-૬૬-ઓરિસા સને ૧૮૭૩-૭૪-વાયવ્યપ્રાંતો સને ૧૮૭૬-૭૭-૭૮-દક્ષિણહિંદ	માં સરકાર તરફથી કામ શરૂ કર્યાં હતાં અને ધર્માદા ખર્ચ ક

રવામાં આવ્યો હતો.

ખેતીની સ્થિતિ.—એની માહિતી મેળવવાને કેટલી જમીનમાં ખતી થાય છે અને ખેડવા લાયક જમીન કેટલી છે તે જાણવું જોઇએ. એની હકીકત નીચેના કોષ્ટકમાં આપીછે. જે પ્રાંતોમાં સ્થાયી જમાબંદી ઠરાવી છે તે પ્રાંતો (બંગાળા અને મદ્રાસના કેટલાક ભાગ)ની હકીકત મળી શકતી નથી; એ ભાગોના હકીકત અડસટ્ટાની છે. એ કોષ્ટકમાં પંજાબ

અને વાયવ્ય પ્રાંતોમાં પુષ્કળ જમીન ખેડવા લાયક છે, પરંતુ વાવેતર કરેલી જમીનના જેટલું તેમાં કૌવત નથી. બ્રહ્મદેશની જમીનની માત્ર તેવી સ્થિતિ નથી. એ ઓછા કૌવતવાળી પડતર જમીનની મગદૂર ખાતર નાંખીને અથવા બાગાયત પેદાશ કરીને વધારવી જોઇએ. બાગાયત પેદાશનો પ્રસાર, ખેતી કરવાની રીતમાં સુધારો, રસ્તાનો વધારો અને પડતર જમીનની ખેતી, વગેરે વખત જતાં થશે એટલે ખેતીની નીપજ હમણા કરતાં દોઢી વધી શકશે. બાગાયત પેદાશનો પ્રસાર ઉત્તર હિંદુસ્તાનમાં, ગોદાવરી અને કૃષ્ણા નદીઓનાં મુખની વચ્ચેના મદ્રાસ પ્રાંતમાં, અને સિંધ પ્રાંતમાંજ વિશેષ છે. મુંબાઇ ઇલાકાના બીજા ભાગોમાં મોટાં તળાવો બાંધી બાગાયત પેદાશ કરવાની સગવડ કરવાની તજવીજ ચાલે છે. મદ્રાસ અને અયોધ્યામાં તળાવના પાણીથી પણ પુષ્કળ ખેતી થાય છે. આખા હિંદ લેતાં સરાસરી એક-દશાંશ જમીનમાં બે પાક થાય છે. અયોધ્યા પ્રાંતમાં માત્ર સેંકડે ૨૩ ટકા જમીનમાં અને બંગાળા તથા વાયવ્યપ્રાંતોમાં સેંકડે ૧૩ અને ૧૬ ટકા જમીનમાં બે પાક થાય છે. મદ્રાસ, સિંધ, આસામ, અને મધ્યપ્રાંતોમાં એ પ્રમાણ સેંકડે ૮-૯ છે. બાકીના પ્રાંતોમાં બહુજ થોડી જમીનમાં બે પાક થાય છે.

વાવેતર થયેલી જમીન અને ખેડવા લાયક જમીનનું સને ૧૮૯૧-૯૨ નું કોષ્ટક.

આંકડા લાખના છે. બંગાળા પ્રાંતના આંકડા માત્ર સને ૧૮૯૨-૯૩ ના છે.

		પ્રાંતોનું ક્ષેત્રફળ-લાખ એકર.	
પ્રાંત.	સર્વે પ્રમાણે ક્ષેત્રફળ.	બાહ્ય સંસ્થાનોનું તથા જે ભાગોની હકીકત મળતી નથી તે ભાગોનુંક્ષેત્રફળ	બાકીનું ક્ષેત્રફળ.
મદ્રાસ......	૯૧૧	૩૧૦	૬૦૧
મુંબાઈ અન સિંધ.	૧૧૭૯	૪૮૯	૬૯૦
બંગાળા............	૧૦૧૬	૨૩	૯૯૩
વાયવ્યપ્રાંતો... ...	૫૭૦	૯૮	૪૭૨
અયોધ્યા...	૧૫૩	...	૧૫૩
પંજાબ......... ...	૯૬૧	૨૦૯	૭૫૨
મધ્યપ્રાંતો...... ...	૭૪૧	૩૦૮	૪૩૩
ઉપલો બ્રહ્મદેશ. ...	૫૨૫	૩૬	૪૮૯
નીચલો બ્રહ્મદેશ....	૫૬૧	...	૫૬૧
આસામ...........	૨૯૦	૧૪૪	૧૪૬
વરાડ..............	૧૧૩	...	૧૧૩
કુર્ગ.........	૧૦	...	૧૦
અજમેર...........	૧૭	૮	૯
	૭૦૪૭	૧૬૨૫	૫૪૨૨

ઉપલા કોષ્ટકના છેલ્લા ખાનામાંના ક્ષેત્રફળની વહેંચણ.

પ્રાંત.	જંગલ.	ખેતી થઇ ન શકે તેવી જમીન.	વાવેતર જમીન.	બાકી ખેડવા લાયક જમીન.	ખેડવા લાયક જમીન પૈકી બાગાયત થયેલી જમીન.
મદ્રાસ.........	૧૧૦	૧૧૮	૨૮૬	૭૯	... ૫૩
મુંબાઇ અને સિંધ.........	૭૪	૧૭૨	૩૬૪	૭૮	૩૧
બંગાળા.......	૫૫	*	૫૨૨	૪૧૨	—
વાયવ્ય પ્રાંતો.	૫૨	૬૬	૨૭૩	૭૯	૭૩
અયોધ્યા......	૫	૨૨	૯૪	૩૨	૨૬
પંજાબ........	૩૦	૧૧૬	૨૫૭	૨૪૪	૭૩
મધ્યપ્રાંતો. ..	૧૨૨	૩૯	૧૭૭	૯૪	૬
ઉપલો બ્રહ્મદેશ............	દાખલો નથી.	૨૫૭	૪૨	૧૮૮	૫
નીચલો બ્રહ્મદેશ...........	૩૫	૨૮૩	૫૩	૧૮૫	...
આસામ.......	૨૮	૯૦	૨૫	×	...
વરાડ..........	૧૨	૧૭	૭૪	૮	...
કુર્ગ............	૫	૨	૧	...	...
અજમેર.......	...	૩	૪	૧	...
કુલ.	૫૨૬	૧૫૪૮	૨૧૮૯	૯૯૩	૨૭૨

* ખેડવા લાયક જમીનમાં શામિલ. × ખેતી ન થઇ શકે તેવી જમીનમાં શામિલ.

ઉપલા કોષ્ટકમાં સને ૧૮૯૧-૯૨ માં વાવેતર જમીન અને ખેડવા લાયક જમીન કેટલી હતી તે દર્શાવ્યું છે. હવે એ વરસમાં ક્યા પાક કેટલી જમીનમાં કર્યા હતા તેની તપશીલ કેટલાક મહત્વના પાકને માટે આપી છે. એ સાલમાં એકંદર ૨૧,૦૯,૮૬,૦૩૭ એકર જમીનમાં વાવેતર થયું હતું. એમાંની ૨.૩૧,૮૪,૦૮૬ એકર જમીનમાં બે પાક કરવામાં આવ્યા હતા, તેથી ખરી વાવેતર થયેલી જમીન ૧૮,૭૮,૦૧,૯૫૧ એકર રહેછે.

પાકના બે વર્ગ છેઃ--(૧) ખાવાનાં ધાન્ય--ચોખા, ગહૂં, બાજરી, નાગલી, વરી, જુવાર, વગેરેનો એક વર્ગ; અને (૨) ખાવામાં કામ ન આવે એવાં ધાન્ય અને પદાર્થોનો બીજો વર્ગ. સને ૧૮૯૧-૯૨ માં પહેલા વર્ગનો પાક ૧૮,૦૭,૮૪,૫૬૩ એકર જમીનમાં અને બીજા વર્ગનો પાક ૨,૮૩,૯૧,૨૦૩ એકર જમીનમાં કર્યો હતો.

	ડાંગર (૧)	ઘઉં (૧)	જુવાર (૧)	બાજરી (૧)
મદ્રાસ.........	૫૭૭૧	૧૭	૪૬૬૭	૨૪૯૬
મુંબાઇ અને સિંધ..........	૨૨૯૯	૨૧૫૭	૮૭૫૭	૫૫૩૪
બંગાળા........	૩૬૩૨૪	૧૬૦૭	......	...
વાયવ્યપ્રાંતો..	૪૬૫૦	૩૩૯૨	૪૬૦	૪૩૧
અયોધ્યા......	૨૪૮૮	૧૩૬૫	૯૫	..૧૭૪
પંજાબ........	૭૨૨	૬૭૬૭	૨૦૨૧	૧૫૦૯
મધ્યપ્રાંતો....	૪૨૯૨	૩૯૫૭	૧૩૧૦	૩૮
ઉપલો બ્રહ્મદેશ	૧૦૧૨	૧૭	૫૭૪	૯૦
નીચલો બ્રહ્મદેશ..........	૪૬૬૨	...	...	...
આસામ... ...	૧૨૦૭	...	...	...
વરાડ...	૨૨	૮૮૭	૨૧૭૯	૭૦
કુર્ગ....... ...	૭૪	...	...	...
અજમેર... ...	...	૯	૬૩	૧૭
એકંદર*	૬૩૫૨૯	૨૦૧૮૧	૨૦૧૩૨	૧૦૩૬૧

	અળશી (૨)	તલ (૨)	શેરડી.	કપાસ (૩)
મદ્રાસ........	૩૧	૫૨૧	૫૮	૧૩૧૮
મુંબાઇ અને સિંધ.........	૨૪૭	૩૪૧	૭૮	૨૬૨૧
બંગાળા.......	......	......	૧૧૫૫	......
વાયવ્યપ્રાંતો...	૪૮૪	૧૨૭	૧૦૬૭	૧૧૯૫
અયોધ્યા......	૧૩૭	૧૪	૨૯૫	૫૪
પંજાબ.........	૩૩	૧૪૨	૩૬૩	૫૦૦
મધ્યપ્રાંતો.....	૧૩૮૬	૪૫૬	૪૪	૭૬૦
ઉપલો બ્રહ્મદેશ	......	૩૨૮	......	૧૧૦
નીચલો બ્રહ્મદેશ...........	......	૫૨	૧૦	૧૬
આસામ......	......	......	૧૮	......
વરાડ.........	૩૬૪	૧૩૯	૨	૨૨૪૧
કુર્ગ..........	......	......	......	......
અજમેર.......	......	૮	......	૩૮
એકંદર *	૨૬૮૭	૨૧૩૨	૩૦૯૬	૮૮૫૯

	ગળી (૪)	તમાકુ (૫)	ચા (૫)	ગુંદ(કાફી)(૫)
મદ્રાસ......	૨૧૨	૭૨	૫	૬૫
મુંબાઇ અને સિંધ........	૮	૮૫	...	...
બંગાળા.....	૬૧૪	૬૧૮	૧૪૭	...
વાયવ્યપ્રાંતો	૨૪૨	૨૯	૯	...
અયોધ્યા....	૧૬	૧૧	...	...
પંજાબ......	૫૮	૪૩	૯	...
મધ્યપ્રાંતો...	...	૨૧	...	...
ઉપલો બ્રહ્મદેશ.........	૧	૨૪	...	...
નીચલો બ્રહ્મદેશ.........	...	૧૬	...	...
આસામ......	...	...	૨૪૧	...
વરાડ.........	...	૨૦	...	...
કુર્ગ.........	...	...	...	૬૨
અજમેર......	...	...	...	...
એકંદર *	* ૧૧૫૫	૯૪૫	૪૧૩	૧૨૭

* એકંદરના આંકડામાં બીજા પરચૂરણ પ્રાંતોના આંકડાનો સમાવેશ થાય છે.

(૧) તમામ જાતનું ધાન્ય ૧૮,૦૧,૮૪,૫૬૩ એકર જમીનમાં વાવ્યું હતું.

(૨) અળશી, તલ, અને બીજાં તેલિયાં બીઆંનું વાવેતર ૧,૨૮,૫૭,૪૨૩ એકર જમીનમાં કર્યું હતું.

(૩) કપાસ, તાગ, વગેરે કાંતવામાં ખપ લાગે એવા ધાગાવાળા પદાર્થો ૧,૧૨,૫૯,૬૦૨ એકર જમીનમાં વાવ્યા હતા.

(૪) ગળી વગેરે રંગવાના પદાર્થોનું વાવેતર ૧૧,૯૦,૨૩૩ એકર જમીનમાં કર્યું હતું.

(૫) ચા, બુંદ, તમાકુ, અફીણ, વગેરે ઓસડના અને કેફી પદાર્થો ૨૧,૫૦,૭૫૪ એકર જમીનમાં કર્યા હતા.

બંગાળાના આંકડા અટકળના છે, કારણ કે તે પ્રાંતમાં હકીકત મેળવવાના સંબંધમાં બરાબર ગોઠવણ થયેલી નથી.

આ દેશમાં નીપજતા કેટલાક અગત્યના પાકની થોડીક સાધારણ હકીકત હેઠળ આપી છે.

ડાંગર.—આ પાક બધા પ્રાંતોમાં ઓછોવત્તો થાય છે. જે પ્રાંતોમાં પુષ્કળ ડાંગર પાકે છે તે પ્રાંતોમાં નીચલા અને વચલા વર્ગના લોકો પણ ચોખાજ ખાય છે; પરંતુ જે ભાગમાં એ ધાન્ય ઓછું પાકે છે તે ભાગમાં માત્ર ઉપલા વર્ગના લોકો તે ખાય છે. એકંદરે એક-તૃતીયાંશ લોકો ચોખા ખાય છે એવું જણાય છે. સને ૧૮૭૮ ના આંકડા જોડે મુકાબલો કરતાં સઘળા પ્રાંતોમાં એ પાકનું વાવેતર વધેલું માલૂમ પડે છે. એ ધાન્ય આ દેશમાં ખપે છે એ-

ટલુંજ નહિ, પણ પરદેશમાંએ પુષ્કળ જાય છે. એની હકીકત વેપારના ભાગમાં આપવામાં આવશે.

ગહૂં.—એ પાકનું વાવેતર છેલ્લાં વીસ વરસમાં બહુ વધ્યું છે. વધારાનું કારણ એ છે કે એ ધાન્ય પરદેશ પુષ્કળ ચઢે છે. એ ધાન્ય ખાવાનો રિવાજ ઉત્તર હિંદમાં વધારે છે અને તેનું વાવેતર પણ તેજ ભાગમાં વધારે થાય છે. ગહૂંની પુષ્કળ જાતો છે, તથાપિ તેના ધોળા, રાતા, કઠણ, અને પોચા એવા ચાર વર્ગ કરી શકાય. કઠણ, ધોળા, અને રાતા ગહૂં હિંદુસ્તાનમાં બહુ ખપે છે; તેના પ્રમાણમાં પોચા રાતા ગહૂંની કીમત કાંઇક ઓછી ઉપજે છે. ગહૂંની વાવણી વધારે થવાથી દરરોજ ખાવાનાં બીજાં અનાજનું વાવેતર ઓછું થયું નથી.

જુવાર અને બાજરી.—ગહૂંના જેટલીજ જમીનમાં જુવારનું વાવેતર કરવામાં આવે છે; બાજરીનું વાવેતર તેની નીચે જમીનમાં થાય છે. મુંબાઈ અને મદ્રાસમાં જુવાર અને બાજરી વધારે પાકે છે. વરાડમાં જુવાર વધારે અને પંજાબમાં બાજરી વધારે થાય છે.

દ્વિદલ ધાન્ય.—આ ધાન્યની ઘણી જાતો છે. હિંદ સરકાર તરફથી પાક સંબંધી પુસ્તક પ્રગટ થાય છે તેમાં માત્ર ચણાની વિગત આપેલી હોય છે. ચણા ઉત્તર, મધ્ય, અને પશ્ચિમ હિંદમાં થાય છે. દક્ષિણમાં કળથી વધારે પાકે છે. એકંદરે દ્વિદલ ધાન્યનો પાક પંજાબ, વાયવ્ય પ્રાંતો, અને અયોધ્યામાં વધારે થાય છે. એ ધાન્ય જુદું અથવા બીજાં ધાન્યની જોડે વાવે છે.

તેલિયાં બીઆં.—અળશી મધ્યપ્રાંતો, વરાડ, વાયવ્ય પ્રાંતો, અને અયોધ્યામાં વિશેષ થાય છે. તલ મધ્યપ્રાંતોના હેઠલા ભાગમાં પુષ્કળ થાય છે. મદ્રાસમાં એરંડા વાવવાનો વધારે રિવાજ છે. મુંબાઈ ઈલાકામાં અજમો અને કસુંબી વધારે થાય છે. ઉત્તર હિંદમાં રાઈ, સરસવ, વગેરે, અને દક્ષિણ હિંદમાં મગફળી થાય છે.

રૂ અને જૂટ (તાગ).—રૂ બહુ પ્રાચીન કાળથી આખા હિંદમાં થાય છે. સને ૧૮૬૧–૬૫ લગી અમેરિકાની લડાઇને લીધે ત્યાંનું રૂ ઇંગ્લાંડ જતું બંધ થયું હતું તેવારે આ દેશના રૂને તેજી આવી હતી. તેજ વખતથી એના વાવેતરને પણ ઉત્તેજન મળ્યું. પરદેશમાંના સારી જાતના રૂનું વાવેતર અહીં કરવાનો પ્રયત્ન તે વખતથી ઘણીવાર કરવામાં આવ્યોછે, અને તેથી પાકમાં થોડો સુધારો પણ થયોછે; તથાપિ ત્યાંના પાકનો સારો ગુણ કેટલાક વખતથી અહીં ઓછો થતો જાયછે. અહીં લાંબા દોરાવાળા રૂની જે જાત છે તેનેજ સુધારવાનો પ્રયત્ન થયો હોત તો રૂની જાતમાં બેશ સુધારો થાત એવો દાક્તર વૅાટનો અભિપ્રાય છે. વરાડ અને સિંધ સિવાય મુંબાઈ ઈલાકાના ઉત્તર અને દક્ષિણ ભાગોમાં સરસ રૂ થાય છે. મુંબાઈ ઈલાકાના મધ્ય ભાગમાં, મદ્રાસમાં, વાયવ્યપ્રાંતોમાં, અને ઉપલા બ્રહ્મદેશમાં પુષ્કળ રૂ પાકે છે, પરંતુ તેના તાર નાના છે. ઇંગ્રેજી મૂલકની બહારનાં સંસ્થાનોમાં નેવુ લાખ એકર જમીનમાં રૂ પકવવામાં આવે છે એવો અડસટ્ટો કરેલો છે. પરદેશમાં રૂ પુષ્કળ જાય છે તેની હકીકત વેપારના મથાળા નીચે આપવામાં આવશે. આ દેશ-

નાં કારખાનાંમાં પણ પુષ્કળ રૂ ખપે છે.

જૂટ (તાગ).—બંગાળાના ઉત્તર અને પૂર્વ ભાગોમાં તથા આસામના દક્ષિણ ભાગમાં થાય છે.

તમાકુ.—એનું વાવેતર પણ આખા દેશમાં થાય છે; તે બહુધા દેશના ખપ માટેજ કરવામાં આવે છે. કેટલાક ભાગમાં પરદેશ મોકલવા સારૂ વાવેતર થાય છે તેમાં ડિંડિગુળનો તમાકુ પ્રખ્યાત છે. પરદેશી તમાકુની સારી જાત અહીં ઉગાડવાનો પ્રયત્ન કરવા માંડયો છે.

કાફી (બુંદ).—આ વસ્તુ મૂળે આ દેશની નથી. અરબોએ આ દેશમાં તે આણી અને એનું વાવેતર પ્રથમ મલબાર કિનારાપર થયું. હમણા કાફીનું વાવેતર નીલગિરિ પર્વત, વૈનાદ અને સાલેમ (મદ્રાસ ઈલાકામાં), આસામ, કોચીન, ત્રાવણકોર, અને મ્હેસૂર સંસ્થાનના પશ્ચિમ ભાગમાં થાય છે. સને ૧૮૯૧-૯૨ માં બધા પ્રાંતોમાં એકંદર ચાર લાખ વીસ હજાર એકર જમીનમાં એ પાક કરવામાં આવ્યો હતો.

ચા.—એની વાવણી આ દેશમાં સને ૧૮૩૫ થી થવા માંડી. પહેલે ચીન દેશમાંથી ચાનાં બીઆં આણી અહીં વાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે પાર પડયો નહિ. પછી ચાના છોડની એક જાત આસામમાં મળી આવી તે ઉગાડી સુધારો કર્યાથી ચાના ગુણમાં બેશ સુધારો થયો છે. સને ૧૮૯૧-૯૨ માં ૧૨૩૭ લાખ પૌંડ ચા ઉત્પન્ન થઇ હતી.

સિન્કોનાની વાવણી આ દેશમાં સને ૧૮૬૧ થી શરૂ થઇ, પહેલે તો અનુભવ કરી જોવા માટે એ છોડ નીલગિ-

રિ પર્વતપર વાવ્યો હતો. હમણા સિક્કિમ, નીલગિરિ, દાર્જિલિંગ, સાલેમ, કુર્ગ, અને મ્હૈસૂરમાં એની રોપણી થાય છે. સને ૧૮૯૧–૯૨ માં સરકારી અને ખાનગી મળીને ૧૪૮ લાખ ઝાડ હતાં અને તેઓમાંથી ૧૯ લાખ પૌંડ છાલ કહાડી હતી.

શેરડી.—શેરડીનો પાક સને ૧૮૮૪–૮૫ થી બમણો વધ્યો છે. એના વાવેતરના સંબંધમાં બંગાળા અને વાયવ્ય પ્રાંતોનો પહેલો નંબર છે. તેમની પછી પંજાબ અને અયોધ્યાનો નંબર આવશે. દક્ષિણ અને મધ્યહિંદમાં શેરડીનો પાક ઝાઝો નથી, તોપણ તે વધ્યો છે. આ દેશની શેરડી મોરિશિયસની શેરડીના જેટલી સરસ નથી.

ગળી.—આ પાક વિશેષે કરીને બંગાળા, વાયવ્ય પ્રાંતો, અને મદ્રાસમાં થાયછે. બંગાળામાં ગળીનું વાવેતર યૂરોપી લોકોએ કરવા માંડયું અને તે વિશેષે કરીને તેમનાજ હાથમાં છે. બહાર પ્રાંતના ઉત્તરના ભાગમાં અને મદ્રાસ ભણી દેશીઓ તેની વાવણી કરેછે. સને ૧૮૮૦ નુ પ્રમાણ જોતાં ગળીની કીમત બહુજ ઘટી ગઇ છે.

અત્યાર લગી આપણે વાવેતર થયેલી અને ખેડવા લાયક પડતર જમીન કેટલી છે અને કિયા પાક કેટલી જમીનમાં થાયછે તેનું વર્ણન કર્યું. હવે ધાન્યની કીમતના સંબંધમાં કહેવાનું છે. સને ૧૮૬૦ લગી ધાન્યની કીમત ઉતરતી જતી હતી અને તેમાં ફેરફાર પણ ઘણો થતો હતો. તે વરસ પછી એ સ્થિર થતી ગઇ છે; અને તેનું સામાન્ય વળણ વધવા તરફજ છે. એનું કારણ એ છે કે રસ્તા સુધ-

ચાથી એક સ્થળનો પાક બીજે ઠેકાણે જવા માંડ્યો અને પરદેશ જતા માલમાં પણ ઘણો વધારો થયો છે, તેથી બાકી રહેલા માલની કીમત ઠીક ઉપજે છે. પહેલાં કીમતી ધાતુનાં નાણાં પણ હાલનાં જેટલાં નહોતાં અને વેપાર પણ હમણાના જેવો નહોતો. નાણું ઓછું હોય તો ભાવ ઘટે અને પુષ્કળ હોય તો વધે એવો અર્થશાસ્ત્રનો નિયમ છે અને તે નિયમ પ્રમાણેજ નાણાંની છતના પ્રમાણમાં અનાજના ભાવમાં ફેરફાર થયો છે. સને ૧૮૬૪-૬૫ થી આગગાડી વગેરે કામો માટે પરદેશથી આ દેશમાં ઘણા પૈસા આવ્યા અને તે વખતથી ધાન્યના ભાવમાં પણ વધારો થયો. રસ્તા અને આગગાડી થવાથી ધાન્યનો ભાવ બધે ઠેકાણે લગભગ સરખો હોય છે. એકાદ ભાગમાં માલ વધી પડેછે અને બીજામાં તેની ખોટ પડ્યાથી ભાવ ચઢેછે તો જે ભાગમાં વધારે માલ હોય તે ભાગમાંથી ત્યાં માલ જવા માંડે છ અને એ પ્રમાણે થયાં કરી સઘળે ઠેકાણે સરખો ભાવ રહેછે.

અનાજનો ભાવ કેટલો વધ્યો છે તેની હકીકત હેઠળ આપી છે. સને ૧૮૬૧ પછીની હકીકત વધારે ચોકશી થઇને વખતે વખતે મેળવેલી હોવાથી વધારે ભરોસો રાખવા લાયક છે. તે પહેલાંની સાલોની હકીકત એટલી ભરોસાદાર નથી, તોપણ જેવી છે તેવી હકીકત સાધારણ અનુમાન કરવાને ઉપયોગી થશે એમ જાણી નીચે જુદા કોષ્ટકમાં આપી છે. આગલી હકીકત બધા દેશોના ભાવની સરાસરીની છે. સરાસરી કહાડવામાં જે પ્રાંતમાં જે માલ પાકેછે અથવા જે ઠેકાણે તેની વધારે ખપત થાય છે તે ઠેકાણાનું પ્રમાણ લીધુંછે:—

	ગહૂં.	ચોખા.	જુવાર.	બાજરી.
	શેર.	શેર.	શેર.	શેર.
સને ૧૮૬૧–૬૫...	૨૧.૩૬	૨૧.૬૬	૨૫.૭૮	૨૪.૨૭
સને ૧૮૬૬–૭૦...	૧૫.૪૫	૧૭.૪૨	૨૧.૨૫	૧૯.૯૦
સને ૧૮૭૧–૭૫...	૧૯.૪૬	૧૯.૧૪	૨૫.૩૦	૨૨.૩૮
સને ૧૮૭૬–૮૦,...	૧૬.૩૫	૧૫.૩૦	૨૦.૪૨	૧૮.૯૧
સને ૧૮૮૧–૮૫...	૧૯.૯૮	૧૮.૨૧	૨૭.૬૪	૨૪.૨૨
સને ૧૮૮૬–૯૦...	૧૬.૦૫	૧૫.૪૧	૨૧.૧૭	૧૯.૪૯
સને ૧૮૯૧........	૧૪.૦૫	૧૩.૯૧	૧૮.૪૪	૧૬.૫૭
કેટલા જિલ્લાની સરાસરી લીધી છે તેની સંખ્યા.	૯૯	૯૦	૯૫	૮૬

સને ૧૮૬૦ પહેલાં અનાજનો ભાવ કેટલો હતો તેની હકીકત નીચે આપી છે. એ દશ વરસની સરાસરીની હકીકત છે.

સને ૧૮૧૦.........	...	...	...	૨૭½
સને ૧૮૨૦.........	...	૫૫¾	...	૨૩
સને ૧૮૩૦.........	૨૮½	૫૨½	...	૨૬
સને ૧૮૪૦.........	૨૬½	૫૨	૪૭	૨૯
સને ૧૮૫૦.........	૩૨	૬૨½	૫૧½	૩૧¾
સને ૧૮૬૦.........	૩૧	૫૦	૪૮½	૩૧½

ખેતીની ાસ્થાતના સંબંધમાં એક બીજી બાબત વિષે લખી આપણે આ ભાગ પૂરો કરીશું. ખેતીના માલની કીંમત વધતી જાય છે તેમ મજૂરીનો દર પણ વધતો જાય છે. તે કેટલો વધ્યો છે તે નીચલા આંકડાપરથી જણાઈ આવશે.

	ખેતીની મજૂરી.	ઘોડાવાળાની મજૂરી.	સૂતાર, લુહાર, વગેરેની મજૂરી.
	રૂ. આ. પા.	રૂ. આ. પા.	રૂ. આ. પા.
સને ૧૮૭૩–૭૬...	૬—૧૧—૧	૬—૭—૩	૧૪—૯—૨
સને ૧૮૭૭–૮૧...	૬—૭–૧૧	૬–૭—૩	૧૪–૧૧–૧૧
સને ૧૮૮૨–૮૬...	૬—૮—૮	૬–૧૧–૧૧	૧૫–૧૧–૧૦
સને ૧૮૮૭–૯૧...	૭—૧—૮	૬–૧૫—૮	૧૬–૧૪—૫

આપરથી જણાયછે કે ખેતીની મજૂરી કરનારાની મજૂરીનો દર સેંકડે શુમારે દશ ટકા ચઢ્યો છે; ઘોડાવાળાની મજૂરીનો દર ૮ ટકા અને કડીઆ વગેરેની મજૂરીનો દર શુમારે ૧૬ ટકા વઢ્યો છે.

ખેતીના માલની કીમત કેટલી વધી છે તે સેંકડાના પ્રમાણથી જોતાં સને ૧૮૭૩ થી ચોખાની કીમત ૪૯ ટકા, ગહૂંની ૩૫ ટકા, જુવારની ૩૮ ટકા, અને બાજરીની ૩૭ ટકા વધી છે.

मीटीओरोलोजी (વાયુચક્રશાસ્ત્ર).

હિંદ જેવા ઉષ્ણ કટિબંધમાંના દેશમાં જીવનનાં સાધનોનો આધાર વરસાદપરજ હોવાથી આકાશમાં થતા ચમત્કારો સમજવા એ બહુ અગત્યનું છે. વરસાદ ક્યારે વરસશે, કેટલો વરસશે, પવન કઈ દિશામાંથી કેટલા જોરથી વાયછે, તેની ભયંકર ગતિ ક્યાં થઇછે, વગેરે હકીકત યોગ્ય વખતે જાણવામાં આવેથી સરકાર અને પ્રજા બંનેને

ફાયદો થાયછે. વરસાદ કેટલો વરશ્યો અને હવામાન કેટલું છે તેનું નિરીક્ષણ થવા માંડ્યાને ઘણો સમય થયો છે, તથાપિ એ ખાતાના કામનો ઘણો વિસ્તાર હમણાજ કરવામાં આવ્યો છે અને નિરીક્ષણસ્થળો પણ વધારે સ્થાપન કરવામાં આવ્યાં છે. હમણા જુદે જુદે સ્થળે હવામાનની હકીકત મેળવીને એકઠી કરી સિમલા, કલકત્તા, અને મુંબાઈમાં દરરોજ બપોર પહેલાં પ્રસિદ્ધ કરવામાં આવેછે. એ ખાતાંની સારી વ્યવસ્થા થયાને ઝાઝા દિવસ થયા નથી તેથી સિદ્ધાંત નક્કી કરવાને જોઇએ તેટલી હકીકતનો સંગ્રહ હજુ થયો નથી. હવે પછી વરસવાના વરસાદની અટકળ અગાઉથી બાંધી વિશેષ આફત પડવાનો સંભવ હોય તેવારે યોગ્ય તજવીજ કરવાની સવડ મળે એ તમામ ઉદ્યોગનું ચહાવા લાયક પરિણામ છે અને તે પાર પાડવા માટે પ્રયત્ન કરવામાં આવેછે.

હમણા જમીનપર વરસાદ, હવામાન, અને પવનની ગતિની જેવી નોંધ રાખવામાં આવેછે તેવીજ સમુદ્રમાં ફરનારાં વહાણોમાં પણ રાખવામાં આવેછે અને બંને સ્થળોએ મેળવેલી હકીકતનો મેળ મેળવી વાદળાં, વાઝોડા, પવન સહિત વરસાદ, વગેરેનું મૂળ શોધી કહાડવામાં આવેછે. દરિયામાં તોફાન થવાનાં ચિન્હ જણાઈ આવેછે એટલે ખલાશીઓને તેની ખબર આપવામાં આવેછે. ખંભાતના અખાતને મળનારી નદીઓમાં એકાએક પૂર આવેછે તેવારે તે નદીઓનાં મૂળ આગળનાં સ્થળોમાં વધારે વરસાદ પડ્યો એવી તેમને કાંઠે આવેલાં શહેરોને ખબર આપવામાં આવે

છે. વળી હિમાલય અને તેની જોડના બીજા પર્વતપર બરફ પડેછે તેમાં કાંઇ મળતાપણું છે કે નહિ, અને વરસાદ તથા જંગલની વચ્ચે કાર્યકારણભાવ કેવા પ્રકારનો છે, વગેરે બાબતની શોધ કરવામાં આવેછે. એ ખાતાં તરફથી જે માહિતી મેળવવામાં આવે છે તેને અનુસરીને પત્રકો અને નકશા વારેવારે પ્રસિદ્ધ કરવામાં આવેછે. આ દેશમાં મેળવેલી હકીકતનો શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર આ દેશમાં કરવામાં આવેછે એટલુંજ નહિ, પણ યૂરોપ અને ઉત્તર અમેરિકાના શાસ્ત્રજ્ઞ લોકો તરફ વિચાર કરવા માટે મોકલવામાં આવેછે.

એ કામ માટે આ દેશમાં પહેલા વર્ગનાં ૪, બીજા વર્ગનાં ૬૪, અને ત્રીજા વર્ગનાં ૯૭ નિરીક્ષણસ્થળો છે. એ સિવાય નિકોબાર અને ઝાંઝીબારમાં પણ માહિતી મેળવવા સારૂ એવાં સ્થળો સ્થાપન કર્યાં છે.

એ ખાતાંનો ખર્ચ સને ૧૮૮૧-૮૨ માં રૂ ૧,૪૮,૭૪૦ અને સને ૧૮૯૧-૯૨ માં રૂ ૨,૭૧,૯૯૦ થયો હતો.

ભાગ ૧૨ મો.

જંગલ ખાતું.

હિંદમાં સ્વાભાવિક ઉપજની બાબતમાં વાવેતર જમીનની ઉપજની પછી જંગલની ઉપજનો નંબર આવે છે. પશ્ચિમ ભણીના રેતીના રણ સિવાય હરકોઇ પ્રકારનાં ઝાડનો વધારો ન થાય એવી જમીન આ દેશમાં બહુજ થોડી છે; એક રીતે જોતાં તો જંગલનો નાશ થઇનેજ વસ્તી થઇ છે. કેટલેક ઠેકાણે જંગલ કાપવાનો રિવાજ એટલો તો વધી પડ્યો છે કે જમીનને રસાળ કરવામાં ઢોરનું છાણુ અતિ ઉપયોગી છે તે પરજ લોકોને પોતાના બળતણનો આધાર રાખવો પડે છે, અને એ સ્થિતિ જમીનની પોષક શક્તિને હાનિકારક છે. મોટાં ઇમારતી લાકડાંનાં જંગલો રાખવાં અને તૈયાર કરવાં એટલુંજ કામ જંગલ ખાતાનું નથી, પણ ઠેરઠેર ઝાડોનો વધારો કરી ઘરમાં બાળવાના કામમાં તે લાકડાં વાપરવાની તજવીજ કરી જમીનના ખપમાં આવતા પોષક પદાર્થો હાલ બાળવામાં વપરાય છે તે જમીનમાં જાય એવું કરવામાં આવશે તો એ ખાતાથી આખા દેશને ઘણોજ ફાયદો થશે અને ખેતીપર તો તેની ઘણીજ સારી અસર થશે. જંગલનો અને વરસાદનો કાર્યકારણસંબંધ હજુ અનુભવસિદ્ધ થયો નથી, તોપણ નદીઓનાં અને નાળાંનાં મૂળ પાસેના પ્રદેશો ઝાડવાળા હોવાથી પૂર વગેરેના રૂપમાં સમુદ્રમાં ન જતાં વરસાદનું પાણી એ ઝાડના બાગમાં એકઠું થાય છે અને તે સંચય નીચલા

ભાગને લાંબા વખત લગી ઉપયોગી થાય છે એવું સિદ્ધ થયું છે." ઝાડ કાપવાનું કામ ખેડુતો અને જંગલમાં રહેનારા લોકો ઘણા વખતથી કરે છે. અને જંગલોનું રક્ષણ કરવાનું કામ હમણાજ ચાલવા માંડયું છે તેથી બધી રીતની વ્યવસ્થા કરવાને ઘણો વખત લાગશે. જંગલ ઓછું થવાથી ઢોર ચારવાને પણ ઘણી અડચણ થઈ છે; ખેતી તથા દૂધને માટે જેટલાં જનાવરોનો ખપ હોય છે તેટલાંજ જનાવરોની માવજત કરવામાં આવે છે; બાકીનાં જનાંવરોને જ્યાં મળે ત્યાં જેટલો હોય તેટલો ચારો ચરી કાળ કહાડીને આખરે પોતાની દુઃખી જીંદગી પૂરી કરવી પડે છે. પડતર જમીન રાખીને જનાવરોને પુષ્કળ ચારો મળે એવી તજવીજ કરવાનું કામ જંગલખાતાને સોંપ્યું છે. એ રીતે ઇમારતી અને બળતણનાં લાકડાં પૂરાં પાડી, ઘરકામને માટે અને ઢોરને ચારો તથા ખેતરને ખાતર મળે એવી તજવીજ કરી અને ખેતીપર ઝાડની વૃદ્ધિ તથા સંરક્ષણની માર્ફત વરસાદની મહેરબાની સંપાદન કરી લોકોની આબાદી કરવાને જંગલખાતું બહુ ઉપયોગી છે.

ઇમારતી લાકડાંમાં સાગનો નંબર પહેલો છે. તે ઉત્તર બ્રહ્મદેશ, કાનડા, મલબાર, અને ઘાટનો ભાગ, સાતપૂડા, અને વિંધ્યાદ્રિ (પરંતુ સર્વેમાં ઉત્તમ સાગ બ્રહ્મદેશ)માં થાય છે. વાયવ્યપ્રાંતો, બંગાળા, આસામ, વગેરે પ્રાંતોમાં અને હિમાલયની તળેટીમાં સાલનાં ઝાડ થાય છે અને હિમાલયમાં સરૂ વગેરેનાં ઝાડ ઉગે છે. આસામ અને બ્રહ્મદેશમાં હિમાલયની નીચલી હારમાં દેવદાર વગેરે ઝાડ ઉગે

છે. બ્રહ્મદેશની ઉત્તરે અને આસામના અગ્નિખૂણામાં રબરનાં ઝાડ થાય છે. ઘાટમાં અને વિશેષે કરી મ્હેસૂર અને કુર્ગપ્રાંતમાં ચંદન (સુખડ) નાં ઝાડ પુષ્કળ ઉગે છે. વાંસ તો બધા ભાગોમાં થાય છે અને વાયવ્ય ભણી રેટન (નેતર) થાય છે.

સને ૧૮૭૮ ના હિંદ સરકારના કાયદા પ્રમાણે જંગલની વ્યવસ્થા કરવામાં આવે છે. "રાખી મૂકેલાં," સંરક્ષણ કરેલાં," અને "ગામનાં" એવા જંગલના વર્ગ કર્યા છે. જંગલ રાખી મૂકવાનો વિધિ એ છે કે પહેલે તો અમુક જમીન રાખેલું જંગલ કરવાનું છે એવી જાહેર ખબર આપવામાં આવે છે, અને પછી તે જમીનપર ખાનગી અથવા ગામનો હક્ક હોય તેની તપાસ કરી તેની ગોઠવણ કર્યા પછી જંગલની હદ ઠરાવી ઠામઠામ હદ્દનાં નિશાન ઉભાં કરવામાં આવે છે. એ કામ ઘણું કરીને મુલ્કીખાતાના અમલદારો કરે છે. બીજા વર્ગોનાં જંગલો કરતાં એ રાખેલાં જંગલોમાં સરકારની મરજી પ્રમાણે બધી વ્યવસ્થા પૂરેપૂરી અમલમાં આવે છે. જંગલના કાયદામાં જંગલ રાખવાં, તેમની વ્યવસ્થા કરવી, જંગલની ઉપજ કરવી, અને તેના સંબંધમાં કર લેવો એ સંબંધી નિયમો ઠરાવેલા છે. કિયે ઠેકાણે કેટલાં અને કેવા પ્રકારનાં જંગલો રાખવાં, અને તેમની ઉપજની શી વ્યવસ્થા કરવી તે દરેક પ્રાંતના લોકોની સ્થિતિ અને તેમની ગરજોનો વિચાર કરી તે શાસ્ત્રમાં નિપુણ અધિકારીઓ ઠરાવે છે. એને કામની રચના (વર્કિંગ પ્લાન્સ) કહે છે. જંગલ ખાતાને હસ્તક જમીન આવ્યા

પછી તે ખાતાના લોકો તેની વ્યવસ્થા શાસ્ત્રીય મૂળતત્વો પ્રમાણે કરે છે. તથાપિ જે ઠેકાણે બળતણ અને ઢોરને ચરવા માટેજ મુખ્યત્વે કરીને જંગલો રાખેલાં હોય છે અથવા તેમની વ્યવસ્થા જોડે રૈયતના નફાતોટાનો સંબંધ હોય છે તે ઠેકાણે મુલ્કી અને જંગલખાતાં એક એકની સલાહ લેઇને કામ કરે છે.

જંગલખાતાની વ્યવસ્થા કરનારા કામદારોમાંના કેટલાક તે વિષયનો વિશેષ અભ્યાસ કરેલો હોય એવા હોઈ ઈંગ્લાંડથી નીમાઇને આવે છે અને કેટલાકને હિંદુસ્તાનમાં નીમવામાં આવે છે. આખા હિંદમાં તે સર્વેપર ઈન્સ્પેકટર-જનરલ દેખરેખ રાખે છે. જંગલખાતાના અમલદારોમાં ઉપલા દરજાના કૉન્સર્વેટરોના કામપર તે વિષયનો વિશેષ અભ્યાસ કર્યો હોય તેવા માણસોનેજ નીમવામાં આવે છે. સને ૧૮૮૫ લગી હિંદમાંથી પસંદ કરેલા ઉમેદવારોને જર્મની અથવા ફ્રાન્સમાં એ વિષયની શાળા છે તેમાં શીખવાને મોકલતા હતા; પરંતુ એ વરસમાં કૂપર્સહિલની કૉલેજમાં જંગલખાતાના ઉપયોગી વિષયો શીખવવા માટે એક વર્ગ કહાડવામાં આવ્યો. ત્યાં તૈયાર થયેલા માણસોને પહેલે તો ફૉરેસ્ટ ખાતાની મુખ્ય આફિસમાં કેટલાક દિવસ રાખવામાં આવે છે; ત્યાં દેશી ભાષાનો અભ્યાસ કર્યા પછી તથા પ્રાંતોમાંનાં જંગલોની સ્થિતિનો અનુભવ મળ્યા પછી તેમને કામપર મોકલવામાં આવે છે. નીચલા દરજાના નોકરો તૈયાર કરવા માટે સને ૧૮૭૮ માં દેહરાદુનમાં એક શાળા સ્થાપન કરી. તેમાં વનસ્પતિશાસ્ત્ર, ખનિજ પદાર્થવિદ્યા, મોજણી, ગણિત, અને પદાર્થવિજ્ઞાન શીખવી તે ઉ-

પરાંત વહીવટની બાબતો પણ શીખવવામાં આવે છે. તે શાળાનો અને હમણા જંગલના સંબંધમાં વ્યવસ્થા કરવામાં આવી છે તેનો ઉત્પાદક હિંદનો માજી ઇન્સ્પેકટર-જનરલ સર ડી. બ્રાન્ડિસ હતો.

સને ૧૮૯૧ માં જુદા જુદા પ્રાંતોમાં રાખી મૂકેલાં જંગલો કેટલાં હતાં તે નીચેના કોષ્ટકપરથી જણાઇ આવશે. મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૧-૮૨ ના આંકડા આપ્યા છે:—

આંકડા ચોરસ મૈલના છે.

	સને ૧૮૮૧-૮૨.	સને ૧૮૯૧-૯૨.
મદ્રાસ..............	૧,૧૮૨	૭,૧૭૫
મુંબાઈ.............	૯,૭૮૯	૧૦,૩૧૮
બંગાળા.............	૪,૨૩૬	૫,૨૧૧
વાયવ્યપ્રાંતો.........	૩,૩૨૬	૩,૭૬૮
પંજાબ..............	૧,૧૬૦	૧,૭૧૫
મધ્યપ્રાંતો...........	૧૯,૪૩૦	૧૯,૬૮૦
આસામ.............	૨,૦૬૬	૩,૬૧૨
વરાડ................	૧,૩૯૪	૧,૨૫૬
કુર્ગ.................	૨૩૪	૧૧૩
અજમેર............	૧૨૨	૧૩૯
ઉપલો બ્રહ્મદેશ......	——	૧,૦૫૯
નીચલો બ્રહ્મદેશ.....	૩,૨૭૪	૫,૬૧૫
	૪૬,૨૧૩	૫૯,૭૪૩*

* એમાં બલૂચીસ્તાનના ૮૨ મૈલ આવે છે.

જંગલ રાખતાંજ તેની હદ ઠરાવવામાં આવે છે અને હક્કની પણ ચોકશી કરવામાં આવે છે. હિંદના સર્વેખાતા તરફથી દર વરસે બે ત્રણ હજાર ચોરસ મૈલની માપણી કરવામાં આવે છે. એ માપણીથી કામની ગોઠવણ કરવામાં ઘણી મદદ મળે છે.

ગૌચરણની વ્યવસ્થા જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી રીતે કરવામાં આવે છે. બંગાળામાં ૭૬૯ ચોરસ મૈલ જમીન આ કામ માટે જુદી રાખેલી છે. મધ્યપ્રાંતો, પંજાબ, અને વાયવ્યપ્રાંતોમાં જંગલમાંની સેંકડે ૭૦ ટકા જમીન એ કામ માટે આપેલી છે. મદ્રાસ ઈલાકામાં તમામ જંગલો "રાખી મૂકેલાં" છે અને જંગલોની પડોશનાં ગામોને ઢોર ચરાવવા માટે કેટલીક જમીન વારા ફરતી આપવામાં આવે છે. અજમેરમાં સને ૧૮૯૧–૯૨ માં ચારાની તંગી પડવાથી રાખી મૂકેલાં તમામ જંગલો ખુલ્લાં મૂક્યાં હતાં. મુંબાઈ ઈલાકામાં ડુંગરી મૂલક અને સાતપૂડા સિવાય બાકીનો જંગલી ભાગ ઠામઠામ પ્રસરેલો છે અને તે જંગલી જળાઉ ઝાડો અને ઘાસ થવા લાયકજ છે; એ કારણથી તેમાં ગૌચરણની તજવીજ કરી તેપર દેખરેખ રાખવી બહુ મુશ્કેલ છે. સને ૧૮૯૧–૯૨ માં એ બાબતમાં નવા નિયમો કર્યા હતા. તેમનો અનુભવ કરી જોવાને જોઇએ તેટલી તક મળી નથી, તથાપિ જે અનુભવ થયો છે તેપરથી તેઓ બહુ ઉપયોગી થશે એવું જણાય છે.

જંગલી જમીનમાં ઢોરને ચરાવવાના વિષયની જોડેજ જંગલમાં વગર હક્કે જઈ ત્યાંની વસ્તુઓ તોડવાના ગુન્હા-

નો પણ વિચાર કરવો જોઇએ. એ ગુન્હા સને ૧૮૯૧–૯૨ માં કેટલા થયા હતા તે નીચેના કોષ્ટકમાં બતાવ્યું છે અને મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૧–૮૨ ના આંકડા આપ્યા છે. પહેલાં કરતાં હમણાં ગુન્હા વધ્યા છે. જુદી જુદી જાતના ગુન્હા વખતે વખતે વધે છે અને ઘટે છે, તેથી આ આંકડાપર ટીકા કરવાની જરૂર નથી. કેટલેક ઠેકાણે નીચલા અમલદારોની કસૂરથી વગર કારણે કેસ ઉભા કરવામાં આવતા અથવા કેસ ઉભા કરી અંદર અંદર સમાધાન કરી છોડી દેવામાં આવતા.

જંગલને લગતા ગુન્હાનું કોષ્ટક.

પ્રાંત.	સને ૧૮૮૧–૮૨.	સને ૧૮૯૧–૯૨.
મદ્રાસ...............	૧,૧૩૬	૧૧,૬૩૬
મુંબાઈ...............	૨,૮૯૮	૧૭,૭૮૭
બંગાળા.............	૨,૨૨૯	૧,૯૪૪
વાયવ્યપ્રાંતો.........	૭૧૪	૮૬૯
પંજાબ..............	૧,૨૬૬	૧,૯૬૩
મધ્યપ્રાંતો..........	૧૦,૧૯૧	૮,૦૪૭
વરાડ................	૩૮૧	૩૭૩
આસામ............	૧૩૧	૪૩૧
કુર્ગ..................	૮	૩૦
અજમેર...........	૬૭	૧૩૯
બ્રિટિશ બલૂચીસ્તાન	૨૨	૧૬૦
ઉપલો બ્રહ્મદેશ......	...	૩૬૨
નીચલો બ્રહ્મદેશ....	૨૫૦	૧,૩૨૦
	૧૯,૨૯૩	૪૫,૦૬૧

પહેલાં જંગલોની સંભાળ રાખવામાં આવેલી ન હોવાથી હમણા વિસ્તારના પ્રમાણમાં તેમની જેટલી ઉપજ થવી જોઇએ તેટલી થતી નથી. હમણા ઝાડી આછી કરવામાં તથા વેલા અને ઝાડવાં સારાં ઝાડોને ઉગવામાં અડચણ કરે છે તેમનો નાશ કરવામાં લક્ષ આપવામાં આવે છે. દવ (આગ)થી પણ જંગલોને નુકસાન થાય છે અને તે બાબતનો બંદોબસ્ત કરવામાં પણ એ ખાતાને ઘણી મહેનત પડે છે.

પરરાજ્યોમાં જંગલોની પેદાશ કેટલી ગઇ તે હેઠલા કોષ્ટકપરથી જણાશે.

આંકડા હજાર રૂપિઆના છે.

જણસનું નામ.	નિકાશ થયેલા માલની કીમત.		કિયા દેશોજોડે વધારે વેપાર ચાલે છે તેની હકીકત.
	૧૮૮૧–૮૨	૧૮૯૧–૯૨	
રબર...........	૧૦૮૮	૧૧૭૨	બંગાળા અને બ્રહ્મદેશમાંથી વિલાયત અને અમેરિકા.
લાખ...........	૫૫૫૨	૬૦૬૭	બંગાળામાંથી ઈંગ્લાંડ અને અમેરિકા.
રંગની લાખ....	૯૧	૨	
કાથો...........	૨૫૩૦	૩૧૭૨	બંગાળા અને બ્રહ્મદેશમાંથી વિલાયત અને અમેરિકા.

એલચી.........	૬૩૬	૩૧૮	મુંબાઈમાંથી ઇંગ્લાંડ, ચીન, અરબસ્તાન, બગદાદ, અને એડન જાય છે.
હરડાં..........	૧૪૪૪	૩૯૩૬	મુંબાઈમાંથી ઇંગ્લાંડ, જર્મની, અને આસ્ટ્રિઆ.
સુખડ-અને અબનૂસ..........	૪૬૯	૮૪૧	મુંબાઈ અને મદ્રાસમાંથી ફ્રાન્સ અને ચીન.
સાગ.............	૫૦૬૭	૪૭૪૮	બ્રહ્મદેશ અને બંગાળામાંથી ઈંગ્લાંડ, કેપ આવ ગુડ હોપ અને જિબ્રાલ્ટર.
	૧૬૮૮૨	૨૦૨૬૨	

આ ખાતાના ઉપજખર્ચનું સને ૧૮૯૧-૯૨ નું પત્રક હેઠળ આપ્યું છે. આખા હિંદનો વિચાર કરતાં બ્રહ્મદેશ અને મુંબાઈમાં એકંદર ઉપજની શુમારે ૫૭ ટકા ઉપજ થાય છે. ગયાં વીસ વર્ષમાં એ બેઉ પ્રાંતોમાં નક્કી ઉગારો બમણો વધ્યો છે અને બીજા પ્રાંતોમાં પણ તેમાં ઠીક વધારો છે. વ્યવસ્થામાં સુધારો થયો, ગૌચરણની વધારે તજવીજ થઈ, અને રેલવે વધ્યાથી સલેપાટનો ખપ વધ્યો

એ ઉપજ વધવાનાં મુખ્ય કારણો છે.

જંગલખાતાના ઉપજખર્ચનું સને ૧૮૯૧-૯૨ નું કોષ્ટક.

આ રકમોમાં વરાડના આંકડાનો સમાવેશ થતો નથી.

બાબત.	રકમ.
અ—ઉપજ.	રૂપિઆ.
(૧) ઇમારતી લાકડાં, વગેરે...............	૭૭,૬૨,૩૮૦
(૨) જળાઉ લાકડાં અને કોયલા.........	૨૧,૪૯,૦૭૦
(૩) વાંસ................................	૬,૦૦,૫૬૦
(૪) ઘાસ અને ચરાઇ....................	૧૯,૦૯,૭૧૦
(૫) પરચુરણ ઉપજ.....................	૧૫,૮૬,૬૫૦
(૬) જપ્ત કરેલાં પાંદડાં, વગેરે............	૨,૧૯,૯૪૦
(૭) પારકાં ઇમારતી લાકડાંપર કર.......	૨,૫૩,૫૦૦
(૮) હિસ્સાથી અથવા કરારથી કરેલી જંગલની ઉપજ........................	૩૦,૦૯૦
(૯) દંડ તથા પકડેલો માલ............	૩૫,૬૮૦
(૧૦) પાછી આપેલી રકમ..............	૧૧,૧૮૦
(૧૧) પરચુરણ............................	૩,૪૭,૦૬૦
કુલ.	૧,૪૯,૦૫,૮૨૦
બ—ખર્ચ.	
(૧) વ્યવસ્થા.............................	૫૩,૬૭૦
(૨) રક્ષણ અને કામો.....................	૪૮,૦૦,૩૬૦
(૩) નોકરોનો પગાર, વગેરે............	૩૫,૭૪,૫૯૦
(૪) વિલાયતમાં ખર્ચ, હુંડીઆમણ સુદ્ધાં.	૧૦,૬૪૦
કુલ.	૮૪,૩૯,૨૬૦

ઉપજ (સને ૧૮૮૧-૮૨) રૂ ૮૭,૪૮,૧૬૦. ખર્ચ (સને ૧૮૮૧-૮૨) રૂ૫૫,૮૭,૩૬૦.

ઉપજ (સને ૧૮૯૪-૯૫ બજેટ) રૂ૧,૬૪,૬૦,૦૦૦. ખર્ચ (સને ૧૮૯૪-૯૫ બજેટ) રૂ૯૮,૪૪,૦૦૦.

જંગલની વ્યવસ્થા ક્રિયા ધોરણપર ચલાવવી તે સંબંધી હિંદસરકારે બહુ અગત્યનો ઠરાવ હમણાજ પ્રસિદ્ધ કર્યો છે તેનું ભાષાંતર હેઠળ આપ્યું છે.

જંગલખાતાને લગતો હિંદ સરકારનો ઠરાવ.

હિંદની ખેતીના સુધારા વિષે દાક્તર વોએલકરે રીપોર્ટ કર્યો છે તેના આઠમા ભાગમાં જંગલખાતાની વ્યવસ્થાથી ખેતીના કામને હમણા જેટલી પ્રત્યક્ષ મદદ મળે છે તેના કરતાં વધારે મદદ મળ્યાં કરે એવી રીતે જંગલની વ્યવસ્થાનું વલણ કરવું કેટલું મહત્વનું છે તે વિષે તેણે સવિસ્તર વર્ણન કર્યું છે. જંગલખાતાના ઇન્સ્પેકટર-જનરલે સને ૧૮૯૨-૯૩ ના જંગલખાતાની વ્યવસ્થા વિષે કરેલા ગુણદોષવિવેચનમાં બ્રિટિશ સરકારના તાબાનાં સરકારી જંગલોની વ્યવસ્થા ક્રિયા ધોરણપર ચલાવવી તે વિષે બહુ વિગતવાર બરોબર વિચાર કર્યો છે. જંગલખાતાના ઇન્સ્પેકટર-જનરલે જે મૂળતત્વો જણાવ્યાં છે તેમાંનાં ઘણાંખરાં હિંદ સરકારને માન્ય છે. તોપણ આ બાબતમાં સાધારણ રીતે જે પ્રકારની વ્યવસ્થા કરવી જોઇએ એવી હિંદ સરકારની ઇચ્છા છે તે અહીં જણાવ્યાથી વિશેષ ઉપયોગી થશે એમ ધારી તે વિષે અહીં કહ્યું છે. એ જણાવવાનું બીજું

વિશેષ કારણ એ છે કે જંગલખાતાની વ્યવસ્થાના સંબંધમાં સરકારનો જે ઉદ્દેશ છે તેની ગેરસમજુતી થયાના ઘણા દાખલા હમણા સરકારને મળી આવ્યા છે.

૨. લોકોનું હિત થાય એ સરકારી જંગલોની વ્યવસ્થા કરવાનો મુખ્ય હેતુ છે. કેટલેક પ્રસંગે તમામ કર ભરનારાનું હિત થાય એવી વ્યવસ્થા થવી જોઇએ અને બીજે પ્રસંગે જે પ્રાંતોમાં જંગલો હોય તે પ્રાંતોમાં રહેનારા લોકોનું હિત થાય એવી વ્યવસ્થા કરવી જોઇએ; પરંતુ ઘણેક પ્રસંગે સાર્વજનિક હિત કરવાના હેતુથી જંગલનો બંદોબસ્ત કરવામાં તે જંગલની થડમાં રહેનારા લોકોના પરંપરાથી ચાલતા આવેલા હક્ક તથા રિવાજને ઓછા વત્તા અંકુશમાં રાખવાની જરૂર પડે છે. તથાપિ એવી જાતનો અંકુશ મૂકયાથી અથવા હદ ઠરાવ્યાથી લોકોને ઘણો ફાયદો થવાનો સંભવ હોય તોજ એ પ્રમાણે કરવામાં દોષ નથી. એવા કામમાં મુખ્ય મૂળતત્વ હમેશ લક્ષમાં રાખવું જોઇએ એ છે કે જે બાબતમાં પૃથક્ માણસના હિત પ્રત્યે લક્ષ ન આપતાં ઉલટો તેના હક્ક તથા અધિકારપર અંકુશ મૂકવાની જરૂર પડે તે બાબતમાં સાર્વજનિક હિત કરવાની આવશ્યકતા હોય તેટલાજ પ્રમાણમાં પૃથક્ માણસના હક્ક તથા અધિકારપર દાબ મૂકવો જોઇએ.

૩. હિંદનાં જંગલો સરકારની માલિકીનાં છે તેથી નીચે લખ્યા પ્રમાણે તેમના સ્થૂળ વર્ગ કર્યા છે:—

અ. હવા સારી રહે તે કારણથી અથવા સ્થળના કારણથી જે રાનોનું રક્ષણ કરવાની જરૂર છે તે રાનો.

ब. જે જંગલોમાં કામ લાગે એવાં કીમતી ઇમારતી
લાકડા પેદા થાય છે તે જંગલો.

क. નાનાં નાનાં જંગલો.

ड. ગૌચરણો.

ઉપર બતાવેલા વર્ગોમાંના હરકોઇ વર્ગમાં હમણાનાં સરકારી જંગલોનો સમાવેશ કરી તેમના વર્ગ કરવાની યોજના કરવી એવો આ ઠરાવનો હેતુ નથી. કેટલાંક જંગલો ઉપર કહેલા વર્ગોનાં મિશ્રણ થયેલાં હશે અને એકજ જંગલના ભાગ જુદા જુદા મથાળા નીચે આવી શકશે. જંગલોના પ્રત્યેક વર્ગની વ્યવસ્થા અનુક્રમે કેવી રીતે કરવી તે વિષે સાધારણ વ્યવસ્થાનું દિગ્દર્શન કરવા માટે માત્ર સદરહુ વર્ગીકરણ ઉપયોગી છે; અને એ સાધારણ વ્યવસ્થા કયાં અને કેવી રીતે લાગુ પાડવી તે જુદા જુદા ભાગની સ્થિતિ જોઇને ઠરાવવું જોઇએ.

૪. પહેલા પ્રકારનાં જંગલો ઘણું કરીને ડુંગરોના ઢાળપર હોય છે. એ ઢાળપરથી વહી આવતા પાણી વડે તેની તળેટીમાંની વાવેતર જમીન દિવસે દિવસે ઘસડાઇ જવાની ઘણી બીક છે. એવી રીતે જમીનનો નાશ ન થાય તે માટે ડુંગરોના ઢાળપરનાં ઝાડોનું રક્ષણ કરવું જોઇએ એટલુંજ નહિ, પણ એવાં ઝાડોનો વધારો થાય એવો બંદોબસ્ત કરવાની ઘણી જરૂર છે. એપરથી ખુલ્લું છે કે એવા પ્રકારનાં જંગલોનું સંરક્ષણ કરવું એટલે ખાનગી હક્કપર વધતો ઓછો અંકુશ મૂકવો; પરંતુ સંરક્ષણથી થતા ફાયદાની અને અંકુશથી થતા નુકસાનની વચ્ચે ઘણો ફેર છે.

એ કારણથી જ્યાં લગી અંકુશ મૂકવાથી ખરેખરો પ્રત્યક્ષ ફાયદો થવાનો સંભવ હોય ત્યાં લગી થોડા નુકસાનપર બિલકુલ લક્ષ આપવાની જરૂર નથી.

૫. જે વિશાળ પ્રદેશમાંથી આપણને પુષ્કળ સાગ, સાલ, દેવદાર અને એવી જાતનાં કીમતી લાકડાં મળે છે તે બીજા પ્રકારનાં જંગલો છે. એ પ્રદેશ બધોજ નહિ તોપણ ઘણોખરો જંગલીજ હોય છે. એ કારણથી એવાં જંગલો-પર ખાનગી વહીવટનો હક્ક બહુજ થોડો હોય છે. એવું હોય છે ત્યારે એ જંગલો સરકારની બહુ કીમતી મિલ્કત છે અને સરકારી મહેસૂલનાં સાધનો છે એમ સમજી તેમ-ની વ્યવસ્થા મુખ્યત્વે કરીને વેપારની દૃષ્ટિથી કરવી જોઇએ. એવી બાબતમાં પણ જંગલનો ઉપભોગ કરવાનો વહીવટ જંગલના સીમાડાપર જે પ્રદેશ હોય છે તેમાં વસનારા લોકોનોજ ઘણું કરીને હોય છે. જે લોકોનો એવો વહી-વટ હોય તે લોકોની ચઢતી દશા થવાને એવો વહીવટ તેમને હમેશ કરવા દેવાની કેવળ જરૂર છે, અને એ વહી-વટનો હક્ક એકંદર જંગલના વિસ્તારના પ્રમાણમાં બહુ થોડો હોય છે, તેથી તે પ્રમાણે ચાલુ રાખવાથી ઝાઝી અ-ડચણ પડવાનો સંભવ નથી. જંગલની હદમાં રહેનારા લો-કોને મુખ્યત્વે કરીને જે પદાર્થોનો ઘણો ખપ પડે છે તે પદાર્થો ઇમારતને માટે નાનાં નાનાં લાકડાં, બાળવા માટે સરપણ, ખાતર તથા ચારાને માટે રાન, વાડને માટે કાંટા, ઢોરને માટે ઘાસ અને ચરવાની જગ્યા, અને પોતાના ઉ-પયોગને માટે જંગલમાં નીપજતા ખાવાના પદાર્થો છે. એ

કારણથી એ પદાર્થો (જે ઠેકાણે જંગલનાં લાકડાંનો બંદોબસ્ત કરવાનો વહીવટ શરૂ કર્યો છે તે ઠેકાણે) મફત આપવાની સવડ ન હોય તો બની શકે તેટલા કિફાયત દરે તે આપવા જોઇએ. એકંદરે એવી બાબતમાં ઉપજને મુખ્ય ન ગણતાં લોકોની સવડને મુખ્ય ગણવાનું લક્ષમાં રાખવું જોઇએ.

કીમતી ઈમારતી લાકડાં નીપજે એવી પુષ્કળ જમીનનું ક્ષેત્રફળ હમણા રાખી મૂકવામાં આવ્યું છે. પરંતુ એ લાકડાં નીપજે એવું એ બધું ક્ષેત્રફળ નથી. એ સંબંધી કરેલો અડસટ્ટો ભૂલ ભરેલો છે એમ માનવાને ઘણાં કારણો છે. એમાંનાં જંગલો હલકી કીમતનાં લાકડાં નીપજે એવાં છે. એ કારણથી એવા પ્રકારનાં જંગલોનો ઉપયોગ લોકોના ખપનાં નાનાં નાનાં ઈમારતી લાકડાં પૂરાં પાડવામાં કર્યો હોત તો તેમને અને સરકારને વધારે ફાયદો થાત. એ જંગલોનો ઉપયોગ કીમતી લાકડાં તૈયાર કરવામાં કીધાથી વેપારીઓ તરફથી એટલો ફાયદો કદી પણ થવાનો નથી. વળી મૂલ્યવાન ઇમારતી લાકડાં તૈયાર કરવા લાયક જે જંગલો છે તેઓનો ઉપયોગ એવી જાતનાં લાકડાં નીપજાવવામાં ન કરતાં લોકોના અને વિશેષે કરીને ખેડુતોના ખપનાં નાનાં નાનાં ઈમારતી લાકડાં તૈયાર કરવામાં કર્યાથી મહેસૂલ અને લોકહિતની નજરે જોતાં એવી વ્યવસ્થા કરવાથી સારો ફાયદો થવાનો સંભવ છે કે નહિ તેનો દરેક પ્રસંગે વિચાર કરવાની ઘણી જરૂર છે.

૬. એ પણ લક્ષમાં રાખવું જોઇએ કે જંગલ રાખી

મૂકવામાં જમીનનો ઉપયોગ કરવો અને ૭ મી કલમમાં જે શરતો કહેલી છે તે શરતો ધ્યાનમાં રાખી ખેડવામાં જમીનનો ઉપયોગ કરવો એ બેનો મુકાબલો કરવાથી ખેડાણ કરવાનો હક્ક વધારે મજબૂત છે એમાં શક નથી. હિંદના લોકોનાં ગુજરાનનાં ઝાડો બહુધા જમીનપરજ હોવાથી હિંદના સંબંધમાં એ બહુ ગુંચવણ ભરેલો વિષય થઈ પડયો છે; એ કારણથી ક્ષેત્રફળના પ્રમાણમાં જે જમીન ખેડવાથી પુષ્કળ લોકોનો નિર્વાહ થાય તે જમીનમાં વાવેતર કરવું જોઇએ; માટે જે જે ઠેકાણે લોકોને જમીન ખેડવાની ખરેખરી જરૂર હોય અને જંગલી પ્રદેશ સિવાય બીજી જગ્યાએ ખેડવા લાયક જમીન હોઈ શકે નહિ, તે તે ઠેકાણે તે જમીન આનાકાની કર્યા વગર જંગલમાંથી જુદી પાડવી જોઇએ. ઇમારતી લાકડાં માટે રાખી મૂકેલાં કીમતી જંગલોની જમીન પણ ખેડવા આપવાની છૂટ રાખેલી છે તો તેનાથી ઉતરતા દરજાની જમીન તો ખસૂસ ખેડવા આપવી જોઇએ એવું કહેવાની જરૂર રહેતી નથી. જંગલના ક્ષેત્રફળમાં ખેતી થતી જાય તેમ તે નવા ખેડેલા ક્ષેત્રફળની નીપજ જંગલના આસનમાંથી ઓછી કરતા જવી અને સ્પષ્ટ રીતે લક્ષમાં રાખવું જોઇએ કે જંગલના કાયદાને આધારે એવી જમીનનો સમાવેશ રાખી મૂકેલા જંગલમાં કર્યો હશે તો જંગલમાંથી કહાડી નાંખી વાવેતર જમીનમાં તેનો સમાવેશ કરવાનો સ્થાનિક સરકારને પૂર્ણ અધિકાર છે. હિંદ સરકારની મંજૂરી લેવાની બિલકુલ જરૂર નથી. જંગલના ચાલુ કાયદામાં અથવા તે કાયદાને આધારે

જે નિયમ અથવા ઠરાવ પ્રસિદ્ધ કર્યા છે તે પરથી એવી બાબતમાં સ્થાનિક સરકારનો અખત્યાર બિલકુલ ઓછો થતો નથી. માત્ર એપરથી સ્થાનિક સરકારોએ ચલાવેલા વ્યવહારમાં યોગ્ય પ્રસંગે હાથ ઘાલવાનો હિંદ સરકારનો સાધારણ અધિકાર છે તે કોઈ પણ રીતે ઓછો થાય છે એમ સમજવું નહિ.

૭. હવે ૬ ઠ્ઠી કલમની શરૂઆતમાં જંગલમાંથી બાદ કરી વાવેતર જમીનમાં જમીન દાખલ કરવામાં કેટલીક શરતો પાળવી જોઇએ એવુ કહેલું છે. એ શરતો કરવાનો મુખ્ય હેતુ એ છે કે જંગલમાંથી કહાડી નાંખી વાવેતરમાં જમીન દાખલ કર્યાથી નુકસાન કરતાં ઘણું વધારે સાર્વજનિક હિત થવાનો સંભવ હોય તોજ એવી વ્યવસ્થા કરવાની છે.

(૧) કીમતી જંગલોની વચ્ચોવચ્ચ ખેતી કરવાને જમીનના નાના કિત્તા કદીપણ જુદા પાડી આપવા નહિ. ખેતી કરવા લાયક એકાદ મોટું ક્ષેત્રફળ જોઈ તેજ ખેડવાને આપવું જોઇએ. ઉત્તમ જમીનમાંથી જંગલનો કિત્તો જુદો પાડી આપ્યાથી વધારે કસવાળી જમીન વાપરવાને મળશે એ વાત ખરી, તથાપિ તેને લીધે જંગલના બાકી રહેલા ક્ષેત્રફળનું બરાબર રક્ષણ થઈ શકશે નહિ, તેથી એવે પ્રસંગે ફાયદા કરતાં નુકસાન વધારે થશે.

(૨) હવે વાવેતર કરવું તે પણ હમેશ કરવું જોઇએ. કેટલાક ભાગમાં જંગલની સ્વાભાવિક સ્થિતિ એવી હોય છે કે જંગલ કાપી નાંખ્યાથી તે જમીન થોડી અથવા વધારે

મુદ્દતમાં ધોવાઈ જઇ ખરાબ અથવા કસ વિનાની થાય છે. એવાં જંગલો ૮ મી કલમમાં કહ્યા પ્રમાણે પહેલા વર્ગનાં જંગલોમાં આવે છે એમ સમજી તેમને માટે જે નિયમો ઠરાવ્યા છે તે નિયમો આ જંગલને પણ લાગુ પાડવા જોઇએ. તેજ પ્રમાણે જગ્યા બદલી ખેતી કરવાનો રિવાજ છે તે ચાલુ રાખ્યાથી થોડીક જમીનમાં પાક થાય છે તેટલાજ ફાયદા માટે જંગલનો ભાગ કોઈ કોઈ ઠેકાણે ઉજડ થવા દેવો પડેછે, અને એવી પરવાનગી આપવાથી લોકોને ફાયદા કરતાં નુકસાન વધારે થાય છે, માટે એવી રીતની ખેતી કરવા દેવી તે જે જંગલી જાતોનું ગુજરાન કેવળ એવા પ્રકારની ખેતી વડે થતું હોય તેમનેજ કેટલાક યોગ્ય નિયમો ઠરાવી કરવા દેવી જોઇએ.

(૩) ખેતી કેવળ નામની હોવી ન જોઇએ, અને તેને લીધે ઢોર અને મેઢાં પાળનારા લોકોને ત્યાં જઇને વસવાનું થોડું અથવા પૂરેપૂરું કારણ મળવું ન જોઇએ, કારણકે એવું કર્યાથી તેમને ફાયદો થશે તેના કરતાં જંગલને વધારે નુકસાન થશે.

(૪) જંગલની આસપાસની જમીન ખેડવા આપવી તે તે પ્રદેશના લોકોને તે જંગલમાંથી જે જણસો મેળવવાની જરૂર છે અથવા તે જંગલની આસપાસ રહેનારા લોકોને જે જે જણસો મળવાની સગવડ હમણા અથવા હવે પછીને માટે કાયમ ઠરાવવી જોઇએ તે જણસો પેદા થવાને જંગલમાંથી જરૂર જેટલું ક્ષેત્રફળ રાખી બાકીનું જંગલ ખેડવા આપવાને હરકત નથી. પુષ્કળ પ્રદેશોમાં જંગલની

મદદવગર ખેતી કરવી અશકય છે, તેથી જે ઠેકાણે એવા જંગલપર ખેતીનો આધાર હોય તે ઠેકાણે જંગલનો બિલકુલ નાશ થવા દેવો ન જોઇએ.

૮. જે જંગલો વિષે આપણે બોલીએ છીએ તે જંગલોમાં ઘણુંકરીને વહીવટ કરવાની લોકોની ચાલ નથી એવું ઉપર કહેલું છે. કોઈ કોઈ વાર એ જંગલોમાં સ્થાયી ગામડાં અને ખેતી એટલાં સેળભેળ થઈ ગયેલાં હોય છે કે લોકોના વહીવટના હક્ક અને અધિકારને લીધે મહેસૂલ ઉત્પન્ન થાય એવી જંગલની માલમતાની વ્યવસ્થા કરવામાં અડચણ પડે તેવારે આ ઠરાવની ૫ મી કલમના છેવટના ભાગમાં જે મૂળતત્વો લખ્યાં છે તે પ્રમાણે અમલ કરવો, અને એવે પ્રસંગે લોકોની સ્થાનિક ગરજો પૂરી પડયાપછી મહેસૂલનો વિચાર કરવો. જંગલનું સંરક્ષણ કરવા માટે અથવા તેનાથી થતા ફાયદાનો એશ ઉપભોગ કરવા માટે જે નિયમોની જરૂર જણાય તે નિયમો બાંધવા, પરંતુ કેવળ સરકારની મહેસૂલ વધારવા માટે યોગ્ય સ્થાનિક માગણીનો અટકાવ કરવો નહિ.

૯. જે પ્રદેશ ખરેખર જંગલજ હોય છે, પરંતુ જેમાં હલકી જાતનાં ઈમારતી લાકડાં અથવા ઊંચી જાતનાં પરંતુ ઓછાં ફાલતાં ઇમારતી લાકડાં માત્ર નીપજે છે, તે પ્રદેશ ત્રીજા વર્ગનાં જંગલો છે. એવી જાતનાં કેટલાંક જંગલોમાં યંત્રશાસ્ત્રને લગતાં કારખાનાંને, આગગાડીને અને એવાજ પ્રકારનાં બીજાં કારખાનાંને ખપ લાગે એવાં સરપણ થાય છે તે એટલાં મહત્વનાં છે કે તે જંગલોનો સમાવેશ ખરૂં

જોતાં બીજા વર્ગના જંગલમાં કરવો પડેછે અને તેમની વ્યવસ્થા મુખ્યત્વે કરીને વેપારની દૃષ્ટિથીજ કરવી જોઇએ; પરંતુ સ્થાનિક ખપમાં આવે એવાં બળતણ, ચારો, અને ચરાઇ ઉત્પન્ન કરવાનાં કામમાં મુખ્યત્વે કરી જે જંગલો ઉપયોગી થાયછે તે જંગલો વિષે હવે આપણે વિચાર કરવાનો છે; અને એવાં જંગલોની વ્યવસ્થા તેમની આસપાસ જે લોકો રહેછે અને તે જંગલોમાંથી જેમને જંગલની વસ્તુઓ મળે છે તેમનું હિત થાય એવી રીતે કરવી જોઇએ. વહીવટ કરનારા લોકો જંગલના માલનો સમૂળગો નાશ કરે નહિ અને લોકો પંડે અવિચારપણે વર્તવાથી તેમને જે નુકસાન થાય તે થકી તેમનું રક્ષણ કરવું જોઇએ, તેટલા માટે એ જંગલમાં ઝાડ અને ઘાસ રાખી મૂકવાં જોઇએ એ પહેલી બાબત છે; અને લોકોને ઘણો લાભ અને સગવડ થાય એવી રીતે જંગલમાં નીપજતી વસ્તુઓ તેમને પૂરી પાડવી જોઇએ; એ બંને બાબતો થયા પછી સરકારની મહેસૂલનો વિચાર કરવો.

૧૦. ઉપર કહેલી બાબતપરથી જે મોટાં ક્ષેત્રફળોમાં મુખ્યત્વે કરી કીમતી ચારો અને બળતણ પેદા થાય છે તેઓમાંથી થતી ઉપજ છોડી દેવાનો હિંદ સરકારનો હેતુ છે એવું કોઇએ સમજવું નહિ. એવાં જંગલો ઘણી જાતનાં છે. એ જંગલોમાં અથવા તેમની આસપાસનાં ગામડાંમાં રહેનારા લોકોને ઢોર ચારવાને અને બળતણ મેળવવાને તે જંગલો સિવાય બીજો રસ્તો નથી, તે ગામડાંના લોકોની ગરજો બહુ મહત્વની છે એમ ગણવું જોઇએ; અને તે ગરજો

ઘણાજ માફક દરથી અને બની શકે ત્યાં લગી સરકારી અમલદારો તરફથી હરકત ન થાય એવી રીતે પૂરી પાડવી જોઇએ; પરંતુ જે પ્રદેશમાં ગામડાંના લોકોને પોતાની વાવેતર જમીનને લગતાં પુષ્કળ ગોચરણ હોયછે અને જેઓપર તેમની માલિકી હોઈ જેમની વ્યવસ્થા તેઓ પંડે કરે છે, અને જ્યાં ગોચરણ સિવાય પરવણી દાખલ સરકારી જમીન હોઈ ભટકતા ભરવાડોને મેઢાં ચારવાને અથવા જેમ જેમ ઋતુ બદલાય છે તેમ તેમ એક જગ્યાએથી બીજી જગ્યાએ જનારાં ઢોરોને ચરવાને ઉપયોગી થાય છે, તે પ્રદેશમાં સરકાર પોતાની મિલકતમાંથી વાજબી ઉપજ કરી લેશે તો અન્યાય થશે નહિ. એવી જગ્યાએ પણ ઢોર ચારનારા લોકોની સવડ અને ફાયદાનો વધારે વિચાર કરવો જોઇએ અને તે ઠેકાણે રહેનારા લોકો કનેથી અથવા ત્યાં હમેશ ઢોર ચરાવવા બદલ જે ફી લેવાની તે બજાર ભાવ કરતાં બહુજ ઓછી લેવી અને તેમનેજ તે રાન ઢોર ચારવા માટે આપવાં. ગામડાંમાં રહેનારા લોકો અથવા ઢોરનાં ટોળાં લઇ ફરનારા લોકો ગોચરણની માગણી કરે તો એક અથવા વધારે વરસની મુદ્દત બાંધીને આપવામાં હમેશ ફાયદો થશે. બીજી પદ્ધતિની પેઠે આ પદ્ધતિમાં પણ વિશેષ અડચણો છે, પરંતુ આ પદ્ધતિથી હલકા દરજાના નોકરો બહુજ થોડો હાથ ઘાલી શકશે અને તેમને લોકોપર જુલમ કરવાના અને તેમની કને જબરાઇથી પૈસા કઢાવવાના પ્રસંગ ઘણાજ થોડા મળશે. જે ઠેકાણે ઢોર ચારવાની ફી દરેક માણસ કનેથી લેવામાં આવેછે તે ઠેકાણે કેટલાંક ઢોર મફત

ચારવા દેવાનો રિવાજ હોય છે. એવી બાબતમાં જે ઢોરોને મફત ચારવા દેવાં તેઓ હળમાં જોડાતા બળદો હોવા જોઇએ એટલુંજ નહિ, પણ દુઝતાં ઢોર અને વાછરડાં વ્યવસ્થિત રાખવામાં આવ્યાં હોય તો તેમને પણ મફત ચરવા દેવાં. ખેડુતોને હળના બળદોની જેટલી જરૂર (જરૂર શબ્દ અહીં વાજબી વ્યાપક અર્થમાં વાપર્યો છે) છે તેટલીજ ગાયો અને ભેંસોની જરૂર છે, અને ઘણાં ગામડાંમાં બળદ પાળીને ઉછેરવાનો રિવાજ હોય છે.

૧૧. આ ઠરાવની શરૂઆતમાં દાક્તર વૉએલકરના જે રીપોર્ટ વિષે લખ્યું છે તેમાં કેટલેક ઠેકાણે બળતણ અને ચારા માટે જગ્યા રાખી મૂકવાની તેણે આગ્રહપૂર્વક ભલામણ કરી છે અને હિંદ સરકાર એવી વ્યવસ્થા કરવાને સ્થાનિક સરકારોને વારંવાર સૂચના કર્યા કરે છે. હરકોઈ એકાદ ક્ષેત્રફળમાં ઘાસ રાખી ચારા માટે વાઢી લેવામાં આવે તો તે ક્ષેત્રફળમાં હમણા કરતાં વધારે ઢોરોનું પોષણ થશે, અથવા તે ક્ષેત્રફળમાં ઢોર ચારવાની રજા આપવાથી હમણા કરતાં વધારે ઢોરોનું પોષણ થશે, એ પ્રશ્નનો નિકાલ જે ઠેકાણે જેવી સ્થિતિ હોય તે ઠેકાણે તેવી સ્થિતિ પ્રમાણે કરવો જોઇએ. પરંતુ એ પ્રશ્નનો નિકાલ એકવાર થયો એટલે એને લગતી બધી બાબતોનો નિકાલ થયો એમ કોઇએ સમજવું નહિ. "લોકોને ઘણો ફાયદો અને હિત થાય એવી રીતે" પુષ્કળ બળતણ અને ચારો થાય એ પરચૂરણ જંગલની વ્યવસ્થા કરવાનો મુખ્ય હેતુ છે એવું ઉપર નવમી કલમમાં કહ્યું છે. એવું કરવામાં લોકોની રીત-

ભાત અને ઇચ્છા પર યોગ્ય લક્ષ આપવું જોઇએ. જંગલો પર જાપ્તો રાખવાથી અને તેઓને કેટલીક મુદ્દત લગી બંધ રાખ્યાથી અથવા તેઓમાં ઢોર ચારવાની મનાઈ કરવાથી પુષ્કળ બળતણુ અને સૂકું ઘાસ થવાનો સંભવ છે. પરંતુ લોકો તેનો ઉપયોગ કરે નહિ તો એ રીતે કરવાથી બહુજ થોડો ફાયદો થશે. હિંદના લોકોની રીતભાત ધીમે ધીમે બદલાતી જાય છે, અને જે કૃત્યો કરવાથી લોકોને ફાયદો થાય તે કૃત્યો કરવામાં આવશે, અથવા તે કરવાં વાજબી ગણાશે, તોપણુ જે કરવું હોય તે એકદમ ન કરતાં ધીમે ધીમે અને નિયમસર કરવું જોઇએ; કારણ કે તેમના વાસ્તવિક ફાયદા પર લક્ષ આપવા કરતાં જે કૃત્યથી તેમનું સમાધાન થાય તે કૃત્ય કરવું ઓછું અગત્યનું નથી. રાખી મૂકેલાં જંગલમાં ઢોરને ચરવા માટે જુદું ક્ષેત્રફળ રાખવાથી ઉપર કહેલાં રાખી મૂકેલાં જંગલની આસપાસ રહેનારા લોકોને ફાયદો થાય એ હેતુ છે, એ બિના પણ ધ્યાનમાં રાખવી જોઇએ, અને ગોચરણથી હાલમાં થતી પેદાશ કરતાં વધારે ઉપજ થવા માટે રાનમાં નીપજતી જણસો રાખી મૂકેલાં જંગલોથી છેટેનાં મોટાં શહેરોના ખપને માટે જે કોઈ વધારે કીમત આપે તેને વેચી વધારે ઉપજ કરવી એ જે વ્યવસ્થા કરવાને હિંદ સરકારે ઉપર કહેલું છે તે વ્યવસ્થાને હમેશ અનુસરીને છે એમ નથી. એવે પ્રસંગે પણ જેવી હકીકત હોય તેવો નિકાલ કરવો જોઇએ. રાખી મૂકેલાં ક્ષેત્રફળ સિવાય બીજા ક્ષેત્રફળના જુદા જુદા ભાગનાં બળતણ અને ચારો સાધારણ વરસમાં (જે વરસમાં દુ-

કાળ વગેરે ન હોય તે વરસમાં) આસપાસ રહેનારા લોકોની ગરજો પૂરી પડે એટલાં કોઇ કોઇ ઠેકાણે માત્ર હોય છે. એવું હોય ત્યારે એવા વરસમાં જંગલનો માલ વધારે નફો થાય એવી રીતે વેચી શકાય; અને બહારનો માલ ઓછો પડે ત્યારેજ જંગલનો માલ તે ઠેકાણાના ખપને માટે રાખી મૂકવો. છેલ્લે કહેવાનું કે આ ઠરાવની ૧૨ મી કલમમાં એજન્સી (જંગલની વ્યવસ્થા કરવા માટે સરકારે નીમેલા કામદારો) વિષે જે કહ્યું છે તે અને આગળ ૧૩ મી કલમમાં જે સામાન્ય વિચાર વિષે લખ્યું છે તે વિચાર બળતણ અને ચારા માટે ઉપર લખ્યા પ્રમાણે રાખી મૂકેલાં ક્ષેત્રફળને પૂરેપૂરાં લાગુ પડેછે.

૧૨. ઢોર ચારવાની જગ્યા અને કેવળ ગૌચરણ ચોથા વર્ગનાં જંગલો છે. એ બહુધા નામનાંજ જંગલો છે એમ કહીએ તો ચાલે. એવી જમીનપર એક તરફથી સરકારનો અને બીજી તરફથી ખાનગી લોકોનો અથવા ગામના લોકોનો હક્ક હોય છે તેનો વાજબી રીતે નિર્ણય કરવા માટે એ જમીન જંગલ છે એવું ઠરાવવું હમેશ સગવડ ભરેલું છે; પરંતુ એપરથી એ જમીનને જંગલ ખાતાની જંગલ રાખવાની સખ્ત પદ્ધતિ લાગુ પાડવી અથવા તેની વ્યવસ્થા જંગલખાતા તરફથી થવી જોઇએ એવું કોઇએ સમજવું નહિ. એજન્સીના પ્રશ્નમાં ખર્ચની કરકસર અને ઉપયોગીપણાનો વિચાર કરવો પડેછે અને દરેક પ્રસંગે જે ઠેકાણે એ જમીનની વ્યવસ્થા જંગલખાતા તરફથી કરવામાં આવે છે તે ઠેકાણે નીમણુકોનો ખર્ચ વાસ્તવિક ઉપજ કરતાં અથવા

તેની જેટલી ઉપજ થવાનો સંભવ હોય તેના કરતાં વધારે છે એવું હિંદ સરકાર સમજે છે.

આગળ આપેલી સૂચના જંગલના કાયદામાં આવનારાં જંગલોની જમીનને (પછી તે જમીનની વ્યવસ્થા જંગલખાતા તરફથી થતી હોય કે ન થતી હોય) તોપણ લાગુ પડેછે એટલુંજ નહિ, પણ તમામ સરકારી પડતર જમીનને પણ લાગુ પડે છે. તે પડતર જમીન જંગલ છે એવું ઠરાવ્યું ન હોય તો ચિંતા નહિ; એ પ્રસંગે સ્થાનિક લોકોનાં હિત બહુજ સંપાદન કરવાનાં હોય છે, અને સાધારણ લોકોનું હિત ઝાઝું થવા જેવું હોતું નથી તેપરથી સિદ્ધ થાય છે કે જેઓ કેવળ ઢોર ચારવાનાં ક્ષેત્રપૂળો હોય છે તેમની વ્યવસ્થાને નાનાં નાનાં જંગલોની વ્યવસ્થાના સંબંધમાં જે મૂળતત્વો પાછળ કહ્યાં છે તે સરખાંજ, બલકે વધારે લાગુ પડેછે.

૧૩. આ ક્ષેત્રફળના સંબંધમાં જે અડચણ આવેછે તેજ પ્રકારની, બલકે તેનાથી વધારે ભારે અડચણ રૈયતવારી સત્તાપ્રકારની જમીનના સંબંધમાં આવવાનો સંભવ છે. જમીનદારી પદ્ધતિના પ્રદેશમાં જે સરકારી જમીન છે તે આ ઠરાવની ૧૦ મી કલમમાં બેપ્રકાર કહેલા છે તેમાંના ઘણું કરીને બીજા પ્રકારમાં આવે છે; પરંતુ જે ઠેકાણે રૈયતવારી પદ્ધતિ ચાલે છે તે ઠેકાણે જે કોઇ સર્વે નંબર અથવા હરકોઇ ખેતર ખાલી પડેલું અથવા કોઇને ખેડવા આપેલું હોતું નથી તે સરકારના તાબામાં તથા વ્યવસ્થામાં હોય છે અને તે જમીનમાં રજા વગર જવાની પહેલેથીજ

મનાઈ હોયછે. વાવેતર કરેલા કેટલાક પ્રદેશોમાં ઉપર કહેલા પ્રકારની ખાલી પડેલી અથવા પડતર જમીન હોયછે તેટલીજ ઘણું કરીને ત્યાં રહેનારા લોકોનાં ઢોર ચારવાના કામમાં આવેછે. જે જમીન કેવળ ઢોર ચારવાના ઉપયોગમાં આવે છે અને જે જમીનમાં રજા વગર જવા આવવાની મના કરેલી હોયછે તે સરકારી જમીન અને વહીવટ કરનારા લોકોની ખેડવાની જમીન સેળભેળ થયેલી હોય છે તો તેનો ઘણોજ ગેરઉપયોગ થાયછે. વિશેષે કરી તે જમીનની વ્યવસ્થા જંગલખાતાના હસ્તક હોય છે તો તેનો ગેરઉપયોગ થાય છે એવું હિંદ સરકારનું સ્પષ્ટ મત છે. જંગલખાતાના હલકા દરજાના નોકરોને જે પગાર આપવામાં આવે છે તેના પ્રમાણમાં તેઓ વિશ્વાસુ હોવા જોઇએ તેટલા કદાચ હશે, પરંતુ તેમની જાતિ જે અભણ વર્ગમાંથી તેઓ આવેલા હોયછે તેના કરતાં વધારે સારી હોતી નથી અને જે પ્રદેશમાં તેઓ કામ કરેછે તે પ્રદેશ વિશાળ હોવાથી અને તેમનાપર દેખરેખ રાખનારા અમલદારો ઘણાજ થોડા હોવાથી તેમનાપર સારી દેખરેખ રાખવાનું કામ બહુ મુશ્કેલ થઈ પડે છે. વાવેતર જમીનની આસપાસની વિશાળ પડતર જમીનમાં ચારો અથવા ચારાની ઉપજ રાખવાના હેતુથી ઢોર પોતાના માલિકના ખેતરની હદ ઓળંગી થડમાંના બીજા ખેતરમાં જાય તો તેમને ડબ્બામાં પૂરવાની દહેશત બતાવવાની સત્તા હલકા દરજાના નોકરોને આપવી કેવળ ગેરવાજબી છે. જંગલના કાયદાની ૧૭ મી કલમમાં ગુન્હા કહાડી નાંખવા માટે આપેલો અધિકાર હલકા દર-

જાના નોકરોના રીપોર્ટપરથી ચાલવા દેવો અથવા તેમને એ અધિકારથી ઉત્પન્ન થતી લાલચને પાત્ર કરવા એ બિના ઉપલી બિનાથી તો ઘણી વધારે ગેરવાજબી છે. જે ઠેકાણે ફાયદાની બાબત બહુજ મહત્વની હોય છે તે ઠેકાણે હલકા નોકરો લોકો પાસેથી જોર જુલમથી પૈસા લેશે એવી ધાસ્તી હોય તો તે સ્વીકારવાની કદાચ જરૂર પડશે. પરંતુ જોર જુલમથી પૈસા કઢાવવાના પ્રસંગ છેક ઓછા આવે એવી તજવીજ કરવી. જે બાબતનો વિચાર ચાલે છે તેમાં થતો ફાયદો બહુજ થોડો હોઈ જુલમ કરવાના પ્રસંગ પુષ્કળ આવે છે.

૧૪. ઢોર ચારવાની બાબત મુખ્યત્વે કરી ઉપજની બાબત છે એવી હિંદ સરકારની ઇચ્છા નથી એ પક્કું યાદ રાખવું જોઇએ; પરંતુ એ પરથી જુદે જુદે ઠેકાણે સરકારી જમીન છે તેની ઉપજ છોડી દેવાને સરકાર તૈયાર છે એવું કોઇએ સમજવું નહિ. એમ કરવું ખરેખર ઇચ્છવા લાયક નથી; કારણ કે એમ કરવાથી જમીનમાં વાવેતર કરાવવામાં હરકત નાંખવાને અને જમીનનો નવો વહીવટ કરનારાને દુ:ખ દેવાને રૈયતને સહેલું પડશે; પરંતુ તે જમીનની વ્યવસ્થા ત્યાં રહેનારા ખેડુતોને અથવા તેઓના મુખત્યારોને સોંપવાથી ખુદ સરકાર તરફથી વહીવટ કરવામાં જે હરકતો આવે છે એવું હમણાજ કહ્યું છે તે બહુજ ઓછી થશે. ગામના લોકોની માર્ફત ગામની ખાલી પડેલી જમીન કર લેઇને બહુધા આપી શકાશે અથવા બીજી રીતે તેની વ્યવસ્થા કરી શકાશે. કર લેઇને જમીન આપવાની હોય તેનો જે

ભારે કર લોકો હમણાજ કહેલી અડચણમાંથી બચવાને આપવા તૈયાર હોય છે તે લેઇને આપવી નહિ, પરંતુ સરકારમાં જે જમીનનો કર ભરવો પડે છે તે જમીનની બેશ ખેતી થવા માટે પુષ્કળ ચરનારાં ઢોર અને ઘેટાંની ગરજ પડે છે અને તેમને ચારવાની તજવીજ કર્યા સિવાય તે જીવતાં નથી એ ધ્યાનમાં રાખી અને યોગ્ય અડસટ્ટો કરી તેના પ્રમાણમાં લેવાનો કર નક્કી કરવો. જે ખેતરો લોકોએ છોડી દીધાં હોય તે ખેતરો ઓછો કર લેઇને ઢોર ચરાવવા માટે બહારના લોકોને કદી આપવાં નહિ; કારણ કે એવું કર્યાથી ખટપટીઆ લોકો પારકાં ખેતરોમાં પેશીને ખાઈ જનારાં ઢોરથી જેટલો લાભ મેળવી શકાય તેટલો મેળવવાના હેતુથી ઓછો કર ભરીને સહેલાઇથી તે ખેતરો લેશે.

૧૫. મૂળતત્વોના બીજા મુદ્દાનો વિચાર કરવો બાકી છે. જંગલો રક્ષણ કરેલાં છે એવું જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિષે હિંદના જંગલના કાયદાના ૪ થા પ્રકરણમાં જે રીત કહેલી છે તે રીત હિંદ સરકારે કેટલીક બાબતોમાં કામચલાઉ તથા મધ્યંતરી માનેલી છે; અને રક્ષણ કરેલાં જંગલોનું કેટલું ક્ષેત્રફળ જંગલના કાયદાના ૨ જા પ્રકરણની રૂઇએ રાખેલું જંગલ ઠરાવવું અને બાકીનું ક્ષેત્રફળ તદન છોડી દેવું, એનો વિચાર અને નિકાલ કરવાનો વખત મળે એજ એવું કરવાનો મુખ્ય હેતુ છે. જંગલના કાયદામાં બે જુદી જુદી પદ્ધતિ કહેલી છે. બીજા પ્રકરણમાં જે વધારે સખ્ત પદ્ધતિ કહેલી છે તેને લીધે હમણાના હક્ક નક્કી કરી શકાશે, બીજાને આપી શકાશે, અથવા ફેરફાર

કરી શકાશે, અને એ પદ્ધતિ આ ઠરાવની ત્રીજી કલમમાં પહેલા અને બીજા વર્ગનાં જંગલો કહ્યાં છે તેઓને સાધારણ રીતે લાગુ પડશે. ચોથા પ્રકરણમાં જે પદ્ધતિ વિષે કહેલું છે તેને લીધે હક્ક દફતરે નોંધવામાં આવે છે અને નિયમિત કરવામાં આવે છે અને જે પ્રસંગે ક્ષેત્રફળને લાગુ પડનારા હક્ક વધારે હોય છે અને જે પ્રસંગે જંગલોની વ્યવસ્થા ત્યાંના લોકોના ફાયદા માટે મુખ્યત્વે કરવાની હોય છે તે પ્રસંગે એ પદ્ધતિ હમેશ બરાબર લાગુ પાડી શકાશે. સાધારણ રીતે એ પદ્ધતિ ત્રીજા અને ચોથા વર્ગનાં જંગલોને લાગુ પડશે. ખરૂં જોતાં આ બીજી પદ્ધતિ કામ ચલાઉ હોઇ તેને બીજા પ્રકરણમાં જંગલ રાખવા વિષે કહેલી કોઇપણ બાબતથી બાધ આવશે નહિ; સરકારના સંબંધ પરથી જોતાં ઉપર કહેલી બંને પદ્ધતિમાં મુખ્ય ફેર એ છે કે રક્ષણ કરેલાં જંગલોમાં નવા હક્ક ઉત્પન્ન કરી શકાશે, પરંતુ રાખેલાં જંગલોમાં નવા હક્ક ઉત્પન્ન કરી શકાશે નહિ. બીજા પ્રકરણમાં કહ્યા પ્રમાણે તૈયાર કરી રાખેલા હક્કનો દાખલો સંતોષકારક હોતો નથી, અને ચોથા પ્રકરણમાં કહ્યા પ્રમાણે જે હક્કનો દાખલો રાખેલો હોય છે તે પરથી તેના ખરાપણાનું અનુમાન માત્ર કરી શકાય છે.

જે ઠેકાણે હક્ક નિયમિત કરવાનો હેતુ, તે વધારે ફાયદાકારક રીતે ચલાવવામાં આવે એ હોઇ, લોકોનું હિત કરવા માટે તેનો ગેરઉપયોગ થાય એવો હોતો નથી, તે ઠેકાણે

આ અનુમાનથી ઘણો બચાવ થાય છે એવી સમજ છે. લોકોના સંબંધ પરથી જોતાં એ બેઉ પદ્ધતિમાં મુખ્ય ફરક એ છે કે સામાન્ય વિચાર કરતાં રાખી મૂકેલાં જંગલોમાં જે જે કૃત્યો પરવાનગી લીધા સિવાય કરવામાં આવે છે તે તે કૃત્યો ગુન્હા ગણાય છે; અને સંરક્ષણ કરેલાં જંગલોમાં જે કૃત્યની મનાઇ કરેલી નથી તે કૃત્ય કરવાથી ગુન્હો થતો નથી. એ બંને બાબતોમાં એકસરખું પરિણામ આવે એવી રીતે તે પરવાનગી અને મનાઇની વ્યવસ્થા થવાનો સંભવ છે એવો તર્ક કરવામાં આવશે. પરંતુ વ્યવહારની નજરે જોતાં એમ કરવું કેવળ અસંભવિત છે. એમ ન હોત તો કાયદા કરનારી સભાએ એ બંને પદ્ધતિમાં જે ફરક કહાડ્યો છે તે વ્યર્થ અને નિરર્થક થાત. સાધારણ લોકોના હિતને અર્થે વધારે સખ્ત રીત લાગુ પાડવી અને જંગલના ગુન્હાની વધારે વ્યાપક વ્યાખ્યા કરવી વાજબી થાય એવી રીતે તે હિત બહુ મહત્વનું હોય તેવારે માત્ર બીજી પદ્ધતિની યોજના કરવી.

માટે ગવર્નર-જનરલ-ઇન—કૌન્સિલની ઇચ્છા એ છે કે સરપણ અને ચારાને માટે રક્ષણ કરી રાખેલી જમીન અને કેવળ ઢોર ચારવાની જમીન અને મુખ્યત્વે કરી તેમાંની જે જમીન વાવેતર કરેલા પ્રદેશમાં હોય તે જમીન વિષે વિચાર કરવામાં પ્રત્યેક જમીન જંગલોના કિયા વર્ગમાં દાખલ કરવાની જરૂર છે અથવા તે જમીન કિયા વર્ગમાં દાખલ કરવી તે જો અગાઉથી ઠરાવ્યું હોય તો તે રાખી મૂકેલા જંગલના ક્ષેત્રફળના જેવી ગણવી કે નહિ તેનો વિચાર કરવો

જોઇએ, અને એ પ્રશ્નનો નિકાલ એવું કરવું વાજબી છે એવો થાય તો તે જમીન રાખી મૂકેલું જંગલ છે એમ કહેવાને બદલે રક્ષણ કરેલું જંગલ છે એમ માનવું વધારે ઠીક પડશે કે નહિ તેનો પણ વિચાર કરવો જોઇએ.

૧૬. ઉપર કહેલાં સામાન્ય મૂળતત્વો બ્રિટિશ હિંદુસ્તાનનાં તમામ સરકારી જંગલોની વ્યવસ્થા કરવામાં ધ્યાનમાં રાખવાં જોઇએ એવી હિંદ સરકારની ઇચ્છા છે. એ મૂળતત્વોને વિગતવાર અમલમાં લાવવાનો આધાર જુદી જુદી પુષ્કળ બાબતોપર રહેશે અને તે બાબતોની યોગ્યતા અને અયોગ્યતાનો વિચાર સ્થાનિક અધિકારીઓએ દરેક પ્રસંગે કરવો જોઇએ અને તેઓનો નિકાલ તેમની મુખત્યારીપરજ રાખવો જોઇએ એ વાત હિંદ સરકારને પૂરેપૂરી માન્ય છે. વેપારનાં કાર્યોને માટે જે સગવડ કરી આપવામાં આવશે તેનો દગલબાજીથી ગેરઉપયોગ થવાનું ભય છે તેની ચોકશી રાખવાનું કામ બહુ કઠણ છે; અને એ ભયનો કેવી રીતે બેશ અટકાવ થઇ શકે તે જુદાં જુદાં સ્થળોની સ્થિતિપરથી માત્ર જાણી શકાશે. જંગલમાં નીપજતી વસ્તુઓની વ્યવસ્થા કરવાની વધારે સહેલી રીતછે તે ખેડુતોને લાગુ પાડવી એવી ગવર્નર–જનરલ–ઇન–કૌન્સિલની ઇચ્છા છે. પરંતુ તે રીત ચાલુ કરવામાં જંગલના સંબંધમાં કરી આપેલી સગવડનો ઉપયોગ લોકો યોગ્ય રીતે ઠરાવેલા નિયમો પ્રમાણે કરે તેટલા માટે વિશેષે કરીને ખરેખરાં રાખી મૂકેલાં જંગલોપર બહુ કાળજીથી દેખરેખ રાખવાની જરૂર છે. પરંતુ બીજી તરફથી જોતાં કેટલાક પ્રાંતોમાં હમણા જે નોક-

શે વગેરે છે તેઓ આ વ્યવસ્થાથી ઘણુંજ ઓછાં કરી શકાશે એવું હિંદસરકાર ધારે છે, અને એ સરકારની એવી ઇચ્છા છે કે ઉપર બારમી કલમમાં જે કહ્યું છે તેના સંબંધમાં આ બાબતનો કાળજીપૂર્વક વિચાર કરવો. બધા પ્રાંતોમાં જંગલોના સંબંધમાં જેવી વ્યવસ્થા હોવી જોઇએ એવી આ સરકારની ઇચ્છા છે તેવી વ્યવસ્થા કેટલાક પ્રાંતોમાં થઈ ચૂકેલી છે. સામાન્ય હિતને બાધ આવે નહિ એવા ધોરણથી લોકોની સ્થાનિક ગરજો જાણી લેઈ તે પૂરી પાડવામાં બધી સ્થાનિક સરકારોને અને પ્રાંતોનો વહીવટ કરનારા અધિકારીઓને હિંદ સરકાર મનથી મદદ આપશે એવો દિલાસો હમણા પોતાને મળ્યોછે એ જોઈ તેમને આનંદ થશે એવું ગવર્નર-જનરલ-ઇન-કૌન્સિલ માનેછે. જંગલોની વ્યવસ્થા કરવાના ઉપાય યોજવામાં આવે તે વેળા એ કામને માટે જે જે તજવીજ કરવાની જરૂર હોય તે તે તેમાં દાખલ કરી રાખવી જોઇએ. જંગલોનો ઠરાવ કરતી વખતે જે હક નોંધી રાખ્યા હોય તે હક ચલાવવાની ગોઠવણ આ વ્યવસ્થામાં કરી રાખવી જોઇએ. જે ઠેકાણે મહેરબાની દાખલ અથવા અધિકાર આપવાના હેતુથી વધારે સગવડ કરી આપેલી હોય તે ઠેકાણે તે સગવડ જે સ્થિતિનો વિચાર કરીને આપેલી હોય તે સ્થિતિમાં ફેરફાર થતો જાય તે પ્રમાણે વખતે વખતે જરૂર પડેથી તપાસ થઇ શકે તેટલા માટે કેટલીક મુદ્દત બાંધીને, જેમકે દશ વરસની મુદ્દત બાંધીને, આપવામાં આવશે તો ઠીક પડશે.

भाग १३ मो.

खाणो. अने कारखानां.

હિંદ દેશમાં ખનિજ પદાર્થો ક્યાં કેવી રીતે છે તેની શોધ જીઓલોજિકલ સર્વેના (જમીનની રચનાની તપાસ કરનારા) અમલદારો કરે છે અને તેમને મળેલી માહિતી પ્રમાણે પછી તે પદાર્થો કહાડવાનું કામ ચાલે છે. હમણા ખનિજ કોયલા, સોનું, અને પેટ્રોલિયમ (કેરોસીન) તેલની ખાણો બેશ ચાલે છે.

खनिज कोयला.—એ કહાડવાનું કામ સારી રીતે ચાલે છે. બંગાળામાં રાણીગંજમાં કોયલા છે એવી સને ૧૭૭૪ થી ખબર હતી અને તે કહાડવાનું કામ સને ૧૭૭૭ થી શરૂ થયું હતું. અહીંના કોયલા ઝટ નીકળે છે, તથાપિ ગુણમાં ઉતરતા છે. કહુરબરીના કોયલા સારા છે. સને૧૮૯૧-૯૨ માં બંગાળાની ખાણોમાંથી એકંદર પૈકી ¾ કોયલા નીકળ્યા હતા. એ વરસમાં હિંદમાં બધી મળીને ૮૭ ખાણો હતી, તેઓમાંની ૭૭ બંગાળામાં, મધ્યપ્રાંતોના વરોરા ગામમાં એક અને મોહપાણી ગામમાં એક મળી ૨, નિઝામની હદમાંના સિંગારાણી ગામમાં ૧, પંજાબમાંના દંડોત ગામમાં ૧, બલૂચીસ્તાનના ખોસ્ત ગામમાં ૧, આસામમાં ૩, અને રેવા સંસ્થાનના ઉમરિયા ગામમાં ૧ હતી. બંગાળામાં સૌથી મોટી બે ખાણો છે તેઓ ઈસ્ટ ઇંડિઆ કંપની રેલ્વે સરકાર ચલાવે છે, અને બાકીની ખાણો ખાનગી કંપનીઓ

ચલાવે છે. પંજાબ, વરોરા, રેવા, અને બલૂચીસ્તાનની ખાણો પણ સરકાર ચલાવે છે. બાકીની ખાણો કંપનીઓના હાથમાં છે. સને ૧૮૭૫-૭૬ માં બધી ખાણોમાંથી દશ લાખ ટન કોયલા નીકળ્યા હતા. સને ૧૮૯૧-૯૨ માં ૨૩ લાખ ટન કોયલા નીકળ્યા હતા તેથી બમણા ઉપરાંત વધારો થયો. હમણાં બ્રહ્મદેશમાં ખાણ ખોદી છે તેમાંથી સને ૧૮૯૩ માં ૧,૯૩૮ ટન કોયલા નીકળ્યા હતા. સને ૧૮૯૩ માં ૨૫,૨૯,૮૫૫ ટન કોયલા રૂ ૮૬,૦૭,૮૬૦ ની કીમતના નીકળ્યા હતા. એમાં ઇંગ્રેજી મૂલકમાં ૨૨,૫૭,૯૯૨ ટન અને દેશી સંસ્થાનોમાં ૨,૭૧,૮૬૩ ટન કોયલા નીકળ્યા હતા.

વિલાયતી કોયલા કરતાં આ દેશના કોયલામાં વધારે રાખોડી હોવાથી તેવડે વિલાયતી કોયલાના પ્રમાણમાં એક દ્વિતીયાંશથી બેતૃતીયાંશ કામ થાય છે. વિલાયતી કોયલાનો ગુણ વધારે છે, પરંતુ ત્યાંથી અહીં લાવવાના ખર્ચને લીધે તેની કીમત વધારે પડેછે તેથી બંગાળા અને બ્રહ્મદેશમાં આ દેશના કોયલા સોંઘા પડેછે. આ દેશના કોયલાનો નીમે ભાગ આગગાડીમાં ખપેછે. આ દેશના કોયલા લંકા, જાવા, અને સ્ટ્રેટ્સ સેટલમેન્ટ જાય છે. મુંબાઇ અને મદ્રાસમાં કોયલાની ખાણ એકે નથી. પરદેશથી પુષ્કળ કોયલા આવેછે, પરંતુ હમણા કારખાનાં ઘણાં વધ્યાં છે તે છતાં તેના પ્રમાણમાં કોયલા વધારે આવતા નથી. ગંગા અને ગોદાવરી નદીઓની વચ્ચેના પ્રદેશમાંજ મુખ્યત્વે કોયલા છે. ગોદાવરીની દક્ષિણે કોયલા નીકળતા નથી; ગંગાની ઉત્તરમાં પણ બહુજ થોડાં સ્થળોમાં નીકળે છે.

લોઢું.—હિંદના બધા ભાગોમાં લોઢું જડે છે; વિશેષે કરીને મદ્રાસ ઇલાકાના સાલેમ, બલ્લારી, અને કર્નૂલ શહેરોમાં, મધ્યપ્રાંતોના વરોરા અને જબલપુર શહેરોમાં, અને બંગાળાના પશ્ચિમ ભાગમાં નીકળે છે. યૂરોપી પદ્ધતિથી લોઢું ગાળવાનું કામ બંગાળામાં ચાલેછે. એ ઇલાકાના બરકર શહેરમાં લોઢું ગાળવાનું મોટું કારખાનું કહાડયું છે તેમાં તૈયાર કરેલું લોઢું બધે ઠેકાણે ખપેછે. મુંબાઇ ઇલાકાના ઘાટોના ભાગમાં અને મદ્રાસ ઇલાકામાં સાલેમ અને તેની આસપાસના ભાગમાં થોડું લોઢું ગાળવામાં આવેછે. હમણા એ ધંધો લગભગ સ્થાયી થયો છે. લોઢું ગાળવામાં મુખ્ય અડચણ બળતણની પડેછે. સને ૧૮૯૩ માં રૂ ૨,૩૧,૩૭૧ ની કીમતનું ૩૭,૧૦૨ ટન લોઢું નીકળ્યું હતું.

પેટ્રોલિયમ તેલ.—એ તેલ મુખ્યત્વે ઉપલા બ્રહ્મદેશમાંજ નીકળેછે. નીચલા બ્રહ્મદેશમાં, આસામમાં, અને પંજાબમાં પણ થોડું તેલ નીકળે છે. ઉપલા બ્રહ્મદેશમાં યિનાનચાંગની થડમાં એ તેલના સો કરતાં વધારે કૂવા છે અને તેઓમાંથી સને ૧૮૯૩ માં એક કરોડ ગાલન તેલ નીકળ્યું હતું. શિબી—હરણાઇ રેલવેપરના ખટ્ટન સ્ટેશનના કૂવામાંથી છેલ્લાં દશ વરસમાં શુમારે ચાર લાખ ટન તેલ નીકળ્યું હતું, પરંતુ તેમાંનું તેલ ખુટી પડવાનાં ચિન્હ જણાય છે. આસામના મક્કુમ નામે ગામના કૂવામાંથી સારૂં તેલ નીકળેછે. પરંતુ હજુ પુષ્કળ નીકળતું નથી. આ દેશમાં

એ તેલનો પ્રસાર કેટલો થયો છે તે પરદેશથી આવેલા તેલના આંકડા નીચે આપ્યા છે તેપરથી જણાશેઃ—

	ગાલન.	કીમત રૂ.
સને ૧૮૭૫..........	૬,૨૩,૮૬૪	૪,૪૯,૩૭૦
સને ૧૮૮૧–૮૨......	૯૮,૮૩,૦૪૯	૫૦,૪૦,૩૩૦
સને ૧૮૯૧–૯૨........	૫,૮૧,૦૯,૨૮૩	૨,૩૬,૮૧,૪૦૦
સને ૧૮૯૩–૯૪........	૮,૩૬,૬૬,૮૬૩	૩૦,૯૪,૭૩,૪૫૦

સને ૧૮૯૩–૯૪ માં ૪૯૨ લાખ ગાલન તેલ અમેરિકાથી અને ૩૪૦ લાખ ગાલન તેલ રૂશિઆથી આવ્યું હતું.

સને ૧૮૯૩ માં આ દેશમાં રૂ ૭,૯૭,૨૬૭ ની કીમતનું ૧૦૩ લાખ ગાલન તેલ નીકળ્યું હતું.

સોનું.—સોનું બહુધા સઘળા ભાગોમાં જડેછે. જે સ્થળોમાં તે નીકળે છે તેઓનાં નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) મદ્રાસ ઈલાકો.—ત્રાવણકોર, મદુરા, સાલેમ, મલબાર, વૈનાદ, કોઈમ્બટુર, અર્કાટ, નીલગિરિ, અને દક્ષિણ કાનડા.

(૨) મ્હેસૂર અને હૈદરાબાદ સંસ્થાનો.

(૩) બંગાળા ઇલાકો.—ઓરિસા, મિદનાપુર, બંકુરા, ચંપરણ જિલ્લો, છોટાનાગપુર, મનભુમ સિંદભુમ, ઉદેપુર, અને દાર્જિલિંગ.

(૪) મધ્યહિંદ.—અજમેર અને મેરવાડા પ્રાંત.

(૫) મધ્યપ્રાંતો.—છતીસગઢ, નાગપુર, જબલપુર, અને ગોદાવરી જિલ્લો.

(૬) મુંબાઈ ઇલાકો–ધારવાડ, બેલગામ, અને કલાદગી

જિલ્લા તથા કાઠીઆવાડ ઇલાકો.

(૭) પંજાબ.—બન્નુ, પેશાવર, હજારા, રાવલપિંડી, જેલમ, કાંગરા, અંબાલ્લા, ગુરગામ, અને હોસિયારપુર.

(૮) વાયવ્ય પ્રાંતો--બિજનોર, નૈનીતાલ, અને ગર્વ્હાલ.

(૯) નીચલો અને ઉપલો બ્રહ્મદેશ.

મ્હેસૂર અને વૈનાદ સિવાય બીજે ઠેકાણે સોનું કહાડવાનું કામ હમેશ ચાલતું નથી. એ બે ભાગમાં માત્ર યૂરોપી લોકોની દેખરેખ તળે અને સારી પદ્ધતિ પ્રમાણે સોનું કહાડવામાં આવે છે. સને ૧૮૯૨ માં મ્હેસૂરમાં લગભગ ૯૯ લાખ રૂપિઆનું ૧,૬૩,૧૮૮ આંસ સોનું નીકળ્યું હતું. બાકીના પ્રાંતોમાં ધૂળધોયાની પેઠે સોનું ધોઇને કહાડવામાં આવે છે. તે ઝાઝું નીકળતું પણ નથી.

મીઠું.—મીઠું પંજાબમાં ખાણમાંથી નીકળે છે. સને ૧૮૯૩ માં એ ખાણમાંથી રૂ ૪,૬૪,૪૮૯ ની કીમતનું ૧,૦૪,૫૨૨ ટન મીઠું નીકળ્યું હતું.

ઝવેર.—હીરા છોટાનાગપુર, મધ્યપ્રાંતો, કૃષ્ણા નદીની ખીણ, મદ્રાસ ઇલાકામાં અનંતપુર, કડપા, કર્નૂલ અને ગોદાવરી જિલ્લા, બુંદેલખંડ, અને હૈદરાબાદમાં નીકળે છે. હીરા કહાડવાનો પ્રયત્ન કંપનીઓ કરે છે, પરંતુ કોઇપણ ઠેકાણે સારા અને પુષ્કળ હીરા નીકળ્યા નથી. હૈદરાબાદમાં સને૧૮૯૧ માં રૂ ૧૫,૫૩૦ ની કીમતના અને બુંદેલખંડમાં સને ૧૮૯૨માં રૂ ૯,૩૩૧ની કીમતના હીરા નીકળ્યા હતા.

માણેક બ્રહ્મદેશમાં નીકળે છે અને તે કહાડવાનું કામ કંપનીઓ કરે છે. શુમારે ૬૬ ચોરસ મૈલના ક્ષેત્રફળમાં તે નીકળે છે.

જેડ (યશ્મ).—એ બ્રહ્મદેશમાં નીકળે છે અને ચીનમાં બહુ જાય છે. સને ૧૮૯૩–૯૪ માં રૂ૪,૩૪,૬૫૦ ના જેડ કે યશ્મ પરદેશ ગયા હતા.

બીજા ખનિજ પદાર્થો.—એ પદાર્થો પુષ્કળ છે, પરંતુ તે કહાડવાનાં કારખાનાં કહેવા જોગ નથી. અબરક પશ્ચિમ બંગાળામાં નીકળે છે. સને ૧૮૯૩–૯૪ માં રૂ૭,૬૬,૬૯૯ રૂપિઆનું અબરક પરદેશ ગયું હતું. મદ્રાસ ઇલાકાના નેલોર તથા કોઇમ્બિટુર જિલ્લામાં, સિંધમાં, રજપુતાનાના કૃષ્ણગઢ સંસ્થાનમાં, અને મ્હૈસૂર તથા હૈદરાબાદ સંસ્થાનોમાં પણ અબરક નીકળે છે. કલાઇ નીચલા બ્રહ્મદેશમાં નીકળે છે. હમણા તે સારી રીતે કહાડવા માંડી છે. સને ૧૮૯૩ માં બ્રહ્મદેશમાંથી રૂ૮૨,૮૨૯ ની કલાઈ આ દેશમાં આવી હતી. સીસું મદ્રાસ ઈલાકાના કર્નૂલ જિલ્લામાં, મુંબાઇ ઈલાકાના પંચમહાલ જિલ્લા અને રેવાકાંઠા સંસ્થાનમાં, બંગાળા ઇલાકાના ત્રણ કે ચાર જિલ્લામાં, મધ્યપ્રાંતોના સંબલપુર અને રાયપુર જિલ્લામાં, સિમલા જિલ્લામાં, ઉપલા બ્રહ્મદેશમાં, અને શાન સંસ્થાનમાં નીકળે છે. તે કહાડવાનું કામ બિલકુલ ચાલતું નથી. માંગનીસ પૂર્વ કિનારાપર અને બેલગામ, ધારવાડ, અને રત્નાગિરિ જિલ્લામાં તથા જબલપુર જિલ્લામાં નીકળે છે. વિજયાનગરના મહારાજાએ તે કહાડી

તપાશી જોવા માટે વિલાયત પણ મોકલ્યું છે. તાંબું બંગાળા, મધ્યપ્રાંતો, રજપુતાના, વગેરે ભાગોમાં નીકળે છે. સને ૧૮૯૩ માં બંગાળામાં રૂ ૧,૩૨,૫૦૦ નું તાંબું નીકળ્યું હતું. બીજા ભાગમાં કેટલું નીકળ્યું તેની હકીકત મળતી નથી. આ દેશમાં બીજા પુષ્કળ ખનિજ પદાર્થો નીકળે છે, પરંતુ તે કહાડવાનું કામ ચાલતું નથી તેથી તેઓ વિષે અહીં કહેવાની જરૂર નથી.

कारखानां.

रूनां कारखानां.—પહેલો સકંચો સને ૧૮૫૧ માં ચાલવા માંડયો. સને ૧૮૭૮માં ૫૮ સાંચા હતા અને સને ૧૮૯૧-૯૨ માં ૧૨૭ હતા. સકંચાનો વધારો કેવી રીતે થયો છે તે નીચેના આંકડાપરથી જણાશેઃ-

સકંચાની સંખ્યા.

સને ૧૮૭૬-૭૭.....	૪૭	સને ૧૮૯૩-૯૪ માં એ
સને ૧૮૮૧-૮૨.....	૬૨	સકંચામાં ૩૫૩૮ હજાર
સને ૧૮૯૧-૯૨.....	૧૨૭	તરાકો અને ૨૯ હજાર
સને ૧૮૯૩-૯૪.....	૧૩૬	સાળો હતી.

એ સકંચા પૈકી સને ૧૮૯૩-૯૪ માં મુંબાઈ ઈલાકામાં ૯૪, મદ્રાસ ઈલાકામાં ૧૧, કલકત્તામાં અથવા તેની પાડોશમાં મળીને ૮, વાયવ્ય પ્રાંતોમાં ૫, પંજાબ અને દિલ્લીમાં એક એક, મધ્ય પ્રાંતોમાં ૫ અને બાકીના સકંચા બીજે ઠેકાણે છે. એ સકંચામાં કેટલો માલથાય છે તે જાણવાને સાધનભૂત હકીકતનું પત્રક પ્રસિદ્ધ થતું નથી. સને

૧૮૮૦ નું પ્રમાણુ જોતાં પરદેશથી પહેલાં કરતાં સેંકડે દશ ટકા સૂતર વધારે આવે છે અને હિંદમાંથી. પહેલાં કરતાં પરદેશ પાંચગણું વધારે જાય છે. પહેલાંના પ્રમાણુમાં કાપડ પરદેશથી શુમારે છ ટકા વધારે આવેછે અને આ દેશનું કાપડ પહેલાં કરતાં શુમારે અઢી ગણું બહાર જાયછે.

જૂટ (તાગ).–જૂટનાં કારખાનાં બહુધા કલકત્તામાં અને બંગાળાના કેટલાક ભાગોમાં માત્ર છે. એ સિવાય કાનપુર અને વિઝાગાપટ્ટણમાં એવાં બેજ કારખાનાં છે. પહેલવહેલું કારખાનું સને ૧૮૫૭ માં સ્થાપન થયું, પરંતુ ઘણાંખરાં કારખાનાં સને ૧૮૭૪ પછીનાં છે. એ કારખાનાંની વૃદ્ધિની હકીકત નીચે પ્રમાણે છે:–

વરસ.	સંખ્યા.
સને ૧૮૭૬–૭૭...	૧૮
સને ૧૮૮૧–૮૨...	૨૧
સને ૧૮૮૬–૮૭...	૨૪
સને ૧૮૯૧–૯૨...	૨૭
સને ૧૮૯૩–૯૪...	૨૮

હમણા જૂટ અને જૂટનું બનાવેલુંકાપડ પરદેશ જાય છે તે જોતાં પહેલાંના પ્રમાણુમાં જૂટ શુમારે દોઢગણું અને જૂટનું કાપડ બમણું વધારે જાય છે.

કાગળનાં કારખાનાં બંગાળા ઇલાકામાં, અને પુણા, લકનૌ, અને ગ્વાલિયરમાં મળી ૮ છે અને તેઓનું ભંડોળ શુમારે પચાસ લાખ રૂપિઆ છે. કાગળો પણ બેશ બનેછે.

ઊનનાં કારખાનાં કાનપુર, ધરીવલ, બાંગલોર, અને

મુંબાઈમાં છે અને તેઓમાંથી પોલીસના અને દેશી લશ્કરનાં પુષ્કળ કપડાં લેવામાં આવે છે.

રેશમનાં કારખાનાં મુંબાઈ, કલકત્તા, અને પુણામાં છે, અને કેટલાંક નાનાં નાનાં કારખાનાં બંગાળામાં છે. સને ૧૮૭૫-૭૬ માં એ કારખાનાંમાંથી રૂ૨૩,૮૦,૦૦૦ ની કીમતનું ૨૪,૬૮,૦૫૨ વાર કાપડ પરદેશ ગયું હતું અને સને ૧૮૮૦-૮૧ માં રૂ૨૨,૦૪,૨૨૦ નો માલ ગયો હતો અને તે પછીનાં દશ વરસમાં સરેરાશ રૂ૩૩,૧૯,૨૦૦ નો માલ ગયો હતો.

બીજાં કારખાનાં.—સને ૧૮૯૧-૯૨ માં રૂની ગાંસડી દાબવાના સંચા ૪૦૦, સોડા-વૉટર વગેરે પીવાના પદાર્થો બનાવવાનાં કારખાનાં ૭૬, નવસાર બનાવવાનાં કારખાનાં ૨૭૪, ચોખા સાફ કરવાનાં કારખાનાં ૫૪, અને ગળી બનાવવાનાં કારખાનાં ૫૫ હતાં.

સને ૧૮૮૧ અને ૧૮૯૧ માં એ કારખાનાંમાં કામ કરનારા મજૂરોના સુખ અને સગવડના સંબંધમાં કાયદા થયા હતા તેઓની રૂઇએ બાયડીઓને અગીઆર કલાકથી વધારે વખત લગી કામ કરાવવાની અને નવ વરસની ઉમરની અંદરનાં છોકરાંને કામે લગાડવાની બંધી થઈ છે; છોકરાં ચાદ વરસની ઉમર લગી સમજવાનાં છે. છોકરાંને સાત કલાક લગી કામે લગાડવાનાં છે. એ સિવાય વચગાળે વિસામો આપવો, હવાપાણી, સ્વચ્છતા, અને છુટ્ટીના સંબંધમાં એ કાયદામાં નિયમો ઠરાવ્યા છે.

આ ભાગના વિષય જોડે અને આવતા ભાગના વેપારના

વિષય જોડે સંબંધ રાખનારો વિષય સહિયારા ભંડોળની કંપનીઓનો છે. તેઓની થોડીક હકીકત નીચે આપી છે. સને ૧૮૯૧ માં એ કંપનીઓ કેટલી હતી અને શા કામ માટે થઇ હતી તેનું કોષ્ટક હેઠળ આપ્યું છે. મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૧-૮૨ ના આંકડા આપ્યા છે.

હિંદમાં રજિસ્ટર થયેલી કંપનીઓ.	કંપનીઓની સંખ્યા.		કંપનીઓનું ભંડોળ લાખ રૂપિઆ.	
	૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨	૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨
अ.-શરૂ થયેલી				
(૧) બેંકો અને વીમો ઉતારનારી કંપનીઓ.	૧૪૬	૨૭૩	૨૧૮	૩૯૩
(૨) સકંચા અને ગાંસડીઓ દાબવાના સંચા	૧૦૦	૨૪૫	૬૭૫	૧૨૦૫
(૩) ખાણોની કંપનીઓ.	૧૯	૫૭	૭૩	૧૬૧
(૪) ખેતી અને બાગોની કંપનીઓ.	૧૨૨	૧૫૮	૨૭૯	૩૭૫
(૫) વેપાર કર-				

નાણી કંપનીઓ.	૯૫	૧૬૮	૧૯૪	૩૭૯
(૬) બીજી કંપનીઓ.	૨૩	૪૯	૧૨૫	૧૪૨
કુલ.	૫૦૫	૯૫૦	૧,૫૬૮	૨,૬૫૮
ब.—નહિ ચાલતી કંપનીઓ	૨૨૨	૬૦૨		
क.—ચાલુ નહિ થયેલી કંપનીઓ...	૪૨૨	૮૦૮		
એકંદર.	૧,૧૪૯	૨,૩૬૦		

આપરથી તમામ જાતના વ્યવહારમાં વધારો છે એવું જણાઇ આવશે.

ભાગ ૧૪ મો.

વેપાર.

આ ભાગમાં આ દેશનો વેપાર પરદેશો જોડે કેટલો ચાલેછે તે વિષે કહેવાનું છે. વેપારની હકીકત આપવી એટલે દેશના સુધારાની હકીકત—લોકોની ગરજો અને તે મટાડવાને જુદે જુદે સમયે કરેલા ઉપાયોની હકીકત આપવી. કેટલાક દેશોના લોકોને શરીરસંરક્ષણ સિવાય બીજા પ્રકારની ગરજોજ હોતી નથી અને તેમનું કામ ગુજરાનનાં સાધનો એકઠાં કરવાં એટલુંજ હોય છે. એવા લોકોમાં સુધારો થતો નથી અને તેની તેમને જરૂર પણ જણાતી નથી. બીજાં કેટલાંક રાજ્યો એવાં હોય છે કે તેમને પેટ ભરવા ઉપરાંત બીજી પુષ્કળ ગરજો હોયછે અને તેમને વિચિત્ર પ્રકારનાં સુખ અને ચહેનબાજી ભોગવવાની ઇચ્છા થાયછે. દેશની ગરજો અને તે પૂરી પાડવાની શક્તિ ઉપરથી તે દેશના સુધારામાં કેવાં પગલાં ભરાયાં છે તે જણાય છે. બધા પ્રકારની ગરજો પૂરી પાડવાને જે પદાર્થોની જરૂર પડેછે તેઓ સઘળા દેશોમાં મળી શકેછે એમ નથી. ઉદાહરણ તરીકે ઈંગ્લાંડ દેશ લો. તે દેશના લોકોને પૂરૂં પડે એટલું અનાજ ત્યાં પાકતું નથી; પરંતુ તે દેશની ખનિજસંપત્તિ પુષ્કળ છે અને લોકો શોધક, મહેનતુ, અને બહાદુર છે, તેથી તેઓ કાચા માલની વસ્તુઓ તૈયાર કરી પરદેશ મોકલે છે અને પોતાને માટે જોઇએ તેટલું ધાન્ય વગેરે પરદેશથી

લાવે છે. ઘણું કરીને બધાં દેશોની સ્થિતિ એવીજ છે. એમ વસ્તુઓની અદલાબદલી થાય છે તેનો આધાર દેશની સ્વાભાવિક સ્થિતિપર, અર્થાત્ ત્યાંની જમીનના પ્રકાર અને રસાળપણું, હવાપાણી, વેપારના ઉપયોગના પદાર્થોની છત, લોકોની સ્થિતિ, વગેરે કારણોપર છે. એમાંની કેટલીક બાબતો એક દેશને અનુકૂળ હોય છે તો કેટલીક બીજા દેશને અનુકૂળ હોય છે. એ બંને દેશો સુધરેલા હોય છે તો તેઓ જણસોની અદલાબદલી કરેછે અને એ પ્રમાણે વેપારની શરૂઆત થાયછે.

વેપારની જણસો ત્રણ પ્રકારની હોય છે. ખનિજ, પ્રાણિજ, અને ઉદ્‌ભિજ (ખેતીથી મળે એવી). આ ત્રણે પ્રકારની સંપત્તિના સંબંધમાં આ દેશને કેવી અનુકૂળતા છે તે વિષે આપણે પાછળ કહી ગયા છીએ. અજ્ઞાન, આળસ, વગેરે અનેક કારણોને લીધે આ દેશમાં ખનિજ દ્રવ્ય છે તે નહિ જેવુંજ છે; અને તેજ કારણોને લીધે ઉદ્‌ભિજ વસ્તુઓ પ્રાપ્ત થાય છે તેઓને તૈયાર કરી ખપમાં આવે એવી કરવાનું કામ પણ બહુજ થોડું થાયછે. એથી કરીને હમણા આ દેશની સ્થિતિ એવી છે કે ખેતી કરી જે નીપજ થાય તેની અદલાબદલી કરી ખપની વસ્તુઓ મેળવવી. આ દેશમાં સેંકડે ૬૯ માણસો ખેતી વડેજ પોતાનું ગુજરાન કરેછે. આ દેશ પણ બહુજ ફળદ્રૂપ હોઈ વિશાળ છે તેથી અનાજ, રૂ, વગેરે ખેતીનો માલ આ દેશમાંથી પુષ્કળ બહાર જાય છે. આ વિષયનો બધી તરફથી અને શાસ્ત્રીય રીતે વિચાર કરવાનો આ પુસ્તકનો હેતુ નથી.

વેપારની હમણાની સ્થિતિ કેવી છે, અર્થાત્ તે કેટલો ચાલે છે, કિયા દેશો જોડે ચાલે છે, અને કઇ વસ્તુઓનો ચાલેછે, તે વિષેજ અહીં મુખ્યત્વે કહેવાનું છે. ઘણો વેપાર પરદેશો જોડે જળ માર્ગે ચાલે છે અને તેની વધારે હકીકત કહેવામાં આવશે. તે પછી ખુશ્કીને રસ્તે ચાલતા વેપારની હકીકત આપવામાં આવશે. તરીને રસ્તે ચાલતા વેપારની જેવી લાંબા સમયની અને વ્યવસ્થિત હકીકત મળે છે તેવી ખુશ્કીને રસ્તે ચાલતા વેપારની હકીકત મળતી નથી. એ માર્ગે વેપાર પણ ઝાઝો ચાલતો નથી.

વેપારની વૃદ્ધિ.—તરીને રસ્તે વેપાર કેટલો ચાલે છે અને તેનો વધારો કેટલો થયો છે તે નીચલા કોષ્ટકપરથી જણાશે. સને ૧૮૯૧–૯૨ લગી પાંચ પાંચ વર્ષની સરાસરી આપીછે અને છેવટે સને ૧૮૯૧–૯૨ અને ૧૮૯૩–૯૪ ના આંકડા આપ્યા છે.

વરસ.	આયાત વેપાર	નિકાશ વેપાર.
	કરોડ લાખ રૂ.	કરોડ લાખ રૂ.
૧૮૪૦–૪૧થી૧૮૪૪–૪૫.	૧૧–૭૯	૧૫–૫૨
૧૮૪૫–૪૬થી૧૮૪૯–૫૦.	૧૨–૪	૧૭–૧૧
૧૮૫૦–૫૧થી ૧૮૫૪–૫૫.	૧૬–૬	૨૦–૪
૧૮૫૫–૫૬ થી૧૮૫૯–૬૦.	૩૨–૨	૨૭–૫૮
૧૮૬૦–૬૧થી૧૮૬૪–૬૫.	૪૨–૮૪	૫૧–૨૮
૧૮૬૫–૬૬થી૧૮૬૯–૭૦.	૪૮–૭૯	૫૪–૪૭
૧૮૭૦–૭૧થી૧૮૭૪–૭૫.	૪૦–૭૯	૫૮–૭૩

૧૮૭૫-૭૬થી૧૮૭૯-૮૦.	૪૯-૯૧	૬૫-૩૮
૧૮૮૦-૮૧થી૧૮૮૪-૮૫.	૬૫-૧૬	૮૩-૪
૧૮૮૫-૮૬થી૧૮૮૯-૯૦.	૭૮-૫૪	૯૪-૨૮
૧૮૯૧-૯૨	૯૪-૧૫	૧૧૧-૪૬
૧૮૯૩-૯૪	૯૫-૪૮	૧૧૦-૬૧

એમાં ખાનગી વેપાર અને સરકારને માટે આણેલો માલ સોનું અને રૂપું, એ સર્વેનો સમાવેશ થાયછે.

वेपारपर असर करनारी बाबतो.

વેપારની વૃદ્ધિનો વિચાર કરવામાં તેનાપર અસર કરનારા કેટલાક યાદ રાખવા જોગ બનાવો બન્યા છે તેઓની થોડી હકીકત હેઠળ આપીએ છીએ:—

૧૮૬૨-૬૯ અમેરિકાની લડાઇને લીધે રૂનો વેપાર ઘણો વધ્યો.

૧૮૬૯ સુએઝની નહેર શરૂ થઈ.

૧૮૭૦-૭૧ મુંબાઈ, કલકત્તા, અને લાહોરની વચ્ચેની રેલવે પૂરી થઈ.

૧૮૭૨-૭૩ રૂ પરદેશ જતું હતું તે બહુ ઓછું જવા માંડયું.

૧૮૭૩-૭૪ પરદેશ જતા ગહૂંપરની જકાત કહાડી નાંખી

૧૮૭૪-૭૫ નિઝામની રેલવેનો પહેલો ભાગ શરૂ થયો.

૧૮૭૫-૭૬ આ દેશમાં આવતા સૂતરાઉ કાપડપરની જકાત કહાડી નાંખી.

૧૮૭૬-૭૭ }
૧૮૭૭-૭૮ } દક્ષિણ ભાગમાં દુકાળ પડયો.

૧૮૭૭-૭૮	બ્રહ્મી રેલવેનો પહેલો ભાગ બંધાવા માંડયો.
૧૮૭૮-૭૯	સિંધુની ખીણુમાં આગગાડી ચાલવા માંડી.
૧૮૭૯-૮૦	દેશના વેપારને લગતી કસ્ટમ જકાત કહાડી નાંખી.
૧૮૮૦-૮૧	રજપુતાનાની રેલવે શરૂ થઈ.
૧૮૮૧-૮૨	આયાત માલપરની જકાત કહાડી નાંખી. માર્ચ ૧૮૮૨.
૧૮૮૬-૮૭	બ્રહ્મદેશની રેલવે વધારે બંધાઈ.
૧૮૮૮-૮૯	નિઝામની રેલવે બંધાઈ રહી.
૧૮૮૯-૯૦	ઇંડિઅન મિડ્લાન્ડ રેલવે બંધાઈ રહી.
૧૮૯૦-૯૧	બંગાળ—નાગપુર રેલવે પૂરી થઈ.
૧૮૯૩-૯૪	ટંકશાળો બંધ થઇ.
૧૮૯૪-૯૫	આયાત માલપર જકાત બેસાડી અને દેશમાં બનતા સૂતરાઉ માલપર કર નાંખ્યો.

આયાત માલપરની જકાત સંબંધી આપણે કહી ગયા છીએ.

નાણાના સંબંધમાં હમણા થયેલો ફેરફાર.—ટંકશાળો બંધ કરવામાં આવી તેના સંબંધમાં થોડી હકીકત આપવાની જરૂર છે તે આપણે આપીએ છીએ. જે દેશો જોડે આ દેશનો વેપાર ચાલે છે તેઓમાંના કેટલાક દેશોમાં સોનાનું નાણું ચાલે છે અને કેટલાક દેશોમાં રૂપાનું ચલણુ છે. કેટલાક દેશોમાં એ બંને ધાતુનાં નાણાં (તેમની કીમતનું પ્રમાણુ ઠરાવી તે પ્રમાણે) ચલાવવાનો ઠરાવ છે; પરં-

તુ હમણા તે દેશોમાં રૂપાનાં નાણાં પાડવાં બંધ કર્યાથી ત્યાં પણ વસ્તુતઃ સોનાનું નાણું ચાલે છે. કેટલાંક વર્ષ પર સોનાનો અને રૂપાનો ભાવ હતો તે પ્રમાણે રૂપિઓ બે શિલિંગ અથવા પાંડના દશમા ભાગની કીમતનો હતો. હમણા સોનાના પ્રમાણમાં રૂપાનો ભાવ ઘટવાથી રૂપિઆની કીમત શુમારે એક શિલિંગ અને એક પેનીની લગભગ, અર્થાત્ લગભગ અડધો અડધ થઈ છે. એમ એ બંને ધાતુની કીમતમાં ફેર પડી રૂપાની અર્થાત્ રૂપિઆની કીમત સને ૧૮૭૨ થી ઘટવા માંડી. ઈંગ્લાંડમાં સોના નાણું પહેલેથીજ છે, પરંતુ યૂરોપના બીજા દેશોમાં હમણા લગી રૂપા નાણું ચાલતું હતું તેથી તે ધાતુની કીમત બેશ ટકી રહી હતી. તે વરસ પછી યૂરોપના ઘણાખરા મોટા દેશોમાં સોના નાણું ચાલવા માંડયું. જર્મની, સ્વીડન, અને નાર્વે એ ત્રણ દેશોએ સને ૧૮૭૩ માં રૂપાનાણું બંધ કરી સોનાનાણું ચલાવ્યું. ફ્રાન્સ વગેરે દેશોમાં બંને ધાતુના ઠરાવેલા પ્રમાણમાં કીમત નક્કી કરી બંને ધાતુનાં નાણાં ચાલતાં હતાં અને ચાલે છે; પરંતુ તે દેશોએ પણ રૂપાનાણું પાડવું બંધ કર્યું. પહેલાં યૂનૈટેડ સ્ટેટોમાં નોટોનું ચલણ હતું, અને સરકારમાંથી તેઓના રોકડા પૈસા મળતા નહિ; પરંતુ તે દેશોએ પણ બંને નાણાં ચાલુ રાખવાનું બંધ કર્યું. બીજા દેશોએ પણ એજ પ્રમાણે કર્યું, તેથી ઘણા દેશોમાં રૂપાનો ખપ ઓછો થયો અને તેનો ભાવ સોનાના પ્રમાણમાં બહુ ઘટી ગયો.

આ હિંદ દેશમાં રૂપાનું નાણું હોવાથી અને જે દેશો

જોડે વ્યવહાર ચલાવવાનો છે તેઓમાંના ઘણાક દેશોમાં સોનાનું ચલણ થવાથી, તથા રૂપાનો ભાવ ઘટવાથી આ દેશમાંથી બીજા દેશોમાં અવેજ મોકલવામાં પહેલાં કરતાં હમણા વધારે ખર્ચ પડે છે. હિંદના સંબંધમાં ઈંગ્લાંડમાં રાજ્યવ્યવસ્થાનો અને બીજો ખર્ચ થાય છે તેને માટે હિંદ સરકારને પુષ્કળ નાણું ત્યાં મોકલવું પડે છે તેથી આ નાણાના ભાવની અસ્થિરતાને લીધે વધારે ખર્ચ બેસે છે. આજે એક, કાલે બીજો, એમ રૂપાનો ભાવ ચઢ ઉતર થવાથી તથા હમેશ ઘટ્યાં કરવાથી વેપારની સ્થિતિ બહુ અનિશ્ચિત થઇ અને તેમાં નુકસાન પણ થવા માંડ્યું. આ દેશમાં લશ્કર સિવાય બીજાં ખાતાંમાં ઇંગ્રેજ નોકરો છે તેમને રૂપાનાં નાણાંમાં પગાર મળે છે; તેમને ખર્ચ માટે ઘણું નાણું હમેશ વિલાયત મોકલવું પડે છે અને શિલક રહે તે પણ વિલાયતજ મોકલવાની હોય છે તેથી એ પૈસા મોકલવામાં તેમને નુકસાન થવા માંડ્યું. એમ રૂપા નાણાના ભાવની વધઘટને લીધે ઘણા લોકોને અડચણ પડવા માંડી.

એ સ્થિતિ સુધારવા માટે હિંદ સરકારે વિલાયત સરકારને એવી સૂચના કરી કે લોકોને ટંકશાળમાં રૂપાનું નાણું પાડી આપવાનું બંધ કરવું અને જે નાણું પાડવું તે સરકારે રૂપું વેચાતું લેઇને પાડવું; ટંકશાળમાં સોનાનું નાણું પાડવાનું શરૂ કરવું અને લોકો સોનું લાવે તેનાં નાણાં તેમને પાડી આપવાં; લેણદેણને માટે સોનાનું નાણું કાયદાસર ઠરાવવું; સોનાનું નાણું દશ રૂપિઆનું એક અને

વીસ રૂપિઆનું એક પાડવું; સોનાનાં અને રૂપાનાં નાણાંની કીમતનું પરસ્પર પ્રમાણ સરકારે ઠરાવવું; વિલાયતમાં ચાલતા સોનાના નાણાની કીમત સરકારે અમુક રૂપિઆ ઠરાવી તે આ દેશમાં વ્યવહારમાં લેવાનું કાયદાસર ઠરાવવું વગેરે. અહીં સોનાનું નાણું પાડવું શરૂ કરવું તે ટંકશાળ બંધ કર્યાથી કેવું પરિણામ આવે છે તે જોયા પછી શરૂ કરવું એવું પણ હિંદ સરકારે સૂચવ્યું હતું. એ સઘળી વ્યવસ્થા સોનાનું નાણું શરૂ કરવા માટેજ થઇ છે. એ નાણું એકદમ શરૂ કરવું તે સરકારની કને સોનાનું નાણું અથવા તે પાડવાને જોઇએ તેટલું સોનું ન હોવાથી બની શકે તેમ નહોતું. તેથી તે હેતુ પાર પાડવાને જે પહેલી બાબત અવશ્યની હતી તે એટલે સોનાના પ્રમાણમાં રૂપાના નાણાની કીમત ઠરાવી તે ચાલુ કરવું એ હિંદ સરકારે સ્વીકારી તે પ્રમાણે કરવાને ઈંગ્લાંડની સરકારની પરવાનગી માગી.

એ પ્રમાણે હિંદ સરકારે સૂચના કર્યાથી તેનો વિચાર કરવા સારૂ હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીએ અર્થશાસ્ત્રીઓની એક કમિટી નીમી. એ કમિટીનો અધ્યક્ષ ઈંગ્લાંડનો મુખ્ય ન્યાયાધીશ લૉર્ડ હર્શલ હતો. એ કમિટીએ એ વિષયનો સંપૂર્ણ વિચાર કરી હિંદ સરકારે સૂચવેલી વ્યવસ્થા કરવાને હરકત નથી એવો અભિપ્રાય આપ્યો અને તે સૂચનામાં એવો સુધારો કરવાનું સૂચવ્યું કે ટંકશાળમાં લોકોને ચાંદી લઇ રૂપિઆ પાડી આપવાનું બંધ કરવામાં આવે તોપણ સોનું આણે તો રૂપિઆની કીમત એક શિલિંગ

ચાર પેન્સ ગણી તેને બદલે રૂપિઆ આપવા; અને તેજ પ્રમાણમાં સરકારી કરના બદલામાં સરકારી તીજોરીમાં સોનું લેવાની પરવાનગી હોવી જોઈએ. હિંદ સરકારે એ સુધારો કરવાનું કબૂલ કર્યાથી તેની સૂચના અમલમાં આણવાની સ્ટેટ સેક્રેટરીએ મંજૂરી આપી અને તે પ્રમાણે સને ૧૮૯૩ ના જૂન માસની તા. ૨૬ મીએ કાયદો થયો.

આ કાયદો થયો ત્યાં લગી રૂપિઆની કીમત તેમાંના રૂપાના પ્રમાણમાં હતી. આ નવી શરૂ કરેલી વ્યવસ્થાથી એ સ્થિતિ બદલાઈ ગઈ અને રૂપિઆની એક વિશેષ પ્રકારની કૃત્રિમ કીમત થઈ. પહેલાંની પેઠે જેને જોઇએ તે ટંકશાળમાં રૂપિઆ પડાવી નહિ શકવાથી હમણા જે રૂપિઆ પડ્યા છે તેજ ચાલુ રહેશે; ખપના પ્રમાણમાં માલની છત ન હોય તો તે માલની કીમત ચઢે એવો નિયમ છે તે પ્રમાણે રૂપિઆ પાડવાનું બંધ થવાથી હમણાની પેઠે તેનો ખપ કાયમ રહેશે અથવા વધશે, અર્થાત્ ખપ કરતાં રૂપિઆની સંખ્યા ઓછી થઈ તે મળે નાહ એમ થશે, અને તેમ થવાથી રૂપિઆની કીમત વધશે અને તેમાંના રૂપાના પ્રમાણમાં જેટલી કીમત હોવી જોઇએ તેના કરતાં વધારે થશે. રૂપિઆની કીમત વધવાથી સોનાની અને રૂપાની વચ્ચે ભાવમાં જે ફેર છે તે ઓછો થશે અને જે દેશોમાં સોનાનું નાણું ચાલે છે તે દેશોમાં પૈસા મોકલવા હશે તો પહેલાંના પ્રમાણમાં ઓછા રૂપિઆ મોકલવા પડશે. એ પ્રમાણે થાય તે વિચારથીજ હિંદ સરકારે ઉપર કહ્યા પ્રમાણે નાણાંની કીમત બદલવાનો પ્રયત્ન કર્યો.

આ વ્યવસ્થા કરવાના હેતુ (૧) રૂપાના નાણાની કીમત બદલવાનું બંધ કરવું, (૨) રૂપાનો ભાવ ઉતરવાનું બંધ કરવું, અને (૩) સોનું દેશમાં વધારે આવે એમ કરવું, એવા હતા. જે ભવિષ્યની સ્થિતિપર નજર રાખી આ ધાંધલ કર્યું તે સ્થિતિ હજુ પણ, પહેલે જેટલા પ્રમાણમાં થશે એવી અટકળ કરી હતી તેટલા પ્રમાણમાં, થઈ નથી. હવે પછી તે સ્થિતિ થશે કે નહિ તે વિષે હજુએ કેટલાક લોકોને શક છે. રૂપિઆની કીમત જેવી ઉતરી હોત તેવી આ વ્યવસ્થા અમલમાં આવ્યાથી ઉતરતી બંધ થઈ એવું સરકારની તરફના અને સદરહુ વ્યવસ્થાને ટેકો આપનારા લોકોનું કહેવું છે. આ વિષય શાસ્ત્રીય અને મુશ્કેલ છે અને બંને પક્ષોનો મતભેદ પહેલાં કરતાં કાંઈ ઓછો થયો નથી, તેથી આ પુસ્તકના ધોરણને અનુસરીને કરેલું વર્ણન બસ થશે એમ લાગે છે. આ વ્યવસ્થા શરૂ કરતી વખતેજ તેનું પરિણામ કેવું થશે તેનો આધાર ભવિષ્યમાં મળવાના અનુભવપર રાખ્યો હતો અને પૂરો અનુભવ થવાને જોઇએ તેટલો સમય હજુ ગયો નથી એ ખરૂં છે.

આ કાયદા પ્રમાણે ટંકશાળમાં લોકોને નાણુ પાડી આપવાનું બંધ કર્યા પછી હર્શેલ કમિટીની સૂચના પ્રમાણે ટંકશાળમાં સોનું લાવી આપે તો દર રૂપિઆની કીમત ૧૬ પેન્સ ગણી તેની કીમતના રૂપિઆ મળશે અને પંદર રૂપિઆ માટે એક પૌંડ અને સાડા સાત રૂપિઆ માટે અર્ધો પૌંડ સરકારી કર પેટે લેવા એવું જાહેરનામું પ્રસિદ્ધ

કરવામાં આવ્યું. આ કાયદો થયા પછી તુરતજ રૂપિઆની કીમત ૧૬ પેન્સ લગી ચઢી, પરંતુ એ કીમતનો વધારો વ્યવહારની ખરેખરી સ્થિતિને અનુસરીને થયેલો ન હોવાથી રૂપિઆની કીમત પાછી ઉતરી.

સરકારની અટકળ પ્રમાણે રૂપિઆની કીમત પહેલાં કરતાં વધી નહિ. આ કાયદો થયા પછી રૂપિઆની કીમત નહિ વધવાનાં કેટલાંક વિશેષ કારણો બન્યાં. કાયદો થયા પછી રૂપિઆની કીમત કેટલાક દિવસ લગી ચઢી હતી. તેનો લાભ લેવાને વેપારીઓએ પરદેશી માલની પુષ્કળ ભરતી કરવા માંડી અને સને ૧૮૯૧-૯૨ માં માલ ઓછો આવ્યો હતો તેથી તે માલની ખપત પણ ઘણી થઇ. રૂપિઆની કીમત ઉતરવા માંડ્યા પછી પણ હવે તે ઘણીજ ઉતરશે એવી બીકથી માલ આણવાનું (સને ૧૮૯૩-૯૪ ની આખર લગી) જારી રહ્યું. સને ૧૮૯૩-૯૪ માં પાછલી સાલ કરતાં સેંકડે ૧૮ ટકા માલ વધારે આવ્યો હતો. એ વરસમાં સોનું પણ પહેલાં ઘણું વધારે આવ્યું. તેમજ રૂપું પણ વધારે આવ્યું. હર્શેલ કમિટીએ ટંકશાળમાં રૂપિઆ પાડવા બંધ કરવાનું પસંદ કર્યું છે એવી ખબર અહીં કાયદો થયા પહેલાં ઘણા દિવસથી યૂરોપમાં ફેલાઈ હતી તેથી કાયદો થઇ અમલમાં આવતા પહેલાં રૂપિઆ પડાવી લેવા માટે વેપારીઓએ પુષ્કળ ચાંદી હિંદુસ્તાનમાં મોકલી. કાયદો થયા પછી રૂપિઆના પ્રમાણમાં ચાંદી સસ્તી મળવા માંડી તેથી લોકોએ હલકા ભાવનું ખરૂં સ્વરૂપ ન સમજતાં કેવળ સોંઘાઇથીજ લલચાઇને ઘણી ચાંદી ખરીદી અને એ પ્રમાણે

સને ૧૮૯૩-૯૪ ની આખર લગી ચાલ્યું. એનું પરિણામ એ થયું કે વેપારીઓને ચાંદીના વેચાણને લીધે માલ ખરીદવા માટે રૂપિઆ જોઈતા હતા તે લોકો કનેથી મળવા માંડયા અને તેથી સ્ટેટ સેક્રેટરીનાં બિલોનું વેચાણ બંધ પડયું. તે બિલો લેવાના બદલામાં વેપારીઓએ ચાંદીજ મોકલવા માંડી. હિંદખાતાના સ્ટેટ સેક્રેટરીનાં બિલ વેપારને કેવી રીતે અવશ્યનાં છે તે વિષે આજ ભાગમાં આગળ "વેપારની બાકી" ના સંબંધમાં હકીકત આપતી વખતે કહેવામાં આવશે. એમ હમેશ કરતાં વધારે માલ આવ્યાથી તથા પુષ્કળ રૂપું આવ્યાથી હિંદ સરકારે અટકળ કર્યા પ્રમાણે રૂપિઆની કીમત ચઢી નહિ. આયાત માલ કરતાં નિકાશ માલ વધારે થઇ તેના પૈસા મોકલવાનો પ્રસંગ આવતાંજ રૂપિઆની કીમત વધવાનો સમય આવશે; આયાત માલ વધારે આવ્યાથી તે સમય આવ્યો નહિ. વળી બીજું કારણ એ થયું કે એ કાયદો અમલમાં આવ્યો તે વેપારની મોસમમાં ન આવતાં ચોમાસામાં અમલમાં આવ્યો અને તે દહાડામાં માલ પરદેશ જતો બંધ થયાથી વેપારીઓને અહીં નાણાં મોકલવાની જરૂર પડી નહિ. પછી સ્ટેટ સેક્રેટરીએ પોતાનાં બિલ અમુક ભાવથીજ મળશે એવું ઠરાવ્યાથી વેપારીઓએ ઉપર કહ્યા પ્રમાણે અહીં વધારે માલ અને ચાંદી મોકલી પોતાની ગરજ મટાડી. સને ૧૮૯૪ ના જાનેવારી મહીનામાં અમુક દરે બિલો વેચવાનું બંધ થયું અને તે વખતથી વેપારની પદ્ધતિ પ્રમાણે અને તેની ગરજના પ્રમાણમાં રૂપિઆની કીમત સ્થિર થતી ગઈ

છે અને તે ગમે તેટલી ઓછી હશે તોપણ તેમાંની ચાંદીની કીમત કરતાં કાંઈક વધારે હશે.

રૂપિઆની કીમત તેમાંની ચાંદીના ભાવ કરતાં વધારે થવાથી ચીન વગેરે જે દેશોમાં રૂપાનું નાણું ચાલતું હતું તે દેશોની જોડે આ દેશનો વેપાર ચાલતો હતો તેને એ કાયદો થયા પછી થોડા વખત લગી મોટો ધોકો પહોંચ્યો. નવી વ્યવસ્થા થવાથી રૂપાના ચલણવાળા દેશો જોડે વેપાર ચાલેછે તેમાં ખલેલ પડશે એવી પહેલેથી અટકળ કરી હતી. કેટલાક દિવસ લગી તે પ્રમાણે ચાલ્યું, પરંતુ તે પછી નવી સ્થિતિના પ્રમાણમાં માલની કીમત ઠર્યાથી પહેલાંની પેઠે વેપાર ચાલવા માંડ્યો છે એવો મિ. ઓકોનોરે અભિપ્રાય આપ્યો છે.

ચાંદીનો ભાવ ઉતર્યાથી હિંદનો વેપાર વધ્યો એવું પ્રતિપાદન કરેલું વારંવાર જોવામાં આવેછે. એ લોકોનું કહેલું એ છે કે સોનાના પ્રમાણમાં આ દેશના માલની જે કીમત છે તેના પહેલાં જેટલા રૂપિઆ આવતા હતા તેના કરતાં હમણા વધારે રૂપિઆ આવે છે, તેથી અહીંના વેપારીઓ સોંઘે ભાવે માલ વેચી શકેછે અને ખેડુતોને પણ વધારે કીમત મળેછે, અને એનું પરિણામ એ થાયછે કે તેને લીધે વેપાર વધેછે એટલુંજ નહિ, પણ માલ પણ વધારે બને છે. આ પ્રતિપાદનનું ખોટાપણું મિ. ઓકોનોરે સને૧૮૮૬ માં સાબીત કર્યું હતું. પહેલાં માલની જેટલી કીમત ઉપજતી હતી તેટલી હવે પરદેશમાં ઉપજતી નથી તેથી ચાંદીનો ભાવ ઘટ્યાથી જે ફાયદો થાય છે તેના બદલામાં માલના

ઓછી કીમત આવેછે એ ખોટ જાયછે અને તેથી વેપારમાં કાંઇ નફો રહેતો નથી.

વેપારની વૃદ્ધિનું પ્રમાણ.—આયાત અને નિકાશ વેપારની વૃદ્ધિ થઇ છે તેમાં આયાત વેપાર જે પ્રમાણમાં વધ્યો છે તે પ્રમાણમાં નિકાશ વેપાર વધ્યો નથી. સને ૧૮૪૧–૪૨ માં આયાત વેપાર ૯ કરોડ ૬૩ લાખ રૂપિઆનો થયો હતો અને સને ૧૮૯૧—૯૨ માં ૮૪ કરોડ ૧૫ લાખ રૂપિઆનો થયો હતો, તેથી વધારો પોણાનવ ગણો થયો છે. સને ૧૮૪૧–૪૨ માં નિકાશ વેપાર ૧૪ કરોડ ૩૪ લાખ રૂપિઆનો અને સને ૧૮૯૧–૯૨ માં ૧૧૧ કરોડ ૪૬ લાખ રૂપિઆનો થયો હતો તેથી વધારો પોણાઆઠ ગણો થયો છે. આ રકમમાં સોના તથા રૂપાનો સમાવેશ થાય છે. હમણા સોનારૂપાનો વેપાર સટ્ટાના જેવો થયો છે તેથી વેપારનો ખરેખરો વધારો જોવાને તે વસ્તુઓ મૂકી દઈ વેપારના માલમાં કેટલો વધારો થયો છે તે જોવાથી આયાત માલનો વધારો લગભગ નવગણો અને નિકાશ માલનો વધારો ૭$\frac{1}{10}$ થાય છે એવું જણાય છે.

એ વધારો થવાનાં કેટલાંક મુખ્ય કારણો અહીં આપીએ છીએ. (૧) યંત્રોમાં સુધારો અને યંત્રો ચલાવવામાં વરાળની શકિતનો ઉપયોગ. એને લીધે મહેનત અને વખત ઓછાં લાગે છે અને ઓછે ખર્ચે માલ બને છે. (૨) સુએઝની નહેર શરૂ થઈ અને તે નહેરમાં આગબોટો ચાલવા માંડયાથી યૂરોપ અને એશિઆની વચ્ચે જવા આવવાનું અં-

તર ઓછું થયું છે અને તેથી મુસાફરીમાં થાક અને વખત ઓછા લાગે છે. (૩) વહાણો જઇ તેમને બદલે આગબોટો ચાલવા માંડી. એથી કરીને મુસાફરી જલદી અને નિયમસર કરી શકાય છે. (૪) આ બંને કારણોને લીધેજ માલ લેઇ જવા લાવવાનું ભાડું પણ ઓછું થયું છે. એ વેપારની સગવડજ થઇ છે. (૫) અપ્રતિબંધક વેપારનાં મૂળતત્વો આ દેશમાં અમલમાં આવ્યાં. (૬) આગગાડીનો વધારો. એની હકીકત પબ્લિક વર્કસના ભાગમાં આપવામાં આવશે. (૭) પરદેશી ભંડોળ આ દેશમાં આવી નવા ધંધા શરૂ થયા. ઉદાહરણ, ચા, કાફી, વગેરેની વાવણી. એ પ્રમાણે વેપારની વૃદ્ધિ કરનારી મુખ્ય બાબતો છે. વેપારની વૃદ્ધિથી દેશપર કેવી અસર થઇ છે તે વિષે દેશની સ્થિતિના ભાગમાં કહેવામાં આવશે.

वेपारनां मुख्य बंदरो–कलकत्ता.–જળમાર્ગે જે વેપાર ચાલે છે તે મુખ્યત્વે કરી કલકત્તા, મદ્રાસ, મુંબાઇ, કરાંચી, અને રંગુન બંદરોમાં ચાલે છે. હિંદનો સમુદ્ર કિનારો નવ હજાર મૈલ કરતાં વધારે લાંબો છે અને તેને કાંઠે બંદરો પણ ત્રણસેં સાડી ત્રણસેં છે, તથાપિ ઉપલાં પાંચ બંદરો જોડેજ મુખ્યત્વે કરીને વેપાર ચાલે છે. જે પ્રાંતોમાં એ બંદરો છે તે પ્રાંતોનો પરદેશો જોડે વેપાર ચાલવામાં તેઓ યોગ્ય સ્થળો છે. બંગાળાનો વેપારી માલ જે જળમાર્ગે જાય આવે છે તે જળમાર્ગના મુખ આગળ કલકત્તા શહેર હોવાથી તે ઈલાકાનો માલ પરદેશ જવાને અથવા પરદેશી

માલ દેશમાં આવવાને તે બહુ સગવડભરેલું છે; તેમજ તેજ શહેરમાં તે ઇલાકાની રેલવે આવીને મળે છે. ગંગા નદીમાં વહાણો ચલાવવામાં ઘણી અડચણ પડતી એ આ બંદરની એક ખામી હતી, પરંતુ નદીના માર્ગની તપાસ કર્યાથી તથા માર્ગ બતાવવા સંબંધી સારો બંદોબસ્ત થવાથી એ ખામી હવે લગભગ દૂર થઇ છે. બંદરની વ્યવસ્થા પણ પોર્ટ–ટ્રસ્ટ તરફથી બેશ કરવામાં આવે છે તેથી માલ ચઢાવવા ઉતારવાની ઘણી સગવડ થઇ છે.

મુંબાઇ.—કલકત્તાની બરોબરીનું બીજું બંદર મુંબાઇ છે અને એ બેઉ બંદરોમાંજ ઘણોખરો વેપાર ચાલેછે. પહેલાં કલકત્તાના બંદરમાંથી દેશના ઘણા ભાગોને માલ પૂરો પાડવામાં આવતો તેટલો વિશાળ ભાગ મુંબાઈના બંદરને નહોતો; પરંતુ હમણા મધ્યહિંદ અને બંગાળ–નાગપુર રેલવે થયાથી મુંબાઇ બંદર સાથે વધારે પ્રાંતો જોડાયા છે. આ બંદરમાં દક્ષિણ અને વાયવ્ય પ્રાંતોની રેલવે આવીને મળે છે. મુંબાઈ બંદરમાંથી રૂ, ગહૂં, તેલિયાં બીઆં, વગેરે પુષ્કળ માલ ચઢે છે; કલકત્તા બંદરમાં પણ એ માલ હોઇ તલ, આ, જૂટ, ચોખા, ચામડાં, રેશમ, શાકર, વગેરે છે. અફીણ પણ બેઉ બંદરેથી ચઢે છે. મુંબાઈ બંદરમાં પુષ્કળ માલ આવી પાછો પરદેશ જાય છે, તેથી આ બંદરના આયાત વેપારના આંકડામાં થોડો વધારો જણાય છે. બીજી રીતે પણ એ બંદર બહુ મહત્વનું છે અને તેનું મહત્વ વધતું જાય છે. એ બંદર પરદેશ અને વિશેષે કરી-

ને યૂરોપ જનારા આવનારા લોકોનું મુખ્ય સ્થળ થયું છે અને વિલાયતની ટપાલની તથા ઉતારૂઓની આગબોટો એજ બંદરમાંથી જાય આવે છે, તેથી મુંબાઇ બંદર હિંદનું મોટું દ્વારજ થયું છે અને એ પક્ષે જોતાં તે ઉત્કૃષ્ટ અને સોઈવાળું સ્થળ છે.

મદ્રાસ.—વેપારની બાબતમાં મદ્રાસ બહુ મહત્વનું બંદર નથી અને ઘણી સોઈવાળું પણ નથી. મુંબાઈ અને બંગાળા ઈલાકાનો વેપાર ઈલાકાનાં મુખ્ય શહેરોનાં બંદરોની જોરેજ ચાલે છે તેમ મદ્રાસમાં નથી. ટુટીકોરિન, કોકંડા, માંગલોર, કાલિકટ, વગેરે બંદરોમાં પણ પુષ્કળ વેપાર ચાલે છે.

રંગુન.—રંગુન બંદરનું મહત્વ છેલ્લાં વીસ વરસથી વધતું ગયું છે. એ બંદર ઇરાવદીને કાંઠે છે અને એ નદીમાં થઇને ઉપલા બ્રહ્મદેશમાંથી અને પેગુ પ્રાંતમાંથી આ બંદરમાં માલ આવે છે. આગગાડીને રસ્તે પણ માલ આવવાની વધારે સગવડ થઈ છે. એ પ્રાંતોમાં વિલાયતી માલ આ બંદરમાંથીજ જાય છે. બ્રહ્મી લોકો આશાએશ કરનારા અને સુખવાસી હોવાથી વિલાયતી માલ વાપરવા પ્રત્યે બીજા પ્રાંતોના લોકો કરતાં એ લોકોનું વલણ વધારે છે. કરાંચી બંદરનું મહત્વ પણ દિવસે દિવસે વધતું જાય છે.

જુદા જુદા પ્રાંતોમાંથી કેટલો માલ પરદેશ જાય છે અને કેટલો માલ આ દેશમાં આવે છે તે નીચલા કોષ્ટકપરથી જણાશે. એમાંના દરેક પ્રાંતમાં ઘણું કરીને એકજ

મોટું બંદર છે તેથી એ કોષ્ટકપરથી ઉપર કહેલાં બંદરોના મહત્વનો વિચારમનમાં આવશે. આંકડા લાખ રૂપિઆના છેઃ-

પ્રાંત.	૧૮૭૧-૭૨.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
બંગાળા—				
આયાત.	૧૯૭૦	૨૨૩૬	૨૮૭૦	૩૧૦૩
નિકાશ.	૨૭૮૪	૩૪૨૮	૪૦૨૧	૪૨૨૬
મુંબાઈ—				
આયાત.	૧૭૨૭	૨૭૧૫	૩૬૭૮	૪૫૦૧
નિકાશ.	૨૫૮૪	૩૨૨૫	૪૩૩૦	૪૨૨૬
મદ્રાસ—				
આયાત.	૩૫૭	૪૨૧	૬૨૨	૬૨૩
નિકાશ.	૭૨૯	૭૮૪	૧૦૧૮	૧૧૭૭
બ્રહ્મદેશ—				
આયાત.	૧૪૩	૩૩૪	૫૫૨	૫૨૭
નિકાશ.	૨૮૦	૬૫૭	૧૦૦૮	૭૩૧
કરાંચી—				
આયાત.	૪૦	૧૨૩	૪૦૮	૪૮૧
નિકાશ.	૮૦	૨૦૪	૭૩૭	૬૮૫

ઉપર જે આંકડા આપ્યા છે તેમાં વેપારી માલ સોના અને રૂપાનો સમાવેશ થાય છે. સરકારમાં સ્ટોરનો માલ આવે છે તેનો સમાવેશ થતો નથી. એ પાંચ બંદરો જોડે એકંદર વેપારના ૯૪ ટકા વેપાર ચાલે છે.

કિયા દેશોજોડે વેપાર ચાલે છે.—ઘણા દેશો જોડે

આ દેશનો વેપાર ચાલે છે અને તે સંબંધી હવે થોડી હકીકત આપવાની છે. પહેલે તો કિયા દેશો જોડે કેટલો વેપાર ચાલે છે તેનો સાધારણ વિચાર આવવા માટે કેટલાક મોટા દેશોના આયાત અને નિકાશ માલની કીમતના સને ૧૮૯૩–૯૪ ના આંકડા હેઠળ આપ્યા છે. ગયાં વીસ બાવીસ વરસમાં તે તે દેશો જોડેના વેપારમાં કેટલો વધારો કે ઘટાડો થયો છે તે દેખાડવા માટે સને ૧૮૭૧–૭૨ ના આંકડા આપ્યા છે:—

દેશનું નામ.	આયાત માલ.		નિકાશ માલ.	
	આ આંકડા	લાખ રૂપિઆના છે.		
	૧૮૭૧–૭૨.	૧૮૯૩–૯૪.	૧૮૭૧–૭૨	૧૮૯૩–૯૪
યૂનૈટેડ કિંગ્ડમ	૩૨૪૫	૫૨૦૦	૩૩૦૨	૩૪૬૪
આસ્ટ્રિઆ.	૧૨	૧૩૭	૧૦૫	૨૯૪
બેલ્જિયમ.	——	૨૦૫	૨૦	૫૭૨
ફ્રાન્સ......	૫૫	૧૧૩	૪૧૭	૧૦૬૯
જર્મની.....	૩	૧૭૧	૩૫	૭૬૪
ઈટાલી.. ...	૧૧	૪૪	૧૧૩	૩૫૭
રૂશિઆ.....	——	૧૨૬	૩૭	૬૬
મિસર......	૪	૧૭	——	૩૭૨
મોરિશિયસ	૫૬	૧૭૮	૬૪	૧૩૩
યુનૈટેડ સ્ટેટો	૭	૨૦૧	૨૩૧	૩૩૫
લંકા.......	૧૦૮	૬૯	૨૦૮	૩૨૨
ચીન.......	૪૦૧	૩૫૪	૧૩૯૪	૧૦૯૮

જાપાન......	૧	૨૫	——	૧૪૧
ઇરાન.......	૮૫	૭૩	૧૩૬	૧૮૩
સ્ટ્રેટ્સ સેટલ-મેન્ટ........	૮૮	૨૫૨	૨૧૫	૪૮૪
તુર્કસ્તાન (એ-શિઆઇ).	——	૪૪	૩	૭૦

વેપારનો માર્ગ—સુએઝની નહેર.—સને ૧૮૬૯ માં સુએઝની નહેર ચાલુ થઈ ત્યાં લગી પશ્ચિમ ભણીના દેશો જોડે કેપ આવ્ ગુડ હોપને રસ્તે વેપાર ચાલતો હતો અને ઘણોખરો માલ પહેલે વિલાયત જઈ ત્યાંથી બીજા દેશોમાં મોકલવામાં આવતો. એ નહેર થયાથી યૂરોપ જોડે ચાલતા વેપારની દિશા બદલાઇ. જૂના સમયમાં આ દેશનો માલ ત્રણ રસ્તે યૂરોપ જતો હતો. એક માર્ગ—પશ્ચિમ કિનારે થઈ ઇરાનના અખાતમાં આવી બસરે આવતો અને ત્યાંથી ટૈગ્રિસ નદીમાં થઇ બગદાદ જતો અને ત્યાંથી જમીનપર થઇ ભૂમધ્ય સમુદ્રને કિનારે જઈ વેનિસ અને ઇટાલી દેશમાં જતો. બીજો માર્ગ—બગદાદની ઉપલીમેર ટૈગ્રિસ નદીમાં જઇને પછી ફંટાતો અને ત્યાંથી કાળા સમુદ્રમાં જઈ ત્યાંથી આગળ ગ્રીસ દેશની પ્રદક્ષિણા કરી ઉપર કહેલા રસ્તા જોડે મળી ઇટાલી જતો. આ બંને રસ્તાની વચ્ચોવચ્ચ બગદાદ મોટું અને અગત્યનું શહેર હતું. ત્રીજો રસ્તો—સમુદ્રપર થઈ એડન આવી ત્યાંથી ખુશ્કીને રસ્તે રેતીનાં મેદાનમાં થઈ નીલ નદીને જઈ મળતો અને ત્યાંથી

આગળ ફેરો અને અલેક્ઝાંડ્રિઆમાં જઈ ત્યાંથી દરિયાપર થઈ ઈટાલી જતો. યૂરોપમાં તુર્ક લોકો આવ્યા પછી એ માર્ગે વેપાર ચાલવામાં હરકત પડવા માંડી; પછી પોર્ટુગીઝ લોકોને હિંદમાં આવવાને કેપ ઑવ્ ગુડ હોપનો માર્ગ હાથ લાગ્યાથી ઉપલો માર્ગ બંધ પડયો. પહેલાં એ માર્ગ ચાલતો હતો તેવારે ભૂમધ્ય સમુદ્રપરનાં બંદરો જોડે આ દેશનો વેપાર ચાલતો હતો અને સુએઝની નહેર ચાલુ થયા પછી તેવોજ વેપાર પાછો ચાલવા માંડયો અને આ દેશ જોડે યૂરોપી દેશોનો પ્રત્યક્ષ વહેવાર ચાલુ થયો. આ પ્રત્યક્ષ વેપાર ચાલુ થયા પછી ઈંગ્લાંડનીમાર્ફત પહેલાં જે વેપાર ચાલતો હતો તે ઓછો થઇ ગયો છે. એ નહેર થયા પછી માલ જવાના માર્ગમાં ફેરફાર થયો છે, વેપારના પ્રકારમાં ઝાઝો ફેર થયો નથી.

સુએઝની નહેરમાં થઇ એકંદર માલમાંનો કેટલો માલ જાય છે તે દેખાડવાને સેંકડાના પ્રમાણના આંકડા હેઠળ આપ્યા છે.

સને ૧૮૭૫–૭૬..................૫૪.૨૩

સને ૧૮૮૧–૮૨..................૬૧.૩૯

સને ૧૮૯૧–૯૨..................૮૬.૯૧

સને ૧૮૯૩–૯૪..................૭૦.૫૭

એ પરથી એકંદર વેપાર પૈકી પોણાગણા કરતાં વધારે વેપાર એ માર્ગે ચાલે છે એવું જણાય છે.

યૂનૈટેડ કિંગ્ડમ.—ઉપલા કોષ્ટકમાં મહત્વના સંબંધ-

માં મુખ્ય સ્થાન ઈંગ્લાંડનું છે. સને ૧૮૯૩–૯૪ માં આ દેશમાં કુલે જેટલો માલ આવ્યો તેમાંનો સોમાં સત્તર ભાગ ઈંગ્લાંડથી આવ્યો અને ગયેલા માલમાંનો ૩૨ ટકા માલ એજ દેશમાં ગયો. જે પ્રમાણમાં એકંદર વેપારનો વધારો થયો તે પ્રમાણમાં આ દેશ જોડે ચાલતા વેપારમાં વધારો થયો નથી. એમ થવાનાં ઘણાં કારણો છે. ઈંગ્લાંડ જોડે આ દેશનો નિકટ સંબંધ હોવાથી, પહેલાં નૌકાગમન સંબંધી જે કાયદો હતો તેને લીધે અને ઇસ્ટ ઇંડિઆ કંપની બીજા દેશોને આ દેશ જોડે વેપાર કરવામાં અડચણ કરતી હતી તેથી સુએઝની નહેર થતાં લગી આ દેશનો માલ યૂરોપના બીજા દેશોને ઈંગ્લાંડની માર્ફતજ મળતો. તે વખતે કેપ ઑવ્ ગુડ હોપને રસ્તે વેપાર ચાલતો હતો, તેથી યૂરોપ જોડે ઈંગ્લાંડની માર્ફત વેપાર ચાલે એ એક રીતે જોતાં શિરસ્તા પ્રમાણે હતું. તે નહેર થયા પછી વેપારની દિશા બદલાઇ, અને પહેલાંને રસ્તે વેપાર પાછો ચાલવા માંડ્યો.

ઇંગ્લાંડ જોડે ચાલતો વેપાર ગયાં વીસ વરસમાં કેટલો વધ્યો છે તે નીચેના આંકડાપરથી જણાશે. એ આંકડા કરોડ રૂપિઆના છે.

	૧૮૭૧–૭૨	૧૮૮૧–૮૨	૧૮૯૧–૯૨	૧૮૯૩–૯૪
આયાત માલ.	૩૨	૩૮	૪૮	૫૨
નિકાશ માલ..	૩૩	૩૪	૩૬	૩૪

હિંદને કાપડ, ધાતુ, યંત્રો, ખનિજ કોયલા, વગેરે જે માલનો ખપ પડેછે તે પૂરો પાડવાની શક્તિ ઈંગ્લાંડનીજ છે, તે માલ પૂરો પાડવાનું સામર્થ્ય બીજા દેશોમાં નથી;

એ પ્રમાણે ચાલે ત્યાં લગી આયાત માલના સંબંધમાં ઇંગ્લાંડનો નંબર ઉપર રહે એ સ્વાભાવિક છે. હમણા યૂરેપના બીજા દેશોએ પણ એ માલ પૂરો પાડવાનો થોડો પ્રયત્ન કરવા માંડ્યો છે, તથાપિ એવા કામમાં ઇંગ્લાંડ જોડે પ્રતિસ્પર્દ્ધા કરવા લાયક દેશ માત્ર હિંદુસ્તાન છે. આ દેશમાં વેપારને ઉપયોગી પુષ્કળ ખનિજ અને ઉદ્‌ભિજ પદાર્થો છે, અને તેઓનો ઉપયોગ કરવાપર વધારે લક્ષ અપાતું જાયછે. ખનિજ કોયલા અને લોઢું કહાડવાનાં કારખાનાં વધતાં જાયછે, સૂતરાઉ અને ઊનના દોરા કાંતવાનાં અને લુગડાં વણવાનાં કારખાનાં પુષ્કળ થયાં છે; એ પ્રમાણે ચઢતી કળા થવા માંડી છે.

વિલાયતથી આ દેશમાં માલ આવેછે અને અહીંથી ત્યાં જાયછે તેમાંની કેટલીક મહત્વની વસ્તુઓનાં નામ અહીં આપીએ છીએ. ૧૮૯૩–૯૪ માં માલ આવ્યો તેની કીમત કૌંસમાં આપી છે. એ આંકડા હજાર રૂપિઆના છે.

આયાત.—કોરૂં કાપડ (૧૫૯૩૨૯), ધોયલું કાપડ (૫૪૦૪૧), રંગિત કાપડ (૬૬૨૪૩), સૂતર (૩૦૧૪૫), ઊનનું કાપડ (૧૦૧૦૧), દારૂ (૮૯૮૧), હાર્ડવેર–ચપ્પુ, કાતર, વગેરે ધાતુનો સામાન (૯૯૦૭), યંત્રો વગેરે (૨૪૭૫૦),રેશમી કાપડ (૫૮૭૫), તાંબાનાં પત્રાં (૧૫૪૬૮), અને ખનિજ કોયલા (૯૪૧૬).

એ સિવાય મીઠું, પોશાકનો સામાન, વગેરે માલ આવેછે.

નિકાશ.—રૂ (૧૩૦૨૭), ગહૂં (૨૫૬૩૨), તેલિયાં બીઆં (૩૬૨૦૧), ચોખા (૧૮૪૯૯), ચા (૬૧૧૪૪), જૂટ

(૫૫૬૫૦), ગળી (૧૫૭૬૦), ચામડાં (૫૩૮૪) દેશી ઊન (૧૦૪૩૬), પરદેશી ઊન (૬૧૦૬), કાફી (૯૯૫૮), અને સૂરોખાર (૧૩૦૮). હમણા કલકત્તેથી જૂટનો અહીં બનેલો માલ પણ ત્યાં જવા માંડ્યો છે. સને ૧૮૯૩–૯૪ માં ૫૯૬૨, હજાર રૂપિઆનો માલ ગયો હતો.

ગયાં દશ વર્ષનું પ્રમાણ જોતાં આયાત માલ પૈકી કોરાં કાપડનું અને સૂતરનું પ્રમાણ થોડુંક ઘટ્યું છે, અને બાકીના માલમાં કહેવા જોગ ફેર પડ્યો નથી. નિકાશ માલમાં રૂ બહુજ ઓછું જાયછે. ચોખા અને ગળી કાંઈક ઓછાં જાયછે. બાકીની વસ્તુઓમાં વધારો છે. રૂ ઓછું જવાનું કારણ એ છે કે જાડું કાપડ આ દેશમાં બનવા માંડ્યું છે, અને તે કાપડ વિલાયતમાં બનતું નથી; આ દેશમાંથી રૂ જતું તે પણ જાડા કાપડને ઉપયોગી થાય એવુંજ જતું હતું તેથી જાડું કાપડ બનતું બંધ પડ્યાથી રૂ પણ જતું બંધ થયું. હવે તે રૂ ત્યાં ન જતાં અહીંનાં કારખાનાંમાંજ ખપેછે. યૂરોપના બીજા દેશોમાં રૂ વિલાયતની માર્ફત જતું હતું તે હવે બહારો બહાર જવા માંડ્યું છે એ પણ તે વિલાયતમાં ઓછું જવાનું એક કારણ છે.

ઇટાલી.—આ દેશ જોડે જે જણસોનો વેપાર ચાલેછે તેઓમાંની મુખ્ય અહીં જણાવીએ છીએ. સને ૧૮૯૩–૯૪ માં ચાલેલો વેપાર દર્શાવવાને માલની કીમતના આંકડા માલનાં નામની આગળ આપ્યા છે. એ આંકડા હજારના છે.

આયાત.—પરવાળાં (૧૫૯૩), ધોળું ધોયલું કાપડ,

રંગિત કાપડ, કાચનાં મણી, રેશમી કાપડ, પોશાકની જણસો, આરસ, ઘડીઆલ, વગેરે.

નિકાશ.—રૂ (૧૮૧૮૬), ગહૂં (૨૦૩૧), તેલિયાં બીઆં (૫૭૭૪), રેશમ (૮૭૮), તાગ (૨૬૪૪), ગળી (૯૫૩), ચામડાં (૩૩૫૬), વગેરે.

છેલ્લાં દશ વર્ષમાં પરવાળાં અને રેશમી કાપડની આયાતનું પ્રમાણ ઓછું થયું છે; ધોળું ધોયલું કાપડ, પોશાકનો સામાન, અને આરસ પહેલાંનાં જેટલાંજ આવેછે; રંગિત કાપડ, કાચનાં મણી, અને ઘડીઆળ પહેલાં કરતાં વધારે આવે છે.

નિકાશમાં રૂ, ગળી, અને ચામડાં અગાઉનાં જેટલાંજ જાયછે; તેલી બીઆં, ગહૂં, અને તાગ વધારે જાયછે; રેશમ થોડું જાયછે.

ઈટાલીથી જે માલ આવેછે તેમાં યૂરોપી લોકોના ઉપયોગનોજ માલ વધારે આવે છે. તે બધો માલ તે દેશમાં બનેલો આવતો નથી, તેમાંનો કેટલોક જર્મનીના દક્ષિણ ભાગમાંથી પણ આવે છે. હિંદ જોડે તે દેશનો વેપાર ઝાઝો વધ્યો નથી, કારણ કે ત્યાંથી આવતો માલ રોજના ખપનો ન હોવાથી પૈસાની છત અથવા અછતના પ્રમાણમાં તેનું વેચાણ થાયછે, અને આવતા અને જતા માલપર તે દેશમાં દસ્તૂરી લેવામાં આવેછે.

ફ્રાન્સ.—આયાત—પોશાકનો સામાન (૨૩૯૭), રેશમી કાપડ (૧૩૨૩), ગર્ભ સૂતરાઉ કાપડ (૧૭૮૨), બ્રાંડી અને

બીજો દારૂ (૧૫૦૭), ઘડીઆલો, કેશર, કાચનાં મણી, રંગિત કાપડ, અને બીજો પરચૂરણ સામાન.

નિકાશ.—રૂ (૧૩૪૭૧), ગહૂં (૮૫૬૫), ગળી (૩૯૨૫), તેલિયાં બીઆં (૫૮૫૪૧), કાફી (૭૩૧૮), રેશમ (૨૩૪૭), ચામડાં (૧૭૭૫), મરી, વગેરે.

(એ માલની કીમતના આંકડા હજાર રૂપિઆના અને ૧૮૯૩–૯૪ ના છે.)

ગયાં દશ વરસમાં આયાત માલમાં પોશાકના સામાનમાં અને ગર્ભે સૂતરાઉ કાપડમાં પુષ્કળ વધારો થયો છે; બાકીના માલમાં ઝાઝી વધઘટ થઇ નથી. નિકાશમાં તેલિયાં બીઆં, રેશમ, અને ગળીના સંબંધમાં વધારો છે, અને બાકીના માલમાં કાંઈ વધઘટ થઇ નથી.

એ દેશમાંથી જે માલ આવે છે તે બહુધા યૂરોપી લોકોના ઉપયોગનોજ આવે છે નિકાશ કરતાં આયાત ઓછી જણાય છે, પરંતુ ખરૂં જોતાં તેમ નથી. એ દેશમાંથી બહારો બહાર માલ આવે છે તે સિવાય પુષ્કળ માલ ઈંગ્લાંડ જઈને ત્યાંથી આ દેશમાં રવાના થાય છે. એ દેશમાંથી ઘડીઆલો આવેછે તેઓ સ્વિટ્ઝર્લાંડનાં હોય છે.

જર્મની.—આયાત—ઊનનું કાપડ અને ઊનનો બીજો માલ (૨૪૪૭), મીઠું (૯૫૯) શાકર (૨૭૬૧), ચપ્પુ, કાતર, વગેરે ધાતુનો સામાન (૧૩૯૨), દીવાસળીની પેટીઓ (૫૦૫), કાચનો સામાન (૮૦૩), દારૂ (૨૯૯), પોશાકનો સામાન (૮૦૭), આનીલૈન રંગ (૪૫૦), પોલાદ (૫૫૯), લોઢું (૭૧૬), સૂતરાઉ કાપડ (૬૫૭), અને બીજો માલ.

નિકાશ.—રૂ (૨૮૬૬૦), તાગ (૧૧૬૪૨), તેલિયાં બી-આં (૧૫૫૭૩), ચામડાં (૬૮૦૪), ગળી (૪૭૫૨), ચોખા (૧૭૮૦), ગહૂં (૧૫૨), વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના અને ૧૮૯૩–૯૪ ના છે.)

ઊનનું કાપડ અને દીવાસળીની પેટીઓ પહેલાંના જેટલીજ આવેછે; બાકીની જણસોમાં વધારો છે. માત્ર દારૂ કાંઈક ઓછો આવેછે.

ચોખા અને રૂ દશ વર્ષની પહેલાં જતાં હતાં તેના કરતાં ઓછાં જાયછે. બાકીના માલમાં વધારો છે, ગહૂં અને તેલિયાં બીઆં વધારે જાયછે, પરંતુ તેમનો વેપાર હમેશ એકસરખો ચાલતો નથી, વધતો ઓછો થાયછે.

એ દેશમાંથી માલ આવે છે તેમાં હલકો અને વિલાયતના માલ જેવો નકલી માલ વધારે આવેછે. ટ્રીએસ્ટ, વેનિસ, અને આન્ટવર્પનાં બંદરેથી તથા વિલાયતની માર્ફત વેપાર ચાલેછે.

હૉલંડ.—એ દેશમાંથી માલ આવે છે તે બધો એ દેશનોજ હોતો નથી. જર્મની વગેરે દેશોનો માલ હૉલંડ દેશના બંદરમાં થઈને આ દેશમાં આવે છે.

આયાત.—રંગિત સુતરાઉ કાપડ, રંગિત ઊનનું કાપડ, મીણબત્તી, તમાકુ, દારૂ, રમકડાં, રંગ, વગેરે.

નિકાશ.—ગહૂં, અળશી, અને રાઈ.

ઑસ્ટ્રિઆ.—આયાત—સૂતર (૫૬૯), પોશાકનો સામાન અને ઝીણું કાપડ (૯૮૨), હાર્ડવેર (૫૫૬), કાગળ

(૧૨૯૪), સ્ટેશનરીનો સામાન, કાચનાં મણી, કાચનો સામાન, ગર્ભ સૂતરાઉ કાપડ, આનીલૈન રંગ, વગેરે.

નિકાશ—રૂ (૧૭૩૯૯), ગળી (૪૨૨૩), તાગ (૩૧૬૪) ચામડાં (૧૪૮૮), વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના અને ૧૮૯૩-૯૪ ના છે.)

એ દેશની આયાત બહુ ઝપાટાબંધ વધતી જાય છે; ગયાં પાંચ વરસમાંજ તેનો બમણો વધારો થયો છે. સૂતર આવતું માત્ર ઓછું થયું છે. દશ વર્ષ પહેલાં એ દેશમાંથી આવતા માલમાં કાગળ અને સૂતર માત્ર મહત્વની જણસો હતી. બીજી જણસો હમણાજ આવવા માંડી છે.

જર્મનીની પેઠેજ એ દેશમાંથી પણ સોંઘો અને નકલી માલ આવે છે અને તેનો વધારો છે. આયાત માલમાં જેવો વધારો છે તેવો નિકાશ માલમાં થયો નથી.

ઑસ્ટ્રો-હંગેરિઅન કંપનીની આગબોટો તે દેશમાંથી આ દેશમાં પરભારી આવવા માંડ્યાથી વેપાર વધતો જાયછે.

બેલ્જિયમ—આયાત—લોઢું અને લોઢાનો સામાન (૬૩૩૪), પોલાદ (૨૭૭૭), મીણબત્તી (૪૩૭), હાર્ડવેર-ચપ્પુ, કાતર, વગેરે ધાતુનો સામાન (૮૧૪), કાચ અને કાચનો સામાન (૧૩૭૫), આનીલૈન રંગ (૩૨૬૦), તાંબુ (૮૪૬), દીવાસળીની પેટીઓ (૪૧૧), માટીની વસ્તુઓ (૫૨૦), સૂતર, વગેરે.

નિકાશ—રૂ (૨૨૭૯૨), ગહૂં (૫૮૯૩), તેલિયાં બીઆં

(૨૫૧૧૧). (એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

પહેલાં સ્ટેશનરીનો સામાન, સૂતર અને કાચ માત્ર વધારે આવતાં. સને ૧૮૮૩–૮૪ થી બીજો માલ આવવા માંડયો અને તેનો વધારો પણ ઠીક થયો છે. સૂતર અને સ્ટેશનરી આવતી બહુધા બંધ થઈ છે. નિકાશમાં રૂ અને ગહૂં હમેશ એકસરખાં જતાં નથી. તેલિયાં બીઆંમાં માત્ર વધારો છે. એકંદરે આયાત માલમાં વધારો છે તેવો નિકાશ માલમાં વધારો નથી.

એ દેશમાં અપ્રતિબંધક વેપારનાં મૂળતત્વો ચાલે છે, અને લોકો હોશિયાર અને ઉદ્યોગી છે, તેથી હિંદ જોડે એ દેશનો વેપાર વધવામાં સુગમતા મળે છે. આન્ટવર્પ બંદર તે દેશને અને યૂરોપના ઉત્તર ભાગને માલ પૂરો પાડવાનું બહુ સગવડ ભરેલું સ્થળ છે.

રૂશિઆ.—અહીંથી જે માલ આવે છે તેમાં મહત્વનો માલ એશિઆઈ રૂશિઆમાંથી કેરોસીન તેલ આવે છે તે છે. એ તેલ પહેલ વહેલું સને ૧૮૮૫–૮૬ માં આવવા માંડયું. તે વરસમાં એ તેલ ૬૭૦ હજાર રૂપિઆનું ૧૫૭૭ હજાર ગાલન આવ્યું હતું. એમાં વધારો થતો જઈ સને ૧૮૯૧–૯૨ માં ૧૧૨૯૧ હજાર અને સને ૧૮૯૩–૯૪માં ૧૨૬૨૫ હજાર રૂપિઆનું તેલ આવ્યું હતું.

કાળા સમુદ્રમાં થઇ યૂરોપી રૂશિઆમાં રૂ (૪૯૮૩), શણી (૫૯૧), અને તેલિયાં બીઆં, ચોખા, વગેરે જાય છે. આયાત અને નિકાશમાં ગયાં પાંચ વરસમાં વધારો થયોછે.

(એ આંકડા માલની કીમતના હોઇ હજાર રૂપિઆના સને ૧૮૯૩-૯૪ ના છે).

યૂનૅટેડ સ્ટેટો.—આયાત-કોરૂં કાપડ (૫૪૫), કેરોસીન તેલ (૧૮૩૧૮), તમાકુ (૩૯૮), ઘડીઆલો (૧૮૪), વગેરે.

નિકાશ—તાગ (૫૬૭૬), અળશી (૮૩૩), ગળી (૪૩૭૭), આળાં ચામડાં (૫૪૮૪), કમાવેલાં ચામડાં (૪૫૩૮), ચાપડા લાખ (૨૦૫૭), ટાટના કોથળા (૩૧૧૪), ગુણપાટ (૪૦૩૬), કાથો (૮૫૬), ચા (૭૦), સૂરોખાર (૬૫૪), વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩-૯૪ ના છે.)

ગયાં દશ વરસમાં કેરોસીન તેલની આયાતમાં ઘણો વધારો થયો છે. કોરા કાપડનો વેપાર એકસરખો ચાલતો નથી. નિકાશમાં તાગ, લાખ, સૂરોખાર તથા આળાં અને કમાવેલાં ચામડાંનો વેપાર પહેલાંના જેટલોજ છે. કમાવેલાં ચામડાં, ટાટના કોથળા અને ગુણપાટ, અને ચામાં વધારો છે. અળશીની નિકાશ બહુજ ઓછી થઇ છે અને તેમ થવાનું કારણ એ છે કે તે દેશમાં સરકારે સગવડ કરી આપી તેનો પાક કરવાને ઉત્તેજન આપ્યું છે.

સને ૧૮૭૫-૭૬ માં કેરોસીન તેલ ૫૩૬ હજાર ગાલન આવ્યું હતું; સને ૧૮૯૩-૯૪ માં ૪૯૨૨૬ હજાર ગાલન આવ્યું હતું; એ પરથી એ વેપાર કેટલો વધ્યો છે તેનો ખ્યાલ મનમાં આવશે. હિંદમાં અને બ્રહ્મદેશમાં એ તેલ નીકળે

છે, પરંતુ તે કહાડવાનો ઉદ્યોગ ઝાઝો થયો નથી; પણ હવે તે તરફ લક્ષ ગયું છે.

આ દેશનો યૂનૈટેડ સ્ટેટો જોડે બહારોબહાર વેપાર ચાલે છે. માલ ન્યૂયૉર્ક મોકલવા માટે વહાણોમાં લિવર્પૂલ અને ગ્લાસગો જાય છે અને ત્યાંથી બીજાં વહાણોમાં ભરાઈ અમેરિકા જાય છે. એમ તે દેશ જોડે પરભાર્યો વેપાર ચાલવાથી નિકાશનો વધારો થયો છે.

અરબસ્તાન—આયાત—ખજૂર, મોતી, મીઠું, માછલાં, વગેરે.

નિકાશઃ—પરદેશી કાપડ (૧૪૫૯), દેશી કાપડ (૫૪૦), પરદેશી સૂતર (૮૧), દેશી સૂતર (૧૮૧), પરદેશી શાકર (૪૫૯), પરદેશી કાફી, દેશી કાફી (૩૫૩), ચોખા (૩૬૦૧), ગહું (૩૪૭), ગહૂંનો લોટ, જુવાર, દેશી શાકર, વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઇ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

એ દેશમાં હિંદમાંથી કાફી જાય એ પ્રથમ જોતાંવારને અજાયબ જેવું ભાસે છે, કારણ કે ત્યાં કાફી પુષ્કળ પાકે છે અને ત્યાંથીજ બીજા દેશોમાં પુષ્કળ જાય છે. અહીંની કાફી જાય છે તે ત્યાંના ઊંચા માલમાં ભેગ કરવા માટે તમા તે દેશમાંનો સારો માલ ગયાથી ખૂટકો પડે છે તે પૂરો પાડવા માટે જાય છે.

એડન—એ બંદર તેની આસપાસના ભાગો જોડે ચાલતા વેપારનું મથક છે.

સને ૧૮૮૫–૮૬ થી એક ઇટાલિઅન કંપની એડન-

માં મીઠું બનાવી હિંદમાં મોકલે છે.

આયાત:—મીઠું (૭૯૦), હાથીદાંત, કાફી, વગેરે.

નિકાશ:—યૂરોપી કાપડ (૯૨૩), દેશી કાપડ (૧૭૫૭), દેશી સૂતર (૬૮૪), ચોખા (૧૨૧૭), જુવાર, ગહૂંનો લોટ, તમાકુ, સૂંઠ, ગહૂં, પરદેશી શાકર, વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના અને ૧૮૯૩–૯૪ ના છે).

ગયાં દશ વરસનું પ્રમાણુ જોતાં આયાતમાં હાથીદાંત ઓછો આવે છે, અને કાફી તથા મીઠું વધારે આવે છે. નિકાશમાં કાપડ, ચોખા, તમાકુ, અને સૂંઠ પહેલાંનાં જેટલાંજ જાય છે, અને ગહૂં તથા દેશી સૂતર થોડાં જાય છે. જુવારનો વેપાર ઓછો વત્તો ચાલે છે. ગહૂંનો લોટ વધારે જવા માંડયો છે.

એશિઆઇ તુર્કસ્તાન—એ દેશનો વેપાર મુખ્યત્વે બસોરા બંદર જોડે ચાલે છે. આયાતમાં મુખ્ય ખજૂર અને ઘોડા છે. એનાથી ઉતરતા ગહૂં, ઘી, ધાન્ય, વગેરે આવેછે. સને ૧૮૯૩–૯૪ માં ૧૦૮૪ હજાર રૂપિઆના ઘોડા આવ્યા હતા. એ દેશમાં માલ જાય છે તેમાંની મુખ્ય જણસોનાં નામ તથા સને ૧૮૯૩–૯૪ માં કેટલી કીમતનો માલ ગયો તે પણ આપીએ છીએ. કીમતના આંકડા જુદી જુદી જણસોની પછી આપેલા હોઇ હજાર રૂપિઆના છે.

નિકાશ:—પરદેશી કાપડ (૧૦૧૭), પરદેશી શાકર (૪૩૭), કાફી (૫૬૮), ગળી (૧૧૦૧), ટાટના કોથળા (૧૦૧૯), અને દેશી સૂતર (૨૭૯).

એ સિવાય દેશી કાપડ, મરી, ચા, વગેરે જાય છે. ટાટના કોથળાનો વેપાર વધ્યો છે. ચા અને સૂતર પણ પહેલાં કરતાં વધારે જવા માંડયાં છે. શાકર, કાફી, ગળી, વગેરેનું પ્રમાણ ઓછું છે. દેશી અને પરદેશી કાપડ તથા મરી પહેલાંનાં જેટલાંજ જાય છે.

ઇરાન—આયાતઃ–રૂ, મોતી, ખજૂર, ફળ, ઊન, સુગંધીદાર પદાર્થો, હીંગ, અને રેશમનો વેપાર વધ્યો નથી. સને ૧૮૯૩–૯૪માં ૩૪૫ હજાર રૂપિઆના ઘોડા આવ્યા હતા.

નિકાશઃ—પરદેશી સૂતરાઉ કાપડ (૫૬૮૪), દેશી કાપડ (૨૫૨), પરદેશી સૂતર (૩૫૧), દેશી સૂતર (૨૧૧), ગળી (૧૪૧૦), દેશી ચા (૧૫૯૧), પરદેશી ચા (૩૨૧૬), પરદેશી શાકર (૧૩૦૧), દેશી કાફી (૩૬૧), અને ચોખા (૧૦૩૨). એ સિવાય પરદેશી તાંબું, મરી, વગેરે જાય છે. એ વેપાર સાધારણ રીતે વધ્યો છે. (એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

એ દેશમાંથી જે માલ આવે છે તેમાં મોતી અને ખજૂર મહત્વનાં છે. એ દેશમાંથી રૂ આવે છે તે અહીંનું રૂ મોઘું થવાથી મુંબાઈનાં કારખાનાં માટે મંગાવવામાં આવે છે. હિંદમાંથી જે માલ જાય છે તેમાં ચોખા અને ગળી મહત્વનાં છે. અહીંનું સૂતર અને કાપડ ત્યાં ઝાઝું ખપતું નથી.

એ દેશમાંથી ચીનમાં અફીણ જાયછે તે મુંબાઈ બંદરમાં આવી પી. અને ઓ. કંપનીની આગબોટમાં આગળ જાયછે.

ચીન.—ચીન જોડે મુખ્યત્વે અફીણનોજ વેપાર ચાલે છે. તે દેશમાંથી આ દેશમાં અહીંથી જતા માલની કીમ-

તનો માલ આવતો નથી. ચીન દેશની અને આ દેશની જે બાકી રહેછે તેના બદલામાં ચીન દેશ વિલાયત માલ મોકલેછે અને તેણે કરીને આ દેશની બાકીનો નિકાલ થાય છે. સને ૧૮૭૫-૭૬ પછી મુંબાઇથી સૂતર અને રૂ અને કલકત્તેથી ટાટના કોથળા ત્યાં જવા માંડયાં; ત્યારથી માન્ચેસ્ટરનો માલ ત્યાં ઓછો ખપવા માંડયો. એ વેપાર કેટલો વધતો ગયો છે તે નીચલા કોષ્ટકપરથી જણાશે:—

આ આંકડા લાખ રૂપિઆના છે.

	સને ૧૮૭૧-૭૨	૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨
આયાત..........	૧૩૫	૧૫૪	૨૮૭
રેશમ..........	(૫૧)	(૫૧)	(૯૮)
રેશમી કાપડ...	(૨૧)	(૨૨)	(૫૩)
ચા............	(૧૬)	(૧૪)	(૩૫)
નિકાશ..........	૧૩૭૪	૧૩૪૮	૧૩૭૧
રૂ.............	(૧૧૫)	(૯૮)	(૨૬)
કાપડ અને સૂતર	(૫)	(૧૧૪)	(૫૧૬)
અફીણ........	(૧૨૨૭)	(૧૧૦૧)	(૭૮૦)

એ સિવાય બીજો માલ પણ છે. એ આંકડા કેટલીક મહત્વની જણસોના માત્ર છે.

એપરથી હિંદનો એકંદર વેપાર જે પ્રમાણમાં વધ્યો છે તે પ્રમાણમાં એ દેશ જોડે વેપાર વધ્યો નથી એમ દીસે છે. સને ૧૮૯૩-૯૪ માં ટંકશાળ બંધ થવાથી આ દેશનો ચીન જોડે જે વેપાર ચાલતો હતો તેને ધોકો પહોચ્યો.

નવી સ્થિતિને અનુસરી વહેવાર ચાલુ થયા પછી વેપાર પાછો અસલની સ્થિતિમાં આવશે એવું સરકાર ધારેછે.

આ દેશમાંથી સૂતર અને કાપડ ચીન વધારે જવા માંડ્યું છે તેનું કારણ રૂપાનો ભાવ ઉતર્યો છે તે છે એવું કહેછે, પરંતુ તેનું ખરૂં કારણ એ છે કે અહીંનું સૂતર ચીના અને જાપાની લોકોને પસંદ પડેછે. આ દેશનાં કારખાનાંમાં રૂ આવે છે તેનું ઝાઝું ભાડું બેસતું નથી અને તે દેશમાં અહીંનું કાપડ જાયછે તેનું ભાડું પણ ઝાઝું બેસતું નથી તેથી અહીંનો માલ તે દેશમાં વધારે ખપવા માંડ્યો છે.

પહેલાં તમામ વેપાર હોંગકોંગ બંદર જોડેજ ચાલતો હતો. સને ૧૮૭૭–૭૮ થી ટ્રીટી-પોર્ટ્સ (તહનામાનાં બંદરો) જોડે પણ વેપાર ચાલવા માંડ્યો છે.

આયાતઃ—રેશમ, રેશમી કાપડ, શાકર (૫૧૩૩), તાંબું (૩૨૦૦), ચા (૪૭૨૫), સોનું (૯૬૯૩), રૂપું, (૨૩૮૦), કપૂર, ફટાકા, કાચનો સામાન, વગેરે.

નિકાશઃ—અફીણ, દેશી સૂતર, રૂ, અને ટાટના કોથળા.

(એ આંકડા માલની કીમતના હોઇ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

સ્ટ્રેટ્સ સેટલમેન્ટ.—આયાતઃ-કલાઈ (૩૧૫૩), રેશમ (૨૪૬૪), રેશમી કાપડ (૩૭૨,) શાકર (૧૨૩૭), મરી (૨૦૨૦), સોપારી (૨૫૮૭), કપૂર, નાળિએર, ખારાં માછલાં, ચા, જાયફળ, પોશાકનો સામાન, નેતર, રંગિત કાપડ, છત્રીઓ, કાફી, વગેરે.

નિકાશઃ--ચોખા (૧૪૦૩૯), અફીણ (૧૬૧૪૪), ટાટના કોથળા (૪૦૩૬), પરદેશી કાપડ (૨૧૫૮), દેશી કાપડ (૧૯૧૬), દેશી સૂતર (૧૩૪૬), રત્નો, વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩--૯૪ ના છે.)

એ દેશમાંથી રેશમ આવેછે તે બહુધા ચીનાઇ હોય છે અને અફીણ જાયછે તે ઘણું કરીને ચીન અને પૂર્વ ભણીના બીજા દેશો માટે જાયછે. સિંગાપુર બંદર તે બાજૂનો માલ હિંદ મોકલવા માટે ફાવતો દર આવતાં લગી રાખી મૂકવાનું મુખ્ય મથક છે. હમણા લંકાનું કોલંબો બંદર એ બાબતમાં વધારે મહત્વનું થયું છે.

રેશમી કાપડ, નાળિએર, અને ચા અગાઉ કરતાં હમણા ઓછાં આવે છે, અને અફીણ, જેડ અથવા ચરસ, અને દેશી કાપડ થોડાં જાય છે. બાકીની જણસોનો વેપાર ઠીક ચાલે છે.

લંકા (સિલોન)--હિંદનો બીજાં બંદરો જોડે જેવો વેપાર ચાલેછે તેવોજ લંકા બેટ જોડે ચાલે છે. મદ્રાસ ઈલાકાના દક્ષિણ ભણીનાં બંદરોનો એ બેટ જોડે એકસરખો વેપાર ચાલેછે. તે ઇલાકામાંથી સિલોનમાં કાફી વગેરે ઉગાડવાના કામ માટે લોકો મજૂરીએ જાય છે અને તે લોકોના ગુજરાન માટે ત્યાં પુષ્કળ ચોખા જાય છે. તે બેટમાં ચા, કાફી, અને મસાલાનો સામાન ઉગાડવાથી લોકોને ફાયદો થાયછે, તેથી તે પાક તેઓ કરેછે અને ધાન્ય વગેરે પરદેશથી મંગાવે છે. બાગો પુષ્કળ હોવાથી ખાતર માટે

ખોળ પુષ્કળ જાય છે. ઉપર કહ્યા પ્રમાણે કોલંબો બંદર પૂર્વ અને પશ્ચિમ ભણીના દેશોનો માલ હિંદમાં ભાવ આવતાં લગી રાખી મૂકવાનું સ્થળ થયું છે.

આયાતઃ—સોપારી (૧૭૧૨), કાફી, ચા, મોતીની છીપ, નાળિએર, ટાટના કોથળા, એળચી, લાકડાં, કોપરેલ, દોરડાં વગેરે કાથાનો સામાન, ખારાં માછલાં, વગેરે.

નિકાશઃ—પરદેશી સૂતરાઉ માલ (૫૯૮), દેશી સૂતરાઉ માલ (૧૮૨૬), ચોખા (૧૯૪૭૧), ડાંગર, ખોળ, ગહૂંનો લોટ, શાકર, જનાવરો, વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઇ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

આયાતમાં કાફી અને લાકડાં ઓછાં આવે છે અને નિકાશમાં જનાવરો ઓછાં જાય છે. બાકીનો આયાત અને નિકાશ વેપાર ઠીક ચાલે છે.

જાપાન.—આયાતઃ—રમકડાં, રેશમ, રેશમી કાપડ, પોશાકનો સામાન, ખનિજ કોયલા, વગેરે.

નિકાશમાં સૂતર (૨૨૧૯), રૂ (૧૦૯૩૮), અને ટાટના કોથળા મહત્વનાં છે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

એ દેશનો માલ પહેલાં ચીનનાં બંદરોમાં થઇને આવતો હતો; હમણા તે દેશ જોડે આગબોટોવડે પરભાર્યો વહેવાર ટાટા કંપનીની મહેનતથી શરૂ થયો છે. એ કંપનીની પ્રતિસ્પર્દ્ધી પેનિનસ્યુલર કંપની છે; તેની જોડે સ્પર્દ્ધા

કરવામાં ટાટા કંપની ટકી રહેશે તો જાપાન જોડે હિંદનો વેપાર ઘણો વધશે.

જાપાનમાં કારખાનાં થયાથી અહીંથી સૂતર અને કાપડ ત્યાં બહુ થોડું જાય છે. હવે પછી ત્યાંનું કાપડ ચીન વગેરે દેશોમાં ખપવા માંડયાથી આ દેશના માલની ત્યા ખપત થવામાં અડચણ પડશે એવી ધાસ્તી છે. હમણા તૈયાર માલના બદલામાં હિંદમાંથી પુષ્કળ રૂ જાપાન જવા માંડયું છે.

આસ્ટ્રેલિઆ.—આયાતઃ—ઘોડા (૧૪૨૩), તાંબું (૫૦૬), ખનિજ કોયલા, વગેરે.

નિકાશઃ—ટાટના કોથળા (૬૩૧૬), એરંડીઉં (૫૭૨), ચા, ચોખા, વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઇ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

હિંદ જોડે એ દેશનો વેપાર બહુ વધશે, એવું કેટલાક વખતપર લાગતું હતું, પરંતુ તેવું કાંઈ થયું નથી. આ દેશમાં વિશેષ પ્રકારની કારીગરીનો માલ તૈયાર થયા સિવાય તથા આયાત અને નિકાશપર તે દેશમાં જકાત લેવામાં આવે છે તે બંધ થયા વિના વેપાર વધવાની આશા થોડી છે.

મોરિશિયસ.—એ બેટમાંથી મુખ્યત્વે ખાંડ અને ગોળ આવે છે.

સને ૧૮૯૩–૯૪ માં ૧૭૩૨૧ હજાર રૂપિઆની ખાંડ આવી હતી.

નિકાશઃ--ચોખા (૬૮૩૦), ચણા અને તુવર વગેરેની દાળ, તેલ, ખોળ, સૂરોખાર, ટાટના કોથળા, ગહૂંનો લોટ, વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઇ હજાર રૂપિઆના સને ૧૮૯૩-૯૪ ના છે.)

નિકાશમાં મુખ્ય ચોખાજ છે. એ બેટ જોડે એકસરખો વેપાર ચાલતો નથી; તે મુખ્યત્વે એકજ વસ્તુનો હોવાથી તેમાં વારેવારે ખોટ જાય છે. એ બેટમાંથી અહીં વધારે ખાંડ આવવા માંડી તે અહીં તેનો ખપ વધવાથી આવવા માંડી એમ નહિ, પણ યૂરોપમાં ખાંડ બનવા માંડયાથી તે બેટની ખાંડનો ખપ ત્યાં ઓછો થયો, તેથી તેની કોઈ પણ ઠેકાણે ખપત થવી જોઇએ માટે આ દેશમાં આવવા માંડી.

મોઝાંબિકમાંથી મુખ્યત્વે હાથીદાંતજ આવે છે અને પરદેશથી આવેલું કાપડ ત્યાં જાય છે.

ઝાંઝીબાર.--આયાતઃ--લવિંગ (૧૫૦૮), હાથીદાંત, કોપરૂં, વગેરે.

નિકાશઃ—પરદેશી કાપડ (૨૩૯૨), દેશી કાપડ (૨૦૭૦), ચોખા (૧૧૦૨), પરદેશી ખાંડ, ગહૂંનો લોટ, ઘી, વગેરે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩-૯૪ ના છે.)

પરદેશી કાપડ અને ખાંડ પહેલાં કરતાં હમણા ઓછાં જાય છે; બાકીનો વેપાર ઠીક ચાલે છે.

કેપ ઑાવ્ ગુડ હોપ.—એ દેશ જોડે હિંદનો વેપાર બહુ થોડો ચાલે છે. આયાતમાં લોઢું અને તાંબું મહત્વનાં છે. નિકાશમાં ચોખા (૫૪૯), ટાટના કોથળા (૧૪૦૯), અને સાગ મુખ્ય છે.

(એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

મિસર.—આયાતઃ—પોશાકનો સામાન, તમાકુનો બનેલો માલ, રૂ, વગેરે.

નિકાશઃ—ચોખા (૧૮૯૨૪), ગહૂં (૭૨૫૦), તેલિયાં બીઆં, ગળી (૩૩૬૩), ખાંડ, વગેરે. (એ આંકડા માલની કીમતના હોઈ હજાર રૂપિઆના સને ૧૮૯૩–૯૪ ના છે.)

એ દેશમાં પુષ્કળ માલ જાય છે તે માત્ર નામનો તે દેશમાં જાય છે; ખરૂં જોતાં તે યૂરોપના દેશો માટેજ જાય છે. એમ થવાનું કારણ એ છે કે ચોખા અને ગહૂં ત્યાં જાય છે તે પહેલેથી માગણી થવાથી ત્યાં મોકલવામાં આવતા નથી; તે મિસર ગયા પછી માગણી થાય તે પ્રમાણે ક્યાં મોકલવા તે નક્કી થાય છે. એ દેશના ઉપયોગ સારૂ ટાટના કોથળા અને ગળી જાય છે.

આયાત અને નિકાશ વેપાર.—હવે જે માલનો વેપાર ચાલે છે તેનો વિચાર કરીએ. સરકારે એ માલના સાત વર્ગ કર્યા છે, (૧) જીવતાં પ્રાણી (જનાવરો), (૨) ખાવાના પદાર્થો, (૩) ધાતુ અને ધાતુની વસ્તુઓ, (૪) રસાયની પદાર્થો, ઓસડો, કેફી પદાર્થો અને રંગની જણસો, (૫)

તલ, (૬) કાચો માલ, અને (૭) પૂરેપૂરા અને થોડા તૈયાર કરેલા પદાર્થો. વેપારની સઘળી જણસોનાં નામ અહીં આપી શકાય તેમ નથી. કેટલીક મહત્વની જણસોનાં નામ અને તેમની કીમત માત્ર અહીં આપીએ છીએ. વેપારમાં દરેક જણસનો કેટલો વધારો થયો છે તે દર્શાવવા માટે સને ૧૮૭૫-૭૬, ૧૮૮૧-૮૨, ૧૮૯૧-૯૨, અને ૧૮૯૩-૯૪ ના આંકડા આપ્યા છે. આ યાદીમાં સરકારને કાજે સરકાર તરફથી જે માલ મંગાવવામાં આવે છે તેનો સમાવેશ થતો નથી. સોનું રૂપું કેટલું આવ્યું અને ગયું તેની કીમત છેવટે આપી છે.

વેપારના આયાત અને નિકાશ માલમાંની દરેક વસ્તુનો કેટલો વધારો થયો છે તે હેઠલા કોષ્ટકમાં બતાવ્યું છે. કેટલીક મહત્વની વસ્તુઓનુંજ એ કોષ્ટક છે. આંકડા માલની કીમતના હોઇ હજાર રૂપિઆના છે.

આયાત.

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪
૧. વર્ગ ૧ લો,				
જીવતાં પ્રાણી—				
ઘોડા.........	૭૪૩	૨૦૩૯	૨૭૮૧	૨૯૮૩
૧. લા વર્ગનું કુલ	૭૬૧	૨૦૮૫	૨૯૩૨	૩૦૫૦
૨. વર્ગ ૨ જો,				
ખાવાના પદાર્થો—				

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
ફળ અને શાકઃ	૭૦૮	૧૫૮૨	૧૩૪૨	૯૫૭
દારૂ.........	૧૩૯૨૧.	૧૩૦૮૬	૧૪૪૨૦	૧૪૫૮૨
બીડું.......	૬૦૦૯	૫૬૯૦	૬૨૭૯	૭૯૧૪
મસાલો......	૩૯૫૯	૫૦૭૧	૭૯૭૧	૮૭૩૬
ખાંડ.........	૮૯૫૮	૧૨૪૩૭	૨૫૬૧૯	૨૮૨૪૧
ચા...........	૨૪૭૫	૧૯૯૬	૪૪૩૧	૫૭૧૯
કાફી.........	૧૬૨	૧૦૩૮	૧૪૪૦	૭૪૩
પ્રોવિઝન્સ—				
ખાવાના પદાર્થો	૭૧૩૫	૧૦૫૩૦	૧૭૭૧૭	૧૮૮૨૮
ધાન્ય........	૨૬૫	૧૦૩૮	૨૧૫૫	૧૩૧૬
એકંદર...	....	....	૮૧૭૬૭	૮૬૫૮૦
૩ વર્ગ ૩ જો, ધાતુ અને ધાતુના પદાર્થો.—				
હાર્ડવેર અને કટ્લરી (ચપ્પુ, કાતર, વગેરે ધાતુનો સામાન)......	૪૭૫૩	૬૨૬૬	૧૨૩૮૯	૧૩૦૧૬
લોઢું.........	૧૪૨૪૫	૧૪૧૪૩	૨૩૨૧૨	૨૪૨૮૮

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
પોલાદ......	૮૮૯	૧૩૨૦	૪૫૯૫	૬૨૨૭
પિત્તળ......	૪૮૫	૫૩૯	૬૪૪	૬૬૨
તાંબું........	૧૨૦૭૫	૧૪૬૭૪	૨૦૮૯૦	૨૩૮૨૫
કલાઈ......	૧૬૯૨	૧૬૯૭	૨૬૪૩	૩૨૭૫
સીસું.......	૬૩૦	૯૬૪	૧૭૦૯	૧૬૬૩
પારો.........	૧૦૭૫	૧૫૫	૪૩૬	૪૪૩
જસત.......	૮૨૬	૧૩૫૨	૧૯૨૬	૧૯૨૮
રેલવેનો સામાન.........	૫૯૯૭	૧૦૭૯૫	૧૪૮૪૧	૧૨૪૨૯
સંચા વગેરે.	૧૩૯૧૬	૧૨૨૧૦	૨૧૧૧૫	૨૫૧૮૦
એકંદર......	....	....	૧૦૪૮૯૮	૧૧૩૪૧૨

૪ વર્ગ ૪ થો, રસાયની પદાર્થો, ઓસડો, અને કેફી વસ્તુઓ.—

રસાયની પદાર્થો.........	....	૧૩૪૬	૨૮૬૪	૩૫૬૮
ઓસડો......	૨૮૭૬	૩૮૧૮	૪૮૩૪	૫૨૩૮
રંગની અને કમાવવાની જણસો........	૧૪૩૪	૧૭૧૪	૫૯૮૩	૭૦૮૮
તમાકુ.......	૭૬૪	૬૩૧	૧૬૭૦	૨૪૭૬
એકંદર...............		....	૧૫૩૫૨	૧૮૩૭૦

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪
૫ વર્ગ ૫ મો,				
તેલ—				
ખનિજ તેલ.	૪૪૬	૫૦૪૦	૨૩૬૮૧	૩૨૭૫૫
વનસ્પતિનું તેલ........	....	૩૦૩	૨૬૭૭	૨૯૪૫
એકંદર...	....	....	૨૬૩૫૯	૩૫૭૦૧
૬ વર્ગ ૬ ઠ્ઠો,				
કાચો માલ—				
ખનિજ કોયલા.........	૬૬૫૫	૧૦૨૦૦	૧૨૫૦૪	૯૭૭૫
હાથીદાંત...	૨૩૧૦	૨૨૫૯	૨૭૪૩	૨૮૮૭
રેશમ.......	૬૯૪૮	૭૪૯૨	૧૨૬૪૦	૧૩૫૯૬
ઊન.........	૪૫૫	૭૫૪	૧૧૮૨	૧૪૧૩
લાકડાં......	....	......	૧૧૯૬	૧૫૪૯
રૂ...........	....	૧૦૪૨	૧૭૭૨	૨૨૩૬
એકંદર......	....	....	૩૮૨૮૦	૩૮૯૫૨
૭ વર્ગ ૭ મો,				
તૈયાર માલ-				
સુતર.......	૨૭૯૪	૩૨૨૨૦	૩૫૧૪૬	૩૧૦૮૯

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪
સૂતરાઉ કોરૂં કાપડ....	૧૦૬૩૯૭	૧૨૮૯૪૮	૧૩૯૩૫૭	૧૫૯૯૫૯
સૂતરાઉ ધોયલું કાપડ...	૨૬૮૭૭	૩૫૬૩૩	૪૯૫૩૯	૫૫૩૮૦
સૂતરાઉ રંગિત કાપડ.	૨૮૩૭૨	૩૯૬૪૦	૫૭૦૧૪	૭૦૧૫૫
સીવવાના દોરા........	૯૯૯	૮૪૬	૧૬૬૧	૧૭૫૪
રેશમીકાપડ.	૬૭૭૯	૧૧૦૬૦	૧૪૫૩૪	૧૪૮૪૩
ગર્ભ સૂતરાઉ કાપડ.......	૨૯૨	૧૦૩૨	૨૭૩૪	૨૭૪૩
ઊનનું કાપડ.	૮૨૬૫	૯૨૨૨	૧૩૩૬૬	૧૪૨૨૯
ઊનનીશાલો.	....	૭૬૫	૧૯૭૭	૨૨૭૧
પોશાકનો સામાન.........	૬૧૫૯	૬૪૧૪	૧૨૫૯૪	૧૪૩૫૩
બૂટ અને જોડા............	....	....	૧૩૮૬	૧૪૨૭
ખેતીનાં હથિયાર.........	૨૬૧	૩૯૯	૭૩૩	૭૮૫
બંદૂકનો દારૂ, વગેરે........	૭૬૩	૭૫૨	૨૦૬૫	૨૬૫૭
પુસ્તકો......	૧૦૩૫	૧૩૩૬	૨૨૧૫	૨૪૮૬
કાગળ.......	૨૭૦૧	૪૭૩૧	૪૬૪૦	૪૮૮૩

	૧૮૭૫-૭૬	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
મીણબત્તી...	૭૯૧	૭૫૮	૧૨૬૭	૧૫૧૯
ઘડીઆળો...	૪૩૭	૮૩૧	૧૪૦૨	૧૫૪૫
પરવાળાં.....	૮૧૪	૧૮૫૩	૧૬૮૧	૧૬૭૩
માટીનાં વાસણો......	૯૯૧	૧૬૦૫	૨૭૩૫	૨૫૧૬
ફટાકા વગેરે	૪૭૪	૪૪૮	૬૮૨	૬૭૩
કાચ........	૩૪૯૯	૪૫૪૮	૭૨૮૨	૭૮૮૪
વિદ્યાનાં યંત્રો અને વાદિત્રો........	૬૧૨	૧૩૪૫	૨૫૨૫	૨૭૮૮
કમાવેલાં ચામડાં.........	૫૩૬	૬૯૪	૧૯૧૪	૨૦૦૭
દીવાસળીની પેટીઓ......	૭૯૧	૧૪૪૩	૩૩૧૬	૩૭૫૧
રંગ (ચોપડવાના)......	૨૦૨૯	૨૧૦૫	૨૨૫૭	૨૪૮૪
સાબુ.......	૨૪૩	૫૫૯	૧૧૦૪	૧૨૧૭
રમકડાં....	......	......	૧૬૧૩	૧૮૦૩
છત્રીઓ......	૧૯૬૪	૨૦૯૫	૪૧૪૯	૪૮૦૯
એકંદર......	......	......	૩૯૬૨૮૩	૪૪૩૫૪૭

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
આયાતનો સરવાળો...	૩૭૧૧૨૬	૪૧૯૯૨૦	૬૬૫૮૭૪	૭૩૯૬૧૬
સોનું તથા રૂપું	૫૩૦૦૭	૧૧૩૨૨૭	૧૪૭૨૨૬	૧૮૪૨૫૨
કુલ...	૪૨૪૧૩૩	૫૮૩૧૪૮	૮૧૩૧૦૧	૯૨૩૮૬૮

નિકાશ.

૧ વર્ગ ૧ લો, જીવતાં પ્રાણી—				
જનાવરો...	૮૫૬	૭૭૮	૧૦૧૮	૧૨૨૯
૨ વર્ગ ૨ જો, ખાવા પીવાના પદાર્થો—				
કાફી........	૧૬૨૭૦	૧૪૪૭૪	૧૯૯૮૬	૨૦૦૨૧
ફળ અને શાક.	૩૬૭	૩૭૬	૮૪૫	૯૮૮
ધાન્ય—ચોખા.	૫૩૧૧૦	૮૩૦૮૧	૧૩૩૮૬૭	૧૦૩૮૮૬
ગહૂં...	૯૦૧૦	૮૬૦૪૦	૧૪૩૮૦૪	૫૧૯૩૦
ચણા...	૯૯૭	૯૯૯	૧૧૫૦	૧૨૧૫
જુવાર........		......	૪૯૧૩	૨૨૯૧
દાળ...........		૮૮૪	૨૪૯૧	૨૮૧૪
ખાવાના પદાર્થો...	૧૮૬૭	૨૬૯૮	૭૭૬૫	૮૭૩૯
મસાલાનો સામાન.	૩૪૨૫	૨૪૫૮	૪૦૮૯	૪૫૬૧
ખાંડ અને ગોળ...	૨૫૩૯	૫૯૮૨	૪૬૧૩	૬૯૮૨

આ... ...	૨૧૬૬૪	૩૬૦૯૧	૫૯૬૮૧	૬૫૮૫૮
એકંદર...	......		૩૮૪૫૬૯	૨૭૨૩૯૭
૩ વર્ગ ૩ જો, ધાતુ અને ધાતુના પદાર્થ.	૩૫૭	૩૪૩	૭૭૦	૭૬૬
૪ વર્ગ ૪ થો, ઓસડો, વગેરે—				
ઓસડો......	......	૮૬૬	૧૮૫૦	૧૪૩૭
કેફી વસ્તુઓ—				
અફીણ ...	૧૧૧૪૮૪	૧૨૪૩૨૧	૯૫૬૨૨	૮૦૧૯૪
તમાકુ ...	૧૬૯૫	૧૧૫૦	૧૩૬૬	૧૩૯૪
રંગની અને કમાવવાની જણસો—				
ગળી ...	૨૮૭૫૦	૪૫૦૯૦	૩૨૧૪૦	૪૧૮૨૧
કાથો........	......	......	૩૧૭૨	૩૩૭૮
હુરડાં.......	......	૧૪૪૪	૩૯૩૬	૪૧૫૧
એકંદર......	....	....	૧૩૮૭૨૪	૧૩૩૩૩૧
૫ વર્ગ ૫ મો,				
તેલ—				
દીવેલ......	{૪૦૪૨}	૨૯૭૭	૩૪૨૧	૨૩૬૯
કોપરેલ....		૧૦૭૮	૧૫૪૯	૧૦૯૩
એકંદર......	....	....	૬૦૪૦	૫૩૫૮

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
૬ વર્ગ ૬ ઠ્ઠો,				
કાચોમાલ—				
રબર........	૯૭૮	૧૦૮૮	૧૧૭૨	૧૨૫૯
રૂ..........	૧૩૨૭૮૯	૧૪૯૩૫૯	૧૦૭૫૪૩	૧૩૩૦૨૨
તાગ (જૂટ).	૨૮૦૫૩	૫૦૩૦૩	૬૮૪૮૪	૮૫૨૫૬
ચામડાં......	૨૯૪૩૯	૩૯૪૮૮	૨૩૬૭૦	૨૫૬૭૪
શિંગડાં......	૮૦૬	૧૨૩૫	૩૩૩૭	૧૮૮૧
હાથીદાંત....	૬૮	૫૦	૪૫	૩૨
ખાતરની જ-ણસો........	......	૨૪૯	૨૩૬૭	૨૮૦૭
સૂરોખાર.....	૩૪૮૯	૩૫૯૪	૩૬૫૬	૩૩૮૧
બીયાં-એરંડો	......	૧૧૭૭	૪૪૯૦	૬૦૨૭
મગફળી...	......	૧૭૩૫	૮૭૫૮	૯૫૯૭
અળશી....	૩૩૧૭૧	૩૦૦૦૧	૬૭૯૩૪	૭૫૦૮૮
સરસવ....	૧૦૮૪	૧૦૩૧૯	૧૭૦૮૯	૪૭૩૪૯
તલ......	૭૮૭૪	૧૨૧૭૭	૧૭૬૫૩	૧૯૩૦૪
રેશમ......	૪૧૫૮	૩૮૮૨	૫૧૮૬	૬૯૮૦
ઊન.......	૧૦૯૪૨	૮૧૪૫	૧૦૧૩૮	૧૦૭૯૭
એકંદર.....	....	....	૩૬૧૫૯૦	૪૫૩૭૩૪
૭ વર્ગ ૭ મો,				
તૈયાર માલ—				
સૂતર........	૨૬૬૯	૧૩૬૮૮	૫૬૭૧૦	૪૯૭૬૧

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
કાપડ........	૩૯૧૯	૫૯૯૮	૧૧૩૪૨	૧૧૭૬૫
શણના કોથળા.	૪૪૨૮	૧૦૮૪૦	૨૧૯૫૨	૨૮૭૦૬
ગુણપાટ......	૪૪૭	૧૧૯	૩૧૩૮	૫૬૩૦
રેશમી કાપડ.	૨૪૦૭	૨૦૫૯	૧૫૯૫	૨૦૦૭
ગંજી સૂતરાઉ કાપડ......	......	૧૫૫	૨૪૦	૪૧૬
ઊનનું કાપડ.	૩૯૬	૭૨૪	૮૧૧	૧૧૮૮
ઊનની શાલો.	૧૬૧૨	૧૨૪૧	૧૩૬	૨૯૯
પોશાકનો સામાન........	૪૮૯	૫૪૭	૧૧૯૨	૧૩૦૧
કમાવેલાં ચામડાં........	૧૧૯૦	૧૯૧૮	૨૮૧૮૯	૩૨૩૩૮
લાખ...	૭૨૯૧	૭૧૯૫	૭૪૪૫	૯૫૨૧
ખોળ...	......	૫૬૩	૧૦૪૫	૧૪૦૩
સુગંધીદાર પદાર્થો......	......	......	૬૩	૭૫
એકંદર...	....	....	૧૪૨૭૯૪	૧૫૩૪૨૪
નિકાશની કીમત........	૫૬૨૧૨૨	૭૯૨૫૫૨	૧૦૩૫૫૦૮	૧૦૨૦૨૪૧
પરદેશી માલ નિકાશ થયો તેની કી-				

	૧૮૭૫-૭૬.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
મત........	૧૮૩૩૧	૨૬૪૬૭	૪૪૮૫૧	૪૪૩૪૮
સોનું તથા રૂપું........	૨૧૧૫૧	૧૦૯૭૩	૩૧૪૩૧	૪૦૨૪૭
એકંદર...	૧૦૧૬૧૫	૮૨૯૯૯૩	૧૧૧૧૭૯૧	૧૧૦૪૮૩૮

આયાત વેપાર.—વર્ગ પહેલો-જીવતાં પ્રાણી- આ વર્ગમાં મહત્વનો માલ માત્ર ઘોડા છે. તે મુખ્યત્વે કરી આસ્ટ્રેલિઆ અને તુર્કસ્તાનમાંથી આવે છે. બીજા દેશોમાંથી થોડા આવેછે.

વર્ગ ૨ જો.—ખાવાના પદાર્થો-દારૂ-દારૂનો વેપાર ઝાઝો વધ્યો નથી. તે વિલાયતથી સૌથી વધારે આવે છે; તેનાથી ઉતરતો ફ્રાન્સ અને જર્મની દેશોમાંથી આવે છે. એ દેશોમાં પણ વિલાયતના જેવો દારૂ બનાવવાનાં કારખાનાં થયાં છે. સને ૧૮૯૨ માં ૨૧ કારખાનાં ચાલુ હતાં તેઓમાં એઈલ, બીર અને પોર્ટનો દારૂ ૪૮ લાખ ગાલન તૈયાર થયો હતો તેમાંના ૨૭ લાખ ગાલન સરકારે લશ્કરને કાજે ખરીદ કર્યો હતો અને બાકીનો દેશમાં ખપ્યો હતો. સને ૧૮૯૨-૯૩ માં પરદેશી દારૂ ૪૪ લાખ ૬૨ હજાર ગાલન આવ્યો હતો તેમાંનો ૧૧ હજાર ગાલન પાછો પરદેશ ગયો હતો; બાકીનો બધો આ દેશમાંજ ખપ્યો હતો.

મીઠું.—મીઠું આવેછે તે કલકત્તા અને બ્રહ્મદેશમાંજ આવે છે. એ વેપારમાં ઝાઝો વધારો નથી. મીઠું બીજા

દેશો કરતાં ઈંગ્લાંડથી સૌથી વધારે આવેછે, તોપણ આસ્ટ્રિઆ, જર્મની, અને એડનથી પહેલાં કરતાં હમણા વધારે આવવા માંડયું છે. એડનમાં સરકારની પરવાનગીથી એક ઇટાલિઅન કંપનીએ મીઠું પકવવાનું કારખાનું કહાડયું છે. જર્મની અને આસ્ટ્રિઆમાંથી વધારે મીઠું આવવાનું કારણ એ છે કે હામ્બર્ગ અને કલકત્તાની વચ્ચે હવે નિયમસર આગબોટો ચાલવા માંડી છે અને તેઓમાં ભાર સારૂ મીઠું ભરીને લાવવામાં આવેછે.

મસાલો.—એમાં સોપારી, લવિંગ, જાયફળ, મરી, વગેરેનો સમાવેશ થાયછે. સ્ટ્રેટ્સ સેટલમેન્ટ અને લંકામાંથી મદ્રાસ અને બંગાળામાં સોપારી આવે છે. લવિંગ ઘણું કરીને ઝાંઝીબારથી આવેછે અને થોડાંક એડન, સ્ટ્રેટ્સ સેટલ્મેન્ટ વગેરે દેશોમાંથી પણ આવેછે. એમાંનો ઘણો માલ વિલાયત જાયછે. જાયફળ અને મરી બહુધા સ્ટ્રેટ્સ સેટલમેન્ટથીજ આવે છે. પરદેશથી મરી આવે છે તે સિવાય આ દેશમાં ત્રાવણકોર સંસ્થાનમાં પુષ્કળ મરી પાકે છે.

ખાંડ.—ખાંડ આવે છે તેનો નીમે કરતાં વધારે ભાગ મોરિશિયસ બેટથી આવેછે. તેનાથી ઉતરતી ચીન, જર્મની, સ્ટ્રેટ્સ સેટલ્મેન્ટ અને ઇંગ્લાંડથી આવે છે. એમાંના શુમારે ત્રણ ભાગ પશ્ચિમ હિંદમાં આવે છે, કારણ કે એ ભાગમાં ઝાઝી ખાંડ બનતી નથી અને ઉત્તર હિંદની ખાંડ એ ભાગમાં લાવીને વેચવાનું પરવડતું નથી. ચીન અને મોરિશિયસની ખાંડ સરસ અને સુધરેલી કૃતિથી શુદ્ધ કરેલી હોય છે અને તે ત્યાં સોંઘી પડે છે. એ દેશમાંથી ખાંડ

આવેછે તે શેરડીમાંથી બનાવેલી હોય છે; યૂરોપમાં બીટ-માંથી ખાંડ બનાવવા માંડી છે તે પણ અહીં આવે છે. પરંતુ એ ખાંડનો વેપાર ઝાઝો વધ્યો નથી. યૂરોપમાં બીટમાંથી ખાંડ બનાવવા માંડ્યાથી મોરિશિયસ વગેરે દેશોની ખાંડની ખપત ત્યાં બંધ પડ્યાથી તે હિંદ મોકલ્યા સિવાય છૂટકો નહિ તેથી આ દેશમાં વધારે ખાંડ આવે છે.

આ દેશમાંથી પરદેશ ખાંડ જાયછે તે શુદ્ધ કરેલી હોતી નથી; ત્યાંથી અહીં આવે છે તે સારી પેઠે શુદ્ધ કરેલી હોય છે.

ચા.—ચા બહુધા ચીનથીજ આવે છે. હમણા લંકા બેટથી ચા આવવા માંડી છે. એ ચાનો ઘણો ભાગ ઇરાન અને અરબસ્તાન જાય છે. ચીનથી જે ચા અહીં આવે છે તે હલકી જાતની હોયછે અને ઓછે ભાવે વેચાય છે. લંકા બેટની ચા બેશ હોયછે અને તે મુંબાઈમાં વધારે આવેછે; કારણ કે એ ઈલાકામાં તે ચાને કીમતના સંબંધમાં ઉત્તર હિંદની ચા જોડે બરોબરી કરવાને બની શકે છે.

પ્રોવિઝન્સ.—ખાવાના પદાર્થો—એમાં માખણ, માછલાં, માંસ, મીઠાઇ, પનીર, અથાણું, મુરબ્બા, સૂકાં અને મસાલાદાર ફળ, ખજૂર, લોટ, ઘી, વગેરે પદાર્થોનો સમાવેશ થાય છે. વચમાં મીઠાપરની જકાત વધારવામાં આવ્યા પછી કેટલાક દિવસ લગી મીઠામાં આથેલાં માછલાં પુષ્કળ આવવા માંડ્યાં હતાં; તેઓપર જકાત બેસાડ્યાથી તે હવે ઓછાં આવવા માંડ્યાં છે. આ વર્ગમાંનો ઘણોક માલ યૂરોપી લોકોને માટે ઇંગ્લાંડથી આવે છે. ઈરાની અખાતમાં

થઇ અને મક્રાણ કિનારે થઇ મુંબાઇ અને સિંધ પ્રાંતમાં ઘી આવે છે.

વર્ગ ૩ જો.—ધાતુ અને ધાતુના પદાર્થો—હાર્ડવેર અને કટલરી (ચપ્પુ, કાતર, વગેરે ધાતુનો સામાન).—એ માલનો ઘણો ભાગ વિલાયતથીજ આવે છે, તથાપિ હમણા જર્મની, આસ્ટ્રિઆ, અને બેલજિયમમાંથી પુષ્કળ માલ આવવા માંડ્યો છે. સને ૧૮૯૩-૯૪ માં એ દેશોમાંથી એ માલનો એકંદર માલ પૈકી શુમારે પાંચમો ભાગ આવ્યો હતો.

એ વરસમાં રૂ ૪,૦૪,૫૦૦ ની કીમતના સીવવાના સંચા આવ્યા હતા.

લોઢું અને પોલાદ.—એ મુખ્યત્વે ઈંગ્લાંડથી આવેછે, તોપણ હવે બેલજિયમ અને જર્મનીથી પણ પુષ્કળ માલ આવવા માંડ્યો છે. પહેલાં કરતાં લોઢાને બદલે પોલાદનો ઉપયોગ વધારે થવા માંડ્યો છે. વિલાયતથી જે માલ આવે છે તે સારી જાતનો પરંતુ મોંઘો હોય છે અને જર્મની તથા બેલજિયમથી આવતો માલ હલકી જાતનો પરંતુ સોંઘો હોય છે તેથી એ માલની વધારે ખપત થવા માંડી છે.

તાંબું.—લોઢાથી ઉતરતી મહત્વની ધાતુ તાંબું છે તે ચીન, ઈંગ્લાંડ, આસ્ટ્રેલિઆ, વગેરે દેશોથી આવે છે.

ધાતુમાં લોઢા અને તાંબાના ૯૪ ભાગ થાય છે, બાકીના છ ભાગમાં પિત્તળ, સીસું, વગેરે બીજી ધાતુ આવેછે.

રેલવેનો સામાન અને યાંત્રિક સામાન બહુધા ઈંગ્લાંડથીજ આવે છે; બેલજિયમ વગેરે દેશોથી બહુ થોડો આવે છે.

ઉપલા કોષ્ટકમાં જે આંકડા આપ્યા છે તે સિવાય સરકારી રેલવે થાય છે તેનો માલ આવે છે. સને ૧૮૯૧-૯૨ માં ૧૨૮ લાખ અને સને ૧૮૯૩-૯૪ માં ૧૦૯ લાખ રૂપિઆનો માલ આવ્યો હતો.

વર્ગ ૪ થો.-રસાયની પદાર્થો—એમના સંબંધમાં વધારે કહેવા જેવું કાંઇ નથી. એ પદાર્થોની આયાત વધતી જાયછે અને કાગળ બનાવવાનાં કારખાનાં વધશે તેમ એ પદાર્થોની આયાત પણ વધશે. ઓસડોની આયાત પણ વધી છે.

રંગની અને કમાવવાની જણસો.-એમાં ત્રણ ભાગે આનીલૈન અને અલીઝરૈન રંગ આવે છે, તેમાંના ૯૦ ટકા મુંબાઈ ઈલાકામાં ખપે છે, કારણ કે બંગાળામાં રંગિત લુગડાં પહેરવાનો ઝાઝો ચાલ નથી. એ રંગ હમણાજ વધારે આવવા માંડયા છે, અને બહુધા યૂરોપથીજ આવે છે, અને બેલ્જિયમ દેશમાંથી સર્વેથી વધારે આવે છે.

તમાકુ—એ પદાર્થ સને ૧૮૯૧-૯૨ લગી પરદેશથી જેટલો આવતો તેના કરતાં અહીંથી પરદેશ વધારે જતો હતો, પરંતુ હમણા એ પ્રમાણ ઉલટાઈ ગયું છે.

વર્ગ ૫ મો.—તેલ-આ વર્ગમાં ખનિજ અને વનસ્પતિજ તેલનો સમાવેશ થાય છે. ખનિજ તેલમાં કેરોસીન તેલ મુખ્યત્વે યૂનેટેડ સ્ટેટો અને રૂશિઆથી આવે છે. એની થોડી હકીકત પાછળ આપી છે. આ દેશમાં પણ એ તેલ નીકળે છે; તે વિષે "ખાણો અને કારખાનાં"ના ભાગમાં કહ્યું છે, તેથી અહીં ફરી લખવાની જરૂર નથી.

વનસ્પતિજ તેલમાં કોપરેલ અને અળશીનું તેલ મુ-
ખ્ય છે. કોપરેલ લંકા, મોરિશિયસ, સ્ટ્રેટ્સ સેટલ્મેન્ટ અને
હોંગકોંગથી બંગાળામાં આવે છે. એ તેલ અને અળશીનું
તેલ કહાડવાનો કાચો માલ આ દેશમાં હોવા છતાં એ તેલ
પરદેશથી આવે છે એ વિચાર કરવા જેવી બાબત છે.

વર્ગ ૬ ઠ્ઠો—કાચો માલ–આ વર્ગમાંનો મહત્વનો ક્રિયો
માલ કેટલો આવે છે તે ઉપલા કોષ્ટકમાં દર્શાવ્યું છે. ખ-
નિજ કોયલા દિવસે દિવસે ઓછા આવતા જાય છે. પરદેશી
કોયલા બહુધા પશ્ચિમ હિંદમાંજ ખપે છે. તે કોયલાથી પાં-
ચગણા કોયલા આ દેશની ખાણમાંથી સને ૧૮૯૩–૯૪ માં
નીકળ્યા હતા. એક પ્રખ્યાત પારસી કંપનીએ જાપાન અને
હિંદની વચ્ચે આગબોટો ચલાવવા માંડી છે એવું આપણે
પાછળ કહી ગયા છીએ. સને ૧૮૯૩–૯૪ માં જાપાનથી થો-
ડા કોયલા પહેલ વહેલા આવ્યા એ આ વ્યવસ્થાનું પ-
રિણામ છે.

રૂ–મુંબાઈનાં કારખાનાંના ઉપયોગને માટે ફાયદાકારક
ભાવ બેસે તે વારે ઈરાનથી રૂ આવે છે. હમણા મિસરથી
લાંબા દોરાનું રૂ આણી અહીં બારીક કાપડ વણવાનો પ્રય-
ત્ન કરવા માંડયો છે અને ૨૪ નંબર કરતાં બારીક સૂતર
કાંતવાથી નુકસાન થતું નથી એવો અનુભવ થયોછે. એ કામ
માટે સને ૧૮૮૯-૯૦ માં ૬૩૮ હંડ્રેડવેટ અને સને ૧૮૯૩-
૯૪ માં ૩૬,૮૫૮ હંડ્રેડવેટ રૂ આવ્યું હતું. ચીનમાં અહીંના
કાપડની ખપત ઓછી થશે તેમ કારખાનાંમાં આજ દેશના
ખપમાં આવતો માલ વણવો પડશે. ખપ થવા માંડશે એ-

ટલે લાંબા દોરાનું રૂ પણ અહીં વધારે પકવવામાં આવશે.

રેશમ--ઘણુંખરૂં રેશમ મુંબાઇના કારખાનામાં વણવા માટે આવે છે. તે ચીન દેશથી આવે છે. તૈયાર થયેલા માલની ખપત મુંબાઇ ઇલાકામાં અને બ્રહ્મદેશમાં થાય છે.

લાકડાં.—ઇમારતી લાકડાં શિઆમ અને સ્ટેટ્સ સેટલમેન્ટથી આવે છે, અને તે ગુણમાં બ્રહ્મદેશનાં લાકડાંની બરાબર છે.

ઊન.—પંજાબ અને કાનપુરનાં કારખાનાંમાં ઊંચી જાતનું કાપડ બને છે તેથી પહેલાં કરતાં વધારે ઊન આવે છે. ઇરાનથી અને મકરાણ કિનારેથી ઊન આવે છે તે મુંબાઇ અને કરાંચી બંદરમાં આવી ઘણુંખરૂં પરદેશ જાયછે.

વર્ગ ૭ મો.—તૈયાર માલ—આ વર્ગમાંનો અતિ મહત્વનો માલ સૂતર અને સૂતરાઉ કાપડ છે.

સૂતર.—આ માલના વેપારમાં કહેવા જેવો વધારો નથી. વચમાં હુંડીઆમણુનો ભાવ વધ્યો હતો તેવારે માલ કાંઇક વધારે આવ્યો હતો (સને ૧૮૯૦-૯૧-૯૨); પરંતુ તે પ્રમાણે આગળ ચાલ્યું નહિ. ગયાં દશ વરસમાં એ માલના વેપારમાં વધારો નથી એટલુંજ નહિ, પણ તેની આયાત ઓછી થઇ છે. એનું કારણ એ જણાય છે કે પરદેશથી આવતા માલના જેવો માલ આ દેશમાં બનવા માંડ્યો છે અને આગગાડી વગેરે વધવાથી દેશમાં તે માલ પ્રસરવા માંડ્યો છે.

કાપડ.—ગયાં બે વરસમાં એ માલનો વેપાર સટ્ટાના

જેવો થયો હતો. ટંકશાળો બંધ થઈ અને રૂપિઆની કીમત કેટલાક વખત લગી વધી હતી તેવારે વેપારીઓએ એ સ્થિતિનો લાભ લેવા માટે વધારે માલ મંગાવ્યો. પહેલાં કેટલાંક વર્ષ લગી માલ ઓછો આવ્યાથી તે માલ થોડા વખત લગી ખપ્યો; પરંતુ હવે તે માલની સારી ખપત થવાનાં ચિન્હો થોડાં દીસવા માંડ્યાં છે.

એકંદર આયાત માલમાં સૂતરાઉ માલ સને ૧૮૭૩-૭૪ માં ૫૭ ટકા હતો તે સને ૧૮૮૨- ૮૩ માં ૪૭ ટકા અને સને ૧૮૯૩-૯૪ માં ૪૩¾ ટકા થયો; એપરથી બીજા માલનો વપાર જે પ્રમાણે વધ્યો છે અને વસ્તી જે પ્રમાણમાં વધીછે તે પ્રમાણમાં આ વેપાર વધ્યો નથી એમ જણાયછે. જે ભાગોમાં કારખાનાં થોડાં છે તે ભાગોમાં કાપડ વગેરે માલ વધારે આવેછે. એ માલ મુંબાઈમાં આવેછે તેના કરતાં બંગાળામાં ઘણો વધારે જાય છે. ઘણોખરો સૂતરાઉ માલ ઇંગ્લાંડથીજ આવે છે. પગનાં મોજાં વગેરે વણેલો માલ બધો ઇંગ્લાંડથીજ આવતો નથી; તેનો શુમારે અડધો અડધ ભાગ યૂરોપના બીજા દેશોથી આવે છે.

રેશમી કાપડ.—આ કાપડનો વેપાર ઝાઝો વધ્યો નથી. તે ઇંગ્લાંડ અને ચીનથી આવે છે અને ફ્રાન્સથી આવતો ઓછો થયો છે. ઘણુંખરૂં ગર્ભ સૂતરાઉ કાપડ ફ્રાન્સથીજ આવે છે.

ઊનના કાપડના વેપારનો વધારો પણ સાધારણ છે. શાલ સિવાય બીજા માલની ખપત ઝાઝી થતી.નથી. ઘણુંખરૂં ઊનનું કાપડ વિલાયતથીજ આવે છે. છેલ્લાં દશ વરસથી જ-

મેની અને આસ્ટ્રિઆથી થોડુંક કાપડ આવવા માંડયું છે.

બીજો માલ આવેછે તેના સંબંધમાં કાંઇ વિશેષ કહેવા જેવું નથી. પોશાકનો સામાન એટલે યૂરોપીઓના ખપમાં આવતાં સીવેલાં લુગડાં ઈંગ્લાંડ, ફ્રાન્સ, વગેરે દેશોથી આવે છે. પરવાળાં ઈટાલીથી આવે છે. એકંદર પૈકી શુમારે ત્રણ-ચતુર્થાંશ કાગળ ઈંગ્લાંડ અને આસ્ટ્રિઆથી આવે છે.

આયાતમાં સૂતરાઉ માલ મુખ્ય છે. પહેલાં કરતાં એ હમણા સોંઘો વેચાય છે. સાધારણ ઉપયોગની હરકોઇ જણસનો વેપાર ઓછો થયો નથી. એ જણસોના વેપારમાં વૃદ્ધિ થઇ છે તેપરથી લોકોમાં માલ ખરીદવાની વધારે શક્તિ આવી છે, અથવા લોકોને વરણાગી કરવાની ટેવ પડી છે, અથવા તેમની રહેણીમાં સુધારો થયો છે એવું જણાય છે. ઉદાહરણ, રેશમી અને ગરમ લુગડાં, અથવા ખાંડ વગેરે વસ્તુઓ લો; તેઓ પહેલાં કરતાં હમણા વધારે ખપે છે. ધાતુનો માલ વધારે આવે છે અને તેનો ખપ વચલા અને નીચલા વર્ગના લોકોમાં થાય છે. માટીનાં વાસણો જઇ તેમને બદલે ધાતુનાં વાસણોનો વધારે ઉપયોગ થાય છે તેપરથી એ વર્ગના લોકોની સ્થિતિ સુધરી છે એવું જણાય છે. ખનિજ તેલની ખપત ઘણીજ વધેલી છે અને તેનો ભાવ પણ ગયાં પાંચ વરસમાં એક-ચતુર્થાંશ ઉતર્યો છે.

પરદેશથી આવતા માલની કીમત પહેલાં કરતાં ઉતરી છે. સને ૧૮૭૩ ના પ્રમાણમાં સૂતરાઉ કાપડની કીમત સેંકડે ૨૬ ટકા, સૂતરની ૩૬ થી ૪૩ ટકા, લોઢાની ૩૬ ટકા, અને તાંબાની ૩૬ ટકા ઉતરી છે. એ જણસો મહત્વની છે

અને બધે ઠેકાણે ઉપયોગમાં આવે છે તેથી નમૂના તરીકે લીધી છે.

સને ૧૮૯૩-૯૪.માં આયાત વેપારની વહેંચણ જુદા જુદા દેશોમાં કેવી થઇ હતી તે નીચલી હકીકતપરથી જણાશે. એકંદર પૈકી લગભગ ૯૪ ટકા વેપાર દશ દેશો જોડે ચાલ્યો હતો અને બાકીનો બીજા દેશો જોડે ચાલ્યો હતો.

ઇંગ્લાંડ...	૭૦.૩	યૂનૈટેડ સ્ટેટો...	૨.૭	રૂશિઆ...	૧.૭
ચીન ...	૪.૮	મોરિશિયસ...	૨.૪	ફ્રાન્સ ...	૧.૫
સ્ટ્રેટ્સ સેટલમેન્ટ	૩.૪	જર્મની	૨.૩	બીજા દેશો	૬.૨
બેલ્જિયમ...	૨.૮	આસ્ટ્રિઆ ...	૧.૯		—— ૧૦૦

અત્યાર લગી આપણે આયાત વેપારના સંબંધમાં કહ્યું હવે નિકાશ વેપાર વિષે કહીએ છીએ.

નિકાશ વેપાર.—આ દેશના નિકાશ વેપારના બે પ્રકાર છે, પરદેશથી આવેલો માલ પાછો પરદેશ જાયછે એ એક, અને આ દેશનો માલ પરદેશ જાય છે તે બીજો. પહેલે તો પરદેશી માલ અહીં આવી પાછો પરદેશ કેટલો જાયછે તે વિષે કહીએ છીએ.

એ વેપારનો કેટલો વધારો થયો છે તે નીચલા આંકડાપરથી જણાશે.

સને ૧૮૭૫-૭૬........રૂ૧,૮૩,૩૧,૬૦૮

સને ૧૮૮૧-૮૨........રૂ૨,૬૪,૬૭,૧૬૫

સને ૧૮૯૧-૯૨........રૂ૪,૪૮,૫૧,૭૯૦

સને ૧૮૯૩-૯૪........રૂ૪,૪૩,૧૯,૭૫૦

એ વેપાર મુંબાઈ અને કરાંચી બંદરોમાં ચાલે છે અને એ વેપારને સગવડ પડતાં બંદરો તેજ છે. .

કઇ જણસ કેટલી કીમતની જાય છે તે હેઠલા કોષ્ટકપરથી જણાશેઃ—

જણસનું નામ.	સને ૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨	૧૮૯૩-૯૪
	આંકડા હજાર રૂપિઆના છે.		
ખાવાના પદાર્થો—			
પ્રોવિઝન્સ......	૧૦૦૯	૧૧૭૫	૧૨૪૫
મસાલાની જણસો	૪૦૦	૩૦૧	૨૯૭
ખાંડ (શુદ્ધ કરેલી)	૧૨૫૪	૧૯૯૬	૩૩૮૧
ચા...............	૪૫૯	૩૧૫૭	૩૪૩૧
ધાતુ અને ધાતુનો સામાન—			
હાર્ડવેર અને કટલરી	૨૭૩	૬૯૫	૭૬૮
તાંબું...............	૨૨૫	૧૦૫૭	૫૨૨
લોઢું...............	૩૮૭	૮૨૮	૬૩૨
રસાયની પદાર્થો અને ઓસડો............	૩૧૯	૬૭૮	૭૦૪
કાચો માલ—			
ગુંદર અને રાળ	૬૭૭	૬૮૭	૭૦૩
હાથીદાંત	૯૨૦	૧૫૦૪	૧૧૧૨
રેશમ	૫૫૧	૩૭૪	૩૪૯
ઊન	૨૨૭૬	૬૩૦૮	૬૦૯૩

તૈયાર માલ—	સને ૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨	૧૮૯૩-૯૪
સૂતર...........	૫૧૯	૧૧૩૬	૧૨૯૯
સૂતરાઉ કાપડ...	૧૨૬૫૧	૧૮૧૭૧	૧૬૪૫૯
રેશમી કાપડ...	૨૮૯	૬૬૯	૭૦૬
ઊનનું કાપડ ...	૩૧૦	૭૮૩	૭૨૦
પોશાકનો સામાન	૫૩૦	૧૦૦૦	૧૨૬૬
કાચનો સામાન	૨૪૬	૪૧૫	૪૩૬

એ વેપાર કિયા દેશો જોડે કેટલો ચાલે છે તે હેઠલા આંકડાપરથી જણાશેઃ—

દેશનું નામ	૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨	૧૮૯૩-૯૪
		કીમત હજાર રૂપિઆ છે.	
ઇરાન..............	૮૯૪૩	૧૪૧૮૫	૧૨૩૩૪
ઇંગ્લાંડ..	૫૭૫૩	૧૦૯૪૦	૧૧૦૦૫
આફ્રિકાના પૂર્વ કિનારાપરના દેશો, ઝાંઝીબાર અને મોઝાંબિક...........	૨૩૦૧	૩૫૧૮	૩૬૨૫
અરબસ્તાન........	૨૩૭૪	૨૦૩૪	૧૦૨૦
સ્ટ્રેટ્સ સેટલમેન્ટ.	૧૮૮૪	૨૪૬૨	૩૧૨૮
ટર્કિશ અરબસ્તાન.	...	૩૧૪૨	૨૪૫૫
એડન.............	૬૮૭	૧૪૬૪	૧૮૪૨
ચીન........... ..	૮૮	૧૧૧૬	૧૪૦૦
મોરિશિયસ.......	૨૪૮	૧૦૨૬	૧૪૦૯
લંકા (સિલોન)...	૪૭૩	૧૫૫૮	૧૫૧૧

હવે હિંદમાં પેદા થતો માલ પરદેશ જાય છે તેનો વિચાર કરવાનો છે. આયાત માલના જેવાજ એ માલના પણ વર્ગ કર્યા છે.

વર્ગ ૧ લો.—સજીવ પ્રાણી—એ વિષે વધારે કાંઈ કહેવાનું નથી. એ વેપાર બહુધા લંકા અને સ્ટ્રેટ્સ સેટલ્મેન્ટ જોડે ચાલે છે

વર્ગ ૨ જો.—ખાવા પીવાના પદાર્થો—કાફી—કાફીનો પાક કિયા ભાગમાં કરવામાં આવે છે તે વિષે ખેતીના ભાગમાં આપણે કહી ગયા છીએ. કાફી ઈંગ્લાંડ, આસ્ટ્રિઆ, ફ્રાન્સ, જર્મની, મિસર, અરબસ્તાન, ઇરાન, એશિઆઇ તુર્કસ્તાન, વગેરે દેશોમાં જાય છે. ઘણીખરી કાફી મદ્રાસ બંદરેથીજ રવાના થાયછે અને થોડીક મુંબાઇ બંદરેથી જાયછે.

ચોખા.—યૂરોપમાં ઈંગ્લાંડ, માલ્ટા, ફ્રાન્સ, જર્મની, વગેરે દેશોમાં; એશિઆમાં લંકા, સ્ટ્રેટ્સ સેટલ્મેન્ટ, અરબસ્તાન, ઈરાન, વગેરે દેશોમાં; આફ્રિકામાં, મિસર, મોરિશિયસ, રૂઆ, કેપ કોલોની, નેટલ, અને આફ્રિકાના પૂર્વ કિનારાપરના દેશો, વગેરેમાં; અમેરિકામાં વેસ્ટ ઈંડીઝ, દક્ષિણ અમેરિકા, કાનેડા, યૂનૈટેડ સ્ટેટો, વગેરે દેશોમાં ચોખા જાય છે. ખાવામાં અને ખેળ બનાવવામાં એનો ઉપયોગ કરવામાં આવે છે; અને જર્મની, ફ્રાન્સ, હૉલંડ, અને ઇટાલીમાં એનો દારૂ બનાવે છે, મુખ્યત્વે કરી બ્રહ્મદેશ અને બંગાળા ઇલાકામાંથી ચોખા જાય છે. મદ્રાસ, મુંબાઈ, અને સિંધમાંથી પણ ચોખા પરદેશ જાયછે, પરંતુ તેટલા જતા નથી.

સને ૧૮૬૮ ના પ્રમાણમાં એ વેપાર હમણા ત્રણગણો વધ્યો છે.

ગહૂં—ગહૂંનો વેપાર એકસરખો ચાલતો નથી. જે દેશમાંથી તે જાય છે અને જે દેશમાં તેનો ખપ થાય છે તે દેશના પાકપર ગહૂંની ઓછીવત્તી નિકાશનો આધાર છે. તેનો ખપ બહુધા યૂરોપના દેશોમાંજ થાય છે. એશિઆના દેશોમાં બહુ થોડી ખપત થાયછે. ગહૂં મુંબાઈ, સિંધ, અને બંગાળા પ્રાંતનાં બંદરેથી રવાના થાય છે.

ગહૂંનો લોટ પણ પરદેશ જાય છે. થોડોક લોટ ઈંગ્લાંડ અને બેલજિયમ જાયછે, પરંતુ ઘણો ભાગ મોરિશિયસ, એડન, અરબસ્તાન, લંકા, અને આફ્રિકાને પૂર્વ કિનારે જાય છે.

સને ૧૮૬૮ ના પ્રમાણમાં ગહૂંનો વેપાર ઘણોજ વધ્યો છે. સુએઝની નહેર બંધાયા પહેલાં યૂરોપખંડ જાટે એ વેપાર ચાલી શકે તેમ નહોતું. સને ૧૮૭૩ લગી ગહૂંપર નિકાશ જકાત દર ટને પાંચ રૂપિઆ હતી તે કહાડી નાંખ્યા પછી વેપાર વધવા માંડયો; તથાપિ ઉત્તર અને પશ્ચિમ હિંદમાં રેલવે તૈયાર થયાથી સને ૧૮૮૧-૮૨ પછી એ વેપારનું ખરૂં સ્વરૂપ દેખાવા માંડયું. સને ૧૮૯૧-૯૨માં યૂરોપના દેશોમાં પાકનો નાશ થવાથી ગહૂંનો વેપાર ખૂબ વધ્યો. સાધારણ રીતે દર વરસે સાતથી આઠ લાખ ટન ગહૂં આ દેશમાંથી યૂરોપ જાયછે.

જુવાર અને બાજરી.—સને ૧૮૯૦-૯૧-૯૨ માં આ ધાન્યની યૂરોપમાં ઘણી ખપત થઇ. ત્યાં મકાઇ, રાઈ નામે ધાન્ય, ઓટ, અને બટાટામાંથી દારૂ બનાવતા હતા તેઓની કીમત બહુ વધી જવાથી તે કામમાં વાપરવા માટે અહીંથી

જુવાર અને બાજરી લેઇ જવામાં આવી; પરંતુ તેઓનો બેશ ઉપયોગ થતો નથી એવું ઠર્યું. મરઘાં, બતકો, વગેરેને ખવાડવા માટે એ ધાન્ય ત્યાં લઇ જાયછે, પરંતુ એ કામમાં તેમનો ઝાઝો ખપ થવાનો સંભવ નથી.

ખાંડ.—ખાંડ ઘણે ભાગે ઇંગ્લાંડ અને લંકા જાયછે. આ દેશની ખાંડનો પાછલો ઇતિહાસ ઘણો ચમત્કારી હોઈ બોધ લેવા જોગ છે. પહેલે શુદ્ધ કરેલી ખાંડ આ દેશમાંથી પરદેશ જતી હતી. તે બંગાળેથીજ જતી હતી, કારણ કે મુંબાઈ અને મદ્રાસથી મોકલવામાં ઇસ્ટ ઇંડિઆ કંપનીએ હરકત કરી હતી. આ દેશમાંથી અને પશ્ચિમ ભણીના બેટમાંથી એ ખાંડ વિલાયત જતી હતી; તે વખતે હિંદની ખાંડ પર ભારે આયાત જકાત હોવાથી એ વેપારને ધોકો પહોચ્યો. એ જકાત નહોત તો આ દેશની ખાંડનો વેપાર વધત. પછી ઇંગ્લાંડ અને સ્કાટ્લાંડમાં ખાંડ શુદ્ધ કરવાનાં કારખાનાં થયાથી અહીંથી ગોળ ત્યાં જવા માંડયો અને શુદ્ધ કરેલી ખાંડ બહુ ઓછી જવા માંડી. હમણા પરદેશથી ખાંડ અહીં આવવા માંડીછે તેથી આ દેશના ગોળ ખાંડની પેદાશને મોટો ધોકો પહોચશે એવું કેટલાકનું મત છે. તથાપિ પહેલાંનું પ્રમાણ જોતાં શેરડીનું વાવેતર ઓછું થયું હોય એમ જણાતું નથી. પછી યૂરોપમાં બીટમાંથી ખાંડ બનાવવા માંડી તેથી આ દેશમાંથી ત્યાં શુદ્ધ કરેલી ખાંડ જતી હતી તે જતી બંધ થઇ અને ઉલટી બીજા દેશોથી શેરડીની ખાંડ યૂરોપ જતી હતી તે હિંદમાં આવવા માંડી. હમણા તો બીટમાંથી કહાડેલી ખાંડ પણ આ દેશમાં પુષ્કળ આવવા માંડી છે અને એકંદરે

આ બંને જાતની ખાંડ ઘણી સોંઘી થઇછે. પરદેશી ખાંડ અહીં આવવા માંડ્યાથી આ દેશમાંનાં ખાંડ બનાવવાનાં કારખાનાં બંધ થતાં જાયછે. હમણા અહીંથી જેટલો ગોળ પરદેશ જાય છે તેનાથી સાતગણી ખાંડ પરદેશથી અહીં આવેછે. ખાંડ અહીં આવવા માંડ્યાથી ગોળની ખપત ઓછી થઈ નથી. ખાંડ બનાવવામાં તેનો ઉપયોગ નહિ થવાથી તે બહુ સોંઘો થયોછે અને આ દેશમાંજ તેનો ખપ ઘણો વધ્યોછે.

ચા.—કિયા કિયા પ્રાંતોમાં ચા ઉગાડવામાં આવે છે તે વિષે ખેતીના ભાગમાં આપણે કહી ગયા છીએ. હિંદમાંથી પુષ્કળ ચા ઈંગ્લાંડ જાયછે. થોડી ચા આસ્ટ્રિઆ અને ઇરાન જાયછે. યુનૈટેડ સ્ટેટોમાં પુષ્કળ ચા જવા માંડી છે. ચીનની ચા કરતાં હિંદની ચાનો ઈંગ્લાંડમાં વધારે ખપ થવા માંડ્યો છે. એવું અનુમાન થાયછે કે ચાના વેપાર સંબંધી હિંદ અને લંકા વચ્ચે હરીફાઇ થશે. સને ૧૮૯૧–૯૨ માં હિંદમાંથી જેટલી ચા પરદેશ ગઈ તેની નીમે લંકાથી ગઈ. ઇંગ્રેજી રાજ્યનાં બંદરોમાંથી ચા પરદેશ ગઇ તે સિવાય ત્રાવણકોર અને કોચીન સંસ્થાનોનાં બંદરોમાંથી નવ લાખ પૌંડ ચા સને ૧૮૯૩ માં પરદેશ ગઇ. ચાના વેપારમાં એકસરખો વધારો છે.

વર્ગ ૩ જો.—ધાતુ અને ધાતુના પદાર્થો—એ સંબંધી વિશેષ કહેવાનું નથી. આ દેશમાં કિયા ખનિજ પદાર્થોની પેદાશ થાયછે તે વિષે ખાણો અને કારખાનાંના ભાગમાં કહ્યુંછે.

વર્ગ ૪ થો.—ઓસડો અને કેફી વસ્તુઓ—અફીણ—અફીણ સંબંધી વધારે હકીકત દશમા ભાગમાં આપી છે.

અફીણ ચીન, સ્ટ્રેટ્સ સેટલમેન્ટ, કોચીન ચીન, વગેરે દેશોમાં જાય છે.

ગળી.--ગળીની હકીકત ખેતીના ભાગમાં આપેલી છે. ગળી ઈંગ્લાંડ, આસ્ટ્રિઆ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, રૂશિઆ, મિસર, યૂનેટેડ સ્ટેટો, ઇરાન, એશિઆઈ તુર્કસ્તાન, વગેરે દેશોમાં જાય છે. વિલાયતમાં સૌથી વધારે એટલે એકંદર પૈકી શુમારે એક-તૃતીયાંશ જાય છે.

વર્ગ ૫ મો.--તેલ--કોપરેલ અને દીવેલ પરદેશ જાય છે. દીવેલ બંગાળેથી વિલાયત, આસ્ટ્રેલિઆ, સ્ટ્રેટ્સ સેટલમેન્ટ, ચીન, મોરિશિઅસ, અને કેપ આવ્ ગુડ હોપ જાય છે. કોપરેલ બહુધા મદ્રાસથી વિલાયત અને યૂરોપ જાય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે સાબુ અને સુગંધીદાર તેલ બનાવવામાં થાય છે.

વર્ગ ૬ ઠ્ઠો.--કાચો માલ--ખનિજ કોયલા--આ દેશના ખનિજ કોયલા પરદેશ જવા માંડ્યા છે અને હમણા કોલંબો, સિંગાપુર, મોરિશિયસ અને એડન જાય છે. સને ૧૮૯૧-૯૨ માં ૪,૩૬૪ ટન અને સને ૧૮૯૨-૯૩ માં ૧૫,૬૨૦ ટન કોયલા પરદેશ ગયા હતા.

રૂ.--રૂ ઈંગ્લાંડ, ઇટાલી, આસ્ટ્રિઆ, બેલ્જિયમ, ફ્રાન્સ, જર્મની, રૂશિઆ, સ્પેન વગેરે યૂરોપના દેશોમાં, અને એશિઆ માંહેલા ચીન અને જાપાન દેશોમાં જાય છે. રૂ ઈંગ્લાંડમાં થોડું અને જાપાનમાં વધારે જવા માંડયું છે તેનું કારણ આપણે પાછળ કહી ગયા છીએ. ફ્રાન્સ, ઇટાલી, અને આસ્ટ્રિઆમાં રૂની નિકાશનું પ્રમાણ ઓછું થયું નથી. જ-

ર્મની અને બેલ્જિયમ દેશોમાં રૂ વધારે જવા માંડયું છે. રૂનો ઘણોખરો વેપાર મુંબાઇ બંદરમાં ચાલે છે.

તાગ (જ્યૂટ).—આ વસ્તુનો વેપાર બહુ અનિશ્ચિત છે. બંગાળાના એકજ ભાગમાં તાગની વાવણી થાય છે તેથી તે ભાગમાં વરસાદ ઓછો અથવા વધારે હોય છે તે પ્રમાણે તે ઉત્પન્ન થાય છે. ચોખા વગેરે પદાર્થો દેશના ઘણા ભાગમાં થાય છે તેથી તે માલનો ઝાઝો ખૂટકો પડતો નથી; તે પ્રમાણે તાગનું ન હોવાથી વેપારમાં ઉપજના પ્રમાણમાં હમેશ ચઢ ઉતર થયાં કરે છે.

ઇંગ્લાંડ, યુનેટેડ સ્ટેટ્સ, જર્મની, ફ્રાન્સ, ઇટાલી, આસ્ટ્રિઆ, સ્પેન, વગેરે દેશોમાં અહીંથી તાગ જાય છે. પહેલાં કરતાં હમણા યુનેટેડ સ્ટેટોમાં તે થોડું જાય છે; પરંતુ જર્મનીમાં વધારે જવા માંડયું છે. ક્રિમિઆની લડાઇની વેળાએ તાગ રૂશિઆથી ઇંગ્લાંડ જતું બંધ થયું અને તે વખતે તે આ દેશમાંથી જવા માંડયું. એ વેપાર કલકત્તા બંદરેજ ચાલે છે.

ચામડાં.—એનો વેપાર બહુધા યુરોપના આસ્ટ્રિઆ, ફ્રાન્સ, જર્મની, અને ઇટાલી દેશો જોડે ચાલે છે. અહીં સુકાળ હોય છે તેવારે ચામડાં ઓછાં જાય છે અને દુકાળ પડે છે ત્યારે વધારે જાય છે. મેંઢાં અને બકરાંનાં ચામડાં અમેરિકામાં વધારે જાય છે, અને મોટાં જનાવરોનાં ચામડાં બીજા દેશોમાં વધારે જાય છે. ચામડાંનો વેપાર બહુધા બંગાળામાં ચાલે છે.

ખાતરની જણસો.--હાડકાં ઈંગ્લાંડ અને જર્મનીમાં વધારે જાય છે. થોડાં થોડાં હાડકાં બીજા દેશોમાં પણ જાય છે. સને ૧૮૯૩-૯૪ માં ૨૭૪૦૦ હજાર રૂપિઆનાં હાડકાં ગયાં હતાં અને ખાતરનો બીજો સામાન ૬૭ હજાર રૂપિઆની કીમતનો ગયો હતો.

તેલિયાં બીઆં.--દીવેલા મુખ્યત્વે ફ્રાન્સ જાય છે, અને તેનાથી ઓછા વિલાયત, બેલ્જિયમ, ઇટાલી, રૂશિઆ, વગેરે દેશોમાં જાય છે.

મગફળી.--એ મુખ્યત્વે ફ્રાન્સ અને બેલ્જિયમ જાય છે.

અળશી.--લગભગ અડધો અડધ અળશી ઈંગ્લાંડ જાય છે અને તેનાથી ઉતરતી ફ્રાન્સ જાય છે. થોડીક અળશી યૂરોપના બાકીના દેશોમાં જાય છે. પહેલાં યૂનૈટેડ સ્ટેટોમાં પુષ્કળ અળશી જતી હતી; હમણા ત્યાં બહુજ ઓછી જાય છે. એનું કારણ પાછળ જણાવ્યું છે.

રાઈ અને સરસવ.--એ ફ્રાન્સ, બેલ્જિયમ, અને જર્મનીમાં વિશેષ જાય છે.

તલ.--એ ફ્રાન્સમાં વધારે જાય છે. ત્યાં સાબુ બનાવવામાં તેનો ઉપયોગ કરે છે. થોડા તલ બેલ્જિયમ, જર્મની, ઈટાલી, વગેરે દેશોમાં જાય છે. તેલિયાં બીઆંનો વેપાર નીમે કરતાં વધારે મુંબાઈ બંદર જોડે ચાલે છે.

રેશમ.--એ મુખ્યત્વે ઇંગ્લાંડ અને ફ્રાન્સ જાય છે. ઘણું ખરૂં રેશમ બંગાળેથીજ જાય છે.

ઊન.--ઊન પરદેશ જાય છે તે બહુ હલકી જાતનું

હોય છે અને જાડો માલ બનાવવામાંજ તેનો ઉપયોગ થાય છે. અહીંથી જે ઊન જાય છે તેમાં વાળ અને માટી ભેળે છે, તેથી એનો વેપાર વધવામાં અડચણ આવે છે એમ જણાય છે. આ દેશમાં ઊનનાં લુગડાં વણવાનાં પાંચ કારખાનાં છે તેઓમાં માત્ર જાડું કાપડ પુષ્કળ નીકળે છે. ઊન મુંબાઈ અને કરાંચી બંદરેથી વિશેષ ચઢે છે; તે બહુધા ઈંગ્લાંડમાંજ જાય છે.

વર્ગ ૭ મો.—તૈયાર માલ–આ જાતના માલમાં હમણા પહેલે નંબરે સૂતર, કાપડ, વગેરે સૂતરાઉ માલ છે. તેનાથી ઉતરતો નંબર ગુણપાટ, ટાટના કોથળા, અને કમાવેલાં ચામડાંનો છે. આ બંને જાતના માલમાં કોઈવાર તાગનો માલ વધારે જાય છે અને કોઈવાર કમાવેલાં ચામડાં વધારે જાય છે. તેમની પછી લાખ, રેશમી કાપડ, કાથાનો સામાન, ઊનનો માલ, પોશાકનો સામાન, વગેરે આવે છે. ગયાં ચાર વરસના આંકડાપરથીજ એ માલના એ પ્રમાણે નંબર પાડ્યા છે.

સૂતર.—એ વિશેષે કરીને ચીન જાય છે. જાપાન, સ્ટ્રેટ્સ સેટલમેન્ટ, અને એડન, તથા એશિઆના બીજા દેશોમાં પણ થોડું સૂતર જાય છે.

કાપડ.—એ મુખ્યત્વે ચીન, એડન, આફ્રિકાનો પૂર્વ કિનારો, સ્ટ્રેટ્સ સેટલમેન્ટ, એશિઆઈ તુર્કસ્તાન, અરબસ્તાન, ઇરાન, લંકા વગેરે દેશોમાં જાય છે. હિંદમાં કારખાનાંનો કેટલો વધારો થયો છે તે વિષે ખાણો અને કારખાનાંના ભાગમાં કહ્યું છે.

તાગનો માલ.—તાગના બનાવેલા માલનો વેપાર વ-ધ્યો છે. એ માલ બે જાતનો છે, ટાટના કોથળા અને ગુ-ણપાટ. ટાટના કોથળા ઈંગ્લાંડ, યૂનૈટેડ સ્ટેટો, આસ્ટ્રેલિઆ, ચીન, સ્ટ્રેટ્સ સેટલમેન્ટ, દક્ષિણ અમેરિકા, મિસર, વગેરે દેશોમાં જાય છે. કાચા માલનો જથો હમેશ એકસરખો હોવાની ખાતરી ન હોવાથી મોટાં ભંડોળવાળાં કારખાનાંજ માલનો જથો ભરી રાખી એ વેપારમાં નફો મેળવી શકે છે. તાગનાં કારખાનાંની હકીકત ખાણો અને કારખાનાંના ભાગમાં આપેલી છે. ગુણપાટ વિલાયત, યૂનૈટેડ સ્ટેટો, ચીન, વગેરે દેશોમાં જાય છે.

રેશમી માલ.—રેશમી કાપડ ઈંગ્લાંડ અને ફ્રા-ન્સ જાય છે.

ઊનનો માલ.—આ માલનો વેપાર મહત્વનો નથી. આ દેશનાં કારખાનાંમાં જાડો માલ બને છે; વિલાયતી માલ જોડે ટક્કર લે એવો સારો માલ બનતો નથી. શાલો વિલાયત અને ઇરાન જાય છે.

કમાવેલાં ચામડાં.—મદ્રાસ ઈલાકામાં ચામડાં કમાવ-વામાં આવે છે અને ઈંગ્લાંડ, બેલ્જિયમ, ફ્રાન્સ, યૂનૈટેડ સ્ટેટો, સ્ટ્રેટ્સ સેટલમેન્ટ, વગેરે દેશોમાં જાય છે.

લાખ.—એ છોટાનાગપુર અને મધ્યપ્રાંતોના પૂર્વ ભા-ગમાં થાય છે. ત્યાંથી તે કલકત્તે આવે છે અને તેને ગાળી તેની ચાપડા લાખ અને દાણા લાખ એવી બે જાતની લા-ખ બનાવે છે. એ લાખ ઇંગ્લાંડ, યૂનૈટેડ સ્ટેટો, અને યૂરો-પના બીજા દેશોમાં જાય છે.

ખોળ.—એનો વેપાર વધતો જાય છે. ખોળ મદ્રાસ, કલકત્તા, અને મુંબાઈથી મુખ્યત્વે લંકા જાય છે. થોડો ખોળ ઈંગ્લાંડ અને યૂરોપના બીજા દેશોમાં, અને સ્ટ્રેટ્સ સેટલમેન્ટમાં પણ જાય છે.

નિકાશમાં પહેલો નંબર ચોખા અને ગહૂંનો છે; તેમાં કોઈવાર ચોખા વધારે જાય છે અને કોઈવાર ગહૂં વધારે જાય છે. તેમનાથી ઉતરતો નંબર તેલિયાં બીઆં અને રૂનો છે. પછી અફીણ, કાપડ, તાગ, ચા, અને શુણપાટ આવેછે. છેલ્લાં ચાર પાંચ વરસના વેપારની સ્થિતિ પ્રમાણે એ નંબર પડયા છે. નિકાશમાં અફીણ અને રૂ સિવાય બીજા તમામ માલનો વધારો છે.

નિકાશ માલના જથાબંધ વેચાણની કીમત સને ૧૮૭૩ નું પ્રમાણ જોતાં કેટલાક માલના સંબંધમાં ઉતરી છે અને કેટલાક માલના સંબંધમાં ચઢી છે. રૂ, સૂતર, ચામડાં, ગળી, અફીણ, અને ચાની કીમત ઉતરેલી છે. ચોખા અને તાગની કીમત વધેલી છે. બાકીના મહત્વના માલની કીમત ઉતરી નથી તેમ ચઢીએ નથી.

નિકાશ વેપારની વહેંચણ હમણા (સને ૧૮૯૩–૯૪) માં દેશાવાર કેવી રીતે થાય છે તે હેઠળ આપેલી હકીકત પરથી જણાશે. સઘળા દેશો જોડે ચાલતો વેપાર ૧૦૦ લઈ દરેક દેશને હિસ્સે કેટલું આવે છે તે નીચેના આંકડાપરથી જણવામાં આવશેઃ—

ઈંગ્લાંડ..........૩૨.૮	મિસર.......... ૩.૬

ચીન	૧૦.૭	ઈટાલી	૩.૫
ફ્રાન્સ	૧૦.૪	યૂનૈટેડ સ્ટેટો	૩.૩
જર્મની	૭.૫	લંકા	૩.૦
બેલ્જિયમ	૫.૬	આસ્ટ્રિઆ	૨.૯
સ્ટ્રેટ્સસેટલ્મેન્ટ.	૪.૪	બીજા દેશો	૧૨.૨
			૧૦૦

સરકારનો સ્ટોર—અત્યાર લગી આપણે આયાત અને નિકાશ વેપાર પૈકી ખાનગી વેપારની બાબતમાં વિચાર કર્યો. હવે સરકાર કેટલો માલ મંગાવે છે તે વિષે કહીએ છીએ. એની વધારે તપશીલ આપવાની જરૂર નથી. કારણ કે એ માલ થોડો હોય છે અને સરકારના ઉપયોગ માટેજ મંગાવવામાં આવે છે.

પહેલે તો એ માલ દર વરસે કેટલી કીમતનો આવ્યો અને ગયો તે દેખાડવા સારૂ થોડીક હકીકત આપીએ છીએ.

	રૂપિઆનો માલ આવ્યો.	માલ ગયો.
સને ૧૮૭૫-૭૬	૧,૭૭,૮૯,૮૯૦	૧૩,૧૧,૮૨૦
સને ૧૮૮૧-૮૨	૨,૧૨,૧૨,૯૦૦	૬,૮૮,૫૧૦
સને ૧૮૯૧-૯૨	૨,૮૪,૪૯,૨૬૨	૨૮,૧૦,૮૧૫
સને ૧૮૯૩-૯૪	૩,૧૦,૦૪,૭૪૮	૧૩,૧૨,૩૪૩

કઇ જાતનો માલ કેટલી કીમતનો આવ્યો તેની હકીકત નીચે પ્રમાણે છેઃ—

સને ૧૮૭૫-૭૬. ૧૮૯૧-૯૨. ૧૮૯૩-૯૪
આંકડા હજાર રૂપિઆના છે.

હથિયારો	૧૨૮૮	૫૦૨૦	૧૭૬૩
ખનિજ કોયલા	૧૫૯	૫૮૦	૬૨૬
ઓસડો	૫૮૩	૨૦૨	૨૧૯
ચામડાંનો સામાન	૬૯૭	૨૨૨	૧૪૬
દારૂ	૩૧૦૦	૭૩	૧
યંત્રો	૪૮૨	૬૮૪	૮૮૯
ધાતુ અને ધાતુનો સામાન	૧૨૯૬	૪૮૭૩	૫૭૨૦
કાગળ અને સ્ટેશનરી	૮૭૭	૬૮૭	૭૨૭
રેલવેનો સામાન	૪૭૯૩	૧૦૨૧૨	૧૦૯૧૫
તારનો સામાન	૨૮૫	૯૫૧	૭૪૩
ઊનનો સામાન	૨૪૯૫	૧૧૨૮	૧૩૬૩
પરચૂરણ	૧૭૩૧	૩૮૧૧	૭૫૨૫

વેપારની બાકી.—વેપારના સંબંધમાં આ દેશને લગતી વિશેષ બાબત એ છે કે પરદેશમાં બનેલો માલ હિંદમાં ખપે છે તેની કીમત કરતાં ઘણી વધારે કીમતનો માલ આ દેશમાં ઉત્પન્ન થઇ પરદેશમાં ખપે છે. આ દેશમાં માલ તૈયાર કરવાનાં કારખાનાં બહુ થોડાં છે અને તે યૂરોપી લોકોએ કહાડેલાં હોયછે અથવા તેમની દેખાદેખી અહીંના લોકે કહાડેલાં હોય છે; એ કારણથી પરતો

પાકો માલ અહીં તૈયાર ન થતાં દેશમાં તેનો પુષ્કળ જથ્થો થવા માટે પરદેશથી વેચાતો લઇને આણવો પડે છે. આ દેશની સ્થિતિ એવી છે કે અહીં જોઇએ તેટલો કાચો માલ પેદા થઈ શકે છે અને ઉષ્ણ તથા સમશીતોષ્ણ કટિબંધમાંની તમામ જાતની જણસો આ દેશમાં થાય છે. ખેતીનો માલ પણ પુષ્કળ થાય છે અને તેની ખપત પણ યૂરોપના દેશોમાં અને બીજા દેશોમાં પુષ્કળ થાય છે તેથી પુષ્કળ માલ પરદેશ જાય છે. હિંદના લોકોની સ્થિતિ અને રહેણી બહુજ સાદી છે; સંસારવ્યવહારમાં તેમને ઝાઝી વસ્તુઓનો ખપ પડતો નથી તેથી જે માલ પરદેશ જાય છે તેના કરતાં પરદેશથી બહુ ઓછો માલ આવે છે. જેટલો માલ પરદેશ જાયછે તેટલી કીમતનો માલ પાછો ન આવ્યાથી બીજા દેશોની કને હુમેશ હિંદનું ઓછું વધતું લહેણું રહે છે. એ બાકીનો વેપારી રીતનો બદલો આવતો નથી એ બાકીનો નિકાલ આ પ્રમાણે કરવામાં આવે છે:—(૧) બાકીના થોડાક અંશ પેટે સોનું અને રૂપું આવે છે. અનેક ઐતિહાસિક કારણોથી આ દેશના લોકોને દાગીના અથવા નાણાના રૂપમાં દ્રવ્ય એકઠું કરી પોતાની પાસે રાખી મૂકવાની ટેવ પડેલી છે; તેથી બાકીપેટે સોનું રૂપું આવે છે તેમાંનું થોડુંક શિક્કા પાડવામાં ખપે છે અને થોડુંક ઘરેણાં કરાવવામાં ખપે છે. (૨) હિંદની રાજ્યવ્યવસ્થા ખાતે ઇંગ્લાંડમાં જે ખર્ચ થાય છે અને તેને માટે અહીંથી જે રકમ ત્યાં મોકલવી પડે છે તેની ગોઠવણ આ બાકીની થોડીક રકમમાંથી પરભારી કરવામાં આવે છે. ઇંગ્લાંડ ગયેલા માલની કીમત પેટે ત્યાંના વેપારીઓને અહીં રકમ

મોકલવાની હોય છે અને હિંદ સરકારને હિંદના સ્ટેટ સેક્રેટરીપર ઉપર કહ્યા પ્રમાણે ઈંગ્લાંડ રકમ મોકલવાની હોય છે તેથી એવી ગોઠવણ કરવામાં આવે છે કે સ્ટેટ સેક્રેટરી વેપારીઓ કનેથી ઈંગ્લાંડમાં પૈસા લઇ તેમને હિંદસરકારની તીજોરીપર હુંડીઓ આપે છે; વેપારીઓ તે હુંડીઓ હિંદમાં વટાવી તેનાં નાણાં માલની કીમત પેટે જમે કરે છે. હિંદ સરકારને કિયાં કારણસર ઈંગ્લાંડ પૈસા મોકલવા પડે છે તેની હકીકત જમાબંદીના ભાગમાં આપેલી છે તેથી તે વિષે અહીં ફરીને કહેવાની જરૂર નથી. રાજ્યવ્યવસ્થાનો ખર્ચ, લશ્કરનો ખર્ચ હિંદની સાંપત્તિક સ્થિતિ સુધારવા માટે સરકારે પંડે અથવા કંપનીઓને બાંહેધરી આપી ઈંગ્લાંડમાં કરજે નાણાં કહાડી આગગાડી, નહેરો, વગેરે કામો કરાવ્યાં છે તેના વ્યાજનો ખર્ચ, ઈત્યાદિ અનેક ખર્ચ કરવો પડે છે. (૩) એ સિવાય ખાનગી લોકોએ પણ આ દેશમાં કારખાનાં કહાડવા માટે વિલાયતમાં ઘણું કરજ કરેલું છે અને તેના વ્યાજની રકમ ત્યાં મોકલવી પડે છે તેનો નિકાલ કરવામાં પણ વેપારની બાકી કામ લાગે છે. એમ વેપારની બાકીવડે હિંદની રાજ્યવ્યવસ્થાના સંબંધમાં અથવા સાંપત્તિક સ્થિતિ સુધારવા માટે થયેલા ખર્ચના સંબંધમાં જે રકમ ઈંગ્લાંડ મોકલવાની હોય છે તેનો નિકાલ થાય છે. હવે વેપારની બાકી કેટલી રહે છે, તેને પેટે સોનું તથા રૂપું કેટલું આવે છે, અને સરકારી તથા ખાનગી દેવામાં કેટલી રકમ જાય છે તેની હકીકત આપણે આપીએ છીએ. હેઠલા પત્રકમાં સને ૧૮૭૦-૭૧ થી સને ૧૮૯૨-૯૩ લગીની હકીકત આપેલી છે.

હિંદના વેપારની બાકીનું કોષ્ટક સને ૧૮૭૦-૭૧ થી સને ૧૮૯૨-૯૩ ની આખર લગી. આંકડા લાખ રૂપિઆના છે.

	૧૮૭૦-૭૧ થી ૧૮૭૪-૭૫	૧૮૭૫-૭૬ થી ૧૮૭૯-૮૦	૧૮૮૦-૮૧ થી ૧૮૮૪-૮૫	૧૮૮૫-૮૬ થી ૧૮૮૯-૯૦	૧૮૯૦-૯૧	૧૮૯૧-૯૨	૧૮૯૨-૯૩
વેપારી માલ— પરદેશ ગયો-સોના રૂપા સિવાય.	૨૮૫૧૫	૩૧૨૪૭	૪૧૧૪૬	૪૬૩૪૦	૧૦૦૨૨	૧૦૮૧૭	૧૦૬૫૭
આવેલો માલ-સરકારી સ્ટોર સિવાય.	૧૬૦૯૦	૧૮૮૧૧	૨૫૩૧૫	૩૦૫૯૮	૬૯૦૩	૬૬૫૮	૬૨૬૧
કેટલો માલ પરદેશ વધારે ગયો તે.	૧૨૪૨૪	૧૨૪૩૬	૧૫૮૩૦	૧૫૭૪૧	૩૧૧૯	૪૧૫૮	૪૩૯૫
પૈકી બાદ હોમ ચાર્જીસ વગેરે માટે.	૬૦૫૦	૮૮૦૫	૧૦૩૬૯	૧૦૧૭૩	૨૫૧૨	૨૫૬૧	૨૬૬૧
—સોનું અને રૂપું શિલકમાં રહ્યું તે—							

સોનું..................	૧૧૬૮	૩૦૭	૨૩૫૬	૧૫૩૬	૫૬૩	૨૪૧	૨૮૧
રૂપું..................	૧૫૩૧	૩૫૨૭	૩૦૪૦	૪૮૧૭	૧૪૧૭	૫૦૨	૧૩૮૬
હિંદની લહેણી રહેલી રકમ	૩૭૬	૧૯૧	૬૪	...	...	૪૫૩	૬૨૮
હિંદની દેવી રહેલી રકમ..	...	...	...	૭૮૧	૧૩૭૪	...	...
સાલની સરાસરી—વેપારની બાકી....	૨૪૮૮	૨૪૮૭	૩૧૬૬	૩૧૪૮	૩૧૧૯	૪૧૫૮	૪૩૯૫
,, હોમ ચાર્જીસ વગેરે માટે મોકલેલી રકમ...	૧૧૧૦	૧૬૮૧	૨૦૭૩	૨૦૩૪	૨૫૧૨	૨૫૬૧	૨૬૬૧
,, સોનું રૂપું શિલક-માં રહ્યું તે...... ...	૫૩૯	૭૬૬	૧૦૭૯	૧૨૭૦	૧૯૮૧	૧૧૪૩	૧૧૦૫
,, હિંદનું લહેણું......	૭૩૫	૩૯	૧૨	...	...	૪૫૩	૬૨૮
,, હિંદનું દેવું	...	...	...	૧૫૭	૧૩૭૪	...	...

ઉપલા કોષ્ટકમાંની વિગત સને ૧૮૭૦-૭૧ થી સને ૧૮૯૨-૯૩ લગીની છે. સર રિચર્ડ ટેમ્પલ હિંદ સરકારનો ફિનાન્સ મેમ્બર હતો તેવારે તેણે સને ૧૮૩૫ થી સને ૧૮૭૧ લગી વેપારની બાકી શી બાબતની કેટલી રહેછે તેનો હિસાબ કરી તેની તપશીલ નીચે પ્રમાણે આપી હતી. એ ૩૬ વરસમાં ૧૦૧૨ કરોડ રૂપિઆનો વેપારી માલ પરદેશ ગયો અને ૫૮૩ કરોડ રૂપિઆનો માલ પરદેશથી આ દેશમાં આવ્યો; એ મુદ્દતમાં ૩૧૨ કરોડ રૂપિઆનું સોનું તથા રૂપું આવ્યું હતું અને ૩૭ કરોડ રૂપિઆનું પરદેશ ગયું હતું; અર્થાત્ ચોખ્ખા ૨૭૫ કરોડ રૂપિઆનું સોનું તથા રૂપું આ દેશમાં રહ્યું હતું: હિસાબ ગણતાં ૧૫૪ કરોડ રૂપિઆનો વેપારી રીતનો અવેજ આવ્યો નહોતો, અર્થાત્ એટલી બાકી રહી હતી. એમાંથી હિંદ ખાતાના સ્ટેટ સેક્રેટરીની માર્ફત ઈંગ્લાંડમાં ૧૧૩ કરોડ રૂપિઆ ખર્ચ થયો હતો તે બાદ જતાં ખરેખરી બાકી ૪૧ કરોડ રહી. એ રકમ વડે ખાનગી વેપારને માટે કરેલા કરજનું વ્યાજ, અહીંના નોકરોએ બચાવેલી રકમ ઈંગ્લાંડ મોકલવાની હોય છે તે, માલનું ભાડું, અને બીજા કરજનો નિકાલ કર્યો હતો.

સને ૧૮૭૦-૭૧ થી સને ૧૮૯૨-૯૩ લગી સોનું રૂપું આવ્યું અને પરદેશ ગયું તેનો હિસાબ ગણતાં આ દેશમાં ૫૮ કરોડ ૮૦ લાખ રૂપિઆનું સોનું રહ્યું અને ૧૬૫ કરોડ ૨૩ લાખ રૂપિઆનું રૂપું રહ્યું; અર્થાત્ સોનું રૂપું મળીને ૨૨૪ કરોડ ૩ લાખ રૂપિઆનું રહ્યું. એ ચોવીસ વરસની સરાસરી કહાડતાં દર વરસે ૯ કરોડ ૭૪ લાખ રૂપિઆનું

સોનું તથા રૂપું આવ્યું. તેની પહેલાંના સમયનો વિચાર કરતાં સને ૧૮૩૯–૪૦ થી સને ૧૮૫૪–૫૫ લગી દર વરસે અઢી કરોડનું અને તેની પછીનાં પંદર વરસમાં એટલે સને ૧૮૫૫–૫૬ થી સને ૧૮૬૯–૭૦ લગી દર સાલ ૧૫ કરોડ રૂપિઆનું સોનું તથા રૂપું આવ્યું હતું. આ પાછલી મુદ્દતમાં ઘણી ભાંગફોડ થઈ હતી. બળવાને લીધે ઘણો ખર્ચ થયો હતો અને તે પછી રાજ્યકારભારની સારી વ્યવસ્થા કરવાનો ખર્ચ વધ્યો અને રેલવે વગેરે બાંધકામો કરવા સારૂ કરજ કરવામાં આવ્યું; અમેરિકાની લડાઇને લીધે અહીંનું પુષ્કળ રૂ ઈંગ્લાંડ ગયું હતું; તેની કીમતનો અવેજ પણ આવ્યો હતો; એ સઘળી બાબતોને લીધે એ મુદ્દતમાં આ દેશમાં પુષ્કળ પૈસો આવ્યો અને તેને લીધે સોના તથા રૂપાની સરાસરી ઘણી વધી. એની પછીની મુદ્દતમાં ૯ કરોડ ૭૪ લાખ રૂપિઆની સરાસરી આવે છે એવું ઉપર કહ્યું છે. સોનું તથા રૂપું કેટલું આવ્યું હતું તે ઉપલા કોષ્ટકમાં બતાવ્યું છે. સને ૧૮૯૨–૯૩ લગી દર સાલ સોનું તથા રૂપું બંને આવતાં હતાં. એ વરસમાં માત્ર સોનું આવ્યું તેના કરતાં ૨ કરોડ ૮૧ લાખ રૂપિઆનું સોનું વધારે ગયું. સોનાના પ્રમાણમાં રૂપાનો ભાવ હમણા બહુ ઘટી જવાથી હિંદમાં સને ૧૮૮૫–૮૬ થી વધારે રૂપું આવવા માંડયું અને આવેલા રૂપાના બહુધા રૂપિઆ પાડવામાં આવ્યા.

વેપારનાં વાહનો:—દરિયાપરના વેપારમાં વહાણો અ-

ને આગબોટો કેટલાં કામે લાગ્યાં હતાં તેની વિગત નીચે પ્રમાણે છેઃ—

આવેલાં વહાણો.

સને	૧૮૭૫-૭૬	૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨
બ્રિટિશ...........	૧૬૫૨	૨૩૬૭	૨૩૨૫
બ્રિટિશ-ઇંડિઅન..	૨૧૦૬	૧૪૭૮	૯૫૩
પરદેશી...........	૮૧૭	૮૧૨	૭૨૧
દેશી..............	૧૬૮૪	૧૮૦૩	૧૬૮૭
કુલ.	૬૨૫૯	૬૪૬૦	૫૬૮૬
તેઓનું બારદાન કેટલા ટનનું હતું તે—	૨૬,૨૫,૯૨૩	૩૬,૩૨,૨૪૮	૪૩,૦૮,૩૭૫

ગયેલાં વહાણો

બ્રિટિશ.	૧૭૯૬	૨૪૯૪	૨૩૩૫
બ્રિટિશ-ઇંડિઅન.	૧૮૬૪	૧૩૯૦	૯૭૭
પરદેશી..........	૮૮૭	૭૮૭	૬૪૫
દેશી.............	૧૬૫૪	૧૬૧૧	૧૫૧૫
કુલ.	૬૨૦૧	૬૨૮૨	૫૪૭૨
તેઓનું બારદાન કેટલા ટનનું હતું તે......	૨૭,૯૯,૦૬૩	૩૭,૩૬,૬૩૮	૪૨,૮૨,૨૭૬

એમાં સને ૧૮૯૧-૯૨ માં આગબોટો ૮૦ ટકા હતી. સને ૧૮૮૧-૮૨ માં એ પ્રમાણ ૬૨ ટકા હતું. વહાણોની સંખ્યા ઓછી થઇ છે એટલે પહેલાં કરતાં વહાણો મોટાં થયાં છે. દેશી વહાણો ઓછાં થયાં છે.

हिंदनां बंदरोनो परस्पर वेपार—આ દેશનો વેપાર પરદેશો જોડે ચાલે છે તે સિવાય દેશમાં ને દેશમાંજ જુદાં જુદાં બંદરોનો એક એક જોડે વેપાર ચાલે છે. એ વેપાર ત્રણ રીતે ચાલે છે. (૧) દેશમાં પેદા થતી જણસો જરૂર પ્રમાણે જુદા જુદા પ્રાંતોમાં અદલબદલ કરવી, (૨) તે વસ્તુઓ પરદેશ મોકલવા માટે મુખ્ય બંદરે આણવી, અને (૩) પરદેશથી આવેલો માલ જુદા જુદા પ્રાંતોમાં મોકલી દેવો. આ વેપાર ચલાવનારાં બધાંજ બંદરો ઇંગ્રેજી હદમાં નથી. કેટલાંક દેશી સંસ્થાનોની હદમાં છે. ગોવા, પોંદીચરી, વગેરે કેટલાંક બંદરો પરરાજ્યનાં છે.

એ વેપાર કેટલો ચાલે છે તે હેઠળના આંકડાપરથી જણાશે. આંકડા લાખ રૂપિઆના છે.

આયાત વેપાર. સને	૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨	૧૮૯૩-૯૪
વેપારી માલ......	૨૪૪૨	૩૨૦૦	૩૫૧૧
સોનું રૂપું.........	૨૮૮	૨૮૬	૧૨૨
	૨૭૩૧	૩૪૮૬	૩૬૩૩
નિકાશ વેપાર.			
વેપારી માલ......	૨૨૭૭	૩૦૨૯	૩૦૫૦

સોનું રૂપું........	૨૯૬	૨૭૨	૧૬૦
	૨૫૭૩	૩૩૦૧	૩૨૧૦

આયાત તથા નિકાશ.

વેપારનો સરવાળો....	૫૩૦૪	૬૭૮૭	૬૮૪૩

એમાં સરકારી માલ જાય છે અને આવે છે તેનો સમાવેશ થતો નથી.

અનાજ, રૂ, સૂતરાઉ માલ, તાગનો સામાન, મસાલો, તેલિયાં બીઆં, ખાવાના પદાર્થો, મીઠું, સાગ અને બીજાં ઇમારતી લાકડાં, નાળિએર અને કોપરાં, તમાકુ, તાગ, ખાંડ, તેલ, કાફી, ચામડાં, દારૂ, ખનિજ કોયલા, અને ચા એ વેપારની જણસો છે.

આ વેપારમાં જુદા જુદા પ્રાંતોની કેટલીક વિશેષ હકીકત છે તે લંબાણ થવાના ભયથી મૂકી દીધી છે. પ્રાંતોમાંનાં મુખ્ય પાંચ બંદરોનો કેટલો વેપાર ચાલે છે તે માત્ર આહીં આપણે જણાવીએ છીએ.

આંકડા લાખ રૂપિઆના છે.

આયાત વેપાર–સને	૧૮૮૧–૮૨	–૧૮૯૧-૯૨.	૧૮૯૨-૯૩
બંગાળા................	૨૫૦	૫૪૮	૫૬૫
મુંબાઈ............ ...	૯૭૨	૧૨૩૧	૧૫૫૧
સિંધ....................	૧૯૮	૨૫૫	૨૭૪
મદ્રાસ..........	૮૨	૬૬૪	૬૫૩
બ્રહ્મદેશ.................	૧૯૨	૪૯૯	૪૬૭

	અને ૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
નિકાશ વેપાર—			
બંગાળા.............	૪૫૮	૮૪૮	૯૦૭
મુંબાઇ...................	૬૩૧	૧૨૫૯	૧૩૮૯
સિંધ.................. ...	૯૭	૧૩૬	૧૩૩
મદ્રાસ..................	૫૫	૫૨૬	૫૦૪
બ્રહ્મદેશ.............. ...	૭૮	૨૫૮	૪૧૫

આ હકીકત માત્ર ખાનગી વેપારી માલની છે.

એપરથી મુંબાઇ અને સિંધ પ્રાંતને હિસ્સે લગભગ નીમે વેપાર આવે છે. એનું કારણ એ છે કે એ પ્રાંતોમાં વહાણો ચાલે એવી મોટી નદીઓ નથી અને કિનારાપરનો ભાગ રસાળ અને આબાદ છે તેથી સમુદ્ર કિનારેથી વેપાર બેશ ચાલે છે. સિંધ પ્રાંતનો માલ મુંબાઇમાં ખપે છે અને સિંધને બીજા પ્રાંતોનો માલ મુંબાઈની માર્ફત મળે છે. બંગાળાની સ્થિતિ એનાથી જુદી છે. એ ઈલાકામાં વહાણો ચાલે એવી નદીઓ પુષ્કળ હોવાથી તે માર્ગે ઘણો વેપાર ચાલે છે. એ પ્રાંતના કિનારાપર સારાં બંદરો નથી અને કિનારાપરનો ભાગ પણ દરિદ્રી છે, તેથી કિનારાપર ઝાઝો વેપાર ચાલતો નથી. મદ્રાસના કિનારાની સ્થિતિ બહુધા એવીજ છે, તેથી એ ઈલાકામાં ઘણો વેપાર ખુશ્કીને રસ્તે ચાલે છે. બ્રહ્મદેશનો વેપાર ઘણું કરીને બંગાળા ઈલાકા એ-ટેજ ચાલે છે.

એ વેપારના ત્રણ ભાગનો વેપાર આગબોટો વડે અને એક ભાગનો વેપાર વહાણો વડે ચાલે છે. પહેલાંના પ્રમા-

ણુમાં આગબોટો વધતી જાય છે.

પરદેશો જોડે ખુશ્કીને માર્ગે ચાલતો વેપાર.– હિંદની ઉત્તરે જે દેશો છે તેમની જોડે પણ થોડો વેપાર ચાલેછે.

વેપારનો હિસાબ રાખવાનો પ્રયત્ન ચાલે છે, પરંતુ સમુદ્રપરના વેપારના સંબંધમાં તે જેવો ભરોસો રાખવા લાયક હોયછે તેવો હોતો નથી. એ વેપાર કેટલો ચાલે છે તેની વિગત આગળ આવશે. પહેલે તો વેપાર કિયા દેશો જોડે ચાલે છે અને મુખ્યત્વે કઈ જણસોનો ચાલે છે તેનું વર્ણન આપણે કરીએ છીએ. વાયવ્ય સરહદ્દપર બલૂચીસ્તાન અને અફ્ગાનીસ્તાન અને મધ્ય એશિઆના દેશો-જોડે ત્રણ રસ્તે વેપાર ચાલે છે. ખિલાત, કંદહાર, વગેરે ભાગોનો વેપાર બોલનઘાટને રસ્તે ચાલે છે. ગિજની વગેરે-ના વેપારીઓ ગુમાલઘાટને રસ્તે દેરાઈસ્માઇલખાન આવે છે. કાબુલના વેપારીઓ ખૈબરઘાટમાં થઈ પેશાવર આવે છે. અફ્ગાનીસ્તાનથી રેશમ, સૂકાં ફળ, મજીઠ અને બીજા રંગ, ઓસડો, ઊન, વગેરે પદાર્થો આવે છે. અહીંથી ત્યાં કાપડ ચા, ગળી, અને મીઠું જાય છે.

મધ્ય એશિઆના દેશોજોડે વેપાર ચાલે છે. એમાંનો થોડોક વેપાર કાશ્મીરને રસ્તે લાડક, યારકંડ, કાશગર, વગેરે જોડે ચાલેછે. એની લેવડદેવડ અમૃતસર અને જલંદરમાં થાય છે. કાશ્મીરથી શાલનું ઊન, તસર, રેશમ, સોનું તથા રૂપું, વગેરે માલ આવે છે. કાપડ, ધાન્ય, ધાતુ, મીઠું, ચા, અને ગળી ત્યાં જાય છે.

નેપાળનો વેપાર સરહદપરનાં ગામડાંના બજારોમાં ચાલે છે. નેપાળમાં તમામ જાતના માલપર જકાત લેવામાં આવે છે. વેપારનો મુખ્ય રસ્તો પાટણીથી નીકળી ખટમંડુમાં જાય છે; ત્યાંથી આગળ તેના બે રસ્તા ફૂંટાઈ ટિબેટમાં જાય છે. નેપાળથી ધાન્ય, તેલિયાં બીઆં, જનાવરો, ઇમારતી લાકડાં, અને શીંગડાં આવે છે. સૂતરાઉ, ઊનનું, અને રેશમી કાપડ, મીઠું, ધાતુ, રૂ, ખાંડ, અને મસાલાનો સામાન ત્યાં જાય છે.

અગ્નિકોણમાં ભૂતાનથી મણીપુર લગીના ભાગમાં જે ડુંગરી લોકો વસે છે તેમની જોડે થોડો વેપાર ચાલે છે. એ લોકો ચોખા, કાપડ, મીઠું, ધાતુ વગેરે લે છે, અને રૂ, રબર, લાખ, મીણ, વગેરે જંગલી માલ આપે છે.

શિઆમ અને ચીન જોડે જમીનને રસ્તે બ્રહ્મદેશનો વેપાર ચાલે છે તેનો હિસાબ રાખવાનો પ્રયત્ન ચાલુ છે.

જમીનને રસ્તે પરદેશો જોડે વેપાર ચાલે છે તેની હકીકત હેઠળ આપી છેઃ-

	નિકાશ વેપાર.		આયાત વેપાર.	
	આંકડા હજાર રૂપિઆના છે.			
સને	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨
ખિલાતઅનેકંદહાર	૨૨૫૧	૫૯૨૨	૮૭૩	૬૦૦૩
કાબુલ...........	૮૩૮૯	૬૫૩૬	૨૭૮૨	૨૧૮૧
કાશ્મીર...	૩૫૯૧	૬૬૧૬	૪૯૫૯	૬૫૦૫
ટિબેટ......	૨૧૯	૪૯૫	૬૪૨	૧૩૦૬
નેપાળ ...	૮૬૯૭	૧૩૫૮૫	૧૩૮૯૫	૧૬૪૫૦

સને	૧૮૮૧–૮૨	૧૮૯૧–૯૨	૧૮૮૧–૮૨	૧૮૯૧–૯૨
ભૂતાન......	૧૨૮	૨૨૭	૨૮૫	૩૩૦
શિઆમ ...	૧૫૦૪	૭૦૯.	૩૧૯	૪૮૮
શાન સંસ્થાનો	૨૭૬	૧૭૪૩	૬૦૬	૨૬૦૧.
પશ્ચિમ ચીન	...	૧૦૪૫	...	૪૬૩
જમીનને રસ્તે ચાલતો એકંદર વેપાર*......	૨૮૪૮૪	૪૦૫૩૬	૩૪૨૨૦	૪૨૪૦૮

દેશમાં ને દેશમાં જે વેપાર ચાલેછે તેની વિગત આપી શકાય તેમ નથી. ગામડાંમાંથી માલ એકઠો કરી જુદે જુદે ઠેકાણે ભેગો કરી છેવટે મુખ્ય બંદરે મોકલવો, પરદેશથી આવેલો માલ દેશના જુદા જુદા ભાગમાં મોકલવો, એકાદ પ્રાંતનો માલ બીજા પ્રાંતમાં લઇ જવો, વગેરે જાતની માથાફોડ થાય છે. એ વેપારની વિગત મળવી મુશ્કેલ છે. સને ૧૮૯૧ ની વસ્તીની ગણુતરીપરથી જણાય છે કે (પુરૂષો, સ્ત્રીઓ, અને છોકરાં મળી) ૪૭ લાખ માણસો વેપારવડે પોતાનું ગુજરાન ચલાવે છે.

---

* આ સરવાળામાં ઉપલાં તથા સરહદપરનાં બીજાં સ્થળો જોડે ચાલતા વેપારનો સમાવેશ થાય છે.

ભાગ ૧૫ મો.

પબ્લિક વર્ક્સ.

પબ્લિક વર્ક્સખાતાની ત્રણ શાખા છે, (૧) રેલવે, (૨) નહેરો, અને (૩) ઇમારતો તથા રસ્તા. રેલવે ખાતાની વ્યવસ્થા હિંદસરકારના હાથમાં છે; બાકીની બે શાખા પ્રાંતિક સરકારોના તાબામાં છે. ત્રણે શાખાનો ખર્ચ હેઠળ આપ્યો છે. આંકડા હજાર રૂપિઆના છે.

	સને ૧૮૯૧-૯૨		૧૮૯૪-૯૫ (બજેટ)	
	જમા.	ખર્ચ.	જમા.	ખર્ચ.
રેલવે.....	૧૯૯૩૮૦	૨૦૨૫૩૯	૨૦૪૦૮૪	૨૨૫૩૮૩
નહેરો......	૨૨૭૨૦	૨૯૪૫૦	૨૪૬૩૮	૨૯૦૯૪
રસ્તા અને ઇમારતો...	૬૨૭૧	૬૨૦૮૭	૬૨૯૨	૫૪૮૯૧
લશ્કરી.....	(૪૯૭)	(૧૨૧૪૫)	(૪૬૮)	(૧૦૦૬૮)
સિવિલ.....	(૫૭૭૩)	(૪૯૯૪૨)	(૫૮૨૪)	(૪૪૮૨૩)
એકંદર....	૨૨૮૩૭૨	૨૯૪૦૭૬	૨૩૫૦૧૪	૩૦૯૩૬૮

રેલવે.

આ દેશમાં રેલવે બાંધવાની શરૂઆત લૉર્ડ ડલહૂસીની કારકીર્દીમાં થઈ. ઉતારૂઓને આગગાડીમાં પહેલ વહેલા સને ૧૮૫૩ માં મુંબાઇ અને થાણાની વચ્ચે લઈ જવા લા-

વવા માંડ્યા. તે પછીના વરસમાં ઈસ્ટ ઇંડિઆ રેલવેએ કલકત્તાથી ૩૮ મૈલનો રસ્તો શરૂ કર્યો. સને ૧૮૫૬ માં મદ્રાસ રેલવેએ પહેલ વહેલો ૬૫. મૈલનો રસ્તો ખુલ્લો મૂક્યો. સને ૧૮૬૧ માં સૌથ ઇંડિઅન રેલવેનો આરંભ થયો. સને ૧૮૫૩ માં રેલવે ૨૦ મૈલ હતી; સને ૧૮૬૧માં ૧,૫૮૮ મૈલ, સને ૧૮૭૧ ની આખરે ૫,૦૭૭½ મૈલ, સને ૧૮૮૧ ની આખરે ૯,૮૯૨ મૈલ સને ૧૮૯૧ ની આખરે ૧૭,૨૮૩ મૈલ, અને સને ૧૮૯૩ ની આખરે ૧૮૪૫૯ મૈલ ખુલ્લી હતી. એ૫રથી રેલવેનો વિસ્તાર કેટલો થયો છે તે જણાશે.

રેલને ત્રણ રીતે બાંધવામાં આવે છે.

(૧) કંપનીઓને વ્યાજની બાંહેધરી આપીને તેમની માર્ફત.

(૨) કંપનીઓને થોડી મદદ આપીને.

(૩) સરકારની માર્ફત.

જે કંપનીના ભાગીદારોને સરકારે વ્યાજની બાંહેધરી આપી હતી તે કંપનીઓએ રેલવે બાંધવાની પહેલ વહેલી શરૂઆત કરી હતી. તેની પહેલાં હામી વગર ખાનગી કંપનીઓએ રેલવે બાંધવા વિષે સને ૧૮૪૩ થી ભાંજગડ ચાલુ થઇ હતી, પરંતુ તેનું કાંઇ પરિણામ આવ્યું નહોતું; તેથી કંપનીઓને વ્યાજની બાંહેધરી આપવાની પદ્ધતિ સને ૧૮૪૯ થી શરૂ થઇ, તે પ્રમાણે મુંબાઈ, મદ્રાસ, અને કલકત્તા એ ત્રણ રાજધાનીઓને જોડનારી રેલવેની શરૂઆત એવી કંપનીઓએ કરી અને તે પૂરી થઈ રેલવેની

માર્ફત તે શહેરોનો પરસ્પર પ્રત્યક્ષ સંબંધ સને ૧૮૭૧ માં જોડાયો.

હવે બાંહેધરીના ઠરારની શરતો વિષે થોડુંક કહેવાની જરૂર છે. પહેલે તો સરકારે વ્યાજની બાંહેધરી ૯૯ વર્ષની મુદતને માટે આપી હતી; તે પ્રમાણે હિસ્સાથી કહાડેલા કરજનું સેંકડે પાંચ ટકા વ્યાજ આપવાની અને ડીબેન્ચરથી કહાડેલા કરજનું કાંઇક ઓછે દરે વ્યાજ આપવાની કબૂલાત આપી હતી; તે સિવાય જમીન મફત આપી હતી. એવી કંપનીઓ સરકારની દેખરેખ તળે કામ કરે છે અને ચોખી ઉપજમાંથી પૂરેપૂરૂં વ્યાજ આપી શકાતું નથી તેવારે સરકાર ખોટ ભરી આપે છે અને ઉગારો પડે છે તો તે સરકાર અને કંપની અડધોઅડધ વહેંચી લે છે. એ કંપનીઓ રેલવેમાં ટપાલ મફત લઇ જવાને અને લશ્કર તથા સરકારી સ્ટોરનો સામાન ઓછે દરે લઇ જવાને બંધાયલી છે. રેલવેનો તમામ વ્યવહાર રૂપિએ એક શિલિંગ અને દશ પેન્સના ભાવે ચાલે છે; પરંતુ બચેલી રકમ વિલાયત મોકલવાની હોય તે તે વખતે હુંડીઆમણનો જે દર હોય તે પ્રમાણે મોકલવી પડે છે. એ પ્રમાણે બાંધેલી રેલવે ઠરાવેલી મુદતમાં, ઉદાહરણ, ૨૫,૫૦, કે ૧૦૦ વર્ષે સરકાર વેચાતી લઇ શકે છે. તેમજ રેલવે લઈ સરકારે અમારા ભંડોળના પૈસા આપવા એવું કહેવાની કંપનીઓને છૂટ છે. તે વેચાતી લેવામાં ભંડોળ (ભાગની કીમત પાછલાં ત્રણ વરસની સરાસરી લઈ જે આવે તે દરે) સરકારે આપવાનું છે; અથવા ૯૯ વરસમાંની બાકી રહેલી મુદત લગી ભાગી-

દારોને આન્યુઇટી (વર્ષાસન) આપે તો ચાલે. ૯૯ વરસ પૂરાં થયે બાંહેધરી આપેલી કંપનીના રસ્તા, જમીન અને કારખાનાં, ગાડી, વગેરે તમામ સરકારને મળવાનું છે. સને ૧૮૬૯–૭૦ માં હામી આપવાના નિયમમાં ઉગારાના વિભાગ પાડવાના સંબંધમાં ફેરફાર થયો અને ૨૫ વરસે રેલવે વેચાતી લેવાનો હક્ક સરકારે છોડી દીધો. આ નવી ગોઠવણ બાંહેધરીવાળી કંપનીઓમાંની ત્રણ કંપનીઓએ કબૂલ કરી. ત્યારપછી જુદી જુદી કંપનીઓ જોડે જુદી-જુદી તરેહના ઠરાવ થયા છે. ઇસ્ટર્ન બંગાલ રેલવેને ૩½ ટકાનાજ વ્યાજની હામી આપેલી છે, અને તેને ઉગારાનો ચોથો હિસ્સો મળવાનો છે. ભાગની રકમ બરાબર આપી એ રેલવે મળવાનો સરકારનો હક્ક સને ૧૯૦૫ માં થશે; અને તે પછી દશ દશ વરસે એ રેલવે વેચાતી લેવાની સરકારની સત્તા રહેશે. સધર્ન મરાઠા રેલવેને પણ એવીજ બાંહેધરી આપેલી છે અને સરકારે તે વેચાતી લેવાની મુદ્દત ૨૫, ૩૫ કે ૪૫ વરસની ઠરાવેલી છે. બંગાળ–નાગપુર અને ઇંડિઅન મિડલાન્ડ રેલવેને ૪ ટકાના વ્યાજની હામી આપેલી છે. રેલવે બાંધવા માટે અથવા કંપનીઓને કરજે નાણું આપવા માટે એક કરોડ પૌંડ લગી કરજ કહાડવાનો સ્ટેટ સેક્રેટરીને ૫૧ વિકટોરિઆ ચા. ૫ ના કાયદાથી અધિકાર છે. (સને ૧૮૯૨ ના સપ્ટેંબર લગી) ૭૧,૩૦,૩૮૦ પૌંડનું કરજ કહાડયું હતું. એ રકમ બહુધા બંગાળ–નાગપુર અને સધર્ન મરાઠા રેલવે કંપનીનેજ આપી છે; કંપની કને એ રકમનું વ્યાજ લેવામાં આવે છે.

સરકાર પંડે કરજે નાણું કહાડી પોતાના નોકરોની માર્ફત સ્ટેટ રેલવે બાંધે છે. લૉર્ડ ડલહૂસીએ લાંબી મજલની મુખ્ય રેલવે ચાલુ કરી તે સર્વે પહોળા માપની (બ્રાડગેજ) છે. તે પછી લૉર્ડ મેયોએ ફીડર રેલવે એટલે મોટી રેલવેની શાખા નાના માપની કરી. એ રેલવે બહુધા સરકારી છે: સરકારે કરજ કહાડીને પોતાના નોકરોની માર્ફત એ રેલવે બંધાવી છે. હમણા આસિસ્ટેડ (મદદ આપેલી) કંપનીઓ તરફથી રેલવે બાંધવાનો ક્રમ પણ ચાલેછે. એ કંપનીઓને સરકાર થોડી મુદ્દત લગી હલકું બ્યાજ આપવાની હામી આપેછે, જમીન મફત આપે છે, અને બીજી કેટલીક સગવડ કરી આપે છે, અને હામી આપેલા બ્યાજ કરતાં વધારે પેદાશ થાય તો પહેલાં જે બ્યાજ આપવું પડ્યું હોય તેને બદલે તે લે છે. વળી ચાલુ જમા પૈકી કેટલીક રકમ સ્થાનિક રેલવે બાંધવામાં ખરચાય છે તેનો રેવિન્યુ હિસાબ રાખવામાં આવતો નથી. ફામીન ઇન્શુરન્સ ફંડમાંથી કેટલીક રકમ દુકાળીઆ પ્રાંતમાં રેલવે બાંધવામાં પણ ખરચાય છે; એ સંબંધી આજ લગી કેટલો ખર્ચ થયો તેની વિગત ૨૬૮ મે પાને આપેલી છે. કેટલાક દેશી રજવાડા પોતાને ખર્ચે રેલવે બાંધે છે. એ બાંધવાનું કામ પણ હિંદસરકારના નોકરોની માર્ફત અથવા બીજી કંપનીઓની એટલે જે કંપનીઓની રેલવે જોડે એ સંસ્થાનોની રેલવે આવીને મળેછે તેમની માર્ફત કરવામાં આપે છે.

બાંહેધરી આપેલી રેલવે બહુધા સરકારે વેચાતી લી-

ઘેલી છે. હમણાં ગ્રેટ ઇંડિઅન, બોમ્બે બરોડા, અને મદ્રાસ રેલવે માત્ર પહેલાંની કંપનીઓના હસ્તક છે.

રેલવે બાંધવાની કેવી તજવીજ થઇછે અને થાય છે તે વિષે અહીં લગી આપણે કહ્યું; હવે રેલવેની કેટલી પેદાશ થાયછે અને કેટલો ખર્ચ થાય છે, તથા માલ અને ઉતારૂઓ કેટલાં જાય છે તે દેખાડવા માટે એક કોષ્ટક આપીએ છીએ. એમાં વરસો વરસ કેટલો વધારો થતો ગયો છે તે બતાવવાને દશ દશ વરસને અંતરે થોડીક સાલોના આંકડા આપ્યા છે. છેલ્લા ૭ કોઠાના આંકડા લાખ રૂપિઆ અને ટનના છે.

વરસ. ડીસેંબરની આખરે.	ચાલુ રેલવેની લંબાઇ.	ખરચાયલું ભંડોળ.	ઉતારૂઓની સંખ્યા.	માલ કેટલો લઈ ગયા તેનું વજન	પેદાશ	ખર્ચ.	ચોખ્ખો નફો
	મૈલ.	લાખ રૂ.	લાખ	લાખ ટન	લાખરૂ	લાખરૂ	લાખરૂ
સને ૧૮૭૧ ...	૫૦૭૭½	૮૨૩૪	૧૮૮	૩૩	૬૧૪	૩૪૫	૨૬૮
સને ૧૮૮૧ ...	૯૮૯૨	૧૩૪૨૦	૫૨૨	૧૩૨	૧૩૭૨	૬૭૭	૬૯૫
સને ૧૮૯૧ ...	૧૭૨૮૩	૨૨૭૬૬	૧૨૧૯	૨૫૯	૨૩૯૦	૧૧૨૧	૧૨૬૮
સને ૧૮૯૩ ...	૧૮૪૫૯	......	૧૩૪૭	૨૮૭	૨૩૯૫	૧૧૨૭	૧૨૬૭

ઉપલા કોષ્ટકમાંની રકમોની થોડી વિગત આપવાની જરૂર જણાય છે. રેલવેના પ્રકાર ઉપર કહ્યા છે તે દરેક

પ્રકારની રેલવે અને તેની ઉપજ અને ખર્ચ કેટલો થાયછે તેની હકીકત આપણે આપીએ છીએ. એ હકીકત સને ૧૮૯૧ ની છે. એ વરસ લેવાનું કારણ એ છે કે એ દશ વાર્ષિક રીપોર્ટનું વરસ છે.

રેલવે કેટલી ચાલુ હતી તેની વિગત આ પ્રમાણે છેઃ- બાંહેધરીવાળી (ગારંટીડ) કંપનીઓનો રેલવે ૨,૫૮૭ મૈલ; મદદ આપેલી (આસિસ્ટેડ) કંપનીઓની રેલવે ૮૪૧ મૈલ; સરકારી (સ્ટેટ) રેલવે ૧૧,૫૨૦ મૈલ; દેશી સંસ્થાનોની રેલવે ૧,૪૩૩ મૈલ; કુલ ૧૭,૨૮૩ મૈલ ચાલુ હતી. (એ આકડાં સ્ટાટિસ્ટિકલ આબ્સ્ટ્રાકટમાંથી લીધા છે અને એમાં હામીવાળી કંપનીઓના સરવાળામાં અને તપશીલમાં ફેર છે.)

સને ૧૮૯૧.	ઉપજ હજાર રૂ.	ચાલુ ખર્ચ.
ગારંટીડ કંપનીઓ.	૭૬૨૦૩	૩૭૭૨૩
આસિસ્ટેડ કંપનીઓ.	૨૬૨૩	૧૪૬૮
સ્ટેટ રેલવે	૧૫૩૮૨૭	૬૯૨૬૩
દેશી સંસ્થાનોની રેલવે.	૬૪૧૯	૩૭૩૨
એકંદર	૨૩૯૦૭૨	૧૧૨૧૮૬

સને ૧૮૯૧ ની આખરે કિયા પ્રકારની રેલવે સારૂ કેટલું ભંડોળ ખરચાયું હતું તેની વિગત નીચે પ્રમાણે છેઃ-

	રૂપિઆ.
૧ સરકારે રેલવે બાંધી અથવા વેચાતી લીધી તેનો.	૧,૩૩,૫૪,૬૦,૭૪૦

૨ સરકારી રેલવે કંપનીઓના હુસ્તક કરાવેલી.	૨૮,૧૧,૩૭,૬૩૦
૩ ગારંટીડ કંપનીઓએ ખરચેલું.	૪૯,૨૦,૫૮,૬૮૦
૪ મદદ આપેલી કંપનીઓએ ખર્ચ કર્યો તે.	૫,૬૦,૭૦,૩૬૦
૫ દેશી સંસ્થાનોએ ખર્ચ કર્યો તે.	૮,૬૦,૦૨,૫૧૦
૬ પરરાજ્યોની રેલવે.	૧,૬૮,૯૦,૬૮૦
૭ રેલવેની સર્વે વગેરે કરવામાં થયેલો ખર્ચ.	૯૦,૭૭,૦૫૦
કુલ.	૨,૨૭,૬૬,૯૭,૬૫૦

રેલવેનો હિસાબ ડીસેંબરની આખર લગીનો હોય છે તે પ્રમાણે ઉપરની હકીકત સને ૧૮૯૧ ના ડીસેંબરની આખર લગીની આપેલી છે. સરકારી ઉપજ ખર્ચ માર્ચની આખર લગીનો હોય છે તે પ્રમાણે ૨૨૨ મા પાને ઉપજ ખર્ચના કોષ્ટકમાં આંકડા આપ્યા છે. રેલવેના સંબંધમાં તેનાથી જુદા પ્રકારની વિગત નીચે પ્રમાણે આપીએ છીએઃ-

	જમા હજાર રૂ.	ચાલુ ખર્ચ.	પરચૂરણ.
સ્ટેટ રેલવે.	૧૬૪૧૧૯	૮૨૧૪૫	૮૦૮૭૯
ગારંટીડ રેલવે.	૩૪૯૩૧		૩૮૨૬૩
મદદ આપેલી રેલવે.	૩૩૦		૩૩૧
પરચૂરણ ખર્ચ	...		૯૨૧
	૧૯૯૩૮૦		૨૦૨૫૩૯

સને ૧૮૯૧-૯૨ ની પહેલાંનાં દશ વરસના પ્રમાણમાં રેલવેનો કેટલો વધારો થયો છે તે જોતાં જણાય છે કે સને ૧૮૮૦-૮૧ માં રેલવે ૧૦૦ મૈલ હતી એમ ધારીએ તો સને ૧૮૯૧-૯૨ માં તે ૧૮૬ મૈલ થઈ; તેજ પ્રમાણમાં ઉતારૂઓ ૨૪૨, માલ ૧૯૮, અને ચોખ્ખી પેદાશ ૧૭૭ થઈ.

સને ૧૮૯૧-૯૨ માં રેલવેમાં ૨,૬૦,૬૦૦ નોકરો હતા તેઓમાં ૨,૫૦,૦૩૬ દેશીઓ, ૪,૬૨૬ યૂરોપીઓ, અને ૫,૯૩૬ યૂરેશિઅનો હતા.

એ સાલમાં અકસ્માત થયા તેમાં ૬૪૫ માણસો મરી ગયાં અને ૧,૦૮૪ માણસોને ઈજા થઈ. એકંદર અકસ્માત ૪,૨૯૮ થયા તેઓમાં રેલવે આક્ટ પ્રમાણે સરકારને જણાવવા લાયક ૧૫૫ હતા.

સને ૧૮૯૧-૯૨ માં રેલવેની વૉલંટીઅર પલટણોમાં ૯,૫૨૫ યૂરોપીઓ અને યૂરેશિઅનો હતા તેઓમાં ૮,૯૦૩ સારી કવાયત શીખેલા હતા.

આ દેશમાં નહેરો કેટલી અગત્યની છે તેનું વર્ણન ખેતીના ભાગમાં કર્યું છે. પુષ્કળ લોકોના ગુજરાનનો આધાર ખેતીપરજ હોવાથી તથા વરસાદનું પ્રમાણ અનિશ્ચિત હોવાથી કૃત્રિમ ઉપાયો વડે પાણી એકઠું કરવાની અથવા પાણીનો પ્રવાહ આણવાની રીત આગલા રાજાઓના વખતથી ચાલી આવે છે. સિંધ પ્રાંતમાં પાણીનો ટોટો હોવા છતાં પૂર્વે પાણીના કૃત્રિમ પ્રવાહ વડે તે અતિ રસાળ થયો હતો; તેમજ કાવેરી નદીની નહેર ૧૫૦૦ વરસપર બાંધેલી

હતી; તેનેજ હમણા સુધારી ઉપયોગમાં આણી છે. જમના નદીની પૂર્વ અને પશ્ચિમ ભણીની નહેરો ફિરાજશાહ તઘલખ અને શાહજહાનના વખતમાં થઈ હતી. ઈંગ્રેજ સરકારે મોટી મોટી નહેરો બાંધેલી છે. તેણે પહેલ વહેલી મોટી નહેર ગંગા નદીમાં બાંધી. એ કામ સને ૧૮૪૮ માં શરૂ થઈ તેમાં લૉર્ડ ડલહુસીએ સને ૧૮૫૪ માં પાણી આણ્યું. એજ અરસામાં દક્ષિણમાં પણ ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓની નહેરો બંધાઈ. સરકારનો પ્રયત્ન પાર પડેલો જોઈ મદ્રાસ અને કલકત્તામાં બે ત્રણ કંપનીઓએ નહેરો બાંધવા માંડી, પરંતુ તે કામ તેમનાથી પૂરૂં થઇ શક્યું નહિ, અને તે કામ સરકારને સોંપી દેવાની તેમને જરૂર પડી. વાયવ્ય પ્રાંતોમાં મોટી નહેર જમના અને ભાગીરથી નદીઓની છે. શરદઋતુમાં અને વસંતઋતુમાં બરફ ઓગળી એ નદીઓમાં પૂર આવ્યા પહેલાં ખેતીને પાણીની બહુ જરૂર હોય છે; એવી વેળાએ આ કૃત્રિમ નહેરનું પાણી ઘણું કામ લાગે છે. પાણી આણવા માટે હરિદ્વાર આગળ ગંગાના પુષ્કળ પ્રવાહ નહેરમાં વાળ્યા અને તેમને આગળ લાવવા માટે અથાગ મહેનત કરી અને પૈસા ખરચ્યા. હરિદ્વારથી પહેલા વીસ મૈલ લગી એ નહેરનો દેખાવ ઘણો મનોહર છે. કેટલેક ઠેકાણે એ નહેર નદીના પેટામાંથી કહાડી છે અને તેના પર થઇને નદીનો પ્રવાહ ચાલે છે. કેટલેક ઠેકાણે એક બે મૈલ લગી પૂલ બાંધી તેપર થઇને પાણી લીધું છે. એ નહેરના મૂળથી ૨૦૦ મૈલને છેટે ભાગીરથી નદીમાં ફરીને એક નહેર કહાડીછે.

બંને નહેરો મળીને દર સેકંડે ૧૦,૦૦૦ ઘનફુટ પાણી લોકોને આપી શકાય છે. ભાગીરથીની નહેરના પ્રમાણમાં નાની પરંતુ એકંદરે બેશ મોટી ત્રણ નહેરો જમના નદીમાં કહાડી છે. બીજા પ્રાંતોમાં પણ મોટાં બાંધકામો થયેલાં છે, પરંતુ નહેરોની વિગત અહીં આપવાનું કારણ સરકારે એ કામમાં મહાભારત પ્રયત્ન કર્યો છે તે દેખાડવાનું છે. નહેરોનું પ્રાંતવાર વર્ણન આગળ અનુક્રમે આપવામાં આવશે

નહેરોના બે મુખ્ય વર્ગ છે, (૧) પ્રોડક્ટિવ (ઉત્પાદક) અને (૨) પ્રોડક્ટિવ સિવાય બીજી. ત્રીજો વર્ગ છે તેનું નામ પ્રોટેક્ટિવ (રક્ષણ માટે કરેલી) છે; આ વર્ગની નહેરો દુકાળનિવારણ ફંડમાંથી કરેલી હોય છે. પ્રોડક્ટિવ વર્ગની નહેરો કરજ કહાડીને કરે તોએ ચાલે, અને કરજ કહાડીને તે કરી હોય કે ચાલુ ખર્ચમાંથી કરી હોય તોપણ એ કામમાં ખરચેલા પૈસા ભંડોળ છે એમ ગણી હિસાબમાં તેનું વ્યાજ ગણવામાં આવે છે. બીજા વર્ગનાં બાંધકામો ચાલુ ઉપજમાંથીજ કરવાં જોઇએ. તેમને ખાતે ખરચાયલા ભંડોળનું વ્યાજ ગણવામાં આવતું નથી. પહેલા વર્ગની અને બીજા વર્ગનાં કેટલાંક કામોની કાપિટલ (ભંડોળ) અને રેવિન્યુ જમા એવું હિસાબમાં લખવામાં આવે છે.

નહેરો અને તળાવની બીજી એક પ્રકારની વર્ગણી છે તે પ્રમાણે એવાં કામોના બે વર્ગ છે, મેજર એટલે મોટાં, અને મૈનર એટલે નાનાં. એ કામો કરવામાં શાસ્ત્રીય જ્ઞાનનો ખપ પડે છે તેના સંબંધમાં સાધારણ રીતે એ ફેર કરેલો હોય છે, તેઓના વિસ્તારના સંબંધમાં કરેલો હોતો નથી.

પહેલા (મેજર) વર્ગમાં પ્રોડકિટવ અને પ્રોટેકિટવ વર્ગનાં કામોનો સમાવેશ થાય છે. મૈનર (નાના) વર્ગમાં ચાલુ ઉપજમાંથી કરેલાં કામોમાંનાં કેટલાંક કામોને માટે કાપિટલ અને રેવિન્યુ હિસાબ ઉપર કહ્યા પ્રમાણે રાખવામાં આવે છે, તોપણ તેમાં વ્યાજ આકારવામાં આવતું નથી. મેજર વર્ગનાં તમામ કામોનો એવો હિસાબ રાખવામાં આવે છે; અને એ વર્ગમાંનાં કેટલાંક કામો માટે ચાલુ ઉપજમાંથી ખર્ચ થાય તોએ તેનું વ્યાજ ગણવામાં આવે છે. આ વર્ગણી તમામ હિસાબી કામના ઉપયોગની છે. નહેરોની થોડીક ઉપજ પ્રત્યક્ષ ઇરિગેશન ખાતે વસૂલ થાય છે, અને થોડીક ઉપજ જમીનના કર પેટે વસૂલ થાય છે, અને એવી ઉપજ વસૂલ થઈ હોય તેનો થોડોક ભાગ નહેરોના હિસાબમાં દાખલ કરવામાં આવે છે.

હવે નહેરો ખાતે આજ લગી કેટલો ખર્ચ થયો છે અને ઉપજ કેટલી થાય છે અને ચાલુ ખર્ચ કેટલો છે તેની હકીકત આપણે આપીએ છીએ.

ભંડોળ ખર્ચ			રૂપિઆ
(મેજર) મોટાં કામો	સને૧૮૭૩–૭૪ની આખરે		૧૨,૯૯,૪૧૦
,,	૧૮૮૨–૮૩	,,	૨૦,૭૬,૬૮,૫૬૦
,,	૧૮૯૧–૯૨	,,	૨૮,૩૨,૦૭,૦૩૦
,,	૧૮૯૨–૯૩	,,	૨૮,૯૨,૩૦,૯૭૦

ફામીન ઇન્શુરન્સ ફંડમાંથી નહેરોખાતે સને૧૮૯૨–૯૩ની આખરે રૂ ૧,૬૭,૬૦,૬૩૦ ખર્ચ થયો હતો. એ ખર્ચની શરૂઆત સને ૧૮૮૧–૮૨ થી થઇ છે.

ભંડોળ ખર્ચ. રૂપિઆ.

(મૈનર) નાનાં કામો સને ૧૮૮૨-૮૩ની આખરે ૩,૦૪,૦૩,૩૨૦

„ ૧૮૯૧-૯૨ „ ૪,૬૩,૬૬,૫૧૦

„ ૧૮૯૨-૯૩ „ ૪,૭૩,૬૧,૦૩૦

ઉપજ અને ખર્ચ.

મોટાં કામો	ઉપજ-હજાર રૂપિઆ-ખર્ચ.			
	પ્રત્યક્ષ આવેલા	જમીનના કર બદલ.	ચાલુ ખર્ચ.	વ્યાજનો ખર્ચ.
સને૧૮૭૩-૭૪	૩૬૬૩	*	૨૬૬૬	૨૮૦૭
સને૧૮૮૨-૮૩	+૯૩૦૯	+૪૬૯૦	૫૦૨૦	૮૦૯૦
સને૧૮૯૧-૯૨	૧૪૦૪૭	૬૭૩૧	૭૬૧૪	૧૧૦૯૬
સને૧૮૯૨-૯૩	૧૫૧૦૭	૭૨૨૩	૭૯૩૯	૧૧૩૮૩

નાનાં કામો.	ઉપજ-હજાર રૂપિઆ.	ખર્ચ.
સને ૧૮૮૨-૮૩	૧૩૯૦	૯૦૧૧
સને ૧૮૯૧-૯૨	૧૯૪૧	૧૦૭૩૮
સને ૧૮૯૨-૯૩	૧૮૫૮	૧૦૦૮૧

દુકાળનિવારણ ફંડમાંથી પ્રોટેક્ટિવ ખર્ચ. એ ખર્ચની શરૂઆત સને ૧૮૮૧-૮૨ થી થઇ છે.

+ એકંદર ઉપજ રૂ ૧,૪૦,૦૦,૬૩૦ માંથી મદ્રાસ કનાલ કંપનીખાતે રૂ ૫૬,૨૪૦ બાદ કરવાના છે તે બાદ જતાં ખરી ઉપજ રૂ ૧,૩૯,૪૪,૩૯૦ છે.

* પ્રત્યક્ષ આવેલી રકમમાં શામિલ.

	રૂપિઆ.
સને ૧૮૮૧-૮૨	૧૩,૫૪,૪૯૦
સને ૧૮૮૨-૮૩	૨૬,૩૪,૪૩૦
સને ૧૮૯૧-૯૨	૭,૭૯,૩૧૦
સને ૧૮૯૨-૯૩	૬,૦૭,૯૩૦

સને ૧૮૭૩-૭૪ માં ઇરિગેશનની ઉપજમાંથી ચાલુ ખર્ચ નીકળી ભંડોળનું વ્યાજ આવ્યું નહોતું; ઉલટું સેંકડે ૨૩ ટકા વ્યાજનું નુકસાન થયું હતું. સને ૧૮૭૯-૮૦ માં પહેલ વહેલું વ્યાજ આવવા માંડયું. તે સને ૧૮૮૧-૮૨ માં સેંકડે ૬ ટકા આવ્યું, સને ૧૮૯૧-૯૨ માં ૪.૮૩ ટકા, અને સને ૧૮૯૨-૯૩ માં ૬.૮૯ ટકા આવ્યું.

અહીં લગી ઉપજ અને ખર્ચની વિગત થઇ. હવે એકંદર નહેરોની લંબાઈ કેટલી છે અને તેઓવડે કેટલી જમીનને પાણી પાવામાં આવે છે તે વિષે આપણે કહીએ છીએ. એ હકીકત નીચેના કોષ્ટકપરથી મળશે. સને ૧૮૯૧-૯૨ ની વિગતવાર હકીકત આપીછે અને મુકાબલો કરવા સારૂ સને ૧૮૮૨-૮૩ અને સને ૧૮૯૨-૯૩ ના એકંદર આંકડા આપ્યા છે.

પ્રાંત.	નહેરો અને શાખા. મૈલ. નહેરો.	શાખા.	કેટલા એકર જમીનને પાણી મળ્યું તે. હજારના આંકડા છે.
અ.-પ્રોડકિટવ-			
૧ બંગાળા...	૭૪૮	૨૩૮૧	૭૩૬
૨ વાયવ્ય પ્રાં-			

તો અને અયોધ્યા.	૧૪૦૦	૬૧૮૦	૧૯૧૨
૩ પંજાબ...	૧૨૭૩	૫૩૬૪	૧૯૬૩
૪ મદ્રાસ...	૧૯૭૧	૫૫૨૦	૨૪૧૩
૫ મુંબાઈ અને સિંધ...	૬૨૫	૫૧૯	૫૩૪
કુલ.	૬૦૧૭	૧૯૯૬૪	૭૫૬૦
ક.—પ્રોડકિટવ નહિ એવી— (કાપિટલ હિસાબમાં લખાતી.)			
૧ રજપુતાના...	તળાવના પાણીથી બાગાયત છે.		૧૧
૨ બંગાળા......	૧૬૮	......	૨૩
૩ વાયવ્ય પ્રાંતો અને અયોધ્યા.	૨૦	૫૨૨	૧૩૨
૪ પંજાબ.......	૨૬૩૦	૬૦૩	૧૧૦૪
૫ મદ્રાસ........	૧૨૮૮	૧૧૯૬	૩૭૮
૬ મુંબાઇ અને સિંધ.........	૨૬૫૯	૨૯૩૨	૧૭૨૭
કુલ...	૬૭૬૫	૫૨૨૩	૩૩૭૮
સને ૧૮૯૧–૯૨	૧૨૭૮૨	૨૫૨૧૭	૧૦૯૩૮
સને ૧૮૮૨–૮૩	૮૩૭૬	૧૬૩૪૩	૬૯૨૦
સને ૧૮૯૨–૯૩	૧૩૬૦૫	૨૬૨૧૦	૬૬૪૧

સિંધમાં $\frac{૪}{૫}$ જમીન બાગાયત છે. પંજાબ અને વાયવ્ય પ્રાંતોમાંના કેટલાક ભાગોમાં કૃત્રિમ ઉપાયોવડે આણેલા પાણીનો સારો ઉપયોગ થાય છે; એ પ્રાંતોમાં એક-ચતુર્થાંશથી એક-તૃતીયાંશ લગી જમીન બાગાયત છે. મદ્રાસમાં $\frac{૧}{૪}$ થી વધારે અને મ્હેસૂરમાં $\frac{૧}{૬}$ જમીન બાગાયત છે. મુંબાઇ, મધ્યપ્રાંતો, અને વરાડ પ્રાંતમાં બાગાયત જમીન બહુ થોડી છે, એટલે સેંકડે શુમારે અડધો એકર જમીન બાગાયત છે. એ પ્રાંતોમાં બાગાયત જમીન વધવી જોઇએ તેમજ બંગાળામાં પણ બાગાયત જમીન સેંકડે ૧$\frac{૧}{૬}$ ટકો છે.

હવે આપણે જુદા જુદા પ્રાંતોમાંની નહેરોની સ્થિતિના સંબંધમાં સને ૧૮૯૧–૯૨ ની થોડી હકીકત આપીએ છીએ. સને ૧૮૯૧–૯૨ માં પંજાબમાંની નહેરોમાંની ૩૮૬ મૈલ નહેરો વહાણો ચાલી શકે એવી હતી અને ૨,૭૯૩ મૈલ પૂરનું પાણી આવ્યાથી વહેતી અને ૧,૧૦૭ મૈલ હમેશ વહેતી હતી. પૂરપર આધાર રાખનારી નહેરો કરતાં હમેશ વહેનારી નહેરોને વધારે ફાંટા હોય છે. આ વર્ગની નહેરોમાં પશ્ચિમ જમના, બારી દુઆબ, અને સરહિંદની નહેરો મોટી છે અને બીજી નવી નહેર બાંધવાનું કામ ચાલેછે. જે નહેરોમાં પૂરનું પાણી આવે છે તે નહેરો વધારે લાંબી હોય છે; મુજફરગઢની નહેરનું પાણી એકંદર ૭૨૬ મૈલ અને સિંધુ નદીની નહેરનું પાણી ૧,૫૦૦ મૈલ પ્રસરે છે. સિંધને લગતા ભાગમાં પૂરનું પાણી વહે એવી નહેરો પુષ્કળ છે અને હમેશ પાણી વહ્યાં કરે એવી નહેરો નદીના માંહેલા ભાગમાં છે. એ પ્રાંતની નહેરો ખાતે સને ૧૮૯૨–૯૩ ની

આખરે ભંડોળ ખર્ચ (કરજ કહાડીને કરેલો ખર્ચ) રૂ ૭,૧૮,૨૨,૯૮૦ થયો હતો.

સિંધમાં હૈદરાબાદ, કરાંચી, પશ્ચિમ અને પૂર્વ નારા, શિકારપુર, વગેરેની નહેરો મુખ્ય છે. એ પ્રાંતની નહેરોને લગતું મુખ્ય કામ કચરો કહાડી સાફ રાખવાનું, બંધ ધસડાઇ અથવા ફાટી ન જાય તેની તજવીજ રાખવાનું, અને શરૂઆતમાં જ્યાંથી નહેરમાં પાણી છોડયું હોય ત્યાં તે કામ સારાં રાખવાનું છે; કારણકે સિંધુ નદીમાં હમેશ કરતાં વહેલું અથવા મોડું પૂર આવે અને બરાબર તજવીજ થઇ ન હોય તો નુકસાન થાય છે. આ પ્રાંતમાં અને પંજાબમાં ઘણીખરી ખેતી નહેરના અને કૂવાના પાણીથી થાય છે. આ પ્રાંતમાં પણ પૂરના પાણીની નહેરો અને હમેશ પાણી વહ્યાં કરે એવી નહેરો છે. પહેલા વર્ગની નહેરો બહુધા આગલા રાજાઓના સમયમાં થયેલી અથવા ખાનગી લોકોએ બાંધેલી હતી. બીજા વર્ગની નહેરો ઇંગ્રેજ સરકારે બાંધેલી છે. આ પ્રાંતની નહેરોની વ્યવસ્થા જમીનની મહેસૂલની વ્યવસ્થાની અંગભૂત છે. સને ૧૮૯૨-૯૩ ની આખરે આ પ્રાંતોની નહેરોનો કાપિટલ (ભંડોળ) ખર્ચ રૂ૧,૨૩,૭૧,૦૮૦ થયો હતો.

મુંબાઈ ઇલાકાના બાકીના ભાગમાંની નહેરોનાં કામો ઝાઝાં મોટાં નથી અને તેઓમાં જે મહત્વનાં છે તે મહારાષ્ટ્રમાં છે. સને ૧૮૯૧-૯૨ લગી નિરા અને મુઠા નહેરો ખાતે ૫૧ લાખ અને ૬૩ લાખ રૂપિઆ ખર્ચ થયો હતો. બાકીનાં કામો સાધારણ છે. એ સિવાય જૂનાં તળાવો છે

તેઓને દુરસ્ત કરવાનું કામ પણ સરકારે હમણા પોતાના હસ્તક લીધું છે. કુવાના અને નહેરના પાણીથી બાગાયત પુષ્કળ થાય છે અને તે સઘળું ખાનગી ખર્ચે થાય છે. કિનારાના ભાગમાં (કોંકણમાં) વરસાદથી ડાંગર પાકે છે; કૃત્રિમ ઉપાયોવડે પાણી પાવું પડતું નથી. ગુજરાતમાં કૂવા અને મહારાષ્ટ્રમાં તળાવો પુષ્કળ છે; પરંતુ વરસાદનો ટોટો હોય છે તે વારે તેમનું પાણી બસ થતું નથી અને એજ કારણને લીધે મોટાં તળાવો બાંધી પાણી પૂરૂં પાડવાનો ઉદ્યોગ સરકારે ચાલુ કર્યો છે. એ ઉદ્યોગનો મુખ્ય હેતુ નફો મેળવવાનો નહોતાં દુકાળથી દેશનું સંરક્ષણ કરવાનો છે. સને ૧૮૯૨-૯૩ ની આખરે આ પ્રાંતમાંની નહેરો વગેરે ખાતે ભંડોળ ખર્ચ રૂ ૨,૫૩,૧૬,૭૩૦ થયો હતો.

વાયવ્ય પ્રાંતોના ઉત્તર અને પશ્ચિમ ભાગમાં એક જાતની જમીન છે તેમાં કૃત્રિમ ઉપાયોવડે પાણી લે છે તો તે જમીનપર એક પ્રકારના ખારનો પોપડો બાઝે છે અથવા તેમાં પાણી ભરાઇ રહી પાક થતો નથી; તથાપિ પહેલાં સૂકવણું પડતું તેવારે આ પ્રાંતોમાં હમેશ દુકાળ પડતો તેવો ગંગા અને જમનાની નહેરો થયાથી પડતો નથી. નહેરોનું પાણી મળવાથી વધારે કીમતી પાક તૈયાર કરવામાં આવે છે એ એક વિશેષ ફાયદો છે. આ પ્રાંતોમાં ગંગા અને જમનાની ચાર મોટી નહેરો છે અને સને૧૮૯૨-૯૩ ની આખરે નહેરો ખાતે રૂ૮,૨૩,૦૦,૮૩૦ ખર્ચ થયો હતો. જમનાની નીચલી નહેર થવાથી પાણીને વહી જવાનો હમેશનો જે માર્ગ હતો તે બંધ થયો અને તેને લીધે જ-

મીનમાં પાણી એકઠું થઇ પાક થતો નથી. હમણા તે પાણી જવાનો માર્ગ ખુલ્લો કરવાનું કામ થવા માંડયું છે અને તે જલદી પૂરૂ થશે. આ પ્રાંતોની નહેરોમાંની મોટી નહેરોનો ઉપયોગ વહાણો ચલાવવામાં પણ કરવામાં આવે છે. સને ૧૮૯૧–૯૨ માં નહેરનો ૫૭૫ મેલ ભાગ જમીનને પાણી પૂરૂ પાડવાને બસ થઇ એ કામમાં ખપ લાગ્યો હતો. રોહિલખંડ, બુદેલખંડ, અને બિજનરની નહેરો દુકાળ મટાડવા માટેજ બાંધી છે.

ઉપલા પ્રાંતોની પેઠે બંગાળાની નહેરો ઉપયોગી હશે તોપણ ઘણી જરૂરની નથી. આ ઇલાકામાં ચાર મોટી અને ૭ નાની નહેરો છે. સને ૧૮૯૧–૯૨ માં એકંદર ૯૧૬ મેલ નહેર ચાલુ હતી. એમાંના ૭૩૮ મેલ જમીનને પાણી પૂરૂ પાડવામાં તથા વહાણો ચલાવવામાં ઉપયોગી થયા હતા અને ૧૭૮ મેલની નહેર વહાણો ચલાવવાનાજ ખપમાં આવી હતી. દક્ષિણ બિહાર વગેરે ઉજડ ભાગમાં માત્ર નહેરનો બેશ ઉપયોગ થાય છે. તેનો તથા ઓરિસા પ્રાંતમાં મહાનદીને બાંધી નહેર ખોદી છે તેનો હેતુ મુખ્યત્વે દુકાળ મટાડવાનો છે. એ પ્રાંતમાં સાધારણ વરસાદ હોય છે તેવારે નહેરના પાણીનો ખપ બહુધા પડતો નથી, તેથી તે નહેર વહાણો ચલાવવાના ઉપયોગમાં લે છે. સને ૧૮૯૨–૯૩ની આખરે નહેરોખાતે ભંડોળ ખર્ચ રૂ ૭,૪૧,૭૨,૬૧૦ થયો હતો.

અયોધ્યા પ્રાંતમાં એવાં કામો થયાં નથી. એ પ્રાંતમાં પાણીની સ્વાભાવિક છત સાધારણ રીતે પૂરતી હોવાથી કૂ-

ત્રિમ ઉપાયોથી પાણી આણવાની જરૂર પડતી નથી. એ પ્રાંતમાં વાવેતર જમીન પૈકી એક-તૃતીયાંશ જમીન બાગાયત છે.

મદ્રાસમાં ગોદાવરી, કૃષ્ણા, અને કાવેરી નદીઓની શાખાના ભાગમાં નહેરો છે. એકંદર ૧૦ મોટાં અને ૨૦ નાનાં કામો થયેલાં છે. તુંગભદ્રા નદીની નહેર પણ કરનૂલ અને કડાપા જિલ્લામાં થઇને જાય છે અને એ મૂલક દુકાળીઓ હોવાથી તેનાથી સંરક્ષણ કરવામાં તેમનો ઉપયોગ થાય છે. મદુરા અને ગંજમ જિલ્લામાં મોટાં બાંધકામો તૈયાર થાય છે. આ ઇલાકાની નહેરોને લીધે ડાંગર પકવવાને ઉત્તેજન મળ્યું છે. જૂનાં તળાવો પણ પુષ્કળ છે અને તેમને સમારવાનું કામ પણ ચાલે છે. પશ્ચિમ કિનારાના ભાગ સિવાય ઇલાકાના બાકીના ભાગમાં વરસાદ થોડો વરસે છે તેથી બાગાયત જમીનને નદીનું અથવા તળાવનુ પાણી પાવું પડે છે અથવા કૂવા ખોદવા પડે છે. આ ઇલાકામાં કૃત્રિમ ઉપાયોવડે પાણી આણવાનો પ્રયત્ન પ્રાચીન કાળથી થયેલો છે. હમણા જૂનાં તળાવો અને નહેરો સરકારી થયાં છે અને તે તે પર ખર્ચ પણ ઠીક કરેછે. કૃષ્ણા, ગોદાવરી, અને કાવેરીના ફાંટામાંથી નહેરોની જાણે જાળજ કરવામાં આવી છે તેથી એ ભાગમાં હવે દુકાળની ધાસ્તી રહી નથી. એ ઇલાકામાં સને ૧૮૯૨–૯૩ ની આખરે નહેરો ખાતે ભંડોળ ખર્ચ રૂ૭,૮૧,૫૯,૬૭૦ થયો હતો.

મ્હેસૂરમાં પણ તળાવો, નહેરો, વગેરે છે અને સન ૧૮૭૬–૭૭ ના દુકાળ પછી એવા પ્રકારનાં બાંધકામો સ-

રકારે ખસૂસ કરીને કરવા માંડ્યાં છે. એ પ્રાંતમાં શુમારે ૢ જમીન બાગાયત છે.

મધ્યપ્રાંતોમાં સરકારી તળાવ નેમાડમાં એકજ છે, બાકીની સઘળી બાગાયત જમીનમાં ખાનગી ખર્ચે પાણી આણી અથવા કૂવાના પાણીથી ઉપજ કરવામાં આવેછે.

रस्ता, इमारतो, वगेरे.

પબ્લિક વર્કસખાતા તરફથી જે કામો કરવામાં આવે છે તેઓમાંના બે પ્રકારનાં કામોનું વર્ણન કર્યું. હવે રસ્તા અને ઇમારતો વિષે કહેવાનું રહ્યું છે; પરંતુ તેઓ વિષે ઝાઝું કહેવા જેવું નથી. રેલવે થયા પહેલાં મોટી સડકો જેટલી અગત્યની હતી તેટલી હવે રહી નથી. મુંબાઈ આગ્રા રસ્તો, કલકત્તેથી વાયવ્ય સરહદ્દપર જવાનો રસ્તો, ભોરઘાટનો રસ્તો વગેરે પહેલાંના ખરેખરી મુસાફરીના રસ્તા, લાંબી મુસાફરી હવે રેલવેમાં થવા માંડ્યાંથી, નકામા પડ્યા છે. હવે રેલવેને મળતા અથવા જુદા જુદા પ્રાંતોના વ્યવહારમાં ખપ લાગતા રસ્તાની જરૂર અને મહત્વ વધ્યાં છે. દેશની સુધારણા થવાને મુસાફરી કરવાની સગવડ જેમ વધારે થાય તેમ સારૂં. સ્થાનિક ઉપયોગના રસ્તા (જેમાં શાસ્ત્રીય જ્ઞાનની જરૂર ન હોય એવા) સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા કરનારા અમલદારો તરફથી બાંધવામાં આવે છે; બીજા રસ્તા, પૂલો, વગેરે બાંધકામો પબ્લિક વર્કસખાતા તરફથી કરવામાં આવે છે. રસ્તા અને ઇમારતો સિવાય પીવાના પાણીની ગોઠવણ, આરોગ્ય રક્ષણ સંબંધી તજવીજ,

પુલ બાંધવા, ડક્કા બાંધવા, દીવાદાંડી બાંધવી, વગેરે કામો એ ખાતા તરફથી કરવામાં આવે છે.

સને ૧૮૯૧-૯૨ અને સને ૧,૮૯૨-૯૩ માં એ ખાતાનો ખર્ચ કેટલો થયો હતો તે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યું છે અને મુકાબલો કરવા સારૂ સને ૧૮૭૩-૭૪ ના અને સને ૧૮૮૧-૮૨ ના આંકડા આપ્યાછે:—

પ્રાંત.	સને ૧૮૯૧-૯૨.
હિંદ સરકાર	૨૨,૧૨,૩૮૦
મદ્રાસ	૭૬,૮૭,૫૫૦
મુંબાઈ	૬૮,૧૧,૯૪૦
બંગાળા	૯૦,૦૬,૦૧૦
વાયવ્ય પ્રાંતો	૭૧,૭૭,૧૮૦
પંજાબ	૪૭,૫૦,૧૦૦
મધ્ય પ્રાંતો	૨૩,૭૦,૧૮૦
આસામ	૧૯,૧૭,૯૧૦
બ્રહ્મદેશ	૬૫,૮૪,૬૯૦
ઈંગ્લાંડ, હુંડીઆમણુ સુદ્ધાં	૧૪,૨૧,૪૦૦
એકંદર	૪,૯૯,૪૨,૩૪૦
સને ૧૮૯૨-૯૩	૪,૬૪,૯૬,૮૧૦
સને ૧૮૮૧-૮૨	૩,૯૭,૭૩,૨૭૦
સને ૧૮૭૩-૭૪	૩,૮૭,૦૩,૧૦૦

સને ૧૮૯૪-૯૫ ના જમાખર્ચના બજેટમાં ખર્ચની રકમ રૂ ૪,૪૮,૨૩,૦૦૦ દાખલ કરી છે.

રસ્તા અને ઇમારતોને લગતાં બાંધકામોમાં લશ્કરી અને સિવિલ એવા બે ભાગ છે. હમણા લશ્કરી કામોનું ખાતું જુદું પાડવામાં આવ્યું છે; અને તે ખાતા તરફથી થયેલાં બાંધકામો ખાતે સને ૧૮૯૧-૯૨ માં રૂ૧,૨૧,૪૫,૧૮૦, અને સને ૧૮૯૨-૯૩ માં રૂ ૧,૧૯,૬૭,૯૯૦ ખર્ચ થયા હતા, અને સને ૧૮૯૪-૯૫ ના બજેટમાં રૂ૧,૦૦,૬૮,૦૦૦ દાખલ કર્યા છે.

ભાગ ૧૯ મો.

ટપાલ અને તારખાતાં.

રાજ્યવ્યવસ્થાનાં ખાતાંમાં ટપાલ ખાતાની પેઠે એકસરખાં વધતાં ગયેલાં અને તેજ પ્રમાણમાં લોકપ્રિય થયેલા ખાતાં થોડાંજ છે. એ ખાતામાં લોકોની સગવડને માટે વારંવાર ઘણા ઉપયોગી સુધારા પુષ્કળ થયા છે. છેલ્લાં દશ વર્ષમાંજ એ ખાતા તરફથી વહેંચાતાં પત્રોની સંખ્યા બમણી વધી છે, એજ બિના એ ખાતું લોકપ્રિય છે તેનો પુરાવો આપવાને બસ છે.

સને ૧૮૯૧–૯૨ માં કાગળો, કાર્ડો, વર્તમાનપત્રો, વગેરે મળીને ૩૩,૫૦,૭૧,૦૮૮ ટપાલમાં વહેચાયાં હતાં; સને ૧૮૮૧–૮૨ માં ૧૬,૪૩,૮૫,૪૪૯ વહેંચાયાં હતાં. સને ૧૮૮૧–૮૨ માં દર સો માણસે ૭૬ પત્રોની સરાસરી આવી હતી અને સને ૧૮૯૧–૯૨ માં ૧૩૮ ની આવી હતી. પત્રવ્યવહારની બાબતમાં પહેલો નંબર મુંબાઇ અને સિંધનો છે; મુંબાઈમાં દર સો માણસે ૨૭૪ અને સિંધમાં ૨૬૬ પત્રોની સરાસરી આવે છે. બીજા પ્રાંતોનું પ્રમાણ એના કરતાં ઓછું છે. સને ૧૮૯૧–૯૨ માં દર સો માણસે પત્રોની પ્રાંતવાર સરાસરી નીચે પ્રમાણે આવી હતીઃ–મુંબાઈ ૨૭૪, સિંધ ૨૬૬, મદ્રાસ ૧૫૮, બ્રહ્મદેશ ૧૭૩, પંજાબ ૧૫૫, બંગાળા ૧૦૩, વાયવ્યપ્રાંતો ૧૧૪, મધ્ય

પ્રાંતો ૧૧૧, આસામ ૧૧૧, અને અયોધ્યા ૭૨. મુંબાઇ ઇલાકાનાં દેશી સંસ્થાનોનાં પત્રો બાદ કરીએ તો બાકીના ભાગોમાં એ સંખ્યા દર સો માણસે ૪૧૦ આવે છે. પશ્ચિમ હિંદનો વેપાર બહોળો હોવાથી પત્રવ્યવહારનું પ્રમાણ વધારે છે.

એ ખાતુ નીકળ્યું ત્યારથી દશ દશ વર્ષે પત્રોનો વધારો એજ પ્રમાણે બમણો થતો ગયો છે. હેઠલા પત્રકપરથી સને ૧૮૫૩–૫૪ ના પ્રમાણુમાં પત્રવ્યવહાર વગેરે સઘળી બાબતમાં એ ખાતાનો વ્યવહાર કેટલો વધ્યો છે તે જણાશે. એમાં પ્રમાણુને માટે મૂળ સાલ લેવાની તે સાલમાં પત્રોની સંખ્યા ૧૦૦ હતી એમ માની લઇ વધારો બતાવ્યો છે.

સાલ.	એકંદરપત્રવ્યવહાર.	પોસ્ટ કાર્ડો.	સરકારી પત્રવ્યવહાર.	રજિસ્ટર કાગળો.	વાલ્યુપેઅબલ પાર્સલો.	મની આર્ડરો.		વર્તમાનપત્રો.
૧૮૫૩–૫૪	૧૦૦	...	૧૦૦	...	...	...	...	૧૦૦
૧૮૫૪–૫૫	...	...	...	૧૦૦	...	...	...	...
૧૮૬૧–૬૨	૨૪૫	...	૧૭૭	૨૬૫	...	...	...	૨૩૧
૧૮૭૧–૭૨	૪૬૭	...	૮૧	૭૫૪	...	...	...	૩૭૪
૧૮૮૦–૮૧	...	૧૦૦	...	...	...	...	...	...
૧૮૮૧–૮૨	૮૮૭	૧૪૮	૯૧	૧૪૧૦	...	૧૦૦	૧૦૦	૯૮૯
૧૮૮૩–૮૪	...	...	...	...	૧૦૦	...	...	...
૧૮૮૫–૮૬	૧૨૨૮	૩૯૬	૧૦૩	૧૮૦૯	૨૪૦	૨૪૬	૧૯૩	૧૧૧૪

૧૮૯૧-૯૨	૧૭૮૨	૭૫૮	૧૩૫	૨૭૧૫	૧૧૪૧	૫૦૭	૩૬૧	૬૪૧૫

સને ૧૮૫૪-૫૫ માં ૬૪૫ પોસ્ટ આફિસો હતી તે વધીને સને ૧૮૭૧-૭૨ માં ૨,૯૫૪, સને ૧૮૮૧-૮૨ માં ૪,૮૧૯, અને સને ૧૮૯૧-૯૨ માં ૮,૬૧૭ થઇ હતી.

દરેક બાબતમાં વધારો થયો છે એવું ઉપલા કોષ્ટક પરથી જણાઈ આવશે. વાલ્યુપેઅબલનો ઘણોખરો વ્યવહાર મોટાં શહેરોનો અને મુખ્યત્વે કરી મુંબાઇ અને કલકત્તા શહેરોનો ઈલાકાનાં ગામો જોડે ચાલે છે અને તેમાં નીમે વ્યવહાર તો ફક્ત કલકત્તા જોડેજ ચાલે છે. સને ૧૮૭૮-૭૯ માં એ રીતે રૂ ૧,૩૨,૧૧૦ નો માલ ગયો હતો અને સને ૧૮૯૧-૯૨ માં રૂ ૧,૩૪,૫૦,૨૯૦ નો માલ ગયો હતો.

સને ૧૮૭૯-૮૦ માં મનીઆર્ડરો લેઈ જવા માંડ્યા. એ હુંડીઓ ટપાલની માર્ફત મોકલવાનો હેતુ નાની નાની રકમો મોકલવાની સગવડ કરવાનો હતો, અને સને ૧૮૯૧-૯૨ માં એ બાબતમાં વધારે ચોકશી કરવામાં આવી તેપરથી જણાય છે કે એ હેતુ સારી રીતે પાર પડતો જાયછે; કારણ કે એકંદર મનીઆર્ડરોમાં સેંકડે ૩૨ ટકા પાંચ રૂપિઆથી ઓછી રકમના, ૬૦ ટકા દશ રૂપિઆ કરતાં ઓછી અને ૯૨ ટકા પચાસ રૂપિઆની અંદરની રકમોના હતા. બંગાળા અને વાયવ્ય પ્રાંતોમાં જમીનનો કર મનીઆર્ડરથી મોકલવાની પરવાનગી આપી છે અને હમણા મધ્યપ્રાંતો અને પંજાબમાં પણ અનુભવ કરી જોવાને એ પદ્ધતિ ચલાવવા માંડી છે. તારની માર્ફત પણ મનીઆર્ડરો મોકલવાની ગો-

ઠવણુ કરી છે. પરદેશમાં મનીઆર્ડરો મોકલવાના સંબંધમાં માત્ર પહેલાં કરતાં ઘટાડો છે. લશ્કરી માણસોનો પગાર ટપાલની માર્ફત મોકલવાનો રિવાજ પંજાબમાં ચાલુ કર્યો છે અને વાયવ્ય પ્રાંતોમાં મીઠાનો કર એજ રીતે મોકલવામાં આવે છે.

પત્રવ્યવહારમાં એટલો વધારો થયો છે, તથાપિ નાટપેડ કાગળોની સંખ્યા તે પ્રમાણમાં વધી નથી. અયોધ્યા, આસામ, અને બ્રહ્મદેશમાં માત્ર તે વધારે મોકલવામાં આવેછે. સિંધ તથા બ્રહ્મદેશમાં કાર્ડોનો પ્રસાર બીજા પ્રાંતો પ્રમાણે થયેલો નથી. રજિસ્ટર કાગળોનો ચોથો ભાગ મદ્રાસનો છે અને ત્યાં એ રીતે કીમતી માલ મોકલવાનો રિવાજ હોવાનું કારણ એ છે કે ત્યાં વેપારીઓની હુંડીઓથી નાણાં મોકલવાની સોઈ નથી. મરી ગયેલા માણસનાં હાડકાં અને રાખોડી કાશીમાં ગંગાનદીમાં નાંખવાની ગોઠવણ બ્રાહ્મણ ડાગવાળાની માર્ફત થશે એવી સરકાર ખાતરી કરી આપશે તો ટપાલની માર્ફત એ મોટો વ્યવહાર ચાલશે એમ એક ધર્મનિષ્ઠ બ્રાહ્મણ ગૃહસ્થે ટપાલખાતાના અમલદારોને જણાવ્યું છે.

ઈંગ્લાંડની ડાગ એક ખાનગી કંપનીને પગાર આપી તેની માર્ફત મોકલવામાં આવે છે. વિલાયત જોડે ચાલતા પત્રવ્યવહારના સંબંધમાં સને ૧૮૯૧–૯૨ થી હાંસલ ઘટાડયું છે, અને તેથી પત્રવ્યવહાર પણ પુષ્કળ વધ્યો છે. વિલાયત જતાં પત્રો કરતાં ત્યાંથી આવતાં પત્રો અને પુસ્તકોની બીંદડીઓ પુષ્કળ વધ્યાં છે.

ટપાલખાતાની વ્યવસ્થા ડિરેક્ટર-જનરલ કરેછે. એ વ્યવસ્થાને અર્થે દેશના ભાગો સાધારણ રીતે પ્રાંતોની હદ પ્રમાણેજ કરેલા હોય છે. ઇમ્પીરિઅલ ટપાલખાતા સિવાય ડિસ્ટ્રિક્ટ ટપાલખાતું છે તેનો હેતુ જિલ્લાના મુખ્ય શહેરથી તે જિલ્લાની અંદરનાં સ્થળો જોડે પત્રવ્યવહાર ચલાવવાની સવડ કરવાનો છે. એ હેતુને અનુસરી નાનાં ગામોમાં નિશાળના મહેતાજીઓને થોડો પગાર આપી ટપાલનું કામ સોંપવામાં આવેછે. ડિસ્ટ્રિક્ટ ટપાલખાતાનો ખર્ચ (કેટલાક પ્રાંતોમાં) તે માટે બેસાડેલા કરમાંથી અથવા પ્રાંતિક સરકારના હસ્તકના અલાવન્સમાંથી કરવામાં આવે છે. સને ૧૮૯૧-૯૨ માં ડિસ્ટ્રિક્ટ ટપાલ આફિસો ૧,૧૪૬ અને નોકરો ૨,૭૨૧ હતા અને તેમની માર્ફત એક કરોડ ત્રીસ લાખ કાગળો વહેંચાયા હતા.

સેવિંગ્સ બેન્કો (પેઢીઓ) વિષે ફિનાન્સના ભાગમાં કહી ગયા છીએ તેથી અહીં વિસ્તારથી લખવાની જરૂર નથી. એ કામ સને ૧૮૮૨ થી એ ખાતાને સોંપ્યું; તેની પહેલાં એ કામ જિલ્લાની તીજોરીના હસ્તક હતું. સને ૧૮૮૧-૮૨ માં પૈસા મૂકનારા માણસોની સંખ્યા ૧૮,૯૭૭ અને મૂકેલી રકમ રૂ ૭૨,૭૮,૯૨૦ હતી. સને ૧૮૯૧-૯૨ માં પૈસા મૂકનારા ૪,૬૩,૪૫૩ હતા અને મૂકેલાં નાણાંની રકમ રૂ. ૭,૦૫,૯૩,૧૬૯ હતી. થોડી કમાઈવાળા માણસોને સંઘરો કરવાની સગવડ કરી આપવાનો આ વ્યવસ્થાનો હેતુ છે અને એ હેતુ સારી રીતે પાર પડેછે.

આ ખાતાની ઉપજ તથા ખર્ચનું પત્રક હેઠળ આપ્યું

છે તે પ્રિનાન્શિઅલ ખાતાના હિસાબ પ્રમાણે છે. આ દેશમાં ચાલતા વ્યવહારના સંબંધમાંજ જોતાં ખર્ચ બાદ જતાં શિલક રહેછે, પરંતુ વિલાયતમાં ખર્ચ થાય છે તે સાથે જોતાં ખોટ આવે છે.

ઉપજ

ઉપજ	રકમ હજાર રૂપિઆ.
ખાનગી પત્રવહેવારનો ડાગખર્ચ............	૧૫૪૮
ટીકીટોનું વેચાણ............................	૮૩૩૦
સર્વિસ (સરકારી) ટીકીટોનું વેચાણ.........	૨૧૩૨
* મેલ કાર્ટ સર્વિસ વગેરે..................	૧૭૧
મનીઆર્ડરોનું કમિશન..	૨૧૧૨
વિલાયતના મનીઆર્ડરોનું કમિશન............	૧
ફી અને પરચૂરણ ઉપજ.....................	૮૮
* સંરક્ષિત સંસ્થાનો તરફથી મળતો હિસ્સો...	૧૧
* બળદની ગાડી સર્વિસની ઉપજ.............	૭૧
હિસાબ માંડી વાળવા ખાતે................	—૭૯
ડિસ્ટ્રિક્ટ ટપાલ ખાતાની ઉપજ.............	૭૮
એકંદર......	૧૪૪૬૩

ખર્ચ.

ખર્ચ	રકમ. હજાર રૂપિઆ.
સાર્વજનિક વ્યવસ્થાનો ખર્ચ................	૧૪૭
હિસાબી ખાતાનો ખર્ચ......................	૪૧૨
પ્રાંતિક નોકરોનો ખર્ચ.....	૭૮૬૮

ટપાલ (મેલ) લઇ જવાનો ખર્ચ	૨૬૦૪
* નીમણુકો	૬૧૯
* ટીકીટોના વેચાણુપર કમિશન	૧૨૯
કંટિંજંટ ખર્ચ	૫૫૨
પરચૂરણુ	૫૩
ડિસ્ટ્રિક્ટ ટપાલખાતાનો ખર્ચ	૧૧૬૭
વિલાયતમાં સામાનની ખરીદી પૌંડ	૩૬૦
વિલાયતમાં ખર્ચ થાય છે તે	૬૦૪
હુંડીઆમણ	૪૧૮
એકંદર	૧૪૯૩૩

* ઉપલા કોષ્ટકમાં જે રકમોની સામે ફુદડીઓ મૂકેલી છે તેઓનો ટપાલની વાસ્તવિક વ્યવસ્થા જોડે સંબંધ નથી; તેમજ ટપાલ લેઇ જવાનો ખર્ચ દાખલ કર્યોછે તેમાં કેટલેક ઠેકાણે બળદની ગાડીમાં અને ટાંગામાં માણસોને જવાની સગવડ કરેલી હોય છે તેનો ખર્ચ રૂ૩,૦૬,૬૯૦ છે તે પણ ટપાલના ખરેખરા કામને લગતો નથી.

સને ૧૮૯૪-૯૫ ના બજેટમાં ઉપજની રકમ રૂ. ૧,૫૯,૫૦,૦૦૦ અને ખર્ચની રકમ રૂ૧,૬૦,૮૧,૦૦૦ ગણેલી છે. ખર્ચમાં ૧,૦૨,૯૦૦ પૌંડનો ખર્ચ વિલાયતમાં થવાનો છે અને તેનું હુંડીઆમણ રૂ૭,૩૫,૦૦૦ છે.

तारखातुं.

તારખાતાની વ્યવસ્થા હિંદનો ડિરેક્ટર-જનરલ કરેછે. તારના બે વર્ગ છે, ૧ દેશની અંદરના, અને ૨ પરદેશના,

અને આ દેશના તારની વ્યવસ્થા માટે ૧૭ વિભાગ કરેલા છે. સરકારના પોતાના તારની અને રેલવેની બાજૂપરના તારની વ્યવસ્થા સરકારનાજ હાથમાં છે. તારની એકંદર લંબાઇ ૩૮,૬૨૫ મૈલ છે. સરકારી તારની લંબાઇ ૧,૨૦,૧૫૯ મૈલ છે અને તેની વ્યવસ્થા ડિરેક્ટર–જનરલ કરેછે. રેલવે કંપનીઓના ખાનગી માલિકીના તારની લંબાઈ ૬,૮૮૦ મૈલ છે. સરકારી તાર પૈકી તારખાતાના ઉપયોગમાં ૭૪,૯૬૨ મૈલ તાર છે અને બાકીનો તાર રેલવે કંપનીઓના વહી-વટમાં સરકારે ભાડે આપ્યો છે.

આ ખાતાની માર્ફત ચાલતા વ્યવહારની વૃદ્ધિનો ખ્યાલ નીચલા કોષ્ટકપરથી મનમાં આવશેઃ—

વરસ.	તાર કેટલા મૈલ હતો તે.	તારઆફિસો.	તારની સંખ્યા હજાર.	ભંડોળખર્ચ હજાર રૂપિઆ.
૧૮૫૧–૫૨......	૮૩	૬	૦	૬૨
૧૮૬૧–૬૨......	૧૧,૪૦૧	૧૪૪	૦	૭૬૩૨
૧૮૭૧–૭૨......	૧૪,૮૫૭	૧૯૯	૬૨૮	૨૫૫૨૯
૧૮૮૧–૮૨......	૨૧,૦૪૯	૨૯૨	૧૬૧૬	૨૭૩૬૫
૧૮૯૧–૯૨......	૩૮,૬૨૫	૧,૦૦૧	૩૮૧૧	૫૨૨૩૬
૧૮૯૨–૯૩......	૪૧,૦૩૦	૧,૧૦૦	૩૯૮૧	૫૨૩૪૬

જમાખર્ચનું પ્રમાણ જોતાં ઘણાં વરસથી શિલક રહેછે. તાર મોકલવાની ફી લેવામાં આવેછે તે જેટલી તાકીદથી ખબર મોકલવાની તે મોકલનારની ઈચ્છા હોય તે પ્રમાણે લેવામાં આવેછે. અતિ અગત્યના તારના દરેક શબ્દના ચાર

આના, સાધારણ તારના દરેક શબ્દના બે આના, અને પુરસદે મોકલવાના તારના દરેક શબ્દનો એક આનો લેવામાં આવે છે.

પશ્ચિમ ભણીના દેશોમાં તાર મોકલવાની સગવડ કરી છે અને તેની વ્યવસ્થા પણ હિંદસરકારના તારખાતાની માર્ફતજ થાય છે. સને ૧૮૫૯ માં એક ખાનગી કંપનીએ સુએજથી મુંબાઈ લગી દરિયામાં તાર નાંખ્યો, પરંતુ કામ પૂરૂં થતાંજ તે ઉપયોગમાં આવ્યો નહિ અને તેને દુરસ્ત કરવાનો પ્રયત્ન થયો નહિ. સને ૧૮૬૩ માં તુર્કી સરકારે કૉન્સ્ટાન્ટિનોપલથી એશિઆ મૈનરમાં થઈ બગદાદ લગી તાર નાંખ્યો તેથી હિંદસરકારે કરાંચીથી બગદાદ લગી ઈરાની અખાતમાં થઇને તાર લેઇ જઈ ત્યાં બંને તાર જોડ્યા. એ તારમાં બાતમી જવામાં વચ્ચે વચ્ચે અડચણ થવા માંડી તેથી બીજો તાર ઇરાનથી બુશાયર અને તહેરાનને રસ્તે બગદાદ લગી નાંખ્યો. તે પછી રૂશસરકારે તિફ્લિસથી ઇરાનની હદ્દ લગી તાર નાંખ્યો અને ઇરાનનો શાહ તહેરાન લગી તે લઈ ગયો. એ બંને તારમાં બરાબર કામ થતું નહોતું. પછી સને ૧૮૭૦ માં ઇસ્ટર્ન ટેલીગ્રાફ કંપનીએ સુએજથી મુંબાઇ લગી સમુદ્રમાં થઇ તાર નાંખ્યો, અને ઇંડો-યૂરોપી કંપનીએ ઈંગ્લાંડથી જર્મની, રૂશિઆ, અને કોકેસસ પર્વતમાં થઇ તહેરાન લગી એક તાર આણ્યો. ઇસ્ટર્ન ટેલીગ્રાફ કંપની ચીનમાં પણ તાર લઇ ગઇછે, ત્યાંથી ઉત્તર એશિઆમાં થઇને પણ ઈંગ્લાંડ તાર મોકલવામાં આવે છે. એમ ઈંગ્લાંડ તાર મોકલવાના મુખ્ય ત્રણ રસ્તા થયા

છે, તેમાં સુએજને માર્ગે અડધા કરતાં વધારે ખબરો મોકલવામાં આવેછે. તહેરાનને રસ્તે ઇંડો–યૂરોપી કંપનીની માર્ફત ૩૭ ટકા અને તુર્કી સરકારના તારને રસ્તે ૩ ટકા ખબર જાય છે. ચીનમાં તાર મોકલવાના ત્રણ રસ્તા છે, પરભાર્યો, શિઆમ થઇને, અને આમૂરપર થઇને. સને ૧૮૯૧–૯૨ માં તહેરાનને રસ્તે ખબર વિલાયત જતાં ૫૯ મિનિટ થઈ હતી અને તુર્કી તારની માર્ફત ૧૫ કલાક ૧૨ મિનિટ લાગી હતી. માંહોમાંહે તકરાર ન થાય અને સંપથી કામ થાય તેટલા માટે પશ્ચિમ ભણીના તારનો વહેવાર હિંદસરકાર અને ઉપર કહેલી કંપનીઓ મળીને કરે છે; અને કરેલા કામના પ્રમાણમાં ઉપજ વહેંચી લેછે.

સને ૧૮૯૧–૯૨ ના તારખાતાના જમાખર્ચનું કોષ્ટક.

જમા.	હજાર રૂપિઆ.
अ. હિંદમાંના તારની ઉપજ, તારનું ભાડું વગેરે મળીને જમા..............	૭૩૭૫
ब. ઇંડો–યૂરોપી તારની ઉપજ, વગેરે.....	૧૮૧૮
કુલ ઉપજ.	૯૧૯૩
ખર્ચ.	
હિંદમાં..............................	૪૬૯૧
ઇંડો–યૂરોપી તારના સંબંધમાં.........	૧૪૮૫
માજી રેડ–સી કંપનીના ભાગીદારોને વર્ષાશન..............................	૩૫૮
કુલ.	૬૪૩૪

ભંડોળ ખર્ચ સને ૧૮૯૧-૯૨........૧૯૫૧

૮૩૮૫

સને ૧૮૯૪-૯૫ ના બજેટની જમા.........૯૯૩૮

બજેટ ખર્ચ—

ચાલુ ખર્ચ..........................૭૫૨૬

ભંડોળ ખર્ચ.........................૧૬૭૦

૯૧૯૬

સને ૧૮૮૧-૮૨ જમા....................૪૬૬૯

" ખર્ચ....................૫૪૫૧

भाग १७ मो.

जन्म, मरण, अने आरोग्यरक्षण.

જન્મ અને મરણની નોંધ રાખવાનો વહીવટ હજુ બાલ્યાવસ્થામાંજ છે. શહેરોમાં એ વ્યવસ્થા બેશ ચાલે છે. પરંતુ ગામડાંમાં એવી સ્થિતિ અદ્યાપિ થઇ નથી. હિંદમાં મૃત્યુનું પ્રમાણ કેટલું છે તેનો વિચાર કરવાને કેટલેક ઠેકાણે વ્યવસ્થાપૂર્વક નોંધ રાખવામાં આવે છે ત્યાંની અથવા જે વર્ગના લોકોમાં નોંધ રાખવાની બાબતમાં વિશેષ બંદોબસ્ત હોય છે તેની નોંધ લેવી પડે છે. શહેરોની નોંધ સામાન્ય સ્થિતિ દર્શાવનાર છે એમ માનવાને પણ હરકત છે તે એ કે પુષ્કળ લોકો પોતાનાં બાયડી છોકરાંને ગામમાં મૂકી ગુજરાન ચલાવવાને શહેરોમાં જાય છે; એથી તેઓ મૃત્યુનું પ્રમાણ વધારવાને માત્ર કારણ થાય છે, તે પ્રમાણે જન્મની સંખ્યા વધવામાં થતું નથી. સામટે મેળે જોતાં આ વિષયનો વિચાર કરવાને ભરોસો રાખવા લાયક સાધનો નથી.

સને ૧૮૮૧ થી સને ૧૮૯૧ લગીનાં દશ વરસ હિંદમાં સારાં ગયાં એમ કહેવાને હરકત નથી. એ મુદ્દતમાં મોટો દુકાળ પણ પડ્યો નહોતો અથવા ઘણા ભાગમાં વરસાદની તાણ પડી પાકનો પણ બગાડ થયો નહોતો. એ કારણથી એ સમય આબાદીનો ગણીએ તો ચાલે. સને ૧૮૯૧ ના વસ્તીપત્રકની તપાસ ઇંગ્લાંડના આક્ચ્યુઅરી (વીમો ઉતા-

રવા માટે વયની કીમત કરનાર પંડિત) પાસે કરાવી છે તેપરથી જણાય છે કે યૂરોપના લોકોનું સાધારણ આયુષ્ય મધ્યમ પ્રમાણમાં પુરૂષનું ૪૧ વરસ અને સ્ત્રીનું ૪૪½ વરસ આવે છે; અને આ દેશમાં મરદનું ૨૪½ અને બાયડીનું ૨૫½ આવે છે. જન્મ્યા પછી એકજ વરસની અંદર મરનારા છોકરાની સંખ્યા સેંકડે ૨૭ અને છોકરીની સંખ્યા ૨૪ આવે છે. ઇંગ્લાંડમાં એ પ્રમાણ સેંકડે ૩૪ થી ૧૭ છે. ઇંગ્લાંડમાં જન્મનું પ્રમાણ હજારે ૩૧ આવે છે; આ દેશમાં જુદા જુદા પ્રાંતોના પ્રમાણમાં ૪૦ થી ૫૦ લગી આવે છે. ત્યાં મરણની સંખ્યા હજારે વીસ આવે છે; હિંદમાં ૩૮ થી ૪૫ લગી આવે છે. હિંદમાં વિવાહનું માહાત્મ્ય ઘણું છે અને નાની ઉમરમાંજ સ્ત્રી પુરૂષનો સંગ થાય છે એ વાત ધ્યાનમાં રાખ્યાથી મરણનું પ્રમાણ વધારે આવે છે તેમાં નવાઈ નથી અને તેથીજ વસ્તીનો ઘણો વધારો થતો નથી. આ દેશની કેટલીક કંપનીઓ યૂરોપીઓ અને દેશીઓના આયુષ્યનો વીમો સરખે દરે ઉતારે છે, પરંતુ મધ્યમ અને ઉપલા વર્ગનાજ લોકો વીમો ઉતરાવે છે અને તેમાં પણ તંદુરસ્ત માણસોનોજ વીમો ઉતારે છે તેથી એ પ્રમાણપરથી સાધારણ લોકોની બાબતમાં સિદ્ધાંત કરી શકાય નહિ.

મરણનું રજિસ્ટર બરાબર રાખવામાં આવતું નથી એવું આપણે ઉપર કહી ગયા છીએ. દાખલ થયેલી સંખ્યા કરતાં મૃત્યુની ખરી સંખ્યા ઘણી વધારે હોય છે. એવી અપૂર્ણ નોંધપરથી દર વરસે જન્મ તથા મરણના પ્રમાણમાં કેટલો ફેરફાર થતો ગયો તે જાણવાને એ પત્રક કામનું નથી.

તથાપિ દરેક સાલમાં જે મરણો નીપજ્યાં તેઓમાં કિયા કારણથી કેટલાં મરણ થયાં તે એ પત્રકપરથી જાણવામાં આવે છે. સાધારણ રીતે જુદા જુદા પ્રાંતોમાં ફરક પડે છે. આખા હિંદનું પ્રમાણ કેટલું આવે છે તે અહીં આપણે આપીએ છીએ.

રોગનું નામ.	સને ૧૮૮૧–૮૨.	૧૮૯૧–૯૨.
કોગળિયું	૩.૫૩	૯.૮૧
શીતળા	૧.૬૨	૧.૬૭
તાવ	૬૯.૭૦	૬૪.૨૦
અતિસાર અને મરડો	૫.૭૨	૪.૧૧
ઇજા	૧.૬૦	૧.૪૯
સાપ અને હિંસક પશુનું કરડવું	૦.૪૬	૦.૪૦
બીજા	૧૭.૩૭	૧૮.૩૨

સાધારણ રીતે કોગળિયા અને શીતળાથી નીપજતાં મરણની સંખ્યામાં માત્ર વધારે ફરક પડેછે. બીજાં કારણોથી નીપજતાં મરણની સંખ્યામાં દર વરસે ઝાઝો ફેર પડતો નથી. હિંસક પશુઓથી થતો ત્રાસ દૂર કરવા સારૂ તેમને મારવા માટે ઈનામ આપી ઉત્તેજન આપવામાં આવે છે. કોઈવાર એવાં જનાવરોથી વધારે ત્રાસ થતો માલૂમ પડેછે તેવારે તે ઠેકાણે પૂરતી થાય એટલી મોટી બક્ષિશો આપવામાં આવેછે, અથવા ફી ન લેતાં શિકાર કરવાની પરવાનગી આપવામાં આવેછે. સને ૧૮૯૨ માં એવી જાતના ૬૯ હજાર પરવાનાં આપ્યા હતા, અને બક્ષિશખાતે ૧૦૬ હજાર રૂપિઆ ખર્ચ થયો હતો. બક્ષિશનો દર જુદા જુદા

પ્રાંતોમાં તેમની સ્થિતિ પ્રમાણે જુદો જુદો હોય છે. સાપના કરડવાથી થયેલાં મૃત્યુની સંખ્યા મોટી છે, અને તેનો ઉપાય કરવો વધારે કઠણ છે. જંગલી ઝાડવાં, થોર, અને કેતકીનાં વનમાં ઘણું કરીને સાપ વધારે રહેછે, માટે વસ્તીની નજીકમાંના થોર, વગેરે કહાડી નાખવાની તજવીજ કરવામાં આવેછે. ઇનામો આપી સાપ મારવાનું કામ પણ ચાલેછે. બક્ષિશ આપવાની પહેલાંની પદ્ધતિમાં હમણા ફેરફાર કર્યો છે. સાપ મારવા માટે આખું વરસ બક્ષિશ ન આપતાં સાપનો ઈંડાં મૂકવાનો જે કાળ છે તેની પહેલાંના બેજ મહીનામાં બક્ષિશ આપવાની મુદ્દત ઠરાવેલી છે. એ પદ્ધતિ શરૂ થયા પછી પહેલાંના પ્રમાણમાં મારેલા સાપની સંખ્યા શુમારે ½ થઈ છે. પહેલાંની પદ્ધતિ પ્રમાણે નાના મોટા સાપને માટે ઇનામ આપવામાં આવતાં; હવે નવી પદ્ધતિ પ્રમાણે સાપ મારનારાઓને મોટા સાપનીજ પાછળ લાગવું પડે છે. એ પદ્ધતિ અમલમાં આવ્યા પછીનાં બે વર્ષના અનુભવપરથી જોતાં સાપના કરડવાથી નીપજતાં મૃત્યુની સંખ્યા વધી નથી; તોપણ થોડીક વધારે મુદ્દત લગી એ પદ્ધતિની અજમાયશ કરવી જોઇએ.

કોગળિયાના ઉપદ્રવના સંબંધમાં વૈદ્યકખાતાં તરફથી ઉપાય કરવામાં આવેછે, પરંતુ એ ઉપદ્રવનો પ્રસાર થતો અટકાવવા ઉપરાંત એ ખાતાએ વધારે પગલું ભર્યું નથી. એ રોગ ચાલ્યા પછી રોગીઓને જુદા રાખવા, દુર્ગંધ દૂર કરવી, ઓસડવેસડ કરવું, અને રોગીનાં સંબંધના પદાર્થોનો નાશ કરવો, ઇત્યાદિ ઉપાયોવડે રોગનો પ્રસાર ઘણું

કરીને ઓછો થાય છે એમ કહીએ તો ચાલે, પરંતુ એ ઉપદ્રવ ચાલવા ન દેવો અથવા એકાદ માણસ તેના સપાટામાં આવ્યા પછી તેનાપર તે રોગનો અમલ ખાતરીથી થવા ન દેવો એ બાબત હજુ સાધ્ય થઈ નથી.

શીતળા કઢાવ્યાથી માત્ર એ રોગ ઓછો ચાલેછે એવુ જણાય છે, અને તેની બાબતમાં ભવિષ્યની સ્થિતિ સંતોષ માનવા જેવી છે. શીતળાનો રોગ પહેલાં કરતાં ઓછો ચાલેછે એટલુંજ નહિ, પણ તેનું પરિણામ પણ પહેલાંના જેટલું ભયંકર થતું નથી. વસ્તીની ગણતરી થઈ તે વેળા મેળવેલી હકીકતપરથી જણાયછે કે શીતળા કઢાવ્યાથીજ સારૂં પરિણામ આવેછે અને શીતળાથી છેક આંધળા, અડધા આંધળા, અથવા ચાઠાંવાળા લોકો પહેલાં કરતાં ઓછા થાય છે. શીતળા કઢાવવાનો રિવાજ બેશ પ્રસર્યો છે. સને ૧૮૮૧-૮૨ માં ઇંગ્રેજ સરકારના રાજ્યમાં ૪૬,૧૧,૪૭૫ માણસોને અને સને ૧૮૯૧-૯૨ માં ૬૨,૪૯,૦૦૭ માણસોને શીતળા કહાડવામાં આવ્યા હતા.

હવે રોગ મટાડવા માટે શી તજવીજ ચાલે છે તેનો વિચાર આપણે કરીએ. મોટાં શહેરોમાં મોટાં દવાખાનાં તે જિલ્લાના વૈદ્યક ખાતાના ઉપરીના તાબામાં હોય છે. ઇલાકાનાં શહેરોમાં મેડિકલ કૉલેજના શિક્ષકો અને બીજા દાક્તરોના તાબામાં દવાખાનાં હોય છે. હમણા તાલુકાની સગવડ પ્રમાણે દવાખાનાં સ્થાપવાની તજવીજ ચાલે છે અને તેઓપર વૈદ્યકશાળામાં શીખેલા લોકોને નીમવામાં આવે છે. દવાખાનામાં રહી ઓસડ કરવાની તજવીજ કેટલાક રોગી-

ઓને માટે પૂરેપૂરી કરેલી હોય છે, પરંતુ તેનો ઉપયોગ અકસ્માત થવાથી મરણ પામેલા અથવા ઇજા પામેલા લોકોને પોલીસ મોકલે છે તે સિવાય બીજા લોકો ઝાઝો કરતા નથી. મફત ઓસડ આપવામાં આવે છે તેનો ખરેખરો ઉપયોગ લોકો કરે છે. સને ૧૮૮૧–૮૨ માં ૧,૨૪૭ અને સને ૧૮૯૧–૯૨ માં ૧,૮૦૯ દવાખાનાં હતાં, તેઓમાં અંદર રહીને સને ૧૮૮૧ માં ૯,૮૬૭ અને સને ૧૮૯૧ માં ૧૨, ૯૧૩ દરદીઓએ ઓસડ ખાધું હતું. જે દરદીઓને માત્ર ઓસડ આપ્યું હતું તેઓની દરરોજની સંખ્યા સને ૧૮૮૧ માં ૬૨, ૮૯૫ અને સને ૧૮૯૧ માં ૯૩, ૬૮૩ હતી,

ગયાં દશ વર્ષમાં લૉર્ડ ડફરિનની કારકીર્દીમાં તેમની પત્નીએ સ્ત્રીઓને સ્ત્રીવૈદ્યોની માર્ફત ઓસડ વગેરેની તજવીજ કરવાની શરૂઆત કરી તેની સર્વેને ખબર છેજ. એથી કરીને હમણા સ્ત્રી દરદીઓની વધારે બરદાસ્ત કરવામાં આવે છે.

સાર્વજનિક દવાખાનાંની વ્યવસ્થા મ્યુનિસિપાલિટીઓ, લોકલ બોર્ડો, અથવા એ બંનેની ભેગી કમિટીઓ કરે છે અને થોડોક ખર્ચ સ્થાનિક ઉપજમાંથી અને થોડોક સરકારમાંથી આવે છે. સને ૧૮૯૧–૯૨ માં દવાખાનાંની અને હાસ્પિટલોની ઉપજ રૂ ૫૪,૮૫,૫૬૦ થઇ હતી. તે નીચે બતાવ્યા પ્રમાણે આવી હતી. સરકારમાંથી રૂ૨૦,૯૮,૮૨૦, લોકલબોર્ડો તરફથી રૂ૧૩,૪૨,૩૭૦, મ્યુનિસિપાલિટીઓ તરફથી રૂ ૧૦,૮૧,૩૭૦, વ્યાજે મૂકેલી રકમનું વ્યાજ

રૂ ૧,૫૨ ,૬૧૦, વ્યાજે મૂકેલું મુદ્દલ પાછું લેઇ રૂ૯૨,૭૮૦, યુરોપીઓની મદદના રૂ ૮૬,૮૩૦, દેશીઓની મદદના રૂ ૨,૬૮,૮૮૦, એકંદર રૂ ૫૪,૮૫,૫૬૦. એ સિવાય પુષ્કળ ધર્માદા દવાખાનાં લોકો પોતાના ખાનગી ખર્ચે ચલાવે છે, અને એવાં દવાખાનાં કહાડવાં એ હિંદુ, મુસલમાન, જૈન, અને પારસી લોકોમાં ધર્મનું કૃત્ય ગણાય છે; અને બૌદ્ધ લોકો તો તેનેજ કર્તવ્ય ગણે છે.

હવે આરોગ્યરક્ષણ વિષે કહેવાનું છે. સ્થાનિક સ્વરાજ્યના વર્ણનમાં એ કામ માટે તે મંડળીઓ તરફથી કેવા પ્રકારનો ખર્ચ કરવામાં આવેછે અને સ્વચ્છ પાણી પૂરૂં પાડવાના સંબંધમાં સરકાર કેટલું લક્ષ આપેછે તે વિષે આપણે કહી ગયા છીએ. મોટાં શહેરોમાં માત્ર ગટરો બાંધવાની વિશેષ તજવીજ થઇછે. બહારના પ્રાંતોમાં પણ હમણા સ્વચ્છતા રાખવાની તજવીજ ચાલેછે. લશ્કરના ભાગોની સ્વચ્છતાના સંબંધમાં કમિશનની માર્ફત ચોકશી થઇ ત્યારથી એ બાબતપર વધારે લક્ષ ગયું અને તે વખતથી સ્વચ્છતાના સંબંધમાં શાસ્ત્રીય મૂળતત્વો પ્રમાણે શહેરોમાં અને ગામડાંમાં વ્યવસ્થા કરવાની તજવીજ ચાલે છે. સને ૧૮૮૮ માં હિંદસરકારે એ બાબતની વ્યવસ્થા કરવાને દરેક પ્રાંતમાં એક સાનિટરી બોર્ડ સ્થાપન કરવાનો, સ્વચ્છતા રાખવાની ગોઠવણ કરવા માટે કાયદો કરવાનો અને ગામડાંમાં વ્યવસ્થા કરવા સારૂ સાદા નિયમો બાંધવાનો હુકમ કર્યોછે. શહેરોમાં અને ગામડાંમાં સ્વચ્છતાના સંબંધમાં કેવી વ્યવસ્થા કરવી તે વિષે શહેરોની કમિટીઓને

અને ગામડાંના લોકોને સાનિટરી બોર્ડોએ સલાહ આપવાની છે અને તે કામ કેવી રીતે ચાલે છે તેની દેખરેખ પણ રાખવાની છે. એ પ્રમાણે બધા પ્રાંતોમાં સાનિટરી બોર્ડો સ્થાપન થઇછે. મુંબાઈ અને મધ્ય પ્રાંતોમાં સ્વચ્છતાની બાબતમાં વિશેષ કાયદા થયાછે અને કેટલાંક સ્થળોની લોકલ બોર્ડોના કાયદામાંજ પૂરતો અધિકાર આપ્યોછે. આ બાબતમાં વધારે વિગતવાર હકીકત આપવાની જરૂર જણાતી નથી. સાનિટરી બોર્ડો સ્થાપન થયાને બહુજ થોડી મુદ્દત થઈ છે અને વ્યવસ્થા પણ હજુ બરાબર ચાલુ થઇ નથી તેથી એ વ્યવસ્થાનું પરિણામ કેવું થયું તે કહી શકાય નહિ.

ભાગ ૧૮ મો.

સર્વે (મોજણી).

હરકોઇ દેશમાં સુધારાનાં કામો બરાબર ચાલવા માટે તે દેશની સ્વાભાવિક સ્થિતિની ખાતરી લાયક માહિતી મેળવવી પડેછે, તે પ્રમાણે આ દેશની જુદા જુદા પ્રકારની માહિતી મેળવવા માટે હિંદસરકાર એકસરખો પ્રયત્ન કરે છે. એની કેવળ તૂટક હકીકત માત્ર આપણે અહીં આપીએ છીએ; સંપૂર્ણ હકીકત જોઈતી હોય તો માર્કહામ અને બ્લા કે એ સંબંધી બે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે તે વાંચવાં.

૧. કિનારાની પાહાણી.—દેશના કિનારાની માહિતી મેળવી વહાણો ચલાવવામાં ઉપયોગી થાય એવા નકશા તૈયાર કરવાનું કામ સને ૧૮૬૨ લગી હિંદના અરમારખાતાની માર્ફત કરવામાં આવતું હતું. તે ખાતું કહાડી નાંખ્યા પછી એ કામ માટે એક અમલદાર નીમ્યો હતો, અને પછી સને ૧૮૮૨ માં કિનારાની માપણી કરવાની નવી ગોઠવણ કરવામાં આવી. હિંદનો કિનારો શુમારે ૫,૧૦૦ મૈલ લાંબો છે, તેમાંના ૧,૭૧૫ મૈલની પાહાણી સને ૧૮૮૮ ની આખર લગીમાં થઈ હતી. આખા કિનારાની માપણી પૂરી થવાને ઘણો સમય લાગશે.

૨. ભરતીઓટ અને સમુદ્રની સપાટીની પાહાણી ચાલેછે. એ પ્રમાણે કિનારાના ઘણા ભાગની મોજણી થઈ છે. ભરતીના સંબંધમાં પાહાણી કરી તેને લગતી હકીકત તે

કામપર નીમેલો એક અમલદાર તપાશી પ્રસિદ્ધ કરેછે.

૩. પૃથ્વીના પેટાની તપાસ કરવા માટે કેટલાક અમલદારો નીમેલા હોય છે તેમણે કરેલી શોધની હકીકત પ્રગટ કરવામાં આવેછે. એ હકીકત મેળવવા માટે સને ૧૮૫૬ માં બેશ વ્યવસ્થા કરી તે ખાતાનો ઉપરી અમલદાર નીમ્યો હતો; તેની પહેલાં જુદા જુદા પ્રાંતોમાં જુદા જુદા અમલદારો પાહાણી કરતા. તે ખાતાની માર્ફત આ દેશના ઘણાખરા ભાગની પાહાણી થઇછે, અને તેમાં વિશેષ કરીને જે ભાગોમાં ખનિજ કોયલા, સોનું, અને કેરોસીન તેલ નીકળે છે તે ભાગોની વિશેષ પાહાણી થઇછે. તેનાસરિમ પ્રાંતના જે ભાગમાં કલાઇ નીકળેછે તે ભાગની અને ઉત્તર ભણીના ભાગમાં મીઠું નીકળે છે તેની એવીજ પાહાણી થઇ છે. પૃથ્વીના અંદરના ભાગની તપાસ કરવામાં શાસ્ત્રીય બાબતપર જેવું લક્ષ આપવામાં આવેછે તેવું લક્ષ દેશની સંપત્તિ વધારનારી બાબતપર પણ આપવામાં આવ્યું છે. દક્ષિણ ભણીના ભાગોની પાહાણીનું ઘણું કામ હજુ થવાનું છે. બધું કામ પૂરૂં થતાં ઘણો વખત લાગશે.

૪. સર્વે ઑવ્ ઇન્ડિઆ.—દેશની માપણી અને પાહાણી કરવાનું કામ એક જુદા ખાતાને સોંપ્યું છે. એ કામ તે ખાતાની માર્ફત બહુ સારૂં ચાલે છે અને તેની ખ્યાતિ પણ ઘણા દૂરના ભાગોમાં પ્રસરેલી છે. પહેલે તો દેશના ત્રિકોણાકાર ભાગો કર્યા અને તે પ્રમાણે આખા દેશની માપણી કરી સઘળા કામનો બરાબર મેળ પાડવામાં આવ્યો. એ પ્રમાણે ત્રિકોણ કરવાનું કામ ત્રિગ્નૉમેટ્રિકલ સર્વેની મા-

ફૂંત થયું. એ સર્વે આ ખાતાનાં કામોમાંનું પહેલું કામ છે. યામ્યોત્તર વૃત્તના વર્તુલોના ભાગોની માપણી એ ત્રિગ્નૉમેટ્રિકલ સર્વેએ કરેલું બહુ મહત્વનું કામ છે. એથી પૃથ્વીનો આકાર કેવા પ્રકારનો છે તે નક્કી કરવાનાં તથા બીજી પુષ્કળ શાસ્ત્રીય શોધ કરવાનાં સાધનો મળે છે. ત્રિગ્નૉમેટ્રિકલ સર્વે તરફથી ત્રિકોણની ત્રણ બાજૂઓ મુકરર કરવામાં આવે છે અને એ ત્રિકોણમાં આવેલા ભાગોની વિગતવાર પાહાણી કરવી અને તેના નકશા તૈયાર કરવા એ કામ ટોપોગ્રાફિકલ સર્વે તરફથી કરવામાં આવે છે. એ ખાતા તરફથી તૈયાર થયેલા નકશામાં ગામો, રસ્તા, નદીઓ, ડુંગરો, અને દેશનાં ઊંચાણ અને નીચાણ, વગેરેની પુષ્કળ હકીકત આપેલી હોય છે. એ નકશાનું પ્રમાણ એક મૈલે એક ઇંચ હોય છે. હજુ ઘણા ભાગોની એવી પાહાણી થવાની છે.

જંગલોની પાહાણી કરવાનું કામ પણ ચાલુ છે. તેમાં કિયા ભાગમાં કેટલાં અને કેવી જાતનાં જંગલો છે, ઝાડી કેટલી છે, તેમાં મુખ્યત્વે કિયાં ઝાડો છે તેની હકીકત મેળવવામાં આવે છે.

૫. કાડાસ્ટ્રલ સર્વે—જમીનની મહેસૂલના કાર્યને અર્થે જમીનની માપણી કરવી પડે છે એવું જમીનની મહેસૂલના ભાગમાં આપણે કહી ગયા છીએ. આ સર્વે હમણા ઉત્તર અને મધ્યહિંદમાં ચાલે છે. બંગાળાના થોડાક ભાગમાં માત્ર આ સર્વે થઈ છે. મધ્યપ્રાંતો, વાયવ્યપ્રાંતો અને પંજાબ એ પૈકી પંજાબ પ્રાંતમાં ગામના કામદારો કને કરાવેલી માપણી બરાબર થઇ હતી તેનો ત્રિગ્નૉમેટ્રિકલ સર્વે જોડે મેળ

પાડી કામમાં લેવામાં આવી. વાયવ્ય પ્રાંતોમાં પણ એવીજ વ્યવસ્થા કરવામાં આવી. મધ્યપ્રાંતોમાં ગામોની બહારની મર્યાદાની હદ આ સર્વે ઠરાવે છે અને બાકીની હકીકત સેટલમેન્ટ આફિસર અને તેમના કામદારોની માહિતી પરથી ભરે છે. મુંબાઈ ઈલાકામાં રેવિન્યુ સર્વેએ ડુંગરોનો ભાગ બરાબર માપ્યો નહોતો. તે માપવાનું કામ હમણા ચાલે છે. બ્રહ્મદેશની સર્વે પણ ચાલુ છે.

૬ આર્કીઓલોજિકલ સર્વે—પ્રાચીન કાળનાં દેવલો, ગુફામાં કોરી કહાડેલી મૂર્તિઓ, સ્તંભો, શિલાલેખો, વગેરે આ દેશમાં પુષ્કળછે તેઓની પાહાણી થાય છે અને એ કામ કરવા માટે જે અમલદારો નીમેલા હોય છે તેઓનું કામ પ્રાચીન કાળની જોવા લાયક ઈમારતો અને કોતરકામ જેવી ને તેવી સ્થિતિમાં કાયમ રાખવાનું, જે ઈમારતો, કોતરકામ વગેરે પહેલાંના વખતમાં પૂરાઈ ગયેલાં હોય તેમને પૂરીને ખોદી કહાડી ખુલ્લાં કરવાનું, ધાતુનાં પત્રાંપરના લેખોની નકલ કરી તેમના અર્થ કરવાનું, તેમનો કાળ નક્કી કરી તેમના પરથી પ્રાચીન ઇતિહાસનાં સાહિત્યો મેળવવાનું છે. સર વિલિયમ જોન્સના વખતમાં એ કામનો આરંભ થયો હતો અને તે કામ અદ્યાપિ ચાલુ છે. આ ખાતાની માર્ફત થયેલી શોધો પરથી પ્રાચીન કાળની પુષ્કળ બિના જાણવામાં આવી છે અને તે સમયનો ખરેખરો ઇતિહાસ લખવાનાં સાધનો મળ્યાં છે.

૭. જીઓગ્રાફિકલ સર્વે—અહીં લગી આપણે દેશની અંદરના ભાગોની અને વસ્તુઓની પાહાણીનું વર્ણન કર્યું.

ભૂગોળનું યથાર્થ જ્ઞાન વધે તેટલા માટે પણ હિંદ સરકાર પ્રયત્ન કરે છે અને એ કામ પર અમલદારો નીમેલા હોય છે તેઓ આ દેશની ઉત્તરના ભાગોમાં ફરી માહિતી મેળવે છે. તેમજ પુષ્કળ મુસાફરો પોતાની ખુશીથી પ્રવાસ કરી માહિતી મેળવે છે તેનો પણ ઉપયોગ કરવામાં આવેછે. એ પ્રમાણે કાફ્રિસ્તાન, ઉત્તર હિંદની મોટી નદીઓનાં હિમાલયમાંનાં અને તેની પેલી તરફનાં મૂળના પ્રદેશ, ટિબેટ, વગેરે દેશોની શોધ થયેલી છે. અફ્ગાનીસ્તાનની લડાઇની વખતે અફૂગાનીસ્તાન અને રૂશિઆની વચ્ચેની હદ ઠરાવતી વેળા તે ભાગની માહિતી મેળવવામાં આવી. એ પરથી આ ખાતાની માર્ફત કેટલુ મહત્વનું કામ થાય છે તેનો ખ્યાલ આવશે.

ભાગ ૧૯ મો.

શિક્ષણ.

હિંદનો પ્રાચીન ઇતિહાસ જેટલો મળ્યો છે તે પરથી જણાય છે કે આ દેશના લોકો કદી અભણ નહોતા. તે કાળમાં હિંદુઓની પાઠશાળા અને મુસલમાનોની મદ્રેસા હતી. શાળાઓમાં મુખ્યત્વે ધર્મનું શિક્ષણ આપવામાં આવતું હતું; અને તેઓમાં વિદ્યાર્થીઓ સંસ્કૃત, અરબી, વગેરે પ્રાચીન ભાષાઓનો અભ્યાસ કરતા. એ ઉપરાંત નાનાં નાનાં ગામોમાં લખતાં, વાંચતાં, અને હિસાબ ગણતાં શીખવવાની નિશાળો હતી. એ નિશાળોમાં બધી જાતના લોકોના છોકરાને ભણાવતા હતા. ધર્મનું શિક્ષણ આપનારી શાળાઓને જમીન જુદી કહાડી આપેલી હતી; અને મફત વિદ્યાદાન આપવું એ મોટું સત્કૃત્ય છે એવું લોકો સમજતા હતા. ગામડાંની નિશાળોના શિક્ષકોને પગાર પેટે અનાજ વગેરે મળતું.

સને ૧૮૫૪ની પહેલાંની સ્થિતિ.—હાલની શિક્ષણપદ્ધતિનો મૂળ પાયો સને ૧૮૫૪ નો ઈંગ્લાંડની સરકારનો ખરિતો છે. ગયા સૈકાની આખરે સરકારે લોકોને કેળવણી આપવાનું કામ હાથમાં લીધું તે પહેલાં યૂરોપથી આ દેશમાં આવીને રહેલા મિશનરીઓએ (પાદરીઓએ) તે હાથમાં લીધું હતું. કેળવણીને સરકાર તરફની મદદ આપવાનો આરંભ હિંદના પહેલા ગવર્નર-જનરલ વૉરન હેસ્ટિંગ્સે

સને ૧૭૮૧ માં કર્યો. તેને ફારસી ભાષા સારી આવડતી હતી અને તે ભાષાને ઉત્તેજન આપવા માટે તેણે કલકત્તા શહેરમાં એક મદ્રેસા સ્થાપન કરી. તે વેળા ફારસી ભાષા દરબારી ભાષા હતી અને ઇન્સાફ વગેરેનું કામ પણ તે ભાષામાં ચાલતું હતું. એથી મુખ્યત્વે તે ભાષાને ઉત્તેજન મળે અને મુસલમાનોને હિંદુઓના જેટલું જ્ઞાન મળી નોકરીમાં અને વિશેષે કરીને ન્યાયખાતામાં પેસવાની સગવડ મળે એવો એ મદ્રેસા સ્થાપવાનો હેતુ હતો. તે પછી દશ વર્ષે સરકારે બનારસ (કાશી)માં એક સંસ્કૃત પાઠશાળા (કૉલેજ) સ્થાપન કરી. ધર્મશાસ્ત્ર અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી તેમાં નિપુણ થયેલા વિદ્યાર્થીઓને યૂરોપી ન્યાયાધીશોના મદદનીશ બનાવવાના ઉદ્દેશથી એ પાઠશાળા સ્થાપન કરવામાં આવી હતી.

સને ૧૮૧૩ માં પાર્લમેન્ટ સભાના કાયદાની રૂઇએ કંપની સરકારને નવી સનદ કરી આપવામાં આવી. એ કાયદામાં ખાસ ઠરાવ કર્યો હતો કે હિંદમાંના ગ્રંથોનું પુનરૂજ્જીવન અને સુધારણા થાય, હિંદના વિદ્વાન લોકોને ઉત્તેજન મળે, અને હિંદમાંના બ્રિટિશ રાજ્યમાં રહેનારી પ્રજામાં શાસ્ત્રીય જ્ઞાનનો પ્રસાર થાય તેટલા માટે કંપનીએ ઓછામાં ઓછા એક લાખ રૂપિઆ ખરચવા. એજ અરસામાં દરબારમાં ફારસી ભાષાને બદલે ઇંગ્રેજી ભાષા ચાલવા માંડી. એ કારણથી ઈલાકાનાં મુખ્ય શહેરોમાં દેશી ભાષા અને પ્રાચીન ભાષાને બદલે ઇંગ્રેજી ભાષા શીખવાની લોકોની ઇચ્છા થઈ. પ્રાચ્ય (પૂર્વ દેશની) ભાષાના અને ઇંગ્રેજી ભા-

ષાના હિમાયતીઓની વચ્ચે ઘણાં વરસ લગી સખ્ત વાદ-
વિવાદ ચાલ્યો હતો. છેવટે સને ૧૮૩૩ માં પ્રખ્યાત લૉર્ડ
મેકૉલેએ ઇંગ્રેજી ભાષાનો પક્ષ કરી. તેનું મંડન કરવાને પો
તાના વજનનો ઉપયોગ કર્યો. તે પછી સને ૧૮૩૯ માં હિં
દના ગવર્નર-જનરલે એ પ્રશ્નના સંબંધમાં પોતાનો અભિ
પ્રાય જાહેર કર્યો. તેનું તાત્પર્ય એ છે કે યૂરોપી ગ્રંથો,
તત્વશાસ્ત્ર, અને શાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ ઇંગ્રેજી ભાષા
માંજ કરવાની જરૂર છે, તથાપિ પ્રાચ્ય શાળાઓ પહેલાંની
સ્થિતિમાં મૂકી તેમને પહેલાંની પેઠેજ સરકારનો આશ્રય
મળવો જોઇએ. ઇંગ્રેજી અને દેશી શિક્ષણ જોડે રાખી વિ
દ્યાર્થીઓની ઇચ્છા પ્રમાણે તેમને પસંદ પડે તે શિક્ષણ
આપવું જોઇએ.

તે પછીનાં દશ પંદર વરસ લગી ઊંચી અને મધ્યમ
પ્રતિની કેળવણી આપવા ભણી સરકારનું લક્ષ ગયું હતું.
વાયવ્ય પ્રાંતો સિવાય બાકીના પ્રાંતોમાં પ્રાથમિક કેળવણી
આપવાના સંબંધમાં ઘણું કરીને તજવીજ થઈજ નહોતી.
સને ૧૮૧૭ માં બંગાળામાં કેટલાક પૈસાદાર ગૃહસ્થોએ
ઉપલા વર્ગના છોકરાને કેળવણી આપવા માટે એક હિંદુ
કૉલેજ સ્થાપન કરવાના હેતુથી એક મંડળી સ્થાપી. તે વ
ખતે સ્થાપન થયેલી હિંદુ કૉલેજ હમણા પ્રેસિડેન્સી કૉલે
જને નામે પ્રસિદ્ધ છે. પછી કેટલાક દેશી અને યૂરોપી ગૃ-
હસ્થોએ મળીને ઇંગ્રેજી અને દેશી વિદ્યાનો પ્રસાર કરવા
માટે સને ૧૮૧૯ માં સ્કૂલ સોસૅટી નામે સભા સ્થાપન
કરી. પછી સરકાર તરફની કમિટી સ્થાપન થઈ અને તેણે

ઘણા વજનદાર લોકોની મરજી વિરૂદ્ધ સને ૧૮૨૩ માં એક સંસ્કૃત કૉલેજ સ્થાપી. તે પછી સને ૧૮૩૦ માં દાક્તર ડફ નામે એક મિશનરીએ એક કૉલેજ સ્થાપન કરી. સને ૧૮૪૨-૪૩ માં સરકાર તરફની કમિટીમાં સુધારો થઇ કૌન્સિલ ઑાવ્ એજ્યુકેશન સ્થાપન થઇ. સને ૧૮૫૫ લગી ઊંચા પ્રકારના શિક્ષણ પરજ બધો ખર્ચ થતો હતો. તે સાલમાં બંગાળા ઇલાકામાં ૧૫૧ નિશાળો અને ૧,૩૧,૩૬૩ વિદ્યાર્થીઓ હતા અને રૂ૫,૯૪,૨૩૦ ખર્ચ થયો હતો. તથાપિ પ્રાથમિક કેળવણી ફક્ત ૩,૨૭૯ વિદ્યાર્થીઓનેજ મળતી હતી. મદ્રાસ ઇલાકામાં સને ૧૮૨૬ માં સર ટૉમસ મન્રોએ ઇલાકાના શહેરમાં એક મુખ્યશાળા, જિલ્લાનાં શહેરોમાં પણ એક ઊંચા પ્રકારની શાળા, અને તાલુકાનાં ગામોમા એક એક નાની નિશાળ કહાડવા માટે એક બોર્ડ સ્થાપન કરી. હાઇસ્કૂલ નથી એમ કહેવાય તેટલા માટે એ બોર્ડે માત્ર એક હાઇસ્કૂલ સ્થાપન કરી. તે હાઇસ્કૂલ બદલાઇને હમણા પ્રેસિડન્સી કૉલેજ કહેવાય છે. સને ૧૮૩૬ માં એ બોર્ડમાં સુધારો થઈ તેની જગ્યાએ યુનિવર્સિટી બોર્ડ સ્થાપન થઈ. સને ૧૮૫૪ માં કેળવણી ખાતું સ્થાપન થયું. તે વેળા મદ્રાસમાં સ્થપાયલી હાઇસ્કૂલો સિવાય બહારના પ્રાંતોમાં નવીજ સ્થાપન કરેલી પાંચ હાઇસ્કૂલો અને થોડીક પ્રાથમિક શિક્ષણની શાળાઓ હોઈ સરકારી ખર્ચ રૂ ૪૫,૩૬૦ થતો હતો. કેળવણીની બાબતમાં સરકારનું દુર્લક્ષ હતું, તથાપિ મિશનરીઓની શાળા મદ્રાસમાં અને તંજાવર, મચ્છલીપટ્ટણ, તિનિવેલી, વગેરે બહારના ભાગોમાં સ્થાપન થઇ હતી

અને તેઓમાં સને ૧૮૫૪ માં ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ ભ-ણુતા હતા. તે વેળા દેશીઓની મહેનતથી સ્થપાયલી શાળા પચૈયપ્પાની શાળા હતી. એ નિશાળનો ખર્ચ ધર્મના ફંડ-માંથી થતો હતો. મદ્રાસની પેઠે મુંબાઈ ઈલાકામાં પણ વિ-દ્યાનું દાન આપવામાં મિશનરીઓજ અગ્રેસર હતા. તેમણે મુંબાઇ શહેરમાં સને ૧૮૧૪ માં પહેલ વહેલી શાળા સ્થા-પન કરી. તે પછીના વરસમાં ખાનગી ઉઘરાણું કરીને મુંબા-ઈ શહેરમાં અને બહારના ભાગોમાં નિશાળો કહાડવા માટે એજ્યુકેશન સોસૈટી નામે મંડળી સ્થાપન થઈ. પછી સને ૧૮૨૨ માં એ મંડળીએ યૂરોપીઓને અને યૂરેશીઓનેજ કેળવણી આપવાનું ઠરાવ્યું. એજ વખતે વિદ્યાનો પ્રસાર ક-રવાને તથા શિક્ષણનાં પુસ્તકો તૈયાર કરવાને પ્રખ્યાત એ-લ્ફિન્સ્ટનના અધ્યક્ષપણા નીચે બીજી સભા સ્થાપન થઇ. પછી સને ૧૮૨૭ માં એલ્ફિન્સ્ટન ગવર્નરનો ઓદ્ધો છોડીને ગયો તે વખતે લોકોએ તેની યાદગીરી કાયમ રાખવા માટે ઉઘરાણું કરી ચાર લાખ પચાસ હજાર રૂપિઆ એકઠા કર્યા. એક કૉલેજ સ્થાપન કરવામાં એ રૂપિઆનો ઉપયોગ કર્યો. એજ હમણાની એલ્ફિન્સ્ટન કૉલેજ છે. પછી એ મંડળીને ઠામે એક બોર્ડ સ્થાપન થઈ. પહેલે તો એ બોર્ડ ખાનગી નિશાળોને મદદ આપી ઇંગ્રેજી કેળવણીનો પ્રસાર કરવામાં ખર્ચ કરતી. પરંતુ તે પછી દેશી શિક્ષણને પણ એવીજ રીતે મદદ મળવા માંડી. સને ૧૮૫૪ માં સરકારમાંથી શિક્ષણ-ના કામમાં રૂ ૨,૫૦,૦૦૦ ખર્ચ થયો હતો.

વાયવ્ય પ્રાંતોમાં સને ૧૮૨૩ અને ૧૮૨૫ માં આ-

ગ્રા અને દિલ્હીમાં કૉલેજો સ્થાપન થઇ. તે સિવાય કાશીમાં એક કૉલેજ પહેલેથીજ સ્થાપન થઇ હતી. એજ અરસામાં મોટાં મોટાં શહેરોમાં હાઇસ્કૂલો સ્થપાઈ. થોમાસનની કારકીર્દીમાં સને ૧૮૫૦ માં સાધારણ લોકોની કેળવણીનો આરંભ થયો. તેણે તાલુકાનાં ગામોમાં દેશી કેળવણીની ઊંચી નિશાળો અને આસપાસના પ્રાંતોમાં મધ્યમ વસ્તીવાળાં સગવડ પડતાં ગામડાંમાં નાની નિશાળો ઉઘાડી. ઊંચી નિશાળોનો ખર્ચ સરકારમાંથી થતો હતો અને ગામડાંની નિશાળોનો ખર્ચ કરવા માટે જમીનની મહેસૂલપર સેંકડે એક ટકો કર જમીનદારોની મરજીથી બેસાડવામાં આવ્યો. સને ૧૮૫૪ માં ૩,૯૨૦ નિશાળો અને ૫૩,૦૦૦ વિદ્યાર્થીઓ હોઇ ઊંચા દરજ્જાની નિશાળોખાતે સરકારી ખર્ચ રૂ૧,૮૦,૦૦૦ અને હલકા દરજ્જાની નિશાળોના સંબંધમાં રૂ૪૫,૦૦૦ ખર્ચ થયો હતો.

<u>**સને ૧૮૫૪ નો ખરિતો.**</u>—અહીં લગી સને ૧૮૫૪ ની પહેલાંની કેળવણીની હકીકત આપણે ટૂંકામાં આપી. કેળવણીની પદ્ધતિ કેવી હોવી જોઇએ તે વિષે એ વરસમાં ઇંગ્લાંડની સરકારે નવા નિયમો કર્યા. એ ખરિતાનું નામ હિંદમાંના શિક્ષણની સનદ પડ્યું છે. પછી સને ૧૮૫૯ માં હિંદખાતાના સ્ટેટ સેક્રેટરીએ એક ખરિતો કહાડી સને ૧૮૫૪ ના ખરિતાને પુષ્ટિ આપી. આપણે એ બંને ખરિતાનો સાર ટુંકામાં હેઠળ આપીએ છીએ. સને ૧૮૫૪ ના ખરિતામાં વિદ્યાનો પ્રસાર અને સુધારણા (ઇંગ્રેજી અને દેશી

ભાષામાં) કરવાને હિંદસરકારને સ્પષ્ટ ભલામણ કરીછે. જે સાધનોવડે એ હેતુ પાર પડે તે પણ આ પ્રમાણે દર્શાવ્યાંછે:-

(૧) શિક્ષણની વ્યવસ્થા કરવા માટે જુદું ખાતું સ્થાપન કરવું.

(૨) દરેક ઈલાકાના મુખ્ય શહેરમાં યુનિવર્સિટી સ્થાપન કરવી.

(૩) સઘળા પ્રકારની શાળાઓના શિક્ષકોને શિક્ષણ પદ્ધતિનું બેશ જ્ઞાન મળે તેટલા માટે ટ્રેનિંગ કૉલેજો સ્થાપન કરવી.

(૪) હાલની સરકારી કૉલેજો અને હાઇસ્કૂલો કાયમ રાખી જરૂર પ્રમાણે બીજી નવી કહાડવી.

(૫) શિક્ષણની મધ્યમ વર્ગની શાળા કહાડવી.

(૬) પ્રાથમિક શિક્ષણની દેશી અથવા બીજી નિશાળો-પર વિશેષ લક્ષ આપવું.

(૭) સરકારી મદદથી નિશાળો ચલાવવાની પદ્ધતિ શરૂ કરવી.

લોકોને વ્યવહારોપયોગી જ્ઞાન મળે એવી વ્યવસ્થા કરવાની હિંદ સરકારને ખાસ સૂચના કરી છે. શ્રેષ્ઠ પ્રતિની શાળાઓમાં ઇંગ્રેજી ભાષા શીખવવાને અને હલકા વર્ગની નિશાળોમાં દેશી ભાષા શીખવવાને ફરમાવ્યું છે. જ્યાં લોકોની ઈંગ્રેજી ભાષા શીખવાની મરજી હોય ત્યાંજ તે શીખવવી; જ્યાં તેની ગરજ ન હોય ત્યાં તે શીખવવાની જરૂર નથી એવું ખરિતામાં કહેલું છે. જે શાળામાં ધર્મનું શિક્ષણ બિલકુલ આપવામાં આવતું ન હોય તેજ શાળાને સરકારે

મદદ આપવી. જે શાળામાં વ્યવહારોપયોગી જ્ઞાન આપવામાં આવતું હોય, ઐશ વ્યવસ્થા કરેલી હોય, અને સરકારની દેખરેખ નીચે રહે, તથા જે નિશાળમાં વિદ્યાર્થીઓ કને થોડી પણ ફી લેવામાં આવતી હોય તે નિશાળને તે ઠેકાણે વિદ્યાની કેટલી જરૂર છે તે લક્ષમાં લઇ સરકારે શક્તિ પ્રમાણે મદદ કરવી. સરકારે મદદ આપવી તે વિશેષ કારણો જોઇને અને સરકારી પરીક્ષકોનો અભિપ્રાય ધ્યાનમાં લેઇને આપવી. જે ઠેકાણે સરકારની મદદથી ચાલતી કૉલેજો અને હાઇસ્કૂલોથી સ્થાનિક ગરજો પૂરી પડતી હોય તે ઠેકાણે સરકારે તે સ્થાપન કરવી નહિ; પરંતુ જ્યાં સ્થાનિક ગરજો પૂરી પાડે એવી કૉલેજો અથવા હાઇસ્કૂલો ન હોય ત્યાં નવી સ્થાપન કરી કેટલાક વખત લગી સરકારે તે ચલાવવી. એ રીતે સરકારની મદદથી ચાલતી શાળાઓ જેમ જેમ વધતી જાય તેમ તેમ સરકારે શિક્ષણના કામમાંથી પોતાનો હાથ હળવે હળવે કહાડી લેવો; પરંતુ સરકારની મદદ ન મળવાથી કોઇપણ નિશાળની ખરાબ સ્થિતિ થવા દેવી ઠીક નથી. વિદ્યાર્થીઓને સ્કાલરશિપો આપવાની પદ્ધતિ શરૂ કરી કનિષ્ઠ પ્રતિની, મધ્યમ પ્રતિની, અને શ્રેષ્ઠ પ્રતિની શાળાઓનો સંબંધ કરવો, અને સ્ત્રીશિક્ષણને સરકારે ઉદારતાથી પૂર્ણ મદદ કરવી. પ્રત્યેક પ્રાંતના મુખ્ય અધિકારીએ વિદ્યાનો પ્રસાર કરવામાં મદદ આપવી જોઇએ; અને કેળવણી ખાતાની જગ્યાઓ પૂરવામાં કેળવણી નહિ પામેલા માણસોની નીમણુંકો નહિ કરતાં કેળવાયલા માણસોનીજ નીમણુંકો કરવી. હલકી જગ્યાઓ

પૂરવામાં પણ અભણ માણસો કરતાં લખતાં વાંચતાં આવડે એવા માણસોનેજ પસંદ કરવા.

सने १८५९ नो खरितो.—વિદ્યાના સંબંધમાં બીજો મહત્વનો ખરિતો સને ૧૮૫૯ માં નીકળ્યો. એ ખરિતામાં આગલા ખરિતાની રૂઇએ થયેલા સુધારાની તપાસ કરી તેનું પ્રતિપાદન કર્યુંછે. પ્રાથમિક શિક્ષણની બાબતમાં માત્ર આ અને આગલા ખરિતામાં મતભેદ છે. આ ખરિતામાં સરકારી મદદની પદ્ધતિથી ઈંગ્રેજી અને ઈંગ્રેજી-ગુજરાતી શિક્ષણની ખાનગી શાળાઓની આબાદી થવા વિષે સંતોષ બતાવ્યો છે. પ્રાથમિક દેશી શિક્ષણના કામમાં દેશીઓએ સરકારી મદદનો બિલકુલ લાભ લીધેલો ન હોઈ તે શિક્ષણના કામમાં લોકો તરફથી મદદ મળવાની આશા નિરર્થક થશે એવી મતલબ જણાવી છે. એ કામ સરકારેજ હાથમાં લેવાની અને એ શિક્ષણના પ્રસાર માટે જમીનપર કર બેસાડી ફંડ એકઠું કરવાની ભલામણ કરીછે.

एज्युकेशन कमिशन.—આ ખરિતા પ્રમાણે સને ૧૮૫૫ થી શિક્ષણની વ્યવસ્થા ચાલુ થઈ. પછી સને૧૮૮૨ લગી શિક્ષણની પદ્ધતિમાં વિશેષ મહત્વનો ફેરફાર થયો નહિ. ઉપલા બંને ખરિતા પ્રમાણે કેવી વ્યવસ્થા ચાલેછે, દેશમાં કેળવણીની સ્થિતિ કેવી છે અને વિદ્યાનો પ્રસાર કેટલો થયો છે તેની બરાબર ચોકશી કરવાને હિંદ સરકારે સને ૧૮૮૨ માં એક કમિશન નીમ્યું હતું. એ કમિશનનો અધ્યક્ષ પ્રખ્યાત અને વિદ્વાન ડાક્તર સર વિલિઅમ હંટર

હોઈ એક યૂરોપી સેક્રેટરી તથા બધા પ્રાંતોની જુદી જુદી જાતિઓમાંથી પસંદ કરેલા શુમારે વીસ સભાસદો તેની મદદમાં હતા. તેઓમાં કેટલાક સરકારી નોકરો અને કેટલાક ખાનગી લોકો હતા. એ કમિશને દેશના જુદા જુદા ભાગોમાં ફરી હકીકત મેળવી અને સને ૧૮૮૩ માં હિંદ સરકારને તેનો રીપોર્ટ કર્યો. એમાં હિંદના તે સમયના શિક્ષણની સ્થિતિની આદિથી અંત લગી હકીકત હોઇ હવે પછી ક્રિયા અને કેવી રીતે સુધારા કરવા તે પણ કમિશને જણાવ્યું છે. કમિશનની નજરમાં એવું આવ્યું કે સને ૧૮૫૪ અને સને ૧૮૫૬ માં શિક્ષણની જે પદ્ધતિ શરૂ કરવામાં આવી તેમાં મહત્વની બાબતમાં અનુભવથી કાંઈ પણ દોષ જણાયો નહિ. એ કમિશને અગત્યની સૂચના કરીછે તે વિષે આગળ પ્રસંગોપાત લખવામાં આવશે.

સન ૧૮૫૪ થી સને ૧૮૮૨ લગીની હકીકત.—વધારે મહત્વની બાબત પ્રથમ જોવાની છે તે એ કે નવી શિક્ષણપદ્ધતિ સને ૧૮૫૪–૫૫ માં શરૂ થઇ ત્યારથી શિક્ષણની શાળાઓની અને વિદ્યાર્થીઓની સંખ્યામાં કેટલો વધારો થયો છે. સને ૧૮૫૪ ની પહેલાંની હકીકત આપણે ઉપર આપી ગયા છીએ. એ વધારો ધીમે ધીમે કેવી રીતે થયો તે હેઠલા પત્રકપરથી જણાઈ આવશે.

આ પત્રકમાં પહેલે તો ખરિતા પ્રમાણે શિક્ષણની નવી વ્યવસ્થા શરૂ થયા પછી પહેલા વર્ષના પ્રાંતવાર આંકડા આપ્યાછે અને પછી આખા હિંદને માટે પછીની સાલોના આંકડા આપ્યા છે.

પ્રાંત	વર્ષ.	શાળાઓ.	વિદ્યાર્થીઓ.
મદ્રાસ	૧૮૫૬-૫૭	૧૩,૭૬૬	૨,૦૪,૮૫૬
મુંબાઈ	૧૮૫૫-૫૬	૨,૮૭૫	૧,૦૬,૦૪૦
બંગાળા આસામ	૧૮૫૪-૫૫	૨૫,૩૭૮	૫,૨૭,૭૩૧
વાયવ્યપ્રાંતો	૧૮૫૪-૫૫	૩,૯૨૦	૫૨,૯૫૨
પંજાબ	૧૮૫૫-૫૬	૫,૬૨૧	૪૪,૨૯૧
મધ્યપ્રાંતો	૧૮૬૨-૬૩	૧,૧૬૯	૨૧,૩૫૩
વરાડ	૧૮૬૬-૬૭	૨૪૭	૮,૬૪૪

આખા હિંદનું				
એકંદર	(૧)	૧૮૫૫-૫૬	૫૦,૯૯૮	૯,૨૩,૭૮૦
,,	(૧)	૧૮૭૦-૭૧	૮૩,૦૫૨	૧૮,૯૪,૮૨૩
,,	(૨)	૧૮૮૧-૮૨	૯૪,૯૮૯	૨૪,૫૧,૯૮૯
,,	(૨)	૧૮૯૧-૯૨	૧,૪૧,૭૯૩	૩૮,૫૬,૮૨૧
,,		૧૮૯૩-૯૪	૧,૪૭,૨૯૭	૪૦,૬૬,૨૩૫

(૧) અજમેર, માંગલોર, અને બ્રહ્મદેશના આંકડા સિવાય.

(૨) એમાં અજમેરના આંકડા મૂકી દીધા છે અને માંગલોર તથા બ્રહ્મદેશના આંકડા દાખલ કર્યા છે.

આ પત્રકમાં સરકારી અને સરકારી શિક્ષણપદ્ધતિને અનુસારી ખાનગી શાળાઓનો સમાવેશ કર્યો છે.

શાળાઓના વર્ગો.—હવે આપણે જુદા જુદા પ્રકારની કેળવણી આપવામાં આવે છે તેની ટુંકી હકીકત આપીએ

છીએ. એકંદર શાળાઓના નીચે પ્રમાણે પાંચ વર્ગ કર્યા છે:—(૧) કૉલેજો, (૨) મધ્યમ શિક્ષણની નિશાળો, (૩) પ્રાથમિક શિક્ષણની નિશાળો, (૪) શિક્ષકો તૈયાર કરવાની શાળાઓ, અને (૫) ધંધાના શિક્ષણની શાળાઓ. એ શાળાઓની હકીકત અનુક્રમે ટુંકામાં હેઠળ આપી છે.

[૧] યુનિવર્સિટીઓ અને કૉલેજો—કલકત્તા, મદ્રાસ, અને મુંબાઈમાં સને ૧૮૫૭ માં યુનિવર્સિટીઓ સ્થાપન થઈ. વાયવ્ય પ્રાંતો મધ્યે અલ્લાહાબાદમાં સને ૧૮૮૭ માં યુનિવર્સિટી સ્થાપન થઈ. એ સર્વે યુનિવર્સિટીઓ લંડન યુનિવર્સિટીના નમૂના પ્રમાણે સ્થાપન થયેલી હોઈ દરેકમાં ચાન્સેલર, વાઈસ-ચાન્સલેર, ફેલોઝ, અને સેનેટ (વ્યવસ્થાપક મંડળી) હોય છે. એ યુનિવર્સિટીઓ ફક્ત પરીક્ષા લેવાનું કામ કરેછે, શિક્ષણનું કામ કરતી નથી; પરંતુ પરીક્ષાના વિષયો ઠરાવવાનું કામ તેમના હાથમાં હોવાથી શિક્ષણનો ક્રમ પણ તેમના હાથમાં રહેછે. સને ૧૮૮૨ માં પંજાબ મધ્યે લાહોરમાં યુનિવર્સિટી સ્થાપન થઈ તેમાં બીજી યુનિવર્સિટીઓની પેઠે પરીક્ષાનું કામ કરી શિક્ષણનું કામ પણ કરવામાં આવેછે. યુનિવર્સિટીમાં દાખલ થવાને પ્રવેશક પરીક્ષા આપવી પડેછે. એ પરીક્ષાના વિષયો ઈંગ્રેજી, દેશી અથવા પ્રાચીન ભાષા, ઇતિહાસ, ભૂગોળવિદ્યા અને ગણિત, તથા મદ્રાસ અને મુંબાઇમાં એ ઉપરાંત સૃષ્ટપદાર્થવિજ્ઞાન છે. ઈંગ્લાંડમાં સોળ વર્ષની ઉમરના સાધારણ બુદ્ધિવાળા છોકરાને જેટલું જ્ઞાન હોયછે તેટલું જ્ઞાન એ પ-

રીક્ષામાં બેસનારા વિદ્યાર્થીને હોવું જોઈએ એવા પ્રમાણમાં વિષયો ઠરાવ્યા છે. પ્રવેશક પરીક્ષા થયા પછી બીજી પરીક્ષાનું શિક્ષણ કૉલેજમાં આપવામાં આવે છે. કૉલેજોના બે પ્રકાર છે. (૧) આર્ટ્સ કૉલેજો, અને (૨) ધંધાના શિક્ષણની કૉલેજો. ધંધાના શિક્ષણની કૉલેજોમાં કાયદા, વૈદ્યક, એનજિનીઅરિંગ, અને ખેતી શીખવવામાં આવે છે. દેશની રાજ્યવ્યવસ્થાના અથવા ધંધાના કામમાં વધારે ખબરદારીથી કામ કરવાને લોકો લાયક થાય એવું શિક્ષણ કૉલેજોમાં આપવામાં આવે છે. યુનિવર્સિટીમાં આર્ટ્સ, શાસ્ત્રીય વિષય (સાયન્સ), વૈદ્યક. ઇજનેરી કામ. અને કાયદા એ વિષયો છે. એ વિષયોમાં પરીક્ષા લેઇ બાચેલર આવ્ આર્ટ્સ (બી. એ.), માસ્તર આવ્ આર્ટ્સ (એમ. એ.), બાચેલર આવ્ સાયન્સ (બી. એસ સી.). અને લાઇસેનશિએટ એવી પદવીઓ આપે છે. લાહોર યુનિવર્સિટીમાં પૂર્વની ભાષાઓનું શિક્ષણ પણ આપવામાં આવે છે અને પરીક્ષા લઈ પદવીઓ આપવામાં આવે છે. સને ૧૮૮૧–૮૨, ૧૮૯૧–૯૨, અને ૧૮૯૩–૯૪ માં જુદા જુદા પ્રકારની કૉલેજો કેટલી હતી તેની હકીકત હેઠળ આપી છે:—

जुदा जुदा वर्गनी कॉलेजो.

કૉલેજના પ્રકાર.	સને ૧૮૮૧–૮૨.	૧૮૯૧–૯૨.	૧૮૯૩–૯૪
૧. આર્ટ્સ કૉલેજો—			
કૉલેજો	૬૭	૧૦૪	૧૧૪
વિદ્યાર્થીઓ ...	૬,૦૩૭	૧૨,૯૮૫	૧૪,૩૬૦

૨. ધંધાના શિક્ષણની કૉલેજો—

(૧) કાયદાની કૉલેજો—			
કૉલેજો...	૧૨	૨૭	૨૮
વિદ્યાર્થીઓ...	૭૩૯	૧,૯૨૫	૨,૨૬૬
(૨) વૈદ્યકની કૉલેજો—			
કૉલેજો... ...	૩	૪	૪
વિદ્યાર્થીઓ...	૪૭૬	૭૭૮	૮૫૦
(૩) એનજિનીઅરિંગ કૉલેજો—			
કૉલેજો... ...	૩	૪	૪
વિદ્યાર્થીઓ...	૩૩૦	૪૮૪	૬૦૧
(૪) પાઠનશાળા—			
શાળાઓ ...	૧	૧	૩
વિદ્યાર્થીઓ...	૪૪	૬૦	૬૬
(૫) ખેતીવાડીની કૉલેજો—			
કૉલેજો... ...	...	૧	૧
વિદ્યાર્થીઓ...	...	૪૫	૪૧
એકંદર કૉલેજો ...	૮૬	૧૪૧	૧૫૪
,, વિદ્યાર્થીઓ	૭,૬૨૬	૧૬,૨૦૧	૧૮,૧૮૪

આ કોષ્ટકમાં પબ્લિક (સાર્વજનિક) શાળાઓનીજ હકીકત આપેલી છે. જે શાળાઓમાં શિક્ષણક્રમ યુનિવર્સિટી અથવા સરકારી કેળવણી ખાતાએ ઠરાવેલા અથવા મંજૂર કરેલા નિયમો પ્રમાણે ચાલે છે, જેઓની દેખરેખ અથવા પરીક્ષા સરકાર તરફથી થાય છે, અથવા જેઓમાંથી યુનિવર્સિટીની અથવા સરકારી કેળવણી ખાતાની માર્ફત થતી

પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ મોકલવામાં આવે છે તે શાળાઓનો પબ્લિક શાળાઓમાં સમાવેશ થાય છે. આ વર્ગમાં સરકારી અથવા મ્યુનિસિપાલિટીના. અથવા લોકલ બોર્ડના ખર્ચેથી અથવા મદદથી ચાલતી શાળાઓ અને કેવળ ખાનગી ખર્ચેથી ચાલતી શાળાઓનો સમાસ થાય છે. બીજી શાળાઓને ખાનગી શાળાઓ કહે છે.

ઉપર આર્ટ્સ કૉલેજોની સંખ્યા આપી છે તેમાં પૂર્વની વિદ્યા શીખવનારી કૉલેજો સને ૧૮૯૧–૯૨ માં ૪ અને સને ૧૮૯૩–૯૪ માં ૫ હતી. એમાંની બેની વ્યવસ્થા સરકાર કરે છે અને ત્રણ સરકારની મદદથી ચાલે છે. કાશીની કૉલેજ સને ૧૮૮૮ લગી ઇંગ્રેજી કૉલેજનોજ એક ભાગ ગણાતો હતો તે તે સાલમાં જુદી પાડવામાં આવી. એ કૉલેજમાં પ્રાચીન બ્રાહ્મવિદ્યાનું ઉત્કૃષ્ટ શિક્ષણ આપવામાં આવે છે એવું લોકોમાં કહેવાય છે. શાસ્ત્રીય વિષય અર્વાચીન શોધોને આધારે શીખવવામાં આવે છે. ભાષાના શિક્ષણમાં માત્ર કાંઈપણ સુધારો ન થતાં પહેલાંનીજ પદ્ધતિ પ્રમાણે શિક્ષણ આપવામાં આવે છે. આ કૉલેજમાંથી શાસ્ત્રીય વિષયોપર આજ લગીમાં ઘણા ઉપયોગી ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. કલકત્તાની સંસ્કૃત કૉલેજમાં ઇંગ્રેજી શીખવવા માંડયું છે. લાહોરની પ્રાચ્ય યુનિવર્સિટીમાં પૂર્વની ભાષા શીખવવાની બાબતમાં સુધારો કરવાનું કામ ચાલે છે. લકનૌની કાનિંગ કૉલેજની સ્થિતિ કોઇપણ રીતે સુધરી નથી.

સને ૧૮૯૧–૯૨ માં ઇંગ્રેજી કૉલેજો ૧૦૦ અને સને ૧૮૯૩–૯૪ માં ૧૦૯ હતી. એ કૉલેજોમાંની ૨૩ કૉલેજો

સરકારને ખર્ચે, ૫ મ્યુનિસિપાલ અને લોકલ બોર્ડોને ખર્ચે, ૨ દેશી સંસ્થાનોને ખર્ચે, ૪૯ સરકારી અથવા લોકલબોર્ડ અથવા મ્યુનિસિપાલિટીની મદદથી અને ૩૦ મદદ સિવાય ચાલતી હતી. સને ૧૮૯૧-૯૨ માં બી. એ. ની પરીક્ષા લગીનો અભ્યાસ શીખવનારી કૉલેજો ૫૮ હતી. કૉલેજમાં દાખલ થવાને જે પરીક્ષા લેવામાં આવે છે તેજ નોકરી મ-ળવાની લાયકી ઠરાવનારી પરીક્ષા હોવાથી કૉલેજમાં દાખલ થવાની ઇચ્છા ન રાખતાં ફક્ત નોકરી મેળવવા માટેજ એ પરીક્ષામાં પુષ્કળ વિદ્યાર્થીઓ બેસતા હતા. હમણા નોકરીની પરીક્ષા જુદી કરવામાં આવી છે તેથી પ્રવેશક પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા નિયમિત થયેલી છે.

મધ્યમ વર્ગના શિક્ષણની શાળાઓ.—અહીં લગી આપણું કૉલેજોની ટુંકી હકીકત આપી. તેમનાથી ઉતરતા દરજાની શાળાઓ મધ્યમ પ્રતિના શિક્ષણની શાળાઓ છે. એ શાળાઓની તથા તેઓમાં ભણતા નિશાળીઆની સંખ્યા સને ૧૮૮૧-૮૨, ૧૮૯૧-૯૨ તથા ૧૮૯૩-૯૪ માં નીચે લખ્યા પ્રમાણે હતી. એ શાળાઓના બે વર્ગ છે, (૧) હાઇ સ્કૂલો, અને (૨) તેમનાથી ઉતરતા દરજાની નિશાળો. ઉતરતા દરજાની શાળાઓમાંની કેટલીકમાં ઇંગ્રેજી અને દેશી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે અને કેટલીકમાં ફકત દેશી ભાષામાં શિક્ષણ આપવામાં આવેછે. સને ૧૮૮૧-૮૨ લગી હાઇસ્કૂલો અને તેમનાથી ઉતરતા દરજાની ઇંગ્રેજી શાળાઓ હિસાબના પત્રકમાં એકજ વર્ગમાં આપી

હતી. હમણા હાઈસ્કૂલો અને નીચલા દરજાની ઈંગ્રેજી અને દેશી ભાષાની શાળાઓ જુદી જુદી બતાવવામાં આવે છે તેથી સને ૧૮૮૧-૮૨ ની અને તે પછીની સાલની શાળાઓની સંખ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યા મુકાબલો કરવાને એક એકની સામે બતાવી શકાય તેમ નથી. સને ૧૮૮૧-૮૨ ની હકીકત આપ્યા પછી સને ૧૮૯૧-૯૨ અને ૧૮૯૩-૯૪ ની હકીકત આપવામાં આવશે.

મધ્યમ વર્ગના શિક્ષણની(સેકન્ડરી)શાળાઓ,સને૧૮૮૧-૮૨.

મધ્યમ વર્ગની ઈંગ્રેજી નિશાળો—	નિશાળો.	વિદ્યાર્થીઓ.
છોકરાની	૨,૧૩૪	૧,૪૯,૨૬૫
છોકરીઓન	૧૪૬	૫,૬૩૬
મધ્યમ વર્ગની દેશી ભાષાની નિશાળો—		
છોકરાની	૧,૭૯૮	૬૬,૪૬૬
છોકરીઓની	૪૪	૭૩૦

એમાં હાઇસ્કૂલો અને તેમનાથી ઉતરતા દરજાની નિશાળોનો સમાસ થાયછે.

	સને ૧૮૯૧-૯૨.		૧૮૯૩-૯૪.	
	નિશાળો.	વિદ્યાર્થીઓ.	નિશાળો.	વિદ્યાર્થીઓ.
મધ્યમ વર્ગની શાળાઓ હાઇસ્કૂલો—				
છોકરાની...	૭૫૫	૧,૬૪,૬૯૩	૭૭૨	૧,૭૩,૬૯૬
છોકરીઓની.	૭૬	૭,૭૭૦	૮૫	૯,૪૨૪
મધ્યમ વર્ગની ઈંગ્રેજી નિશાળો—				
છોકરાની...	૧,૭૮૯	૧,૩૭,૩૨૬	૧,૭૯૪	૧,૪૩,૮૭૨
છોકરીઓની.	૧૫૭	૧૧,૦૪૬	૧૪૧	૯,૩૩૧

સને	૧૮૯૧-૯૨.		૧૮૯૩-૯૪	
	નિશાળો.	વિદ્યાર્થીઓ.	નિશાળો.	વિદ્યાર્થીઓ.
મધ્યમ વર્ગની દેશી ભાષાની નિશાળો—				
છોકરાની...	૧,૮૯૪	૧,૩૬,૯૬૯	૨,૦૭૬	૧,૫૪,૬૬૪
છોકરીઓની.	૨૦૧	૧૫,૪૯૦	૧૯૮	૧૬,૬૭૧
	૪,૮૭૨	૪,૭૩,૨૯૪	૫,૦૬૬	૫,૦૭,૬૫૮

એમાં છોકરાની નિશાળોમાં ૩,૬૮૮ છોકરીઓ ભણતી હતી તે ગણેલી છે. છોકરીઓની નિશાળના વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨,૭૫૨ છોકરા દાખલ કર્યા છે.

આ હકીકત પબ્લિક (સાર્વજનિક) વર્ગની શાળાઓની છે. સને ૧૮૯૩-૯૪ માં મધ્યમ વર્ગની નિશાળોમાં સરકારી ૩૨૦, મ્યુનિસિપાલિટી અને લોકલબોર્ડોએ ચલાવેલી ૧,૧૪૩, દેશી સંસ્થાનોની ૯૭, ખાનગી (પરંતુ સરકારી અથવા લોકલ ફંડ અથવા મ્યુનિસિપાલ ફંડની મદદ લેનારી) ૨,૭૬૩, અને મદદ નહિ લેનારી ખાનગી નિશાળો ૭૪૩ હતી.

ઉપલા કોષ્ટકમાં નિશાળોના જે વર્ગો આપ્યા છે તેઓપરથી હાઈસ્કૂલોમાં એટલે પ્રવેશક પરીક્ષાની પહેલાંના ચાર વર્ગોમાં ખરેખરા કેટલા વિદ્યાર્થીઓ શીખતા હતા તે જણાતું નથી, કારણ કે કેટલાક પ્રાંતોમાં હાઈસ્કૂલના મથાળા નીચે શરૂઆતથીજ ઈંગ્રેજી શીખવવાના વર્ગો આવે છે અને કેટલાકમાં ફક્ત ઉપલા વર્ગો હાઇસ્કૂલમાં દાખલ કરે છે. એ કારણથી શિક્ષણની પાયરી પ્રમાણે ઉપલા વિદ્યાર્થી-

ઓને જુદા પાડી સને ૧૮૯૧–૯૨ ની હકીકત આ- પણે આપીએ છીએ.

હાઇસ્કૂલોમાં........૫૭,૪૬૦. પ્રાથમિક (ઈંગ્રેજી). મધ્યમ વર્ગના.........૯૮,૬૭૩. ઉપલા દરજાના. ૫૯,૮૮૮
ઉતરતા દરજાના. ૯૧,૯૪૨

એપરથી ઉપલા દરજાના ઈંગ્રેજી શીખનારાની સંખ્યા કેટલી નાની છે તે લક્ષમાં આવશે.

એજ્યુકેશન કમિશને ચોકશી કરી ત્યાં લગી મધ્યમ વર્ગનું ઈંગ્રેજી શિક્ષણ યુનિવર્સિટીમાં દાખલ થવાને કામ લાગે એવા પ્રકારનું એકદેશી હતું. તે કમિશને વેપાર અથવા બીજા ધંધામાં પડવાને વિદ્યાર્થીઓમાં લાયકી આવે એવા પ્રકારનું વ્યવહારી શિક્ષણ આપવાની સૂચના કરી. એ સૂચના હિંદસરકારને પણ પસંદ પડી અને તેણે ફરમાવ્યું કે વિદ્યાર્થીઓનું લક્ષ વેપાર, હુનર અને ધંધાપર લાગે એવા પ્રકારના શિક્ષણને મદદ આપવી, અને તેનું શિક્ષણ હાઇસ્કૂલોમાંજ આપવાની શરૂઆત કરવી. મધ્યમ વર્ગનું શિક્ષણ કઈ ભાષામાં આપવું તે સંબંધી હિંદસરકારે એવો અભિપ્રાય આપ્યો છે કે જે વિદ્યાર્થીઓનું શિક્ષણ મધ્યમ વર્ગમાંજ પૂરૂં થાય છે તે વિદ્યાર્થીઓને દેશી ભાષાનીજ મારફત તે આપવાથી વધારે ફાયદો થશે. બંગાળાના અનુ- ભવપરથી જણાઇ આવ્યું છે કે હાઇસ્કૂલોમાં ભણનારા વિ ઘાર્થીઓને દેશી ભાષામાંજ, પ્રથમ સારૂં શિક્ષણ મળ્યાથી પછીનો અભ્યાસ કરવામાં પણ બેશ સગવડ મળી ઉત્તમ પરિણામ નજરે પડે છે. પારકી ભાષામાં શિક્ષણ આપ્યાથી

તે ભાષાનું માત્ર થોડુંક ઉપરચોટીયું જ્ઞાન થાયછે. પરંતુ વિદ્યાર્થીઓને શીખવેલા વિષયો મનમાં ઉતરે એવી રીતે શીખવેલા ન હોવાથી તે શિક્ષણથી તેમના મનપર કોઈપણ પ્રકારનો સંસ્કાર થતો નથી. એ પ્રશ્નની બાબતમાં જુદા જુદા પ્રાંતોના અધિકારીઓનો હજુ એકમત થયો નથી. જુદા જુદા પ્રાંતોમાં કઇ ભાષામાં શિક્ષણ આપવું તેના સંબંધમાં જુદી જુદી પદ્ધતિઓ ચાલેછે, પરંતુ તેમાંની કઇ પદ્ધતિ સરસ છે તેનો નિર્ણય થઈ શકે એવો હજુ લગી કોઈપણ પદ્ધતિનો અનુભવ થયો નથી. દેશી ભાષાની માર્ફત ઇતિહાસ, ગણિત, અને ભૂગોળવિદ્યાનું બેશ જ્ઞાન ઓછી મહેનતે થઇ શકેછે અને તેમાં જે વખત બચે તે ઈંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવવામાં રોકવો એમ એક પક્ષ કહેછે; કેટલાક કહેછે કે દેશી ભાષાની માર્ફત એ વિષયોનું બેશ જ્ઞાન થતુંજ નથી. યુનિવર્સિટીની પ્રવેશક પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓને એ વિષયો પ્રથમ દેશી ભાષામાં શીખી ફરીને ઈંગ્રેજીમાં શીખવા પડેછે તેથી બમણો વખત જાય છે એવું બહુધા બંને પક્ષો કબૂલ કરેછે. એ પ્રશ્નનો નિકાલ અનુભવ થશે તે પ્રમાણે કાળે કરીને થશે.

નોકરીની લાયકી ઠરાવનારી પરીક્ષા જુદી કરવામાં આવી છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. તે પ્રમાણે મુંબાઇ, મદ્રાસ, અને વાયવ્ય પ્રાંતોમાં ગોઠવણ થઇ છે. પંજાબ ઇલાકાની યુનિવર્સિટીમાં કારકુની અને વ્યાપારના સંબંધમાં જુદી પરીક્ષા લેવાનો ઠરાવ થયો છે.

પ્રાથમિક શિક્ષણ—પ્રાથમિક શિક્ષણ એટલે લોકોની સ્થિતિ પ્રમાણે વ્યવહારમાં જરૂર પડે એવા વિષયોનું જ્ઞાન દેશી ભાષા માર્ફત આપવું. એ શિક્ષણ યુનિવર્સિટીની પ્રવેશક પરીક્ષાનું સાધનભૂત હોવુંજ જોઇએ એમ નથી.

બધી જાતના શિક્ષણને સરકાર તરફથી મદદ મળવાની જરૂર છે, તથાપિ પ્રાથમિક શિક્ષણના સંબંધમાં દેશની સ્થિતિનો વિચાર કરતાં સરકારે એ શિક્ષણને વધારે મદદ આપવી જોઇએ અને લોકલફંડમાંની શિક્ષણને માટે જુદી કહાડેલી રકમ અને સરકારમાંથી શિક્ષણને માટે આપવામાં આવતી રકમનો બની શકે તેટલો ઉપયોગ એજ શિક્ષણમાં કરવો એવું હિંદ સરકારે ઠરાવ્યું છે. ઊંચા અને મધ્યમ પ્રતિના શિક્ષણમાંથી સરકાર પોતાનો બધો હાથ કહાડી લેશે અથવા તેનો પ્રતિબંધ કરશે એમ નહિ. પરંતુ પહેલાં ઊંચા દરજાના શિક્ષણને વધારે મદદ આપવામાં આવતી તેમ ન આપતાં પ્રાથમિક શિક્ષણને અગાઉ કરતાં વધારે મદદ આપવી અને ઊંચા દરજાના શિક્ષણનો ખર્ચ ઉપજમાંથી પૂરો પડે એવી તજવીજ કરી પ્રાથમિક અને ઊંચા દરજાના શિક્ષણનો ક્રમ સરળી રીતે ચાલે એવી રીતે હવે પછી સરકારનું વર્તન રહેવાનું છે. આ ઠરાવ એજ્યુકેશન કમિશનની સૂચનાને અનુસરીને છે.

પ્રાથમિક શિક્ષણ વધારે વ્યવહારોપયોગી થાય એમ આપવું. ગણિત, હિસાબ, માંપકરણ અને ખેતી, આરોગ્ય અને કળાકૌશલ્યમાં કામ આવે એવા પદાર્થવિજ્ઞાનનો

તેમાં સમાવેશ કરવો એવું હિંદ સરકારનું મત છે. મુંબાઇ ઈલાકામાં નીચલી શાળાઓનું શિક્ષણ યુનિવર્સિટીના પ્રવેશક પરીક્ષામાં કામ આવે એવા શિક્ષણનોજ ભાગ છે એવું માનવામાં આવે છે. બંગાળામાં નીચલા વર્ગની નિશાળોમાં લેખન, વાંચન, અને હિસાબ એટલાજ વિષયો શીખવવામાં આવે છે. બધી હાઇસ્કૂલોમાં એ શિક્ષણની ઉપલી પાયરીનું શિક્ષણ આપવામાં આવે છે અને તેમાં પણ યુનિવર્સિટીમાં ઉપયોગી થાય એવું શિક્ષણ ઉપલા વર્ગોમાંજ આપવામાં આવે છે. મદ્રાસમાં વચલો ક્રમ ચાલે છે. એમાં પ્રાથમિક અને ઊંચા દરજાના શિક્ષણનો એકજ ક્રમ છે, તથાપિ ઘણાક વિષયો શીખવાનું વિદ્યાર્થીઓની મરજી પર રાખ્યું છે. સામટે મેળે જોતાં બધા પ્રાંતોના પ્રાથમિક શિક્ષણ ક્રમના છેડાની મર્યાદા સરખીજ છે. પ્રાથમિક શિક્ષણની નિશાળોની મોટી સંખ્યા લોકલ બોર્ડોની અને મ્યુનિસિપાલિટીઓની નિશાળોની છે. સને ૧૮૯૩-૯૪ માં એ નિશાળોની સંખ્યા ૧૬,૮૦૮ હતી. સરકારી નિશાળો ૪૬૫ હતી. દેશી સંસ્થાનોમાં ૨, ૨૮૧ હતી. સરકાર, લોકલબોર્ડો, અથવા મ્યુનિસિપાલિટીઓની મદદથી ચાલતી નિશાળો ૫૬,૭૪૩ હતી. મદદ વગર ચાલતી નિશાળો ૨૧,૦૨૮ હતી. એ સંખ્યામાં છોકરાની તથા છોકરીની નિશાળોનો સમાવેશ થાય છે. એમાં છોકરાની નિશાળો ૯૧,૭૩૦ અને છોકરીઓની નિશાળો ૫,૫૯૫ હતી. એ સઘળી નિશાળોમાં બધા મળીને એ સાલમાં ૨૭,૭૮,૭૬૬ છોકરા અને ૧,૬૮, ૭૬૪ છોકરીઓ ભણતી હતી. એકંદર નિશાળીઆની સં-

ખ્યા ૨૯,૪૭,૫૩૦ હતી. ગયાં દશ વરસમાં પ્રાથમિક શિક્ષણનો પ્રસાર કેટલો થયો છે તે નીચેના કોષ્ટક પરથી જણાશે:—

પ્રાથમિક શિક્ષણની નિશાળો.

વરસ.	છોકરાની. નિશાળો.	છોકરાની. વિદ્યાર્થીઓ.	છોકરીઓની નિશાળો.	છોકરીઓની વિદ્યાર્થીઓ.
સને ૧૮૮૧-૮૨.	૮૩,૫૯૧	૨૦,૭૦,૯૬૩	૨,૬૭૮	૮૫,૨૭૯
સને ૧૮૯૧-૯૨.	૯૧,૮૮૧	૨૬,૮૦,૪૨૪†	૫,૨૨૮	૧,૫૦,૯૫૪*
સને ૧૮૯૩-૯૪.	૯૧,૭૩૦	૨૭,૭૮,૭૬૬	૫,૫૯૫	૧,૬૮,૭૬૪

હવે પબ્લિક શાળાઓની વ્યાખ્યા ઉપર આપેલી છે તેઓમાં જે શાળાઓનો સમાવેશ થતો નથી તેમની થોડી હકીકત આપણે આપીએ છીએ. એજ્યુકેશન કમિશનની પહેલાં એ નિશાળોનો દાખલો રાખવામાં આવતો નહોતો. તેથી સને ૧૮૯૧-૯૨ નીજ હકીકત આપી છે. એ નિશાળો બહુધા પ્રાથમિક શિક્ષણનીજ વધારે છે.

ઉપલા દરજ્જાની શાળાઓમાં અરબી, ફારસી, સંસ્કૃત, અથવા બીજી પૂર્વની ભાષાનું શિક્ષણ આપવામાં આવે છે અને પ્રાથમિક નિશાળોમાં લખતાં વાંચતાં, અને કુરાન અથવા એવી તરેહનો વિષય શીખવવામાં આવે છે.

ઉપલા દરજ્જાની નિશાળો ૫,૫૬૯ હતી અને તેઓમાં

---

† એમાં છોકરાની નિશાળોમાં ભણતી ૧,૧૯,૮૪૮ છોકરીઓ દાખલ છે.

* એમાં છોકરીઓની નિશાળોમાં ભણતા ૬,૨૨૯ છોકરા દાખલ છે.

૬૮,૬૯૬ છોકરા અને ૩૫૫ છોડીઓ ભણતી હતી. પ્રાથમિક શિક્ષણની નિશાળો ૩૩,૫૫૮ હતી અને તેઓમાં ૪,૦૭,૫૭૨ છોકરા અને ૩૧,૨૮૮ છોડીઓ ભણતી હતી.

शिक्षको तैयार करवानी अने धंधा शोखववानी शाळाओ.—ઉપર કહેલા ત્રણ પ્રકારની શાળાઓ સિવાય બાકી રહેલા બે પ્રકારની શાળાઓની હકીકત હવે આપવાની રહી છે. તેઓ શિક્ષકો તૈયાર કરવાની અને ધંધા શીખવવાની શાળાઓ છે. પહેલા વર્ગની શાળાઓમાં ત્રણ પ્રકાર છે. પહેલા પ્રકારની શાળામાં ઈંગ્રેજી ભાષાની માર્ફત શિક્ષણ આપવામાં આવે છે. મદ્રાસ ઇલાકામાં શિક્ષણના સંબંધમાં એક કૉલેજ છે અને મદ્રાસની યુનિવર્સિટી શિક્ષણના કામની બાબદારીને માટે પદવી આપે છે. બીજા પ્રકારની એટલે મધ્યમ દરજાની નિશાળોમાં દેશી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. મદ્રાસ ઇલાકામાં માત્ર એવા પ્રકારની કેટલીક નિશાળોમાં ઈંગ્રેજી ભાષામાંજ શિક્ષણ આપવામાં આવે છે. ત્રીજા પ્રકારની એટલે પ્રાથમિક શિક્ષણના શિક્ષકો તૈયાર કરવાની શાળાઓમાં જુદા જુદા પ્રાંતોમાં જુદો જુદો શિક્ષણક્રમ ચાલે છે. એનાથી પણ ઉતરતા દરજાની નિશાળો થોડાં વરસ થયાં બંગાળા અને મદ્રાસ ઇલાકામાં સ્થાપન થઈ છે. જુદા જુદા પ્રાંતોમાં શિક્ષણના કામમાં બાળશિક્ષકોની યોજના પણ વધતા ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. સને ૧૮૯૧–૯૨ લગી આ પ્રકારની નિશાળોમાં મધ્યમ અને પ્રાથમિક શિક્ષણના ક્રમમાં સ્પષ્ટ ફેર નહોતો; તથાપિ

એ વરસમાં પ્રાથમિક શિક્ષણની ૪૯ નિશાળો હોઇ મધ્યમ પ્રતિના શિક્ષણની ૨૫ નિશાળો હતી. સરકારની મદદથી ચાલતી ખાનગી નિશાળોમાં દેશી ખ્રિસ્તી વિદ્યાર્થીઓની સંખ્યા બહુજ મોટી હતી. હમણા શાળાઓમાં વિદ્યાર્થીઓની વર્તણુક જેટલી નીતિમાન છે તેના કરતાં વધારે નીતિમાન થવી જોઇએ એવો હિંદ સરકારનો અભિપ્રાય છે; તેથી શિક્ષકો તૈયાર કરવાનું કામ વધારે મહત્વનું થયું છે. એ ખુલ્લું છે. સને ૧૮૯૧-૯૨ માં શિક્ષકો તૈયાર કરવાની શાળાઓ ૧૧૫ હતી અને તેઓમાં ૪,૩૫૩ વિદ્યાર્થીઓ હતા. સને ૧૮૮૧-૮૨ માં એ શાળાઓ ૯૬ હતી અને વિદ્યાર્થીઓ ૩,૫૧૯ હતા. સને ૧૮૯૩-૯૪ માં એ શાળાઓ ૧૫૧ અને વિદ્યાર્થીઓ ૪,૩૭૦ હતા. સને ૧૮૯૧-૯૨ માં સ્ત્રી શિક્ષકો તૈયાર કરવાની શાળા ૩૭ હોઈ તેઓમાંની ઘણીક નિશાળોમાં પ્રાથમિક અને મધ્યમ પ્રતિના શિક્ષણ કરતાં વધારે શિક્ષણ આપવામાં આવતું નહોતું. એકંદર ૭૯૩ વિદ્યાર્થિનીઓમાંની ૪૪૮ દેશી ખ્રિસ્તી ધર્મની હતી. એનું કારણ એવું જણાય છે કે એ વર્ગની છોકરીઓ સિવાય બીજી જાતિનાં આબરૂદાર અને કેળવાયલા કુટુંબની ઘણીજ થોડી છોડીઓ શિક્ષકનો ધંધો કરવાને આતુર હોય છે. એ શાળાઓની સંખ્યા હેઠળ આપી છે.

	નિશાળો.	વિદ્યાર્થિનીઓ.
સને ૧૮૮૧-૮૨	૧૬	૫૧૯
સને ૧૮૯૧-૯૨	૩૭	૭૯૩
સને ૧૮૯૩-૯૪	૩૮	૯૦૯

ધંધાનું શિક્ષણ.— આપણે આ શિક્ષણના બે વર્ગ કરીએ તો ચાલે. એક વર્ગમાં કાયદા, વૈદ્યક, અને એન્જિનીઅરિંગ એ ત્રણ વિષયોનું શિક્ષણ આવશે અને બીજા વર્ગમાં હુનરકળાનું શિક્ષણ આવશે. કાયદા, વૈદ્યક, અને એન્જિનીઅરિંગ શીખવવાની કૉલેજો છે; ઉપર કૉલેજોની હકીકત આપી છે તેમાં આ કૉલેજોની સંખ્યા તથા તેઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા આપેલી છે. હવે આ વર્ગના શિક્ષણની કૉલેજોથી ઉતરતા વર્ગની શાળાઓ છે તેઓ વિષે કહેવાનું છે. આ વર્ગની નિશાળો કેટલી છે અને તેઓમાં કેટલા નિશાળીઆ ભણે છે તેની હકીકત નીચે આપી છે.

	સને ૧૮૮૧-૮૨	૧૮૯૧-૯૨	૧૮૯૩-૯૪
૧ કાયદાની શાળા...	...	૨	૫
તેમાંના વિદ્યાર્થીઓની સંખ્યા.....	...	૩૯	૨૨૯
૨ વૈદ્યકની શાળા.....	૧૧	૧૯	૨૦
તેમાંના વિદ્યાર્થીઓની સંખ્યા.....	૮૩૦	૧,૯૮૮	૨,૫૧૦
૩ એન્જિનીઅરિંગ શાળા...........	૯	૨૪	૨૪
તેમાંના વિદ્યાર્થીઓની સંખ્યા.....	૩૧૦	૧,૦૪૨	૧,૨૦૩

વૈદ્યકની શાળાઓમાં સ્ત્રીઓને પણ શીખવવામાં આવે છે. તેમની સંખ્યા સને ૧૮૯૧-૯૨ માં ૮૭ અને સને ૧૮૯૩-૯૪ માં ૬૦ હતી.

આ શાળાઓમાં વધારે ઊંચા પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું નથી અને એ શાળાઓમાંથી બહાર પડનારા વિદ્યાર્થીઓને રોજના વ્યવહારમાં બસ થાય એટલું સાધારણ જ્ઞાન મળેલું હોયછે.

હુનરકળાનું શિક્ષણ.—સને ૧૮૮૪ થી હિંદમાં કળાકૌશલ્યના અને ઉદ્યોગના શિક્ષણનો પ્રચાર કેવી રીતે કરવો તેનો વિચાર ચાલેછે. સને ૧૮૫૪ ના શિક્ષણના ખરિતામાંજ હિંદના ઘણા ભાગના લોકોને દરેક સ્થિતિમાં ઉપયોગી થાય એવું વ્યવહારિક શિક્ષણ આપવાનું ફરમાવ્યું હતું, પરંતુ સરકારી નિશાળોમાં ભાષાજ્ઞાનનું શિક્ષણ આપવા પ્રત્યેજ લક્ષ આપ્યાથી ખરિતાની તે સૂચના અમલમાં આવી નહોતી. પછી એજ્યુકેશન કમિશનની સૂચનાપરથી એ સ્થિતિ સુધારવાનો હિંદ સરકારે ઠરાવ કર્યો અને એ વિષયની કેવી વ્યવસ્થા કરવી તે વિષે સને ૧૮૮૬ માં સ્થાનિક સરકારોને કેટલીક સૂચના કરી અને તે સમય લગી એ વિષય સંબંધી કાંઇ પણ ગોઠવણ થઇ નહોતી એ બિના તેમના ધ્યાનપર આણી. હિંદ સરકારે એવી સૂચના કરી હતી કે ચિત્રવિદ્યા અને શાસ્ત્રોનાં મૂળતત્વો છેક નીચલા દરજ્જાની શાળાઓ સિવાય બાકીની બધી શાળાઓમાં શીખવવાં અને સૃષ્ટપદાર્થવિજ્ઞાનના અભ્યાસના સંબંધમાં દુર્લક્ષ થવા દેવું નહિ. ચિત્રવિદ્યા શીખવવાના સંબંધમાં ઘણાખરા પ્રાંતોમાં ઓછી વત્તી પરંતુ કાંઈક ગોઠવણ થઇ છે અને તે વિષય હવે મધ્યમ વર્ગની શાળાઓમાંજ શીખ-

વવામાં આવે છે. એ સિવાય ચિત્રવિદ્યા અને હુનરનું શિક્ષણ આપવા માટે જુદી શાળાઓ પણ સ્થાપન કરી છે. એ શાળાઓ કેટલી છે અને તેઓમાં કેટલા વિદ્યાર્થીઓ ભણે છે તે નીચે બતાવ્યું છે:—

	નિશાળોની સંખ્યા.	વિદ્યાર્થીઓની સંખ્યા.
સને ૧૮૮૧-૮૨	૫	૪૩૯
સને ૧૮૯૧-૯૨	૬	૧,૦૪૮
સને ૧૮૯૩-૯૪	૫	૧,૩૪૮

એ શાળાઓમાં સ્પષ્ટપદાર્થવિજ્ઞાનનો કેટલોક ભાગ શીખવવાની ગોઠવણ મુંબાઈ, મદ્રાસ, બંગાળા, આસામ, અને મધ્યપ્રાંતોમાં કરેલી છે; વાયવ્ય પ્રાંતો અને પંજાબમાં એ સંબંધી ગોઠવણ કરવાનો ઠરાવ થયો છે. બાકીના પ્રાંતોમાં શાસ્ત્રીય વિષય શીખવવાની ગોઠવણ થઈ નથી.

ધંધાનું શિક્ષણ આપવાના સંબંધમાં પણ હિંદ સરકારે સ્થાનિક સરકારોને તેજ વખતે સૂચના કરી હતી અને પછી તે સરકારોનો અભિપ્રાય લેઈ કિયાં મૂળતત્વો પ્રમાણે તેની વ્યવસ્થા કરવી તેનો ઠરાવ કર્યો છે. તે ઠરાવના મુદ્દા એ છે કે શાળાઓમાં ભાષાજ્ઞાનનુંજ શિક્ષણ ન આપતાં વ્યવહારમાં કામ આવે એવા વિષયોનું પણ શિક્ષણ આપવું; ખેતી જેવા ધંધાથી વધતી જતી વસ્તીનું ગુજરાન થવાનો સંભવ નથી તેથી તેને ગુજરાનનાં સાધન કરી આપવા માટે તથા દેશના સાંપત્તિક દ્રવ્યનો યોગ્ય ઉપયોગ કરી લેવા પ્રત્યે વધારે વળણ થાય તથા દુનિયાની સ્પર્દ્ધામાં આ

દેશના લોકોનો નિભાવ થાય, માટે ધંધાનું શિક્ષણ આપવું અવશ્યનું છે. વેપારના ખપની જણસો સારી રીતે તૈયાર કરવામાં માણસો હોશિયાર થાય એ ધંધાનું ખરેખરૂં શિક્ષણ છે. એ હોશિયારી આવવાને બુદ્ધિ, કલ્પનાશક્તિ, ચાલાકી, અને વિવેકશક્તિ એ સર્વેને બેશ સુધારવી જોઇએ. આ પ્રકારનું ધંધાનું શિક્ષણ આપવાનું તે તે જ્ઞાનનો ઉપયોગ કરી લેવ ને ધંધા રોજગારમાં રોકવાનું ભંડોળ તૈયાર હોય તોજ આપવાનું છે; કારણ કે એ જ્ઞાન ધંધારોજગારમાં ભંડોળનો સમાગમ આપનારી વસ્તુ છે; તેથી એ શિક્ષણ આગગાડીનો અને કારખાનાંનો પ્રસાર થતો જશે, ખનિજ દ્રવ્યો કહાડવાની શરૂઆત થશે, અને વેપારની વૃદ્ધિ થતી જશે તે પ્રમાણમાં મહત્વનું થતું જશે. એ શિક્ષણ ખપ પ્રમાણે ધીમે ધીમે આપવું જોઇએ, તોપણ દેશની હાલની સ્થિતિ જોતાં સરકારે એ શિક્ષણ આપવાની શરૂઆત કરવાનો યોગ્ય સમય આવ્યો છે અને એ કામમાં ઉદાર ગૃહસ્થોએ પણ લક્ષ આપવું જોઇએ. હમણાની સ્થિતિના પ્રમાણમાં શરૂઆત કરી આગળ પ્રસંગ પ્રમાણે શિક્ષણક્રમમાં સુધારો કરતા જવું. આ હકીકત ધંધાના શિક્ષણમાંના ઊંચા દરજાના શિક્ષણને લાગુ પડે છે. ધંધાના શિક્ષણના પ્રાથમિક જ્ઞાનની સ્થિતિ જુદી છે અને તે શિક્ષણ આપવાની શરૂઆત કરવાને ઝાઝી અડચણ નથી. એકંદરે તમામ બાબતોનો વિચાર કરી હિંદ સરકારે એવું ઠરાવ્યું છે કે વિશેષ પ્રકારનું ધંધાનું શિક્ષણ ગ્રહણ કરવાની યોગ્યતા આપવાને જે સામાન્ય પ્રકારનું શાસ્ત્રીય શિ-

ક્ષણ અવશ્યનું છે તે શિક્ષણ હમણાની શાળાના શિક્ષણ-ક્રમમાં ઉપર કહ્યા પ્રમાણે ચિત્રવિદ્યા અને શાસ્ત્રીય વિષયનાં મૂળતત્વોનો સમાવેશ કરી શરૂ કરવું અને વિશેષ પ્રકારનું ધંધાનું શિક્ષણ તે દેશના જે ભાગમાં જે ધંધો રોજગાર ચાલતો હોય તેને અનુસરીને અને તે ધંધામાં ઉપયોગી થાય એવા લોકો તૈયાર થાય એવી જાતનું આપવાની તજવીજ કરવી. એ વ્યવસ્થા કરવાને સુગમ પડે તે માટે દરેક પ્રાંતમાં કિયા ધંધા વધારે ચાલે છે અને તેમની સ્થિતિ કેવી છે તેની તપાસ કરવી અને વિલાયતમાં ધંધાના શિક્ષણ વિષે કમિશને જે રીપોર્ટ કર્યો છે તેને અનુસરીને આ દેશમાં ધંધાનું શિક્ષણ આપવાની કેવી ગોઠવણ કરવી તે સૂચવવાને તે બાબતનું વિશેષ જ્ઞાન ધરાવનારા લોકોની એક કમિટી નીમવી, વગેરે.

આ ઠરાવ થયા પછી જુદા જુદા પ્રાંતોમાં ધંધાના શિક્ષણની નવી વ્યવસ્થા કરવામાં અને પહેલાંની વ્યવસ્થામાં સુધારો કરવામાં આવ્યો; તેથી નવી અને જૂની વ્યવસ્થાનો ભેદ ન કરતાં જુદા જુદા પ્રાંતોમાં ધંધાના શિક્ષણની સ્થિતિ કેવી છે તેનું ટૂંકામાં વર્ણન કરીએ છીએ. મદ્રાસ ઇલાકામાં મદ્રાસ સ્કૂલ આવ્ આર્ટ્સ નામે શાળામાં ધંધાનું શિક્ષણ આપવામાં આવે છે. તેમાં ચિત્રો કહાડતાં અને નકશી કોતરતાં શીખવવામાં આવે છે, અને તેજ શાળાના એક બીજા ભાગમાં સૂતાર કામ, કોતર કામ, ગાલીચા અને શેતરંજીઓ વણવાનું કામ, સોનાર કામ, માટીનાં વાસણોપર ચિત્રો પાડવાનું કામ, વગેરે શીખવવામાં

આવે છે. એ શાળાના શિક્ષણથી જૂના વખતના પડી ભાગેલા ધંધા આબાદ થયા છે એટલુંજ નહિ, પણ તેઓમાં સુધારોએ થયો છે. મહારાણી કેસરે હિંદની જ્યુબિલી નિમિત્ત ફંડ એકઠું થઈ વિક્ટોરિયા ટેક્નિકલ ઇન્સ્ટિટયૂટ નામે શાળા સ્થાપન થઇ છે, પરંતુ તેનું મકાન બંધાયું નથી તેથી શિક્ષણનું કામ હજુ બરાબર ચાલતું નથી. એ ઇલાકામાં મદ્રાસ શહેરમાં એનજિનીઅરિંગ કૉલેજ છે તેના સંબંધમાં વધારે કહેવાની જરૂર નથી. ખેતીવાડીની પણ એક કૉલેજ છે તેમાં ખેતીવાડીનું શિક્ષણ આપવામાં આવે છે. મદ્રાસ સરકારે ધંધાના શિક્ષણના સંબંધમાં વિશેષ ગોઠવણ કરી છે તે એ છે કે જુદા જુદા શાસ્ત્રીય, હુનર કળાના, અને ધંધાના ઉપયોગી વિષયોમાં પરીક્ષા લેઇ તેનાં સર્ટિફિકેટો આપવામાં આવે છે. એ ગોઠવણ કરવાનો હેતુ એ છે કે લોકોમાં પરીક્ષાની માર્ફત તે વિષયોનો અભ્યાસ કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરી અનુકૂળ પ્રસંગ જોઇ ધંધાના શિક્ષણની શાળા સ્થાપન કરી શિક્ષણ આપવાનું શરૂ કરવું.

મુંબાઈ ઇલાકામાં ધંધાના શિક્ષણના સંબંધમાં ગોઠવણ થયેલી છે. એ બાબતમાં ઇલાકાની સરકારના ઠરાવમાં ધંધાના શિક્ષણના બે વર્ગ કર્યા છે, ૧. સામાન્ય શિક્ષણ, અને ૨. વિશેષ શિક્ષણ. પહેલા વર્ગના શિક્ષણમાં બધા ધંધામાં કામ આવે એવા હથોટી આણનારા શિક્ષણનો સમાવેશ થાય છે અને બીજા વર્ગમાં વિશેષ શિક્ષણનો સમાવેશ થાય છે. એ ઠરાવમાં (૧) ખેતી, (૨) હુનરકળાના

ધંધા, અને (૩) યાંત્રિક જ્ઞાનના શિક્ષણનો વિચાર કર્યો છે. હુનરકળાના શિક્ષણને માટે મુંબાઇની સ્કૂલ આવ્ આર્ટ્સમાં વિશેષ ગોઠવણ કરી સોઇ કરેલી છે. એ શાળામાં ચિત્રો કહાડતાં અને કોતરતાં શીખવે છે. સને ૧૮૯૦ માં એ શાળા સાથે ધંધા શીખવવા માટે રે-વર્કશૉપ (કારખાનું) જોડવામાં આવ્યું અને તેમાં લાકડાનું કોતર કામ, ધાતુનું કામ, સોનાર કામ, ગાલીચા બનાવવાનું કામ, વગેરે શીખવવામાં આવે છે. લૉર્ડ રિપનની યાદગીરી કાયમ રાખવા માટે તથા મહારાણી કેસરે હિંદની જ્યુબિલીની વેળાએ મુંબાઇની મ્યુનિસિપાલિટીએ આપેલી અને બીજી રીતે એકઠી કરેલી રકમમાંથી વિક્ટોરિઆ ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપન થઇ છે, અને એ ઇન્સ્ટિટ્યૂટ સરકાર, મુંબાઇની મ્યુનિસિપાલિટી, રેલવે કંપની, અને કારખાનાંવાળાઓની આસોશિએશન પૈસાની મદદ કરે છે તે વડે ચાલે છે. એ શાળામાં પદાર્થવિજ્ઞાન, યંત્રશાસ્ત્ર, વગેરે શીખવવામાં આવે છે, અને એની સાથે જોડેલા રિપન ટેક્સટાઇલ ઇન્સ્ટિટ્યૂટમાં વણવાના સંબંધમાં શાસ્ત્રીય અને વ્યવહારી શિક્ષણ આપવામાં આવે છે. પુનાની સાયન્સ કૉલેજમાં એન્જિનીઅરિંગ, શાસ્ત્ર (સાયન્સ), ખેતી, અને ફૉરેસ્ટ્રી (જંગલ સંબંધી જ્ઞાન) શીખવવામાં આવે છે. એ કૉલેજમાં એક કારખાનું છે તેમાં લુહારનું અને ભરતના ઘાટ બનાવવાનું કામ શીખવવામાં આવે છે. હાઇસ્કૂલોમાં ખેતીનો વિષય શીખવવાની ગોઠવણ કરી છે. મુંબાઇમાં જનાવરના વૈદાની કૉલેજ છે. એમ મુંબાઈ ઈલાકામાં ઉપર કહેલા ત્રણે

વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે. એ સિવાય ધંધાની નાની શાળાઓ છે તેઓની સંખ્યા એકંદરમાં આપવામાં આવશે.

બંગાળામાં ધંધારોજગારની સ્થિતિના સંબંધમાં ખાસ અમલદાર નીમી તપાસ કરવામાં આવી છે. તેણે કરેલી સૂચનાનો હજુ વિચાર ચાલે છે. માત્ર એન્જિનીઅરિંગ કૉલેજમાં યાંત્રિક જ્ઞાનનું શિક્ષણ આપવાની ગોઠવણ કરવામાં આવી છે. કલકત્તાની સ્કૂલ આવ આર્ટ્સમાં ડ્રૉઈંગ, કોતરકામ, વગેરે શીખવવામાં આવે છે. આ ઇલાકામાં ધંધાના શિક્ષણની બીજી નાની શાળાઓ છે, પરંતુ તેમની સ્થિતિ ખરાબ છે.

વાયવ્ય પ્રાંતોની સરકારના મત પ્રમાણે તે પ્રાંતોમાં પારકા ભંડોળથી જે ધંધા ચાલુ થયા છે તે ચલાવવાને જે યાંત્રિક જ્ઞાનની જરૂર પડે છે તે આપવાની તજવીજ કરવી બસ છે. એ બાબતનો વિચાર કરવાને એક કમિટી નીમી હતી તેની સૂચના વિષે વિચાર ચાલે છે. હમણા લકનૌમાં ધંધાના શિક્ષણની શાળા અને કાનપુરમાં ખેતીની શાળા ઉઘાડવામાં આવી છે.

પંજાબમાં ધંધાનું શિક્ષણ આપનારી શાળાઓને મદદ આપવાનો ઠરાવ થયો છે. લાહોરમાં મેયો સ્કૂલ આવ્ ઇન્ડસ્ટ્રિઅલ આર્ટ નામે શાળામાં ઇમારતોને શોભા આણવાની કારીગરીનું કામ વિશેષ શીખવવામાં આવે છે. લાહોરમાં જનાવરના વૈદાની શાળા છે.

મધ્ય પ્રાંતોમાં ખેતીની એક અને એનજિનીઅરિંગની

એક એમ બે શાળા છે. ધંધાના શિક્ષણના સંબંધમાં કેટલીક સ્કૉલરશિપો ઠરાવી છે; જે વિદ્યાર્થીઓને સ્કૉલરશિપો મળે છે તેમને બંગાળ-નાગપુર રેલવેના કારખાનામાં શિક્ષણ આપવામાં આવે છે.

બ્રહ્મદેશમાં પણ એવાજ પ્રકારની ગોઠવણ કરવામાં આવી છે.

હવે આપણે ધંધાના શિક્ષણની શાળાઓની અને તેઓમાંના વિદ્યાર્થીઓની સંખ્યા આપીએ છીએ.

સને	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪
કળા કૌશલ્યની શાળા.	૫	૬	૫
તેમાંના વિદ્યાર્થીઓ....	૪૩૯	૧,૦૪૮	૧,૩૪૮
ઉદ્યોગ શાળા..........	૪૪	૬૯	૬૯
તેમાંના વિદ્યાર્થીઓ...	૧,૫૦૯	૩,૮૬૦	૩,૮૮૪

અહીં લગી આપણે વિશેષ પ્રકારના શિક્ષણની શાળાઓનું વર્ણન કર્યું અને તેમની સંખ્યા પણ આપી. આ વર્ગના શિક્ષણની ઉપર કહેલી શાળા સિવાય બીજી કેટલીક શાળાઓ છે તેમની અને તેઓમાંના વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે છેઃ—

સને	૧૮૮૧-૮૨.	૧૮૯૧-૯૨.	૧૮૯૩-૯૪.
વિશેષ શિક્ષણની બીજી શાળા.....	૫૬	૨૮૨	૩૪૫
તેઓમાંના વિદ્યાર્થીઓ...........	૧,૯૮૦	૮,૬૦૮	૯,૧૮૯

સ્ત્રીશિક્ષણ.—આ ભાગમાં જુદાં જુદાં ઠેકાણાંની શાળાઓની અને વિદ્યાર્થીઓની સંખ્યા આપી સ્ત્રીઓના સંબંધમાં જે શાળાઓ છે તેઓ વિષે લખ્યું છે, તોપણ એ શિક્ષણ કેટલું થોડું આપવામાં આવે છે અને તે પણ કેટલું અપૂર્ણ છે તે સ્પષ્ટ બતાવવા માટે તમામ હકીકતનું પુનરાવર્તન જુદા મથાળા નીચે એકઠું આપવાની અગત્ય જણાય છે. ગુજરાન ચલાવવા માટે સ્ત્રીઓને શિક્ષણ અવશ્યનું નહિ હોવાથી તથા બાળલગ્નના રિવાજને લીધે અને એવાંજ બીજાં સામાજિક કારણોને લીધે સ્ત્રીશિક્ષણનો પ્રસાર બરાબર થતો નથી. બહુજ થોડી છોકરીઓને શિક્ષણ મળે છે અને તે પણ પ્રાથમિક શિક્ષણની પેલી તરફ ઝાઝું જતું નથી. કેટલાક પ્રાંતોમાં માત્ર ઊંચા પ્રકારનું શિક્ષણ આપવા તરફ સુધારો કરવાની ઇચ્છા કરનારા લોકોનું વલણ થતું જાય છે. આ જે સ્થિતિ કહી તે આ દેશના હિંદુ, મુસલમાન, વગેરે લોકોના સંબંધમાં છે. સ્ત્રીશિક્ષણના સંબંધમાં યૂરોપી, યૂરેશી, પારસી, યાહુદી, વગેરે વર્ગના લોકોની સ્થિતિ બધી રીતે નિરાળી છે.

સ્ત્રીઓને ઊંચા પ્રકારનું શિક્ષણ આપવા માટે જુદી કૉલેજો નથી. પુરૂષો માટે જે કૉલેજો છે તેઓમાંજ સ્ત્રીઓને શીખવવું પડે છે. સને ૧૮૯૧-૯૨ માં કૉલેજોમાં ૭૬ સ્ત્રીઓ ભણતી હતી; તેમાં આર્ટ્સ કૉલેજમાં ૪૫, વૈદકની કૉલેજમાં ૨૯, અને શિક્ષણની કૉલેજમાં ૨ હતી. એ વરસમાં મધ્યમ વર્ગના શિક્ષણની ઊંચા દરજ્જાની ઇંગ્રેજી

શાળા (હાઇસ્કૂલો) ૭૬ હતી અને તેઓમાં ૭,૦૬૬ વિદ્યાર્થિનીઓ હતી. મધ્યમ વર્ગની ઇંગ્રેજી શાળા ૧૫૭ હતી અને તેઓમાં ૯,૩૯૬ વિદ્યાર્થિનીઓ હતી, અને એજ વર્ગની દેશી ભાષાની શાળાઓ ૨૦૧ હતી અને તેઓમાં ૧૫,૦૯૨ છોડીઓ ભણતી હતી. સને ૧૮૮૧ માં ઊંચા પ્રકારની ઇંગ્રેજી શાળાઓ ૧૪૬ હતી અને તેઓમાં ૫,૬૩૬ વિદ્યાર્થિનીઓ હતી; દેશી ભાષાની શાળાઓ ૪૪ હતી અને તેઓમાં ૭૩૦ છોકરીઓ ભણતી હતી. પાછળ શાળાઓની સંખ્યા આપી છે તેમાં છોકરીઓની નિશાળોમાં કેટલાક છોકરા આવે છે તેમની સંખ્યા દાખલ કરી છે. સને ૧૮૯૧-૯૨ માં છોકરીઓની મધ્યમ વર્ગની નિશાળોમાં જનારા છોકરાની સંખ્યા ૨,૭૫૨ હતી. એજ પ્રમાણે છોકરાની નિશાળોમાં પણ છોકરીઓ જતી હતી તેમની સંખ્યા ૩,૬૮૮ હતી.

પ્રાથમિક શિક્ષણની છોકરીઓની નિશાળો અને તેઓમાં છોકરીઓ કેટલી હતી તેની હકીકત નીચે આપી છે:

પ્રાથમિક શિક્ષણની		નિશાળોની સંખ્યા.	છોકરીઓની સંખ્યા.
છોકરીઓની નિશાળો.	સને ૧૮૯૧-૯૨.	૫,૨૨૮	૧,૫૦,૯૫૪
	સને ૧૮૮૧-૮૨.	૨,૬૭૮	૮૫,૨૮૯

સને ૧૮૯૧-૯૨ માં છોકરાની નિશાળોમાં ૧,૧૧,૮૪૮ છોકરીઓ ભણતી હતી. એકંદરે સને ૧૮૯૧-૯૨ માં છોકરાની અને છોકરીઓની નિશાળોમાં બધી મળીને મધ્યમ

વર્ગના શિક્ષણમાં ૩૫,૨૪૨ અને પ્રાથમિક શિક્ષણમાં ૨,૭૦,૮૦૨ છોડીઓ હતી.

વિશેષ વર્ગની શાળાઓમાંની વૈદ્યકશાળામાં ૮૭, સ્કૂલ આવ આર્ટ્સમાં ૫૧ અને બીજા પ્રકારની શાળામાં ૩૨૩ મળી ૪૬૧ વિદ્યાર્થિનીઓ હતી.

હાઇસ્કૂલોની સંખ્યામાં આરંભથી ઈંગ્રેજી શીખવાના વર્ગથી માંડીને બધા વર્ગોનો સમાવેશ થાય છે એવું આગળ ઉપર કહી ગયા છીએ, તેથી ઉપલી સંખ્યાપરથી મધ્યમ વર્ગનું ઈંગ્રેજી શિક્ષણ ખરેખરી કેટલી છોકરીઓને મળતું હતું તે સ્પષ્ટ જણાતું નથી. ખરૂં જોતાં મધ્યમ વર્ગનું ઇંગ્રેજી શિક્ષણ ૮૫૮ વિદ્યાર્થિનીઓને મળતું હતું, અર્થાત મધ્યમ વર્ગનું શિક્ષણ લેનારી છોકરીઓમાંની સેંકડે ૨½ છોકરીઓને હાઇસ્કૂલની પાયરીનું ખરેખરૂં શિક્ષણ મળતું હતું.

હવે જુદી જુદી જાતોમાં નિશાળે જવા લાયક છોકરીઓમાંની સેંકડે કેટલી છોકરીઓ નિશાળે જાય છે તે આપણે દર્શાવીએ છીએ.

હિંદુ............	.૭૧	મુસલમાન............	.૬૭
શીખ..........	.૪૧	ખ્રિસ્તી................	૩૨.૬૧
જૈન............	૩.૨૩	યાહુદી................	૩૯.૫૫
બૌદ્ધ..............	૨.૮૨	એકે ધર્મની નહિ એવી.....	૧૭
પારસી..........	૬૭.૧૫		

શિક્ષણ લેનારાં અને ભણવા લાયક છોકરાનું પ્રમાણ.—

અહીં લગી આપણે કેળવણીનો પ્રસાર કેટલો થયો છે તેનુ ટુંકામાં વર્ણન કર્યું. એ વર્ણન કરવામાં શિક્ષણની સ્થિતિ જોવા માટે વારેવારે જે પરીક્ષાઓ થાય છે તેઓની હકીકત આપવી જોઇતી હતી, પરંતુ લંબાણ થવાના ભયથી તે મૂકી દીધી છે. દેશમાં કેળવણીનો પ્રસાર કેટલો થયો છે તે જાણવાને શાળાઓની અને તેઓમાં જનારા વિદ્યાર્થીઓની સંખ્યા જણાય તો સાધારણ કલ્પના થઈ શકે, તેથી તેટલાજ મુદ્દાની હકીકત આ ભાગમાં આપેલી છે. હવે કેળવણી લેનારા વિદ્યાર્થીઓનુ પ્રમાણ ભણવા લાયક છોકરાની સંખ્યા જોડે સરખાવતાં કેટલું છે તે વિષે આપણે કહીએ છીએ. વસ્તીના સેંકડે ૧૫ છોકરા નિશાળે જવા લાયક છે એમ ગણવાનું હિંદ સરકારે ઠરાવ્યું છે. એ પ્રમાણ સાધારણ અજમાયશને માટેજ લીધેલું છે; સાધારણ રીતે તમામ વર્ગના લોકો લેઇએ તો એ પ્રમાણ બેશ ઉપયોગમાં આવે છે, પરંતુ યૂરોપીઓ, પારસી, અથવા બ્રહ્મો જેવા ઓછી સંખ્યાવાળા લોકસમુદાયમાં કેળવણીનો ઘણો પ્રસાર થયો છે તે લઇએ તો તે પ્રમાણ ખોટું પડે છે. સને ૧૮૯૧–૯૨ માં નિશાળે જવા લાયક છોકરામાંના નવ છોકરે એક છોકરો નિશાળે જતો હતો અને પચાસ છોકરીઓમાં એક છોકરી નિશાળે જતી હતી એમ જણાય છે.

જુદી જુદી જાતિઓમાં કેળવણીનો પ્રસાર કેટલો થયો છે.—કઈ જાતિમાં કેળવણીનો પ્રસાર કેટલો થયો છે તે આપણે જોઇએ. જુદા જુદા વર્ગના લોકોમાં નિશાળે જવા

લાયક છોકરામાંના સેંકડે કેટલા છોકરા ભણુતા હતા તે નીચેના આંકડાપરથી જણાઈ આવશેઃ—

જાત અથવા ધર્મ.	નિશાળે જવા લાયક છોકરા તથા છોકરીઓમાંનાં સેંકડે કેટલાં છોકરાં સને ૧૮૯૧-૯૨ માં ભણુતાં હતાં તેનુ પ્રમાણુ.
હિંદુ…………………………	૧૦.૫
મુસલમાન…………………	૧૧.૭
પારસી (મુંબાઈ અને મધ્યપ્રાંતોમાં)	૧૪૩.૧
શીખ………………………	૯.૪
બૌદ્ધ ધર્મના (બ્રહ્મદેશમાં)….	૧૯.૮
દેશી ખ્રિસ્તીઓ……………	૪૯.૩
યૂરોપીઓ અને યુરેશીઓ….	૭૯.૧
યાહુદી (મુંબાઈમાં)………..	૮૬.૫
બ્રહ્મા (બંગાળામાં)………..	૨૧૨.૬

એમાં પારસી અને બ્રહ્માનુ પ્રમાણુ વિશેષ વધવાનુ કારણ ઉપર આપ્યું છે.

વિદ્યાર્થીઓના વિભાગ જુદી રીતે આપવાની જરૂર છે. જુદા જુદા પ્રકારના શિક્ષણમાં જુદી જુદી જાતિના લોકો કેટલા પ્રમાણમાં છે તે બતાવવાને દરેક વર્ગના શિક્ષણક્રમમાં દર સો વિદ્યાર્થીએ જુદી જુદી જાતિના કેટલા વિદ્યાર્થીઓ છે તે હેઠળ બતાવ્યું છે:—

(૧) કૉલેજોના વિદ્યાર્થીઓમાં—
હિંદુ ૮૬.૨; મુસલમાન ૬.૪; દેશી ખ્રિસ્તી ૩; યૂરોપીઓ ૧.૨; બીજા ૩.૨.

(૨) ધંધાની કૉલેજોના વિદ્યાર્થીઓમાં—
હિંદુ ૭૪.૩; મુસલમાન ૭.૨; દેશી ખ્રિસ્તી ૩.૬; યૂરોપીઓ અને યૂરેશીઓ ૧૧.૩; બીજા ૩.૬.

(૩) છોકરાની મધ્યમ વર્ગની ઈંગ્રેજી શાળાઓના વિદ્યાર્થીઓમાં—
હિંદુ ૭૫.૩; મુસલમાન ૧૩; દેશી ખ્રિસ્તી ૪.૩; યૂરોપીઓ અને યૂરેશીઓ ૩.૬; બીજા ૩.૮.

(૪) છોકરાની મધ્યમ વર્ગની દેશી ભાષાની નિશાળોના વિદ્યાર્થીઓમાં—
હિંદુ ૭૮.૧; મુસલમાન ૧૯.૩; દેશી ખ્રિસ્તી ૦.૮; બીજા ૧.૮.

(૫) છોકરાની પ્રાથમિક શિક્ષણની નિશાળોના વિદ્યાર્થીઓમાં—હિંદુ ૭૧.૨; મુસલમાન ૨૦.૩; યૂરોપીઓ ૦.૧; દેશી ખ્રિસ્તી ૨.૦; બીજા ૬.૪.

(૬) સ્પેશિઅલ (વિશેષ વર્ગની) શાળાઓના વિદ્યાર્થીઓમાં—
હિંદુ ૫૮.૨; મુસલમાન ૨૪.૭; યૂરોપીઓ ૨.૯; દેશી ખ્રિસ્તી ૮.૯; બીજા ૫.૩.

(૭) છોકરીઓની મધ્યમ વર્ગની ઈંગ્રેજી શાળા—
હિંદુ ૮.૨; મુસલમાન ૦.૧; યૂરોપીઓ અને યૂરેશીઓ ૫૮.૩; દેશી ખ્રિસ્તી ૨૬.૮; બીજી ૬.૬.

(૮) છોકરીઓની મધ્યમ વર્ગની દેશી ભાષાની નિશાળો—

હિંદુ ૬૬'૮; મુસલમાન ૬'૨; દેશી ખ્રિસ્તી ૨૫'૬; બીજી ૧'૪.

(૯) છોકરીઓની પ્રાથમિક શિક્ષણની નિશાળો—
હિંદુ ૭૧'૫; મુસલમાન ૧૬'૨; દેશી ખ્રિસ્તી ૬'૧; યૂરોપીઓ અને યૂરેશીઓ ૧; બીજી ૫'૨.

કેળવણીનો ખર્ચ.—એ ખર્ચ કેટલો થાય છે તેની હકીકત હવે આપણે આપીએ છીએ.

શાળાના વર્ગ અથવા ખર્ચની બાબત.	સને ૧૮૮૧-૮૨. પ્રાંતિક.	એકંદર.	૧૮૯૧-૯૨. પ્રાંતિક.	એકંદર.
યુનિવર્સિટીઓ	૫૪,૮૯૦	૯૭૭,૭૮૦	૩૨,૬૬૦	૪,૭૩,૧૪
કૉલેજો	૯,૯૨,૪૯૦	૧૬,૧૭,૦૮૦	૧૫,૩૭,૬૮૦	૨૮,૭૨,૮૩૦૦
મધ્યમ વર્ગની શાળાઓ...	૧૬,૯૭,૬૮૦	૪૮,૦૬,૨૮૦	૧૬,૬૧,૫૧૦	૯૮,૯૫,૬૯૦
પ્રાથમિક શાળાઓ.	૧૫,૮૨,૭૮૦	૭૬,૨૫,૦૦૦	૧૩,૪૩,૩૪૦	૯૬,૧૪,૨૮૦
ટ્રેનિંગ અને ધં-				

પાનીશાળા.	૬,૪૧,૬૩૦	૯,૫૨,૫૪૦	૧૦,૦૨,૫૮૦	૧૭,૧૦,૩૪૦
સ્કૉલરશિપો.	૩,૧૬,૦૮૦	૫,૦૮,૬૭૦	૪૦,૮૬૧	૭,૨૭,૦૭૦
તપાસણી ખર્ચ (ડિરેક્શન અને ઇન્સ્પેક્શન).	૧૪,૮૧,૯૨૦	૧૬,૮૨,૯૦૦	૧૫,૪૨,૫૨૦	૨૨,૪૯,૭૮૦
ઇમારત વગેરે.	૩,૬૦,૨૧૦	૮,૭૨,૦૮૦	૧૦,૮૨,૭૦૦	૨૧,૮૨,૩૪૦
પરચૂરણ...	૧,૬૩,૫૭૦	૩,૬૫,૧૨૦	૨,૦૧,૯૫૦	૭,૯૪,૧૬૦
	૭૨,૯૧,૨૫૦	૧,૮૬,૦૭,૪૧૦	૮૮,૧૩,૫૫૦	૩,૦૫,૧૯,૬૩૦

એ સિવાય ઇમ્પીરિઅલ ગ્રાન્ટ હતી તે... ૧,૩૨,૪૦૦

સને ૧૮૮૧-૮૨ માં એ ખર્ચ પૈકી સરકારી ખર્ચ સેંકડે ૫૯·૧ ટકા અને ખાનગી ખર્ચ ૪૦·૯ ટકા હતો. સને ૧૮૯૧-૯૨ માં એ પ્રમાણ સરકારી ૫૧·૨ અને ખાનગી ૪૮·૮ હતું. યુનિવર્સિટીઓનો, ટ્રેનિંગ કૉલેજોનો, અને દેખરેખનો તમામ ખર્ચ સરકારને માથે છે. હમણા કૉલેજો અને પ્રાથમિક શિક્ષણનો જે ખર્ચ થાય છે તેનો ઘણું ક-

રીને નીમે ભાગ સરકારપર પડે છે. મધ્યમ વર્ગના શિક્ષણ ખાતે થતા ખર્ચનો બહુધા ત્રીજો ભાગ સરકારનો છે. પ્રાથમિક શિક્ષણના ખર્ચનો ઘણો ભાગ લોકલ ફંડમાંથી અથવા પ્રાંતિક કરોની ઉપજમાંથી થાય છે. મધ્યમ વર્ગના. શિક્ષણમાં ખાનગી ખર્ચ પુષ્કળ થાય છે.

હવે શિક્ષણના સંબંધમાં દરેક વિદ્યાર્થીને માથે કેટલો ખર્ચ આવે છે તે આપી ખર્ચનો વિષય આપણે બંધ કરીશું. એ ખર્ચ કેટલો થાય છે તે હેઠળ બતાવ્યું છે:—

કૉલેજો—	રૂપિઆ.
આર્ટ્સ	૧૬૨.
ધંધાની	૨૫૫.
મધ્યમ વર્ગની શાળાઓ	૨૧·૬
પ્રાથમિક શિક્ષણની શાળાઓ	૩·૬
ટ્રેનિંગ સ્કૂલો	૧૩૦·૯
ધંધાના શિક્ષણની શાળાઓ	૬૫·૧

एज्युकेशन कमिशनकी सूचनाओ.—અહીં લગી હિંદના શિક્ષણના સંબંધમાં મહત્વની હકીકત આપણે ટુંકામાં આપી છે. હવે એજ્યુકેશન કમિશને પોતાના રીપોર્ટમાં કેટલીક મહત્વની સૂચનાઓ કરી છે તે જણાવી તેઓ વિષે હિંદ સરકારે જે અભિપ્રાય આપ્યો છે તે વિષે કહીએ છીએ.

સરકારે એજ્યુકેશન કમિશન નીમ્યા પહેલાં જ યુરોપી અને યુરેશી લોકોનાં છોકરાંના શિક્ષણની વ્યવસ્થા કરી

હતી. સરકારે એ વિદ્યાર્થીઓની શાળાઓને મદદ આપવા માટે ગ્રાન્ટ-ઇન-એઈડના નિયમો કર્યા છે અને લોકોએ તે કામ સારૂ ફંડ એકઠું કર્યું હોય તેને પૂરવણી દાખલ પણ મદદ કરવી અને ધર્મના મતભેદપર લક્ષ આપવું નહિ એવું ઠરાવ્યું છે. એ સંબંધી એક કોડ (કાયદાનો સંગ્રહ) કરવામાં આવ્યો હતો. હમણા એ કોડ વાયવ્ય પ્રાંતો, અયોધ્યા, પંજાબ, અને મધ્યપ્રાંતોને લાગુ પાડ્યો છે; અને તેમાંના કેટલાક નિયમો મદ્રાસના કોડમાં દાખલ કર્યા છે. મુંબાઈ ઇલાકામાં એવી નિશાળોને અમુક મુદ્દત લગી મદદ ઠરાવીને આપવાની પદ્ધતિ ચાલે છે. બંગાળામાં પરીક્ષાનાં પરિણામ પ્રમાણે મદદ આપવામાં આવે છે. બધા ભાગોમાં મુંબાઇનીજ પદ્ધતિ ચલાવવાની હિંદ સરકારે ભલામણ કરી છે અને તે પ્રમાણે એ પદ્ધતિ બંગાળાની કેટલીક નિશાળોને લાગુ કરી છે.

મુસલમાનોની કેળવણી.—એન્જ્યુકેશન કમિશને મુસલમાનોનાં છોકરાંની બાબતમાં વિશેષ ભલામણ કરી હતી તેનો નિકાલ હિંદ સરકારે કર્યો છે. એ વર્ગના વિદ્યાર્થીઓના શિક્ષણને માટે ખાસ ગોઠવણ કરવાની કમિશને સૂચના કરી હતી; પરંતુ હિંદ સરકારને તે પસંદ પડી નહિ. તેના અભિપ્રાય પ્રમાણે જુદા જુદા વર્ગની સરકારી શાળાઓમાંજ બીજા વિદ્યાર્થીઓની પેઠે મુસલમાન વિદ્યાર્થીઓએ શિક્ષણ લેવું અને એવી રીતે બીજી જાતિના લોકોના જેટલી કેળવણી લીધા સિવાય દુનિયામાં હરીફાઇ કરવામાં તેઓ ટકી શકશે નહિ. ઊંચા દરજાની કેળવણીમાં બીજા

લોકો કરતાં મુસલમાનો બહુજ પાછળ છે માટે તેમણે એ બાબતપર વધારે લક્ષ આપવું અને સરકારે સ્કૉલરશિપો આપી કેળવણીને ઉત્તેજન આપવું એવી હિંદ સરકારે સૂચના કરી. એ પ્રમાણે બધા પ્રાંતોમાં ગોઠવણ કરવામાં આવી છે.

શિક્ષણની બાબતમાં રસ્તો બતાવવાનું સરકારનું કામ છે, પરંતુ લોકો તે કામ ઉપાડી લે એટલે સરકારે તે કામમાંથી ધીમે ધીમે પોતાનો હાથ કહાડી નાંખવો એવું ઠરાવ્યું છે. દિવસે દિવસે બીજી ખાનગી નિશાળોને અનુકરણ કરવા લાયક નમૂનાની શાળાઓ માત્ર સરકારે રાખવી એવો વિચાર કર્યો છે. એવો ફેરફાર કરતી વખતે સરકારી શાળાઓના, તેમાં વિશેષ કરીને હાઇસ્કૂલો અને કૉલેજોના વિદ્યાર્થીઓની સંખ્યા નિયમિત કરવી. બીજી નિશાળોને ધડો મળવા સારૂ એ શાળાઓ રાખવાની છે તેથી દરેક વિદ્યાર્થી પર પૂર્ણ લક્ષ રહી તેને વ્યવસ્થિત શિક્ષણ મળે એવી ગોઠવણ કરી તેઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા હોવી જોઈએ. અર્થાત્ એ શાળાઓનો સંપૂર્ણ ઉપયોગ થાય એવી સરકારની ઈચ્છા છે, તથાપિ વિશેષ અપવાદક કારણો સિવાય એ શાળાઓનો સરકારી ખર્ચ વધારવો નહિ એવી હિંદ સરકારે સૂચના કરી છે.

કૉલેજોમાં શિક્ષણનું કામ કરી પરીક્ષકોમાં (ઇન્સ્પેક્ટરોમાં) તેજ લોકોને દાખલ કરવાની પદ્ધતિ ચાલતી હતી તેના ગુણદોષનો નિર્ણય કરવાનો પ્રશ્ન હિંદસરકારે એજ્યુકેશન કમિશનની રૂબરૂ વિચાર કરવાને મૂકયો હતો. પહે-

લાંબી પદ્ધતિ પ્રમાણે શિક્ષક અને પરીક્ષકના કામની વચ્ચે ભેદ પાડ્યો નહોતો. તત્વજ્ઞાન અને ઊંચા પ્રકારના ગણિતશાસ્ત્રવાળા વિષયો શીખવનારા શિક્ષકો પણ પ્રસંગ પ્રમાણે ગામડાંના પ્રાથમિક શિક્ષણના પરીક્ષક થતા હતા. તેથી એ બાબતમાં કેળવણી ખાતામાં સુધારો થવો જોઇએ એવું હિંદ સરકારનું મત હતું. એ પ્રશ્ન વિષે કમિશને પોતાના રીપોર્ટમાં એવો અભિપ્રાય જણાવ્યો છે કે થોડા પગારપર તરૂણ ગૃહસ્થોને નીમી તેમને હરકોઈ કામ કરવાનું કહેવાની પદ્ધતિ સુધારવી જોઇએ અથવા બિલકુલ બંધ કરવી જોઇએ. કમિશનનું કહેવું એમ છે કે મોટા ઈલાકામાં અથવા પ્રાંતોમાં કૉલેજોમાં યૂરોપી પ્રિન્સિપાલો (મુખ્ય અધ્યાપકો) રાખી તેમના હાથ નીચે લાયક પ્રોફેસરો રાખવા. પરીક્ષક વર્ગમાંથી યૂરોપીઓને દિવસે દિવસે ઓછા કરી તેમની જગ્યાએ દેશી પરીક્ષકો નીમવા. શિક્ષક અને પરીક્ષક એ બેઉ વર્ગ કેવળ જુદા રાખવા એવો હિંદ સરકારનો અભિપ્રાય છે તે વિષે ઉપર કહ્યું છે. મધ્યમ વર્ગની અને પ્રાથમિક શાળાઓની પરીક્ષા લેવાને દેશીઓ લાયક છે એવું હિંદ સરકારનું મત છે અને એ કામમાં હળવે હળવે દેશીઓને નીમવાનો સરકાર વિચાર કરે છે. યૂરોપી પ્રિન્સિપાલો અને પ્રોફેસરોને બદલે દેશીઓને નીમવાનો બીજો સવાલ છે. હિંદ સરકારના અભિપ્રાય પ્રમાણે એ પ્રશ્નની ચર્ચા કરવાનો સમય હજુ આવ્યો નથી. ઈંગ્લાંડથી આવતા પ્રોફેસરોને હમણાની પેઠે ઘણાં વર્ષ લગી ન નીમતાં થોડાં વરસ લગીજ તેમની નીમણુક કરવાનો વિચાર ચાલે છે.

કમિશને સારા શિક્ષકો નીમવાનો પણ વિચાર કર્યો હતો. હિંદ સરકારના મત પ્રમાણે એ કામમાં વધારે સુધારો થવો જોઇએ, અને સ્થાનિક સરકારોએ એ બાબતપર વધારે લક્ષ આપવું એવું હિંદ સરકારે ફરમાવ્યું છે. હિંદ સરકારના મત પ્રમાણે હિંદના વિદ્યાર્થીઓની વર્તણુક નીતિમાન થવાને શિક્ષકો નીતિમાન અને વિદ્યાવ્યાસંગી હોવાની ઘણી જરૂર છે.

• •

પ્રાથમિક અને મધ્યમ વર્ગની શાળાઓની જવાબદારી લોકલ બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓને સોંપવી એવો કમિશનનો અભિપ્રાય હતો, અને હિંદ સરકારને તે પસંદ પડયો. મદ્રાસ ઈલાકામાં એ શાળાઓમાંથી સરકારે પોતાનો હાથ બિલકુલ કહાડી લીધો છે. મુંબાઇ ઈલાકામાં ઘણીખરી પ્રાથમિક શાળાઓમાંથી અને મધ્યમ વર્ગની કે શાળાઓમાંથી સરકારે પોતાનો હાથ કહાડી નાંખ્યો છે. પંજાબમાં પણ એજ પ્રમાણે છે. બંગાળામાં ગામડાંની નિશાળોમાંથી સરકારે પોતાનો હાથ કહાડી નાંખ્યો છે, પરંતુ મ્યુનિસિપાલિટીઓની હદમાંની નિશાળોની તેવી સ્થિતિ નથી. બાકીના પ્રાંતોમાં ઘણુંકરીને ઉપરના જેવીજ વ્યવસ્થા કરેલી છે. લોકલ બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓના મેમ્બરો કેળવણીની દેખરેખ રાખવામાં કેળવણી ખાતાના અધિકારીઓને વધારે મદદ આપશે એવી હિંદ સરકારે આશા બતાવી છે.

• •

ધંધાના તથા ઉદ્યોગના શિક્ષણની સંક્ષિપ્ત હકીકત ઉપર આપેલી છે. ટુંકામાં હિંદસરકારનું મત એ છે કે હિં-

દના ક્રમણાનાં વેપારની સ્થિતિપર લક્ષ રાખી જરૂર જેટલું શાસ્ત્રીય પદ્ધતિનું શિક્ષણ આપવું. વેપારનાં મુખ્ય મુખ્ય સ્થળોમાં ઉપયોગી શિક્ષણની શાળાઓ કહાડવી અને દેશનું બંધારણ જેમ જેમ વધતું જાય તેમ તેમ એ શિક્ષણપદ્ધતિ પરિપક્વ દશામાં આણવી.

હવે શાળાઓમાં અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને નીતિનું શિક્ષણ અને કાયદામાં રહેવાની કેળવણી શી રીતે મળે એ પ્રશ્નની સૂચના કરવાની છે. હિંદ સરકારે નીચે લખેલી સૂચના સ્થાનિક સરકારો તરફ લખી મોકલી છે અને તે પ્રમાણે જુદા જુદા પ્રાંતોમાં પુષ્કળ બાબતોની ગોઠવણ થઈ છે.

(૧) શિક્ષકો તૈયાર કરવા માટે ટ્રેનિંગસ્કૂલો અને કૉલેજો કહાડવી. અને ત્યાં જેઓ સંતોષકારક રીતે પોતાનો અભ્યાસ પૂરો કરે તેમનેજ શિક્ષક નીમવા.

(૨) વિદ્યાર્થીઓપર સારી અસર થાય એવા પ્રકારની શિક્ષણપદ્ધતિનો પ્રસાર કરવો.

(૩) વિદ્યાર્થીઓની ગેરવર્તણુકપર દાબ રાખવો.

(૪) તેમની વર્તણુકની નોંધ રાખવી.

(૫) શાળાઓને લગતાં બોર્ડિંગ હાઉસ (વીશીઓ) રાખવાં.

(૬) નિશાળોની અંદર અથવા બહાર વિદ્યાર્થીઓની વર્તણુકપર દેખરેખ રાખે એવા મૉનિટરો નીમવા.

(૭) વિદ્યાર્થીઓને અમુક ઉમરની પહેલાં નિશાળમાં દાખલ કરવા નહિ એવો નિયમ ઠરાવવો.

(૮) એક નિશાળમાંથી બીજી નિશાળમાં વિદ્યાર્થીઓને લેવાના નિયમ ઠરાવવા.

(૯) નિશાળોમાં રમવાની જગ્યા અને કસરતશાળા કરવી. પ્રિન્સિપાલોએ અને પ્રોફેસરોએ પોતાના ખાનગી વર્તનથી વિદ્યાર્થીઓને કાયદામાં રહેતાં શીખવવું એવી પણ હિંદ સરકારે સૂચના કરી હતી.

જે કૉલેજોમાં અને નિશાળોમાં ધર્મનું શિક્ષણ આપવામાં આવતું નથી ત્યાં કેવળ નીતિનું શિક્ષણ અલગ રીતે આપી શકાય કે નહિ તે વિષે અંદેશો આણવામાં આવ્યો હતો. એ અડચણ મટાડવાને એજ્યુકેશન કમિશને એવી સૂચના કરી છે કે જે કૉલેજોમાં ધર્મનું શિક્ષણ પૂર્ણરીતે આપી શકાય તે કૉલેજો સરકારની મદદથી કહાડવી. એ અભિપ્રાય હિંદ સરકારને પૂરેપૂરો પસંદ પડયો છે; તથાપિ કેળવણી ખાતાએ નીતિના શિક્ષણનો જેવો અનુભવ લેવો જોઈએ તેવો હજુ લીધો નથી અને જ્યાંલગી કેળવણીખાતાએ નીતિનું શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો નથી ત્યાંલગી તે કામમાં યશ મળશે નહિ એવું હિંદ સરકારને લાગતું નથી. એ મતને અનુસરી એજ્યુકેશન કમિશનની ભલામણ પ્રમાણે હિંદ સરકારે સ્થાનિક સરકારોને સામાન્ય ધર્મનાં મત એકઠાં કરી નીતિના શિક્ષણનું પુસ્તક તૈયાર કરી સરકારી અને બીજી શાળાઓમાં શીખવવાની ભલામણ કરીછે. એ પ્રશ્નનો વિચાર હજુ થવાનો છે.

એજ્યુકેશન કમિશને શિક્ષણપદ્ધતિનો સુધારો કરવા માટે વિદ્વાન મંડળીઓ સ્થાપન કરવાની સૂચના કરી હતી

તે હિંદ સરકારે મંજૂર કરી છે.

સરકારી અધિકારીઓ અને બીજા જે લોકોને વિદ્યા-પર વિશેષ પ્રેમ છે તે લોકો શિક્ષણના સંબંધમાં એક બીજાનું જ્ઞાન અને વિચાર જણાવશે તો તે થકી ઘણો ફાયદો થશે એ અભિપ્રાય જોઇ હિંદ સરકાર પૂરેપૂરી મળતી આવે છે, અને તેની એવી ઇચ્છા છે કે સરકારની મદદથી ચાલતી અને મદદ વગર ચાલતી શાળાઓના અધિકારીઓએ અને સરકારી કેળવણી ખાતાના અમલદારોએ એકઠા મળી વાદ વિવાદ કરવાના પ્રસંગ વારે વારે લાવવા. એથી સરકારી મદદથી શાળાઓ ચલાવવાની પદ્ધતિ વધારે મજબૂત થશે.

એ સિવાય એજ્યુકેશન કમિશને દરેક પ્રકારના શિક્ષણ વિષે મહત્વની પુષ્કળ સૂચનાઓ કરી છે, પરંતુ લંબાણ થવાના ભયથી તે અત્રે આપી શકાય તેમ નથી.

ભાગ ૨૦ મો.

લોકસ્થિતિ.

હિંદના લોકોની સ્થિતિનું વર્ણન કરવાનું કામ હાથમાં લેવું બહુજ મુશ્કેલ છે. વિસ્તાર જોતાં હિંદને દેશ ન કહેતાં ખંડ કહીએ તો વધારે શોભે. ખંડના જુદા જુદા દેશોની જમીનના પ્રકાર, લોકોની જાતિઓ, તેમની ભાષાઓના ભેદ, અને તેમની રહેણીઓમાં જેટલો ફેર જોવામાં આવેછે તેટલોજ આ દેશના જુદા જુદા ભાગોમાં જોવામાં આવે છે. દાખલા તરીકે સમુદ્ર કિનારાની નજીકની સમશીતોષ્ણ હવા અને તેને અનુસરીને તે લોકોનું આયુષ્ય, અને અતિશય ટાઢ અને ગરમીવાળા પંજાબ જેવા ભાગની સ્થિતિ અને ત્યાંના લોકોની રીતભાત લેઇશું તો જુદા જુદા પ્રાંતોમાં કેટલો ફેર પડેછે તે જણાઇ આવશે. આ દેશની પશ્ચિમ બાજુના દેશો જોડે તો મુકાબલો થઇ શકે તેમ છેજ નહિ. અહીંની અને ત્યાંની રીતભાત જુદી છે અને અહીં જેમ વંશપરંપરા અને રિવાજને અનુસરીને આબરૂ મળે છે તેમ ત્યાં નથી. ત્યાં લોકોમાં પ્રતિષ્ઠા મળવા માટે ઊંચા કુળમાં જન્મ થાય તે બસ થતું નથી. તે પંડની હોશિયારીથીજ મેળવવી પડેછે. એમ વિચિત્ર સ્થિતિ હોવાથી લોકોની સ્થિતિનું વર્ણન પ્રાંતવાર જુદું જુદું આપ્યું છે.

ધંધા પ્રમાણે લોકોના વર્ગ—પ્રાંતવાર વિચાર કર્યા પહેલાં આખા દેશને સાધારણ રીતે લાગુ પડે એવી કેટલીક

પાળતા છે તેઓ વિષે આપણે પ્રથમ વિચાર કરવો જોઇએ. પહેલે તો કિયા ધંધામાં કેટલા લોકો છે તે જોઇએ. એ હકીકતનું કોષ્ટક હેઠળ આપ્યું છે તેમાં દરેક ધંધાના લોકોનોજ સમાવેશ ન કરતાં તે તે ધંધો કરનારા લોકોપર જે જે લોકોનો આધાર છે તે તે લોકોનો પણ તે તે વર્ગમાંજ સમાવેશ કર્યો છે. એમ જનસમૂહના તમામ લોકોનો નીચે આપેલા આંકડામાં સમાવેશ કર્યો છેઃ—

ધંધો.	જનસમૂહ પૈકી સેંકડે કેટલા લોકો સદરહુ ધંધો કરે છે.
૧. રાજ્યવ્યવસ્થા...	૧.૯૫
૨. રાજ્યનું સંરક્ષણ..	૦.૨૩
૩. પારકા રાજાઓની નોકરી...... ...	૦.૧૮
૪. ઢોર ચારવાનો ધંધો.	૧.૨૭
૫. ખેતી.	૫૬.૭૯
૬. ઘરગથુ નોકરી.	૩.૯૧
૭. ખાવાના અને પીવાના પદાર્થો બનાવનારા.	૫.૦૭
૮. બળતણનાં લાકડાં એકઠા કરનારા.	૧.૨૩
૯. બાંધકામ કરનારા.	૦.૫૦
૧૦. ગાડાં અને વહાણો કરનારા.	૦.૦૫
૧૧. બીજી પરચૂરણ જરૂરીઆત વસ્તુઓ કરનારા.	૦.૪૦
૧૨. કાપડ અને પોશાકનો સામાન બનાવનારા.	૪.૩૯
૧૩. ધાતુનું અને જડાવનું કામ કરનારા.	૧.૩૩
૧૪. કાચનું અને કુંભારનું કામ કરનારા.	૦.૮૨
૧૫. લાકડાંનું અને નેતરનું કામ કરનારા.	૧.૫૦

૧૬.	ઓસડનું કામ કરનારા.	૦.૧૪
૧૭.	ચામડાંનું કામ કરનારા.	૧.૧૪
૧૮.	વેપારીઓ.	૧.૬૩
૧૯.	માલ લાવવાનું અને વખારમાં ભરી મૂકવાનું કામ કરનારા.	૧.૩૮
૨૦.	વિદ્વત્તાના ધંધા અને શાસ્ત્રીય ધંધા કરનારા.	૧.૯૭
૨૧.	ખેલ કરનારા.	૦.૦૫
૨૨.	માટી કામ અને મજૂરી કરનારા.	૮.૮૭
૨૩.	અનિશ્ચિત ધંધો કરનારા.	૦.૫૪
૨૪.	નિરૂદ્યમી.	૧.૬૬

પ્રત્યક્ષ ખેતીવડેજ ગુજરાન ચલાવનારા લોકો, અર્થાત્ જમીનના માલિકો અને તેમના ખેડુતો સેંકડે ૫૯.૭૯ છે. એ સિવાય ગામના ઉપયોગના લોકો જેમને કામ કરવા બદલ જમીન મળે છે, અથવા જેમને કામ કરવા બદલ પાકમાંથી ભાગ અથવા અનાજ મળે છે તેઓ, અર્થાત્ મજૂરો, સૂતાર, લુહાર, કંસારા, હજામ, કડીઆ, કોળી, ઘાંચી, કુંભાર, મોચી, ગામના કામદારો, ગામોટ ગોર, વગેરેને પ્રત્યક્ષ ખેતી કરનારા લોકોમાં ગણીએ તો શહેરો લેતાં સેંકડે ૮૪ અને શહેરો મૂકી દેતાં સેંકડે ૮૮ માણસ ખેતીપર આધાર રાખે છે એવું જણાય છે. એ સિવાય દુકાનદારી, દરજીનો ધંધો, સાહુકારી, વગેરે ખેતી જોડે સંબંધ નથી એવા દશ પ્રકારના ધંધાર્થી લોકો સેંકડે આશરે ૫૨ છે. એ સિવાય બીજા ઉદ્યોગો કરનારા સેંકડે ૬.૬૯ બાકી રહે છે.

વાવેતર જમીન.—ખેતીવડે ગુજરાન ચલાવનારા લોકોના સંખ્યા સૌથી ઘણુંજ વધારે છે. તેમના ગુજરાનનું મુખ્ય સાધન જમીન છે તેના સંબંધમાં જોતાં તેનું ક્ષેત્રફળ પરિમિત છે, તે જોઇએ તેટલુ વધારી શકાય તેમ નથી. જમીનની પેદાશથી જેટલી સંખ્યાને અન્ન પૂરૂં પડી શકે તેટલી સંખ્યા બધે ઠેકાણે હમણા થઇ ગઇ છે એમ નથી, તોપણ કેટલાક પ્રાંતોની તેવી સ્થિતિ થવા માંડી છે. આ બાબતનો વિચાર કરવામાં કેટલી જમીનમાં વાવેતર થાય છે અને કેટલી જમીનમાં વાવેતર થઇ શકે તેમ છે તે પ્રથમ જોવું જોઇએ. એના સંબંધમાં બધા પ્રાંતોમાં બેશ હકીકત મળતી નથી. જે થોડી હકીકત મળે છે તેપરથી સાધારણ રીતે જણાય છે કે જે ઠેકાણે નિયમસર વરસાદ વરસે છે તે ઠેકાણે પહેલાંની વાવેતર જમીનની થડમાંની જમીનમાં ઝપાટાબંધ વાવેતર થવા માંડ્યું છે. ઓછી વસ્તીવાળા ભાગમાં આ ક્રમ વધારે ચાલે છે. બ્રહ્મદેશમાં છેલ્લાં દશ વર્ષમાંજ વાવેતર જમીન દોઢી વધી છે. આસામમાં જમીન પડતર છે, તોપણ લોકોની સ્થિતિ ભિન્ન હોવાથી વધારો આઠ ટકાજ થયો છે. કુર્ગ પ્રાંતમાં વધારો બાર ટકા થયો છે. મદ્રાસમાં ગયાં ચાળીસ વર્ષમાં જિરાયત જમીન ૩૩ ટકા અને બાગાયત જમીન ૫૦ ટકા વધી છે. છેલ્લાં દશ વર્ષમાં પંજાબ અને સિંધમાં સેંકડે ૨૮ અને ૨૨ ટકા વધારો થયો છે. મુંબાઇમાં નવી સર્વે કરેલી જમીન. વારેવારે પત્રકમાં બતાવવામાં આવે છે તેથી કેટલો વધારો થયો છે તે બરાબર

જણાતું નથી, તથાપિ બીજા પ્રાંતોના પ્રમાણમાં વધારે થયેલો જણાતો નથી. બંગાળાના સંબંધમાં બિલકુલ દાખલો નથી. વાયવ્યપ્રાંતોમાં અને અયોધ્યામાં ઝાઝો વધારો થયો નથી. વરાડ પ્રાંતમાં મૂળથીજ વાવેતર જમીન એટલી બધી છે કે તે પ્રાંતમાંથી પુષ્કળ ધાન્ય બીજે ઠેકાણે જાયછે.

વધતી જતી વસ્તી અને તેની સગવડ.—કેટલાક ભાગમાં લોકની વસ્તી પણ જમીનના પ્રમાણમાં ઘણી થઇ છે. એવા ભાગ બિહારનો ઉત્તર ભાગ અને રત્નાગિરિ જિલ્લો છે. બિહારમાં દર મૈલે વસ્તી ૬૬૭ છે. રત્નાગિરિ જિલ્લામાં વસ્તી ૨૮૨ છે, તોપણ ખેડવા લાયક જમીન બહુ થોડી હોવાથી જમીનના પ્રમાણમાં વસ્તી વધારે છે. પંજાબમાં ડુંગરાની થડમાંના પ્રદેશમાં અને અયોધ્યા તથા મધ્ય પ્રાંતોમાંના નર્મદાના કાંઠાના પ્રદેશમાં વસ્તી બહુધા પૂરેપૂરી વધી છે. હિંદુઓ સંબંધ તોડી પરદેશમાં જઇને ઘરબાર માંડીને જાથુ રહેતા નથી. વસ્તીથી આઘે ન હોય એવે ઠેકાણે, અથવા જ્યાં ગયાથી પાછલો સંબંધ તૂટતો નથી તેટલે અંતરે જમીન હોય તો વસ્તી સહજ વધે છે. બ્રહ્મદેશમાં અને સિંધમાં ખેડવાલાયક જમીન પુષ્કળ હોવાથી વસ્તી વધવામાં અડચણ પડતી નથી. વાયવ્યપ્રાંતો અને અયોધ્યામાં ડુંગરી ભાગની જમીન બીજી વાવેતર જમીનની નજીક હોવાથી ત્યાં પણ વસ્તી વધેછે. આસામમાં ચા ઉગાડવાના કામપર ગયેલા લોકો ત્યાંજ જાથુના રહેવાશી થઇને રહેછે. બીજા પ્રાંતોમાં એવી સોઇવાળી અને મહેનત ન પડતાં ખે-

રવા લાયક જમીન બહુ થોડે ઠેકાણે છે તેથી બીજા ઘાડી વસ્તીવાળા ભાગમાંથી લોકોને ત્યાં જઇને રહેવાની સવડ થોડીજ છે. મુંબાઇ ઇલાકામાં સારી રસાળ અને ખેડવાલાયક જમીન પંચમહાલમાં અને ખાનદેશના ડુંગરી ભાગમાંજ રહેલી છે. મધ્યપ્રાંતોમાં ડુંગરી ભાગમાં જમીન છે, પરંતુ ત્યાંની પુષ્કળ જમીનમાં જંગલ કાયમ રાખવાની જરૂર છે, તે છોડી દઇએ તો ખેડવા લાયક જમીન થોડીજ રહેછે. બંગાળા પ્રાંતમાં ડુંગરની બાજુના પ્રદેશોમાંજ ખેડવા લાયક જમીન રહેલી છે. સાધારણ રીતે બિહારમાં અતિશય ઘાડી વસ્તી થઇછે, આસામમાં લોકોને જઇ રહેવાને હજુ પુષ્કળ જગ્યા છે, અને બાકીના ભાગમાં મધ્યમ પ્રકારની સ્થિતિ છે.

ઇંગ્રેજી રાજ્યમાંના પ્રાંતો કરતાં દેશી સંસ્થાનોમાં વસ્તી ઓછી છે, તેથી લોકોને ત્યાં જઇને રહેવાની સગવડ છે એવું પ્રથમ દૃષ્ટિએ જણાય છે, પરંતુ થોડો વિચાર કરવાથી દેશી સંસ્થાનોમાં પણ વસ્તી કરવાને ઝાઝી જગ્યા નથી એવું જણાઇ આવશે. ઇંગ્રેજી પ્રાંતોની વસ્તીનું મધ્ય પ્રમાણ દેશી સંસ્થાનોના કરતાં વધારે આવે છે તે ગંગા નદીના કાંઠાના પ્રદેશમાં અતિશય ઘાડી વસ્તી છે તેને લીધે આવેછે; અને દેશી સંસ્થાનોની વસ્તીનું સામાન્ય પ્રમાણ ઓછું આવવાનું કારણ એ છે કે રજપુતાનાના રેતાળ અને ઉજડ ભાગમાં અને કાશ્મીરની થડમાંના ડુંગરી ભાગમાં બહુજ આછી વસ્તી છે. આ ભાગમાં વસ્તી વધવાની ઝાઝી જગ્યા નથી. એ આછી વસ્તીવાળા ભાગો

મૂકી દઇએ તો મલબાર કાંઠાનાં સંસ્થાનો, વડોદરા અને ગુજરાતમાંનાં સંસ્થાનો, પંજાબમાંનાં શીખ સંસ્થાનો અને એવાં બીજાં સંસ્થાનોની વસ્તી ઈંગ્રેજી પ્રાંતોની પેઠેજ ઘાડી છે. મ્હેસૂરના અને હૈદરાબાદના કેટલાક ભાગમાં વસ્તી આછી છે, પરંતુ ત્યાં વરસાદ અનિયમિત હોવાથી વસ્તી વધી શકે તેમ નથી. હૈદરાબાદના પૂર્વ તરફના પ્રાંતમાં, મધ્યહિંદના અને મ્હેસૂરના કેટલાક ભાગમાં, અને મધ્ય પ્રાંતોનાં કેટલાંક સંસ્થાનોમાં પરદેશી લોકોને જઇને રહેવાની થોડીક સવડ છે, તોપણ એ ભાગમાં પણ ખુલ્લા ક્ષેત્રફળના પ્રમાણમાં ખેડવા લાયક જમીન નીકળે એમ નથી.

અહીં લગી આપણે વધતી જતી વસ્તીનું ગુજરાન કરવા માટે વધારે જમીનમાં વાવેતર કરવું એ એક સાધન છે તે વિષે વિચાર કર્યો. વાવેતર જમીનમાં વધારે પાક ઉત્પન્ન કરવાની તજવીજ કરવી એ બીજું સાધન છે, અને હમણા લોકોએ એ સાધનનો વધારે ઉપયોગ કરવા માંડ્યો છે. જમીનનો સુધારો કરવાથી હમણા કરતાં વધારે પાક નીપજે તેમાં શક નથી. ખેતીની બાબતમાં નવી પદ્ધતિ ગ્રહણ કરવાને આ દેશના ખેડુતો આનાકાની કરતા નથી. નવી પદ્ધતિ ફાયદાકારક છે એવી માત્ર તેમની ખાતરી થવી જોઇએ. એવા પ્રકારની સુધારણા શરૂ પણ થઈ છે. પાણી પાઈ ગહુંનો પાક કરવાથી તે વધારે નીપજે છે એવું પંજાબના ખેડુતોને જણાતાંજ તેમણે તે પ્રમાણે કરવા માંડ્યું; ધારવાડમાં વિલાયતી રૂનો, બંગાળામાં જૂટનો, અને કુર્ગમાં બુંદનો પાક કરવાથી બેશ ફાયદો થાયછે એવું મા-

સૂમ પડતાંજ લોકોએ તે પાક કરવા માંડ્યા. સરકારે નહેરો બાંધ્યાથી લોકોએ તેમનો પણ સારો ઉપયોગ કરવા માંડ્યો છે, અને કૂવાના પાણીથી બાગાયત પેદાશ પણ વધારે થવા માંડી છે. આ દેશમાં કૂવાના પાણીથી જે બાગાયત પેદાશ કરેછે તે ઉત્તમ અને યૂરોપના જેવી સરસ છે એવો દાક્તર વોએલ્કરનો અભિપ્રાય છે. બાગાયતથી જમીનમાં પાક વધારે થાયછે એજ એક ફાયદો છે એમ નહિ, પણ જે ભાગમાં વરસાદ અનિશ્ચિત છે તે ભાગમાં બાગાયત જમીન વધવાથી જે સાલમાં વરસાદ ઓછો વરસે છે તે સાલમાં પણ પાક નીપજે છે એ મોટો ફાયદો છે. ગયાં સાત વરસમાં બાગાયત જમીન આશરે એક પંચમાંશ વધી છે.

છેલ્લાં દશ વર્ષમાં જમીનમાં બે પાક ઉત્પન્ન કરવાનો રિવાજ પણ ઘણો વધ્યો છે. ડાંગરની જમીનમાં શીઆળામાં તુવર અથવા તેલિઆં બીઆંનો પાક કરવાનો રિવાજ જૂના વખતથી છે. બીજી જમીનમાં બે પાક ઉત્પન્ન કરવાનો રિવાજ હમણા ચાલુ થયો છે. દર વરસે જેટલી નવી જમીનમાં વાવેતર થાયછે તેનાથી બમણી જમીનમાં બે પાક નીપજાવવાની નવી પદ્ધતિ શરૂ થઇછે એવું જણાય છે. જે જમીનમાં બે પાક કરેછે તે જમીનને પણ મહેનત લેઈ બેશ તૈયાર કરવામાં આવે છે, તેથી એકંદરે વધારે પાક નીપજાવ્યાથી નુકસાન થતું નથી. પાક ઉત્પન્ન કર્યા કીધાથી આ દેશની જમીનનો કસ ઘટતો નથી એવો દશ વાર્ષિક રીપોર્ટમાં અભિપ્રાય આપ્યો છે; એનાથી દાક્તર વોએલ્કરનો

અભિપ્રાય જુદો છે; તે કહેછે કે જમીનનો કસ ઘટે છે કે નહિ તે જોવાનાં સાધનો નથી, તોપણ સાધારણ રીતે જમીનમાં પાક કરવાથી તેટલા પ્રમાણમાં જમીનનો પોષક ગુણ ઘટવોજ જોઇએ. બીજા દેશોની જમીનમાં જે પાક થાયછે તેની જોડે સરખાવતાં આ દેશમાં ઓછો પાક થાય છે એ તેના મત પ્રમાણે આ બાબતનું બીજું પ્રમાણ છે. પોષક દ્રવ્યો ઓછાં થાયછે તેની ખોટ ખાતર નાંખીને પૂરી પાડવી જોઇએ, અને ખાતરના પદાર્થો પરદેશ પુષ્કળ જાયછે તેથી અને બળતણના તોટાને લીધે ખાતરમાં કામ આવે એવા પદાર્થો બાળવામાં પુષ્કળ વપરાયછે તેથી જમીનને પોષક દ્રવ્યો મળવાનાં સાધનો ઓછાં થતાં જાયછે તેટલા માટે સરકારે જમીનને વધારે ખાતર મળવાની તજવીજ કરવી જોઇએ એવું કહેવાનો દાક્તર વોએલકરનો હેતુ છે. મોટાં શહેરોમાં નરકના ખાતરનો અને બીજી જાતના ખાતરનો ઉપયોગ બાગાયતના કામમાં પુષ્કળ થવા માંડયો છે. નહેરો અને કૂવા વધવાથી, ખાતરનો ઉપયોગ દિવસે દિવસે વધારે થતો ગયાથી, અને બે પાક કરવાનો રિવાજ ઘણો વધવાથી જમીનની ઉપજ બેશ વધતી જવાનો ઘણો સંભવ જણાય છે.

જનાવરો.—ખેતીની વૃદ્ધિના પ્રમાણમાં જનાવરોની સંખ્યા પણ વધી છે. એને લગતી હકીકત અપૂર્ણ છે, તોપણ ગયાં છ વરસમાં પહેલાં કરતાં ખેતીનાં અને દુઝતાં જનાવરોમાં ૩૦ ટકાનો વધારો થયો છે એમ જણાય છે.

ખેતીનાં જનાવરોની કીંમત વધીછે.

પાક અને ધાન્ય.—કિયા પાક કેટલી જમીનમાં કરવામાં આવેછે તે વિષે આપણે ખેતીના ભાગમાં કહી ગયા છીએ. બંગાળાની હકીકત અડસટ્ટા ભરેલી હોવાથી તે પ્રાંત કાઢી દઈને જોઈશું તો વાવેતર જમીન પૈકી ૭૮ થી ૯૦ ટકા જમીનમાં ધાન્ય પાકેછે એવું જણાશે. વરાડમાં માત્ર પરદેશ જતા પદાર્થો પુષ્કળ ઉત્પન્ન કરવામાં આવેછે. પરદેશ મોકલવા માટે કેટલી જમીનમાં અને દેશના ખપ માટે કેટલી જમીનમાં ધાન્ય પકવવામાં આવેછે તે કહી શકાય તેમ નથી. નીચલા બ્રહ્મદેશમાં ચોખાનોજ મુખ્ય પાક થાયછે અને તેનો નીમે ભાગ પરદેશ જાય છે. બંગાળા, મદ્રાસ, અને આસામમાંથી થોડા ચોખા પરદેશ જાયછે. પંજાબ અને વાયવ્ય પ્રાંતોમાં મુખ્ય ધાન્ય ગહૂંજ છે અને તે ત્યાં પુરા પડી વધેછે તોજ તે પરદેશ જાયછે. મુંબાઈ અને મધ્યપ્રાંતોમાં પરદેશ મોકલવા સારૂજ ગહૂં પકવેછે. રૂ પણ દેશમાં વધારે ખપવા માંડ્યું છે અને પહેલાંના પ્રમાણમાં પરદેશ થોડું જાયછે. આ દેશમાં ખનિજ તેલનો પ્રસાર વધારે થવા માંડ્યાથી તેલિયાં બીઆં પરદેશ વધારે જવા માંડ્યાં છે. જે પ્રાંતોમાં પરદેશ જતું ધાન્યજ લોકોનો મુખ્ય ખોરાક છે તે પ્રાંતોમાં માત્ર ધાન્ય પરદેશ ગયાથી લોકોના ખપના અનાજનો સંગ્રહ ઓછો થવાનો સંભવ છે, પરંતુ બ્રહ્મદેશમાં એવી સ્થિતિ છે ત્યાં પાક ઓછો ઉતરેછે તો ઓછો માલ પરદેશ જાયછે એવો અનુભવ

થયો છે. જે પ્રાંતોમાં ગહૂં પાકે છે તે પ્રાંતોમાંથી તે પરદેશ ગયાથી લોકોને તેની તાણ પડેછે એમ થતું નથી. તેનો પુરાવો એ છે કે જે વરસમાં વધારે ગહૂં પરદેશ જાય છે તે વરસમાં બીજું ધાન્ય તે પ્રાંતોમાં વધારે આવેછે એવું જણાતું નથી. એકંદરે એ ધાન્ય પરદેશ ગયાથી દેશમાં ધાન્યનો સંગ્રહ ઓછો થાય છે એમ બનતું નથી, પરંતુ ધાન્ય પરદેશ ગયાથી લોકોને પૈસા મળે છે તે તેમને બહુ ખપ લાગેછે.

ધાન્ય.—હવે વસ્તીના પ્રમાણમાં ધાન્ય બસ છે કે નહિ તેનો વિચાર કરવાનો છે. આ દેશની વસ્તીનો ઘણો ભાગ ખેતીપરજ આધાર રાખેછે, તેથી જે ભાગમાં વરસાદ ઓછો વરસેછે તે ભાગના પુષ્કળ લોકો દુઃખ પામેછે અને ધાન્યની ખોટને લીધે અને તેથી નીપજતા રોગથી મોતના પંઝામાં સપડાવાનો સંભવ છે. તથાપિ સાધારણ વિચાર કરતાં ધાન્યવડેજ લોકોનો નિર્વાહ ચાલેછે એમ નથી; ખેડુતોના વાડામાં તથા નદીના પાણીથી ઘસડાઇ આવેલા કાદવની બનેલી જમીનમાં પુષ્કળ શાકભાજી થાયછે અને દુઝતાં જનાવરો હોયછે તેમનું દૂધ નીકળેછે તે ધાન્યની જોડે હોયછે. આ તો કેવળ વનસ્પતિથી ઉત્પન્ન થતું અનાજ ખાનારાને લાગુ પડેછે; દરિયા અને નદીઓને કાંઠે રહેનારા લોકોનું ગુજરાન ઘણે ભાગે માછલાંવડે ચાલેછે; માંસ ખાનારા લોકો પણ પુષ્કળ છે. થોડે ભાગે માંસ ખાનારા લોકો મૂકી દઇએ તો માંસવડે નિર્વાહ કરનારા લોકોની સંખ્યા તેર કરોડ છે. તેથી અન્નનો વિચાર કરવામાં

ધાન્યની જોડે શાકભાજી, દૂધ, અને માંસ હોયછે તેનો વિચાર કરવો જોઇએ. અન્નની જોઇએ તેવી હકીકત મળતી નથી; માત્ર એક એકરમાં અમુક પાક થાયછે એવું ઠરાવી તે પ્રમાણમાં દેશમાં કેટલું અન્ન ઉત્પન્ન થાયછે અને એક માણસના પોષણને માટે કેટલું અનાજ જોઇએ છે તેનો હિસાબ ગણી અમુક લોકોને અન્ન બસ થાય તેટલું છે અને અમુક લોકોને અન્ન મળતું નથી એવી ગણતરી કરવામાં આવેછે. તેના સંબંધમાં દર એકરે કેટલો પાક ઉતરે છે તેનું ખાતરી લાયક પ્રમાણ હજી ઠર્યું નથી તે ધ્યાનમાં રાખવું જોઇએ.

આખા દેશનો વિચાર કરતાં જે ધાન્ય ઉત્પન્ન થાય છે તે લોકોના ગુજરાનને માટે ઓછું છે એમ નથી; બધા ભાગોમાં તેની સરખી વહેંચણ થયેલી નહિ હોવાથીજ હરકત પડેછે. અગાઉ દેશમાં વ્યવહારના માર્ગો સારા નહોતા તેથી એકજ વેળાએ એક ભાગમાં સુકાળ અને બીજા ભાગમાં દુકાળ પડતો, અને તેનો અટકાવ થઈ શકતો નહિ. હમણા આગગાડી, રસ્તા, વગેરે સગવડ થવાથી જે ભાગમાં વરસાદ ઓછો વરસે છે તે ભાગની અને જે ભાગમાં વરસાદ પુષ્કળ વરસે છે તે ભાગની વચ્ચે બેશ વ્યવહાર રહેછે અને આખા દેશમાં ધાન્યની કીમત ઘણુંકરીને સરખી રહેછે. આખા દેશમાં એકી વખતે અનાવૃષ્ટિ હોતી નથી, શુમારે બે તૃતીયાંશ ભાગમાં સરખી સ્થિતિ હોય છે એવો અનુભવ થયો છે. હમણા એકાદ વરસમાં એકાદ ભાગમાં સૂકવણું પડેછે તો બીજા ભાગમાંથી માલ આવી અન્નની અડચણ તરતજ દૂર થાયછે.

રસ્તા અને ખેતીના માલની કીમત.—રસ્તા વધવાથી માલની અદલા બદલી પુષ્કળ થવા માંડી છે. સને ૧૮૮૦–૮૧ ના પ્રમાણમાં સને ૧૮૯૧–૯૨ માં આગગાડીના રસ્તામાં ૮૬ ટકા વધારો થયો હતો; એ રસ્તે બમણો માલ આવવા માંડયો છે અને ઉતારૂઓની સંખ્યા લગભગ અઢીગણી વધી છે. આગગાડીના અને બીજા રસ્તા વધવાથી જેમ પહેલાં એક ભાગમાં ધાન્ય બહુ સોંઘું મળતું અને એક ભાગમાં ઘણું મોઘું મળતું તેમ હવે થશે નહિં. હમણા આખા દેશમાં સરખો ભાવ થતો જાયછે અને તે એકંદરે વધતો જાયછે. સને ૧૮૬૧–૬૫ ને મુકાબલે વાયવ્ય પ્રાંતોમાં દોઢો ભાવ વધ્યો છે. સને ૧૮૫૮–૬૩ ના પ્રમાણમાં મધ્યપ્રાંતોમાં ચોખાની કીમત ત્રણ ગણી વધી છે. સને ૧૮૮૧–૮૨ પછી બ્રહ્મદેશમાં ચોખા બમણા મોઘા થયાછે; આસામમાં તેનો ભાવ ૪૦ ટકા અને બંગાળામાં ૬ થી ૨૦ ટકા લગી ચઢયો છે. વરાડમાં ધાન્યની કીમત દશ વરસમાંજ પોણા–બે ગણી થઇછે. મુંબાઈ ઇલાકાના જુદા જુદા પ્રાંતોમાં ભાવમાં ઘણોજ ફેર છે અને તેજ પ્રમાણે બંગાળામાં છે. એકંદરે આ પ્રાંતોમાં ભાવ વધ્યો છે. મદ્રાસ ઇલાકામાં ચોખાનો ભાવ ગયાં ચાળીસ વરસમાં લગભગ ૨ ૩/૪ ગણો થયો છે, અને જુવાર બાજરીની કીમત લગભગ બમણી થઇછે. ધાન્ય સિવાય પરદેશ મોકલવા સારૂ જે પદાર્થો તૈયાર કરવામાં આવેછે તેમનો ભાવ પણ વધ્યો છે. રૂનો ભાવ માત્ર ઓછો વત્તો થાયછે અને તે વધ્યો નથી.

પરદેશી માલની કીમત.—પરદેશી માલ આ દેશમાં આવે છે તેમાં પણ વધારો થયો છે. ગયાં બાર વરસમાં માલ આણવામાં પડતું ભાડું અને માલ તૈયાર કરવાની મજૂરી ઓછાં પડવા માંડયાથી એ માલ સસ્તો થયો છે. અગાઉ જે જણસો મોજશોકની માનવામાં આવતી હતી તે હવે અગત્યની લાગવા માંડી છે. પહેલાંની દેશી છત્રીઓને બદલે વિલાયતી છત્રીઓ, ઘાંચીના તેલને બદલે ખનિજ તેલ, માટીનાં વાસણોને બદલે ધાતુનાં વાસણો, અને શેરડી પીલવાના લાકડાના કોલુને બદલે લોઢાના કોલુ થયા છે. વિલાયતી કાપડનો ખપ બહુ વધ્યો છે અને વણવા માટે સૂતર પણ પુષ્કળ ખપે છે. શીવવાના સંચા તો ગામેગામ થયા છે. ચપ્પુ, કાતર, કાચના પ્યાલા, વગેરે જુદી જુદી તરેહના સામાનની દુકાનો પણ ઘણી વધી છે. સારી રીતે રહેવાની તરેહ વધારે પસંદ પડવાથી અથવા તે થકી પૈસાનો ફાયદો થવાથી એ સઘળું થયેલું હોવું જોઇએ; નહિ તો એડુ જેવા વંશપરંપરાથી ચાલી આવેલી રીતને અનુસરનારા લોકોમાં નવી રીત પેસત નહિ.

જમીનની કીમત.—પાકની કીમત વધી છે તેજ પ્રમાણે જમીનની કીમત પણ વધી છે. જમીનની કીમત તે ધારણ કરવાની પદ્ધતિ ચાલુ હોય છે તેપર ઘણે ભાગે આધાર રાખે છે. જમીનના માલિકોને જમીનનું જે ગણોત મળે છે તે પણ ઘણું વધ્યું છે. જમીનની યોગ્યતાની અને સરકારઆરાના માફકસરપણાની પરીક્ષા, કર નિયમસર આપવામાં

આવે છે તે પરથી પણ થાય છે. કરને માટે જમીનની હરાજી ભાગ્યેજ થાય છે. જમીનની કીમત વધવાથી તેપરનો પોતાનો હક્ક સ્થાપન કરી લેવા તરફ પણ માલિકોનું વલણ વધતું જાય છે. પહેલાં પારકા શત્રુઓથી સંરક્ષણ થવા માટે પોતાની થડમાંના લોકો જોડે હળી મળીને રહેવાની તેમને જેટલી જરૂર જણાતી હતી તેટલી હવે દેશમાં પૂરેપૂરી સલાહશાંતિ થવાથી લાગતી નથી; સ્વતંત્ર માલિકી થવાની ઈચ્છા બળવાન થતી જાય છે તેજ પ્રમાણમાં પહેલાંની ગ્રામ્ય વ્યવસ્થા પડી ભાગતી જાય છે. પાછળ જમીન ધારણ કરવાની પદ્ધતિ વિષે લખતી વખતે આ નવી મનોવૃત્તિના સંબંધમાં આપણે કહી ગયા છીએ. જમીન વહેંચી લેવાનો રિવાજ ઘણો વધી પડચાથી ખેડુતોની પાસે ઘણી થોડી જમીન રહે છે અને તે વડે તેમનું ગુજરાન થઈ શકતું નથી અને ભીખ માગવાનો વારો આવે છે અથવા ખેતીની મજૂરીનો ધંધો કરવો પડે છે.

રહેણી.—હવે લોકોની રહેવાની રીતિમાં સુધારો થયો છે કે નહિ તે આપણે જોઇએ. એ વિષે વિચાર કરવાનું કામ બહુ મુશ્કેલ છે, કારણ કે જે બાબતો પરથી અનુમાન કરવાનાં છે તેઓનો ખરો ભાવ સમજવો કઠણ છે. ઘરોપરથી કાંઈ દોલત જણાતી નથી. શહેર બહારના લોકોનો ઘણોખરો ધંધો બહારની મેર ઉઘાડામાં ચાલતો હોવાથી અને સારાં ઘરો બાંધવાનાં સાધનો વધારે નહિ હોવાથી ઘર બાંધવામાં ઓછો ખર્ચ થાય છે; અને શહેરમાંનાં

ધરો બાદ કરતાં બીજાં ધરો થડમાં ને થડમાંજ જે વસ્તુઓ મળે છે તેઓવડેજ બાંધવામાં આવે છે. સાધારણ રીતે ખેતી કરનારા લોકોમાં 'બાયડીઓના સંબંધમાં પડદેપોશ રહેવાનો વહીવટ હોવા સિવાય નોકરો રાખવાનો રિવાજ થોડો હોય છે, નોકરો રાખે છે તે ખેતીના કામ માટેજ રાખે છે; તેથી ઘર કામ માટે નોકરો રાખવાનો રિવાજ જોવામાં આવે તો તે પરથી દોલત વધી છે એવું અનુમાન કરવાને હરકત નથી. ખેડુતોની સાંપત્તિક સ્થિતિ સુધરી હશે તોપણ તેમની ખાવાપીવાની બાબતમાં ઝાઝો ફેર પડતો નથી. દુઝતાં જનાવરોની સંખ્યા વધી છે તેથી દૂધ, દહીં, વગેરે વધારે ખાવામાં આવતું હોવું જોઇએ. જે ભાગોમાં જુવાર અથવા બાજરી ખાવાનો રિવાજ છે તે ભાગોમાં હવે પુષ્કળ ચોખા ખાવામાં આવવા માંડ્યા છે. ઘી, ખાંડ, મસાલો, વગેરે પણ હવે ઘણાં ખપે છે; છેક ગરીબ લોકોને બાદ કરતાં બાકીના લોકોનાં ઘરમાં હવે તાંબાપીતળનાં વાસણો વધારે જોવામાં આવે છે. સૂતરાઉ અને ઊનનાં લુગડાં પરદેશથી પુષ્કળ આવે છે અને ફ્લાનલ જેવું ઊંચું કાપડ ગામડાંની દુકાનોમાં પણ હવે જોવામાં આવે છે. વળી પરદેશથી આવેલી મોજશોકની વસ્તુઓનો પણ લોકોમાં ઘણો પ્રસાર થયો છે. અગાઉ કરતાં હમણા સોનારૂપાનાં ઘરેણાં પણ પુષ્કળ જોવામાં આવે છે. લોકોમાં વધારે ખર્ચ કરવાની શક્તિ વધી છે તેનો પ્રત્યક્ષ દાખલો રેલવેમાં ત્રીજા વર્ગના ઉતારૂઓની સંખ્યા વધતી જાય છે તે છે.

કમાઈ.—હવે માણુસદીઠ સાધારણ કમાઈ કેટલી છે તે આપણે જોઇએ. એના સંબંધમાં પહેલેથીજ કહેવું જોઇએ કે એની ખરેખરી હકીકત મળતી નથી; આસપાસની હકીકત પરથીજ અનુમાન કરવું પડે છે. સાધારણ વિચાર કરતાં વસ્તીનો અને જનાવરોનો વધારો થતો જાય છે, વાવેતર જમીન અને પાક વધતાં જાય છે, અને પરદેશમાં ખપ હોવાથી નવા અને કિફાયતના પાક વધારે કરવામાં આવે છે. પહેલાં જે વસ્તુઓ મોજશોકને માટે વાપરવામાં આવતી હતી તે હવે અવશ્યની થઇ પડી છે. એ સઘળી બાબતો પરથી ખેડુતોને પૂરતી કમાઈ છે અને તેમની સ્થિતિ દિવસે દિવસે સુધરતી જાય છે એવું અનુમાન કરવામાં હરકત નથી. આ તો સામાન્ય વિચાર થયો. અમુક ભાગોના સંબંધમાં વિચાર કરતાં પટના અને લખનૌની વચ્ચેના ભાગમાં અને જમના નદીની ખીણના દક્ષિણ અને પશ્ચિમ ભાગમાં જમીનના પ્રમાણમાં વસ્તી વધારે હોવાથી, તથા દક્ષિણ અને પશ્ચિમ કિનારાના કેટલાક ભાગોમાં વરસાદ અનિશ્ચિત હોવાથી ઉપર કહી ગયા તેવી લોકોની સ્થિતિ સારી નથી. બિહાર પ્રાંતના અને સમુદ્રના કિનારાપરના પ્રદેશના લોકોની સ્થિતિ સૌથી વધારે ખરાબ છે. બીજા ભાગોમાં એકાદ સાલમાં પાક ઓછો ઉતરે છે તો લોકોને અડચણ ન પડતાં નિભાવ કરી લેવામાં આવે છે. ઘણી ઘાડી વસ્તીવાળા ભાગમાં કેટલાક લોકોનું ગુજરાન કેટલાક મહીના લગી મહા કથાવટે ચાલે છે. જંગલી લોકો બે પાક-

નો વચગાળાના વખતમાં હમેશ જંગલની ઉપજવડે પોતાનો નિર્વાહ કરે છે.

ખરચાળપણું અને દીવાની દાવા.—અત્યાર લગી આપણે ખર્ચની બે બાબતો એટલે દીવાની દાવા અને લગ્ન વગેરેના સમારંભના સંબંધમાં કાંઇ પણ કહ્યું નથી. જે ઠેકાણે જમીનનો વહીવટ એકઠો કરવામાં આવે છે અથવા માલિકો કનેથી ખેડુતો જમીન ખેડવા રાખે છે તે ઠેકાણે દીવાની દાવા વધારે જોવામાં આવે છે; બીજા પ્રાંતોમાં તેટલા જોવામાં આવતા નથી. લગ્ન વગેરેનાં ટાણાંમાં વધારે ખર્ચ કરવાનો રિવાજ બધે ઠેકાણે છે. તે ખર્ચથી પરણેલાં વરવહુને ફાયદો થાય છે એમ નહિ, પણ લોકોમાં પોતાની મોટાઇ વધે એટલોજ તે ખર્ચ કરવાનો હેતુ હોય છે. ખેડુતોની કંગાળ હાલતનાં જે કારણો છે તેઓમાંનું મુખ્ય કારણ એ ખર્ચ છે.

દેવાદારપણું.—આ દેશના બધા ખેડુતો કરજદાર છે એમ નથી. જે ભાગમાં વરસાદ નિયમસર વરસતો નથી તે ભાગમાં કોઇ ખરાબ વરસમાં થવાના પાકપર આપવાની બોલી કરીને કરજ કરવાની શરૂઆત થાય છે; પછીનો પાક સારો આવ્યો તો ઠીક, તેને ધોકો પહોચ્યો કે કરજ આપવાનાં સાંસાં પડ્યાંજ. એવા ભાગમાં તેવા વરસમાં કર લેવાનું મોકુફ કર્યાથી ખેડુતોને સરકારનો કર ભરવા માટે દેવું કરવું પડતું નથી. જમીનના કરના બોજાને લીધે લોકો દેવાદાર થાય છે એ સંભવિત લાગતું નથી. જે ભાગમાં

વરસાદ અનિશ્ચિત વરસે છે તે ભાગમાં સરકારનો કર ભારે પડે છે એવું કહીએ તો ચાલે, પરંતુ બીજા રસાળ ભાગમાં કરનો બોજો ભારે છે અથવા તેને લીધે ખેડુતોને કરજ કરવું પડે છે એમ કહી શકાય નહિ. જે ભાગોમાં વરસાદ ઓછો વરસે છે તે ભાગોમાંજ ખેડુતો દેવાદાર છે અને જે ભાગોમાં જમીન રસાળ છે તે ભાગોમાં ખેડુતો કરજથી મુક્ત છે એમ નથી. ખેડુ વર્ગમાં ઓછા વત્તા પ્રમાણમાં દેવાદારપણું સાધારણ રીતે બધે છે. ખેડુતો નાદાર થયા છે અથવા કેવળ લાચાર થયા છે એવો માત્ર એનો અર્થ લેવાનો નથી; કોઈ દુકાનમાં ચાલુ ખાતું રાખવું અને તેમાં ખાતેદારની કને વધારે બાકી રહે તેના જેવું એ છે. ઈંગ્રેજી અમલ થયો તે પહેલાંથીજ ખેડુતોને કરજ કરવાની ટેવ હતીજ, તે ઈંગ્રેજ સરકારે પાડી છે એમ નથી. હાલની કારકીર્દીમાં જમીનની કીમત અને ખેડુતોની શાખ બંને વધી છે. પહેલાં જમીનપર બહુજ થોડા ખેડુતોની માલિકી હતી અને તે વેચી દેવામાં ઘણી અડચણ પડતી; હમણા ખેડુતો જમીનપરનો હક્ક બીજાને વેચી શકે છે, અને તે તેમના મુઆ પછી તેમના વારસોને મળે છે; પહેલાં પાકની વ્યવસ્થા તેને તેજ ઠેકાણે કરવી પડતી, હમણા નજરમાં આવે તે ઠેકાણે મોકલીને ખપાવવામાં આવે છે, તેથી ખેતીના માલની કીમત વધી છે. એ સઘળાં કારણોથી જમીનની કીમત વધી છે અને તેપર શાહુકારો પહેલાં કરતાં વધારે રકમ ધીરે છે. જમીનની કીમત અને ખેડુતોની શાખ વધ્યાથી કરજ કરવાની અગાઉની ટેવ ગઇ નથી, ઉલટી

જમીનની માલિકી જેમ જેમ મજબૂત થતી ગઈ તેમ તેમ દેવું કરવાનો રિવાજ વધતો ગયો. જમીનના માલિકોના સંબંધમાં એ પ્રમાણે છે; . ખેડુતોની શાખ તો પાકપરજ હોય છે, અને તે ઘણીવાર છેક નબળો હોય છે, અને તેમની બધી મહેનતનું ફળ શાહુકારનું દેવું આપવામાં જાય છે.

જમીનની માલિકી અને કીમત તથા તેના માલિકની શાખ વધ્યાથી ખેડુતોને ફાયદો થયો છે; તે પ્રમાણે તેમાં શાહુકારોનો પગપેસારો પણ મજબૂત થયો છે. પાછલી કારકીર્દીમાં દેવા પેટે શાહુકારોને જમીન મળતી નહિ, કારણ કે તેપરનો ખેડુતોનો હક્ક પરિમિત હતો. હમણા જમીનની માલિકી કાયમ થવાથી દીવાની અદાલતોનાં હુકમનામાં અને દસ્તાવેજોની રૂએ તે શાહુકારોના ઘરમાં જાય એવી સગવડ થઇ છે. પંજાબ, મધ્યપ્રાંતો, દક્ષિણપ્રાંત, અને ઝાંસી જિલ્લામાં ખેડુતોની કનેથી શાહુકારોના તાબામાં જમીન ગયાથી રાજ્યકર્ત્તાને કેટલીક વાર બહુ અડચણ પડતી. શાહુકારોનો પગપેસારો અને માલિકોના હાથમાંથી જમીનનું જવું એ બે બાબતો વધી જશે તો સ્થિતિ ખરાબ થશે. ઉત્સાહી અને કેળવાયલા ખેડુતો કને જમીન ગયાથી સ્થિતિ ખરાબ થશે એવું કહી શકાય નહિ, પરંતુ જે પ્રાંતોમાં પુષ્કળ જમીન એકજ માલિકની પાસે છે તે પ્રાંતોના લોકોની સ્થિતિ જોતાં શ્રીમંત લોકોની કને જમીન ગયાથી ફાયદો થાય છે એવું જણાતું નથી; કારણ કે એક તો તે જમીદાર વજીફો છોડી બહાર રહે છે અને જ-

મીનની ઉપજ બીજે ઠેકાણે ખરચે છે, અથવા વજીફામાં રહી ઉડાઉપણે ખર્ચ કરી કરજ કરેછે અને વજીફાપર કરજનો બોજો વધારે છે. પહેલા પ્રકારનાં ઉદાહરણો બંગાળાના અને મદ્રાસના જમીનદારો છે અને બીજા પ્રકારનાં ઉદાહરણો અયોધ્યા અને ગુજરાતના તાલુકદારો છે. એ તાલુકદારોની સ્થિતિ એવી તો ખરાબ થઈ કે તેમની જમીનના રક્ષણને માટે ખાસ કાયદો કરવો પડયો. ઝાંસી પ્રાંતમાં અને મહારાષ્ટ્રમાં જમીનના માલિકોની ખરાબ સ્થિતિ થવાનાં કેટલાંક વિશેષ કારણો પણ બન્યાં હતાં. સાધારણ રીતે જે ઠેકાણે પરદેશ જતો પાક વધારે થાય છે તે ઠેકાણે જમીનની કીમત વધી છે અને જમીનની માલિકીમાં ફેરફાર થયો છે. બીજા પ્રાંતોમાં આ પ્રકાર સાધારણ નથી, જમીન ધારણ કરનારા શાહુકારોની સંખ્યા દેશી સંસ્થાનો કરતાં ઇંગ્રેજી મૂલકમાં જાદે વધી છે એવું ગઈ વસ્તીની ગણતરી વખતે જણાઈ આવ્યું હતું.

ખેડુતોની સ્થિતિ સુધારવા માટે ખાસ કાયદા.—ખેડુતોની સ્થિતિ સુધારવા માટે ખાસ કાયદા થયા છે તેઓમાં દક્ષિણના ખેડુતોની સ્થિતિ સુધારવાનો કાયદો વધારે મહત્વનો છે. એ સઘળા કાયદાથી ખેડુતોનો કરજમાંથી પૂરેપૂરો છૂટકારો થયો નથી, તોપણ તેમને ઘણો ફાયદો થયો છે. એ કાયદા પંજાબ અને મધ્યપ્રાંતોમાં લાગુ પાડવા એવું કેટલાક કહે છે. ખેડુતોને જમીન ઘરેણે મૂકવાની અથવા વેચવાની છૂટ છે તે કહાડી નાંખવાની પણ કેટલાક લોકો સૂચના કરે છે. કુર્ગ અને વાયવ્યપ્રાંતોમાં એ

પ્રમાણે કાંઇક વહીવટ ચાલવા માંડયા છે અને તેનું કેવું પરિણામ થાય છે તે સરકાર જુએ છે.

મજૂરો.—અત્યાર લગી આપણે મુખ્યત્વે ખેડુતોની સ્થિતિનો વિચાર કર્યો. હવે મજૂરોના સંબંધમાં જોતાં તેમની સ્થિતિ બહુ સુધરી છે એવું જણાય છે. ધાન્યનો ભાવ વધ્યાથી તેમને નુકસાન થયું નથી, કારણ કે જેઓ ખેતીની મજૂરી કરેછે તેમને મજૂરી બદલ અનાજ મળેછે. શહેરોમાં માત્ર મજૂરી પેટે પૈસા આપવામાં આવેછે અને ત્યાં મજૂરીનો દર વધ્યો છે. રેલવે, કારખાનાં, બાંધકામો, વગેરે વધ્યાં છે, અને તેથી મજૂરીવડે ગુજરાન ચલાવનારા લોકોને ઘણી મદદ મળે છે.

કારીગરો અને ધંધાદાર લોકો.—હવે બીજા કારીગરો વિષે વિચાર કરવાનો છે. સૂતારો અને લુહારોની સ્થિતિમાં ઝાઝો ફેર પડયો નથી. ધાતુનાં વાસણો વધારે થવાથી કુંભારના ધંધાને કાંઇક ધોકો લાગ્યો હશે, તોપણ ઘરો માટે પહેલાં કરતાં વધારે ઇંટો અને નળીઆંનો ખપ થયાથી તેમને પણ કાંઇક બદલો મળેછે. પરદેશી કેરોસીન તેલને લીધે ઘાંચીના ધંધાની પડતી દશા થઈ છે; એ લોકોનાં ખેતરો હોયછે અને તે તેઓ ખેડેછે અથવા પરદેશ મોકલવા માટે તેલિયાં બીઆં એકઠાં કરી આપે છે. સાળવીઓ (વણકરો)ની માઠી દશા થઇછે. તેમનો ધંધો પરદેશી કાપડનો પ્રસાર થવાથી પડતી હાલતમાં આવ્યો છે. એ સ્થિતિ આજનીજ નથી. હમણા એ લોકો પરદેશી સૂતર લેઇ

પુષ્કળ માલ તૈયાર કરે છે અને લોકોમાં તે કાપડનો ખપ અને શોક છે. તેમને હમણાનો સમય બહુ બારીક છે.

બીજા ધંધાર્થી લોકોમાં વેપારીઓ અને શાહુકારોથી ઉતરતી કમાઇનો ધંધો વકીલનો છે. ભણેલા લોકોને વિદ્યાને લગતા ધંધા સિવાય બીજો ધંધો સૂઝતો નથી; તેથી વકીલાતમાં અને નોકરીમાં લોકોની ભીડ થયેલી છે. ઉપલા વર્ગના લોકો હાલના વૈદ્યકના ધંધામાં ઓછા દાખલ થાય છે. દાક્તરોનો ધંધો શહેરોમાં ઠીક ચાલે છે અને તેમનું ઉપયોગીપણું લોકો વધારે સમજવા લાગ્યા છે. ઇજનેરી જ્ઞાનવાળા લોકોનું ગુજરાન રેલવે, કારખાનાં, અને સરકારી બાંધકામોવડેજ ચાલેછે. એ સિવાય બિન પગારી ધંધાદારી લોકો ભિક્ષુકો છે તેમની સ્થિતિ મોઘવારીને લીધે યજમાનોનું દાન આપવાનું વળણ જે પ્રમાણમાં ઓછું થયું હશે તે પ્રમાણમાં નબળી થયેલી હોવી જોઇએ. પગારદાર અને નિયમિત કમાઇવાળા લોકોનો વિચાર કરતાં મોઘવારીને લીધે દેશીઓને અને રૂપિઆનો ભાવ ઉતરવાથી યૂરોપીઓને નુકસાન થયું છે. નોકરીને માટે તૈયાર થનારા લોકોની સંખ્યા ઘણી વધી છે.

આપણે લોકોની સ્થિતિને લગતી સામાન્ય બાબતોનું ટુંકામાં વર્ણન કર્યું; હવે પ્રાંતવાર વર્ણન કરવાનું છે તે પણ બહુ ટુંકામાં કરીશું.

पंजाब प्रांत.—પંજાબ પ્રાંતમાં જુદી જુદી ઋતુઓમાં હવામાં બહુ ફેરફાર થાયછે તેથી લોકોને ખાવા પીવાને

અન્ન પાણી, રહેવાને ઘર, અને પહેરવાને લુગડાં સારાં હોવાની જરૂર પડેછે. એ ઈલાકામાં પાંચ છ મોટાં શહેરો છે અને તેઓમાં કુલ વસ્તીના સેંકડે સાડા–અગીઆર માણસ રહેછે. શહેરની બહાર રહેનારા લોકો બહુધા ખેતીવડે નિર્વાહ કરે છે. સને ૧૮૯૧–૯૨ ની પહેલાંનાં દશ વરસમાં બાવીસ લાખ એકર જમીનમાં નવું વાવેતર થયું હતું. નહેરો થવાથી બાગાયત જમીન વધીછે. નહેરો વધતી જશે તેમ પડતર જમીનમાં વાવેતર થતું જશે. બે પાક કરવાનો રિવાજ પણ વધ્યોછે. બાગાયતથી પાક વધારે થાયછે એટલુંજ નહિ, પણ સારો કીમતી માલ પણ કરી શકાય છે. એ ઈલાકામાં અતિ મહત્વનો પાક ગહૂંનો છે. પુષ્કળ ગહૂં પરદેશ મોકલવામાં આવેછે, તોપણ જે સાલમાં ઓછો પાક થાયછે તે સાલ બાદ કરતાં બીજી સાલોમાં એ પ્રાંતમાં પૂરતું ધાન્ય રહેછે. શુમારે ⅓ જમીનમાં બાગાયત પાક થવાથી બિલકુલ પાક થતો નથી એમ બનતું નથી. હમણા દશ બાર વરસથી રેલવે બમણી વધીછે અને બીજા રસ્તા પણ વધ્યા છે, તેથી ખેતીનો માલ ખપવાની સારી સગવડ થઈ છે. હમણા ખેડુતો પંડે ધાન્ય બજારમાં લઈ જઇને વેચેછે. એકંદરે ખેડુતોની કમાઈ ઠીક વધી છે.

कर अने खेडुतो—હમણા કરના ઠરાવમાં ફેરફાર થવાથી કરનો વધારો શુમારે ૮⅙ ટકા થયો છે. કેળવણી, રસ્તા, સફાઇ, અને ગામ નોકરોના પગારને માટે જે સ્થાનિક કરો છે તે વધ્યા છે. તેમનો આકાર કરની રકમના સંબંધમાં

શુમારે ૧૧ ટકા લગી છે. જમીન પૈકી ૫૪ ટકા જમીનની ખેતી માલિકો તરફથીજ થાય છે, અને બાકીની ૪૬ ટકા જમીન ખેડુતોના કબજામાં છે. ખેડુતોની સ્થિતિ સને ૧૮૮૭ ના કાયદાથી સુધરી છે. ખેડુતો અને માલિકોની વચ્ચે સારી સલુકાઈ છે.

દેવાદારપણું.—કરજના સંબંધમાં ખેડુતોની સ્થિતિ સારી નથી. તેમને દેવું કરવું બહુ ગમે છે. જમીન વેચવાની સત્તા હોવાથી શાહુકારો પોતાના તાબામાં જમીન લેવાની વધારે કાળજી રાખે છે, તેથી જમીન શાહુકારોના હાથમાં જતી શી રીતે અટકે તે વિષે સ્થાનિક સરકાર વિચાર કરે છે. ચિનાબની નહેરના સંબંધની જમીન આપતી વખતે સરકારે તે ઘરેણે મૂકવાની કે વેચવાની સત્તા આપી નથી તેથી તેનુ કેવું પરિણામ આવે છે તે હજુ જોવાનું છે. દક્ષિણના ખેડુ-તોને માટે જેવો કાયદો કર્યો છે તેવો કાયદો કરવાની પણ સૂચના થઈ છે. શુમારે ૬ થી ૮ ટકા જમીન માલિકો ક-નેથી જમીનની ખેડ જાતે નહિ કરનારા લોકો કને ગઇ છે એ ઠીક થયું નથી.

અનાજની કીમત.—દશ બાર વરસથી ધાન્યની કીમત શુમારે ત્રીસ ટકા વધી છે તેથી પગારવડે અથવા બાંધેલા વર્ષાશનવડે ગુજરાન ચલાવનારા લોકોને આપદા પડેછે.

મજૂરો અને ધંધાર્થી લોકો.—ખેતીની મજૂરી કરનારા તથા ગામના કારીગરોને મહેનતને પેટે ધાન્યજ મળે છે.

સાળવીઓનો ધંધો પડી ભાગતો જાય છે એવું કહે છે, તો-પણ તે લોકો કારખાનાનું સૂતર લેઇ વણે છે, અને તે કાપડનો પણ ઘણો ખપ થાય છે. ઊનનું કાપડ પણ પહેલાં કરતાં હમણા વધારે સારૂં બને છે અને તેનો ખપ પણ ઉપલા વર્ગના લોકોમાં બેશ થાય છે. સૂતારો અને લુહારોનો ધંધો ઠીક ચાલેછે. ઢેડ અને ચમાર લોકો પરદેશ મોકલવા માટે ચામડાં તૈયાર કરેછે અને તેથી તેમને સારો ફાયદો થાયછે. સામટે મેળે જોતાં ખાવા પીવાની બાબતમાં સુધારો કરવામાં વધારે પૈસા ન ખરચતાં વાસણો ખરીદ કરવામાં, બાયડીઓને ઘરેણાં કરાવવામાં, તથા લગ્નમાં ઉડાઉપણે ખર્ચ કરવામાં લોકો વધારે પૈસા વાપરેછે.

વાયવ્યપ્રાંતો અને અયોધ્યા.—આ બંને પ્રાંતોમાં હવા અને વરસાદની બાબતમાં ફેર છે. અયોધ્યામાં અને વાયવ્ય પ્રાંતોમાંના હિમાલયની તળેટી માંહેલા બે જિલ્લામાં વરસાદ નિયમસર વરસેછે. બાકીના ભાગમાં તેનું પ્રમાણ બહુ અનિયમિત છે; તેની અસર વસ્તીના વધારાપર પણ જોવામાં આવેછે. જે ભાગમાં વરસાદ ઠીક વરસે છે તે ભાગમાં, તે બરાબર વરસતો નથી એવા ભાગ કરતાં વસ્તી વધારે પ્રમાણમાં વધેલી જોવામાં આવેછે. આ પ્રાંતોમાં ખેડુતો અને ખેતીવડે ગુજરાન ચલાવનારા મજૂરો વગેરે લોકો એકંદર વસ્તીના $\frac{3}{4}$ છે.

खेतीनी वृद्धि.—એ બંને પ્રાંતોમાં નવી જમીનમાં ઝાઝું વાવેતર થયું નથી, તોપણ જમીનમાં બબે ત્રણ ત્રણ

પાક કરવાનો રિવાજ બહુ વધ્યો છે. એ રિવાજ વધવાનું કારણ અનાજ અને શેરડીના પાકનો સારો ભાવ ઉપજે છે તે છે. ધાન્યના પાક પહેલાં કરતાં હમણા વધારે જમીનમાં કરવામાં આવે છે. જે જમીનમાં બીજી જાતના પાક કરવામાં આવે છે તેનું પ્રમાણ થોડુંક ઘટ્યું છે. એનું મુખ્ય કારણ એ છે કે કપાસ અને ગળીનું વાવેતર ઓછું કરવામાં આવે છે. વરસાદ સારો વરસવાથી ચોખા અને શેરડીનું વાવેતર વધારે થાય છે. છેલ્લાં દશ વરસમાં બાગાયત જમીનનો પુષ્કળ વધારો થયો છે.

ધાન્યનો સંગ્રહ.—આ પ્રાંતોના લોકોને પૂરતું ધાન્ય છે કે નહિ તેનો વિચાર કરવાથી જણાય છે કે સારો પાક થાય છે તેવારે એ પ્રાંતોમાં નીપજતું ધાન્ય લોકોને બસ થઇ થોડુંક વધે છે. સારો પાક થાય છે ત્યારે છ લાખ ટન ધાન્ય શિલકમાં રહે છે, એવો ફામીન કમિશને અડસટ્ટો કર્યો હતો; તેથી હમણાની વસ્તીની વૃદ્ધિનું પ્રમાણ જોતાં હવે તેનું નીમે ધાન્ય શિલકમાં રહેશે એવું જણાય છે.

રસ્તા અને માલ લેઇજવા અને લાવવાની સગવડ.—એ પ્રાંતોમાં ગયાં દશ વરસમાં રેલવે પહેલાં કરતાં બમણી થઇ છે. બીજા રસ્તા પણ સારી સ્થિતિમાં છે. સને ૧૮૮૧-૮૨ નું પ્રમાણ જોતાં રેલવેની માર્ફત જતા માલનું વજન દોઢું અને કીમત સવાઈ વધ્યાં છે. નેપાળ અને ટિબેટ જોડે ચાલતો વેપાર ઘણો વધ્યો છે. રેલવેના ઉતારૂઓની સંખ્યા લગભગ બમણી થઇ છે.

ખેતીના માલની કીમત—મુસાફરીની સગવડ બેશ થવાથી આ પ્રાંતોમાં ધાન્યની કીમતમાં પહેલાંની પેઠે વધઘટ થતી નથી. સને ૧૮૬૧ ના પ્રમાણમાં હમણા ધાન્યની કીમત સેંકડે ૩૭ ટકા અને સને ૧૮૮૦ ના પ્રમાણમાં ૨૫ ટકા વધી છે.

જમીનનો કર—ભીજનનો કર અને બીજા કર મળી માણસદીઠ રૂ ૧-૮-૦ આવે છે અને એ કરના પ્રમાણમાં વાવેતરના દર એકરે રૂ૧-૧૫-૬ આવે છે. કર વસૂલ કરવાના સંબંધમાં પહેલાં કરતાં હમણા વધારે સખ્તાઈ કરવી પડે છે. એનું કારણ પહેલાં કરની જવાબદારી સર્વેની એકઠી હતી તે બંધ પડી પૃથક પૃથક થતી જાય છે તે હોવું જોઇએ.

જમીન ખેડનારા ખેડુતોની સ્થિતિ.—આ પ્રાંતોમાં જમીન ખેડવા માટે ખેડુતોની પડાપડી થાય છે. એ પડાપડી એટલી વધી ગઈ છે કે કોઇ ખેડુત નિયમસર કર ભરે છે ત્યાં લગી કેટલીક મુદ્દતતો જમીન તેની કને કાયમ રાખવાને સરકારને ગોઠવણ કરવી પડી છે. સને૧૮૯૧-૯૨ માં મૂલ માલિકોની પાસે સેંકડે ૨૩ ટકા, હક્કદાર ખેડુતો કને ૩૬ ટકા, અને સાંથિયા કને ૩૦ ટકા જમીન ખેડાણમાં હતી. અયોધ્યામાં વહીવટપરથી ખેડુતોનો હક્ક નહોતો, તેથી તેમના રક્ષણને માટે સને ૧૮૮૬ માં કાયદો કર્યો હતો એવું આપણે પાછળ જમીનની મહેસૂલ વિષેના ભાગમાં કહી

ગયા છીએ. (પૃષ્ઠ ૩૦૨). આ પ્રાંતમાં સને ૧૮૯૧-૯૨માં માલિકો કને સેંકડે ૧૧ ટકા, હક્કદાર ખેડુતો કને ૭ ટકા, અને નવા કાયદાથી જે ખેડુતોને હક્ક મળ્યોછે તેમની કને ૮૨ ટકા જમીન ખેડાણમાં હતી.

રહેવાની રીત.—ખાવા પીવાની તથા પહેરવા ઓઢવાની બાબતમાં ખેડુતોની સ્થિતિ સુધરી છે, અને જમીનના માલિકો લુચ્ચાઈ કરે છે તો તેમની સામે પોતાનો હક્ક સ્થાપન કરવાનું તેમનામાં વધારે સામર્થ્ય આવ્યું છે. મીઠું, પીતળનાં વાસણો, અને કેરોસીન તેલ સોંઘાં થયાંછે, અને તેઓનો ઉપયોગ વધારે કરવામાં આવે છે. પહેલાં કરતાં હમણા ઘરો સારાં છે.

દેવાદારપણું.—આ પ્રાંતોના ખેડુતો ઘણુંકરીને દેવાદાર છે. જમીનદારોની એવી સ્થિતિ થવાનું કારણ દીવાની દાવા અને ઉડાઉપણું છે. નીચલા વર્ગના ખેડુતોને કરજ થવાનાં કારણો વરસાદની તાણ, લગ્નમાં ઉડાઉપણું, બાપદાદાનું કરજ પોતાને માથે લેવું, અને શાહુકારોના હાથમાં ધાન્યનો વેપાર હોવો એ છે. સરકારે હપતા ભરવાની સગવડ કરી આપ્યાથી પહેલા કારણનો ત્રાસ ઓછો થયોછે. પરંતુ બીજા અને ત્રીજા કારણનો વિચાર કરવો સરકારના અધિકારની બહાર છે. પરદેશી વેપાર વધવાથી, ધાન્યનાં બજાર સગવડ પડતે ઠેકાણે થવાથી, અને રેલવે વધવાથી ચોથા કારણનું પરિણામ ઓછું થતું જશે. એકંદરે કરજનો બોજો ઝાઝો પડતો નથી.

કારીગરો અને ધંધાર્થી લોકો.—ધાન્યનો ભાવ વધવાથી ખેડુતોને જેમ ફાયદો થયો છે તેમ બીજા વર્ગોને નુકસાન થયું છે. એથી નિયમિત કમાઇવડે નિર્વાહ કરનારા લોકોની સ્થિતિ ખરાબ થઇ છે. એકંદરે કારીગરોની સ્થિતિ સુધરી છે. સૂતાર, લુહાર, અને કડીઆને પહેલાં કરતાં હમણા વધારે કામ મળે છે. વચગાળામાં સાળવીઓની સ્થિતિ ખરાબ હતી, પરંતુ હમણા કાનપુર વગેરે શહેરોનાં કારખાનાંનું સૂતર મળવા માંડ્યાથી અને તેમણે વણેલા કાપડનો ખપ થવાથી તેમની સ્થિતિ સુધરી છે. સોનીઓની સ્થિતિ સુધરેલી છે. મજૂરોને પબ્લિકવર્કસનાં કામો, કાનપુરમાંનાં ચામડાંના તથા રૂના કારખાનાંમાં અને રેલવે માર્ફત ચાલતા અનાજના વેપારમાં પુષ્કળ કામ મળે છે. તેમની મજૂરીનો દર સાધારણ રીતે દોઢો વધ્યો છે અને કારીગરોના દર કરતાં પણ વધ્યો છે. અનાજ મોંઘું થવાથી એ લોકોની સ્થિતિમાં જેવો ફેર પડ્યો હતો તેવો મજૂરીનો દર વધવાથી પડ્યો નથી.

બંગાળા.—આ ઇલાકામાં વરસાદ ઘણો નિયમસર અને સઘળા ભાગમાં સરખો વરસે છે, બિહાર પ્રાંતના દક્ષિણ ભાગમાં માત્ર વરસાદ ઓછો વરસે છે. ડુંગરી ભાગ અને કલકત્તા શહેર બાદ કરતાં બાકીના ભાગોમાં જેવી ઘાડી વસ્તી છે તેવી આ ઇલાકાના બીજા કોઇ પણ ભાગમાં નથી. ડુંગરી ભાગમાં મેલે ૧૨૨ માણસની વસ્તી છે, અને શહેરો બાદ કરતાં બાકીના પ્રાંતોમાં અતિશય ઘાડી વસ્તી સરણુ

જિલ્લામાં છે. તેમાં મૈલે ૯૩૦ માણુસ છે. સને ૧૮૯૧ ના વસ્તીપત્રકની પહેલાંનાં દશ વરસમાં શહેરોમાં વસ્તી સેંકડે ૭ અને બહારના ભાગોમાં ૯ ટકા વધી હતી.

ખેતી.—ખેડુતો અને ખેતીની મજૂરી કરનારા લોકો સેંકડે શુમારે ૭૦ છે. કેટલી જમીનમાં વાવેતર થાય છે અને કેટલી જમીન ખેડવા લાયક છે તે વિષે ખેતીના ભાગમાં આપણે કહી ગયા છીએ. આ ઈલાકામાં પુષ્કળ જમીનની સ્થાયી જમાબંદી ઠરાવેલી હોવાથી બીજા પ્રાંતોમાં ખેતીની બરાબર હકીકત મળે છે તેવી આ ઈલાકાની મળતી નથી. બંગાળાની પૂર્વ તરફના ભાગમાં, બિહારના ઉત્તર તરફના એક જિલ્લામાં, અને દરિયા કિનારાના ભાગમાં થોડી ખેડવા લાયક જમીન હજુ છે. આ ઇલાકાના કેટલાક ભાગમાં નદીઓનો પ્રવાહ ફર્યાથી તથા નહેરો થવાથી જમીનમાં પાણી મચી રહી હવા ખરાબ થઈ છે, અને તેથી બે જિલ્લામાં વસ્તી પણ ઓછી થઈ છે.

જમીન ધારણ કરવાની પદ્ધતિ અને કર.—આ ઇલાકામાં જમીનનો કર ઘણોજ હલકો છે. તે માણસદીઠ રૂ ૦-૯-૮ અને દર એકરે રૂ૦-૮-૮ આવે છે. જે ભાગમાં સ્થાયી જમાબંદી ઠરાવેલી છે તે ભાગમાં સને ૧૮૮૧-૮૨ માં જમીનની મહેસૂલથી સરકારને ૩ કરોડ પર લાખ રૂપિઆ વસૂલ આવ્યા હતા અને સને ૧૮૯૧-૯૨ માં ૩ કરોડ ૪૯ લાખ રૂપિઆ વસૂલ આવ્યા હતા. જમીનની મહેસૂલ સિવાય બીજા કરોની ઉપજ હમણા વધી છે. જ-

મીનનો કર અને જમીનના બીજા કરોની ઉપજ સને ૧૮૮૧-૮૨ માં ૩ કરોડ ૭૮ લાખ રૂપિઆ આવી હતી અને સને ૧૮૯૧-૯૨ માં ૩ કરોડ ૮૧ લાખ રૂપિઆ આવી હતી. જમીનના માલિકો ખેડુતો કને ગણોત લે છે તે જુદા જુદા પ્રાંતોમાં ઓછુંવધતું હોય છે, તોપણ સાધારણ રીતે પૂર્વ ભણીના ભાગમાંની જમીનના માલિકો દુરજ રહે છે અને ત્યાંના ખેડુતો એવા હોશિયાર છે કે તેઓ પોતા પરજમીનદારોનો કાબુ થવા દેતા નથી. બરદ્વાન જિલ્લામાં કરનો વધારો છે. બિહાર પ્રાંતમાં ખેડુતો અને પેટા ખેડુતોમાં જમીન વહેંચાઈ ગયાથી તે ખેડવાને મળવામાં અડચણ પડે છે; તેથી ગણોત ઘણું વધેલું હોઈ એકંદરે ખેડુતોની સ્થિતિ ખરાબ થઈ છે. ઓરિસા અને છોટાનાગપુરમાં કેટલીક જમીનનાં કરનો દર કાયમનો ઠરેલો છે. એ ભાગમાં ખેડુતોની અને જમીનના માલિકોની વચ્ચે બનાવ નથી.

રસ્તા, વગેરે.—આ ઇલાકામાં રસ્તા વગેરે પુષ્કળ વધ્યા છે. મોટી નદીઓમાં પહેલાં કરતાં વધારે આગબોટો ચાલે છે. ગયાં દશ વરસમાં રેલવેની લંબાઇ બમણી થઇ છે. નહેરોમાં થઇ પુષ્કળ માલ લેઇ જવા તથા લાવવામાં આવે છે. એમ વ્યવહારની બેશ સોઇ થવાથી બધા પ્રાંતોમાં ધાન્યની કીમત સરખી થઈ છે, અને તે અગાઉ કરતાં વધી છે.

આ ઈલાકાના સંબંધમાં આપણે સામાન્ય વિચાર કર્યો. હવે જુદા જુદા ભાગો વિષે થોડોક વિચાર કરીએ. બંગા-

ળાના પૂર્વ ભાગમાં દુકાળનું બિલકુલ ભય નથી. એ ભાગમાં ખેડવા લાયક જમીન હજુ છે. કરનો દર ઓછો છે અને ખેડુતો મહેનતુ અને હોશિયાર છે. એ ભાગમાં મુખ્યત્વે ડાંગર પાકે છે, તોપણ તાગના પાકથી પણ ખેડુતોને ઘણી મદદ મળે છે. ખેડુતોની સ્થિતિ સારી છે અને તેમની રહેવાની રીત સુધરી છે. લોકો ખરચાળ છે, તથાપિ જમીનનો પાક સારો ઉતરે છે તેથી દુઃખ ભોગવવું પડતું નથી. બંગાળાના ઉત્તર ભાગના ખેડુતોની સ્થિતિ પૂર્વ ભાગના ખેડુતોના જેટલી સારી નથી. આ ભાગમાં ચા, શેરડી, ડાંગર, તાગ, ભાંગ, વગેરે થાય છે. જમીનનો કર હલકો છે. એ બંને ભાગના ખેડુતોની સ્થિતિના જેવી આ ઇલાકાના મધ્ય ભાગના ખેડુતોની સ્થિતિ સારી નથી. એ ભાગમાં ખેડવા લાયક જમીન બહુ થોડી રહેલી છે. વરસાદ નિયમસર વરસે છે તેથી જમીનનું ગણોત ભારે છે, તોપણ તે અને શાહુકારોનું કરજ આપી શકાય છે. હમણા તાગ અને ગળીના પાકની સ્થિતિ ખરાબ થઈ છે. તેલિયાં બીઆં વધારે ઉત્પન્ન કરવા માંડ્યાં છે. ખેડુતો કરજ કરે છે તે લગ્ન માટેજ કરે છે, અને કોઇ સાલમાં પાક ઓછો ઉતરે છે, તોપણ તેમને અડચણ પડતી નથી. પશ્ચિમ બાજુના ભાગો કલકત્તાની થડમાં હોવાથી શાકભાજી પુષ્કળ થાયછે. ખેડુતોને અને તેમની કનેથી પેટા ખેડુતોને જમીન વંશપરંપરા મળવાથી જમીનનું ગણોત એકંદરે બહુ વધે છે. ગણોત ભારે છે અને લગ્નનો ખર્ચ ઘણો થાય છે, તોપણ એ ભાગમાં શાહુકારોનુ પ્રબળ કહેવા જોગ નથી. ઓરિસા

પ્રાંતમાં સ્થાનિક ખપને માટે જોઇએ તેના કરતાં વધારે ડાંગર પાકે છે, અને તે લંકા અને મોરિશિયસ બેટમાં મોકલવામાં આવે છે. આ પ્રાંતની હવા બંગાળાની હવા કરતાં સારી છે અને ખેડુતોનાં રહેવાનાં ઘર સારાં છે. શાહુકારોનું જોર ઘણું છે. સારી સ્થિતિના લોકોમાંના બે–તૃતીયાંશ લોકો કરજદાર છે. તેઓ લગ્નનો ખર્ચ ઉડાઉપણે કરે છે. છોટા નાગપુરના ખેડુતો અસલના વખતના જંગલી હોઇ હમણા સુધર્યા છે; તેમની ગરજો થોડી છે અને તેમનું ખાનપાન સારૂં છે. જે ભાગમાં લોકોએ સુધરેલી રીતભાતનું અનુકરણ કર્યું નથી તે ભાગમાં લગ્નમાં ઝાઝો ખર્ચ થતો નથી. જે લોકોએ દેખાદેખી કરવા માંડી છે તે લોકોમાં કરજદારપણું દાખલ થયું છે. આ ભાગમાં જમીનના માલિકો અને ખેડુતોની વચ્ચે બનાવ નથી અને તેથી ખેડુતોની સ્થિતિ સુધારવામાં અડચણ આવે છે એમ કહે છે. ખેડુતો ઘણાજ કરજદાર થઇ ગયા છે, અને તેનું કારણ લગ્નમાં ઘણો ખર્ચ કરે છે તે છે. સંથલ પરગણાના લોકો મહેનતુ અને નિયમિત ખર્ચ કરનારા છે. એ લોકો અગાઉ પહાડી જાતિના હોઈ હમણા બેશ સુધર્યા છે. ડુંગરોમાં રહેનારા પહાડી જાતના લોકોની સ્થિતિ સારી નથી; તેઓ જંગલોમાંજ રહે છે અને શિકાર કરીને અને થોડી ખેતી કરીને પોતાનું ગુજરાન કરે છે. બિહાર પ્રાંતના પૂર્વ ભણીના ભાગમાં રહેનારા ખેડુતો પશ્ચિમ તરફના ભાગમાંના ખેડુતો કરતાં વધારે સારી સ્થિતિમાં છે. પશ્ચિમ ભણીના ભાગની જમીન ખરાબછે અથવા ખેડુતો ઉદ્યોગી નથી એ-

મ નથી. આ ભાગમાં રસ્તા સારા છે, અને ગહૂં, મકાઇ, તથા અફીણુ પાકે છે. એમ છતાં પણ ખેડુતોની સ્થિતિ ખરાબ હોવાનાં કારણો વરસાદની તાણુ, જમીનના પુષ્કળ વિભાગ, અને જમીનનું ભારે ગણોત છે. 'બંગાળ ટેનન્સી આકટ' નામે કાયદો અમલમાં આવ્યાથી ખેડુતોનો અને જમીનના માલિકોનો સંબંધ સુધરશે એવી આશા છે. ખેડુતો કરજદાર છે. આ ભાગની વસ્તીના એક–પંચમાંશ લોકોને અપૂરતા ધાન્ય વડે પોતાનો ગુજારો કરવો પડે છે એવો અડસટ્ટો કરવામાં આવ્યો છે.

મજૂરો અને ધંધાદાર લોકો.—આગગાડી, ગોદી, અને બીજાં સાર્વજનિક કામો, કોયલાની ખાણ, લોઢાની ખાણ, અને તાગનાં કારખાનાંમાં મજૂરી કરીને પુષ્કળ મજૂરો પોતાનું ગુજરાન ચલાવે છે. વણકરોની સ્થિતિ બહુધા એવી-જ થઇ છે. સૂતાર, લુહાર, અને સોનીઓની સ્થિતિ બેશ સુધરી છે. અનાજનો ભાવ વધ્યાથી પગારદાર લોકોને દુઃખ ભોગવવું પડે છે. વકીલો, દાકતરો, વગેરેની સ્થિતિ સારી છે. સામટે મેળે જોતાં બંગાળા, ઓરિસા, અને છોટા નાગપુરના લોકોની સ્થિતિ ઘણી સુધરી છે, અને જેમ જેમ પૂર્વ તરફ આપણે જઇએ છીએ તેમ તેમ વધારે સુધરેલી સ્થિતિ જોવામાં આવે છે. બિહાર પ્રાંતમાં મધ્યમ વર્ગના લોકોની સ્થિતિ પણ સારી છે.

આસામ.—આસામ પ્રાંતમાં ડુંગરી પ્રદેશનો અને ખીણમાંના પ્રદેશનો જુદો જુદો વિચાર કરવો જોઇએ. ખી-

ણમાંના પ્રદેશમાં વધારે ઉદ્યોગી લોકોની જરૂર છે. ચા ઉગાડવા માટે પરદેશથી લોકોને લાવવા પડે છે.

खतो अने कर.—બ્રહ્મપુત્રા અને સુર્મા નદીઓની ખીણમાં સને ૧૮૯૧-૯૨ માં ૬૯ લાખ એકર જમીનમાં અને સને ૧૮૮૧-૮૨ માં ૬૪ લાખ એકર જમીનમાં વાવેતર થયું હતું. આ પ્રાંતમાં સને ૧૮૮૧ માં ૧૫૮ હજાર એકર જમીનમાં ચા ઉગાડવામાં આવી હતી અને તેનું ક્ષેત્રફળ વધતું જંઇ સને ૧૮૯૧-૯૨ માં ૨૪૧ હજાર થયું હતું. જમીનના કરનો બોજો સને ૧૮૮૧-૮૨ માં દર એકરે ૩૦-૮-૧૦ હતો અને સને ૧૮૯૧-૯૨ માં ૩૦-૯-૧૧ થયો. જે ભાગમાં સ્થાયી જમાબંદી ઠરાવી છે તે ભાગમાં ખેડુતોનું ભરણું ઓછું હોવાથી જમીનનું ગણોત થોડુંજ આવે છે, અને ઘણુંખરૂં વાવેતર માલિકોની તરફથી થાયછે. માલિકો અને ખેડુતોની વચ્ચે બનાવ છે.

रहेवानो रीत तथा अनाजना भाव.—લોકોની રહેવાની રીતમાં સુધારો થયો છે. ધાતુનાં વાસણો, ઘરેણાં, તથા રેશમી લુગડાં નજરે પડે છે. ઉપલા વર્ગના ખેડુતોનાં ઘરેણાં સોનાનાં હોય છે. બ્રહ્મપુત્રા તથા સુર્માં નદીઓમાં આવવા જવાની સગવડ સારી થવાથી અને રસ્તા વધ્યાથી વેપાર વધ્યો છે. અનાજનો ભાવ સેંકડે ૪૦ ટકા વધ્યોછે.

देवादारपणुं.—આ પ્રાંતમાં ખેડુતો કરજદાર છે. આસામની ખીણમાં માત્ર શાહુકારોનું પ્રબળ બહુજ થોડું છે.

તેનાથી ઉલટું સિલ્હેટમાં અને સુર્માની ખીણમાં છે. આ પ્રાંતના ડુંગરી લોકો બહુધા ખેતીવડેજ પોતાનું ગુજરાન કરે છે.

ધંધાદારી અને ખેતી નહિ કરનારા બીજા લોકો.—આ પ્રાંતમાં ધંધાર્થી લોકોને અને કારીગરોને પૂરતું કામ મળતું નથી. બીજા ભાગોમાંથી પુષ્કળ મજૂરો મજૂરી કરવાને આવે છે અને તેમની મજૂરીનો દર પણ વધ્યો છે. સામટે મેળે જોતાં આ પ્રાંતના ખેડુતોની સ્થિતિ સારી છે એમ જણાય છે.

બ્રહ્મદેશ.—નીચલો બ્રહ્મદેશ અને ઉપલો બ્રહ્મદેશ એવા આ પ્રાંતના બે ભાગ છે. એ બંને ભાગના હવાપાણીમાં ફેર છે. નીચલો બ્રહ્મદેશ બહુ રસાળ હોઈ તેમાં વરસાદ હમેશ સારો વરસે છે; ઉપલા બ્રહ્મદેશમાં વરસાદની વારે વારે તાણ પડે છે. બંને ભાગોમાં મુખ્ય પાક ડાંગરનો છે; તે સિવાય ઉપલા બ્રહ્મદેશમાં ગહૂં, જુવાર, મકાઈ, તુવરની દાળ, વગેરે પાકે છે. નીચલા બ્રહ્મદેશમાં ચોખા સિવાય શેરડી, તમાકુ, અને શાકભાજી થાય છે. આ પ્રાંતમાં શહેરોમાં રહેનારા લોકોનું પ્રમાણ વધારે છે, અને બંગાળા તથા મદ્રાસથી ઘણા લોકો આ પ્રાંતમાં આવે છે.

ખેતી.—છેલ્લાં દશ વરસમાં નીચલા બ્રહ્મદેશમાં ખેતી શુમારે દોઢી વધી છે. સને ૧૮૯૧-૯૨ માં $\frac{૯૯}{૧૦૦}$ જમીનમાં ડાંગર થતી હતી. ખેડાયલી અને પડતર જમીનવિષે ખે-

નીના ભાગમાં આપણે કહી ગયા છીએ.

ધાન્યસંગ્રહ.—આ બંને પ્રાંતમાં ખપ કરતાં ઘણું વધારે ધાન્ય પરદેશ મોકલવા માટે પકવવામાં આવે છે. નીચલા બ્રહ્મદેશમાંથી ઉપલા બ્રહ્મદેશમાં અને બીજા દેશોમાં પુષ્કળ ચોખા જાય છે. ઉપલા બ્રહ્મદેશની સ્થિતિ સુધરશે તેમ તેને ધાન્યના સંગ્રહને માટે નીચલા બ્રહ્મદેશપર આધાર રાખવો પડશે નહિ. બ્રહ્મી લોકોનું વલણ પૈસો એકઠો કરવા તરફ બહુ થોડું છે; ગુજરાન ચાલી જે પૈસા બચે છે તે મોજશોકમાં અથવા પુણ્યના કામમાં ખરચે છે. આ પ્રાંતમાં રેલવે અને બીજા રસ્તા પુષ્કળ થયાં છે અને ઇરાવદી નદીમાં આગબોટો પણ ચાલે છે.

જમીનનો કર.—નીચલા બ્રહ્મદેશમાં જમીનના કર સિવાય સ્થાનિક સુધારાને માટે જમીનની મહેસૂલપર સેંકડે દશ ટકા કર છે. એ સિવાય માણસપર પણ કર લેવામાં આવે છે. ઉપલા બ્રહ્મદેશમાં જમીનના કર અને માણસપરના કરના બદલામાં ઘરવેરોજ લેવામાં આવે છે. આ કર અનેક કારણોથી સઘળા લોકોપર એકસરખો બેસાડવામાં આવતો નહિ હોવાથી જમીનનો કર શરૂ કરવા માટે સર્વે (માપણી) કરવામાં આવે છે.

આ પ્રાંતમાં જમીન ધારણ કરનારાજ બહુધા જમીન ખેડે છે. નીચલા બ્રહ્મદેશમાં શહેરોની નજીક શાહુકારો અથવા મધ્યસ્થના હાથમાં જમીન જઇ તેના આગલા માલિકોએ ખેડુતોની પેઠે તે ખેડવાનો રિવાજ શરૂ કર્યો છે.

જમીન રસાળ હોવાથી કર ભરવાની અડચણ પડતી નથી.

अनाजनो भाव.—બ્રહ્મી લોકોના ખપની વસ્તુઓમાં ચોખા, મીઠું અને માછલાં મુખ્ય છે. ચોખાની અને મીઠાની કીમત વધી છે; પહેલાં બ્રહ્મી લોકો પોતાના ખપ જેટલું ધાન્ય રાખી બાકીનું વેચતા હતા; પરંતુ હમણા બધો પાક વેચી દઇ જોઇતો માલ બજારમાંથી વેચાતો લેવાની ચાલ પડી છે. માછલાંની કીમતમાં ફેર પડયો નથી. બ્રહ્મદેશનો વેપાર વધ્યોછે તે વિષે આપણે વેપારનાભાગમાં કહી ગયા છીએ.

देवादारपणुं.—આ પ્રાંતના ખેડુતો પણ કરજદાર છે, તથાપિ બીજા પ્રાંતોના ખેડુતોની પેઠે કંગાળ થયેલા નથી. બ્રહ્મી લોકો શોખીલા છે. બીજા દેશોમાંથી આ પ્રાંતમાં લોકો આવીને રહેવા માંડયા છે અને વસ્તી વધી છે.

धंधादारो अने कारीगरो.—આ પ્રાંતમાં કારીગરોની સંખ્યા વધી નથી. સૂતારો અને સોનીઓનો ધંધો ઠીક ચાલે છે. મજૂરોને સરકારી અને વેપારીઓના કામની મજૂરી ઠીક મળે છે અને છેલ્લાં દશ વરસમાં મજૂરોનો દર બહુ વધ્યો છે.

मध्यप्रांतो.—આ પ્રાંતો બંગાળા, વાયવ્યપ્રાંતો, અને મહારાષ્ટ્ર દેશની વચ્ચે છે અને એ પ્રાંતોની થડમાંના ભાગની સ્થિતિ પડોશના પ્રાંતોના જેવી છે. આ પ્રાંતોની જમીનના ત્રણ વર્ગ છે, (૧) ઘાંઉના પાકની જમીન, (૨)

કાળી જમીન, અને (૩) ડુંગરી જમીન. ડાંગરની જમીન પૂર્વ તરફ છે. કાળી જમીન ઉત્તર અને પશ્ચિમ બાજૂએ છે. ડુંગરી જમીન મધ્ય ભાગમાં છે. આ પ્રાંતોમાં મોટાં શહેરો બેજ છે, તેથી ગામડાંમાં રહેનારા લોકોનું પ્રમાણ બીજા પ્રાંતોના કરતાં ઘણું વધારે છે. સાધારણ રીતે ક્ષેત્રફળના પ્રમાણમાં વસ્તી કાંઈક ઓછી જણાય છે, તોપણ જંગલી પ્રદેશ બાદ કરતાં ખેડાણ જમીનના દર મૈલે વસ્તી શુમારે ૩૯૫ છે. હવે બીજા પ્રાંતોમાંથી આવીને આ પ્રાંતોમાં લોકોને રહેવાની સગવડ બહુધા નહિ જેવી થઇ છે.

खेतो.—સને ૧૮૯૭–૯૮ ના મુકાબલામાં ખેડાણ જમીનનો વધારો એકંદરે ૨૮ ટકા થયો છે. ડાંગરની જમીન પહેલાં કરતાં ૧૮ ટકા વધી છે. ગહૂંનું વાવેતર ૨૪ ટકા અને બીજાં ધાન્યનું વાવેતર ૧૪ ટકા વધ્યું છે. તેલિયાં બીઆંનું વાવેતર પહેલાં કરતાં હમણા બમણું થાય છે. હજુ પુષ્કળ જમીનમાં ખેડ થતી નથી; ખેડાણ જમીન કરતાં તે ઓછા કસની છે. હમણા વાવેતર જમીનમાં બરાબર ઉપજ થતી નથી અને એ કામમાં હાલના કરતાં કાંઇક વધારે લક્ષ આપી ખેતી કરવામાં આવશે તો હમણાના કરતાં ઘણો વધારે પાક થશે એવો પૂરો સંભવ છે એવું ખેતીના પૂરેપૂરા વાકેફગાર લોકોનું મત છે. જમીનમાં બે પાક કરવાનો રિવાજ હાલમાં ઘણોજ વધ્યો છે.

धान्यनो संग्रह अने धान्यनी कीमत.—આ પ્રાંતોમાં

નીપજતાં ધાન્યમાંથી લોકોના ખપમાં આવતું ધાન્ય અને પરદેશ જતું ધાન્ય બાદ કરતાં પુષ્કળ ધાન્ય શિલિકમાં રહે છે. ગયાં પાંત્રીસ વરસના પ્રમાણમાં અનાજની કીમત ઘણીજ વધી છે. ચોખાની કીમત ત્રણગણી, ગહૂંની કીમત લગભગ પોણાત્રણ ગણી, જુવારની કીમત સવાબે ગણી, અને તુવરની દાળની કીમત બમણી વધી છે. પહેલાં કરતાં ખેતીનો ખર્ચ વધારે થાય છે, તોપણ માલની કીમતના વધારાના પ્રમાણમાં ખર્ચ વદ્યો નથી. ધાન્ય સિવાય બીજા માલની એટલે કપડાં, વાસણો, અને મીઠાની કીમત બહુ ઉતરી છે.

રસ્તા.—રસ્તા કહેવા જોગ વદ્યાં નથી. ઉત્તરે ઇંડિઅન મિડ્લાંડ અને પૂર્વે બંગાળ–નાગપુર રેલવે થવાથી રેલવેનો પ્રસાર ઘણો થયો છે. જ્યાં દશ વર્ષ પહેલાં ૫૭૭ મેલ રેલવે હતી ત્યાં હમણા (સને ૧૮૯૧–૯૨ માં) ૧,૧૩૩ મેલ થઈ છે.

વેપાર.—વેપારના સંબંધમાં પચીસ વર્ષ પહેલાંની અને હમણાની સ્થિતિ જોતાં આયાત વેપાર લગભગ બમણો અને નિકાશ વેપાર ત્રણ ગણો થયો છે. સને ૧૮૭૮ થી દેશમાં આવતા માલ કરતાં વધારે માલ પરદેશ જવા માંડયો.

જમીનના માલિકો અને ખેડુતો.—આ પ્રાંતોમાં જમીન ધારણ કરવાની પદ્ધતિ કેવી છે તે વિષે આપણે પાછળ કહી ગયા છીએ. જમીનના માલિકો અને તેમના ખેડુતોનો પરસ્પર સંબંધ જોતાં શુમારે અડધા ખેડુતોના

સંબંધમાં ગણોત વધારવાની અથવા તેમને કહાડી મૂકવાની જમીનના માલિકોને બિલકુલ સત્તા નથી. સેંકડે શુમારે ૨૮ ખેડુતોપર અને પોતાના પંડની માલિકીની અને વહીવટની જમીનના સંબંધમાં માત્ર માલિકોનો પૂર્ણ અધિકાર ચાલે છે. પ્રાંતોની એકંદર સ્થિતિ સુધરી છે તેના પ્રમાણમાં ખેડુતોકને લેવાનું ગણોત પણ વધ્યું છે. આ પ્રાંતોના કેટલાક ભાગમાં માત્ર જમીનના માલિકો ખેડુતોકને વધારે ગણોત લે છે અને એ સ્થિતિ જયાં જમીનના માલિકો પંડે ખેતી કરતા નથી અથવા જ્યાં જમીનની અછત થઇ છે ત્યાં જોવામાં આવે છે. આ સ્થિતિ સરકારના લક્ષમાં આવી છે.

करजदारपणुं—આ પ્રાંતના જમીનદારો અથવા જમીન ખેડનારા લોકો ઘણાજ કરજદાર છે. જમીનની માલિકી જેમ વધારે સારી હોય છે તેમ જમીનદારોને કરજ કરવાનું વધારે વલણ થાય છે એવું બીજા પ્રાંતોમાં જોવામાં આવે છે તેજ પ્રમાણે આ પ્રાંતોમાં પણ જોવામાં આવે છે. શુમારે ⅙ જમીન ખેતી નહિ કરનારા લોકોના હાથમાં ગઇ છે એવું હમણા સેટલમેન્ટ ચોકશી થઈ તે વખતે જણાઇ આવ્યું. જે ભાગમાં ખેડુતોનો હક્ક વધારે છે અને જમીનના માલિકોનો હક્ક ઓછો છે તે ભાગમાં કરજદારપણું પણ તેજ પ્રમાણમાં ઓછું છે. ખેડુતોમાં પણ એજ પ્રમાણે જોવામાં આવે છે. જે પ્રમાણમાં જમીનપરનો તેમનો હક્ક દ૭ હોય છે તે પ્રમાણમાં તેમનું પણ કરજ કરવાનું વધારે

વળણ હોય છે. આ પ્રાંતોના ઉત્તર ભણીના જિલ્લામાં તથા નર્મદાની ખીણના પ્રદેશમાં જમીનદાર અને ખેડુત વધારે કરજદાર છે. આ ભાગમાં તથા નાગપુર અને વર્ધા જિલ્લામાં પુષ્કળ જમીન ખેડુતો પાસેથી શાહુકારોના તાબામાં ગઈ છે.

खेतोनो मजूरो.—પૂર્વ ભણીના ભાગમાંના ખેડુતોની અને ખેતીની મજૂરી કરનારા લોકોની સ્થિતિ સારી છે. મજૂરી પેટે થોડુંક અનાજ અને થોડાક રોકડા પૈસા આપવામાં આવેછે. નાગપુરની આસપાસના ભાગમાં રોકડ પગાર આપવાનો રિવાજ પડતો જાયછે અને તેનો દર પહેલાં કરતાં વધ્યો છે. એકંદરે હલાડીઆ મજૂરોને કામ ઓછું મળેછે એમ નથી. મજૂરો પણ દેવાદાર છે.

जंगली लोको.—ગોંડ લોકો અને એવા બીજી જાતના લોકો આ પ્રાંતોના મૂળ વતની હતા; તેમને રસાળ સપાટ પ્રદેશમાંથી હાંકી કહાડયાથી તેઓ જંગલમાં જઇને રહ્યા. આ બિના ૧૫૦ વરસની અંદર બનેલી છે. એ લોકો ખેતી વડે ગુજરાન કરે છે અને છેલ્લું વસ્તીપત્રક થયું તે પરથી તેમની સંખ્યા ઓછી થયેલી જણાતી નથી. એ લોકો લગ્નને માટે તથા દારૂ પીવા માટે ઘણું કરજ કરે છે; અને બધા શાહુકારોમાં દારૂ વેચનારો શાહુકાર તેમને બહુ સખ્ત પૂડે છે. તથાપિ દેવાદારપણાને લીધે તેમનો સુધારો થવામાં અટકાવ થયો એમ જણાતું નથી. એ લોકો જે ભાગમાં રહે છે તે ભાગમાં વધારે જમીનની ખેતી થાય છે અને કેટ-

લાક ભાગમાં ખેતીની પદ્ધતિ પણ સુધરી છે. માત્ર ડુંગરોમાં રહેનારા લોકો હજુ જંગલી અવસ્થામાં છે. તેમને સારી ખેતી કરતાં આવડતી નથી અને તેઓ જંગલનાં ફળ, શિકાર, તથા કોળ અને ઊંદર વડે પોતાનું પેટ ભરેછે.

धंधार्थी अने कारीगर लोको.—ખેતીપરજ કેવળ આધાર નહિ રાખનારા ધંધાર્થી લોકોમાં સૂતાર અને લુહારને સાધારણ મજૂરી મળે છે અને તેમને રેલવેમાં અને કારખાનાંમાં પણ કામ મળે છે. કુંભાર, મોચી, અને ઘાંચીની સ્થિતિ ખરાબ છે. વણકરોની સ્થિતિ તો પહેલેથીજ ખરાબ છે, અને તેમનો બારીક લુગડાં વણવાનો ધંધો તો બિલકુલ પડી ભાગ્યો છે. વકીલો અને શાહુકારોનો ધંધો માત્ર ઠીક ચાલે છે.

वराड.—આ પ્રાંતમાં બ્રિટિશ સરકારનો અમલ પહેલ વહેલો શરૂ થયો તે કેડે થોડા વખત લગી બીજા પ્રાંતોમાંથી પુષ્કળ લોકો આ પ્રાંતમાં વસવાને આવ્યા, અને દક્ષિણના દુકાળના વખતે પરદેશથી આ પ્રાંતમાં ઘણા લોકો આવ્યા. ગયાં દશ વરસમાં બીજા પ્રાંતોમાંથી અહીં વસવા આવનારા લોકોની સંખ્યા ઓછી થયેલી જણાય છે.

खेती अने कर.—સને ૧૮૮૧-૮૨ ના મુકાબલામાં વાવેતર જમીનનો વધારો બહુજ થોડો થયો છે. બીજા પ્રાંતોની જોડે સરખાવતાં આ પ્રાંતમાં ધાન્ય સિવાય બીજા પાક લગભગ અડધી જમીનમાં થાય છે અને સને ૧૮૮૧-૮૨ નું પ્રમાણ જોતાં એ પ્રમાણમાં ફેર પડયો નથી. ખા-

વાની જણસો સિવાય બીજા પાકમાં રૂ અને તેલિયાં બીઅ મુખ્ય છે, રૂ અને ગહૂં મુખ્યત્વે પરદેશ જાય છે. મુંબાઈથી નાગપુર જવાનો રસ્તો આ પ્રાંતમાં થઇને જાય છે, અને તેને મળનારા પગરસ્તા પુષ્કળ થવાથી ખેડુતોને માલ વેચવાની સગવડ થઈ છે.

રૈયતવારી પદ્ધતિથી જમીન ખેડવા આપેલી છે. સને ૧૮૮૧-૮૨ ના પ્રમાણમાં શુમારે પાંચ ટકા જમીનમાં નવી ખેતી થાય છે. જમીનનો કર સરેરાશ દર એકરે ૧૪ આના આવે છે. તે વસૂલ કરવામાં સરકારને બિલકુલ અડચણ પડતી નથી.

देवादारपणुं.—બીજા પ્રાંતોના ખેડુતોની પેઠે આ પ્રાંતના ખેડુતો પણ કરજદાર છે. શાહુકારો ગુજરાતી અને મારવાડી વર્ગના વધારે છે. તે લોકો જમીન ખેડતા નથી અથવા લેતા પણ નથી, પરંતુ ખેડુતો કનેથીજ જેટલા પૈસા કઢાવી શકાય તેટલા કઢાવે છે.

मजूरी अने धान्यनी कीमत.—આ પ્રાંતમાં મજૂરોને મજૂરી રોકડ મળે છે એ બીજા પ્રાંતોની હકીકત જોતાં વિશેષ છે. સુધારાની બાબતમાં પછાત રહેલા ભાગમાં માત્ર મજૂરી બદલ અનાજ મળે છે. અનાજનો ભાવ આ પ્રાંતમાં ઘણો વધ્યો છે. જુવાર અને બાજરીનો ભાવ લગભગ બમણો, અને ગહૂં તથા તુવરની દાળનો ભાવ દોઢો વધ્યો છે. પરદેશમાં માગણી થાય છે તે પ્રમાણમાં ગહૂંની કીમત હોય છે. એકંદરે લોકોની સ્થિતિ સારી છે.

मुंबाई इलाको—આ ઇલાકાના સિંધ, કોંકણ, ગુજરાત. અને દક્ષિણ પ્રાંત એવા ચાર મુખ્ય ભાગ છે.

सिंध प्रांत.—સિંધ પ્રાંતની સ્થિતિ પંજાબના જેવી છે. લોકોની સ્થિતિ સારી છે. સિંધુ નદીમાં પૂર આવે છે તેવડે ખેતી થાયછે, તેથી જે પ્રમાણમાં પૂર પ્રસરે છે તે પ્રમાણમાં ખેતી ઓછી વત્તી વધેછે. સને ૧૮૮૧-૮૨ માં ૨,૧૨૧ હજાર એકર જમીનમાં ખેતી થઇ હતી. તેમાંની ૧,૬૦૨ હજાર એકર જમીન બાગાયત હતી. સને ૧૮૯૧-૯૨ માં ૨,૯૪૫ હજાર એકર જમીનમાં ખેતી થઇ હતી તેમાંની ૨,૬૦૧ હજાર એકર જમીન બાગાયત હતી. જમીનનો કર દર એકરે રૂ ૧-૪-૮ આવે છે અને પાણીવેરો ઉમેરતાં દર એકરે રૂ ૩-૮-૫ આવે છે. આ કર વસૂલ કરવામાં હરકત પડતી નથી. સને ૧૮૯૧-૯૨ માં ૨૩૫ હજાર એકર જમીનમાં બે પાક કરવામાં આવ્યા હતા. સને ૧૮૮૧-૮૨ ના પ્રમાણમાં એ પાક હમણા બમણી જમીનમાં થાય છે. ઘણીખરી જમીનમાં ધાન્ય પાકે છે. આ પ્રાંતના ખેડુતોની સ્થિતિ સારી છે.

मुंबाई इलाकाना बीजा भागो.—આ ઇલાકામાં સને ૧૮૭૭ માં દુકાળ પડયો હતો. દુકાળ પડેલા સાત જિલ્લામાં વસ્તી શુમારે ૧૯½ ટકા વધી છે અને બીજા ભાગોમાં શુમારે ૧૦½ ટકા વધી છે; એ વધારો ગામડાંમાં થયો છે તેવો શહેરોમાં થયો નથી. આ ઇલાકામાં ધંધા રોજગાર કરનારનું પ્રમાણ જરા વધારે છે.

खेती—ગયાં દશ વરસમાં શુમારે સવા દશ લાખ એકર જમીનમાં નવું વાવેતર થયું હતું અને જે જમીનમાં બે પાક થાય છે તેમાં પણ શુમારે એક લાખ એકરનો વધારો છે. કૂવાના તથા તળાવના પાણીથી બાગાયત પાક વધ્યો છે. સને ૧૮૮૧-૮૨ ના પ્રમાણમાં સને ૧૮૯૧-૯૨ માં બમણી જમીનમાં બાગાયત પેદાશ થઇ હતી. ખેડવા લાયક પડતર જમીન પંચમહાલ, ખાનદેશ, શોલાપુર અને વિજાપુર જિલ્લામાં બધી મળીને શુમારે १०½ લાખ એકર છે, પરંતુ તે હમણા ખેડાતી જમીનના જેવી સારી કસવાળી નથી. સેંકડે શુમારે ૭૯ એકર જમીનમાં ધાન્ય પાકે છે. કોંકણ તથા ગુજરાત કરતાં મહારાષ્ટ્રમાં અને કર્નાટકમાં વરસાદનું પ્રમાણ અનિશ્ચિત હોવાથી કર કાંઇક હલકો છે. સામટે મેળે જોતાં કર સહેલાઇથી વસૂલ થાય છે.

रस्ता अने धान्यनो दर.—આ ઇલાકામાં છેલ્લાં દશ વરસમાં આગગાડીનો રસ્તો દોઢો વધ્યો છે, અને સઘળા પ્રાંતોમાં રસ્તાની સગવડ સારી થઇ છે. અનાજનો દર છેલ્લાં દશ વર્ષમાં ૧૦ થી ૨૫ ટકા લગી અને કર્નાટકમાં ૩૯ ટકા લગી વધ્યો છે. કોંકણ પ્રાંત સિવાય બીજા પ્રાંતોમાં લોકોને બસ થાય તેટલું ધાન્ય ઉત્પન્ન થાય છે. કોંકણમાં માત્ર પૂરતું ધાન્ય નીપજતું નથી તેથી ત્યાંના લોકોને પેટ ભરવા સારૂ દર વરસે પરદેશ જવું પડે છે.

देवादारपणुं.—આ ઇલાકાના ખેડુતો બીજા પ્રાંતોના એ-

ડુતોની પેઠેજ કરજદાર છે. જ્યાં ગુજરાતની પેઠે જમીન સા-
રી છે અને વરસાદ નિયમસર વરસે છે ત્યાંના ખેડુતોની
સ્થિતિ સારી છે અને વચલા વર્ગના ખેડુતો પૈસા પણ સં-
ઘરી શકે છે. નીચલા વર્ગના ખેડુતો દારૂના વ્યસનથી અ-
થવા ઉડાઉ ટેવને લીધે શાહુકારોના પંઝામાં સપડાઇ જાય
છે. હમણા રેલવે અને રસ્તાનો પુષ્કળ વધારો થવાથી એ
લોકોને પરદેશ જઇ પોતાનું ગુજરાન ચલાવવાને બની આ-
વે છે. દક્ષિણ કોંકણમાં જમીન થોડી અને ડુંગરા ડુંગરા
વાળી હોવાથી તે પ્રાંતમાં પૂરતું ધાન્ય નીપજતું નથી. ઘા-
ટમાંથી અનાજ લાવવું પડે છે. આ પ્રાંતના લોકો કસરીઆ
હોવાથી થોડા કરજદાર છે. આ પ્રાંતમાંથી શુમારે ... લોકો
મુંબાઇ વગેરે ઠેકાણે પેટ ભરવા સારૂ જાય છે. મહારાષ્ટ્રમાં
અને કર્નાટકમાં વરસાદ નિયમસર અને બરાબર પડતો નથી
અને ત્યાંના તથા વિશેષે કરીને આ પ્રાંતના મધ્ય ભાગના
ખેડુતો ગરીબ દશામાં છે.

दक्षिणना खेडुतोने करजमांथी छोडाववा माटेनो कायदो— ખેડુતોને શાહુકારોના પંઝામાંથી છોડાવવાને ખાસ
કાયદો કરવામાં આવ્યાથી તેમની સ્થિતિની બીજા પ્રાંતોના
ખેડુતો કરતાં વધારે બારીક તપાસ કરવામાં આવી, ખેડુ-
તોની સ્થિતિના સંબંધમાં સને ૧૮૭૫ માં પહેલ વહેલી
તપાસ થઈ, અને પછી તે કમિશનની સૂચના પ્રમાણે સને
૧૮૭૯ માં પહેલ વહેલો કાયદો થયો. જે ઠેકાણે વ્યાજનો
દર ભારે હોય તે ઠેકાણે તે ઓછો કરવાની આ કાયદામાં

કોર્ટોને સત્તા આપેલી છે; પ્રતિવાદીની ગેરહાજરીમાં નિકાલ ન કરતાં તેને હાજર કરવાની તજવીજ કરી તેની તકરાર સાંભળી મુકદ્દમાનો નિકાલ કરવાનું ઠરાવ્યું છે; હુકમનામાની બજાવણીના સંબંધમાં હુકમનામાવાળાને કાયદામાં સગવડ કરી આપી છે તેટલી આ કાયદામાં આપી નથી; દાવો કરવાની મુદ્દત વધારી છે અને જૂઠા અને લુચ્ચાઇ ભરેલા વ્યવહાર ચાલે નહિ તેટલા માટે તે તપાશી જોવાનો કોર્ટને વિશેષ અધિકાર આપ્યો છે; ખેડુતોના વ્યવહારનો દાખલો રહેવા માટે તે નોંધવાની ખાસ ગોઠવણ કરવામાં આવી છે અને માંહોમાંહે ટંટો પતાવવા માટે પણ સમાધાન કરનારા ખાસ માણસો નીમ્યા છે. આ વ્યવસ્થા ચાલુ કર્યાથી કેટલું હિત થયું છે અને એવી તજવીજ બીજા પ્રાંતોમાં કરવાની કેટલી જરૂર છે તેની તપાસ કરવાને હિંદ સરકારે એક કમિશન નીમ્યું હતું; આ કાયદાથી ખેડુતોને ફાયદો થયો છે અને બીજા પ્રાંતોમાં પણ જ્યાં જરૂર જણાય ત્યાં તે લાગુ પાડવો એવો એ કમિશને અભિપ્રાય આપ્યો છે; અને કર વસૂલ કરવાની પદ્ધતિમાં કાંઇક સગવડ રાખવાની પણ સૂચના કરી છે. એ સિવાય બીજી કેટલીક મહત્વની સૂચના કરી છે. આ કમિશનની સૂચનાને અનુસરીને ખેતીને લગતા કાયદામાં હમણાંજ સુધારો કરવામાં આવ્યો છે અને કરની પદ્ધતિના સંબંધમાં કરેલી સૂચના વિષે સરકારમાં વિચાર ચાલે છે.

બીજા પ્રાંતોમાં ખેડુતો કરજદાર થવાનાં કારણો ઉડાઉપણું, અવ્યવસ્થિતપણું, નિરૂદ્યમ, નિરૂત્સાહ, વગેરે છે તે

આ ઈલાકાના ખેડુતોને પણ લાગુ પડે છે, પરંતુ તે સિવાય આ પ્રાંતમાં વરસાદ નિયમસર પડતો વથી એ પણ એક વિશેષ કારણ છે. આ પ્રાંતમાં કૃત્રિમ ઉપાયોથી પાણી આણવાની સોઇ થોડી છે. સને ૧૮૭૬-૭૭ ના દુકાળ પછી પાક ઠીક આવે છે. ધોંડ-મનમાડ અને દક્ષિણ મરાઠા રેલવે તથા બીજા રસ્તા વધ્યા છે તેથી વેપાર વધ્યો છે અને મજૂરી મળવાની વધારે સોઈ થઇ છે. તળાવો અને નહેરોથી વધારે જમીનને પાણી મળવા માંડયું છે તેથી ખેડુતોની સ્થિતિ પહેલાં કરતાં કાંઈક સુધરી છે; અને આ સુધારાથી થતા ફાયદા ખેડુતોને મળવામાં ખેતીને લગતા કાયદાથી મદદ થઇ છે. તથાપિ પાક ઓછો ઉતરે છે તો નાના ખેડુતોને અને ખેતીની મજૂરી કરનારા લોકોને આપદા પડેછે.

ધંધાર્થીઓ અને કારીગરો.—બીજા પ્રાંતોના પ્રમાણમાં આ ઈલાકામાં કારીગરો વધારે છે. રૂ પુષ્કળ પાકે છે તેથી આ ઇલાકામાં વણકરનો ધંધો વધારે ચાલે છે. વિલાયતથી કાપડ આવવા માંડયાથી એ લોકોનો ધંધો નબળો પડયોછે; તોપણ કારખાનાંનું સૂતર લઇ કાપડ વણવાથી એ લોકોને બીજા પ્રાંતોના લોકોની પેઠે ગુજરાન ચલાવવાને કાંઈક સાધન મળતું હશે. દુકાળ પડેછે એટલે તેની અસર પહેલવહેલી આ લોકોપરજ થાયછે. મોટાં શહેરો અને જે ગામોમાં કારખાનાં હોયછે તે ગામો બાદ કરતાં બાકીના ભાગમાં મજૂરીને પેટે બહુધા અનાજ આપવામાં આવેછે એ કારણથી તથા અનાજનો ભાવ ચઢયાથી એ લોકોની સ્થિતિમાં

ફેરફાર થતો નથી; દુકાળના વખતમાં માત્ર તેમની ખરાબ દશા થાયછે. બીજી વેળાએ તેમને ગરીબાઇથી રહેવુંપડે છે, તોપણ તેમની સ્થિતિ આફત ભરેલી નથી; સામટે મેળે જોતાં વરસાદ ઠીક વરસેછે તેવારે રત્નાગિરિ સિવાય બાકીના ભાગની સ્થિતિ સારી હોયછે. માત્ર રત્નાગિરિ જિલ્લામાં જમીનમાં લોકોને પૂરૂં થાય એટલું ધાન્ય પાકતું નથી.

अजमेरमेरवाडा. આ પ્રાંતોમાં વરસાદ હમેશ ઓછો વરસેછે. ઘણી વાર તો તે બિલકુલ વરસતો નથી. એવું બનેછે તેવારે પાક અને ચારો થતો નથી એટલુંજ નહિ, પણ પીવાના પાણીની પણ તાણ પરેછે. અને૧૮૯૧–૯૨ની પહેલાંનાં દશવર્ષમાં પહેલાં છ વર્ષ સારાં ગયાં અને તે સાલોમાં પુષ્કળ ધાન્ય પરદેશ જતુ હતું. તે પછીનાં ચાર વરસમાં આ પ્રાંતમાં પરદેશથી અનાજ આણવું પડ્યું. દશ વરસમાં અજમેરની વસ્તી ૧૭⅗ ટકા અને મેરવાડાની વસ્તી ૧૮⅘ ટકા વધી છે. અજમેરમાં કર દર એકરે રૂ ૧–૮–૯ અને મેરવાડામાં રૂ ૨–૨–૦ પડે છે. વરસાદની તાણને લીધે, અને લગ્ન તથા મરણની ક્રિયામાં વધારે ખર્ચ કરવાનો રિવાજ હોવાથી ખેડુતો કરજદાર છે. આ પ્રાંતમાં પુષ્કળ જમીન એક એક માલિકની હોઇ તે તે ખેડુતોને સાંથે છે અને ખેડુતોને ઘણીજ ભારે સાંથ આપવી પડે છે. જમીનદારોની જમીન પણ શાહુકારોના હાથમાં જવા માંડી છે. આ પ્રાંતમાં આગગાડી પુષ્કળ હોવાથી અનાજનો ભાવ ઝાઝો ચઢતો નથી. મેરવાડા પ્રાંતના ખેડુતો અજમેરના ખેડુતો કરતાં કાંઇક ઠીક છે, તથાપિ તેમને પણ કરજ કરવાના ઘણા પ્રસંગ આવે છે.

કુર્ગ પ્રાંત.—આ પ્રાંતમાં વરસાદ પુષ્કળ અને નિયમસર વરસે છે; ઉત્તર ભાગમાં શુમારે ૧૩૬ ઇંચિ અને દક્ષિણ ભાગમાં શુમારે ૭૦ ઇંચિ પડે છે. આ પ્રાંત કેવળ પહાડી હોવાથી બધે ઠેકાણે એકસરખી ખેતી થતી નથી. જ્યાં જમીન હોય છે ત્યાં ડાંગર અને કાફીનો પાક થાય છે. એલચી જંગલના પ્રદેશમાં થાય છે. આ પ્રાંતમાં શહેરો બહુજ થોડાં છે અને તે પણ બહુજ નાનાં છે. વસ્તીનો વધારો બહુ ઓછો જણાય છે, કારણ કે કાફીની ખેતીને માટે આવેલા લોકો આખું વરસ આ પ્રાંતમાંજ ન રહેતાં કામ પૂરૂં થતાંજ પાછા જાય છે. સને ૧૮૯૧ માં વસ્તીની ગણતરી થઈ તે વેળા બધા મજૂરો પાછા પોતાને દેશ ગયા હતા. એથી વસ્તી ઓછી થઈ. આ પ્રાંતની જાતુની વસ્તી ૧૬ થી ૨૨ ટકા લગી વધેલી જણાય છે.

પાક.—આ પ્રાંતના મુખ્ય પાક ચોખા, કાફી, અને એલચી છે. સને ૧૮૮૨ થી સને ૧૮૯૨ લગીમાં ધાન્ય વાવવાની જમીનમાં કાંઇ વધારો થયો નહોતો; બીજા પાકની જમીનમાં ૨૯ ટકા વધારો થયો છે. ચોખાનો પાક થાય છે તે જાતુના રહેવાશીઓને પૂરો પડે એટલો થાયછે. પરદેશથી આવેલા લોકોને માટે પુષ્કળ અનાજ બહારથી લાવવું પડે છે. કાફીનો પાક કરવાની શરૂઆત યૂરોપી લોકોએ કરી, પરંતુ હમણા તેનો પાક બધા લોકો કરે છે. એ પાક હવા પાણી, રોગ, વગેરે અનેક કારણોથી ઓછો વત્તો થાય છે.

જમીન ધારણ કરવાની પદ્ધતિ.—આ પ્રાંતમાં રૈયતવારી પદ્ધતિ ચાલે છે અને ગણોત દર એકરે રૂ $2\frac{4}{5}$ આવેછે. આ પ્રાંતમાં કેટલાક ખેડુતોને લશ્કરી અથવા પોલીસની નોકરી કરવી પડે છે અને તેમને નીમે કરથી જમીન પળેછે.

રસ્તા અને વેપાર.—આ પ્રાંતમાં રેલવે નથી. ગાડીના રસ્તા માત્ર પુષ્કળ વધ્યા છે. લોકોની રહેવાની રીત સુધરી છે. મીઠું, દારૂ, અને પરદેશી કાપડનો ખપ વધ્યો છે.

કરજદારપણું.—ચહેનબાજીમાં રહેવાની ટેવ વધ્યાથી કરજ કરવાનું વલણ અને દારૂનો પ્રસાર વધ્યાં છે; એ કારણથી એકાદ વરસમાં પાક સારો થતો નથી તો કરજ કર્યા વિના તેવા લોકોનો છૂટકો થતો નથી. વરસાદ વગેરે સારાં હોવાથી ખેડુતો આળસુ રહે છે. જમીનના વિભાગ ન થવા દેવા માટે સને ૧૮૫૮નો કાયદો થયો છે, તે છતાં માંહોમાંહે હમેશ ભાગ પડે છે; અને તેથી કરીને જમીનના નાના નાના ટુકડા થઇ જમીનદારોની સ્થિતિ સુધારવામાં હરકત પડે છે.

ધંધા અને મજૂરી.—કાફીના બાગમાં કામ કરવાને બીજા પ્રાંતોમાંથી આ પ્રાંતમાં ૪૫ હજારથી ૬૦ હજાર મજૂરો આવે છે; એ લોકોને મજૂરી સારી મળે છે. કુર્ગમાં જાણ્ રહેનારા મજૂરો ડાંગરના કયારડામાંજ રોકાય છે. કારીગરોની સંખ્યા ઝાઝી નથી. વણકરોની સ્થિતિ ખરાબ થઇછે. હવા સારી, જમીન સારી, અને વસ્તી આછી હોવા છતાં ખેડુતોની સ્થિતિ સારી નથી, કાફીનો પાક કરવા પ્રત્યે એ

લોકોનું વધારે લક્ષ ગયું છે એ એવી સ્થિતિ થવાનું એક કારણ છે. કાફીના પાકથી સારો નફો થાય છે, તથાપિ તે પાક સારો આવવો એ ઘણું અનિશ્ચિત છે. જમીનના પુષ્કળ વિભાગ પડે છે અને લોકો એશઆરામી અને આળસુ છે એ તેમની ખરાબ સ્થિતિ થવાનાં કારણો છે.

मद्रास इलाको.—મદ્રાસ ઈલાકાના કેટલાક ભાગોમાં વરસાદ હમેશ ઓછો વરસે છે; કેટલાક ભાગોમાં કદી પણ વરસાદની તાણ પડતી નથી. પૂર્વ ભણીના ભાગમાં વરસાદ ઘણું કરીને ઠીક વરસે છે. તોપણ કોઈ કોઈવાર તે ભાગમાં પણ તાણ પડે છે. સને ૧૮૯૧ ની વસ્તીની ગણતરીપરથી જણાય છે કે જે ભાગમાં સને ૧૮૭૬–૭૭ નો દુકાળ પડ્યો હતો તે ભાગમાં વસ્તીનો વધારો સેંકડે વીસ ટકા થયો છે અને આ ભાગના ખેડુતો દુકાળમાં નાશી ગયા હતા તેઓ પાછા આવ્યા છે. બીજા ભાગોમાં વસ્તીનો વધારો સેંકડે ૧૧½ ટકા થયો છે.

खेती अने कर.—આ ઈલાકાના શુમારે ¾ ભાગમાં સ્થાયી જમાબંદી ઠરાવેલી છે. એ ભાગની વાવેતર જમીનની હકીકત મળતી નથી. એ જમીનદારો અને ઈનામદારોની સ્થિતિ બીજા પ્રાંતોના જમીનદારો અને ઈનામદારોની સ્થિતિથી ભિન્ન નથી.

સને ૧૮૯૧–૯૨ ની પહેલાંનાં ચાળીસ વરસમાં ખેતીની સ્થિતિ કેટલી સુધરી છે તે જોવાથી જણાય છે કે જિરાયત ખેતી ત્રીજે હિસ્સો વધી છે, સરકારી નહેરોથી

થતી ખેતી દોઢી વધી છે, અને કૂવાથી થતી બાગાયત ખેતી અઢીગણી વધી છે. બાગાયત વધવાથી બે પાક કરવાનો રિવાજ ગયાં દશ વરસમાં પુષ્કળ વધ્યો છે. દશ વર્ષની પહેલાંના પ્રમાણમાં હમણા બમણી જમીનમાં બે પાક થાય છે. ૭૯ થી ૮૦ ટકા જમીનમાં ધાન્ય થાય છે. સને ૧૮૮૧ ના પ્રમાણમાં જે જમીનમાં એ પાક થાય છે તે જમીનનો એક પંચમાંશ વધારો થયો છે, જે જમીનમાં તેલિયાં બીઆંનો પાક કરવામાં આવે છે તે જમીન બમણી વધી છે, અને કપાસનું વાવેતર આશરે ½ વધ્યું છે, ખેતીનાં જનાવરોનો તથા હળ અને ગાડાંનો ઠીક વધારો થયો છે. આ ઇલાકામાં ખેડવા લાયક જમીન પુષ્કળ છે અને જે જમીનમાં ખેતી થાય છે તેનાથી તે ઉતરતી નથી.

જિરાયત જમીનનું ગણોત કરથી ચોગણું આવે છે અને કેટલીક જમીનની સાંથ તો દશગણી પણ આવે છે. જમીનની કીમત અગાઉ કરતાં વધારે ઉપજે છે. કૂવા પણ વધ્યા છે.

રસ્તા.—સને ૧૮૫૨ માં શુમારે ત્રણ હજાર મેલ રસ્તો સાફ કરેલો હતો. હમણા તેની લંબાઇ ૨૫ હજાર મેલ છે. એ સિવાય આગગાડીનો રસ્તો ૧,૯૦૦ મેલ છે અને નહેરમાં થઇને જતાં આવતાં ૧,૫૦૦ મેલ થાય છે. રસ્તા વધ્યાથી વેપારમાં પણ બેશ વધારો થયો છે.

અનાજના ભાવ.—જ્યાં ત્યાં રસ્તા થવાથી તમામ પ્રાંતોમાં સાધારણ રીતે કીમત 'એકસરખી રહે છે. ગયાં ચા-

વીસ વરસમાં અનાજના ભાવ બમણા થયા છે.

મજૂરી.—મજૂરોને મજૂરી બદલ ઘણું કરીને અનાજ મળે છે, અને નીચી જાતના લોકો કરતાં ઉંચી જાતના લોકોને મજૂરી વધારે મળે છે. એનું કારણ એ છે કે ઊંચી જાતના મજૂરોને ખેડુતોના ઘરની નોકરી પણ મળે છે તેમ નીચી જાતના લોકોને મળતી નથી. ગોદાવરી અને કૃષ્ણાની શાખાના પ્રદેશમાં દક્ષિણ અને ઉત્તર હિંદમાંથી મજૂરો આવે છે. ગયાં વીસ વરસનું પ્રમાણ જોતાં મજૂરોની સ્થિતિ સુધરેલી જણાતી નથી. શહેરોમાં મજૂરીનો દર વધ્યો છે. ઘરનું કામકાજ કરનારા ચાકરો અને સૂતાર, સોની, વગેરે કારીગરોની મજૂરીના દર વધ્યા છે. બીજા કારીગરોના ધંધા પણ ઠીક ચાલે છે. માત્ર સાળવીઓની સ્થિતિ ઘણી ખરાબ છે, તથાપિ બીજા પ્રાંતોના સાળવીઓના જેટલી ખરાબ નથી. તેઓ ઝીણું કાપડ, બાયડીઓનાં લુગડાં, વગેરે માલ બનાવે છે અને તેની ખપત પણ ઠીક થાય છે.

એકંદરે જે ભાગમાં વરસાદ ઠીક વરસે છે તે ભાગના ખેડુતોની સ્થિતિ સારી છે. જે ભાગમાં બરાબર વરસાદ વરસતો નથી તે ભાગમાં પાક ઓછો ઉતરે છે, તોએ ખેડુતોની સ્થિતિ ખરાબ થતી નથી.' એવી આફતનાં બે ત્રણ વરસ લાગલાગટ આવે છે તો તેમાંથી ઠેકાણે આવતાં ઘણી અડચણ પડે છે.

લોકમત.—આપણે અહીં લગી આ ભાગમાં હિંદના લોકોની સ્થિતિ વિષે દશ વાર્ષિક રીપોર્ટમાં જે અભિપ્રાય

આપ્યો છે તેનો સારાંશ આપ્યો. હવે એજ વિષય સંબંધી લોકોનું મત કેવું છે તે ટુંકામાં આપીએ છીએ.

આ દેશમાં ઇંગ્રેજી અમલ શરૂ થયા પહેલાં લોકોની વ્યવસ્થા હમણાની પેઠે એકદેશી નહોતી; તે વખતે સઘળા ધંધા એકસરખા સારા ચાલતા હોવાથી તે નિયમસર હતી. ખેતી એ ગુજરાનનું મુખ્ય સાધન હતું, તોપણ બીજા ધંધા પણ સારા ચાલતા હતા અને આ દેશના ખપના પદાર્થો અહીંઆંજ પેદા થતા હતા, તેમજ ભંડોળ તથા નફો દેશમાં ને દેશમાંજ રહેતાં હતાં. હમણા એ સ્થિતિ બદલાઇ ગઈ છે. દેશમાંના સઘળા ઉદ્યમ અને ધંધા પડી ભાગ્યા છે, અને તેથી કરીને કારીગરો અને ધંધાર્થી લોકો પાંગળા અને નિર્ધન થયા છે અને તેમની સ્થિતિ બીજા હરકોઇ દેશમાં જોવામાં ન આવે એવી વિલક્ષણ અને અધમ થઇ છે આ અધમ સ્થિતિનાં કારણો આ પ્રમાણે આપી શકાય:—(૧) દેશના સઘળા ભાગમાં દરિદ્રતા વધતી જાય છે. (૨) નીચલા વર્ગના લોકો દુઃખી હાલતમાં આવી પડેલા છે. (૩) મધ્યમ વર્ગના લોકોમાં ધનનો સંઘરો થતો નથી અને ધન નહિ હોવાથી તેમનાપર આફત આવે છે તેવારે પોતાનો નિભાવ થઇ શકતો નથી.

આ વિષયનો વિચાર કરવામાં પહેલે તો લોકોની કમાઇ વિષે વિચાર કરવો જોઇએ. આ દેશમાં કમાઇ કેટલી થાય છે તેનો હિસાબ ગણી તે દર વરસે રૂ ૨૦ આવે છે એવી મિ. દાદાભાઈ નવરોજીએ ગણુતરી કરી છે, દર વરસે માણસ દીઠ કમાઇ રૂ ૨૭ આવે છે એવું સને ૧૮૮૨ માં

હિંદ સરકારે કરેલી તપાસમાં જણાઇ આવ્યું અને તેપરથ હિંદના મહેસૂલ ખાતાના મેમ્બરે કાયદા બાંધનારી કૌન્સિલમાં ભાષણ કર્યું કે કર ભરનારા લોકો બહુજ ગરીબ દશામાં છે. કમાઇનું આ પ્રમાણ બીજા સુધરેલા દેશોની કમાઇના પ્રમાણ કરતાં ઘણુંજ ઓછું છે. આ દેશના લોકોની કમાઇ કરતાં ઇંગ્લાંડના લોકોની કમાઈ વીસગણી વધારે છે અને રૂશિઆના લોકોની કમાઈ પણ ચોગણી છે.

આવકનો વિચાર કર્યા પછી તેમાંથી કેટલો ખર્ચ થાય છે તેનો વિચાર કરવો જોઇએ. માણસ દીઠ. ખર્ચ કેટલો થાય છે તે કાઢવાનાં સાધનો નથી, તોપણ કેદખાનાંમાં કેદીઓનો અને લશ્કરોમાં સિપાઇઓનો અને તેમના નોકરોનો જે ખર્ચ થાય છે તેપરથી માણસ દીઠ કેટલો ખર્ચ થાય તેનો અડસટ્ટો કરી શકાય. તુરંગોમાં માણસદીઠ વરસે રૂ ૨૩, લશ્કરમાં સિપાઇ દીઠ રૂ ૪૨, અને તેમના નોકર દીઠ રૂ ૩૦ ખર્ચ પડે છે; ફામીન કમિશન બેઠું હતું તે વખતે સર જેમ્સ પીલે હકીકત મેળવી હતી તેપરથી જણાયું કે ખેડુતોને માણસ દીઠ રૂ૪૦ ખાધા ખર્ચના જોઇએ છે. એ ખર્ચ પુખ્ત ઉમરે આવેલા માણસને થાય છે, તેથી મોટી અને નાની ઉમરનાં માણસો ગણતાં સરાસરી દર માણસે, મોટી ઉમરનાં માણસોને થતા ખર્ચનો પોણો ખર્ચ પડે છે એમ માનીએ તો ચાલે. આ પ્રમાણમાં ઉપલા ખર્ચના ત્રણચતુર્થાંશ કરીએ તો તુરંગમાંના કેદીઓના ખર્ચના પ્રમાણમાં માણસ દીઠ રૂ· ૧૭·૨, લશ્કરના સિપાઇના પ્રમાણમાં રૂ ૩૧·૫ અને તેના નોકરના પ્રમાણમાં રૂ

૨૨'૫ ખર્ચ થાય એમ જણાય છે. ઉપર જે કમાઈ બતાવી છે તેમાંથી બાદ કરવાને સિપાઇ અથવા તેના નોકરના પ્રમાણનોજ ખર્ચ લેઇ શકાય; આપણી ગણતરીને માટે નોકરના પ્રમાણમાં દર વરસે માણસદીઠ રૂ૨૨'૫ થશે એમ માનીએ. એ સિવાય સરકારનો કર માણસદીઠ રૂ૨-૮ અથવા રૂ૨-૧૦ આવે છે. લુગડાંલત્તાંનો ખર્ચ માણસદીઠ રૂ૧-૮ અને પરચૂરણ ખર્ચ આઠ આના થાય છે. એ સઘળો ખર્ચ બાદ જતાં માણસદીઠ માત્ર ત્રણ આના શિલક રહેછે. ખેતીનાં ઓજારો ઘસાઇ જાય છે, અને ઢોર મરી જાય છે તેનો ખર્ચ બેસે છે તથા ઘરખટલાનો, સામાન સરંજામનો અને લગ્નનો ખર્ચ થાય છે તે ઉપલા હિસાબમાં ગણ્યો નથી. એ ખર્ચ બાદ કરતાં શિલક કેટલી રહે તે ખુલ્લુંજ છે. એ શિલક બીજા સુધરેલા દેશોની શિલક જોડે સરખાવતાં કાંઇ વિસાતમાં નથી. ઉપર ખર્ચનું જે પ્રમાણ લીધું છે તે છેક ઓછામાં ઓછું લીધું છે; એવી જાતના ખોરાકથી શરીરની તંદુરસ્તી અને કામ કરવાની શક્તિ શી રીતે રહે !

સને ૧૮૮૮ માં હિંદ સરકારે લોકોની સ્થિતિની તપાસ કરી અભિપ્રાય આપ્યો છે તે એ છે કે આ દેશના તમામ ભાગમાં જે લોકો જેમ તેમ પેટ ભરે છે, જેઓ હમેશ કરજમાં ડૂબેલા છે, જેમની પાસે કાંઇ પણ શિલક રહેતી નથી, અને મોઘવારી થાય છે કે જેમના હાલહવાલ થાય છે તે લોકો પુષ્કળ છે. સર ચાર્લ્સ એલિયટ કહે છે કે ખેડુતોમાંના અડધા ભાગને પેટપૂર અનાજ મળતું નથી.

સર વિલ્યમ હંટરનો અભિપ્રાય એ છે કે ચાર કરોડ માણસને પુરૂં અન્ન ખાવા મળતું નથી. સામટે મેળે જોતાં લોકોની પેદાશ બહુજ થોડી છે, તેમને ખર્ચ કરવાનાં સાધનો નથી, અને શિલકનું પ્રમાણ કેવળ કલ્પિત છે; વરસાદપાણીનો ટોટો થાય છે કે એવા લોકોની દુર્દશા થાય છે. લોકોમાં સારી રીતે રહેવાનું સામર્થ્ય ન હોવાથી તેની અસર તેમના અંગબળ ઉપર થાય છે અને નઠારા ખોરાક વડે ગુજરાન ચલાવવું પડે છે તેથી ઘણા લોકો રોગી થઇ મરણના પંઝામાં સપડાઇ જાય છે. આ દેશના મૃત્યુનું પ્રમાણ યૂરોપના સઘળા સુધરેલા દેશોના મૃત્યુના પ્રમાણ કરતાં સેંકડે ૨૫-૩૦ ટકા વધારે છે. એના કરતાં દેશી સંસ્થાનોના ખેડુતોની સ્થિતિ સારી છે. ફામીન કમિશનની ચોકશી વખતે સર જેમ્સ પીલે ઈંગ્રેજી મૂલકના અને દેશી સંસ્થાનોના ખેડુતોની પેદાશનો અડસટ્ટો કર્યો હતો તેપરથી આ બિના સિદ્ધ થઇ છે.

એવી સ્થિતિ થવાનાં કિયાં કારણો હોવાં જોઇએ, અંદરખાને કયાં બગાડ પેઠો છે કે તેણે કરીને એ પરિણામ થાય છે એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉઠે છે. બાળલગ્ન વગેરે કારણોથી વસ્તી ઝપાટાબંધ વધે છે એ એ સ્થિતિ થવાનું કારણ છે એવું અગાઉ કહેવામાં આવતું હતું, પરંતુ તેનું ખોટાપણું વસ્તીપત્રક પરથી સાબીત થયું છે. આ સંબંધી કેટલીક હકીકત પહેલા ભાગમાં આપી છે તેથી અહીં ફરીને કહેવાની જરૂર નથી; તથાપિ સાધારણ રીતે વસ્તી વધે છે એવું કહેવા કરતાં ગુજરાનનાં સાધનો ઓછાં ઉત્પન્ન

થાય છે એમ કહેવું વધારે વાસ્તવિક જણાશે. બીજો દોષ એ કાઢવામાં આવે છે કે એવી સ્થિતિ થવાનું કારણ લોકોનું ઉડાઉપણું છે. ઉડાઉ ખર્ચ અને સાધારણ ખર્ચનું કાંઇ નક્કી પ્રમાણ નથી. ખેડુતો કેટલેક પ્રસંગે આવકના પ્રમાણમાં વધારે ખર્ચ કરે છે એ ખરૂં છે, તોપણ એ ખર્ચ સારી રીતે રહેનારા લોકોના ખર્ચના પ્રમાણમાં કાંઈ વધારે નથી. ખર્ચ વધારે થાય છે એવું કહેવા કરતાં પેદાશ જોઇએ તેટલી નથી એમ કહેવું વધારે વાજબી છે. હિંદમાં ખેતીની મજૂરી કરનારા લોકોને ઈંગ્લાંડમાં અથવા ફ્રાન્સમાં મજૂરોને જેટલા પૈસા મળે છે તેને બારમે હિસ્સે મળે છે. આ દેશના કારીગરો ઉડાઉ, અવિચારી, અને સુસ્ત છે એમ જે લોકોને પૂરેપૂરી માહિતી નથી તેઓ કહે છે; પરંતુ એ કહેવું ખરૂં નથી. કારીગરો પોતાના કામમાં હોશિયાર, કરકસરથી ખર્ચ કરનારા, થોડામાં સંતોષ માનનારા, અને ઘણા ઉદ્યોગી છે; એમ છતાં બીજા દેશોથી ૧/૧૦ મજૂરી પણ તેમને મળતી નથી એવી સ્થિતિ છે, પરંતુ તેમાં તેમનો કાંઇ દોષ જણાતો નથી.

જે બાબતો આ લોકોના ઉદયની આડે આવેછે તે આ છેઃ—તેમની જોડે પરદેશીઓની જબરી સ્પર્દ્ધા ચાલેછે અને તેમાં આ દેશના લોકો ટકી શકતા નથી, તેથી અહીંના ઉદ્યમ અને ધંધાની પડતી થતી જાયછે; તે ધંધા પરદેશીઓના હાથમાં જાયછે અને ધંધાદારીઓ અને કારીગરોની નબળી દશા આવતી જાયછે. પરદેશીઓ જોડે બરોબરી કરી ટકી રહેવાનાં સાધનો તેમની કને નથી. પ્રતિસ્પર્દ્ધા કરનારા પર-

દેશી લોકો પણ સાધારણ નથી, તેમને ભંડોળ, યંત્રો, શાસ્ત્રીય જ્ઞાન, અને મંડળીમાં મળીને તથા વ્યવસ્થાપૂર્વક કામ કરવાની ટેવ એ સઘળી બાબતોની અનુકૂલતા છે. આ દેશના કારીગરોને એમાંની કોઈ પણ બાબતની અનુકૂલતા નથી. એકંદરે એ બંનેની સ્પર્દ્ધા રાક્ષસ અને માણસની લડાઈના જેવી છે.

કારીગરો જોડે બે રીતે સ્પર્દ્ધા થાય છે. એક પરદેશીઓની—પરદેશથી તૈયાર માલ આવ્યાથી તેવો માલ આ દેશમાં બનાવનારા લોકો ઉદ્યમ વગરના થઈ બેઠા છે અને હવે કારીગરોને કાચો માલ પેદા કરી વેચવાનુજ કામ રહ્યુ છે. દેશની અંદરની સ્પર્દ્ધા—આ દેશમાં પરદેશી તરેહનાં કારખાનાં ચાલુ થવાથી પણ અહીંના કારીગરોના ધંધા પડી ભાગતા જાય છે: એ કારખાનાંમાં લોકોને મજૂરી મળે છે એટલોજ ફાયદો છે. પરદેશીઓ તરફથી થતી આ સ્પર્દ્ધા ઓછી થવાનાં કાંઈ પણ ચિન્હ જણાતાં નથી. જેમ જેમ હિંદમાં આગગાડી પ્રસરતી જાય છે અને તેને લીધે વેપારની સગવડ થતી જાય છે તેમ તેમ પરદેશી વેપારની ચઢતી અને આ દેશના કારીગરોની પડતી થતી જાય છે અને પરદેશીઓને ટક્કર મારવાનું તેમનું બળ નાશ પામતું જાય છે. એ લોકોની સ્થિતિ સુધારવાને સરકારની મદદ જોઇએ, પરંતુ જે શાસ્ત્રીય તત્વોને અનુસરીને (તેઓ આ દેશને લાયક છે કે નહિ તેનો વિચાર કર્યા વગર) સરકાર રાજ્યવ્યવસ્થા ચલાવે છે તેને લીધે પરદેશી વેપારનેજ ઉત્તેજન મળે છે.

આ પ્રમાણે અડધા સૈકાથી વધારે વખત લગી ચાલ્યાથી પરિણામ એ થયું છે કે (૧) પહેલાં જેમ બધા ધંધા વ્યવસ્થાપૂર્વક અને નિયમસર ચાલતા હતા તેમ હવે ચાલતા નથી; (૨) એક પછી એક ધંધા પરદેશીઓના હાથમાં ગયા; અને (૩) આ દેશના લોકોને પોતાના ઉદ્યોગથી અને મહેનતના વિભાગથી વેપાર ધંધા કરી પોતાની સ્થિતિ સુધારવાની આશા રહી નહિ. એકંદર વસ્તીના સેંકડે ૮૬ માણસ ખેતી વડે, ૧૨ માણસ ધંધાવડે, અને ૨ માણસ વેપાર વડે ગુજરો કરે છે. (આ પ્રમાણ સને૧૮૮૧ ની વસ્તીની ગણતરી પ્રમાણે છે. મજૂરો અને તેમનાપર આધાર રાખનારા લોકોની સંખ્યા સને ૧૮૮૧ ના વસ્તીપત્રકમાં જુદી બતાવી છે તેમ સને ૧૮૯૧ ના વસ્તીપત્રકમાં બતાવી નથી, તેથી પહેલાંના અને હમણાના વસ્તીપત્રકના આંકડા સરખાવી જોવાનો રસ્તો નથી. હાલના વસ્તીપત્રક પ્રમાણે કિયા ધંધામાં કેટલા લોકો છે તેનું પ્રમાણ આ ભાગની શરૂઆતમાં આપ્યું છે; તે પ્રમાણે ખેતી અને ખેતીની મજૂરી કરનારા લોકો સેંકડે ૫૯·૭૯ અને ખેતી જોડે સંબંધ રાખનારા બીજા ધંધાદારી લોકો સેંકડે ૨૫.૦૫ છે એવું જણાય છે. વેપારમાં સેંકડે ૧·૬૩ છે.) એપરથી હિંદ દેશ મુખ્યત્વે કરી ખેતી કરનારો દેશ છે એવું કહે છે તે ખરૂં છે. અગાઉ બીજા ધંધા કરનારા લોકો હમણા ખેતીપરજ પડ્યાથી ખેતીની કાંઈક વૃદ્ધિ થઈ છે, પરંતુ એ વૃદ્ધિ સ્વાભાવિક નહોતાં બીજા ધંધા પડી ભાગવાથી થઇ છે; ઘણા લોકોનો ખેતીપરજ મારો પડ્યાથી દરેક માણસ-

ને ખેડવાને બહુ થોડી જમીન મળે છે અને તેથી નફાનું પ્રમાણ પણ ઓછું આવે છે. ઇંગ્લાંડમાં વેપાર ધંધામાં અને ખેતીમાં લોકો કેટલા પ્રમાણમાં છે તે નીચલા આંકડાપરથી જણાઇ આવશે. ખેતીમાં સેંકડે ૧૪.૬, કારખાનાંમાં ૩૦.૪, અને બીજા ધંધામાં ૫૫ છે. એપરથી વેપારમાં, ધંધામાં, અને ખેતીમાં પરોવાએલા લોકોનું પ્રમાણ બંને દેશોમાં કેટલું જુદું જુદું છે તે જણાઇ આવે છે.

આ પ્રકારની સ્થિતિ થવાનું કારણ કેટલેક દરજ્જે ઇંગ્રેજી અમલ થયા પહેલાં માંહોમાંહે લડાઇઓ થતી હતી તે છે; તથાપિ આ દેશ ઇંગ્રેજના તાબામાં આવ્યા પછી તેમની તરફથી એ સ્થિતિ સુધારવાનો યોગ્ય પ્રયત્ન થયો નથી એ નિર્વિવાદ છે. આ દેશમાં ઈંગ્રેજી અમલ થયા પછી આ દેશના અને યૂરોપ, અમેરિકા, વગેરે ખંડોના લોકોનો વહેવાર શરૂ થયો. પરંતુ આ દેશના કારીગરોને યાંત્રિક જ્ઞાન ન હોવાથી અને તે દેશોના લોકો કળામાં નિપુણ હોવાથી તેમની જોડે આ દેશ ટકી શકયો નહિ. એ વેળા આ દેશમાં ઉદ્યોગ ધંધા અને વેપાર યંત્રાદિ સાધનો ન હોવાથી યૂરોપના દેશોના પ્રમાણમાં આ દેશ બાલ્યાવસ્થામાં હતો તેથી તેમને ટક્કર મારવા જેટલું બળ આવતાં લગી સરકારની મદદની જરૂર હતી; પરંતુ તે તેમની તરફથી મળી નહિ એટલુંજ નહિ, પણ ‘વેપારની સામાન્ય છૂટ’ને નામે અર્થશાસ્ત્રના મૂળતત્વનો તેમણે અંગીકાર કર્યાથી અને રેલવે વગેરેનો પ્રસાર થવાથી પરદેશી વેપારનેજ તેમની તરફથી મદદ મળી. પરદેશી બળવાન પ્રતિસ્પર્દ્ધીઓ

જોરે હથિયાર વગર અને એકલા સામા થવાનું હિંદના લોકોને માથે આવી પડયાથી તેમાં તેમનો મરો થયો અને વેપાર ધંધામાં આગળ ન આવતાં તેઓ ખૂણે પડેલા જેવા થયા છે. હજુ દેશી વેપાર અને કળા કૌશલ્યનો પૂરેપૂરો ઉચ્છેદ થયો નથી ત્યાં લગી તેમની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરવાથી ફાયદો થાય તેમ છે.

હવે આ દેશના કેટલા ધંધા પરદેશીઓના હાથમાં ગયા છે તે આપણે જોઇએ. (૧) જે ધંધામાં પરદેશીઓ ઝાઝા દાખલ થયા નથી તે ધંધો માલ ખેતીનો છે. આ ધંધામાં પણ ઇંગ્રેજોએ જમીનદારી વેચાતી લેઈ લેવાની સર જેમ્સ કેઅર્ડે સૂચના કરી છે તેથી એ બાબતમાં પણ ભય રાખવાનું કારણ થયું છે. વળી આ ધંધાની સ્થિતિ પણ આશા રાખવા જેવી નથી. કેટલાક ભાગ સિવાય બાકીના તમામ પ્રાંતોમાં સઘળી ખેડવા લાયક જમીનમાં વાવેતર થાય છે. મધ્ય પ્રાંતો, સિંધ, બ્રહ્મદેશ, અને પંજાબમાં માત્ર કહેવા જેવી ખેડવા લાયક જમીન છે. સાધારણ રીતે બધા પ્રાંતોમાં ખેડવા લાયક જમીન છે તે હમણા જે જમીનમાં વાવેતર થાય છે તેના જેવી નથી. હવે પછી વધારે પડતર જમીનમાં ખેડ થવાથી પણ નુકસાન છે, કારણ કે તે પ્રમાણમાં ગોચરણની જમીન ઓછી રહેતી જશે અને જંગલ પણ ઓછું થતું જશે. બીજા ધંધા નાબુદ થઈ ખેતી તરફ લોકોનું વલણ થવાથી દરેક ખેડુતને બહુજ થોડી જમીન આવે છે અને તેની જે ઉપજ થાય છે તેમાંથી અનાજ પરદેશ જઈ બાકી રહે છે તે ખેડુતોના

અપ જેટલું પણ હોતું નથી. બધા મજૂરોને ખતીની મ-જૂરી મળે છે એમ નથી. ફામીન કમિશનનો એક સભાસદ નામે સર જેમ્સ કેઅર્ડ એ વિષે નીચે પ્રમાણે કહે છેઃ— "બીજા દેશોના મુકાબલામાં હિંદ દેશનો પુરેપુરો આધાર ખેતીપર છે, પરંતુ વસ્તીના પ્રમાણમાં ખેતી બહુ થોડી થાય છે. ઇંગ્લાંડમાં વ્યવસ્થાપૂર્વક ખેતી થાય છે ત્યાં એક ચોરસ મૈલે ભાયડા, બાયડી, અને છોકરાં મળી પચાસ માણસને કામ મળે છે; હિંદમાં એક ચોરસ મૈલે તેના ચોગણા એટલે બસેં માણસ લઇએ તોપણ એકંદર વસ્તીમાંના એક-તૃતીયાંશ લોકોનેજ કામ મળે છે." "કામ કરવાના વખતમાં એટલે દિવસે હિંદમાં જેટલા આળસુ માણસો જોવામાં આવે છે તેટલા બીજા કોઇપણ દેશમાં જોવામાં આવતા નથી; રસ્તા, સરકારી કચેરીઓ, ચકલા, વગેરે સ્થળોમાં જ્યાં ત્યાં રખડતા અને આળસુ લોકો હોયછેજ; રેલવે સ્ટેશનપર પણ તમાશગીરો ઉભેલા હોયછે. દિવસે હરકોઇ ગામમાં જાઓ, તમારી આસપાસ આળસુ લોકો ટોળે વળશે; એવી સ્થિતિ થવાનું કારણ લોકોને કામ નથી તે સિવાય બીજું શું હોઇ શકે ?" એની અટકળ પ્રમાણે શાહેરો બાદ કરતાં બાકીના પ્રાંતોમાં જે લોકો રહે છે તેમાંના ¾ એટલે બાર કરોડ માણસને ધંધો મળતો નથી; એ પરથી કેટલા માણસોનું બળ નકામું જાય છે તેની કલ્પના થઇ શકશે. આ નિરૂદ્યમીપણાનું પરિણામ એ થાય છે કે લોકોમાં આળસ ભરાતું જાય છે અને એ દુર્ગુણ એકવાર પેઠો એટલે નીકળવો બહુ મુશ્કેલ પડે છે. વધતી જતી વ-

સ્તીને માટે અનાજનો વધારો શી રીતે થાય એ પ્રશ્ન તો મહત્વનો છેજ, પરંતુ એના કરતાં પણ નિરૂદ્યમી લોકોને કામ ધંધો શી રીતે મળે એ પ્રશ્ન વધારે મહત્વનો છે. ખેતી વધારવાની ઝાઝી સગવડ નથી, તેથી હવે પાક કરવાની રીત બદલી જમીનમાં વધારે પાકે એવું કરી ખેતીનો વધારો કરવો જોઇએ. દેશના ઘણા ભાગમાં વરસાદનું પ્રમાણ ઓછું છે અને તેથી દુકાળ વારંવાર પડે છે. એની લોકો પર જબરી અસર થાયછે તે ઘણા લોકો કામ ધંધા વગરના નિરૂદ્યમી હોવાથી થાય છે એવો ગ્રામીન કમિશનનો અભિપ્રાય છે. બાગાયત વધીને ખેતીનો વધારો થવો જોઇએ. જે ભાગમાં વરસાદ અનિશ્ચિત હોવાથી જમીનને કૃત્રિમ ઉપાયોવડે પાણીની સોઈ હોવાની જરૂર છે. તેમાંની સુમારે એક પંચમાંશ જમીનમાં બાગાયત પેદાશ થાય છે. એ બાબતમાં પણ લોકોની જાત મહેનત જણાતી નથી; બાગાયત જમીનમાંની ૩ જમીનમાં ખાનગી કૂવામાંથી પાણી મળે છે; બાકીની તમામ બાગાયત જમીનમાં સરકારે મેળવી આપેલા પાણીથી પેદાશ થાય છે. જમીનમાં પાક કરે અને તેમાં ખાતર ન નાંખે તો તેનો કસ ઓછો થઇ જાય છે. ખેડુતોમાં જમીનનો સુધારો કરવાની શક્તિ નથી અને સુધારો કરવાની તેમને હોંસ થાય એવાં કારણો નથી. સુધારો કરવાથી જે ફાયદો થાય તે બધો પોતાને મળશે એવો ભરોસો હોયા વગર હરકોઇને તે કરવાની ઇચ્છા થતી નથી. એવો ફાયદો પૂરેપૂરો મળવાનો સંભવ અથવા ભરોસો જ્યાં કરનો દર વારેવારે બદલાય ત્યાં રહેવો મુશ્કેલ છે. જે ભાગમાં જમીનદારી પદ્ધતિ ચાલુ હોઈ જમીનની માલિકી

ખાનગી માણસોની હોય છે તે ભાગમાં, જેમ કે બંગાળામાં, ખેડુતો ઘણા થવાથી તેમને નાના નાના પટા મળે છે અને ચરસાચરસીથી કર પણ ઘણો વધે છે; એનું પરિણામ પણ ઉપલાના જેવુંજ થાય છે. એ કારણથી જમીનની સુધારણા થવામાં હરકત થાય છે. એકંદરે ખેતી પરદેશીઓના હાથમાં ન જતાં બાકી રહી છે તેની સ્થિતિ પણ સંતોષકારક નથી.

(૨) ખાણનો તમામ ધંધો પરદેશીઓના હાથમાં છે. પહેલાં એ ધંધો ધાવડ વગેરે લોકો કરતા હતા તેઓ નાશ પામ્યા છે. હરકોઇ ધંધામાં પરદેશીઓને સ્પર્દ્ધાની બીક રહી નથી, કારણ કે અહીંના લોકોને તે ચલાવવાને જે જ્ઞાન અને દ્રવ્ય જોઇએ તેની અનુકૂળતા નથી. કોલસાની ખાણ પરદેશીઓના હાથમાં જશે તો હાલના સમયમાં આ દેશ દ્રવ્યવાન થવાનું એક મુખ્ય સાધન કોલસા છે તે જતું રહેશે. (૩) વેપારની બાબતમાં જોવાથી જણાય છે કે મૂળે, પરદેશીઓએજ વધારેલો હોવાથી તે સઘળો તેમના હાથમાં છે; માત્ર એક-દશાંશ વેપાર આ દેશના લોકોના હાથમાં છે. માલ જળમાર્ગે પરદેશ લેઈ જવા લાવવાનાં વહાણો પણ પરદેશીઓનાંજ છે. દેશની અંદર વેપાર ચાલે છે તે જોતાં જણાય છે કે એ સઘળો વેપાર રેલવેની મારફતજ ચાલે છે; તે ચાલુ કરવાનું ઘણુંખરૂં ભંડોળ પરદેશીઓનુંજ છે; તેનું વ્યાજ તથા જે ઉપજ થાય છે તે પણ પરદેશીઓનેજ મળે છે. બંદરોમાં વેપાર કરનારા પરદેશી વેપારીઓ દેશમાં પણ વેપાર કરવા લાગ્યા છે અને આ

દેશના લોકોમાં એક્યતા તથા ભાગથી વેપાર કરવાનું જ્ઞાન ન હોવાથી તેમનો (પરદેશીઓનો વેપાર) વધતો જાય છે. એ સંબંધી વધારે વિચાર આપણે આગળ કરીશું. (૪) પરદેશીઓની સ્પર્દ્ધાની અસર ઘણું કરીને આ દેશની બ્‌ધી જાતની કારીગરીના ધંધાપર થઇ છે. પરદેશી તૈયાર માલ અહીં આવ્યાથી અહીંના ધંધા પડી ભાગ્યા છે અને તે તૈયાર માલનો વેપાર જેમ જેમ વધતો ગયો તેમ તેમ દેશી કારીગરીના ધંધાની પડતી થતી ગઇ. એ ધંધા પડી ભાગ્યાથી પરદેશીઓને આ દેશમાં કારખાનાં કહાડવામાં મદદ થઇ છે. એ મદદ બે રીતે થઇ છે. એક તો અહીંના કારીગરો પડી ભાગ્યાથી તેમની જોડે સ્પર્દ્ધા કરવાને કોઇ રહ્યું નહિ અને બીજું કારીગરો છૂટા થયાથી મજૂરી સસ્તી થઇ છે. એ પરદેશી પદ્ધતિનાં કારખાનાંને લીધે મજૂરી મળે છે એ એક ફાયદો છે, પરંતુ તે ફાયદો બહુજ થોડો છે, કારણ કે તેવાં કારખાનાંથી ઘણા કારીગરોના ધંધા પડી ભાગે છે અને તે પ્રમાણમાં મજૂરોને મજૂરી પણ મળતી નથી. એ કારખાનાંથી એક ફાયદો છે તે માત્ર મહત્વનો છે. તે એ છે કે પરદેશીઓનાં કારખાનાં અહીં થવાથી તેમની દેખાદેખી અહીંના લોકો અહીંના ભંડોળ વડે તેવાં કારખાનાં કહાડવા લાગ્યા છે.

અહીંના વેપાર ધંધા પડી ભાગ્યાથી તથા તે સઘળા પરદેશીઓને હાથ ગયાથી કારીગરો અને ધંધાદારી લોકોની પડતી દશા થઇ છે એવું આપણે ઉપર કહી ગયા છીએ તે વિષે હવે વિચાર કરીએ. ધંધા ગયાથી ઘણી ખ-

રાબ દશા થઈ છે, વસ્તી વધતી જાય છે અને ધંધારોજગાર ઓછા થતા જાય છે. ધંધા કમી થયા તોપણ તેમાં સુધારો થઈ થોડા કામથી વધારે પેદાશ થવાનું સાધન થયું હોત તો ઠીક થાત, પરંતુ તેવું કાંઈ થયું નહિ. શહેરોમાં જે ધંધાર્થી લોકો છે તેમને સાધારણ રીતે કામ મળે છે, પરંતુ ગામડાંમાં કારીગરો અને ધંધાર્થીઓનું કામ ગયાથી તેમને વરસમાં ઘણો ભાગ બેશી રહેવું પડે છે. વેપારીઓ અને દુકાનદારોનો ધંધો સાધારણ રીતે ઠીક ચાલે છે. મજૂરોની દશા ખરાબ છે. તેમને માટે ખેતીની મજૂરી સિવાય બીજો મોટો ધંધો રહ્યા નથી અને તે કામ વરસમાં માત્ર થોડી મુદ્દત ચાલે છે. બાગાયત ખેતીપર માત્ર આખું વરસ મજૂરી મળે એવું છે અને ખેડુતો પણ બધો વખત કામે લાગેલા હોય છે; પરંતુ જિરાયત ખેતી કરનારા ખેડુતો અને મજૂરો પણ વરસના ઘણા દિવસ લગી નકામા રહે છે. કેટલાક ગાડીનો ધંધો કરે છે, પરંતુ એ ધંધાવડે બહુ થોડા લોકોનો નિભાવ થાય છે. એ પ્રમાણે ધંધાર્થી લોકો અને મજૂરોમાં કામ કરવાની શક્તિ હોવા છતાં કામ ન હોવાથી તેઓ નકામા બેશી રહે છે. એકજ ધંધામાં ઘણા લોકો થવાથી નફાનું પ્રમાણ ઘટે છે, લોકોની ઉમેદ ઓછી થાય છે, અને ધંધો કરનારા લોકોનો જાતિગુણ ઘટી જાય છે. ધંધાર્થી અને કારીગર લોકોને ધંધામાં ઘણા લોકો થયા એટલીજ અડચણ થઈ છે એમ નથી. તેમને પુષ્કળ અડચણો છે. તેમને શાસ્ત્રીય જ્ઞાન નથી, સારાં યાંત્રિક સાધનોની અનુકૂલતા નથી; એ અડચણો ખેડુત,

સુતાર, લુહાર, વણકર, કુંભાર, વગેરે બધા લોકોને છે. એ લોકોની દુર્દશા થવાનું બીજું મહત્વનું કારણ ભંડોળનો ટોટો છે. ભંડોળ ઓછું છે તેનું કારણ એક તો એ છે કે દેશમાં દ્રવ્ય ઓછું છે અને બીજું એ કે સાખ ઓછી છે. ધનનો સંચય ઓછો હોવાનાં કારણો ઇંગ્રેજી અમલ થયા પહેલાં જે ગડબડ ચાલતી હતી, તેમાં દ્રવ્યનું સંરક્ષણ થતું નહિ અને વેપાર પણ બરાબર ચાલતો નહિ તે છે. ઇંગ્રેજનું રાજ્ય થયા પછી આ દેશમાંથી પુષ્કળ પૈસા બિલાયત જાય છે; સાધારણ અડસટ્ટાથી જણાય છે કે દેશમાં જે ચોખ્ખી શિલક રહે છે તેનો ત્રીજો હિસ્સો વિલાયત જાય છે અને તેનો વેપારી રીતનો કાંઈ પણ બદલો આવતો નથી. વારેવારે દુકાળ પડે છે તેને લીધે પણ દ્રવ્યનો સંચય થવામાં હરકત પડે છે. સરકારી કરમાં પણ મોટી રકમ એટલે ચોખ્ખી શિલક રહે છે તેનો લગભગ અડધો અડધ ભાગ જાય છે. જેઓ દ્રવ્ય એકઠું કરવાને શક્તિમાન છે તેઓ જમીનદારો વગેરે મોટી જાગીરવાળા લોકો, મોટા પગારદાર સરકારી નોકરો, વકીલો, દાક્તરો, પરદેશ જોડે વેપાર કરનારા બેપારીઓ, પેઢી ચલાવનારા લોકો, મોટાં કારખાનાં ચલાવનારા લોકો અને સારા ઊંચા કારીગરો માત્ર છે. એ લોકોની સંખ્યા થોડી છે. કારીગરોની, મજૂરોની, અને ખેડુતોની સ્થિતિ વિષે આપણે ઉપર કહી ગયા છીએ. તેમની કને ધનનો સંચય બિલકુલ થઈ શકે તેમ નથી. એ લોકોની પાસે ધંધામાં રોકવાને પોતાના પૈસા હોતા નથી અને તેમને લોકો કનેથી પણ

ભારે વ્યાજ આપ્યા સિવાય પૈસા મળતા નથી. ભંડોળ થોડું છે, અને તેનો ઉપયોગ વેપાર ધંધામાં થતો નથી, કારણ કે સહીઆરા ભંડોળની પેઢીઓ કહાડી સાખ વધારવાનો રિવાજ નથી. આ બાબતમાં મદ્રાસમાં બેન્કો કહાડી પૈસાની લેણદેણ કરવાનો વહીવટ ઠીક શરૂ થયો છે. કારીગરો અને ધંધાર્થી લોકોને પણ એકઠા મળીને કામ કરવાની ટેવ નથી; તેમને બિલકુલ આશ્રય મળતો નથી. એકંદરે દેશની દુર્દશા થવાનું મુખ્ય કારણ ઉદ્યોગ તથા ધંધાની પડતી છે.

અત્યાર લગી ઉદ્યોગ ધંધાના તથા ખેતીના સંબંધમાં આ દેશની સ્થિતિ કેવી છે તે વિષે આપણે કહ્યું. હવે વેપારને લીધે દેશની સ્થિતિપર કેવી અસર થઈ છે તેની કેટલીક બાબત ખાસ લક્ષમાં રાખવા જોગ છે અને જેને લીધે દેશની સ્થિતિપર વિશેષ પ્રકારની અસર થઈ છે તે આપીએ છીએ.

ચૌદમા ભાગમાં વેપારની હકીકત આપી છે તે પરથી વેપારની ઘણી વૃદ્ધિ થઈ છે અને સઘળા દેશો જોડે વેપાર ચાલે છે તે સહજ લક્ષમાં આવશે. વેપારની દૃષ્ટિએ જોતાં આ બિના ઘણી મહત્વની અને અતિશય ફાયદાની થઈ છે અને એમ થવાનું મુખ્ય કારણ વેપારમાં કુશળ ઈંગ્લાંડ દેશ જોડે આ દેશનો સંબંધ થયો તે છે; તે દેશની મદદ વગર એ રીતે થવાને ઘણો કાળ લાગત. વેપારની બાબતમાં બધા દેશો જોડે આ દેશનો સંબંધ રહ્યાથી દુનિયાના વેપારમાં આ દેશને પણ હિસ્સો મળે છે. આ બિના દેશ-

ની ઉન્નતિ થવાને મહત્વની છે, કારણ કે હરકોઈ દેશની આબાદી અલગ રહેવાથી થતી નથી. આ દેશમાં ફ્રીટ્રેડ (અપ્રતિબંધ વેપાર)નાં મૂળતત્વો લાગુ થવાથી પણ વેપારને (ફક્ત વેપારની દૃષ્ટિએ જોતાં) ઘણો ફાયદો થયો છે. ચા, કાફી, વગેરે જે નવા પદાર્થોનો પરદેશમાં ઘણો ખપ થાય છે તે પદાર્થોની ખેતી ઇંગ્રેજોના ભંડોળ અને હોશિયારીને લીધે અહીં શરૂ થઈ છે. ગાડીના રસ્તા અને રેલવેનો વિસ્તાર થવાથી પણ વેપારની વૃદ્ધિ થવામાં મદદ થઇ છે. આ સઘળાં કારણોથી વેપારની વૃદ્ધિ થઈને આ દેશમાં નીપજતા કાચાં અને તૈયાર માલની ખપતની બાબતમાં આ દેશે મોટાં રાજ્યોની જોડે ટક્કર લેવા માંડી છે. આ વેપાર વધવાનાં કારણો કિયાં બન્યાં છે તે વેપારના ભાગમાં બતાવ્યાં છે. હવે એ વેપારનું પરિણામ આ દેશપર કેવું થયું છે તે જોવાનું છે. પરદેશો જોડે આ દેશનો વેપાર ચાલે છે તે જે ઠેકાણે માલ બને છે ત્યાંથી તે જે દેશમાં ખપે છે તે દેશમાં જાય છે ત્યાં લગી પરદેશીઓના હાથમાં છે. આ દેશમાંની રેલવે દેશીઓની નથી, તેનું બહુજ થોડું ભંડોળ આ દેશનું છે. માલ લેઇ જવા લાવવાને દરિયામાં જે વહાણો છે તેઓમાંનાં ઘણાંખરાં પરદેશીઓનાં છે. દેશીઓના વહાણોનું ટનેજ (વહાણમાં કેટલા ટન માલ રહે તેનું પ્રમાણ) કુલ ટનેજ પૈકી સેંકડે ૨.૧૪ છે. બાકીનું ૯૭.૮૬ ટનેજ ઇંગ્રેજોનાં અને બીજા દેશોનાં વહાણો અને આગબોટોનું છે; તેમજ આગબોટો વધતી જાય છે અને તે પ્રમાણમાં દેશીઓનાં વહાણો ઓછાં થતાં જાય છે. પરદેશો જોડે વેપાર કરનારી એક પણ આ-

ગભોટ દેશીઓની નથી. એમ આ બાબતમાં પરદેશીઓનાં પગલાં ઝપાટાબંધ આગળ વધતાં જાય છે અને દેશીઓનાં પાછળ હઠતાં જાય છે. દેશીઓના હાથમાં શુમારે એકદશાંશ વેપાર છે અને તેમને તેજ પ્રમાણમાં નફાનો હિસ્સો મળે છે. આ દેશની રાજ્યવ્યવસ્થાના સંબંધમાં પુષ્કળ નાણું ઇંગ્લાંડ મોકલવું પડે છે અને તે પેટે વેપારી માલજ જાય છે એવું આપણે વેપારના ભાગમાં કહી ગયા છીએ. એ કારણથી આયાત માલ કરતાં નિકાશ માલ હમેશ વધારે મોકલવો પડે છે અને આયાત, માલને બદલે માલ મોકલવાની જરૂર ન હોવા છતાં સરકારી ખર્ચ માટે વધારે માલ વિલાયત મોકલવાની જરૂર પડ્યાથી વેપારના હમેશના ક્રમમાં ફેર પડે છે અને માલની કીમતના સંબંધમાં પણ નુકસાન થાય છે. આ સઘળી બાબતમાં જતી ગોટ આ દેશના લોકોને ખમવી મુશ્કેલ પડે છે તેનું કારણ એ છે કે આ દેશના ધંધારોજગાર પડી ભાગ્યા છે. આ દેશમાંથી જે માલ જાય છે તે બધો કાચો માલ અને અનાજ હોય છે; તૈયાર માલ બહુ થોડો જાય છે. જે માલ આવે છે તે તૈયાર કરેલો હોય છે; તૈયાર માલ વધારે આવતો જાય છે તેના પ્રમાણમાં આ દેશના ધંધા પડી ભાગતા જાય છે એવું આપણે ઉપર કહી ગયા છીએ. બધા ઉદ્યોગ અને કારીગરીના ધંધા જઈ ખેતીનોજ ધંધો રહ્યાથી લોકોની હાલની માઠી દશા થઈ છે એવું પ્રાચીન કમિશને સ્પષ્ટ કહ્યું છે. કમિશનરો કહે છે કે "હિંદના લોકોની દરિદ્રાવસ્થા થવાનું અને દુકાળનાવખતમાં તેમના

હાલહવાલ થવાનું મૂળ કારણ ઘણાખરા લોકોને ખેતીનોજ ધંધો રહ્યો છે તે છે; એ લોકોનાં સંકટો ટાળવાનો મુખ્ય ઉપાય એટલોજ છે કે ખેતીમાં ન રોકાતાં બિનરોજગારી રહેલા લોકોને ઉદ્યોગ ધંધા અથવા કામ મળે એવી સોઈ કરવી જોઇએ. એ સોઈ થયા સિવાય હરકોઈ બીજો ઉપાય કરવાથી લોકોની હાલની દુર્દશાનો પૂરેપૂરો અટકાવ થવાનો નથી." આયાત માલની યાદી તપાસવાથી જુદી જુદી જાતનો તૈયાર માલ કેટલો આવે છે અને કેટલી બાબતમાં (દીવાસળીની પેટી અને સાદડીથી માંડીને યંત્રના સામાન લગી) આ દેશ પરતંત્ર થયો છે તે જણાઈ આવશે. એ માલ તૈયાર કરવા માટે આ દેશમાંથી કાચો માલ પણ પુષ્કળ જાય છે. વેપારની આવી સ્થિતિ થવાથી કેટલું નુકસાન થાય છે તેનું અનુમાન કરવું મુશ્કેલ છે. ફક્ત રૂ જાય છે તેને બદલે તે રૂનું કાપડ મોકલવામાં આવે તો આ દેશને ત્રીસ કરોડ રૂપિઆનો નફો રહે એવો અડસટ્ટો કર્યો છે. એકંદરે તૈયાર કરવા સારૂ તાગ, રેશમ, વગેરે કાચો માલ મોકલવામાં આવે છે તેનો પાકો માલ કરીને મોકલવામાં આવે તો શુમારે પચાસ કરોડ રૂપિઆનો નફો રહે એવું માનીએ તો તે ખોટું નહિ ગણાય. આ પરાધીનપણાથી પંસાનુંજ નુકસાન થાય છે એમ નથી. દેશના તમામ લોકોમાં બધી રીતે [illegible] [illegible] નિરૂત્સાહ પેઠાં છે. એ અતિ દુ:ખદાયક નુકસાન [illegible] છે; અગાઉ સઘળા ધંધા વ્યવસ્થાપૂર્વક ચાલતા હતા તેમ હવે ચાલતા નથી; બધા લોકોને

એકજ ધંધો લેવાનો રહ્યો. કારીગરોને ખેતીના ધંધામાં તે જ્ઞાનની જરૂર નહિ તે ધંધામાં જવું પડ્યાથી તેમની કમાઇ ઓછી થઇ, અને તેનું પરિણામ એ થયું કે મધ્યમ વર્ગના લોકોમાં દ્રવ્યનો સંચય કરવાનો રસ્તો બંધ થયો અને વધતી જતી પ્રજાના ગુજરાનનો માર્ગ સાંકડો થયો, અને એકંદરે દેશની સામાજિક, સાંપત્તિક, અને નૈતિક સ્થિતિ પર બહુ માઠી અસર થઈ છે. એમ બધા લોકોનો ખેતી પર મારો પડ્યાથી ખેતી કાંઈક વધી છે. પરંતુ એ રીત ઘણાં વરસથી ચાલે છે. તોપણ ખેતીની રીતમાં કહેવા જેવો સુધારો થયો નથી. ખેતીનો માલ પરદેશ જાય છે તેથી ખેડુતોને શુમારે ચાર કરોડ રૂપિઆનો નફો રહે છે એવો અડસટ્ટો કહાડયો છે, પરંતુ ખેડુતોની સંખ્યા પુષ્કળ વધી છે તેમાં એ નફો વહેંચીએ તો માણસદીઠ ચાર આના આવે કે નહિ તે પણ શક ભરેલું છે. એ વેપારથી ખરેખરો ફાયદો એ થયો છે કે પરદેશમાં અહીંના માલની છાપ પડી છે.

એકંદરે સઘળા દેશો જોડે સંબંધ થયો, વેપારની વૃદ્ધિ થઈ, અહીંના માલની પરદેશમાં છાપ પડી, વગેરે બાબતો વેપારના સંબંધમાં ફાયદાકારક થઇ છે; બીજી તરફથી એ વેપાર પરદેશીઓના હાથમાં ગયો છે, અહીંના સઘળા ઉદ્યોગ અને ધંધા પડી ભાગ્યા છે અને તેણે કરીને દરિદ્રતા વધી છે એ નુકસાનની બાબતો છે. હમણા એ નુકસાન તરફ લોકોનું લક્ષ ગયું છે અને કાચા માલનો તૈયાર માલ બની પહેલાં કરતાં હમણા વધારે જવા માંડયો

છે એ બિના સંતોષ માનવા જેવી છે. વેપારની ઉન્નતિ કરવાના કામમાં ઇંગ્રેજોના જેવા વેપારના, કારીગરીના, સંપના, આગ્રહના, અને છાતીના કામમાં નિપુણ લોકોનું ઉદાહરણ નકલ કરવાને સન્મુખ છે એ પણ આ દેશના લોકોના અસાધારણ સુભાગ્યની બિના છે.

ભાગ ૨૧ મો.

દેશી સંસ્થાનો.

અત્યાર લગી આપણે હિંદના એક ભાગના એટલે ઈંગ્રેજના ખાસ અમલ તળેના પ્રાંતોની રાજકીય અને સાંપત્તિક સ્થિતિનું ટુંકામાં વર્ણન કર્યું. હવે આ દેશનાં સંસ્થાનોના વિસ્તાર, તેમની વસ્તી અને ઉપજની હકીકત આપીએ છીએ. પહેલે તો હિંદની સરહદપર આવેલાં સંસ્થાનોની થોડી હકીકત આપીશું અને પછી આ દેશનાં સંસ્થાનોના સંબંધમાં કોષ્ટક આપવામાં આવશે.

હિંદની વાયવ્ય સરહદ્દપર અફૂગાન લોકોનું રાજ્ય છે. એ રાજ્ય જોડે ઈંગ્રેજ સરકાર જે વર્તન ચલાવેછે તેનું મૂળ તત્વ એ છે કે આ દેશમાં રૂશિઆના આવવાના માર્ગમાં બહુ બહાદુર, બળવાન, અને પોતાની જોડે સ્નેહથી વર્ત્તે એવું એક સ્વતંત્ર રાજ્ય રાખવું. પ્રસંગ આવે ત્યારે હિંદની તરફથી શત્રુ જોડે લડવાને તૈયાર થઈ રહે તેટલા માટે સૈન્યને હથિયારબંધ સજ રાખવાને અમીરને થોડી મદદ આપવામાં આવે છે. અફૂગાનીસ્તાનની દક્ષિણે બલૂચીસ્તાનમાં ખિલાત સંસ્થાન છે તેના ખાનની જોડે તહનામું થયું છે, તેમાં તેણે ઈંગ્રેજની શ્રેષ્ઠતા કબૂલ કરી છે અને ઈંગ્રેજ સરકારની માર્ફત પરરાજ્યો જોડે સંબંધ રાખવાની પણ કબૂલાત આપી છે. લાસબેલા અને ખરણ સંસ્થાનો તથા મક્રાણ પ્રાંતમાંનાં કેજ અને પજગર સંસ્થાનો ખાનનાં તા-

બેદાર છે. બલૂચીસ્તાનનો કેટલોક ભાગ બ્રિટિશ બલૂચીસ્તાન કહેવાય છે તે ઇંગ્રેજના તાબામાં છે; એમાંનો કેટલોક ભાગ ખિલાતના ખાન કનેથી કેટલીક શરતે ઇંગ્રેજ સરકારે વહીવટ કરવા માટે લીધો છે અને કેટલોક ભાગ અફગાનીસ્તાનની લડાઈમાં મળ્યો છે. બ્રિટિશ બલૂચીસ્તાન અને પંજાબની વચમાંના મૂલકમાં મર્રી અને બગટી જાતના લોકો રહે છે, તેઓ ઇંગ્રેજ જોડે કરેલા કરાર પ્રમાણે વર્ત્તે છે. વાયવ્ય તરફની સરહદ્દપર પંજાબ અને અફગાનીસ્તાનની વચ્ચે ડુંગરી મૂલક છે તેમાં ઉત્તરે પેશાવર, સરહદ્દપર સ્વાતી, યુસફઝઈ, ગડુન, મોહમંડ, આફ્રિડી, ઓરકઝઇ, ઝમુક્ત, અને તુરી જાતના લોકો વસે છે; સરહદ્દની દક્ષિણમાં વઝિરી, બટની, દવારી, અને શિરાણી જાતના લોકો રહે છે. એ લોકોના મુખી કને ગુન્હો નહિ કરવાનું અને ઇંગ્રેજના શત્રુને આશરો નહિ આપવાનું કરારનામું લખાવી લીધું છે. આફ્રિડી, ઓરકઝઈ, વઝિરી પૈકી મહસૂદ, બટની, અને શિરાણી જાતના લોકોને ખૈબર, કોહાત, અને ગોમલ ઘાટમાં બંદોબસ્ત રાખવાનું કામ સોંપ્યું છે અને તે બદલ તેમને કાંઇક પગાર મળે છે. એ ભાગને લગતાં કાશ્મીર અને તેનાં તાબાનાં સંસ્થાનો (ગિલજિત, ચિત્રલ, શિન યાઘીસ્તાનના ચિલાસ અને દરેલ) છે. દીર સંસ્થાન અને યાઘીસ્તાનનું તંગીર સંસ્થાન હમણા કાશ્મીરની તાબેદારી કબૂલ રાખતાં નથી. ઉત્તરે નેપાળ, ભૂતાન, અને સિકિમ સંસ્થાનો છે તેમાંનાં નેપાળ અને ભૂતાન સ્વતંત્ર છે. સિકિમ પણ ઇંગ્રેજનાં આશ્રિત સંસ્થાનોમાંનું છે. પૂ-

વેભણી મણીપુર સંસ્થાન છે તે પણ ઈંગ્રેજના આશ્રિત વર્ગમાંનુંજ છે. આસપાસની સરહદ્દપર સાત મુખ્ય જાતિઓના તાબાના પ્રાંતો છે તેમનાં નામ અકા, ડફળા, મિરી, અબોર, મિશ્મિ, ખાંપતી, અને નાગા. એ લોકો ઈંગ્રેજી રાજ્યની સરહદ્દપરના ભાગોના લોકોને વારંવાર ત્રાસ આપે છે અને તેમનો બંદોબસ્ત રાખવાને ગોઠવણ ચાલે છે. નાગા લોકોનો પ્રાંત માત્ર ઈંગ્રેજી મૂલકમાં ભેળી દીધો છે. આસામ અને બંગાળાની સરહદ્દપર લુશાઈ લોક રહે છે તેમનો બંદોબસ્ત સને ૧૮૯૨ માં કરવામાં આવ્યો. બ્રહ્મદેશની સરહદ્દપરનાં સંસ્થાનોનો સંબંધ ઉત્તર બ્રહ્મદેશ લીધા પછી શરૂ થયો. એમાંનાં કેટલાંક સંસ્થાનો ખાલસા કરવામાં આવ્યાં છે, અને બાકીનાં સંસ્થાનોએ ઈંગ્રેજનું ઉપરીપણું કબૂલ કર્યું છે.

હવે આપણે દેશી સંસ્થાનોના સંબંધમાં ઉપર કહેલી બાબતોની હકીકત આપીએ છીએ. એ હકીકત પાર્લમેન્ટ સભામાં રજુ થયેલા દશ વાર્ષિક રીપોર્ટમાંથી લીધી છે.

સંસ્થાનનું નામ.	ક્ષેત્રફળ ચોરસ મૈલ.	વસ્તી. સને ૧૮૯૧ ના વસ્તીપત્રક પ્રમાણે.	ઉપજ. રૂપિઆ.
હૈદરાબાદ.	૮૨,૬૯૮	૧,૧૫,૩૭,૦૪૦	૩,૦૦,૦૦,૦૦૦
મ્હૈસૂર.	૨૭,૯૩૬	૪૯,૪૩,૬૦૪	૧,૪૯,૧૯,૦૩૦
વડોદરા.	૮,૨૨૬	૨૪,૧૫,૩૯૬	૧,૩૩,૫૦,૯૦૦
રજપૂતાનાનાં સંસ્થાનો—			

ઉદેપુર(મેવાડ).	૧૨,૮૬૧	૧૮,૬૨,૪૭૮	૨૫,૯૬,૩૦૦
ડુંગરપુર.	૧,૪૪૦	૧,૬૫,૪૦૦	૧,૭૬,૪૦૦
વાંસવાડા.	૧,૯૩૭	૨,૧૨,૨૬૯	૨,૦૪,૦૦૦
પ્રતાપગઢ.	૯૫૯	૮૭,૯૭૫	૧,૯૨,૪૦૦
જેપુર.	૧૫,૩૪૯	૨૮,૩૨,૨૭૬	૬૧,૯૧,૩૦૦
કિસનગઢ.	૮૭૪	૧,૨૫,૫૧૬	૩,૪૫,૯૦૦
જોધપુર (મારવાડ).	૩૭,૪૪૫	૨૫,૨૧,૭૨૭	૪૩,૦૦,૦૦૦
જેસલમીર.	૧૬,૦૩૯	૧,૧૫,૭૦૧	૧,૫૬,૦૦૦
સિરોહી.	૧,૯૬૬	૧,૮૮,૯૭૭	૨,૫૮,૦૦૦
બિકાનેર.	૨૩,૦૯૦	૮,૩૧,૯૫૫	૧૯,૯૭,૭૦૦
બુંદી.	૨,૨૨૫	૨,૯૫,૬૭૫	૬,૮૧,૯૦૦
ટોંક.	૧,૪૧૫	૧,૯૮,૯૩૪	૧૫,૩૯,૦૦૦
શાહપુર.	૪૦૬	૬૩,૬૪૬	૨,૮૬,૦૦૦
ભરતપુર.	૧,૯૬૧	૬,૪૦,૩૦૩	૨૭,૧૭,૯૦૦
ધોલપુર.	૧,૧૫૬	૨,૭૯,૮૯૦	૯,૫૯,૦૦૫
કિરોલી.	૧,૨૨૯	૧,૫૬,૫૮૭	૫,૨૬,૫૦૦
અલવર.	૩,૦૫૧	૭,૬૭,૭૮૬	૨૮,૨૦,૨૦૦
કોટા.	૩,૮૦૩	૫,૨૬,૨૬૭	૨૩,૫૨,૮૦૦
ઝાલાવાડ.	૩,૦૪૩	૩,૪૩,૬૦૧	૧,૫૧,૪૬૦
મધ્યહિંદ એજન્સી—			
ગ્વાલિયર.	૨૯,૧૦૬	૩૩,૬૬,૪૯૮	૧,૩૭,૭૯,૦૦૦
ઇંદોર.	૮,૪૦૦	૧૦,૯૪,૧૫૦	૭૬,૦૦,૦૦૦

ભોપાળ.	૬,૯૦૦	૯,૫૨,૪૮૬	૨૭,૦૦,૦૦૦
દેવાસ(વડીશાખા) }	૩૦૦ }	૮૨,૩૮૯	૩,૨૫,૦૦૦
દેવાસ(નાનીશાખા) }		૬૯,૬૮૪	૩,૨૫,૦૦૦
ધાર.	૧,૭૫૦	૧,૬૯,૪૭૪	૮,૦૦,૦૦૦
જાવરા.	૬૦૦	૧,૧૭,૬૫૦	૯,૬૦,૦૦૦
રતલામ.	૭૨૯	૮૯,૧૬૦	૧૩,૦૦,૦૦૦
બુંદેલખંડનાં સંસ્થાનો—			
ઉર્ચા.	૨,૦૦૦	૩,૩૩,૦૨૦	૯,૦૦,૦૦૦
દતિયા.	૮૫૦	૧,૮૬,૪૪૦	૧૦,૦૦,૦૦૦
સંપથાર.	૧૭૦	૪૦,૫૪૧	૪,૦૦,૦૦૦
વાઘેલખંડનાં સંસ્થાનો—			
રેવા.	૧૧,૩૩૦	૧૫,૦૮,૯૪૩	૧૩,૦૦,૦૦૦
પંજાબનાં સંસ્થાનો—			
પતિયાલા.	૫,૯૫૧	૧૫,૮૩,૫૨૧	૫૭,૮૧,૩૦૦
ઝિંદ.	૧,૨૬૮	૨,૮૪,૫૬૦	૬,૧૧,૦૦૦
નાભા.	૯૩૬	૨,૮૨,૭૫૬	૭,૦૦,૦૦૦
કલશિયા.	૧૪૯	૬૮,૬૩૩	૧,૭૫,૩૦૦
ફરીદકોટ.	૬૪૩	૧૧,૫૪૦	૩,૦૦,૦૦૦
મલેરકોટલા.	૧૬૨	૭૫,૭૫૫	૩,૧૪,૦૦૦
કપરથલા.	૫૯૮	૨,૯૯,૬૯૦	૧૨,૦૦,૦૦૦
ચંબા.	૩,૧૨૬	૧,૨૪,૦૩૨	૩,૫૦,૦૦૦
મંદી.	૧,૧૩૧	૧,૬૬,૯૨૩	૪,૦૬,૦૦૦
સુકેત.	૪-૪	૫૨,૪૦૩	૧,૦૫,૦૦૦
ભાવલપુર.	૧૭,૨૮૫	૬,૫૦,૦૪૨	૧૬,૦૦,૦૦૦

બંગાળા ઇલાકાનાં સંસ્થાનો—			
કુચબિહાર.	૧,૩૦૭	૫,૭૮,૮૬૮	૧૩,૩૭,૫૦૦
હુંગરીટિપરા.	૪,૦૮૬	૧,૩૭,૪૪૨	૩,૧૨,૫૦૦
મધ્યહિંદનાં સંસ્થાનો—			
ખૈરગઢ.	૯૩૧	૧,૮૧,૧૮૪	૧,૬૩,૦૦૦
નાંદગામ.	૮૭૧	૧,૮૩,[illegible]	૨,૨૩,૩૦૦
કલહંડી.	૩,૭૪૫	૩,૨૬,૨૯૫	૧,૨૨,૫૦૦
બસ્તાર.	૧૩,૦૬૨	૩,૧૦,૮૮૪	૧,૬૮,૩૦૦
મદ્રાસ ઇલાકાનાં સંસ્થાનો—			
ત્રાવણકોર.	૬,૭૩૦	૨૫,૫૭,૭૩૬	૭૮,૪૮,૦૦૦
કોચીન.	૧,૩૬૨	૭,૨૨,૯૦૬	૧૭,૦૦,૦૦૦
પુદુકોટા.	૧,૧૦૧	૩,૭૩,૦૯૬	૯,૦૦,૦૦૦
બંગનપલ્લી.	૨૫૫	૩૫,૪૯૬	૨,૭૨,૫૦૦
સોંડુર.	૧૬૧	૧૧,૩૮૮	૪૫,૦૦૦
મુંબાઈ ઇલાકાનાં સંસ્થાનો—			
ખૈરપુર (સિંધ).	૬,૧૦૯	૧,૩૧,૯૩૭	૭,૨૯,૦૦૦
કચ્છ.	૬,૫૦૦	૫,૫૮,૪૧૫	૧૮,૦૪,૦૦૦
કાઠીઆવાડ એજન્સી—			
જુનાગઢ.	૩,૨૮૦	૪,૮૪,૧૯૦	૨૪,૦૦,૦૦૦
ભાવનગર.	૨,૮૬૦	૪,૬૭,૨૮૨	૩૫,૦૦,૦૦૦
નવાનગર.	૩,૭૯૧	૩,૭૯,૬૧૧	૨૪,૦૦,૦૦૦
ધ્રાંગધ્રા.	૧,૧૫૬	૧,૦૩,૭૫૪	૭,૮૦,૦૦૦
પોરબંદર.	૬૩૬	૮૫,૧૮૫	૫,૫૦,૦૦૦

મોરબી.	૮૨૧	૧,૦૫,૩૩૫	૧,૦૦,૦૦૦
ગોંડળ.	૧,૦૨૪	૧,૬૧,૦૩૬	૧,૨૦,૦૦૦
વાંકાનેર.	૪૧૪	૩૯,૩૨૯	૨,૩૧,૦૦૦
પાલીતાણા.	૨૮૯	૬૦,૮૪૮	૫,૦૦,૦૦૦
ધ્રોળ.	૨૮૩	૨૭,૦૦૭	૧,૫૦,૦૦૦
લીમડી.	૩૪૪	૪૮,૧૭૬	૨,૬૪,૦૦૦
રાજકોટ.	૨૮૨	૪૯,૯૩૮	૨,૦૦,૦૦૦
વઢવાણ.	૨૩૬	૪૨,૪૩૮	૪,૨૫,૦૦૦
જાફરાવાદ.	૪૨	૧૨,૩૮૯	૬૦,૦૦૦
પાલનપુર એજન્સી—			
પાલનપુર.	૩,૧૭૭	૨,૭૪,૮૬૪	૬,૦૦,૦૦૦
રાધનપુર.	૧,૧૫૦	૯૮,૦૧૭	૫,૦૦,૦૦૦
મહીકાંઠા એજન્સી—			
ઇડર.	૧,૬૦૦	૩,૦૨,૧૩૪	૬,૦૦,૦૦૦
રેવાકાંઠા એજન્સી—			
રાજપીપળા.	૧,૫૧૪	૧,૭૧,૭૭૧	૭,૭૪,૦૦૦
છોટાઉદેપુર.	૮૭૩	૯૩,૬૩૭	૨,૩૦,૬૦૦
લુણાવાડા.	૩૮૮	૯૦,૧૪૭	૨,૩૫,૦૦૦
બાડાસિનોર.	૧૮૯	૫૩,૨૬૫	૧,૩૯,૬૦૦
બારીઆ.	૮૧૩	૧,૧૧,૨૬૯	૨,૭૧,૦૦૦
સુંથ.	૩૯૪	૭૪,૨૭૫	૧,૫૭,૮૦૦
ખંભાત સંસ્થાન.	૩૫૦	૮૯,૭૨૨	૬૦,૪૫૦
સૂરત એજન્સી—			
સચીન.	૪૨	૨૧,૨૮૯	૨,૦૦,૦૦૦

વાંસદા.	૨૧૫	૪૧,૩૭૩	૨,૪૫,૯૨૬
ધરમપુર.	૭૯૪	૧,૨૦,૪૯૮	૨,૬૮,૦૯૧
સુલગણા(નાશિક)	૩૬૦	૧૨,૩૦૮	૧૩,૩૦૦
જવાર (થાણા).	૫૩૪	૫૨,૮૩૧	૧,૫૦,૦૦૦
જંજીરા(કોલાબા).	૩૨૪	૮૧,૭૮૦	૪,૭૦,૫૦૦
સાવંતવાડી.	૯૨૬	૧,૯૨,૯૪૮	૪,૨૦,૦૦૦
ભોર (પુના).	૧,૪૯૧	૧,૫૫,૬[illegible]	૪,૨૨,૪૦૦
ઔંધ(સતારા).	૪૪૭	૬૫,૧૪૬	૩,૦૬,૨૨૨
ફલટન(સતારા).	૩૯૭	૬૬,૩૮૩	૨,૩૫,૯૨૧
જત (બિજાપુર).	૯૭૯	૭૯,૭૮૬	૧,૯૭,૦૦૦
અક્કલકોટ (શોલાપુર).	૪૯૮	૭૫,૭૭૪	૨,૭૫,૦૦૦
સાવનૂર (ધારવાડ).	૭૦	૧૬,૯૭૬	૭૦,૬૦૦
કોલ્હાપુર.	૨,૮૧૬	૯,૧૩,૧૩૧	૩૩,૦૬,૦૦૦
કોલ્હાપુરનાં પેટાં સંસ્થાનો—			
વિશાલગઢ.	૧૨૧	૧૩,૨૪૭	૧,૩૦,[illegible]
બાવડા.	૧૩૭	૪૩,૭૭૦	૮૭,૪૩૧
કાગલ.	૧૨૮	૫૩,૨૭૨	૧,૮૧,૦૧૫
ઇચલકરંજી.	[illegible]૬૭	૬૬,૩૬૫	૨,૦૯,૨૫૬
કાપશી.	૩૫	૧૩,૨૨૬	૪૪,૯૭૬
તોરગલ.	૧૩૦	૧૩,૩૫૯	૪૩,૮૨૬
દતવાડ.	૫	૩,૦૯૦	૧૮,૫૮૦
કાગલ(નાનીશાખા)	૧૮	૫૪,૯[illegible]	૩૪,૭૫૦

દક્ષિણ મરાઠા જાગીરો—

સાંગલી.	૧,૦૮૩	૨,૩૮,૯૪૫	૧૦,૫૨,૦૯૯
મિરજ.	૩૩૯	૮૮,૩૪૩	૩,૧૧,૯૧૯
મિરજ (નાની શાખા).	૨૨૫	૩૫,૪૮૭	૨,૧૨,૧૩૧
જમખિંડી.	૫[illegible]	૧,૦૨,૧૬૨	૪,૬૨,૧૪૨
કુરૂંદવાડ (વડીશાખા).	૧૭૪	૪૩,૮૦૯	૧,૩૧,૪૫૦
કુરૂંદવાડ (નાની શાખા).	૧૩૪	૩૨,૫૨૮	૧,૩૦,૮૨૧
રામદુર્ગ.	૧૬૯	૩૬,૧૮૧	૧,૫૧,૮૧૩
મુધોળ.	૩૬૧	૬૧,૮૧૫	૨,૬૩,૦૦૯